

જે શક્તિ આત્માનો વૈભવ છે.
[illegible] ચૈતન્યપ્રભાની ભગવાન આત્માનું
[illegible] [illegible] કરવાથી [illegible] આનંદ
[illegible] [illegible] [illegible] [illegible]

શેઠશ્રી કુંવરજીભાઈ પ્રત્યે સ્મરણાંજલિ



પૂ. ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના પિતાજી શેઠશ્રી મોતીચંદ ગીગાભાઈ (ગીગા કુરા) ઉમરાળાથી વ્યાપારાર્થે પાલેજ ગયેલા, ત્યાં શેઠ મોતીચંદ ગીગાભાઈના નામથી જુની દુકાન ચાલતી. સં. ૧૯૬૩ માં શેઠશ્રી કુંવરજીભાઈએ તથા ગુરુદેવના મોટાભાઈ શ્રી ખુશાલભાઈએ ભાગીદારીમાં બીજી દુકાન કરી ગુરુદેવ જુની દુકાને બેસતા. ગુરુદેવ સાથે કુંવરજીભાઈને દૂરના [illegible]ના ભાઈનો સબંધ પણ હતો. આ રીતે કુંવરજીભાઈને ગુરુદેવ જેવા બાલમહાત્માના [illegible] સદ્ભાગ્ય નાનપણમાંથી જ મળેલું. આ લાભને કારણે એ બાલમહાત્માના સંગથી [illegible] જીવનમાં પણ થોડાથોડા ધાર્મિક સંસ્કારો રેડાયા; ગુરુદેવ પણ અવારનવાર તેમને [illegible] પ્રેમ [illegible] કુંવરજીભાઈ નાનપણમાં ગુરુદેવને 'ભગત' કહીને બોલાવતા. આ [illegible] જીવનમાં પૂ. ગુરુદેવ સાથે નજીકનો જે પરિચય મળ્યો, તે માત્ર તેમને જ [illegible] પરિવારને પણ ઉપકારી થયો, ને ગુરુદેવની વાત્સલ્યભીની છાયામાં [illegible] સંસ્કારો રેડાયા. આ રીતે તેમના પરિવાર ઉપર ગુરુદેવનો મહાન [illegible] નિમિત્તે આ [illegible]

* નિવેદન *

જગતમાં જે કાંઈ સુંદરતા પવિત્રતા કે વિભુતા છે તે બધી તારા ચૈતન્યમાં જ ભરી છે—એમ પોતાની આત્મપરિણતિદ્વારા સિદ્ધ કરીને જગતને દેખાડ્યું [illegible] એવા ભગવંત અર્હન્તદેવને હૃદયમાં સ્થાપીને નમસ્કાર કરું છું. કુંદકુંદાચાર્ય [illegible] અમૃતચંદ્રાચાર્ય વગેરે મુનિભગવંતો—કે જેમણે [illegible] જગતને [illegible] વૈભવ દર્શાવ્યો તેમને, અને તેમની વાણીરૂપ જિનાગમને [illegible] નમસ્કાર કરું છું.

સમયસારમાં આચાર્ય ભગવાને [illegible] અનેકાન્તસ્વરૂપ શુદ્ધાત્મા, તે આત્માના [illegible] શક્તિઓ [illegible] [illegible] [illegible] [illegible] મળીને 'આત્મપ્રસિદ્ધિ' [illegible]



अनन्तशक्तिसम्पन्न श्री अनन्तजिनाय नमः

આત્મવૈભવ

સમયસારના પરિશિષ્ટમાં વર્ણવેલી ૪૭ શક્તિઓ ઉપર

પૂ. શ્રી કાનજીસ્વામીનાં વિશિષ્ટ પ્રવચનો



ૐ

સંપૂર્ણ આત્મવૈભવધારી નેમિનાથજિનાય નમઃ

નેમવૈરાગ્યધામ-સહસ્રામ્રવનમાં આત્મવૈભવનું મંગળાચરણ

[સં. ૨૦૨૨ વૈશાખ વદ આઠમ]

હે પ્રભો. આખા સંસારથી ઉદાસીન થઈને આત્મવૈભવ ખોલવા આપ અહીં—ગિરનારના આ સહસ્રામ્રવનમાં પધાર્યા. અંતરમાં જોયેલા નિજાત્મ-વૈભવને, મુનિ થઈને આપ પ્રચુર સંવેદન કરવા લાગ્યા, ને પછી આ જ વનમાં શુક્લધ્યાનની ઉગ્ર ધારા વડે ક્ષપકશ્રેણીમાં આરૂઢ થઈ આપે કેવળજ્ઞાન પ્રગટ કર્યું, સદા આનંદ પ્રગટ કર્યો. આત્માનો સમસ્ત વૈભવ [illegible] થયા, એ આત્મવૈભવની શી વાત?

અનંતશક્તિના ઉપાસક

આચાર્ય ભગવાને આ અધ્યયનમાં 'જ્ઞાનદર્શન' [illegible]
સ્વરૂપ બતાવ્યું છે. ઘણા આગમિક સ્થળે આત્માનું [illegible]

[illegible]

* જ્ઞાનલક્ષણવડે જડ કે પરચીજ લક્ષિત થતી નથી;
* જ્ઞાનલક્ષણવડે રાગ લક્ષિત થતો નથી;
- જ્ઞાનલક્ષણવડે માત્ર એકગુણ લક્ષિત થતો નથી;
* જ્ઞાનલક્ષણવડે અનંત ગુણ-પર્યાયોનો શુદ્ધ પિંડ લક્ષિત થાય છે.

જેને સ્વતંત્ર થવું હોય, પ્રભુતા પ્રગટાવવી હોય ને ધર્મ પ્રગટ કરવો હોય તેણે આવા ગુણ-પર્યાયવાળા પોતાના આત્માની કિંમત જાણવી જોઈએ. રાગ વગરના પોતાના અનંત ગુણ-પર્યાયથી પરિપૂર્ણ આત્માના વૈભવની કિંમત થાય તો પરની ને રાગની કિંમત ઊડી જાય, એટલે કે તેની રુચિ છૂટી જાય, ને રુચિનો વેગ આત્મસ્વભાવ તરફ વળી જાય.–આ સમ્યગ્દર્શનની રીત છે.

ભાઈ, વીતરાગી સન્તો તને તારો આત્મવૈભવ દેખાડે છે. તારા આત્માનો અપાર વૈભવ,–જેનું પૂરું કથન સર્વજ્ઞની વાણી પણ ન કરી શકે,–આવા નિજવૈભવને જોવાનો ઉત્સાહ તો કર. સાચા હીરાને ઓળખે નહિ ત્યાંસુધી કાચના ઝબકારની કિંમત લાગે; પણ જ્યાં સાચા હીરાને ઓળખે ત્યાં કાચના ટુકડાની કિંમત ઊડી જાય; તેમ આ ચૈતન્ય હીરો—જેમાં અનંત [illegible] ચમક છે. તે શું ચીજ છે તેને જાણ્યા વગર અજ્ઞાનીને [illegible] ઝબકારાનું માહાત્મ્ય તથા અધિકતા ભાસે છે, [illegible] માહાત્મ્ય જાણે એટલે કે પોતાના અપાર [illegible] સંયોગનું માહાત્મ્ય રહે નહિ; એટલે [illegible] થતાં તેમાં નિર્મળ જ્ઞાન-આનંદનું પ્રગટ [illegible] 'આત્મા પ્રસિદ્ધ થયો' એમ કહેવામાં આવે છે. [illegible] આત્મા હતો જ, પણ જ્યાંસુધી અંતર્મુખ [illegible] ન કીધો ત્યાંસુધી તે અપ્રગટ હતો, ને અનુ- [illegible] થયો. તે પ્રસિદ્ધ થયેલા આત્માની શક્તિનું [illegible] જે સ્વાનુભવમાં આવ્યો તે આત્માનો [illegible] છે.

આવા ઉત્કૃષ્ટ આત્મામાં વિકાર નથી. સંયોગ નથી. શુદ્ધ અનંત ગુણ-પર્યાયો તેમાં સમાય છે. અનુકૂળ નિમિત્તના સંયોગો અને લાભ કરે ને પ્રતિકૂળ નિમિત્તોના સંયોગ અને નુકસાન કરે—એમ જેણે માન્યું તેણે આત્માની અરૂપાને ન જાણી પણ સંયોગની અરૂપા માની; તેણે સંયોગને [illegible] આત્મા પણ સંયોગથી જુદા અનંત શક્તિસંપન્ન આત્માને ન જાણ્યો.

અહો, આત્માને 'જ્ઞાનમાત્ર' કહેતાં તેમાં કેટલો કેવળ સ્વભાવ છે તેને [illegible] નહિ, તેનો મહિમા છોડીને આત્માના સ્વભાવનો [illegible] અનંત ગુણની નિર્મળતા [illegible] [illegible] સ્વભાવ [illegible] નહિ.

[illegible]

ભાઈ, તારા આત્મામાં અનંત ગુણો છે; તે દરેક ગુણ ભિન્ન ભિન્ન સ્વભાવવાળા છે. એક ગુણ બીજા ગુણરૂપે થઈ જતો નથી. છતાં ‘જ્ઞાનમાત્ર’ નિર્મળ ભાવમાં બધા ગુણોનો રસ એક સાથે સ્વાદમાં આવે છે. જ્ઞાન, આનંદ, જીવત્વ, પ્રભુત્વ, અસ્તિત્વ વગેરે શક્તિનાં કાર્ય જુદા જુદા છે; તેવી અનંત શક્તિઓ એક આત્મામાં એક કાળે એક ક્ષેત્રે રહેલી છે, તેમનામાં લક્ષણભેદે ભિન્નતા હોવા છતાં એક જ્ઞાનમાત્ર આત્માના અનુભવમાં તે બધી શક્તિઓ સમાઈ જાય છે. અહા, આત્માની શક્તિની શી વાત! અચિંત્ય અનંત જેની તાકાત! એકેક શક્તિ પણ બેહદસ્વભાવના સામર્થ્યથી ભરેલી છે, ને એવી અનંત શક્તિના સામર્થ્યથી ભગવાન આત્મા ભરેલો છે.

આવો આત્મા સ્વાનુભવથી જ્યારે જ્ઞાનમાત્રપણે પરિણમે છે ત્યારે તે જ્ઞાનમાત્ર પરિણમન અનંત શક્તિના નિર્મળ પરિણમનથી ભરેલું છે. એક જ્ઞાનની જ્ઞાનક્રિયા અનંત ગુણોના ભાવોને સાથે લેતી પ્રગટે છે. આનંદ ને જ્ઞાન, શ્રદ્ધા ને પ્રભુતા, જીવત્વ ને કર્તૃત્વ—એવી અનંતી શક્તિઓ [illegible] એક સાથે ઉલ્લસે છે. પહેલા સમયે એક ને બીજા સમયે બીજી [illegible] શક્તિઓ નથી પરિણમતી પણ એક સાથે બધી શક્તિઓ [illegible] આત્માને ‘જ્ઞાનમાત્ર’ કહેવા છતાં તેમાં અનંત-[illegible] છે.

ને કેવળજ્ઞાનનો નાનો દીકરો છે.–ભલે નાનો, પણ છે તો સર્વજ્ઞનો વારસદાર! સર્વજ્ઞપિતાની મૂડી તેણે જોઈ છે એટલે આત્માના અનંતગુણો વૈભવ સ્વાનુભવથી તેણે જોયા છે. પિતાની મૂડી શું છે તે જાણે નહીં ને તેનો વારસદાર થવું છે–તે કેમ બને? તેમ તીર્થંકરપિતા સર્વજ્ઞદેવે અનંત નિજ-રૂપ જે આત્મવૈભવ કહ્યો છે તે વૈભવને જાણે નહીં ને તેનો વારસદાર (ભાગીદાર) થવું છે–એ કેમ બને? ભગવાને પ્રગટ કરેલ અનંત...જેણે આત્મવૈભવને જે જાણે તે જ ભગવાનનો ખરો નંદન કહેવાય. તે સર્વજ્ઞનો વારસદાર થયો અને તે અલ્પકાળમાં પોતે સર્વજ્ઞ [illegible] વૈભવની આવી વાત સાંભળતાં [illegible] છે. [illegible]

વાળો જે એક પરમાણુ અથવા કાળાણુ–તેનામાં પણ અનંતી શકિતઓ રહેલી છે. જેટલી શકિતઓ સિદ્ધ પરમાત્મામાં છે એટલી જ શકિતઓ એકેક પરમાણુમાં છે;–ભલે શકિતની જાતમાં ફેર, પણ સંખ્યા બંનેમાં સરખી. –જેમકે આત્મામાં ચેતનશકિત છે તો પરમાણુમાં જડત્વશકિત છે; આત્મામાં અરૂપીત્વ છે તો પરમાણુમાં રૂપીત્વ છે.–એમ જેટલી શકિતઓ આત્મામાં છે તેટલી જ શકિતઓ પરમાણુમાં છે. અહા, એકપ્રદેશી પરમાણુ તેમાં અનંત શકિતઓ,–કોઈ અચિંત્ય વસ્તુસ્વભાવ છે. એ તર્કનો વિષય નથી. જેનો પાર નથી એવું આકાશદ્રવ્ય, તેનામાં તેનું અસ્તિત્વ પૂરેપૂરું છે, તેમ આકાશના અનંતમા ભાગનો જે એકપ્રદેશી પરમાણુ–તેનામાં તેનું અસ્તિત્વ પૂરેપૂરું છે; તે પણ અનાદિઅનંત પોતાના સ્વતંત્ર અસ્તિત્વમાં રહેલો છે.

દરેક દ્રવ્યમાં અનંત શકિતરૂપ પોતપોતાનો વૈભવ છે, પણ અહીં તો ભગવાન આત્માના વૈભવની વાત છે. અસંખ્યપ્રદેશી આત્મા અનંતગુણથી ભરેલો છે. અસંખ્યપ્રદેશી આત્મવસ્તુ તે ગુણી અને તેના સર્વક્ષેત્રમાં સર્વત્ર અનંતશકિતરૂપ ગુણો રહેલા છે.

ભાઈ, આ જે કાંઈ કહેવાય છે તે બધા પ્રકારો તારા સ્વરૂપમાં જ છે. આ કોઈ દૂર દૂરની કોઈ બીજાની વાત નથી પ્રભુ— [illegible], આત્માના સ્વરૂપમાં જે વસ્તુ ભરી છે તેની આ વાત છે તે સ્વસંવેદન વડે જાણીને તે પ્રત્યક્ષ થાય છે. સ્વસંવેદનથી પ્રત્યક્ષ થઈ શકે એવું આત્માનું સ્વરૂપ છે. (આ વાત [illegible] વિશેષ આવશે.)

જેમ ઊંચી જાતના સોનાના [illegible]

પર્યાય એ બધાનું ક્ષેત્ર એક જ છે. દ્રવ્ય–ગુણનો આનંદ જ્યારે પર્યાયમાં પણ વ્યાપ્યો (એટલે કે પરિણમ્યો) ત્યારે ભાન થયું કે અહા! આવા આનંદનો આખો પિંડ હું છું. ને એવા એવા અનંત ગુણનો પિંડ હું છું. નિર્મળ પરિણતિમાં એ અનંત ગુણોનું પરિણમન એક સાથે ઉછળે છે.

કોઈ કહે કે, આત્મામાં જ્ઞાનમાત્ર ભાવનું પરિણમન દેખાય છે પણ શાંતિનું કે આનંદનું પરિણમન દેખાતું નથી.—તો એની વાત સાચી નથી; એણે ગુણોને સર્વથા જુદા માન્યા; અનેકાન્તની એને ખબર નથી ને તેણે જ્ઞાનસ્વરૂપ આત્માને જાણ્યો નથી. એક જ્ઞાનમાત્રભાવમાં તો અનંત ગુણનું પરિણમન ભેગું જ છે. એટલે જ્ઞાનમાત્રભાવને જાણતાં તેમાં અનંતગુણનું નિર્મળ પરિણમન અને તેની પ્રતીતિ ભેગી આવી જ જાય છે. આ ભૂમિકા બાંધીને જ્ઞાનમાત્ર આત્મામાં જે અનંત શક્તિ ઉછળે છે તેનું હવે વર્ણન કરાય છે.

અનંત શક્તિનો ભાર સમાઈ જાય છે. સ્વસ્થ ચેતનથી આત્માનો જે મહિમા જાણવામાં આવ્યો તે બધો શબ્દોમાં આવી ન શકે; શબ્દોમાં તો અમુક જ આવે. તેથી કહ્યું છે કે જ્ઞાનમાત્ર ભાવમાં કેટલી કેટલી શક્તિઓનું ન કરીએ છીએ.–તેમાં સૌથી પહેલી શક્તિ જીવત્વશક્તિ!

(આ પ્રમાણે શક્તિઓના વર્ણનની ભૂમિકા થઈ.)

ૐ

અનંત ગુણ સ્વરૂપ આત્મા
ના એકરૂપ સ્વરૂપને દૃષ્ટિમાં લઈ,
તેને (આત્માને) એકને ધ્યેય બનાવી,
[illegible] એકાગ્રતાનો પ્રયત્ન કરવા
[illegible] શાંતિ [illegible]
[illegible]

[illegible] હસ્તાક્ષર મુમુક્ષુને
[illegible] પ્રેરણા આપે છે

જુઓ, આ પહેલા નંબરની શક્તિ !

ચૈતન્યમાત્ર ભાવપ્રાણને ધારણ કરવું તે જીવત્વશક્તિનું લક્ષણ છે. ચૈતન્યરૂપ ભાવપ્રાણ વડે જ આત્મદ્રવ્ય સદા ટકી રહ્યું છે. ચૈતન્યપ્રાણવડે જીવનું જીવન છે: એટલે આવા ચૈતન્યપ્રાણને ધારણ કરનારી જીવત્વશક્તિ છે. સ્વાનુભવગમ્ય જે જ્ઞાનમાત્ર આત્મા, તેના પરિણમનમાં આ જીવત્વશક્તિ પણ ભેગી જ છે. સૌથી પહેલું જ આત્માનું જીવન બતાવ્યું. અનંત-શક્તિઓમાં કાંઈ નંબર કે ક્રમ નથી, ને તો બધી એક સાથે છે; પણ વર્ણનમાં ક્રમ પડે છે, તેમાં સૌથી પહેલી જીવત્વશક્તિ છે.

આ સમયસારની શરૂઆતમાં મંગલાચરણ પછી બીજી જ ગાથામાં જીવની વ્યાખ્યા કરતાં કહ્યું છે કે—

जीवो चरित्तदंसणणाणट्ठिउ तं हि ससमयं जाण ।

શરીરને ધારણ કરીને જીવે કે આયુષ્યથી જીવે તે આત્મા,-તો કહે છે કે ના; તે આત્માની સાચી ઓળખાણ નથી ચૈતન્યપ્રાણ વડે જીવે તે આત્મા, એ આત્માની સાચી ઓળખાણ છે. આ ચૈતન્યરૂપ ભાવપ્રાણ સિદ્ધમાંય છે. દ્રવ્યપ્રાણથી જીવે તે જીવ-એમ કહો તો સિદ્ધભગવાનમાં જીવત્વ જ સિદ્ધ ન થાય.-તે અજીવ થઈ જાય! અહીં તો કહે છે કે દશપ્રાણને ધારવારૂપ વ્યવહાર-જીવત્વવાળો જીવ તે ખરેખર જીવ નથી. વાહ, જુઓ વ્યવહાર અભૂતાર્થ ને નિશ્ચય ભૂતાર્થ—એ વાત આ જીવત્વશક્તિના વર્ણનમાં પણ આવી જાય છે. વીતરાગી સન્તોની એક જ ધારા ચાલી આવે છે.

આત્માના અનંત ધર્મોમાં જીવત્વ નામનો એક શાશ્વત ધર્મ છે, એટલે ચૈતન્યપ્રાણથી આત્મદ્રવ્ય શાશ્વત ટકેલું છે. આ શુદ્ધ ચૈતન્યરૂપ ભાવપ્રાણ સિદ્ધમાંય છે. ને એ જ સાચા જીવનનું કારણ છે.-આમ કહીને બધા વ્યવહાર-ના ભૂકા કાઢી નાંખ્યા.

જુઓ, આ જૈનદર્શનની વાત! પર્યાયમાં અશુદ્ધતાની વેદના અને નિમિત્તરૂપ દશ જડ પ્રાણ—એવું વ્યવહાર જીવન છે ખરું, પણ એને ખરેખર જીવ ન કહ્યો; શુદ્ધ ચૈતન્યપ્રાણથી જીવે એવું જે નિશ્ચય જીવન તેને જ જીવ કહ્યો. આમ તે નિશ્ચયજીવનમાં વ્યવહારજીવનનો અભાવ કર્યો. આ રીતે વ્યવહારનો નિષેધ અને નિશ્ચયનો આશ્રય કરવાની વાત આમાં આવી ગઈ; મોક્ષમાર્ગ આવી ગયો. [illegible] ઉપર લક્ષ ગયું ત્યારે પર્યાયમાં મોક્ષમાર્ગરૂપ [illegible] ગુણનું પરિણમન થયું છે.

ભાઈ, આ તારા આત્માના 'ભાવ'ની વાત ચાલે છે. હીરા–માણેકનો ભાવ, સોનાનો ભાવ, અનાજનો ભાવ–એમ બધી વસ્તુના ભાવને તુ જાણે છે, તો તારામાં તારો 'ભાવ' શું છે તેને તો જાણ. આત્માની નિજશક્તિ તે તેનો નિજ-ભાવ છે. અનંત શક્તિરૂપ નિજભાવથી ભરેલો ભગવાન આત્મા, તેની કિંમત એટલે કે તેની મહિમા જીવે કદી જાણી નથી. જો જાણે તો ઉપયોગ તેમા વળ્યા વગર રહે નહિ. ભાઈ. વિકલ્પવડે કે કોઈ સંયોગ વડે તારી કિંમત આંકી શકાય એવો તું નથી. અનંત શક્તિનો ભાવ તારામાં છે; એકેક શક્તિના ભેદથી પણ તેનુ લક્ષ થઈ શકતુ નથી. પણ એકેક શક્તિની સાથે બીજી અનંત શક્તિઓ પરિણમી રહી છે. તે અનંતશક્તિના આખા પિંડને લક્ષગત કરવાની આ વાત છે. કેમકે—

> જ્યાં ચેતન ત્યાં અનંત ગુણ, કેવળી બોલે એમ;
> પ્રગટ અનુભવ આતમનો, નિર્મળ કરો સપ્રેમ....રે....
> ચૈતન્યપ્રભુ! પ્રભુતા તમારી ચૈતન્યધામમાં.

પરમેશ્વરના ભેટા થાય, ને તારામાં જ પરમેશ્વરપણું પ્રગટે. જ્ઞાને પોતાના અંતરમાં ડોકિયું કરીને આત્માનું લક્ષ કર્યું ત્યાં જ્ઞાનનું સમ્યક્‌પરિણમન થયું; તે જ્ઞાનભાવની સાથે પરમ આનંદ, સુખ, શ્રદ્ધા, વીર્ય, પ્રભુતા વગેરે અનંત ભાવો પણ ભેગા જ પરિણમે છે. આવા અનેકાન્તસ્વરૂપ આત્મા છે; 'જ્ઞાનપરિણતિ'માં તે પ્રસિદ્ધ થયો છે.

આવી જ્ઞાનપરિણતિ અભવ્યને કદી થતી નથી. તેનામાં જ્ઞાનગુણ અને તેનું પરિણમન છે તો ખરૂં, પણ આત્મામાં તન્મયતા વગરના એકાન્ત પર-સન્મુખી પરિણામને 'જ્ઞાનપરિણતિ' કહેતા નથી. જ્ઞાન આત્માનું, અને આત્માને જાણે નહિ,–એને તો જ્ઞાન કોણ કહે? જે પરિણતિ જ્ઞાનસ્વભાવ તરફ વળીને, તેમાં તન્મય થઈને, આત્માને જાણે તેને જ જ્ઞાનપરિણતિ કહીએ છીએ. જાણનારો પોતે જે જ્ઞાનમાં ન આવ્યો તે જ્ઞાનને જ્ઞાન કહેતા નથી, તે અજ્ઞાન છે; તેમાં આત્માની પ્રસિદ્ધિ નથી. અહીં તો જે જ્ઞાનમાં આત્માની પ્રસિદ્ધિ છે તેની વાત છે.

અહો, આત્માની શક્તિની આ વાત!–તે ઉત્સાહથી સાંભળતાં અનાદિની મૂર્છા ઊતરી જાય–એવી છે. પુરાણમાં વિશલ્યાની વાત આવે છે,–તે નજીક આવતાં જ લક્ષ્મણની મૂર્છા દૂર થવા લાગી; તેમ શલ્યરહિત એવી વિ-શલ્યા જ્ઞાનપરિણતિ જ્યાં પ્રગટી ત્યાં બધા ગુણોમાંથી મિથ્યાપણાની મૂર્છા ઊતરી ગઈ ને બધા ગુણો સ્વશક્તિની સંભાળ કરતા જાગ્યા. વિશલ્યા પૂર્વ-ભવમાં ચક્રવર્તીની પુત્રી હતી; એકવાર જંગલમાં અજગર તેને ગળી ગયો; તેનું અડધું શરીર અજગરના મુખમાં ને અડધું બહાર હતું. અજગરના મોઢામાંથી તેને છોડાવવા ચક્રવર્તીએ ધનુષ્યબાણ તૈયાર કર્યાં, પણ વિશલ્યાના જીવે તેને અટકાવતાં કહ્યું–પિતાજી! હું તો હવે બચવાની નથી, મારા ખાતર અજગરને ન મારશો. આ પ્રકારના શુભ પરિણામના ફળમાં તે વિશલ્યાને એવી ઋદ્ધિ હતી કે તેના સ્નાનના જળના છંટકાવથી ગમે તેવું વિષ કે મૂર્છા ઊતરી જાય. આ વિશલ્યા તે લક્ષ્મણની પત્ની થનાર હતી. જ્યારે રાજા રાવણ સાથેના યુદ્ધમાં રાવણની શક્તિના પ્રહાર વડે લક્ષ્મણ મૂર્છિત થઈને ઢળી પડ્યા ને ચારેકોર હા-હાકાર થઈ ગયો; રામચંદ્ર પણ હતાશ થઈ ગયા; હનુમાન વગેરે મોટામોટા વિદ્યાધર રાજકુમારો પણ બેઠા હતા. જો સવાર સુધીમાં આનો ઉપાય ન મળે તો લક્ષ્મણના જીવવાની આશા ન હતી. અંતે

કોઈએ ઉપાય બતાવ્યો કે જો 'વિશલ્યાદેવી'ના સ્નાનનું જળ છાંટવામાં આવે તો લક્ષ્મણ બચી જાય. પછી તો તરત જ વિશલ્યાને તેડાવી; તે નજીક આવતાંવેંત લક્ષ્મણને લાગેલી રાવણની શક્તિ ભાગી, ને લક્ષ્મણજી પોતાની શક્તિ સહિત જાગ્યા. તેમ ચૈતન્યલક્ષણી લક્ષ્મણ એવો આ આત્મા, તે અનાદિથી નિજશક્તિને ભૂલીને મોહશક્તિથી બેભાન બન્યો છે, પણ જ્યાં શલ્યથી વિરહિત એવી નિઃશલ્ય-નિઃશંક શ્રદ્ધારૂપી સમ્યક્ત્વશક્તિ જાગી ત્યાં મોહશક્તિઓ ભાગી, ને ચૈતન્યલક્ષી ભગવાન આત્મા પોતાની અનંત શક્તિઓનાં સમ્યક્ પરિણમનથી જાગી ઊઠ્યો. અજ્ઞાનમાં આત્મશક્તિ મૂર્છાઈ ગઈ હતી, પણ જ્ઞાનપરિણતિ શલ્યરહિત થઈને જ્યાં જાગી ત્યાં તો મૂર્છા ભાગી ને અનંતશક્તિના ટંકાર કરતો આત્મા જાગી ઊઠ્યો, ને પોતાની પ્રભુતાના સામર્થ્યથી વિભાવરૂપી રાવણનો નાશ કર્યો.

હે જીવ! આવી આત્મશક્તિઓ ઓળખાવીને સન્તો તને જગાડે છે. તારું આત્મદ્રવ્ય કોઈ બીજાના આધારથી ટકેલું નથી, પણ તારી પોતાની જીવત્વ-શક્તિથી જ તારું આત્મદ્રવ્ય ટકેલું છે. પોતાના ચૈતન્યમાત્ર ભાવને ધારણ કરવારૂપ જીવત્વશક્તિથી આત્મા સદાય જીવપણે ટકે છે; આ જીવત્વશક્તિ આત્માને કદી અજીવ થવા દેતી નથી, તેને જીવપણે સદા જીવતો રાખે છે.

જ્ઞાન-દર્શન-સુખ ને સત્તા, તે આત્માના ભાવપ્રાણ કહેવામાં આવ્યા છે. આત્માના સ્વભાવમાં દ્રવ્ય-ગુણપણે તો તે ત્રિકાળ છે, ને પર્યાયમાં તે સમ્યક્પણે પ્રગટે તેની આ વાત છે. ત્રિકાળી સ્વભાવમાં છે તેનું લક્ષ કરતાં પર્યાયમાં પણ તેનું સમ્યક્પણે પરિણમન થઈ જાય છે. 'જ્ઞાનમાત્રભાવ' એટલે અનંત શક્તિવાળો આત્મા, તેની સન્મુખ થઇને તેનું જ્ઞાન કરતાં દ્રવ્ય-ગુણ જેવું જીવન પર્યાયમાં પ્રગટે છે. અનંતકાળથી પર્યાયમાં જે જીવન ન હતું તે પ્રગટ્યું, ને અનંતકાળથી જે ભાવમરણ થતું હતું તે ટળ્યું. અનંતાગુણો પર્યાયમાં જીવત્વરૂપ થયા, સમ્યક્પણે પ્રગટ્યા.

અહો, અંતરના પડખા ખોલીને ચૈતન્ય પરમાત્માને દેખવાની આ વાત છે. જેને આત્માની ગરજ હોય ને ભવનો ભય હોય તેને માટેની આ વાત છે. આત્મામાં ભરેલો સહજ અદ્ભુત ચૈતન્યવૈભવ ખુલ્લો કરીને સંતોએ આ સમયસારમાં દેખાડ્યો છે. જ્ઞાનની પર્યાયને અંતર્મુખ કરીને એ પરમ અદ્ભુત આત્મવૈભવ વેદાય છે.

જુઓ, આ વીતરાગી સન્તોની વાણી! આ 'આત્મભાષા' છે. ભાષા તો જોકે જડ છે પણ આત્માના અનુભવનું નિમિત્ત લઈને નીકળેલી સન્તોની ભાષા તે 'આત્મભાષા' છે. આત્માનું ભાન થતાં બધા ગુણોમાં નવું જીવન પ્રગટ્યું, અનંતગુણો જીવતા થયા. પહેલાંય તે હતા તો ખરા પણ દૃષ્ટિ વગર તેનું ફળ આવતું ન હતું, હવે તેનું સમ્યક્‌પરિણમન થતાં ફળ આવ્યું. એટલે નિર્મળ પર્યાય પ્રગટી તેમાં આત્માનું ખરું જીવન છે. રાગાદિ તો ખરેખર અજીવતત્ત્વ હતું કેમકે તેમાં કાંઈ આત્માનું જીવન ન હતું, તેમાં ચૈતન્યપ્રાણ ન હતા. જીવત્વશક્તિવાળા આત્મસ્વભાવનું ભાન થતાં, અનંતાગુણો—જે પહેલાં અજ્ઞાનપર્યાયમાં મરી ગયા હતા તે હવે જ્ઞાનપર્યાયમાં જીવતા થયા, પ્રગટ થયા. આ રીતે જીવત્વશક્તિ આત્માના અનંતગુણોને જીવાડે છે.

અરે જીવ! આ જો તો ખરો, તારી શક્તિનો ભંડાર! તારી શક્તિના વિસ્તારનો પાર નથી. અને છતાં સ્વાનુભવમાં એક ક્ષણમાં તે બધી સમાઈ જાય છે. સમજણ કરીને સ્વસન્મુખ થા તો માર્ગ તદ્દન સહેલો છે. બાકી પરસન્મુખતાથી તો અનંતકાળેય માર્ગ હાથ આવે તેમ નથી.

આ ટીકાનું નામ આત્મખ્યાતિ છે. ટીકા એટલે વિસ્તાર; ખ્યાતિ એટલે પ્રસિદ્ધિ. ભાઈ, આત્માની શક્તિમાં જે ભર્યું છે તેનો જ વિસ્તાર કરીને સન્તો તે પ્રસિદ્ધ કરે છે. આચાર્યદેવે આત્માની શક્તિઓનું એવું અદ્‌ભુત વર્ણન કર્યું છે કે તે સમજતાં સ્વાનુભૂતિમાં ભગવાન આત્મા પ્રસિદ્ધ થાય.

સર્વજ્ઞદેવે જે પ્રત્યક્ષ જાણ્યો ને સમ્યગ્દૃષ્ટિના અનુભવમાં જે આવ્યો એવા આત્મસ્વભાવનું આ વર્ણન છે. દેહનાં રજકણોથી તદ્દન જુદો અને રાગાદિ ભાવોથી પણ જુદો એવો આત્મસ્વભાવ જ્ઞાયકભાવમય છે. શરીરાદિ અજીવ છે, રાગાદિ આસ્રવ છે ને જ્ઞાયકભાવરૂપ આત્મા તે જીવ છે. એના જ્ઞાયકભાવમાં એની અનંતી શક્તિઓ સમાય છે, પણ રાગાદિ ભાવો તેમાં સમાતા નથી.

આત્માની એકેક શક્તિમાં પાંચ ભાવો આ પ્રમાણે લાગુ પડે છે—આત્માની જીવત્વ વગેરે શક્તિ અનાદિઅનંત પારિણામિકભાવે છે; રાગાદિ ઉદયભાવોનો તેનામાં અભાવ છે; અને તે શક્તિવાળા આત્માની સન્મુખ થતાં પર્યાયમાં ઉપશમ–ક્ષયોપશમ–ક્ષાયકરૂપ ભાવો નવા પ્રગટે છે. આમ દરેક શક્તિમાં પાંચ ભાવોમાંથી જે લાગુ પડે તે સમજવા. (જેમકે જ્ઞાનપર્યાયમાં ઉપશમભાવ હોતો નથી.)

જગતમાં ભિન્ન ભિન્ન અનંત આત્મા; એકેક આત્માના પ્રદેશો અસંખ્ય, શક્તિઓ અનંત, સામર્થ્ય અનંત; પણ તેમાં કોઈ પ્રદેશમાં કે કોઈ શક્તિમાં વિકારને કરે એવો ગુણ નથી. પુણ્ય-પાપના વિકલ્પોથી ભિન્ન થઈને આવી અનંતગુણસમ્પન્ન આત્મવસ્તુને અનુભવમાં લેતાં સમ્યગ્દર્શન થાય છે.—એનું નામ 'આત્મપ્રસિદ્ધિ.'

પર્યાયમાં જે દશ જડ પ્રાણને ધારણ કરીને જીવવાની અશુદ્ધ યોગ્યતા છે તે વ્યવહારનો વિષય છે; તે પરમાર્થ જીવનું જીવન નથી. સમ્યગ્દષ્ટિનું પરમાર્થ જીવન કેવું હોય? કે અશુદ્ધતાથી જીવે તે સમ્યગ્દષ્ટિનું જીવન નહિ; જડ પ્રાણના સંયોગથી જીવે તે સમ્યગ્દષ્ટિનું જીવન નહિ; અનંતગુણના ધામ એવા શુદ્ધ દ્રવ્ય ઉપર લક્ષ જતાં પર્યાયમાં સમ્યક્‌પરિણમન ખીલ્યું તે સમ્યગ્દષ્ટિનું જીવન છે. તે જીવન ચૈતન્યપ્રાણથી ભરેલું છે, તેમાં આનંદ ભર્યો છે, પ્રભુતા ભરી છે. જીવનું આવું જીવન એ જ સાચું જીવન છે.

ભાઈ, આ વાત તારા સ્વઘરની છે ને તને સમજાય તેવી છે. આ વાત કઠણ છે ને મને નહિ સમજાય—એમ કરીને જો સમજવાનો કંટાળો કરે તો તેને આત્માનો ખરો પ્રેમ નથી. વિષય-કષાયોની વાતમાં તો હોંશથી પડે છે ને આત્મસ્વરૂપની વાત આવે ત્યાં કઠણ કહીને તેની સમજણનો ઉદ્યમ છોડી દે છે—તો એવા જીવને સ્વરૂપની ચાહ મટાડનાર બહિરાત્મા કહ્યો છે. ભાઈ, આત્માનું સ્વરૂપ કઠણ પડે છે—એમ કહીને તેં તો આત્મામાં જવા માટે અરુચિરૂપી વજ્રની દીવાલ ઊભી કરી. તારા પરિણામને તું આત્માસન્મુખ શી રીતે લઈ જઈશ? મારું સ્વરૂપ પ્રાપ્ત કરવું સુગમ છે ને અંતરના ઉદ્યમ-વડે હું જરૂર તે પ્રાપ્ત કરીશ એમ રુચિના ઉલ્લાસ જગાડ તો તારા પરિણામ તે તરફ વળશે ને આત્માની પ્રાપ્તિ થશે.

જુઓ, આ તો જીવ કોને કહેવો તેની વ્યાખ્યા છે. જીવ કેવો છે તેની જ જેને ખબર નથી તેને સાચું જીવન ક્યાંથી પ્રગટે? સમ્યગ્દર્શનની પ્રાપ્તિના કાળે અંતરમાં સ્વદ્રવ્ય ઉપર દૃષ્ટિ જાય છે ને તે વખતે પર્યાયમાં એક સાથે અનંતા ગુણોનું નિર્મળ કાર્ય પ્રગટ થાય છે. આવી પર્યાય-સહિતનું જીવન તે ધર્માત્માનું જીવન છે. જે પુણ્ય-પાપ જેટલો જ આત્મા માને છે તેને ચૈતન્યના જીવનની ખબર નથી, આત્માની જીવત્વશક્તિને તે જાણતો નથી. ચૈતન્યરૂપ ભાવપ્રાણવડે સદા જીવતો અનંતશક્તિ સંપન્ન

આત્મા સમ્યગ્દૃષ્ટિની નજરમાં આવી ગયો છે, એટલે તેની જીવત્વશક્તિ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં પ્રસરી ગઈ છે. આ રીતે જ્યારે જીવત્વશક્તિનો નિર્મળભાવ પર્યાયમાં પ્રગટ્યો ત્યારે જીવત્વશક્તિવાળા આત્માને જાણ્યો કહેવાય; ને ત્યારે જીવતત્ત્વને ઓળખ્યું કહેવાય. પરમાર્થે ઇન્દ્રિય વગેરે જડપ્રાણવાળો જ આત્માને જે માની લ્યે તેણે તો અજીવને જીવ માન્યો છે. ઇન્દ્રિય વગેરેનાં કાર્યો મારાં, ને તેના વગર મારા જ્ઞાનાદિ ટકી ન શકે—એમ માનનાર પણ ખરેખર જડને જ આત્મા માને છે, જડથી ભિન્ન ચૈતન્યપ્રાણ-વાળા આત્માને તે જાણતો નથી. દુનિયા તો બહારમાં બધું માની બેઠી છે, પણ મુક્તિનો માર્ગ અંતરમાં કંઈક જુદો જ છે.

ભાઈ, તારે ધર્મ કરવો હોય ને ધર્મી થવું હોય તો તારા ચૈતન્યમય જીવત્વને જાણ. આ જીવત્વશક્તિએ આત્માના બધા ગુણોને જીવરૂપ રાખ્યા છે. જીવત્વશક્તિ ન હોય તો આત્માના બધા ગુણો અજીવ થઈ જાય. ખરેખર આત્મા અજીવ તો થતો નથી પણ તેની માન્યતા વિપરીત થાય છે એટલે તેને ધર્મ થતો નથી, સાચું જીવન પ્રગટતું નથી. સાચું જીવન એટલે કે સુખી જીવન, જીવત્વશક્તિના ભાનવડે પ્રગટે છે. જીવત્વશક્તિ એમ બતાવે છે કે આત્મા શુદ્ધ ચૈતન્યપ્રાણમય છે. અશુદ્ધતા જેટલો જ જીવ માને તેણે ખરેખર અજીવને જીવ માન્યો છે. દશ પ્રાણને ધારણ કરવાની યોગ્યતારૂપ જે અશુદ્ધતા, તેનાથી જીવને ઓળખવો તે તો 'વ્યવહારનયનો જીવ' છે, 'નિશ્ચયનયનો જીવ' તે નથી; જીવ નથી એટલે અજીવ છે. ત્રિકાળી ચૈતન્ય-સ્વરૂપ જીવ તે નિશ્ચયનયનો જીવ છે.

જુઓ, આ વીતરાગમાર્ગમાં નિશ્ચય–વ્યવહાર. જીવમાં પણ નિશ્ચયજીવ ને વ્યવહારજીવ એમ બે પ્રકાર બતાવીને યથાર્થ સ્વરૂપ ઓળખાવ્યું. જીવની પર્યાયમાં અશુદ્ધતાની યોગ્યતા છે પણ તે સમ્યગ્દર્શનના વિષયમાં આવતી નથી. સમ્યગ્દર્શન-પર્યાય પ્રગટે તે કેવા આત્માને દૃષ્ટિમાં લેવાથી પ્રગટે? તેની આ વાત છે. અનંત ગુણોથી અભેદ, અનાદિઅનંત પારિણામિકભાવ-સ્વરૂપ જે પરમ જ્ઞાયકભાવ, તેના આશ્રયે ક્ષાયિકસમ્યક્ત્વાદિ નિર્મળ ભાવો પ્રગટે છે. આવા ભાવરૂપ જ્ઞાનપરિણતિ જ્ઞાનીને જ હોય છે. અજ્ઞાનીને જ્ઞાન-પરિણતિ નથી કેમકે તે જ્ઞાયકસ્વભાવનો આશ્રય કરતો નથી. રાગના આશ્રયે જ્ઞાનપરિણતિ કેમ પ્રગટે? જ્ઞાનપરિણતિ તો તેને કહેવાય કે જે જ્ઞાનસ્વભાવમાં તન્મય થઈને પરિણમે ને રાગથી જુદી પડે. આવી જ્ઞાનપરિણતિ પ્રગટતાં

તેમાં શ્રદ્ધાનું-જ્ઞાનનું-આનંદનું એમ અનંતગુણોનું નિર્મળ જીવત્વ પ્રગટ્યું, તેને જીવત્વશક્તિનું કાર્ય કહેવાય છે. રાગ કે દશ જડપ્રાણોને ધારણ કરવા તે જીવત્વશક્તિનું ખરું કાર્ય નથી. જીવત્વશક્તિમાં વિકલ્પની નાસ્તિ છે, એટલે તેનું ભાન થતાં, પહેલાં વિકલ્પથી લાભ માન્યો હતો તેની પણ નાસ્તિ થઈ. એટલે વ્યવહારનું અવલંબન છૂટ્યું ને નિશ્ચય જીવન પ્રગટ્યું. આવું અનેકાન્તપણું સાધકની પર્યાયમાં વર્તે છે.

જેમ મોટા જિનમંદિર ઉપર સોનાનો કળશ ચઢાવે, તેમ આ સમયસાર-રૂપી મોટા મંદિર ઉપર અમૃતચંદ્રાચાર્યદેવે ૪૭ શક્તિરૂપી સુવર્ણકળશ ચડાવ્યો છે. આત્માની શક્તિનો અપાર વૈભવ પ્રસિદ્ધ કરીને બતાવ્યો છે. એકેક શક્તિના વર્ણનમાં ગંભીર રહસ્યો ભરી દીધાં છે. અનંતશક્તિવાળા આવા આત્માને પ્રતીતમાં ને સ્વાનુભવમાં લેતાં નિર્મળપર્યાયમાં બધી શક્તિનો રસ એકસાથે સમાય છે, બધી શક્તિઓ નિર્મળપણે ઉલ્લસે છે. આવા પરિણમનસહિત આત્મા તે સાચો આત્મા છે. હે ભાઈ, આવી શક્તિવાળા તારા આત્માના સમ્યગ્દર્શન વગર તું સાચો જીવ થયો-એમ જ્ઞાની કહેતા નથી. જડને અને રાગને પોતાનું કર્તવ્ય માનનારો જીવનું જીવન જીવતો નથી પણ વિકારના કર્તૃત્વવડે તે જીવના જીવનને હણી નાંખે છે; ચૈતન્યના ભાવપ્રાણને હણે છે તે જ મોટી ભાવહિંસા છે. તે હિંસા મટે ને આત્માનું આનંદમય સાચું જીવન પ્રગટે એવી વાત અહીં આચાર્યભગવાને સમજાવી છે.

આત્મામાં અનંત શક્તિનો વૈભવ, તેમાં એકેક શક્તિના છએ કારકો પોતામાં જ સમાય છે. છેલ્લે છ કારકરૂપ છ શક્તિઓ પણ આચાર્યદેવ વર્ણવશે. એકેક શક્તિના પરિણમનમાં છએ કારકો પણ ભેગા જ સમાય છે. જીવત્વશક્તિથી આત્મા પોતે જ કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન તથા અધિકરણરૂપ થઈને પોતાના ચૈતન્યપ્રાણરૂપ જીવત્વને ધારણ કરે છે. આત્માના જીવત્વનું બીજું કોઈ સાધન નથી. દશ પ્રાણ કે રાગાદિ અશુદ્ધતા કે ખંડખંડ-જ્ઞાનરૂપ ભાવેન્દ્રિય-એવા વ્યવહારને સાધન બનાવીને આત્માએ પોતાના ચૈતન્યપ્રાણને ધારણ નથી કર્યા. પણ પોતાના સ્વભાવભૂત એવી જીવત્વશક્તિથી જ પોતે પોતાના ચૈતન્યપ્રાણને ધારણ કર્યા છે. આમાં નિશ્ચય-વ્યવહારનો ખુલાસો આવી ગયો કે વ્યવહારસાધન વડે આત્માનું જીવત્વ નથી. પોતાના નિશ્ચયસ્વભાવથી જ પોતાનું જીવત્વ છે. દશપ્રાણ તરફના વિકલ્પો અથવા તો ખંડખંડરૂપ પરાશ્રિત જ્ઞાન તે તો અશુદ્ધપ્રાણ છે, તેનાથી આત્માનું ખરું

જીવન નથી; તેમાં તો આત્માનું જીવતર હણાય છે. આત્માને દશ જડ પ્રાણવડે જીવનારો માને એટલે કે દશપ્રાણને આત્માનું સ્વરૂપ માને તો તે જીવ ચૈતન્યની અનંતશક્તિના પ્રાણને ઊંધી શ્રદ્ધાવડે હણે છે એટલે ભાવહિંસા કરે છે, વ્યવહારના વિકલ્પો આત્માના ચૈતન્યજીવનને લાભ કરે એમ બનતું નથી, અસત્યમાંથી સત્ય આવે નહિ; વ્યવહારના વિકલ્પો શુદ્ધસ્વભાવમાં અસત્ છે, તે આત્માની પર્યાયને લાભ કરે કે તેનું સાધન થાય એવી તાકાત તેનામાં નથી; છતાં તેને સાધન કહેવું તે વ્યવહાર છે, ઉપચાર છે; તે સત્યસ્વરૂપ નથી. જીવનું સત્યસ્વરૂપ તો શુદ્ધ ચૈતન્યપ્રાણ છે. ચૈતન્યભાવમાં અક્રમરૂપ અનંત શક્તિઓ અને તે શક્તિનું ક્રમેક્રમે થતુ નિર્મળપરિણમન—આવા ક્રમ-અક્રમરૂપ અનંત ધર્મો સમાય છે, પણ વિકાર તેમાં સમાતો નથી. 'જ્ઞાન' લક્ષણવડે અર્હન્તભગવાને આવો આત્મા ઓળખાવ્યો છે.

અરે જીવ! તું જાગ...ને તારી શક્તિને સંભાળ! લક્ષ્મણમાં રાવણને હણવાની શક્તિ હતી પણ મૂર્છામાંથી જાગ્યા વગર તે શા કામની? જ્યાં જાગ્યો ત્યાં રાવણને માર્યો. તેમ પરભાવોને હણવાની તાકાતવાળો ચૈતન્યશક્તિનો પિંડ આ આત્મા સ્વશક્તિના લક્ષ વગર મોહમૂર્છામાં સૂતો છે. જીવત્વશક્તિરૂપી સંજીવની વડે સન્તો તેને જગાડે છે. રે જીવ! તું જાગ ને તારી શક્તિને સંભાળ. અનંતશક્તિ તારામાં છે. પણ તું જાગ નહિ ને તારી શક્તિને ન સંભાળ તો તે શક્તિ શા કામની? જ્યાં સ્વલક્ષના સિંહનાદ કરતો 'લક્ષ્મણ' જાગ્યો ત્યાં નિજશક્તિના ટંકાર વડે તે પરપરિણતિને તોડી નાંખે છે. ૪૭મા કલશમાં આચાર્યદેવે કહ્યું હતું કે અહો, આ અત્યંત પ્રચંડ અને અખંડ જ્ઞાનનો ઉદય પરપરિણતિને ઊખેડી નાંખે છે અને ભેદવાદને તોડી પાડે છે. શક્તિનું આવું નિર્મળ કાર્ય પર્યાયમાં પ્રગટે ત્યારે જીવનું સાચું જીવન પ્રગટ્યું કહેવાય. સ્વલક્ષવડે જ્યાં જીવત્વશક્તિ જાગી ત્યાં અનંત શક્તિઓ એક સાથે જાગી ઊઠી, એટલે અનંતશક્તિના નિર્મળકાર્યથી ભગવાન આત્મા જાજ્વલ્યમાન જીવતો થઈ ગયો. હવે વિકારી પરભાવો સાથે કર્તાકર્મપણાનો સંબંધ તેને જરાપણ ન રહ્યો.

જુઓ, આ જીવત્વશક્તિનું કાર્ય! હવે એમાં નવતત્ત્વ લઈએ—

- ત્રિકાળ ચૈતન્યપ્રાણથી જીવનાર અનંત શક્તિસંપન્ન જ્ઞાયકભાવ તે જીવ.

- તેના આશ્રયે શુદ્ધપર્યાય પ્રગટી તે સંવર-નિર્જરા ને મોક્ષ.
- અશુદ્ધભાવરૂપ જે આસ્રવ ને બંધ હતા તે ટળવા માંડયા.
- શરીર-ઇન્દ્રિયો વગેરે જડપ્રાણના સંયોગને પોતાથી ભિન્ન અજીવ જાણ્યા.

–આમ જીવત્વશક્તિના નિર્ણયમાં નવતત્ત્વોનો પણ નિર્ણય આવી જાય છે. આવી જીવત્વશક્તિવાળા શુદ્ધ જીવને જે જાણે તેને આસ્રવ-બંધ ટળે ને સંવર-નિર્જરા-મોક્ષરૂપ સાચું જીવન પ્રગટે.

જીવત્વશક્તિનું વર્ણન પૂર્ણ.



અતીન્દ્રિય આત્માના સ્વસંવેદનવડે આનંદમય
આત્મજીવન-જીવી સન્તોને નમસ્કાર.
તે સંતો અમને આત્મજીવન આપો.



જીવત્વશક્તિ આપે વાંચી; હવે બીજી ચિતિશક્તિ શરૂ થાય છે. આત્મા ચેતનાસ્વરૂપ એટલે કે ઉપયોગસ્વરૂપ છે; તે ઉપયોગના સ્વકાર્યવડે શાંતિને સાધે છે. આ બાબતમાં ગુરુદેવના મંગલ હસ્તાક્ષર વાંચો—

ૐ

નિજ સ્વરૂપનો ઉપયોગ તે સુખ છે
ને આબાલ ગોપાળ કરી શકે છે.
એ વીના શાંતીનો બીજો કોઈ ઉપાય નથી.

*

[૨]

ચિતિ શક્તિ

[अजडत्वात्मिका चितिशक्तिः ।]



આચાર્યદેવે સ્વાનુભવનું ઘોલન કરી કરીને આ આત્મશક્તિઓ વર્ણવી છે. એકેક શક્તિના વર્ણનમાં સ્વાનુભવનો રસ નીતરે છે. ભાઈ, આ તારા આત્મવૈભવનું વર્ણન છે. તારો આત્મવૈભવ કેવો સુંદર છે! તેનો પ્રેમ કરીને અનુભવમાં લે.

પહેલી શક્તિમાં આત્માનું જીવન બતાવ્યું; તે જીવન કેવું છે? તે આ બીજી શક્તિમાં બતાવે છે. ચૈતન્યપ્રાણને ધારણ કરીને આત્મા જીવે છે એટલે તેનું જીવન ચૈતન્યથી ભરપૂર છે ને જડપણું તેનામાં જરાય નથી. જડતાના અભાવરૂપ એટલે અજડત્વસ્વરૂપ એવી ચિતિશક્તિ આત્મામાં છે.

આત્માના સ્વભાવમાં ચેતનપણું પુરેપૂરું છે ને જડપણું જરાય નથી. પુણ્ય-પાપના વિકલ્પો પણ ખરેખર ચૈતન્યપ્રકાશ વગરના હોવાથી જડ છે, તેના વગરનો આત્માનો અ-જડસ્વભાવ છે. ભગવાન આત્મા તો સ્વ-પરપ્રકાશી ચેતકસ્વભાવી છે, પોતે પોતાને જાણે એવો છે, ને શુભાશુભ રાગ તો સ્વ-પરને નહિ જાણનારા છે, બીજો તેને જાણે ત્યારે તે જણાય એવા તે છે, એટલે તે જડસ્વભાવી છે. આત્મા એવા જડસ્વભાવ વગરનો છે. અને આવા સ્વભાવની સન્મુખ જે પરિણમન થયું તેમાં પણ જડત્વનો અભાવ છે. તે પરિણમનમાં ચૈતન્યપણું ભરેલું છે પણ જડપણાથી તે ખાલી છે, વિકારનું પરિણમન તેમાં નથી. જ્ઞાનના પરિણમનમાં અનંતગુણનું પરિણમન છે પણ વિકારનું પરિણમન નથી.—આનું નામ ખરૂં 'અજડત્વ' છે.

સામાન્યપણે 'આત્મા જડ નથી' એમ તો બધા કહે, પણ જડ નથી એટલે આત્મા ચિતિશક્તિવાળો છે ને ચિતિશક્તિના પરિણમનમાં વિકાર પણ નથી,—એવું અંદરનું ભેદજ્ઞાન તો જ્ઞાનીને જ હોય છે. એકેક શક્તિમાં તો ઘણું રહસ્ય ભર્યું છે. આચાર્યદેવે સ્વાનુભવનું ઘોલન કરી-કરીને એકેક શક્તિ કાઢી છે. એકેક શક્તિના વર્ણનમાં સ્વાનુભવનો રસ નીતરે છે. અહો, સમયસારમાં તો સન્તોએ સ્વાનુભવનો રસ રેડ્યો છે.

ભાઈ, આ તારા આત્માનું વર્ણન છે; તારો આત્મા કેવો સુંદર છે તેની વાત છે. સુંદર એટલે શુદ્ધ; શુદ્ધતામાં સુંદરતા છે, અશુદ્ધતામાં સુંદરતા નથી,—શોભા નથી. જગતમાં જે કાંઈ સુંદરતા કે પવિત્રતા છે તે બધી તારા ચેતનમાં જ ભરી છે. તેનો પ્રેમ કરીને તેને અનુભવમાં લે.

આ આત્મા પોતે અનંતશક્તિસંપન્ન પરમેશ્વર છે, પોતે ભગવાન છે, તેની આ ભાગવતકથા છે; જૈન ભગવાને કહેલું આ ખરૂં ભાગવત છે. જેણે એક સમયમાં ત્રણકાળ ત્રણલોકને જાણ્યા તથા પોતાના સમસ્ત આત્મવૈભવને ખોલ્યો એવા સર્વજ્ઞભગવાનની વાણીમાંથી આવેલું આ સમયસાર મહા ભાગવત છે.

આચાર્યદેવ સ્વસંવેદનથી કહે છે કે અહો, આ ચૈતન્યશક્તિ તો જાગૃત સ્વરૂપ છે, તેનામાં જડપણું જરાય નથી. અનંતશક્તિથી ભરેલા એકલા ચૈતન્યપિંડરૂપે જ આત્મા અનુભવાય છે. જોકે આવી ચિતિશક્તિ બધાય જીવોમાં છે, પણ અજ્ઞાનીને તે તરફ વલણ નથી તેથી તેને તેનું નિર્મળ પરિણમન પ્રગટતું નથી, તેને તે અશુદ્ધપણે પરિણમે છે; આનું નામ સંસાર છે. અને નિજશક્તિનું ભાન થતાં શુદ્ધ દ્રવ્યના લક્ષે શક્તિઓનું નિર્મળ પરિણમન પ્રગટે છે, તેને મોક્ષમાર્ગ અને મોક્ષ કહેવાય છે.

ખરી ચિતિશક્તિ એટલે ચેતના તેને કહેવાય કે જે પોતાને ચેતે-જાણે; જો પોતે પોતાને ન જાણી શકે તો તેને ચેતના કોણ કહે ?–એ તો જડના થઈ. ગાથા ૭૨માં આત્મા અને આસ્રવો વચ્ચે ભેદજ્ઞાન કરાવતાં કહ્યું છે કે, આસ્રવો પોતે પોતાને કે પરને જાણી શકતા નથી માટે તેમને જડસ્વભાવપણું છે, ચૈતન્યથી અન્યપણું છે; અને ભગવાન આત્મા તો પોતે જ સ્વ-પરને જાણનારો ચેતક છે તેથી તેને ચૈતન્યસ્વભાવપણું છે.–આ રીતે આત્માને અને રાગાદિ આસ્રવોને ભિન્નપણું છે. એ જ વાત અહીં ચિતિશક્તિમાં બતાવી છે.

આત્માની ચિતિશક્તિ કેવી છે ? અજડસ્વરૂપ છે. તેનામાં જડતા નથી, અજ્ઞાન નથી. રાગરૂપ ને અજ્ઞાનરૂપ જે પરિણમન થાય તેને ચિતિશક્તિનું પરિણમન કહેતા નથી. ચૈતન્યપ્રાણરૂપ આત્માનું જીવત્વ છે; જીવત્વની સાથે ચિતિશક્તિ જો ન હોય તો આત્મા જડ થઈ જાય. ચેતના વગર જીવ વર્તે શેમાં ?

શું રાગદ્વેષમાં વર્તે તે જીવનું જીવપણું છે ? ...ના.

ચેતનામાં તન્મયપણે વર્તે એ જ જીવનું જીવપણું છે.

જીવના આવા જીવનની સમ્યગ્દષ્ટિને જ ખબર છે, અજ્ઞાનીને તેની ખબર નથી. 'જીવ' કોને કહેવો તે જ તે જાણતો નથી, તો પછી જીવનું સાચું જીવન તો તેને ક્યાંથી પ્રગટે ? જીવનું સાચું જીવન રાગમાં નથી, જીવનું સાચું જીવન તો ચેતનામાં છે.

અનંતા જીવો મોક્ષ પામ્યા. અનેક તીર્થંકરો ને લાખો કેવળીભગવંતો મધ્યલોકમાં અરિહંતપણે વિચરે છે. કરોડો સન્તમુનિઓ, અસંખ્યાતા શ્રાવકો ને અસંખ્યાતા સમ્યગ્દષ્ટિ જીવો અત્યારે છે ને સૌએ જીવનું જીવપણું આ

રીતે જાણ્યું છે. ચૈતન્યપ્રાણથી જીવનારો જીવ. તેનામાં જડપણું એટલે કે ઇન્દ્રિયો કે રાગદ્વેષ નથી. રાગદ્વેષમાં તન્મય વર્તે તે જીવ નહિ, એકેન્દ્રિયાદિપણું વગેરે જે વ્યવહારજીવત્વ છે તે ખરેખર જીવ નથી, ઇન્દ્રિયના સંયોગે જીવને ઓળખાવવો તે સાચા જીવની (પરમાર્થજીવની) ઓળખાણ નથી. ચૈતન્યભાવમાં વર્તે તે જ સાચો જીવ છે. (જીવત્વશક્તિમાં આ સંબંધી ઘણું વિવેચન આવ્યું છે.)

અજ્ઞાનને લીધે અનાદિથી દેહમાં ને રાગાદિભાવોમાં પોતાપણે વર્તતો ત્યારે અશુદ્ધપરિણમન હતું, તેમાં જીવનું ખરૂં જીવત્વ ન હતું, શોભા ન હતી. સ્વલક્ષે સમ્યગ્દર્શન થતાં ચેતનાનું સમ્યક્ પરિણમન થયું, તેમાં જીવનું ખરૂં જીવત્વ છે, ને તેમાં જીવની શોભા છે.

જીવનું સાચું જીવત્વ ને જીવની શોભા શેમાં છે?

- શું રાગમાં વર્તે તે જીવનું જીવત્વ છે?
  —ના; રાગમાં વર્તે એમાં જીવની શોભા નથી.
- શું વ્યવહારના વિકલ્પમાં વર્તે તેમાં જીવની શોભા છે?
  —ના; વિકલ્પમાં વર્તે તે જીવનું સાચું જીવત્વ નથી.
- શું દેહ કે ઇન્દ્રિયોમાં જીવનું જીવત્વ છે?
  —ના; તેમાં પણ જીવની શોભા નથી, જીવત્વ નથી.

એ તો બધા અ-જીવ છે; જીવનો સ્વભાવ નથી માટે અજીવ છે; તેના આધારે જીવનું સાચું જીવત્વ પ્રગટે નહિ.

ભાઈ, આ તારા સ્વભાવની વાત છે. આત્માનો સત્સ્વભાવ જેવો છે તેવો જાણ્યા વગર કદી સત્ પ્રગટશે નહિ, ને અસતપણું ટળશે નહિ. એકવાર ધીરજથી અંદર જો તો ખરો કે અનંતગુણથી ભરપૂર તારું તત્ત્વ કેવું છે!

કોઈ કંટાળાથી કહે કે 'આ વાત કઠણ લાગે છે.' તો કહે છે કે અરે, ભગવાન આત્માની ભાવના તેં છોડી દીધી ને વિકારની ભાવના કરી, તેથી વિકાર તને સુગમ લાગે છે ને આત્મા તને કઠણ લાગે છે; એટલે તું આત્માની ચાહ વગરનો બહિરાત્મા છો. આત્માનો કામી હોય તેને તેની ભાવનામાં કંટાળો આવે નહિ, પણ ફરી ફરીને તેની ભાવના કરવાનો ઉત્સાહ થાય

ને તેમાં આનંદ આવે. વિષય-કષાયના ભાવોમાં ચોવીસે કલાક વર્તતાં તેમાં તને કંટાળો નથી આવતો ને આત્માની ભાવનામાં તને કંટાળો આવે છે! —તો તું જ નક્કી કરી લે કે તારી રુચિનું વલણ ક્યાં છે? અરે, આ તો વીતરાગી સન્તો તને તારો 'આત્મવૈભવ' દેખાડે છે. જેને જોતાં તને અપાર આનંદ થશે. આત્માની ખરી રુચિ કરીને સમજવા માંગે તો પોતાનું સ્વરૂપ સુગમતાથી સમજાય તેવું છે. એ કોઈ પારકી વસ્તુ નથી પણ પોતાની જ વસ્તુ છે; પોતે પોતાનું સ્વરૂપ સમજવા માગે તો ન સમજાય એમ કેમ બને?

ભગવાન આત્મા મહાન પદાર્થ, તે પોતાની ચૈતન્યશક્તિ વગર શેમાં ટકે? શેમાં વર્તે? શેમાં રમે? રાગમાં ને પરભાવમાં રમે એને તો ખરો આત્મા કોણ કહે? અનંતગુણોમાં વ્યાપેલી પોતાની ચૈતન્યશક્તિમાં જીવ વર્તે છે-રમે છે-ટકે છે. જો તે શક્તિ ન હોય તો આત્મા જડ થઈ જાય. આ ચૈતન્યશક્તિ આત્માને કદી જડ થવા દેતી નથી માટે તેનું લક્ષણ 'અજડત્વસ્વરૂપ' છે. આવી અજડત્વ-લક્ષણવાળી ચેતનાશક્તિ આત્મામાં ત્રિકાળ છે. આવા આત્માને જે જાણે તેને તો અનુભવમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે; ને આવું થાય ત્યારે સમ્યગ્દર્શન થયું કહેવાય. સમ્યગ્દર્શન વગર આત્માને ઓળખ્યો ક્યાંથી? ને ઓળખાણ વગર ધર્મ કેવો?

આત્મા જ્યાં સ્વાનુભવ કરતો જાગ્યો ને તેની ચૈતન્યશક્તિનું નિર્મળ પરિણમન થયું, તેમાં શુભવિકલ્પ વગેરે વ્યવહારનો અભાવ છે. અહીં 'અજડત્વ' એમ કહીને તે અભાવની વાત બતાવી દીધી છે. આત્માના નિર્મળ-પરિણમનમાં ચિતિશક્તિની અસ્તિ, અને તેમાં જડતાની નાસ્તિ,—એમ એક શક્તિના વર્ણનમાં અસ્તિ-નાસ્તિ બંને સમાઈ જાય છે. નિર્મળ ગુણ-પર્યાય તે જીવ—એમ અસ્તિ કહેતાં, વ્યવહારના વિકલ્પો વગેરે જીવ નથી—એમ નાસ્તિનું જ્ઞાન તેમાં આવી ગયું. શુદ્ધ જીવને 'અજડ' કહીને ખરેખર તો તેનાથી અન્ય બધા ભાવોને જડના પડખામાં નાંખી દીધા.—આમ સ્પષ્ટપણે બે ભાગ વહેંચી નાંખ્યા.

આત્માની ચિતિશક્તિમાં રાગદ્વેષની ઉત્પત્તિ કરવાપણું નથી, તે તો ચૈતન્યભાવને જ ઉત્પન્ન કરનારી છે. આવી શક્તિવાળા આત્માને દૃષ્ટિમાં લેતાં જ રાગ-દ્વેષ વગરની ચૈતન્યપર્યાય ખીલી; નિર્મળશક્તિ સાથે પર્યાયની એકતા થઈ ને રાગાદિ સાથેની એકતા તૂટી. આમ સ્વભાવની અસ્તિ ને

વિભાવની નાસ્તિ (નિશ્ચયનો આશ્રય ને વ્યવહારનો નિષેધ) એમ બંને વાત ભેગી ને ભેગી જ છે. એક પડખું યથાર્થ જાણતાં બધા પડખાંનું જ્ઞાન તેમાં આવી જાય છે.

શુભરાગવડે ચૈતન્યભાવ પ્રગટે એવું કારણ-કાર્યપણું નથી, પણ ચિતિ-શક્તિના આશ્રયે ચૈતન્યભાવ પ્રગટે એવું કારણ-કાર્યપણું છે: તથા ચૈતન્ય-ભાવની અસ્તિમાં રાગની નાસ્તિ –એવું અસ્તિ-નાસ્તિપણું છે.

અહીં 'ચિતિશક્તિના આશ્રયે ચૈતન્યભાવ પ્રગટે' એમ કહ્યું, તેમાં ચિતિશક્તિનો આશ્રય કહેતાં ચિતિશક્તિવાળા આખા આત્માનો આશ્રય સમજવો, એના આશ્રયે ચૈતન્યભાવ એટલે અનંતગુણોની નિર્મળ પર્યાય પ્રગટે છે. બાકી એક ગુણને જુદો લક્ષમાં લઈને આશ્રય કરવા જતાં તો વિકલ્પ થાય છે, નિર્મળતા થતી નથી.

પોતાની આત્મશક્તિને ભૂલીને શુભભાવ જીવે અનંતીવાર કર્યા, પણ એમાં ક્યાં ધર્મ હતો? એ તો રાગ હતો. તે કાંઈ આત્માની ચિતિશક્તિનું કામ ન હતું. જો ચિતિશક્તિ રાગને કરવા માંડે તો આત્મા 'અ-જડ' ન રહે પણ જડરૂપ થઈ જાય, એટલે કે સ્વ-પરને જાણી શકે નહિ. ચિતિશક્તિને લીધે આખો આત્મા (તેના બધા ગુણ-પર્યાયો) અજડરૂપ છે. આ શક્તિનું કાર્ય સ્વ-પરને ચેતવાનું છે; રાગ તેનું કાર્ય નથી, કેમકે રાગમાં કંઈ સ્વને કે પરને ચેતવાની તાકાત નથી. તેથી તો તેને જડસ્વરૂપ કહીને તદ્દન ભેદજ્ઞાન કરાવ્યું છે. વાહ! એકકોર અજડસ્વરૂપી ભગવાન આત્મા, ને બીજીકોર જડસ્વરૂપ રાગાદિ સમસ્ત ભાવો. સ્પષ્ટ વહેંચણી કરીને ભેદજ્ઞાન કરાવ્યું છે.

જ્યાં આટલું સ્પષ્ટ ભેદજ્ઞાન કરાવ્યું છે ત્યાં, શુભરાગથી સ્વભાવ પ્રગટે એ વાત ક્યાં રહી? નિર્મળપર્યાય પ્રગટી તે સ્વભાવના આશ્રયે પ્રગટી છે, કોઈ પર કે શુભવિકલ્પ તેનું કારણ નથી. ચિતિશક્તિને (કે આત્માની કોઈ પણ શક્તિને) રાગની સાથે કારણ-કાર્યપણું નથી. ચિતિશક્તિમાં (કે આત્માની એકેય શક્તિમાં) રાગ ક્યાં છે કે તે રાગને કરે? શક્તિમાં તો રાગનો અભાવ છે; શક્તિમાંથી રાગ પ્રગટે નહિ ને શક્તિ રાગને કરે નહિ. શુભાશુભ રાગ થાય તે કાંઈ આત્માની શક્તિનું કાર્ય નથી. નિર્મળપર્યાયો સાથે જ શક્તિને કારણ-કાર્યપણું છે આ વાત ખાસ સમજવા જેવી છે. નિશ્ચય-વ્યવહાર વગેરેના ખુલાસા આમાં સમાઈ જાય છે.

હવે અહીં આ જીવત્વ વગેરે શક્તિઓમાં ઉપશમાદિ પાંચ ભાવોમાંથી કયા ભાવો લાગુ પડે છે–તે વાત લઈએ. અહી 'જ્ઞાનમાત્ર ભાવ' સાથે પરિણમતી શક્તિઓની વાત છે એટલે કે નિર્મળપણે પરિણમતી શક્તિઓની વાત છે, તેથી ઉદયભાવ તેમાં લાગુ ન પડે કેમકે તે તો વિકાર છે. ત્રિકાળીશક્તિ તે પારિણામિકભાવે વર્તે છે, ને તેના આશ્રયે જે નિર્મળ-પરિણમન થયું તેમાં ઉપશમ ક્ષયોપશમ કે ક્ષાયિકરૂપ નિર્મળભાવ સમાય છે; ઉદયભાવ તેમાં સમાતો નથી. અજ્ઞાનીને ઉદયભાવ છે તેમ જ સાધકને પણ ભૂમિકાપ્રમાણે ઉદયભાવ વર્તે છે પણ તેને ખરેખર શક્તિનો ભાવ કહેતા નથી. શક્તિ તે પારિણામિકભાવે અને તેની પર્યાય ઉપશમાદિ નિર્મળભાવરૂપે છે. (એટલી વિશેષતા છે કે જ્ઞાનવગેરે કેટલાક ગુણોની પર્યાયમાં ઉપશમભાવ નથી હોતો, તેમાં ક્ષયોપશમ કે ક્ષાયકભાવ હોય છે. ઉદયભાવને તો અહીં જુદો જ ગણ્યો છે, કેમકે તે ખરેખર શક્તિનું કાર્ય નથી.) એકેક શક્તિમાં પોતાના સ્વતંત્ર છ કારક, ચાર નિર્મળભાવો વગેરે વૈભવ ભરેલો છે; ને એવી અનંતશક્તિનો વૈભવ આત્મામાં છે. આ કાંઈ ગોખી–ગોખીને પરાણે યાદ રાખવું પડે તેવું નથી પણ અંતરમાં વસ્તુ છે તેને દૃષ્ટિમાં લેવાની છે. દૃષ્ટિ કરતાં જ આ બધી દોલત (આત્મવૈભવ) પ્રાપ્ત થાય છે.

જેમ આત્મસ્વભાવ અનાદિઅનંત સહજસ્વભાવે વર્તે છે તેમ તેની જ્ઞાનાદિ અનંત શક્તિઓ પણ કોઈ નિમિત્ત વગર અહેતુકપણે અનાદિઅનંત પરમ પારિણામિકભાવે વર્તે છે ને તેના ઉપર દૃષ્ટિ કરતાં તે ઉપશમ-ક્ષયોપશમ કે ક્ષાયકભાવરૂપે પરિણમે છે. આ રીતે અહીં શક્તિમાં ચાર ભાવો લાગુ પડે છે, ઉદયભાવ અહી લાગુ પડતો નથી. પાંચ ભાવોમાંથી સિદ્ધને બે ભાવો હોય; સાધકને પાંચે ભાવો હોય, પણ તેમાંથી ઉદયભાવને ખરેખર જીવ નથી કહેતા. શક્તિ સાથે અભેદરૂપ એવો નિર્મળભાવ પ્રગટે તેને જ જીવ કહે છે.

અહો! આવી વસ્તુને જાણતાં આત્મા પોતે કેવળજ્ઞાનના ભણકારા કરતો જાગે છે; કેમકે આત્મામાં 'સર્વજ્ઞત્વશક્તિ' છે એટલે તેને જાણતાં કેવળજ્ઞાનના ભણકાર આવે છે. આત્માની શક્તિમાં કેવળજ્ઞાન ભર્યું છે તો તેમાંથી પ્રગટે છે. કેવળજ્ઞાન કાંઈ ઇન્દ્રિયોમાંથી નથી આવતું, પુણ્ય-પાપમાંથી નથી આવતું, અલ્પજ્ઞપર્યાયમાંથી નથી આવતું; પણ શક્તિમાંથી આવે છે. તેમાં જ ઠર્યું

હોય તેમાંથી જ તે આવે; ન હોય તેમાંથી ન આવે. આત્મામાં જ્ઞાનશક્તિ ભરી છે એટલે તેમાંથી જ્ઞાન આવે. પણ તેમાંથી રાગ ન આવે. જેમાં કેવળ...જ્ઞાન ભર્યું હોય તેમાં એકાગ્ર થતાં કેવળજ્ઞાન આવે કે રાગ આવે? જ્ઞાનમાંથી જ્ઞાન આવે પણ રાગ ન આવે: ચિતિશક્તિ પારિણામિકભાવે છે ને તેમાંથી કેવળજ્ઞાન પ્રગટ્યું તે ક્ષાયિકભાવે છે: સિદ્ધભગવંતોને આ બે ભાવો હોય છે. અરિહંતભગવંતોને પણ આ બે ભાવો હોય છે; ઉદયભાવ જરીક છે પણ તેની આત્માસાં ગણતરી નથી, કેમકે પહેલેથી સાધકપણામાં જ તેનો નિષેધ કરતા કરતા અરિહન્ત થયા છે. સાધકને પહેલેથી જ ઉદયભાવનો નિષેધ કરીને પારિણામિકસ્વભાવ તરફ ઝુકાવ થયો છે,–ત્યારે તો સાધકભાવ શરૂ થયો છે.

આ રીતે શક્તિમાં પાંચ ભાવની વાત કરી; હવે તેમાં નવતત્ત્વ લઈએ તો—

ત્રિકાળી જ્ઞાનાદિ શક્તિ તે શુદ્ધજીવતત્ત્વ;

તે શક્તિની જે નિર્મળપર્યાય થઈ તે સંવર–નિર્જરા કે મોક્ષતત્ત્વ;

અજીવ, પુણ્ય–પાપ, આસ્રવ ને બંધ એ તત્ત્વો આ શક્તિમાં ન આવે, શક્તિના નિર્મળ પરિણમનમાં તેનો અભાવ છે.

આ રીતે દરેક શક્તિમાં તેના છ સ્વતંત્ર કારકો, પાંચ ભાવ તથા નવ તત્ત્વ લાગુ કરીને સમજવા.

કોઈને આ ઝીણું લાગે, પણ મારા આત્માના પોતાના વૈભવની વાત છે –એમ લક્ષમાં લઈને ઉત્સાહપૂર્વક સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ, તો જરૂર સમજાય તેવું છે. પ્રભુ! તારી પ્રભુતા શું કામ કરે છે તેની તને ખબર નથી, તે અહીં આચાર્યદેવ ઓળખાવે છે. પર્યાયે અંતર્મુખ થઈને જ્યાં દ્રવ્યનું શરણ લીધું ત્યાં નિર્મળતા પ્રગટી, તેમાં ઉપશમાદિ ત્રણ ભાવો તથા સંવર-નિર્જરા ને મોક્ષતત્ત્વ સમાય છે. તારામાં આવી પ્રભુતા સદાય ભરી છે પણ તે પ્રભુતાને ભૂલીને તું પામર થયો છે કે મારે રાગ વિના ન ચાલે. અજ્ઞાની લોકો સંયોગના ને રાગના ગાણાં ગાય છે, અહીં સન્તો આત્માની પ્રભુતાના વીતરાગી ગાણાં સંભળાવે છે.

લોકો કહે છે કે અનાજ–પાણીની અગવડતામાં જીવવું કેમ? પણ ભાઈ, અનાજ–પાણીથી જીવાય એ જીવન જ તારું નથી; ચૈતન્યપ્રાણથી જીવાય

એવું જીવન તારામાં છે. તારામાં એવી જીવત્વશક્તિ છે કે અનાજ વગેરે સંયોગ વગર તારું જીવન ટકે. અને તારી ચેતનાશક્તિ આત્માને કદી જડ થવા દેતી નથી. રાગ વગર પણ જીવે એવો તારો સ્વભાવ છે. રાગમાંય તારું ખરું જીવન નથી, તારું જીવન તો જ્ઞાનમય છે. આવા ચૈતન્યસ્વભાવમાં દૃષ્ટિ થતાં રાગ વગરનું અજડત્વરૂપ એટલે કે ચેતનરૂપ પરિણમન પ્રગટે છે; તે ચેતનતામાં જડતાનો અભાવ છે. ભગવાન આત્મા 'અ-જડ' છે, જડનો (એટલે કે શુદ્ધજીવથી ભિન્ન અન્ય સમસ્ત ભાવોનો કે શરીરાદિનો) એક અંશ પણ આત્માના સ્વભાવમાં નથી; ને તેનું ભાન કરતાં પર્યાયમાં પણ એવું પરિણમન પ્રગટે છે.

આત્મા ચેતનનો સ્વામી છે, જડનો સ્વામી નથી માટે અજડ છે. જડનો સ્વામી જડ હોય, જડનો સ્વામી ચેતન ન હોય; કેમ કે સ્વ અને સ્વામી બનેની જાત એક હોય. રાગનો વિકલ્પ તે પણ ખરેખર ચેતનતાથી બહાર છે, તેને જે નિજરૂપ માને તે ખરેખર આત્માને જડરૂપ માને છે; જડતા વગરની એવી ચિતિશક્તિસ્વરૂપ આત્માને તે જાણતો નથી. ચિતિ-શક્તિવાળા આત્માનો અનુભવ થતાં પર્યાયમાંથી વિકારરૂપ જડતા છૂટીને ચેતનભાવ પ્રગટે છે. વિકારના એક અંશનુંય કર્તૃત્વ રહે કે તેમાં લાભબુદ્ધિ રહે તો ચેતનનો પિંડ આત્મા અનુભવમાં આવતો નથી. આત્મા નિર્મળ ગુણ-પર્યાયનો પિંડ છે, તેની સાથેના રાગને કે શરીરને આત્મા કહેતા નથી.

જેમ મધુરી મોરલીના નાદે સર્પ ઝેરને ભૂલીને ડોલી ઊઠે, તેમ હે જીવ! આત્માની શક્તિરૂપી મધુર મોરલીના નાદે સન્તો તને કહે છે કે અરે જીવ! તું જાગ... જાગ. તારી આત્મશક્તિનાં શાં વખાણ? તારી શક્તિનું શું માપ? એકેક શક્તિ અનંતા ગુણપર્યાયોથી ભરપૂર; – આવા તારા સ્વભાવને અભિન્નપણે જાણ,– તેમાં તન્મય થઈને જાણ. ને રાગાદિને ભિન્નપણે જાણ. જેને જાણતાં વિકારનું ઝેર ઊતરી જાય ને આનંદના અનુભવમાં આત્મા ડોલી ઊઠે એવી આ ૪૭ શક્તિની મોરલી છે. આવી આત્મસ્વરૂપની કથા તે સાચી ધર્મકથા છે. દેશની કિંમત કે રાજની વાત ધાન – એવા બધાનો પ્રેમ તે તો વિકથાનું પ્રકરણ છે. તેમાં મિથ્યાત્વનું સેવન થાય છે, તેને ધર્મકથા કહેતા નથી. આ તો વીતરાગે કહેલી, વીતરાગે કહેલી ને વીતરાગતા થવા માટેની આત્માના વીતરાગી ચૈતન્યની વાત છે. રાગથી જે લાભ માને છે તેને આત્માના વીતરાગી સ્વભાવની ખબર નથી. તે તો રાગને જ આત્માનો સ્વભાવ માને છે. જેનાથી લાભ માને તેનું સેવન કેમ છોડે? રાગથી લાભ

માનનારે આત્માને ચિતિશક્તિવાળો ન જાણ્યો પણ રાગવાળો જાણ્યો, જડ જાણ્યો. હે ચૈતન્ય! જાગૃત થઈને તારા નિજસ્વભાવની ખાણમાં દૃષ્ટિ કર, એમાં રાગનો અંશ નથી, પરમાણુ એને અડગા નથી. આવા ચિત્સ્વભાવમાં જે પર્યાય વળી તેમાં જડપણું ટળીને અજડપણું થયું, ચિતિશક્તિનો પ્રકાશ પ્રગટ્યો. આવું થાય ત્યારે જ ચિતિશક્તિવાળા આત્માને જાણ્યો કહેવાય.

રાગને તોડીને જે સર્વજ્ઞ થયા છે, વિકલ્પનો એક અંશ પણ જેની પાસે નથી, તેની સહજ વાણીમાં પણ એવું ન આવે કે વિકલ્પથી લાભ થશે. આત્મા જ્યાં વીતરાગભાવરૂપ પરિણમી ગયો ત્યાં વાણી પણ એવી જ (વીતરાગતાને જ ઉપદેશનારી) પરિણમે—એવો મેળ છે. સર્વજ્ઞદેવ રાગરહિત નિર્દોષ અને તેમની વાણી પણ રાગ વગરની નિર્દોષ, —છતાં બંનેનું પરિણમન સ્વતંત્ર. સર્વજ્ઞનો આત્મા પોતાની ચિતિશક્તિમાં અજડત્વપણે પરિણમે છે ને વાણી તેના અચેતસ્વભાવમાં જડત્વપણે પરિણમે છે.

અજડ એવી ચિતિશક્તિ અનંતગુણસ્વરૂપ આખા આત્મામાં વ્યાપી છે. તે શક્તિના છએ કારકો સ્વતંત્ર છે, એટલે રાગ હતો માટે ચિતિશક્તિનું નિર્મળપરિણમન પ્રગટ્યું એમ નથી.

ચિતિશક્તિ આત્માના આધારે એક સમયમાં કારણ-કાર્યરૂપે પોતે જ પરિણમે છે; એટલે તેની ધ્રુવતા ને ઉત્પાદ–વ્યય પોતાથી જ છે.

અહા, કુંદકુંદાચાર્યદેવની અને અમૃતચંદ્રાચાર્યદેવની અજબ શૈલી છે; વીતરાગનાં વચનોનું રહસ્ય ટૂંકમાં બતાવી દીધું છે.

આત્મા ચિતિશક્તિરૂપ છે, તેનું કાર્ય જ્ઞાનચેતના છે. રાગ તો કર્મચેતના છે, તે ચિતિશક્તિનું ખરૂં કાર્ય નથી. જો શક્તિનું કાર્ય વિકાર હોય તો આખો આત્મા જ વિકારી થઈ ગયો; કેમ કે કાર્ય-કારણ એક જાતના હોય. જેને પોતાનું કાર્ય સ્વીકારે તેને પોતાથી જુદું માની શકે નહિ. અનંતશક્તિસંપન્ન આત્મામાં એકેય એવો ગુણ નથી કે જે વિકારનું કારણ થાય કે જડપણે થાય.

હે જીવ! તારા ગુણ–પર્યાય કેવા છે તેનું માહાત્મ્ય તેં જાણ્યું નથી, ને પરનું માહાત્મ્ય માન્યું છે. તારા સ્વવૈભવને તું ભૂલ્યો તેથી સંસારમાં રખડ્યો. અહીં આચાર્યદેવ સમસ્ત નિજવૈભવથી એકત્વ આત્માનું સ્વરૂપ

દેખાડે છે. આત્માની શક્તિમાં જ્યાં રાગનુંય કર્તૃત્વ નથી ત્યાં પરના કર્તૃત્વની શી વાત?

કોઈ કહે કે आत्माको परका कर्ता न माने वह जैन नहीं। અરે ભાઈ! એમ કહેવું એ તો વીતરાગમાર્ગની મોટી વિરાધના છે; રાગથી લાભ માનવો એ પણ વીતરાગમાર્ગને રાગમાં રોળી નાંખવા જેવું છે. ભાઈ, એનાં ફળ ભોગવવા બહુ આકરા પડશે. વીતરાગનો માર્ગ એવો નથી. અહીં તો પરથી ને રાગથી ભિન્ન એવી આત્મશક્તિઓનું વર્ણન છે.

ધ્રુવમાં એકાગ્ર થતાં પર્યાયમાં શુદ્ધતા પ્રગટે છે; તે ક્ષણિક પર્યાય અંતરમાં અભેદ થાય છે. આ રીતે ધ્રુવપણું ને ક્ષણિકપણું બંને એક-સમયમાં ચિતિશક્તિમાં (ને તે રીતે દરેક શક્તિમાં) આવી જાય છે. આત્માની અનંત શક્તિઓમાંથી એક ચિતિશક્તિનું કાર્ય શું, તેનું પરિણમન શું? તો કહે છે કે પોતે અજડભાવે પરિણમે અને બીજા અનંત ગુણોને પણ અજડ એટલે કે ચેતનભાવે પરિણમાવે એવું ચિતિશક્તિનું કાર્ય છે. એકેક સમયની પર્યાયમાં અનંત શક્તિઓ એક સાથે પરિણમે છે. ગુણભેદે દરેક ગુણનું સામર્થ્ય જુદું હોવા છતાં આત્મદ્રવ્યના સામર્થ્યમાં બધા ગુણોનું સામર્થ્ય સમાઈ જાય છે; અભેદ આત્માના અનુભવમાં અનંતગુણની નિર્મળતાનું વેદન એકસાથે છે. (સર્વ ગુણાંશ તે સમ્યક્ત્વ).

અહો, આત્મા ચૈતન્ય-મહાસત્તા છે, તેને લક્ષમાં લે. તેમાં લક્ષ જતાં, જ્ઞાન જેનું લક્ષણ નથી એવા સમસ્ત પરભાવોનું લક્ષ છૂટી જશે. એક આત્મામાં અનંત ગુણો, એકેક ગુણમાં અનંત પર્યાયનું સામર્થ્ય, ને એકેક પર્યાયમાં પણ સર્વજ્ઞતા વગેરેનું અનંત સામર્થ્ય,—આવડું જીવતત્ત્વ છે. 'આવું છે' એમ અસ્તિથી કહેતાં 'રાગાદિરૂપ નથી' એમ નાસ્તિની વાત પણ તેમાં સમાઈ જાય છે. આવા જીવતત્ત્વને લક્ષીને તેમાં એકાગ્ર થતાં સંવર-નિર્જરા-મોક્ષરૂપ નિર્મળભાવ પ્રગટ્યા, તેમાં આસ્રવનો તથા અજીવ-બંધનો અભાવ છે. જેનો અભાવ છે તેને યાદ ન કરતાં જે અસ્તિરૂપ-સત્સ્વભાવ છે તે બતાવ્યો છે.

જુઓ, આ આચાર્યદેવની શૈલી! ઘણી ગંભીરતા છે. સમયસારના મંગલાચરણમાં 'નમઃ સમયસારાય' એમ કહીને તે 'સમયસાર'ના ચાર વિશેષણો અસ્તિરૂપ વર્ણવ્યા—

भावाय એમ કહીને સત્તારૂપ દ્રવ્ય બતાવ્યું.

चित्स्वभावाय એમ કહીને તેનો ગુણ બતાવ્યો.

सर्वं भावान्तरच्छिदे એમ કહીને પર્યાયની તાકાત બતાવી.


स्वानुभूत्या चकासते એમ કહીને સ્વસંવેદનપ્રત્યક્ષવડે જ તે અનુભવમાં આવે છે–એમ બતાવ્યુ.

આમાં નાસ્તિના બોલની વાત ન લીધી. પણ તેમાં રાગાદિના અભાવરૂપ પરિણમન છે એટલે રાગાદિની નાસ્તિ આવી જ જાય છે. જીવ અને સંવરની અસ્તિ, તેમાં અજીવ અને આસ્રવની નાસ્તિ; જુઓ, આ જૈનધર્મની અનેકાન્ત-શૈલિ! અહીં જીવત્વશક્તિ, ચિતિશક્તિ વગેરે શક્તિના વર્ણનમાં પણ અસ્તિથી વાત કરી, તેમાં રાગાદિની નાસ્તિ આવી જ જાય છે. પ્રત્યેક શક્તિની અસ્તિમાં તથા તેના નિર્મળ પરિણમનમાં વિકારનો ને પરનો અભાવ વર્તે છે. –આવું પરિણમન પ્રગટે ત્યારે શકિતનું ભાન થયું કહેવાય. શુદ્ધદ્રવ્યમાં લક્ષ કરીને જ્યાં પર્યાય તેમાં લીન થઈ ત્યાં રાગનો એમાં અભાવ જ છે. આ રીતે ચિતિ-શકિતના પરિણમનમાં અનેકાન્ત સ્વયમેવ પ્રકાશે છે. આત્માના જ્ઞાનમાત્ર-ભાવરૂપ પરિણમનમાં આવી જીવત્વશકિત, ચિતિશકિત વગેરે અનંત શકિત એકસાથે પરિણમતી હોવાથી જ્ઞાનમાત્ર ભગવાન આત્મામાં સ્વયમેવ અનેકાન્ત પ્રકાશે છે.

અનેકાન્તપણે પ્રકાશતા આ આત્માની અનંત શકિતમાંથી પહેલી જીવત્વશકિત અને બીજી ચિતિશકિતનું વર્ણન કર્યું. હવે ચિતિશકિતમાં દર્શન અને જ્ઞાન બંને સમાયેલા છે; તે બંનેનુ જુદું જુદું વર્ણન ત્રીજી અને ચોથી શકિતમાં કરશે.

ચિતિશકિતનું વર્ણન પૂર્ણ.





અતીન્દ્રિય આત્માની ચિતિશક્તિના બળે
જ્ઞાનચેતના પ્રગટાવનાર સન્તોને નમસ્કાર
તે સંતો અમારી આત્મચેતના જાગૃત કરો





[૩]

દશિ શક્તિ

[अनाकारोपयोगमयी दृशिशक्तिः ।]

卐

[illegible]

આચાર્યદેવે જેને જ્ઞાનમાત્ર કહીને ઓળખાવ્યો છે એવા આ આત્મામાં અનંત શક્તિઓ એકસાથે પરિણમી રહી છે તેથી તેને અનેકાન્તપણું છે. જ્ઞાનમાત્રભાવમાં જે અનંત શક્તિઓ છે તેમાંથી આચાર્યદેવે અહીં ૪૭ શક્તિનું અલૌકિક વર્ણન કર્યું છે. તેમાં જીવત્વ અને ચિતિશક્તિનું વર્ણન કર્યું; હવે ત્રીજી દૃશિશક્તિ છે. અહીં ભાષાથી વર્ણવવામાં ક્રમ પડે છે પણ કાંઈ ગુણોમાં કે તેમના પરિણમનમાં ક્રમ નથી; અનંત ગુણો બધા એકસાથે રહેલા છે ને બધાનું પરિણમન એકસાથે જ છે. એક શક્તિ પહેલાં પરિણમે ને બીજી શક્તિ પછી પરિણમે એવો ક્રમ નથી. શક્તિઓમાં ક્રમ ન હોય, પર્યાયોમાં ક્રમ હોય; શક્તિઓ સહભાવી છે, પર્યાયો ક્રમભાવી છે.–આવી અનેકાન્તમય વસ્તુ છે.

અનેકાન્તવાદ વસ્તુમાં જે ધર્મો છે તે જ બતાવે છે, કાંઈ નવી કલ્પના કરીને કહેતો નથી. કેવળજ્ઞાનથી ભગવાને જેવું વસ્તુસ્વરૂપ જાણ્યું તેવું જ કહ્યું, પણ ભગવાને કાંઈ વસ્તુસ્વરૂપને બનાવ્યું નથી: વસ્તુ તો સ્વયંસિદ્ધ સત્ છે, તે સત્ જેમ છે તેમ જાણીને જિનવાણીએ અને વીતરાગી સંતોએ પ્રસિદ્ધ કર્યું છે. પોતાના આત્મામાં જે શક્તિ હતી તે ખોલીને પર્યાયમાં પ્રસિદ્ધ કરી, ને વાણી વડે જગતને તે બતાવી. સ્વસન્મુખ થતાં સાધકને એક સાથે અનંતગુણોમાં નિર્મળપરિણમન શરૂ થાય છે; આથી શ્રીમદ્રાજચંદ્રજીએ 'સર્વગુણાંશ તે સમ્યકત્વ' એમ કહ્યું છે.

ત્રીજી દૃશિશક્તિ છે; તે અનાકાર ઉપયોગરૂપ છે; દર્શનક્રિયારૂપ આ શક્તિનું પૂર્ણ કાર્ય સર્વદર્શિત્વ છે તેનું વર્ણન આગળ નવમી શક્તિમાં કરશે. એકલા પરલક્ષે કામ કરે તે દર્શન નહિ પણ સ્વલક્ષે આત્માને પકડવાનું જે દર્શન થાય તે જ ખરો દર્શનઉપયોગ છે.

ઉપયોગ કોનો? આત્મદ્રવ્યનો; તેનામાં સમસ્ત સત્તાને દેખવાની તાકાત છે. આવો આત્મા સમજીને પામવા જેવું છે; બાકી તો સંસારમાં બધું અસાર છે. ભાઈ, તારી પ્રભુતા જુદી જાતની છે; તને તારા સ્વરૂપની ખબર વગર ધર્મ કેમ થાય? માટે તારી શક્તિના વર્ણન વડે તારું સ્વરૂપ તને ઓળખાવીએ છીએ.

જે શક્તિવાનની આ શક્તિઓ છે તે શક્તિવાન ઉપર દૃષ્ટિ કરતાં શક્તિ પોતે કારણ થઈને નિર્મળ કાર્યરૂપ પરિણમે છે એટલે સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન

વગેરે પ્રગટે છે. આમાં કારણ-કાર્ય એક સમયમાં ભેગાં છે. આવું શક્તિનું નિર્મળ કાર્ય પ્રગટ કરે ત્યારે તે શક્તિવાળા આત્માને ખરેખર જાણ્યો કહેવાય; નહિતર તો શક્તિને જાણવાનું ફળ શું? શક્તિવાન એવા દ્રવ્ય-સ્વભાવની દૃષ્ટિથી જ તેની શક્તિનું ખરું જ્ઞાન થાય છે ને તેનું નિર્મળ કાર્ય પ્રગટે છે. ગુણ ગુણીનો છે; ગુણીને જાણ્યા વગર તેનો ગુણ ક્યાંથી જણાય? ભાષા અને વિકલ્પના પ્રવાહથી જુદો જે ચૈતન્યપ્રવાહ ચાલી રહ્યો છે તે જ જીવનું ખરૂં પરિણમન છે. આને બદલે ભાષાને તથા વિકારને. એટલે અજીવને તથા આસ્રવને જે પોતાનું પરિણમન માને છે તે સાચા જીવતત્ત્વને જાણતો નથી. જેમ પાણીના પૂરના કાંઠે ઊભેલો ગાંડો માણસ આ મારું પાણી હાલ્યું જાય છે–એમ માને છે, તેમ જગતના પદાર્થોમાં પરિણમનનું પૂર ચાલ્યું જાય છે ત્યાં મૂઢ જીવ તેને પોતાનું માને છે. પણ ભાઈ. જગતના પ્રવાહથી જુદું તારું ચૈતન્યપૂર તારા અંતરમાં ચાલી રહ્યું છે તેને તો દેખ.

જીવ જ્યાં પોતાના સ્વભાવને જાણે ત્યાં તો અંદરથી કેવળજ્ઞાનના ભણકાર વાગે કે હવે મારા આ સ્વભાવમાંથી થોડા કાળમાં હું કેવળજ્ઞાન લઈશ. ભગવાનની દિવ્યવાણી આવા સ્વભાવને પ્રસિદ્ધ કરે છે. ભગવાનને કાંઈ ઇચ્છા કે વિકલ્પ નથી, તેમજ ભાષાના તે કર્તા નથી પણ ભવ્ય જીવોના ભાગ્યોદયથી તેવી વાણી સહજ પ્રગટે છે, ને અરિહંતદેવમાં પણ તે જ પ્રકારના વચનયોગની યોગ્યતા છે. તે વાણી અનંતગુણસંપન્ન આત્માને પ્રસિદ્ધ કરે છે, તેનું આ વર્ણન છે. અહીં ગુણભેદથી કથન છે પણ કાંઈ ગુણભેદ નથી બતાવવા. અનંત ગુણસ્વરૂપ આખો આત્મા બતાવવો છે.

સ્વસત્તા સહિત મહાસત્તાને દેખનારી દશિશક્તિ છે; આ શક્તિ પોતાના વિષયને સામાન્યપણે એટલે કે અનાકારપણે ગ્રહણ કરે છે. પણ જે દર્શન આત્માને મૂકીને બીજા બધાની સત્તાને દેખે તેને દર્શનશક્તિનું ખરૂં કાર્ય કહેતા નથી. આત્મા સહિત સર્વ પદાર્થોની સત્તાને જે દેખે તે જ દર્શનશક્તિનું ખરૂં કાર્ય છે. દ્રવ્ય-ગુણમાં રહેલી દર્શનશક્તિ પર્યાયમાં ખરેખર ક્યારે પરિણમે?–કે જ્યારે અખંડ ઉપયોગથી સ્વને જોઈ ત્યારે. એકલા પરને જાણતાં પહેલાં અજ્ઞાનીને તેનું જે સામાન્યદર્શન તે તે 'પર સમય' છે; સ્વને જાણતાં પહેલાં દર્શનઉપયોગને ભેદે તે 'સ્વ સમય' છે. ત્યાં દર્શનગુણ નિર્મળ પરિણમીને દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં વ્યાપે છે

ને તે આત્મા છે. આવા આત્માને જાણે ત્યારે આત્માને જાણ્યો કહેવાય ત્યારે આત્મા પ્રસિદ્ધ થાય.

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કેમ થાય? કે આવી અનંત શક્તિવાળો આત્મા છે તેને અનુભવતાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય છે. આત્માની શક્તિઓ પારિણામિકસ્વભાવે ત્રિકાળ છે; ને તેની સન્મુખતાથી તેનું જે નિર્મળ પરિણમન થાય તે ઉપશમાદિભાવરૂપ છે, ઉદયભાવનો તેમાં અભાવ છે.

જેમના અસંખ્યપ્રદેશે અનંત ચૈતન્યસૂર્ય ખીલ્યા એવા વીતરાગ પરમેશ્વરે આત્માનું સ્વરૂપ કેવું જાણ્યું છે તેની આ વાત છે. વીતરાગમાર્ગી સન્તોએ પોતાના અનુભવમાં લઈને એ વાત પ્રસિદ્ધ કરી છે. હિત કરવા માટે પોતાનું દ્રવ્ય કેવું? ગુણ કેવા? ને તેના આશ્રયે પર્યાય પ્રગટે છે તે કેવી છે-તે જાણવું જોઈએ.

આત્મામાં એક ઉપયોગસ્વભાવ છે,-તેમાં દર્શન ને જ્ઞાન સમાય છે. શુદ્ધ ચૈતન્યનું અંતરદર્શન થતાં અનંત ધર્મવાળો આખો આત્મા પ્રતીતમાં આવે છે, આવા ઉપયોગધર્મમાં શુભાશુભ ઉપયોગનો અભાવ છે; કેમકે અહીં તો આત્માના સ્વભાવધર્મોનું વર્ણન છે. જે શુભાશુભ પરિણામમાં જોડાયેલો અશુદ્ધ ઉપયોગ છે તે કાંઈ ધર્મ નથી. આત્માનો ઉપયોગધર્મ તે શુભાશુભનો અકર્તા છે.

આત્મામાં દર્શનશક્તિ તો અનાદિની છે, પણ અનાદિથી પરસન્મુખ વેપારને કારણે તેનું વાસ્તવિક પરિણમન ખીલતું નથી; જે દર્શન સ્વસન્મુખ થઈને પરિણમે તે જ વાસ્તવિક દર્શન છે. સર્વદર્શિત્વને પણ 'આત્મ-દર્શનમય' કહેશે, એટલે કે આત્મસન્મુખ દર્શનવડે સર્વદર્શિત્વ પ્રગટે છે. એક દર્શનગુણની સામે જોવાની આ વાત નથી પણ દર્શનગુણનો ધારક જે આત્મસ્વભાવ છે તેની સન્મુખ દૃષ્ટિ અને એકાગ્રતા તે મોક્ષમાર્ગ છે.

આત્માના અનંતગુણોની જેમ આ દર્શનગુણમાં પણ પોતાના છએ કારકો સ્વાધીન છે. જે શુદ્ધ દર્શનઉપયોગ પ્રગટ્યો તે દર્શનશક્તિને જ સાધન બનાવીને તેના અવલંબને જ પ્રગટ્યો છે, તેમાં કોઈ ઇન્દ્રિયોનું કે રાગાદિનું અવલંબન નથી. નિમિત્તનો કે વિકલ્પનો આશ્રય કરીને જે ઉપયોગ કામ કરે તે આત્માનો ખરો ઉપયોગ નહિ. પરના અવલંબન વગરનો ઉપયોગ

તે જ આત્માની શક્તિનું ખરું કાર્ય છે. ઉપયોગને તો 'ચૈતન્ય-અનુવિધાયી' કહ્યો છે એટલે કે તે ચૈતન્યને અનુસરનારો છે, રાગને કે પરને અનુસરે તેને ખરેખર જીવનો ઉપયોગ કહેતા નથી. શક્તિની સાથે એકતા કરીને પરિણમે તે પરિણામને જ શક્તિનું કાર્ય કહેવાય; રાગ સાથે એકતા કરીને પરિણમે તેને શક્તિનું કાર્ય કહેવાય નહિ.

વાહ, જુઓ! સ્વાશ્રિત પરિણતિરૂપ નિશ્ચયમાં પરાશ્રિતપણારૂપ વ્યવહારનો અભાવ છે. દર્શનના સ્વાશ્રિતભાવમાં પોતાના છએ કારકો સ્વતંત્ર છે, પરથી નિરપેક્ષ છે; રાગ તેનું સાધન નથી; શક્તિમાં જે ભર્યું છે તે રાગના અવલંબન વગર પોતાના જ અવલંબને પ્રગટે છે. એટલે ગુણની દશા પ્રગટવા સ્વસન્મુખ થવાનું જ રહ્યું, પર સામે જોવાનું ન રહ્યું. શક્તિ તે ધ્રુવ ને તેના અવલંબને નિર્મળ પર્યાયનો ઉત્પાદ થયો.–આમ ત્રિકાળીપણું ને ક્ષણિકપણું બંને પોતાના ઉપાદાનમાં સમાય છે. ધ્રુવપણું ને ક્ષણિકપણું બંને ધર્મો અનેકાન્તમાં આવી જાય છે. આવું જૈનધર્મનું વસ્તુસ્વરૂપ છે. આવું વસ્તુસ્વરૂપ જાણે તેને જૈન કહેવાય. પોતાના ધર્મો કે પર્યાયો પરથી થવાનું જે માને તે જૈનધર્મના વસ્તુસ્વરૂપને જાણતો નથી.

અનંતધર્માત્મક વસ્તુ છે, ને ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ છે. ધ્રુવરૂપ અનંત ગુણો એકસાથે અક્રમે છે, ને દરેક ગુણમાં ઉત્પાદ-વ્યયરૂપ પર્યાય ક્રમેક્રમે થાય છે. સ્વભાવનો આશ્રય થતાં આત્મામાં મોક્ષમાર્ગની નિર્મળ પર્યાયનો ક્રમ વર્તે છે. આત્માની એકેક શક્તિ પોતાના દ્રવ્ય-ગુણ ને નિર્મળપર્યાય ત્રણેમાં વિસ્તરેલી છે. પણ વિકારમાં તેનો વિસ્તાર નથી. આત્મશક્તિની અદ્ભુત વાત આ સમયસારમાં છે; ને તેમાંય આ ૪૭ આત્મશક્તિ વર્ણવીને તો આચાર્યદેવે કમાલ કરી છે. 'અહો, આવી મારી ચીજ! તેને મેં કદી ન ઓળખી' એમ જો આત્માનો સાચો પ્રેમ આવે તો તેની ઓળખાણ કર્યા વગર રહે નહિ. અનંતકાળના જન્મ-મરણના દુઃખની ગાંઠ આત્માની સમજણ વગર તૂટે નહિ.

આત્માની દર્શનશક્તિની સ્વાશ્રિત પરિણતિમાં ચક્ષુદર્શન વગેરે ક્ષયોપશમભાવે છે ને કેવળદર્શન ક્ષાયિકભાવે છે. તેમાં ઉદયભાવ નથી; રાગાદિ ઉદયભાવનો પણ તેમાં અભાવ છે. ને દર્શનાવરણ વગેરે ઉદયભાવ કર્મનો હોય તોપણ નિશ્ચયભાવમાં તેનો અભાવ છે. જેનો અભાવ છે તે સાધન કઈ રીતે થાય?

આ દર્શનઉપયોગનું સ્વરૂપ જરાક સૂક્ષ્મ છે. ભગવાનના દર્શન કર્યા તે કાંઈ દર્શનઉપયોગ નથી, તે તો જ્ઞાન છે; પણ તેના પહેલાં અંદર એક દર્શનઉપયોગ પરિણમે છે. છદ્મસ્થને જ્ઞાન-દર્શનમાં આવો ક્રમ હોય છે, સર્વજ્ઞને તો દર્શન-જ્ઞાન બંને સાથે હોય છે.

'ચક્ષુદર્શન' કહ્યું છતાં તે કાંઈ ચક્ષુવડે થતું નથી. આંખથી જોયું કે આ ભગવાન છે-તે તો જ્ઞાન થઈ ગયું; ચક્ષુવડે થતું દર્શન તે ચક્ષુદર્શન એવો કાંઈ ચક્ષુદર્શનનો અર્થ નથી, પણ ચક્ષુના વિષયને જાણવા પહેલાં છદ્મસ્થનો જે ઉપયોગ તે ચક્ષુદર્શન છે. કોઈ કહે કે તમે શબ્દનો સીધો અર્થ કેમ નથી કરતા? ગળું મરડીને કેમ અર્થ કરો છો? તો ધવલટીકામાં વીરસેનસ્વામી કહે છે કે પ્રકરણઅનુસાર તે જ સીધો અર્થ છે, અભિપ્રાય-અનુસાર અર્થ કરવો તે જ સીધો અર્થ છે.

'આવા તીર્થંકરભગવાન છે, આવું સમવસરણ છે, હું સમવસરણમાં બેઠો છું ને પ્રભુની વાણી સાંભળું છું' એમ પૂર્વનો ભાસ થયો તે જ્ઞાન છે, સ્મૃતિનો એક પ્રકાર છે; તે કાંઈ દર્શનઉપયોગ નથી. દર્શનઉપયોગમાં આ પ્રકારની વિશેષતા નથી હોતી. દર્શનઉપયોગ કોઈ ભિન્ન કારકોની અપેક્ષા વગર સ્વસત્તાના અભિન્નકારકોથી પરિણમે છે. અહો, આવી સ્વસત્તા! એનો મહિમા કર, એને લક્ષમાં લે. એના આશ્રયે જ્ઞાનભાવ પ્રગટશે ને તે જ્ઞાનભાવની સાથે કેવળદર્શનપરિણતિ પણ ભેગી જ ઊછળશે. દશિશક્તિવાળા આત્માની દૃષ્ટિનું આ ફળ છે.

દશિશક્તિનું વર્ણન પૂરું.



દશિશક્તિસમ્પન્ન આત્માને દેખીદેખીને સર્વદર્શી બનું.



[૪]

જ્ઞાન શક્તિ

[साकारोपयोगमयी ज्ञानशक्तिः ।]

卐

[illegible]

જ્ઞાનમાત્ર આત્મામાં અનંત શક્તિનો જે વૈભવ છે તે સન્તો બતાવે છે. આત્મામાં એક જ્ઞાનશક્તિ છે તે સાકાર-ઉપયોગરૂપ છે. દર્શન ને જ્ઞાન બન્ને શક્તિ દરેક આત્મામાં એકસાથે છે. બંનેનુ પરિણમન પણ એકસાથે છે, પહેલાં-પછી નથી. પણ છદ્મસ્થને તેના ઉપયોગમાં ક્રમ પડે છે. કેવળીને બંને ઉપયોગ સાથે છે.

આત્માના જ્ઞાનમાં અચિંત્ય તાકાત છે, જગતના બધા દ્રવ્યો, તેના અનંત ગુણો, તેની ત્રણકાળની પર્યાયો, તેના અનંત અવિભાગપ્રતિચ્છેદો —એ બધાને સ્પષ્ટપણે જાણવાની જ્ઞાનોપયોગની તાકાત છે. જગતમાં અનંતા જીવો, એના કરતાં અનંતાનંતગુણા પુદ્ગલો, એના કરતાં અનંતગુણા ત્રણ-કાળના સમયો, એના કરતાં અનંતગુણા આકાશપ્રદેશો, આકાશ કરતા ય અનંતગુણા ધર્માસ્તિ-અધર્માસ્તિકાયના અગુરુલઘુગુણના અવિભાગપ્રતિચ્છેદો; તેના કરતાં પણ અનંતગુણા એક સૂક્ષ્મ લબ્ધિઅપર્યાપ્ત નિગોદજીવના નાનામાં નાના (લબ્ધ્યક્ષરરૂપ) જ્ઞાનના ઉઘાડના અવિભાગપ્રતિચ્છેદ અંશો; અને તેના કરતાં ય અનંતાનંતગુણાથી પણ જેનું માપ ન થઈ શકે એવી એક કેવળજ્ઞાનપર્યાયની તાકાત; એવી અનંતપર્યાયની તાકાતવાળો એક જ્ઞાનગુણ; ને એવા એવા અનંતા ગુણોનો અખંડ પિંડ એકેક આત્મા. —આત્માનો કેટલો વૈભવ! વાહ! સર્વજ્ઞપ્રભુના ભંડાર સન્તોએ ખુલ્લા મૂક્યા છે.

આવા બધા ભંગ-ભેદોને જાણવાની જ્ઞાનની તાકાત છે. અંદર સ્વાનુ-ભવમાં જે આનંદના તરંગ ઉલ્લસે તેને પણ જ્ઞાન જ જાણે છે. —આથી જ્ઞાન 'સાકાર' છે; સ્વ-પરના સમસ્ત આકારોને તે જાણે છે. આત્માને જ્ઞાનઅપેક્ષાએ 'સાકાર' કહેતાં તેમાં કાંઈ જડનો આકાર નથી કે રંગ-રૂપ નથી; પણ જ્ઞાનમાં સ્વ-પરને જાણવાની જે વિશેષ તાકાત છે તે અપેક્ષાએ 'સાકાર' કહેલ છે. આ સાકારપણું જ્ઞાનની તાકાતની અપેક્ષાએ કહ્યું; અને પ્રદેશની અપેક્ષાએ આત્માનો અસંખ્યપ્રદેશી અરૂપી આકાર છે, તે અપેક્ષાએ સાકાર-પણું છે; પણ મૂર્તપદાર્થની જેમ આંખથી દેખાય એવો આકાર (વર્ણાદિ) નથી તે-અપેક્ષાએ આત્મા નિરાકાર છે. આત્મદ્રવ્યનો જેવો અસંખ્યપ્રદેશી આકાર છે એવો જ તેના સર્વે ગુણોનો આકાર છે, કેમકે દ્રવ્યના ને ગુણના પ્રદેશો જરાય ભિન્ન નથી.

જુઓ, આમાં આકાર બાબત ત્રણ વાત થઈ—

(૧) આત્મા નિરંજન-નિરાકાર. (મૂર્તિક આકારના અભાવને લીધે.)

(૨) આત્મા સાકાર. (જ્ઞાન સ્વ-પરને, તેમજ સ્વાનુભવમાં આનંદ-તરંગને જાણી લ્યે છે તે અપેક્ષાએ.)

(૩) આત્મા સાકાર. (અરૂપી અસંખ્યપ્રદેશી-આકારવાળો છે તે અપેક્ષાએ.)

'આ તો જ્ઞાનીની ગંભીર વાતુ છે...જ્ઞાનની લીલા છે!'

સિદ્ધને પણ આકાર છે. આકાર વગરની જગતની કોઈ વસ્તુ હોતી નથી. અહીં તો જ્ઞાનનું સાકારપણું સ્વ-પરને જાણવાના સામર્થ્યની અપેક્ષાએ છે; ને જ્ઞાનમાં ઇન્દ્રિયોની અપેક્ષા નથી, રાગની અપેક્ષા નથી, ઇન્દ્રિયોનો ને રાગનો તે જ્ઞાનમાં અભાવ છે. સ્વસંવેદન વખતે જ્ઞાનમાં [illegible] આનંદ વિશેષતા છે: તે વખતના આનંદને પણ જ્ઞાન જ જાણે છે. [illegible] આત્મા પોતે પ્રત્યક્ષ થઈને પોતાની [illegible] તે જ જ્ઞાનનું ખરૂં પરિણમન છે: તે પરિણમનમાં [illegible] જ્ઞાનશક્તિ અને તેનું પરિણમન આત્મા સાથે [illegible] છે, [illegible] જુદા નથી.

આત્માને નેત્ર હોય? [illegible] અસંખ્યપ્રદેશી [illegible] થઈને [illegible] તે અસંખ્યપ્રદેશી [illegible] જ્ઞાન-આનંદ [illegible] જ્ઞાનની તાકાત એવી છે કે [illegible] તે અસંખ્યપ્રદેશી [illegible] પામી જાય છે. [illegible] કોઈ અચિંત્ય તાકાત જ્ઞાનમાં છે.

કોઈ કહે કે-સાધક [illegible] જ્ઞાન કેમ [illegible]

તો કહે છે કે [illegible]

શક્તિમાં તાકાત ભરી છે તે જ પરિણમીને પર્યાયમાં વ્યક્ત થાય છે. એ તાકાત ક્યાંય બહારથી નથી આવતી. આવી જ્ઞાનશક્તિવાળા આત્માની દૃષ્ટિ વગર એકલા પરલક્ષે શાસ્ત્ર ભણી જાય તો તેને 'જ્ઞાનપરિણતિ' કહેતા નથી, તેને 'જ્ઞાનચેતના' કહેતા નથી, જ્ઞાનચેતના તો અંદરમાં કામ કરે છે. જ્ઞાન સ્વાધીનપણે પોતાના જ છએ કારકોથી પરિણમી રહ્યું છે.

વાહ! આ તો હવે સમયસારની ટોચ (શિખર)ના કળશ છે. અરે, આવી ઊંચી વસ્તુ તારામાં, તે લેવાનું-અનુભવવાનું મન શું તને નથી થતું! અંતરમાં એનો પ્રેમ તો કર. તારી જ્ઞાનશક્તિ ત્રિકાળ પારિણામિક ભાવે તારામાં છે, તેના આશ્રયે જ્ઞાનનું જે સમ્યક્‌પરિણમન થયું તે યથાર્થ ક્ષયોપશમભાવરૂપ કે ક્ષાયિકભાવરૂપ છે. જ્ઞાનસ્વભાવના આશ્રય વગરના એકલા બહિર્મુખ ક્ષયોપશમને સાચો ક્ષયોપશમ કહેતા નથી, એને જ્ઞાન જ કહેતા નથી. 'જ્ઞાન' તો તેને કહેવાય કે જ્ઞાનસ્વભાવ સાથે જે સંધિ જોડે ને સર્વજ્ઞપદને પમાડે. જેમ દ્રવ્ય કદી અદ્રવ્ય થાય નહિ, ચેતન કદી અચેતન થાય નહિ, તેમ જ્ઞાનના આશ્રયે પ્રગટેલી પરિણતિ કદી અજ્ઞાનરૂપ થાય નહિ.

ભાઈ, તારી જ્ઞાનવસ્તુને લક્ષમાં તો લે. કર્મના રોદણાં બંધ કર; તારી જ્ઞાનવસ્તુમાં કર્મ છે જ નહિ.

જ્ઞાનનો ઉપયોગ સાકાર છે; આકારો એટલે વિશેષો; દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેને વિશેષો કહેવાય. આવા સમસ્ત વિશેષરૂપ આકારોને જાણવાની જ્ઞાનની તાકાત છે, તેનું ભાન કરતાં પર્યાયમાં તે પૂર્ણ પ્રગટે છે. તે પૂર્ણ તાકાત બતાવવા સર્વજ્ઞશક્તિ ખાસ જુદી (દશમી) વર્ણવશે.

કોઈ કહે કે ઇન્દ્રિયોથી જ્ઞાન થાય.

તો તેણે જ્ઞાનશક્તિને જાણી નથી. જો ઇન્દ્રિયોથી જ્ઞાન થતું હોય તો,

એક તો-ઇન્દ્રિયોનો અભાવ થતાં જ્ઞાનનોય અભાવ થઈ જાય, એટલે આત્માનો અભાવ થઈ જાય;

બીજું-ઇન્દ્રિયથી જ્ઞાન થતું હોય તો અતીન્દ્રિયજ્ઞાન (કેવળજ્ઞાનાદિ) સિદ્ધ જ ન થાય.

અને ત્રીજું-જો જ્ઞાનનું વિશેષકાર્ય ઇન્દ્રિયોએ કર્યું તો સામાન્યજ્ઞાને તે વખતે શું કર્યું? શું સામાન્ય વિશેષ વગરનું રહ્યું? તો તો તેનો અભાવ

જ થઈ જાય. સામાન્યપણે એકરૂપ ટકીને વસ્તુ સમયે સમયે વિશેષરૂપે પરિણમે છે. એવું સામાન્ય-વિશેષરૂપ વસ્તુસ્વરૂપ જ છે. વસ્તુનું વિશેષ પરિણમન પરથી થતું નથી. તારી જ્ઞાનપર્યાય (અર્થાત્ જ્ઞાનના વિશેષો) તારા અસ્તિત્વમાં છે, ઇન્દ્રિયના અસ્તિત્વમાં તે નથી. આવી સ્વાધીનજ્ઞાન-શક્તિવાળા આત્માને શ્રદ્ધા-જ્ઞાનમાં લેવો તે સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન છે.

'સમયસાર' એટલે શુદ્ધઆત્મા, તેની શક્તિઓનું આ વર્ણન છે. જેણે સુખ-સ્વતંત્રતા ને શાન્તિ જોઈતી હોય, દુઃખ-પરતંત્રતા ને અશાન્તિથી છૂટવું હોય, તેણે પોતાના સ્વભાવને જાણવો જોઈએ. કેમકે સુખ પોતાના સ્વભાવમાં છે. નિજસ્વભાવના મહિમા વગર પરની કિંમત માનીને તેમાં રત અને એકાકાર થયો છે તે દુઃખનું મૂળ છે. અનંતશક્તિસંપન્ન નિજસ્વભાવનો અચિંત્ય મહિમા છે તે જાણીને તેમાં રત થાય તો પોતામાંથી જ પોતાનું સુખ પ્રગટે. શરીર ઠીક હોય તો સુખ પ્રગટે (—પહેલું સુખ તે જાતે નર્યા) એમ નથી. સુખ તો આત્માની શક્તિમાં છે. શરીર એ કાંઈ આત્માની જાત નથી, તે કાંઈ સુખનો આધાર નથી.

સચ્ચિદાનંદસ્વરૂપ આત્મા અસંખ્ય સ્વપ્રદેશોમાં રહેલો છે તે જ આત્માનો સ્વદેશ છે; અસંખ્યપ્રદેશમાં અનંતગુણ, ને એકેક ગુણનું અનંત સામર્થ્ય—તેમાં ક્યાંય રાગ-દ્વેષનો પ્રવેશ નથી. અનંત ગુણ-સ્વભાવોથી ભરેલો અનેકાન્તસ્વરૂપ જ્ઞાનમાત્ર આત્મા છે, તે 'જ્ઞાનમાત્ર' કહેતાં રાગાદિનો અભાવ છે પણ સુખ વગેરે અનંત સ્વભાવનો અભાવ નથી, તે તો જ્ઞાનમાત્રભાવમાં સમાયેલા છે; તેનું આ વર્ણન છે.

ભાઈ, બહારની નવી ચીજ જોતાં તને 'આહા' એમ મહિમા આવી જાય છે. પણ ખરી મહાન વસ્તુ આત્મા, સર્વને જાણનારો [illegible] શક્તિનો પિંડ છે તેનો મહિમા અને ઉલ્લાસ કર. સ્વનો મહિમા આવે તો પરિણતિ સ્વાશ્રય તરફ ઝૂકે ને તે પરિણતિમાં અનંતગુણની નિર્મળતા ઊઘડે.—આનું નામ ધર્મ.

તુંને દુઃખ શેનું છે? કે [illegible]

પ્રગટે. પોતાની વસ્તુ સુખથી ભરેલી છે પણ પોતે પોતાની વસ્તુને દેખતો નથી તેથી સુખ થતુ નથી. શરીરાદિની પ્રતિકૂળતાનુ દુઃખ નથી પણ પોતાની પરાધીન વૃત્તિનુ જ દુઃખ છે. સુખના ભંડાર એવા નિજસ્વભાવ સામે જુએ તો સુખ પ્રગટે ને દુઃખ ટળે.

અનંત ગુણનો એક પિંડ આત્મા, તેમાં અદ્ભુત ચાન દરસ છે. અહા, આ તે ચૈતન્યની કેવી અદ્ભુત અજાયબી છે—કે જેના મહિમાનો પાર વિકલ્પ વડે પમાતો નથી. અદ્ભુત વૈભવવાળો આત્મા—જેની એક શક્તિ નિરાકાર ઉપયોગરૂપ, ને બીજી શક્તિ સાકાર ઉપયોગરૂપ. છતાં બંને શક્તિ આત્મામાં એકસાથે વર્તી રહી છે. જે આત્મા સાકાર ઉપયોગરૂપ, તે જ આત્મા નિરાકાર ઉપયોગરૂપ, એવો અદ્ભુત એનો વૈભવ છે. ભિન્ન ભિન્ન લક્ષણવાળા અનંતગુણો, છતાં એકપ્રદેશે અભેદપણે દ્રવ્યમાં ભેગા રહે.—એવી સ્વભાવની અદ્ભુતતા છે. એનો પાર અનુભવથી પમાય; રાગના વિકલ્પથી એનો પાર ન આવે. સ્વાનુભવમાં સર્વગુણ એકસાથે સમાય છે. આવા સ્વાનુભવ-જીવનથી સન્તો જીવે છે.

આત્માનુ જીવન એવું છે કે શરીર વગર ટકે, મન વગર ટકે, અન્ન વગર ટકે, પાણી વગર ટકે, વાણી વગર ટકે, ને રાગ વગર ટકે, પણ જીવત્વ-શક્તિ વગર ન ટકે, જ્ઞાનશક્તિ વગર ન ટકે; આત્મામાં જીવત્વશક્તિ, જ્ઞાન-શક્તિ અનાદિ અનંત છે, ચૈતન્યપ્રાણ એ જ આત્માનું જીવન છે. આત્માને બીજું કોઈ જીવાડે એવું તેનું પરાધીન જીવન નથી. પોતાના ચૈતન્યપ્રાણથી એનુ જીવન છે.

જુઓ, આ જીવન !

આવા સ્વાધીનજીવનમાં ફિકર કેવી ?

સ્વાનુભવી સન્તોએ ફિકરની ફાકી કરી નાંખી છે; સ્વાનુભવમાં કોઈ ચિન્તા છે જ નહિ.

આત્માનો દરેક ગુણ પોતાના સ્વભાવની યત્ના કરે છે તેથી તે યતિ છે; વિકારને પોતામાં આવવા દેતો નથી ને સ્વગુણની રક્ષા કરે છે. દરેક ગુણ પોતાની નિર્મળપર્યાયના વ્યાપારને કરે છે તેથી તે વૈશ્ય-વેપારી છે. સ્વભાવના વીર્યને સ્ફુરાવીને વિકારને હણવામાં શૂરવીર છે તેથી તે ક્ષત્રિય

છે. પોતે પોતાના સ્વભાવનું સેવન કરે છે તેથી તે સેવા કરનાર છે.–આમ એકેક શક્તિમાં ઘણા ભાવ ઊતરે છે. તથા દરેક શક્તિમાં પોતાનું કર્તૃત્વ. સાધન. આધાર વગેરે છ કારકો પણ ઊતરે છે. આમ અનંત સ્વભાવોના રસથી ભરેલો આત્મા છે. એક શક્તિ કાલે વર્ણવી. બીજી શક્તિ આજે વર્ણવાય. એમ વર્ણનમાં ક્રમ પડે પણ વસ્તુમાં કાંઈ શક્તિઓનો ક્રમ નથી. વસ્તુમાં તો એકસાથે બધી શક્તિ રહેલી છે.

અત્યારે જ્ઞાનશક્તિનું વર્ણન ચાલે છે. સ્વ–પરને જાણવાની તાકાત જ્ઞાનમાં છે. પરચીજ આત્મામાં નથી. પણ પરને જાણે એવી તાકાત આત્મામાં છે. બધાને જાણનાર એવું જે જ્ઞાન તે પોતે પોતાને [illegible] છે. પરમાં સુખ નથી, તેને જાણતાં [illegible] છે, માટે તેને જાણતાં–અનુભવતાં [illegible]. જ્ઞાનસ્વરૂપ ને સુખ સ્વરૂપ આત્મા તે સાર છે. [illegible] મંગલાચરણમાં 'નમઃ સમયસાર' ના અર્થમાં [illegible]

અહો, આ ચૈતન્યભગવાની [illegible] બારમાં પ્રદેશમાં જ અનંતગુણો [illegible] ભાવ છે ને [illegible] નથી [illegible] પોતાના ચૈતન્યનું [illegible] અનંતગુણની નિર્મળતાના [illegible] સુખ પણ તેના [illegible] પછી સુખશક્તિનું વર્ણન કરશે.

[illegible]


વાત ક્યાં રહી? અંદરમાં એક ગુણ બીજા ગુણના કાર્યને પણ ન કરે તો પછી બહારના કાર્યોની તો વાત જ કેવી? આત્માની શક્તિવડે પરનાં-જડનાં કે વિકારનાં કાર્ય થવાનું જે માને તે આત્માની શક્તિના ઘાતક છે.

જેમ કોઈને ભૂત વળગ્યું હોય તો તે કાઢવા માટે ભૂવો તેને ધૂણાવીને પૂછે છે કે બોલ, તુ કોણ છો? એમ પૂછતાં તે પોતાનું સ્વરૂપ પ્રગટ કરે છે. તેમ અજ્ઞાનીને દેહ હું, રાગ હું—એવા મિથ્યાત્વરૂપી ભૂત વળગ્યું છે: તે ભૂતને કાઢવા માટે આત્માની શક્તિના વર્ણનરૂપી ડાકલાં વગાડીને સન્તો તેને પૂછે કે અરે જીવ! તુ કોણ છો? શુ રાગ તું છો? શું એકેક શક્તિના ભેદ જેટલો તું છો? ના: તુ તો અનંત શક્તિનો એક પિંડ, સિદ્ધપરમાત્મા જેવો છો.-આમ નિજશક્તિને સંભાળતો જીવ મિથ્યાત્વને દૂર કરીને પોતાના સાચા સ્વરૂપને પ્રગટ કરે છે.

અહો, આવી ચૈતન્યસ્ૠદ્ધિ, આત્મશક્તિઓનું આવું અદ્ભુત વર્ણન, અત્યારે મહાભાગ્યે સાંભળવા મળે છે. કુંદકુંદાચાર્યદેવે સમયસારમાં જે ગંભીર રહસ્યો ભર્યા છે તેનું દોહન કરીને અમૃતચંદ્રાચાર્યદેવે આ શક્તિઓ વર્ણવી છે. પોતાના અંતરના અનુભવ ઉપરાંત વસ્તુનુ સ્વરૂપ બતાવવાની તેમની જ્ઞાનશક્તિ પણ અગાધ છે. અહો, જ્ઞાનની અચિંત્ય તાકાત! ઇન્દ્રિયનું જેમાં અવલંબન નથી, વિકલ્પનું જેને શરણ નથી; બે સમય ભેગા થઈને ત્રણકાળ-ત્રણલોકનું જ્ઞાન પૂરું થાય-એમ નહિ, પણ પ્રત્યેક સમયમાં ત્રણ-કાળ ત્રણ લોકનું પૂરું જ્ઞાન કરવાની અસાધારણ તાકાત જ્ઞાનમાં ભરી છે, વિશેષપણે (ભંગભેદ સહિત) ત્રણકાળ ત્રણલોકને જાણે છતાં તેમાં વિકલ્પ નથી એવી સાકારઉપયોગરૂપ જ્ઞાનશક્તિ છે. આવી જ્ઞાનશક્તિવાળા આત્માને દેખનાર જીવ સમ્યગ્દૃષ્ટિ છે.

જ્ઞાનશક્તિનું વર્ણન પૂર્ણ.


—卐—



[૫] સુખ શક્તિ

[अनाकुलत्वलक्षणा सुखशक्तिः]





અનેકાન્તસ્વરૂપ આત્મામાં જીવત્વ, ચિતિ, દર્શન અને જ્ઞાન પછી પાંચમી સુખશક્તિનું વર્ણન છે. અસંખ્યપ્રદેશી આત્મામાં સુખ નામની એક શક્તિ છે; તેનું લક્ષણ શું ?–કે અનાકુળતા તેનું લક્ષણ છે. આકુળતા તે દુઃખ છે, તેના અભાવરૂપ નિરાકુળ શાન્તિ તે સુખ છે. અનાકુળતાથી ભરેલો ભગવાન આત્મા તેના સર્વપ્રદેશોમાં સુખ ભરેલું છે. આવા નિજસુખને પરમાં શોધે તો આકુળતા ને દુઃખ થાય એટલે સંસારભ્રમણ થાય. હે જીવ! સુખ અંતરમાં છે, તે બહારમાં શોધ્યે મળે તેમ નથી. બહારમાં તો નથી ને વિકલ્પમાંય સુખ નથી. વિકલ્પમાં સુખને શોધનારો અર્થાત્ રાગને સુખનું સાધન માનનારો પરમાર્થે બાહ્યવિષયોમાં જ સુખ માને છે. પોતાના સુખસ્વભાવને તે જાણતો નથી.

ભાઈ, સુખ તો તારો સ્વભાવ; તું પોતે જ સુખસ્વભાવથી ભરેલો, તો તારા સુખને બાહ્યવિષયોની કે વિકલ્પોની અપેક્ષા કેમ હોય? પોતાના બેહદ સુખસ્વભાવને ભૂલીને અજ્ઞાની જીવ ભ્રાન્તિથી અનંતા પરદ્રવ્યોમાં (–ખાવામાં, શરીરમાં, સ્ત્રીમાં, હોદ્દામાં, લક્ષ્મી વગેરેમાં) સુખ માને છે, પણ પોતામાં ખરેખર સુખનો સમુદ્ર ભર્યો છે તે તેને ભાસતો નથી. ભાઈ, તારું સુખ તો તારામાં છે ને તે સુખનું સાધન પણ તારામાં છે. તારી સુખશક્તિ એ જ તારા સુખનું સાધન છે, બહારનું કોઈ સાધન નથી. પોતાના સુખને માટે બાહ્યસામગ્રી શોધવી તે તો વ્યગ્રતા છે, પરાધીનતા છે, દુઃખ છે.

સુખ તે આત્માનો ગુણ છે, પણ દુઃખ કાંઈ આત્માનો ગુણ નથી. જો દુઃખ મૂળસ્વભાવમાં હોય તો ટળી શકે નહિ. ને જો સુખ મૂળસ્વભાવમાં ન હોય તો મળી શકે નહિ. આમ પોતાના સુખસ્વભાવને જાણીને તેની સન્મુખ પરિણમતાં જે સુખ પ્રગટ્યું તેમાં દુઃખનો અભાવ છે. આવી દુઃખના અભાવરૂપ સુખદશા પ્રગટે ત્યારે આત્માના સુખસ્વભાવને જાણ્યો કહેવાય. સ્વાનુભૂતિમાં જે સુખનું વેદન થયું તે ઉપરથી ધર્મી જીવ જાણે છે કે મારો આખો આત્મા આવા પૂર્ણ સુખસ્વભાવથી ભરેલો છે.–આમ પર્યાયમાં પ્રસિદ્ધિ સહિત શક્તિની પ્રતીત સાચી થાય છે. શક્તિની પ્રતીત કરે ત્યાં તેનું ફળ પર્યાયમાં આવ્યા વિના રહે નહિ.

સાચું જ્ઞાન હોય ત્યાં સુખ પણ હોય જ; છતાં લક્ષણ બંનેના જુદા; જ્ઞાનનું લક્ષણ સ્વપરને જાણવું તે; સુખનું લક્ષણ અનાકુળતાને વેદવું તે.

આત્મામાં દૃષ્ટિ કરતાં તેના જ્ઞાન-સુખ વગેરે ગુણો વ્યક્તપણે પર્યાયમાં વ્યાપે, એટલે કે નિર્મળપણે પરિણમે. ત્યારે અનંતશક્તિવાળા આત્માને જાણ્યો-માન્યો-અનુભવ્યો કહેવાય.

જે શક્તિ હોય તેનું કંઈક કાર્ય હોવું જોઈએ ને! જેમ કે જ્ઞાનનુ કાર્ય શું? કે જાણવું; તેમ સુખશક્તિનુ કાર્ય શું? કે અનાકુળતાનુ વેદન કરવું તે સુખશક્તિનુ કાર્ય છે. સુખગુણના કાર્યમાં દુઃખ ન હોય. સુખથી ભરેલા અંતરસ્વભાવમાં દૃષ્ટિ કરતાં સુખ પ્રગટે છે, દુઃખ નથી પ્રગટતુ. આહા, આવા સુખસ્વભાવની પ્રતીત કરતાં જ તેમાંથી નિરાકુળ અચિંત્ય આનંદની કણિકા પ્રગટે છે. જેનો સ્વાદ સિદ્ધપ્રભુના સુખ જેવો જ છે. -આવુ સુખશક્તિનુ કાર્ય છે.

આવુ સુખ પ્રગટવા માટેના છએ કારકો [illegible]

પ્રશ્ન.—[illegible] બહારનાં સુખનાં [illegible] ને?

ઉત્તર.—ભાઈ, [illegible]

[illegible]

[illegible]

પરમ આનંદ પ્રગટે છે. છદ્મસ્થદશામાં જ્ઞાનીને જે આનંદ છે તે પણ અનંત ગુણના રસથી ભરેલો અનંત આનંદ છે; તો સર્વજ્ઞના મહા આનંદની શી વાત? પણ પોતાના આવા આનંદસ્વભાવને ભૂલીને પરની ચિન્તામાં જીવ વળગ્યો છે તેથી દુઃખી છે. સ્વભાવમાં જુએ તો એકલું સુખ, સુખ ને સુખ જ ભર્યું છે.

આત્મામાં જે સુખ ભર્યું છે તે પ્રગટ કરવાનો માર્ગ સમ્યગ્દર્શન છે. સુખનો માર્ગ શુભરાગમાં નથી, સુખનો માર્ગ તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. જે રાગમાં કે પુણ્યમાં સુખનો માર્ગ માને છે તેણે આત્માના સુખસ્વભાવને જાણ્યો નથી. પુણ્યના ફળરૂપ જે સુખ છે તે ઇન્દ્રિયજન્ય સુખ છે, તે કાંઈ સાચું સુખ નથી, પણ તે તો દુઃખ જ છે-એમ પ્રવચનસારમાં સિદ્ધ કર્યું છે. રાગ તો પોતે આકુળતા છે એના વડે ત્રણકાળમાં સુખ થાય નહિ. સુખગુણના પરિણમનમાં રાગનો કે આકુળતાનો અભાવ છે, એટલે કે ઉદયભાવનો અભાવ છે.

સુખશક્તિ પારિણામિકભાવે ત્રિકાળ છે; તેનું પરિણમન ક્ષાયિકાદિ ભાવરૂપ છે, આકુળતારૂપ ઉદયભાવનો તેમાં અભાવ છે, તે ખરેખર સુખગુણનું કાર્ય નથી. સુખગુણનું કાર્ય તો સુખરૂપ હોય, દુઃખરૂપ ન હોય. ઉદયભાવમાં સુખ નથી ને ઉદયભાવના ફળરૂપ બાહ્ય સંયોગ તેમાં પણ સુખ નથી. અરે, જડમાં તારું સુખ હોય? કદી ન હોય. જેનામાં પોતામાં સુખગુણ જ નથી તે તને સુખ ક્યાંથી આપશે? આત્મામાં જ આત્માનો આનંદ છે. પણ, મારામાં મારો આનંદ છે એવો તને તારો ભરોસો નથી એટલે બહારથી આનંદ લેવા માટે વ્યર્થ ઝાવાં નાંખે છે. જેમ ઝાંઝવાના જળથી તરસ કદી છીપે નહિ કેમકે ત્યાં પાણી જ નથી; તેમ વિષયો તરફના વલણથી કદી આકુળતા મટે નહિ કેમકે ત્યાં સુખ છે જ નહિ. ભાઈ, સુખનો દરિયો તો તારામાં છલોછલ ભર્યો છે તેમાં ડુબકી લગાવ તો તને તૃપ્તિ અનુભવાય, ને તારી આકુળતા મટી જાય. સુખ એટલે મોક્ષમાર્ગ, તે શુભરાગવડે થાય નહિ. અરે, સુખ તો સ્વાશ્રિતભાવમાં હોય કે પરાશ્રિતભાવમાં? પરાધીનતા સ્વપ્નેય સુખ નહિ. સ્વાધીનતા એટલે કે આત્મસ્વભાવનો આશ્રય તે જ સુખ છે.- એ સુખમાં અન્ય કોઈની જરૂર પડતી નથી.

પ્રભુ! તને આવો અવસર મળ્યો છે તો અંદરથી દરકાર કરીને આત્માને સમજ. નહિતર આ વખત ચાલ્યો જશે. મનુષ્યપણાનો વખત

તો બહુ થોડો છે. જુઓને, ચાર દિવસ પહેલાં તો એક ભાઈ અહીં સભામાં વ્યાખ્યાન સાંભળવા આવેલા, ને આજે તો તે હૃદય બંધ પડી જવાથી મુંબઈમાં ગુજરી ગયા—એવા સમાચાર સંભળાય છે.—આવું ક્ષણભંગુર જીવન છે. માટે તેમાં બીજું બધું ગૌણ કરીને આત્માના હિતનું સાધન કરી લેવા જેવું છે. આત્માનું હિત કરવામાં બહારનું કોઈ સાધન નથી. રોટલો, ઓટલો ને પોટલો હોય તો સુખી થઈશું—એમ લોકો માને છે; પણ ભાઈ! તારા આત્મામાં જ અસંખ્યપ્રદેશી ઓટલો, આનંદના અનુભવરૂપી રોટલો ને અનંતગુણનો પોટલો છે. આવા રોટલા, ઓટલા ને પોટલામાં તારું સુખ છે. પરંતુ હોવાપણું કાંઈ તારામાં આવતું નથી. પરને જાણતાં પોતાના ભિન્ન અસ્તિત્વને અજ્ઞાની ભૂલી જાય છે. સુખ વગેરે ગુણો આત્મામાં ત્રિકાળ છે, ને કાંઈ નવા કરવાના નથી, પણ તે ગુણની ઓળખાણ કરે તેને પર્યાયમાં સુખ વગેરે પ્રગટે છે—ને તેનું નામ 'આત્મપ્રસિદ્ધિ' છે.

જ્ઞાનમાત્ર આત્મામાં સુખગુણ ત્રિકાળી છે; [illegible] ગુણો પણ ભેગા જ છે. જ્ઞાન ગુણ [illegible] સુખગુણ છે તે જ્ઞાનગુણ નથી, [illegible] બધા ગુણો પોતપોતાના ભિન્ન ભિન્ન લક્ષણે [illegible] ગુણમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવતા [illegible] [illegible] [illegible] [illegible]

[illegible]

ભાઈ, સુખનું કારણ તો જ્ઞાન છે. સુખ આત્મામાં છે તેનું જ્ઞાન કર તો સુખ પ્રગટે. 'જ્ઞાન સમાન ન આન જગતમેં સુખકો કારન.' સમ્યગ્જ્ઞાન વડે આત્માને જાણતાં સુખ થાય છે. અહો, આ શક્તિના અલૌકિક વર્ણનમાં જ્ઞાનીનો અભિપ્રાય શું છે તે ઓળખે તો આત્માનો અનુભવ થયા વગર રહે નહિ. પોતે અંદર ઓળખે તો જ્ઞાનીનો ખરો આશય સમજાય; ને સમજણ ત્યાં સુખ હોય જ.

જેમ આત્મદ્રવ્ય પરની અપેક્ષા રાખતું નથી, તેમ તેની સુખશક્તિ પણ પરની અપેક્ષા રાખતી નથી અને તેની સુખપર્યાય પણ પરની અપેક્ષા રાખતી નથી. આ રીતે બધી શક્તિઓમાં દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણેનું પરથી નિરપેક્ષપણું સમજવું. આવી અનંતશક્તિના વૈભવથી ભરેલો આત્મા પોતે, તેની કાંઈ કિંમત અજ્ઞાનીને દેખાતી નથી, ને લાખો કે કરોડો રૂપિયા ભેગા થાય ત્યાં તો જાણે હું દુનિયામાં કેવો મોટો થઈ ગયો–એમ તેની કિંમત ભાસે છે! ભાઈ, એનાથી તારી કિંમત નથી. એનાથી તો અનેકગણા ઉત્તમ વૈભવ સ્વર્ગમાં તેં અનંતવાર મેળવ્યા, પણ તને સુખ કિંચિત્‌માત્ર ન મળ્યું. અને નિગોદના એક સૂક્ષ્મશરીરમાં અનંતા જીવો સમાઈ જાય–એવી દશામાં પણ અનંતકાળ તેં ગાળ્યો અત્યારે હવે આવું મનુષ્યપણું, આવો સત્સંગ પામ્યો છો તો તું આત્મતત્ત્વનું સ્વરૂપ સમજ, તારી અનંતશક્તિના શાશ્વત વૈભવને સંભાળ...કે જેમાંથી તને સાચું સુખ મળે.

ચૈતન્યના આનંદસાગરમાં ડોલતો આ ભગવાન આત્મા, તેના આનંદમાં આકુળતાની છાયા પણ નથી. એનો ભરોસો કરનાર સમ્યગ્દષ્ટિને પરમાં જરા-પણ સુખ ભાસતું નથી. ચક્રવર્તીના વૈભવ વચ્ચે પણ સમ્યગ્દષ્ટિ જાણે છે કે આ બાહ્યવૈભવમાં અમે નથી, ને અમારામાં તે નથી; તે વૈભવમાં અમારું સુખ નથી; જેમાં અમારું અસ્તિત્વ જ નહિ તેમાં અમારું સુખ કેમ હોય? અમારું સુખ તો અમારામાં, અમારા નિજવૈભવમાં જ છે. સ્વાનુભવથી અમારું અંતરનું સુખ અમે દેખ્યું છે, અમારા નિજવૈભવને અમે જાણ્યો છે. અરે, આ બાહ્યવૈભવમાં અમારું અસ્તિત્વ નથી. જ્યાં અમે છીએ ત્યાં અનંતું સુખ ભર્યું છે, અમારા અસ્તિત્વમાં આનંદના સાગરની છોળો ઊછળે છે. આ રાજ્ય પ્રત્યે કે સ્ત્રીઆદિ પ્રત્યે જરાક વલણ જાય છે એ તો બધા રાગનાં ચાળા છે; ઉદયભાવની ચેષ્ટારૂપ આ રાગ પણ ખરેખર અમે નથી તોપછી બહારના પદાર્થો તો અમારા ક્યાંથી હોય? તેમાં ક્યાંય અમને અમારું સુખ દેખાતું નથી.

'પણ સંયોગમાં ઊભેલા દેખાય છે ને?' તો કહે છે કે ભાઈ, તને એના અંતરની ખબર નથી; એની અંતરની દશાને તું ઓળખતો નથી. એની દૃષ્ટિ બધેયથી ઊઠી ગઈ છે ને એક આત્મામાં જ દૃષ્ટિ લાગી છે. દૃષ્ટિ જ્યાં લાગી છે ત્યાંથી તે ખસતી નથી; ને દૃષ્ટિ જ્યાંથી ખસી ગઈ ત્યાં હવે લાગતી નથી. અને, જેની જ્યાં દૃષ્ટિ છે ત્યાં જ ખરેખર તે ઊભા છે. જ્ઞાની સંયોગમાં ઊભા છે કે સ્વભાવમાં? તેની ખબર અજ્ઞાનીને પડે નહિ. જ્ઞાનીને સંયોગની રુચિ છૂટી ગઈ છે ને નિજસ્વભાવની રુચિ થઈ છે. તેથી ખરેખર તે સંયોગમાં નથી ઊભા, રાગમાં પણ નથી ઊભા, પોતાના સ્વભાવમાં જ ઊભા છે. જે રાગપરિણમન છે તે કાંઈ 'જ્ઞાની' નથી, તેના વડે 'જ્ઞાની' ઓળખાતા નથી; રાગ વગરની નિર્મળ પરિણતિમાં પરિણમતો આત્મા તે જ 'જ્ઞાની' છે. ને પરિણતિવડે જ 'જ્ઞાની' ઓળખાય છે. આ પ્રકારની જ્ઞાનીની ઓળખાણ [illegible] જીવને દુર્લભ છે. જ્ઞાનીની દર્શનશુદ્ધિમાં આત્માના આનંદનો જ આદર છે. એટલે તેને આનંદનું વેદન જ મુખ્ય છે. સંયોગનો [illegible] નથી. [illegible] આદર નથી એટલે દૃષ્ટિમાં તેના વેદનનો અભાવ છે.

અહો, સંયોગ અને રાગ વચ્ચે ઊભેલા [illegible] જુદું જ કામ કરે છે. તેનું વર્ણન કરતાં [illegible] —

चिन्मूरत—दृगधारी की मोहि रीति [illegible]
बाहर नारकीकृत दुःख भोगे [illegible]
रमत अनेक सुरनि संग पै तिस [illegible]
ज्ञान—विराग शक्ति तें विधि [illegible]
सदननिवासी तदपि [illegible]

[illegible]

સમયે સમયે નવો નવો આનંદ પરિણમે છે. તે આનંદ પરિણમીને આત્માના સર્વગુણોમાં વ્યાપે છે, એટલે સુખની અનુભૂતિમાં અનંતગુણનો રસ વેદાય છે. જેમ 'સર્વ ગુણાંશ તે સમ્યક્ત્વ' કહ્યું છે તેમ આમાં પણ સમજવું. અનંતગુણમાં વ્યાપક સુખ અનંતગુણના રસથી ભરેલું આનંદ છે.

દરેક શક્તિ પોતે કારણ, ને તેની જે નિર્મળ પર્યાય પ્રગટી તે તેનું કાર્ય; બીજું કારણ નહિ, બીજું કાર્ય નહિ; ને કારણ-કાર્ય વચ્ચે સમયભેદ નહિ. 'કારણને અનુસરીને થાય તેને કાર્ય કહેવાય';–એટલે, જેમકે સુખ-શક્તિ કારણરૂપ છે તેને અનુસરીને પર્યાયમાં તેવું સુખ પ્રગટે તે સુખશક્તિનું ખરું કાર્ય છે. જો આનંદ ન પ્રગટે ને પરાધીન થઈને આકુળતા પ્રગટે તો તેને આત્માના આનંદગુણનું કાર્ય કહેવાય નહિ. જેવો ગુણ છે તેવી જાતની પર્યાય પ્રગટ્યા વગર ગુણના ખરા સ્વરૂપની પ્રસિદ્ધિ થાય નહિ.

ગુણનું સાચું કાર્ય તેની સદૃશ જાતિનું હોય, વિરુદ્ધ ન હોય. જેમ સોનામાંથી જે દાગીનો બને તે સોનાનો હોય, લોઢાનો ન હોય; તેમ સુખ-ગુણનું કાર્ય સુખ હોય, સુખનું કાર્ય દુઃખ ન હોય. સુખગુણ જેવો ત્રિકાળ છે તેવું સુખ પર્યાયમાં પ્રગટે ત્યારે સુખસ્વભાવી આત્મા પ્રતીતમાં આવ્યો કહેવાય; ને ત્યારે 'આત્મપ્રસિદ્ધિ' થઈ કહેવાય.

અહો, વીતરાગમાર્ગમાં આ બહુ ઊંચી વસ્તુ છે...આત્માનો અચિન્ત્ય વૈભવ વીતરાગી સન્તોએ દેખાડ્યો છે. આત્મા અનંતગુણનું ધામ છે તેને અનુભવમાં પકડીને તેના જેવું સમ્યક્ કાર્ય પ્રગટે ત્યારે આત્માની સાચી શ્રદ્ધા ને ભેદજ્ઞાન થયું કહેવાય; ત્યારે આકુળતા વગરનું સાચું સુખ વેદાય, ને પરમાં સુખની મિથ્યાકલ્પના મટે.

પહેલા સૌધર્મસ્વર્ગના ઈન્દ્રને ૩૨ લાખ વિમાનોનો વૈભવ છે, બે સાગરોપમનું આયુષ્ય છે; ઈન્દ્રાણીનું આયુષ્ય થોડું છે, એટલે તે નવી નવી ઊપજે છે; ઈન્દ્રના બે સાગરના આયુમાં તો કોટિ-લક્ષ ઈન્દ્રાણી થઈ જાય. પણ એ ૩૨ લાખ વિમાનોમાં કે એ ઈન્દ્રાણીઓમાં ક્યાંય આત્માના સુખનો અંશ પણ નથી. ઈન્દ્ર એટલે સ્વામી, અથવા ઈન્દ્ર એટલે આત્મા; આત્મા પરનો સ્વામી નથી, આત્મા પોતાની સુખપરિણતિનો ખરો સ્વામી છે. અનંત ગુણ-પરિણતિનો સ્વામી આત્મા, તેમાં દૃષ્ટિ કરતાં પર્યાયમાં અતીન્દ્રિય આનંદની ઉત્પત્તિ થાય, તે આનંદપરિણતિ સહિત આત્મા શોભે છે. પરિણતિની સ્થિતિ

એકસમયની, પરિણતિરૂપી ઇન્દ્રાણી સમયે સમયે નવી નવી ઊપજે. ને આત્મારૂપી ઇન્દ્ર કાયમ ટકીને અતીન્દ્રિય આનંદપરિણતિનો ભોગવટો કરે. એકપરિણતિ જાય ને તત્ક્ષણ બીજી પરિણતિ થાય—એમ સદાકાળ આત્મા પોતાની સુખપરિણતિને અનુભવ્યા કરે છે. સ્વસન્મુખ પરિણતિ આનંદપુત્રને જન્મ આપે છે.

જુઓ, આ કેવળીપ્રણીત ધર્મનું સ્વરૂપ કહેવાય છે. આવા ધર્મને ઓળખીને તેનું જે શરણ લેશે તે ભવસાગરને તરશે. ઓળખ્યા વગર કોનું શરણ લેશે? ભગવાને એમ કહ્યું છે કે તારા આત્મામાં એક સુખશક્તિ છે. તેના શરણે તારું સુખ પ્રગટશે. બીજા કોઈના શરણે તારું સુખ નહિ પ્રગટે.

આત્મવસ્તુમાં ભિન્ન ભિન્ન લક્ષણવાળા અનંતધર્મો એકસાથે રહેલાં છે. નિત્યપણું ને અનિત્યપણું, સત્પણું ને અસત્પણું—એવા વિરુદ્ધ ધર્મો આત્મામાં એકસાથે રહેલા છે, એવી આત્માના સ્વભાવની અદ્ભુતતા છે. આવા આત્માના અનુભવનો રસ ને [illegible] અનુભવ વિકલ્પ વડે ન થાય. વિકલ્પવડે જાણવા [illegible] નથી; વિકલ્પથી પર એવા સ્વસંવેદનજ્ઞાનથી આત્મા જણાય છે. [illegible] જાણતાં પરમ સુખ પ્રગટે છે. વિકલ્પ વગર [illegible] એવી તાકાત આત્મામાં છે. ને એવા આત્માની અનુભૂતિ [illegible] છે. આત્મા પોતાના અનંત ગુણરૂપી [illegible] પરિણતિના આનંદને ભોગવે છે. [illegible] ગુણની રચના કરે છે. ઉપયોગના [illegible] કરીને અનંત ગુણોનો [illegible]

જુઓ ભાઈ, આ તો અંતરમાં [illegible]

[illegible]

જેમ આત્મામાં વીર્યશક્તિ છે તેમ પરમાણુ વગેરેમાં પણ ગતિવીર્ય એટલે કે ગમનશક્તિ વગેરે છે. એક રજકણ લોકના નીચેના છેડેથી ઠેઠ ઉપર ચૌદ રાજલોક એક સમયમાં ચાલ્યો જાય એવી તેની ગમનશક્તિ છે; જીવ એક સમયમાં ત્રણકાળ ત્રણલોકને (તેમ અલોકને) જાણી લ્યે એવી તેની તાકાત છે. નીચે સાતમી નરકના સ્થાનની નીચે રહેલો નિગોદનો જીવ ત્યાંથી ગતિ કરીને એક સમયમાં ઠેઠ ઉપર સિદ્ધલોકના સ્થાને પહોંચી જાય, તૈજસ-કાર્મણ શરીરના અનંતા રજકણો પણ ભેગા જાય,–છતાં બંનેની ગતિ સ્વતંત્ર છે. અહીં તો કહે છે કે આવી વિભાવગતિ તે પણ આત્માનું ખરું કાર્ય નહિ. જ્ઞાની પોતાના આત્મબળને દેહથી ને વિકારથી ભિન્ન જાણે છે.

નેમનાથ ભગવાન રાજકુમાર હતા તે વખતનો એક પ્રસંગ છે. મહારાજા શ્રીકૃષ્ણની રાજસભામાં એકવાર બળની વાત નીકળી કે આ સભામાં સૌથી બળવાન કોણ? કોઈ કહે ભીમ બળવાન, કોઈ કહે શ્રીકૃષ્ણ, કોઈ કહે બળભદ્ર–એમ ચર્ચા ચાલી; ચર્ચા ચાલતી હતી ત્યાં નેમકુમાર રાજસભામાં પધાર્યા, ને સૌએ સન્માન કર્યું. ત્યારે બળભદ્ર કહે છે કે બીજા બધા બળવાન ભલે હોય, પણ આ નેમકુમાર તીર્થંકર છે. એના બળની તોલે કોઈ ન આવે. સૌથી બળવાન હોય તો નેમકુમાર છે. નેમકુમારની આ પ્રશંસા શ્રીકૃષ્ણથી સહન ન થઈ; એને એમ કે હું જ સૌથી બળવાન છું. એટલે એ તો નેમકુમાર સાથે મલ્લકુસ્તી કરીને બળની પરીક્ષા કરવા તૈયાર થયા. પણ નેમકુમાર હસીને કહે છે કે બંધુ, તમે તો વડીલ–મોટાભાઈ છો. તમારી સાથે કુસ્તી ન હોય; છતાં પણ તમારે બળની પરીક્ષા કરવી હોયને, તો આ મારો પગ જરા ખસેડી દ્યો. શ્રીકૃષ્ણ તેને જરાય હલાવી પણ ન શકયા. ત્યારે નેમકુમાર કહે છે–બંધુવર, રહેવા દો, આ મારી ટચલી આંગળી સીધી છે તેને જરા વાંકી કરી દ્યો. શ્રીકૃષ્ણ તે આંગળી ઉપર ટીંગાઈ જાય છે તોપણ તે ટચલી આંગળીને જરાય વાંકી વાળી શકતા નથી.

હવે આ પ્રસંગ ઉપરથી આપણે તો અહીં એ કહેવું છે કે શ્રી નેમ-કુમારને શરીરબળનો આ પ્રકારનો સહેજ વિકલ્પ આવ્યો, પણ અંતરમાં તે ધર્માત્મા તે વખતે જ જાણે છે કે આ શરીરબળ તે હું નહિ, ને આ વિકલ્પ ઊઠયો તે પણ હું નહિ; હું તો ચૈતન્યની વીર્યશક્તિથી બળવાન છું. મારા આત્માનું બળ તો મારી નિર્મળ પર્યાયની રચના કરે, પણ કાંઈ બહારનાં

કામ તે ન કરે. જ્ઞાનમાં જ્ઞાનની રચનાનું બળ, આનંદમાં આનંદની રચનાનું બળ. શ્રદ્ધામાં સમ્યક્ત્વની રચનાનું બળ,-એમ બધા ગુણોમાં સ્વરૂપની રચનાનું બળ છે: એ બળની દાતાર કોણ? કે આત્માની વીર્યશક્તિ તેની દાતાર છે. વીર્યશક્તિ આખા આત્માના સ્વરૂપની નિર્મળપણે રચના કરે છે, આત્માના સર્વ ગુણોમાં તે શક્તિ વ્યાપેલી છે. પોતામાં આવા સ્વભાવસામર્થ્યનો અપાર વૈભવ ભર્યો હોવા છતાં તે નિજવૈભવને ભૂલીને અજ્ઞાની જીવ દીન-હીન-રંક થઈ રહ્યો છે ને પર પાસે ભીખ માંગી રહ્યો છે-કે તે કાંઈ મદદ કરે! અરે ભાઈ, તારા સ્વભાવમાં ક્યાં ઓછું સામર્થ્ય છે કે તારે બીજાની મદદ માંગવી પડે! તારા સ્વભાવને દૃષ્ટિમાં લે તો તને પરની મહત્તા ટળે ને સ્વભાવની મહત્તા પ્રગટે. તું એવો બળવાન છો કે તારી ટચલી આંગળીને પણ (એટલે કે તારી એક નાની પર્યાયને પણ) બીજો કોઈ હલાવી શકે એમ નથી. આવા તારા સ્વભાવસામર્થ્યને તુ સંભાળ.

અરે જીવ! તારુ સામર્થ્ય કેટલું! એક ક્ષણમાં કેવળજ્ઞાનની રચના કરે એવુ તારું સ્વવીર્ય! તેને તું લક્ષમાં તો લે. બહારના સંયોગથી તારી શોભા કે મહત્તા નથી. તારી શોભા ને મહત્તા તો તારા ગુણોથી ને તે ગુણોની નિર્મળપર્યાયોથી છે, – કે જેનાં ગુણગાન ભગવાનની દિવ્યધ્વનિ પણ કરે છે. તારા ગુણ-પર્યાયનુ અચિંત્ય સામર્થ્ય છે; તેનો મહિમા કરીને સ્વમાં રત થા તો તારું તે સામર્થ્ય ખીલી ઊઠે. જે પોતાની મહત્તા બીજા પાસેથી લેવા માંગે છે તે તો માંગણ છે.

જ્ઞાની જાણે છે કે મારો આત્મા પોતે જ પોતાની નિર્મળતાની રચના કરવાની તાકાતવાળો છે, તેને કોઈ પરની કે રાગની મદદ નથી. મારી શક્તિમાં ને તેના નિર્મળકાર્યમાં રાગનો ને પરનો તો અભાવ છે. મારી કોઈ શક્તિ એવી નથી કે રાગને રચે. જેનાથી તીર્થંકરપ્રકૃતિ બંધાય એવો ભાવ પણ મારી શક્તિવડે રચાયેલો નથી. મારી શક્તિ બંધભાવને કેમ રચે? મારી શક્તિ મને જ બાંધવાનું કાર્ય કેમ કરે? બંધભાવની રચના તે મારી શક્તિનું કાર્ય નથી. આત્માની શક્તિ તો નિર્મળતાને રચે કે વિકારને?

જે નિજસ્વરૂપની રચના કરે તેને જ આત્મવીર્ય કહેવાય. રાગ તે કાંઈ ખરેખર નિજસ્વરૂપ નથી. જ્યાં રાગની રચના પણ આત્માની વીર્યશક્તિનું

કાર્ય નથી, ત્યાં પરની રચના, મકાનની રચના, શરીરની રચના, પુસ્તક વગેરેની રચના, દેશની રચના—એ બધાની વાત તો ક્યાં રહી? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વગેરે નિર્મળ ભાવોની રચના તે આત્મવીર્યનું ખરું કામ છે.

તારી અનંતી તાકાત;
પણ તે તાકાત શું કામ કરે?
—કે પોતાના સ્વરૂપને રચે, પણ પરમાં કાંઈ ન કરે.

આત્મા સ્વશક્તિથી પોતામાં જ્ઞાનની—આનંદની—શાન્તિની—વીતરાગતાની—કેવળજ્ઞાનની ને સિદ્ધપદની રચના કરે; એમાં જ એની શોભા છે. આ સિવાય આનાથી વિરુદ્ધ બીજું કામ આત્માને સોંપે તો તેણે આત્માને જાણ્યો નથી. અરે, તારી વીર્યશક્તિના કાર્યની હદ કેટલી તેની પણ તને ખબર નથી. તારી શક્તિના સામર્થ્યની મર્યાદા એટલી કે પોતાની નિર્મળપર્યાયને રચે; તારી શક્તિ પરનાં કામ કરવા ન જાય. જો પરનાં કામ કરવા જાય તો તે શક્તિ તારી ન રહે પણ પરની થઈ જાય. પરનું કામ કરવાનું માને તેણે આત્માની શક્તિને જાણી નથી. વિકારમાં તન્મય થઈને વિકારકાર્યને કરે તે પણ આત્મશક્તિનું ખરું કાર્ય નથી. આત્મશક્તિ તો એવી છે કે જેના સેવનથી એક ક્ષણમાં તે કેવળજ્ઞાન આપે.

અહો, આત્માની શક્તિઓ અદ્ભુત છે, ઘણા ઊંડા ભાવો એમાં ભર્યા છે; એમાંથી તો ઘોલન કરી કરીને જેટલું કાઢીએ તેટલું નીકળે તેમ છે. આ શક્તિઓ વ્યાખ્યાનમાં ૧૪ મી વાર વંચાય છે; જેની સમજણના ફળમાં ૧૪ મું ગુણસ્થાન ને સિદ્ધપદ પમાય એવી આ વાત છે. ૧૪ બ્રહ્માંડનો સાર આમાં ભરેલો છે.

રાગ કરે તે આત્મા? ....ના.
કર્મને બાંધે તે આત્મા?. . ના.
ભાષા બોલે તે આત્મા?... ના.

રાગવાળો કર્મવાળો કે ભાષાવાળો આત્માને માને તેણે જ્ઞાન-દર્શન-આનંદ આદિ અનંતગુણવાળા આત્માને જાણ્યો નથી. રાગરૂપ ભાવકર્મ, કર્મરૂપ દ્રવ્યકર્મ કે ભાષાદિરૂપ નોકર્મ—એ બધાથી પાર, સમ્યક્ત્વાદિ નિર્મળકર્મને કરે એવો અનંતશક્તિસમ્પન્ન આત્મા છે. આવો આત્મા

જ્ઞાનમાત્રભાવ છે, તે જ્ઞાનમાત્રભાવ વિકારનો કર્તા નથી.—વિકારનો કર્તા કેમ નથી? કેમકે એવી કોઈ શક્તિ આત્મામાં નથી. શક્તિમાં જ જો વિકારનું કર્તૃત્વ હોય તો તે કદી છૂટી શકે નહિ. માટે વિકારને કરે તે સાચો આત્મા નહિ.

સાચો આત્મા કોને કહેવો?-કે સમ્યગ્દર્શનને, જ્ઞાનને, ચારિત્રને, આનંદને—એવી નિર્મળપર્યાયોને રચે તે સાચો આત્મા છે. સાચો આત્મા એટલે શુદ્ધનયનો આત્મા, ભૂતાર્થસ્વરૂપ આત્મા; આવા આત્માને જે ઓળખે તેણે આત્માને સમ્યક્‌પણે ઓળખ્યો કહેવાય. રાગવાળો આત્મા કે સંયોગવાળો આત્મા-એમ જે ઓળખે તેણે સાચા આત્માને નથી ઓળખ્યો; તેણે તો અભૂતાર્થ-આત્માને માન્યો છે, ને અભૂતાર્થ-આત્માની શ્રદ્ધાને ભગવાને સમ્યગ્દર્શન કહ્યું નથી. ભગવાને તો ભૂતાર્થસ્વભાવની શ્રદ્ધાને સમ્યગ્દર્શન કહ્યું છે. (भूयत्थमस्सिदो खलु सम्माइट्ठी हवइ जीवो)

આ આત્માની વીર્યશક્તિનું વર્ણન ચાલે છે. વીર્યશક્તિમાં આત્માના સ્વરૂપની રચનાનું સામર્થ્ય છે. પણ રાગાદિ ભાવો તો વિરૂપ છે—વિરુદ્ધરૂપ છે, તેને કાંઈ વીર્યશક્તિ રચતી નથી. અસંખ્યપ્રદેશી સ્વક્ષેત્રનું જે વીર્ય છે તે સ્વક્ષેત્રમાં નિર્મળભાવોને જ રચે છે; રાગાદિ પરભાવો ભલે એકક્ષેત્રે હોય પણ તેની રચના વીર્યશક્તિનું કાર્ય નથી. વીર્યશક્તિનું કાર્ય અને રાગ પરમાર્થે ભિન્નભિન્ન છે. નિર્મળતા અને રાગ બંને એક કેમ હોય?

અરે, કેવળજ્ઞાનને રચે એવા સામર્થ્યવાળી તારી વીર્યશક્તિને તેં રાગના કર્તૃત્વમાં ક્યાં વેડફી નાંખી? ભાઈ! વીર્યશક્તિ પાસે વિકારની રચના કરાવવી એ તો ચક્રવર્તી પાસેથી ઉકરડો સાફ કરાવવાનું કામ લેવા જેવું છે. આ ભગવાન ચૈતન્યચક્રવર્તી તો પોતાના અસંખ્યપ્રદેશમાં અનંત ગુણના નિર્મળ પરિણામની રચના કરનારો છે. તેની વીર્યશક્તિ સ્વરૂપમાં આત્માને ટકાવી રાખે છે. અસંખ્યપ્રદેશમાં અનંતગુણોને તે-તે ગુણસ્વરૂપે ટકાવી રાખે છે ને તેની નિર્મળપર્યાયોને સમયે સમયે રચે છે.-આમ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં વીર્યશક્તિનો રસ છે. આવી વીર્યશક્તિ સાથે તન્મય આત્મા છે. આવા આત્માને જાણે ને અનુભવે ત્યારે અનેકાન્તસ્વરૂપ આત્માને ઓળખ્યો કહેવાય, ને ત્યારે તેને 'આત્માની પ્રસિદ્ધિ' થઈ કહેવાય.

* * *

અનાદિકાળથી સંસારમાં રખડતો આત્મા પોતાની અનંત શક્તિના નિજવૈભવ ઉપર લક્ષ કરતો નથી; જો નિજવૈભવને લક્ષમાં લ્યે તો પરાધીનબુદ્ધિ મટે ને સ્વાશ્રય-પરિણમનથી નિર્મળપર્યાયરૂપ સંવર-નિર્જરા-મોક્ષ પ્રગટે ને આસ્રવ-બંધરૂપ સંસારપરિભ્રમણ મટે. આથી આત્માની શક્તિઓનું વર્ણન કરીને અચિન્ત્ય નિજવૈભવ આચાર્યદેવે દેખાડ્યો છે. જેણે આત્મશાંતિ પ્રગટ કરવી હોય તેણે જેમાં શાંતિ ને આનંદ ભરેલો છે એવા આત્માનું સ્વરૂપ જાણવું જોઈએ. દુઃખ કે અશાંતિનું કારણ દ્રવ્યસ્વભાવમાં નથી, એ તો અદ્ધરથી પરલક્ષે ઊભું કરેલું છે, ને સ્વદ્રવ્યનું લક્ષ કરતાં તેનો નાશ થઈને સુખ અને શાન્તિનું વેદન પ્રગટે છે.

જેમાં જે ભર્યું હોય તેમાંથી તે આવે; શક્તિમાં જે હોય તે પર્યાયમાં આવે. આત્માની શક્તિમાં તો સુખ ભર્યું છે, તેમાં કાંઈ દુઃખ નથી ભર્યું, એટલે તેના લક્ષે તો સુખ થાય છે ને દુઃખ ટળે છે. સ્વસન્મુખ થઈને પોતે પોતામાં આનંદ અને જ્ઞાનપણે જીવવું તે જીવનું સાચું જીવત્વ છે. આત્માના અંતરલક્ષે સાચું જીવન પ્રગટે છે.—પહેલી જીવત્વશક્તિમાં એનું વિવેચન કર્યું.

આત્મામાં ચેતનાસ્વભાવ છે; તે ચેતનસ્વભાવના આશ્રયે ચૈતન્યભાવ પ્રગટે છે ને તેનાથી વિરુદ્ધ એવા પરભાવો ટળે છે.—એનું વર્ણન બીજી ચિતિશક્તિમાં કર્યું.

સ્વને દેખવાનો અભાવ ને એકલા પરને દેખવાનો ભાવ, તે સંસાર છે; સ્વસન્મુખ થઈને દૃશીશક્તિથી ભરેલા આત્માને દેખતાં સંસાર ટળે છે. એ વાત ત્રીજી દૃશીશક્તિમાં બતાવી.

જ્ઞાન પરસન્મુખ જ રહીને એકલા પરને જાણવામાં રોકાતું તે મિથ્યાજ્ઞાન સંસારનું કારણ હતું. ઉપયોગને અંતરમાં વાળીને સ્વસંવેદનથી સ્વને જાણતાં સમ્યગ્જ્ઞાન થયું, તે મોક્ષનું કારણ છે. એ વાત ચોથી જ્ઞાનશક્તિમાં બતાવી.

એવા જ્ઞાનની સાથે આનંદ પણ પ્રગટે છે.—એ વાત પાંચમી સુખશક્તિમાં બતાવી. આનંદનો સમુદ્ર આત્મા તેને ધ્યેય કરતાં પર્યાયમાં આનંદ પ્રગટે છે.

એ રીતે પાંચશક્તિનું નિર્મળકાર્ય બતાવ્યું; આ છઠ્ઠી વીર્યશક્તિના કાર્યનું વર્ણન ચાલે છે. આત્મામાં તો અનંતી શક્તિઓ પોતપોતાના નિર્મળકાર્યપણે એકસાથે જ પરિણમી રહી છે, પણ વાણીમાં એ બધાનું કથન આવી ન શકે, વાણીમાં તો અમુક જ શક્તિઓનું વર્ણન ક્રમેક્રમે આવી શકે. છતાં થોડા વર્ણનમાં-આચાર્યભગવાને ઘણા ગંભીરભાવો ભરી દીધા છે.

આત્મામાં એવી તાકાત છે કે પોતે જ પોતાના સામર્થ્યથી, પોતાના સ્વતંત્ર છ કારકોથી, બીજાની મદદ વગર પોતાના અનંત ગુણોની નિર્મળ પર્યાયોને રચે છે. પર્યાય ક્રમબદ્ધ થાય છે અને છતાં તેમાં વીર્યશક્તિ પણ ભેગી કાર્ય કરે છે. જેમ જ્ઞાન વગર આત્માની એકે પર્યાય હોતી નથી, તેમ વીર્યશક્તિ વગર પણ આત્માની એકેય પર્યાય હોતી નથી. જ્ઞાન, આનંદ, શ્રદ્ધા વગેરેની જેમ વીર્યશક્તિનું પરિણમન પણ ભેગું જ છે. વીર્યશક્તિ કોની? કે આત્મદ્રવ્યની. એવા અનંતગુણોથી એકાકાર આત્મદ્રવ્યને દૃષ્ટિમાં લેતાં અનંત ગુણોનું નિર્મળ પરિણમન પ્રગટે છે. તે નિર્મળ પર્યાયોને આત્મા પોતાની સ્વાધીન તાકાતથી જ રચે છે.

'બળ' નામની વનસ્પતીનો એક વેલો થાય છે કે જે ખાવાથી બળ વધે.-એ તો બહારની વાત; અહીં આત્માની અંદરમાં વીર્યશક્તિરૂપ બળનું એવું ઝાડ છે કે જેના સેવનથી કેવળજ્ઞાનની રચના કરવાનું બળ મળે.

આકાશક્ષેત્રના અસ્તિત્વનો ક્યાંય અંત નથી, તે તેનું ક્ષેત્રવીર્ય છે. અચેતનમાં આવી અમર્યાદિત તાકાત, તો ચેતનના સામર્થ્યની શી વાત? જેનો ક્યાંય પાર નથી એવું અનંતઆકાશ તેને પણ જ્ઞાન પોતાની દિવ્ય તાકાતથી જાણી લ્યે છે. આ જ્ઞાનની તાકાત તે જ્ઞાનવીર્ય, એ રીતે શ્રદ્ધાવીર્ય, આનંદવીર્ય,-એમ અનંતગુણનો રસ વીર્યશક્તિમાં સમાય છે. આત્મામાં એવી શક્તિ છે કે સર્વગુણોની શુદ્ધ અવસ્થાને નીપજાવે. રાગાદિ ઉદયભાવને રચે તે કાંઈ આત્મશક્તિનું સાચું કાર્ય નથી; જોકે તેમાં પણ જીવનું જ ઊંધું વીર્ય છે, પણ શુદ્ધદૃષ્ટિમાં તે જીવનું કાર્ય નથી. આત્માની વીર્યશક્તિનું સાચું કાર્ય તો શ્રદ્ધા-જ્ઞાન-આનંદની રચના કરવી તે છે. આવું કાર્ય પ્રગટ કરીને પરિણમે ત્યારે જ વીર્યશક્તિવાળા આત્માને જાણ્યો કહેવાય. 'કાર્ય' થયા વગર 'કારણ'નું જ્ઞાન સાચું ન કહેવાય, એટલે નિર્મળપર્યાય પ્રગટ્યા વગર ગુણની સાચી ઓળખ થાય નહિ. કારણનું સાચું જ્ઞાન થતાં તેને અનુસરીને

નિર્મળ કાર્ય જરૂર પ્રગટે. વિકારનો નાશ કરે ને નિર્મળતાને રચે તે વીર્ય-ગુણનું કાર્ય છે.

ક્રમબદ્ધ પર્યાય છે માટે વીર્યશક્તિ અકાર્યકારી છે—એમ નથી, ક્રમ-બદ્ધપર્યાયમાં વીર્યશક્તિ પણ ભેગી પોતાનું કાર્ય કરે જ છે. જુઓ, આત્મા એકલી ક્રમપર્યાયવાળો જ નથી, સાથે અક્રમરૂપ અનંત ગુણો પણ છે; આવા ક્રમ–અક્રમ સ્વભાવના પિંડરૂપ આત્માને દૃષ્ટિમાં લેતાં પર્યાયનું ક્રમવર્તીપણું ને ગુણોનું અક્રમવર્તીપણું યથાર્થ જણાય છે. એના વગર કોઈ ગુણની કે પર્યાયની વાત યથાર્થ હોય નહિ. પરભાવનું અકર્તાપણું હોવા છતાં આત્મા સ્વવીર્યવડે પોતાના સ્વરૂપની રચના પણ કરે છે.

સ્વકાળે મોક્ષ થાય અને છતાં તેમાં વીર્યગુણ પણ કાર્યકારી છે એવો મેળ છે; કેમ કે મોક્ષનો સ્વકાળ કાંઈ વીર્યગુણની નિર્મળપર્યાય વગરનો નથી. મોક્ષના સ્વકાળમાં અનંત ગુણોની નિર્મળપર્યાયો ભેગી જ કામ કરે છે, ને તે બધા ગુણોની નિર્મળપર્યાયો ભેગી થઈને મોક્ષને સાધે છે. એટલે અનંત ગુણસંપન્ન એવા શુદ્ધસ્વભાવને દૃષ્ટિમાં લીધા વગર મોક્ષનો 'સ્વકાળ' વગેરેનો સાચો નિર્ણય થતો નથી. શાસ્ત્રોમાં સ્વકાળનું વર્ણન હોય કે વીર્ય-ગુણના કાર્યનું વર્ણન હોય, તેમાં ક્યાંય એકબીજાથી વિરુદ્ધતા નથી.

એક સમયમાં અનંત ગુણો ને તેની અનંત પર્યાયો–એ બધું એક આત્મદ્રવ્યમાં સમાય છે; ને આવા દ્રવ્યસન્મુખ દૃષ્ટિ કરતાં મોક્ષ તરફ પરિણમન શરૂ થાય છે. અહો, સર્વજ્ઞની સર્વજ્ઞતાના સામર્થ્યને જે ઓળખતો નથી તે ક્રમબદ્ધપર્યાયને પણ સમજી શકતો નથી. સર્વજ્ઞસ્વભાવની જેને ઓળખાણ નથી તેને તત્ત્વમાં બધે ઠેકાણે વાંધા જ ઊઠે છે. કેમકે ધર્મનું મૂળ તો સર્વજ્ઞ છે, ને તે મૂળમાં જ એને વાંધા છે. એને આત્મવીર્યનું સાચું કાર્ય પ્રગટે નહિ.

અહો, આ અનંત શક્તિથી પ્રકાશમાન આત્મા જિનવાણીએ પ્રસિદ્ધ કર્યો છે; પણ જેમ આંખ મીંચીને, ગોદડાં ઓઢીને, બારણાં બંધ કરીને સૂતેલા માણસને સૂરજનો પ્રકાશ દેખાતો નથી, તેમ અહીં અનંત શક્તિનાં નિર્મળ કિરણોથી ઝગઝગતો ચૈતન્યસૂર્ય ઊગ્યો છે પણ જેની દૃષ્ટિ બંધ છે, જેણે મિથ્યાત્વરૂપી ગોદડાં ઓઢ્યાં છે ને સત્શ્રવણનાં બારણાં પણ જેણે બંધ કર્યાં છે તેને આ ચૈતન્યસૂર્યનો પ્રકાશ દેખાતો નથી. સન્તો તેને વારંવાર

જગાડે છે કે અરે જીવ! તું જાગ. જાગ! ઊંધી માન્યતાના ગોદડાં દૂર કરીને તારી દૃષ્ટિ ખોલ, તારા અંતરમાં અનંત શક્તિથી પ્રકાશમાન ચૈતન્યસૂર્ય દીપી રહ્યો છે, તેને દેખ. જેમ સૂર્ય પાસે અંધારાં ન હોય તેમ આ ચૈતન્યપ્રકાશમાં રાગાદિ વિકાર નથી.

રાગની રચના એ ચૈતન્યવીર્યનું કાર્ય નથી. વિકારને રચે તે આત્માની વીર્યશક્તિનું કાર્ય નહિ. આત્માની વીર્યશક્તિ નિર્મળ દ્રવ્ય-ગુણ-પર્યાયમાં વ્યાપીને શુદ્ધપર્યાયની રચના કરે છે. અનંત ગુણની નિર્મળપર્યાયની રચના તે વીર્યશકિતનું કાર્ય છે. ને વિકારની રચના તે વીર્યશક્તિનું કાર્ય નથી. એટલે કે વ્યવહારવીર્ય તે આત્માનું ખરૂં વીર્ય નથી. નિશ્ચયવીર્ય તે જ આત્માનું ખરૂં વીર્ય છે: વ્યવહાર આત્મા તે ખરો આત્મા નહિ, નિશ્ચયઆત્મા (શુદ્ધ આત્મા) તે જ ખરો આત્મા:-જુઓ આ ભેદજ્ઞાન! જેટલું વીર્ય વિકારમાં રોકાય તે આત્મા નહિ; નિર્મળ પરિણમનની રચના કરે તે જ આત્મા છે; અને તે નિર્મળપરિણમનરૂપ નિશ્ચયમાં વ્યવહારનો (વિકારનો) અભાવ છે.

ભાઈ, આ વાત સૂક્ષ્મ અને અપૂર્વ તો છે પણ તારા સ્વરૂપની જ વાત છે, ને તે સમજવાની તારામાં તાકાત છે. અરે, આત્મા તો કેવળજ્ઞાન પ્રગટ કરે એવી તાકાતવાળો છે, તેમાં આટલું સમજવું તે તો અલ્પ છે, તો ન કેમ સમજાય? આત્મામાં કેવળજ્ઞાન લ્યે એવું વીર્ય છે. રાગને કરે એવા વીર્યને વ્યવહાર આત્મા ગણ્યો છે, તે ખરો આત્મા-નિશ્ચય આત્મા નથી; નિશ્ચયઆત્મામાં તેનો અભાવ છે.—આવો અનેકાન્ત સ્વયં પ્રકાશે છે.

વીર્યગુણ પોતે કર્તા થઈને અનંત ગુણોની નિર્મળ પર્યાયને રચે છે;

પણ કાંઈ રાગ કર્તા થઈને કોઈ ગુણની નિર્મળ પર્યાયને રચતો નથી.

ભગવાન! તારી શકિત અપાર છે; તારી એકેક શકિત અનંત ભાવથી ભરેલી છે. આવા સ્વભાવવાળા આત્માને જે જાણે તેને વિકારમાં કર્તૃત્વબુદ્ધિ રહે નહિ. નિર્મળપર્યાય પ્રગટી તે આત્મશકિતનું કાર્ય છે ને રાગનો તેમાં અભાવ છે. શકિતમાં તો રાગ નથી ને તેની નિર્મળ પર્યાયમાં પણ રાગનો અભાવ છે. આ રીતે જેવી શક્તિ તેવી વ્યક્તિ થઈ ત્યારે શક્તિની ખરી ઓળખાણ થઈ. એના વગર શક્તિની સાચી ઓળખાણ થાય નહિ.

જુઓ, આત્મામાં સમ્યગ્દર્શન, કેવળજ્ઞાન, આનંદ કે સિદ્ધપદ એવી

નિર્મળ પર્યાયોને કોણ રચે? તેની આ વાત છે. આત્મા પોતે સ્વતંત્રપણે સ્વવીર્યથી પોતાની તે પર્યાયોને રચે છે

ઈશ્વર તેને રચે નહિ;
પરદ્રવ્ય તેને રચે નહિ.
રાગવડે પણ તે રચાય નહિ;

આત્મા પોતે સ્વશક્તિથી કર્તા થઈને પોતાના સમ્યગ્દર્શનાદિરૂપ નિર્મળ કાર્યને કરે છે. આત્મા પોતે સ્વતંત્રપણે કર્તા છે. કર્મરૂપ પોતાની પર્યાય તે-રૂપે પોતે જ સ્વતંત્રપણે થાય છે. સાધન પણ પોતે જ પોતાની સ્વશક્તિથી થાય છે, પોતામાંથી તે પર્યાય લઈને પોતામાં જ રાખે છે તેથી સંપ્રદાન અને અપાદાન પણ પોતે જ છે. ને તેનો આધાર (અધિકરણ) પણ પોતે જ છે. બીજા કોઈ સાથે તેનો સંબંધ નથી. રાગાદિ તેનો આધાર નથી, રાગાદિ તેનું સાધન નથી. પોતાની પર્યાયને રચનારો પોતે જ અનંત શક્તિમાન 'ઈશ્વર' છે.

અહો, કેટલી સ્વતંત્રતા! ભાઈ, તારું નિર્મળ કાર્ય કરવામાં (સમ્યગ્દર્શન વગેરેમાં) તારે જરાય પરાધીનતા નથી; તારી સ્વશક્તિને સંભાળ–એટલી જ વાર છે.

અહો, આત્મશક્તિની શી વાત! એક ક્ષણમાં કેવળજ્ઞાન લ્યે એવી અપાર તાકાત એનામાં ભરી છે. ભગવાનની સ્તુતિ કરતાં કહે છે કે—પ્રભો! આપના કેવળજ્ઞાનમાં જે વીતરાગી અતીન્દ્રિય શાંતિ ભરી છે–એની તો શી વાત! ને એ કેવળજ્ઞાનની સાથે રહેલો જે દેહ, તેમાં પણ કોઈ અલૌકિક શાંતિ ભરી છે; આપના શરીરના પરમાણુ પણ જુદી જાતના છે. આપનો આત્મા ઉત્કૃષ્ટ શાંતિરૂપે પરિણમી ગયો, ને જગતમાં શાંતરસવાળા જેટલા ઉત્કૃષ્ટ પરમાણુઓ હતા તે આપના શાંત દેહરૂપે પરિણમી ગયા; કોઈ પરમાણુ શાંતરસવાળા જગતમાં બાકી ન રહ્યા. –આવો જ કોઈ કુદરતનો મેળ છે.

જ્યાં શીતળતાની છેલ્લી હદની પર્યાય આત્મામાં પ્રગટી ત્યાં દેહમાં પણ શીતળતા–શાંતરસની છેલ્લી હદે પરિણમેલા પરમાણુઓ આવ્યા. આત્મામાં શાંતરસની જેટલી શક્તિ હતી તે બધી આપે પ્રગટ કરી, તો પરમાણુમાં પણ જેટલી હતી તે બધી શાંતરસની પર્યાય પ્રગટી. જુઓ

તો ખરા! ભગવાનના આત્મામાં ક્રોધ શાંત થઈ ગયો ત્યાં પરમાણુમાં પણ શાંતિની રચના થઈ ગઈ; ક્રોધથી લાલ મોઢું થાય કે ભ્રકુટી ચઢે એવું આપને રહ્યું નહિ. આપનો આત્મા શાંત, ને દેહ પણ શાંત. દેહના પરમાણુને કાંઈ ખબર નથી કે આ ભગવાન શાંતરસરૂપે પરિણમ્યા માટે અમે પણ શાંતરૂપે પરિણમીએ!–પણ એવો જ મેળ છે. આત્માની શક્તિ પૂરી ખીલી ગઈ ત્યાં દેહના એકેક પરમાણુમાં તે પ્રકારનું પૂરું સામર્થ્ય પ્રણમ્યું છે. અજ્ઞાનીને આશ્ચર્ય થાય છે કે અરે, આવું કેમ હોય! જ્ઞાનીને તો વસ્તુનો મહિમા જાણીને આશ્ચર્ય થાય છે કે વાહ! આત્માનો કોઈ અચિન્ત્ય સ્વભાવ છે.

આત્માના કેવળજ્ઞાનાદિના સામર્થ્યની તો શી વાત! પણ તીર્થંકરના શરીરમાંય એવું સામર્થ્ય છે કે,–લાખ યોજનના આ જંબુદ્વીપની વચ્ચે જે લાખયોજન ઊંચો મેરુપર્વત છે, તે મેરુને છત્રીના દાંડલાની જેમ ઉપાડીને આખા જંબુદ્વીપને રમતમાત્રમાં છત્રીની જેમ ઊલટો કરી નાંખે. આવી તો જેના દેહની તાકાત, એના આત્મબળની શી વાત! અહીં કહે છે કે દેહનું આવું બળ તે આત્મા નહિ, આત્માનું બળ તો પોતાની નિર્મળપર્યાયોને રચનારું છે. પરમાણુ એક સમયમાં ચૌદ રાજલોક (અસંખ્યાતા યોજન) ઊંચો ચાલ્યો જાય એવું તે જડની ગતિ શક્તિનું વીર્ય છે. ને એક સમયમાં અનંતકાળને તથા અનંતક્ષેત્રને જાણી લ્યે એવું આત્માની જ્ઞાનશક્તિનું વીર્ય છે. વસ્તુનો અનેકાન્તસ્વભાવ કોઈ અદ્ભુત છે, ને તેમાંય આત્માનો સ્વભાવ તો અલૌકિક અદ્ભુત અચિંત્ય આહ્લાદકારી છે–કે જેને જાણતાં જાણનારને પરમ આનંદ થાય છે. એક આત્મામાં અનંતગુણ ને એક પરમાણુમાંય અનંતગુણ; અનંતગુણ હોવા છતાં વસ્તુસ્વભાવ એવો સૂક્ષ્મ છે કે આંખ વગેરે ઇન્દ્રિયોથી દેખાય નહિ; અંતર્મુખી અતીન્દ્રિયજ્ઞાનવડે જ જણાય એવો વસ્તુસ્વભાવ છે.

આત્મા અનંતશક્તિનો સ્વામી પરમ–ઈશ્વર છે. પરમેશ્વર કદી પાંગળો હોય નહિ. જેમ તીર્થંકર, ચક્રવર્તી કે ઇન્દ્ર જેવા પુણ્યવંતોના પગ કદી ભાંગે નહિ ને તે કદી પાંગળા થાય નહિ, તેમ આ ચૈતન્યપ્રભુ તે કદી એવો પાંગળો નથી કે પોતાના કાર્યને માટે તેને બીજાની ઓશીયાળ લેવી પડે. સ્વશક્તિની પ્રભુતાથી આત્મા પોતે પોતાના કાર્યને કરે છે, તેમાં રાગની કે પરની કોઈની ઓશીયાળ નથી.

અહો, પોતાના સ્વભાવની પ્રભુતાની આ વાતમાં જિજ્ઞાસુને કેટલો રસ આવે! જેમ સગી માતા હોય ને એકનો એક વહાલો દીકરો પરદેશથી આવે ત્યાં માતાને એવું હેત અંતરમાં ઊભરાય કે દૂધ ઝરે. શાસ્ત્રમાં રુક્મિણી અને પ્રદ્યુમ્નકુમારની વાત આવે છે: પ્રદ્યુમ્નકુમારને નાનપણથી જ એક વિદ્યાધર હરી ગયો છે, તેના વિરહમાં રુક્મિણીને ચેન પડતું નથી; નારદ સીમંધર ભગવાન પાસે જઈને તેનો પત્તો મેળવે છે કે ૧૬ વર્ષે તે પાછો આવશે. અંતે સોળ વર્ષે જ્યારે પ્રદ્યુમ્નકુમાર આવે છે ત્યારે સરોવરમાં કમળ ખીલી જાય છે, મોરલા નાચવા માંડે છે, અનેક શુભ ચિહ્નો ખીલે છે. ને રુક્મિણીને પુત્રપ્રેમથી દૂધની ધારા છૂટે છે. તેમ અહીં સન્તો આત્મશક્તિનું ભાન કરાવીને જ્ઞાન-આનંદની નિર્મળ પર્યાયરૂપી પુત્રનો ભેટો કરાવે છે, ત્યાં જિજ્ઞાસુના અંતરમાં સ્વભાવના પ્રેમને લીધે આનંદની ધારા ફૂટે છે. અહો, આવા સ્વભાવની વાત સાંભળતાં કોના અંતરમાં આનંદરસના અંકુરા ન ફૂટે! ભગવાન અને સન્તો કહે છે કે અમે તને તારું પરમેશ્વરપણું બતાવીએ છીએ, તારા પરમેશ્વરનો તને ભેટો કરાવીએ છીએ,–કે જેને ભેટતાં તારા અંતરમાં અનેક પવિત્ર ચિહ્નો (રુચિ-વૈરાગ્ય વગેરે) પ્રગટશે ને તેના ઉલ્લાસથી દૂધ જેવી નિર્મળતાના ઝરણાં ફૂટશે. અહો, પોતાની સ્વસત્તામાં જ્યાં ભગવાનના ભેટા થયા, પરમાત્માના સાક્ષાત્કાર થયા, ત્યાં પામરતા રહે નહિ.

* * *

આત્મા જ્ઞાન-આનંદ વગેરે અનંત રત્નોથી ભરેલો મહાસાગર છે. મહાસાગર કહો કે રત્નાકર કહો. જેમ સાગરના પેટાળમાં રત્નો પડ્યા હોય છે તેથી તેને 'રત્નાકર' કહેવાય છે તેમ આત્મા અનંતગુણરૂપી રત્નોનો રત્નાકર છે. શરીર-મન-વાણી કે કર્મ તો જડ, પુણ્ય-પાપ તે વિકાર, તે વિનાનું આખું ચૈતન્યદળ તે ચૈતન્ય-રત્નાકર છે, તેમાં અનંતશક્તિરૂપ અનંતરત્નો ભર્યા છે. એકેક રત્નનો અનંત અચિંત્ય મહિમા છે. આવા આત્મવૈભવની સંતોએ પ્રસિદ્ધિ કરી છે.

- જગતમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણ રત્નો શ્રેષ્ઠ છે.
- એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું ફળ કેવળજ્ઞાન છે.
- એવા અનંતા કેવળજ્ઞાન પ્રગટવાની તાકાત એક જ્ઞાનગુણરૂપી રત્નમાં ભરેલી છે.

૦ ને એવા અનંત ગુણરત્નોનો સાગર આત્મા તો ચૈતન્ય મહા–રત્નાકર છે. સ્વાનુભૂતિમાં તે પ્રગટે છે તેનું આ વર્ણન છે. રાગમાં કાંઈ એવી ખાણ નથી કે એકેય રત્નને (સમ્યક્ત્વાદિને) પ્રગટ કરે.

અહીં વીર્યશક્તિનું વર્ણન છે. વીર્યશક્તિના કાર્યમાં રાગના કર્તાપણાનો અભાવ છે ને જ્ઞાનાદિની નિર્મળપરિણતિને કરવાનો સદ્ભાવ છે. આત્મા સ્વવીર્યથી સ્વપર્યાયને (નિર્મળ પરિણામને) નિષ્પન્ન કરે છે, રચે છે, પણ તેમાં રાગની રચના નથી. જેમ ક્રમબદ્ધ પર્યાયના નિર્ણયમાં જ્ઞાનની સન્મુખતાથી રાગનું અકર્તાપણુ છે, તેમ વીર્યશક્તિના કાર્યમાં પણ રાગાદિનું અકર્તાપણુ છે. જ્ઞાનરૂપ થઈને ક્રમબદ્ધપર્યાયનો કે વીર્યશક્તિનો નિર્ણય કરનારને પર્યાયમાં રાગાદિના અકર્તાપણાનું વીર્ય સ્ફૂરે છે, ને જ્ઞાનભાવ જાગે છે. તે જ્ઞાનભાવમાં અનંતીઆત્મશક્તિનો રસ નિર્મળપણે ઊછળે છે. —આનું નામ 'આત્મપ્રસિદ્ધિ'.

આ સમયસારમાં આત્માનું અલૌકિક સ્વરૂપ સમજાવીને સમ્યગ્દર્શન કેમ થાય, એટલે કે આત્માનો પ્રગટ અનુભવ કેમ થાય તેની વાત કરી છે. ૪૭ શક્તિના વર્ણનથી જેવો આત્મા બતાવ્યો તેને ઓળખતાં નવે તત્ત્વોનું જ્ઞાન થઈ જાય છે, સંવર પ્રગટે છે ને આસ્રવનો અભાવ થાય છે. એકેક શક્તિમાં તો ઘણી ગંભીરતા ભરી છે, પણ વાણીથી તો કેટલો વિસ્તાર થાય ? અંદર ચૈતન્યને પકડે ત્યારે પાર પમાય.

આત્માનુ વીર્યબળ એવું નથી કે રાગને રચે; ત્યાં પરને રચવાની શી વાત! ભાઈ, જો તું રાગની રચનાવાળો જ આત્મા અનુભવતો હો તો તને તારી વીર્યશક્તિની ખબર નથી. તારી વીર્યશક્તિવાળો આત્મા અનંત ગુણ અને નિર્મળ પર્યાય સહિત અનુભવમાં આવે તો તારું જ્ઞાન સાચુ; ને તો તેં તારી વીર્યશક્તિને ઓળખી.

અનંતગુણનો પૂંજ આત્મા તું પોતે; તારી આ વાત છે. તારામાં જે આમાપ શક્તિ પડી છે તે કેમ ખીલે, તે બતાવે છે. આનંદથી ભરેલા ચૈતન્યદરિયાને જે ભૂલ્યો તે રાગદ્વેષને કરે છે; સમ્યગ્દર્શન થતાં ચૈતન્યદ્રવ્યને ધ્યેયમાં લીધું, આનંદના દરિયામાં ડુબકી મારી, ત્યાં રાગદ્વેષનું કર્તૃત્વ રહેતું નથી. સ્વરૂપની નિર્મળ રચના કરે તે સ્વવીર્યનું કામ છે; એને જ સાચુ આત્મબળ કહેવાય. વિકારને રચે તે આત્મબળ નહિ. વીર્યશક્તિમાં એવો વીરરસ

છે કે પામરતાને તોડીને પરમાત્મપણાની રચના કરે. અશુદ્ધતાને તોડીને શુદ્ધતાપણે પ્રગટ થાય, અલ્પજ્ઞતાને દૂર કરીને સર્વજ્ઞતા ખીલવે, દુઃખને દૂર કરીને પરમ આનંદને પમાડે. –આ રીતે આત્મા પોતાની વીરતાવડે અનંત શક્તિના નિર્મળ કાર્યને કરે છે.

જ્ઞાનમાં જાણવાનું વીર્ય (તાકાત, આત્મબળ) છે, તેમ વીર્યમાં સ્વરૂપને રચવાની વીરતારૂપ વીર્ય છે. તે વીર્ય આત્માને સ્વઘરમાં સ્થિર રાખે છે—સ્વરૂપમાં ટકાવી રાખે છે તેથી તેને 'ગૃહ-સ્થ' (ગૃહ એટલે સ્વઘર તેમાં સ્થિત) કહ્યું છે. રાગમાં જાય તે વીર્યને સ્વઘરનું ન કહેવાય. વીર્યશક્તિ બ્રહ્મસ્વરૂપ આત્માના આનંદમાં ચરે છે (સ્વરૂપમાં મગ્ન રહે છે) તેથી તે 'બ્રહ્મ-ચારી' છે. આમ એકેક શક્તિમાં અનંતશક્તિનો રસ ભર્યો છે. એ રીતે પરસ્પર કથંચિત મળેલા અનંતશક્તિના રસથી એકરૂપ આત્માને ધર્મી અનુભવે છે અનંતશક્તિથી એકરસ ચૈતન્યભાવપણે આત્મા પરિણમતો હોવાથી તે અનેકાન્તસ્વરૂપ છે.

રાગાદિ પરભાવપણે પરિણમવું તે તો કાયરતા છે. વીરતા તો તેમાં છે કે પોતાના શુદ્ધસ્વરૂપને ટકાવી રાખવું ને તેમાં પરભાવના અંશને પણ પ્રવેશવા ન દેવો. આત્માની શક્તિમાં તો એવી વીરતા છે કે વિભાવને તોડીને વીતરાગતાને ને કેવળજ્ઞાનને રચે. રાગને રચે એવી કાયરતા આત્માની શક્તિમાં નથી, તે આત્મશક્તિનું કાર્ય નથી. વિકારના કર્તૃત્વમાં રોકાય એ તો બાલ-વીર્ય છે, અજ્ઞાનવીર્ય છે. આત્માના સ્વભાવનું પંડિત-વીર્ય તે નથી. આત્મા તો વીર થઈને સ્વવીર્યથી પોતાના નિર્મળ દ્રવ્ય-ગુણ-પર્યાયમાં વ્યાપે એવી તેની વીરતા છે. અરે જીવ! તારી વીરતાને પણ તે જાણી નહિ ને વીર્યહીન થઈને કાયરપણે સંસારમાં ભટકી રહ્યો છે! –એ ભટકવું તને નથી શોભતું, ભાઈ! તારામાં તો કેવળજ્ઞાન લેવાની વીરતા ભરી છે ને! સ્વસન્મુખ થઈને તારી શક્તિના એક ટંકારે કેવળજ્ઞાન લે એવી તારી તાકાત છે. રાગમાં રોકાવું તે વીરતા નથી. આત્માના સ્વરૂપનું વીર્ય તો સ્વરૂપની નિર્મળતાને રચનારું છે.

અરે, સંતોએ આત્માની વીરતાની કેવી અદ્ભુત વાત સમજાવી છે! આ સમજતાં આત્માને વીરતા ચડી જાય એવી વાત છે. અરે તું ત્રણલોકનો નાથ થઈને આવા અશુદ્ધ ભાવોમાં રાચી રહ્યો છે, તને શરમ નથી આવતી?

અમૃતનો સાગર તું છો. તારામાંથી તો અતીન્દ્રિય-અમૃતના પ્રવાહ વહે, તારા આત્મામાં શાંત-અકષાય અમૃતરસના સાગર ઉલ્લસે એવું તારું સ્વરૂપ છે. કષાય પ્રગટે એવું તારામાં છે જ નહિ. તું તો જગતનો ઈશ્વર, જગતમાં મોટી મહાન શક્તિનો સ્વામી છો. અરે, જેમાંથી કેવળજ્ઞાન પ્રગટે એવી ચૈતન્યરિદ્ધિનો સ્વામી તું, તારી રિદ્ધિ પાસે જગતની બીજી કોઈ રિદ્ધિ-સિદ્ધિની કાંઈ ગણતરી નથી, તું જ તારી ચૈતન્યરિદ્ધિનો ધારક ઋષિ છો; અને તું જ સાધક થઈને નિજસ્વરૂપને સાધનારો સાધુ છો; નિજસ્વરૂપનું મનન કરનારો-જાણનારો મુનિ પણ તું જ છો; અને શુદ્ધોપયોગરૂપ યત્ના વડે વિકારી પર-ભાવોમાંથી આત્માની રક્ષા કરનારો યતિ પણ તું જ છો આ રીતે ઋષિપણું, સાધુપણું, મુનિપણું, યતિપણું-એ બધા ભાવો તારી એકેક શક્તિમાં ભર્યા છે. તારી શક્તિના સામર્થ્યનો પાર નથી. અનંત સામર્થ્યથી ભરેલા અનંત ગુણોથી તું ભરપૂર છો. અહો, આત્માનો વૈભવ અદ્ભુત છે, આનંદકારી છે. અહો, અદ્ભુત જેનું સામર્થ્ય ને અદ્ભુત જેનો મહિમા -એવો મારો સ્વભાવ છે,-આમ આત્મસ્વભાવનો મહિમા લાવીને જ્ઞાની તેની શ્રદ્ધા અને અનુભવ કરે છે.

કલશ ૨૭૩-૨૭૪ માં કહે છે કે—અહો, આત્માનો આ સહજ વૈભવ અદ્ભુત છે; અજ્ઞાનીના જ્ઞાનમાં તે આશ્ચર્ય ઉપજાવે છે કે આ તો અસંભવિત જેવી વાત છે! જ્ઞાનીને જોકે વસ્તુસ્વભાવમાં આશ્ચર્ય નથી પણ આત્માના અદ્ભુત વૈભવને જાણતાં, પૂર્વે કદી ન થયેલો એવો અદ્ભુત પરમ આનંદ થાય છે અને તેથી તે આનંદનું આશ્ચર્ય થાય છે. 'અહો! આ જિનવચનો મહા ઉપકારી છે, વસ્તુના યથાર્થ સ્વરૂપને જણાવનારાં છે; મેં અનાદિકાળ આવા યથાર્થ સ્વરૂપના જ્ઞાન વિના ખોયો!'-આમ મહિમા લાવીને જ્ઞાની શ્રદ્ધા કરે છે. જ્યાં ભાન થયું ત્યાં ખબર પડી કે અહા, મારા આત્માનો અદ્ભુતથી પણ અદ્ભુત સ્વભાવ-મહિમા જયવંત વર્તે છે; ચૈતન્યનો ચમત્કાર જયવંત વર્તે છે. અનેકાન્તસ્વરૂપ આત્મગુણનો વૈભવ અચંબો ઉપજાવે છે. जीवद्रव्यके स्वरूपकी बडाई सबसे उत्कृष्ट है ।

ભાઈ, આ જે કાંઈ અદ્ભુત વૈભવ કહેવાય છે તે બધુંય તારામાં ભર્યું છે. અહો, આત્મસ્વભાવના સામર્થ્યની શી વાત? -જે અનુભવગમ્ય થાય પણ વિકલ્પમાં ન આવે. અજ્ઞાનીને આવો નિજમહિમા લક્ષમાં નથી આવતો.

બહારના જડપદાર્થોની તાકાતનો (અણુબોમ્બ કે રોકેટ વગેરેનો) મહિમા અજ્ઞાનીને દેખાય છે, પણ એ બધાયને જાણનારો પોતે અચિંત્ય જ્ઞાનતાકાતથી ભરેલો છે–તેનો મહિમા દેખાતો નથી. રોકેટ એક કલાકમાં હજારો કે લાખો માઈલ ગતિ કરે તેનો મહિમા લાગે છે, પણ ભાઈ! પરમાણુમાં એવો ગતિ-સ્વભાવ છે કે એક સમયમાં ૧૪ રાજુ (અસંખ્યાતા માઈલ) ગતિ કરે; અને તારા જ્ઞાનમાં એવો અચિંત્યસ્વભાવ છે કે એક સેકંડમાં અનંતાનંત યોજનને (લોકાલોકને) જાણી લ્યે. તો હવે કોની તાકાત વધારે? અહો, આત્માના આવા સ્વભાવને બતાવનારી જિનવાણી મહા ઉપકારી છે.

તારા ગુણના હાલરડાં ગાઈને જિનવાણી-માતા જગાડે છે કે હે જીવ! તું જાગી જા! મોહનિંદ છોડીને તું જાગ અને તારા આત્મવૈભવને સંભાળ. અમે તને તારા ગુણના એવા ગાણાં સંભળાવીએ કે જેને લક્ષમાં લેતાં આનંદના નિધાન પ્રગટે....ને સર્વજ્ઞસ્વભાવથી ભરેલો આખો આત્મા પ્રતીતમાં આવી જાય.

અનંતગુણનિધાન આત્મામાં જ્યાં દૃષ્ટિ ગઈ ત્યાં આનંદકારી ખળભળાટ થઈને અનંતગુણનું નિર્મળ પરિણમન થવા માંડયું, ને નિર્મળપર્યાયની રચના થવા લાગી. –આવું આત્માની વીર્યશક્તિનું કાર્ય છે. આત્માના અનંતગુણને પર્યાયમાં પ્રગટ કરીને નિર્મળતાને રચે તે નિશ્ચયવીર્ય છે, ને વિકારની રચનારૂપ વ્યવહારવીર્યનો તેમાં અભાવ છે; આવો અનેકાન્ત છે. પણ વીર્યશક્તિ રાગને અને નિર્મળતાને બંનેને રચે એવો અનેકાન્ત અહીં નથી.

વીર્યશક્તિવાળા આત્માને પ્રતીતમાં લેતો સ્વસન્મુખ વીર્યનો જે અંશ ઊછળ્યો તે હવે અધૂરો નહિ રહે કે વિકારમાં નહિ અટકે; તે તો શક્તિના અવલંબને પૂરું કાર્ય કરશે. સ્વભાવસન્મુખ જ્ઞાનનો જે અંશ ઊછળ્યો તે હવે સર્વજ્ઞતાને સાધશે; આનંદનો જે કણ જાગ્યો તે પૂર્ણઆનંદને પ્રગટ કરશે. –આમ પ્રતીતના બળે સ્વભાવનો એક અંશ ખૂલતાં પૂર્ણ સ્વભાવવાળો આત્મા પ્રતીતમાં આવી જાય છે. –આનું નામ શ્રદ્ધાપણે કેવળજ્ઞાન થયું કહેવાય.

જુઓ ભાઈ, આ તો વસ્તુસ્વભાવના ગંભીર રહસ્યો છે. સર્વજ્ઞભગવાને જેવું વસ્તુસ્વરૂપ જાણ્યું તેવું કહ્યું, તે સ્વરૂપ સન્તોએ પ્રગટ કર્યું, તેનો મહિમા

આવ્યા વગર તે સમજાય નહિ. અજ્ઞાનીને પોતાના આત્માના વૈભવની પ્રતીત બેસતી નથી એટલે તે રાંકા જેવો થઈને તૂચ્છ રાગમાં કે સંયોગોમાં રાજી રાજી થઈ જાય છે. પણ અરે ભગવાન! આત્માનું ભાન કરીને જ્યારે તું ચક્રવર્તી થઈશ, ને જ્યારે તને વૈરાગ્ય થશે ત્યારે ચૈતન્યનિધાન પાસે એ ચક્રવર્તીના રાજને ને ચૌદનિધાનને તરણાં જેવા સમજીને તું એવા છોડીશ કે ચૈતન્યના આનંદમાં લીનતા આડે તને લક્ષ પણ નહિ રહે કે મેં આ છોડયું! અરે, હું તો અનંતગુણનો બાદશાહ, સર્વજ્ઞ જેટલો મારો વૈભવ, તેમાં રાગ કે સંયોગ નથી –એવા ભેદજ્ઞાનપૂર્વક સ્વાનુભૂતિ થતાં અતીન્દ્રિય આનંદની લહેજતમાં સંયોગ કેમ કરીને છૂટયા ને રાગ છૂટીને કયાં ગયો તેનું લક્ષેય નહિ રહે. ધર્મી જાણે છે કે હું તો મારા સ્વ-વીર્યથી મારા કેવળજ્ઞાનને-સુખને -પ્રભુતાને પ્રગટ કરીશ. રાગને કે પામરતાને રચે એવું મારા સ્વ-વીર્યનું કામ નથી પણ તે રાગને અને પામરતાને તોડે એવું મારા સ્વવીર્યનું કામ છે.

અરે! આવા તારા આત્માની વાત સાંભળતાં તેનો ઉલ્લાસ તો લાવ. જેની વાત સાંભળતાં પણ આનંદની ઊર્મિ ઊછળે તે વસ્તુના અનુભવની શી વાત! એકનો એક વહાલો પુત્ર પરદેશ ગયો હોય, કાંઈ સમાચાર ન હોય, ને અચાનક દશ વર્ષે ઘરે આવે, આવે તો ખરો ને સાથે ૪૭ લાખ રૂપિયા કમાઈને લાવે, ત્યાં તેના માતા-પિતાને હૃદયમાં કેવો પ્રેમ ઊછળી જાય છે! -વાહ, મારો પુત્ર કમાઈને આવ્યો! અરે, પુત્રને દેખ્યા પહેલાં હજી તો તેના આવવાના સમાચાર સાંભળે ત્યાં પણ હરખ-હરખ થઈ જાય છે. તેમ અહીં અનંતકાળથી ભૂલાયેલી આત્મશક્તિ સન્તો ઓળખાવે છે, તેને ઓળખતાં આત્માર્થીજીવો ઉલ્લસિત થાય છે કે વાહ! આવી મારી શક્તિ! ભાઈ, તારી સ્વશક્તિને દેખીને એકવાર આનંદમાં આવી જા, ને અનુભવમાં લે. અનુભવ પહેલાં સંતોના શ્રીમુખે એના શ્રવણથી પણ મુમુક્ષુનું હૃદય આનંદથી ઊછળી જાય છે. વાહ! જેના શ્રવણમાં આટલો આનંદ તેના અનુભવના આનંદની શી વાત!! ૪૭ લાખેણી શક્તિનો વૈભવ લઈને તારી નિર્મળપર્યાયરૂપી પ્રજા તારી પાસે આવે છે-માટે તુ આનંદિત થઈને એનો સત્કાર કર. તારામાં અનંતી લક્ષ્મી ભરેલી છે, તે અખૂટ ભંડાર ખુલ્લા કરીને સન્તો તને બતાવે છે તે જોઈને હે જીવ! તું પ્રસન્ન થા કે અહો આવી મારી લક્ષ્મી! મારા ભંડારમાં આટલો મહાન વૈભવ! મારામાં આવી અનંત શક્તિ! આવો

ॐ

અનાદિ અનંત એક નિજ
શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ તેનું સ્વ
સન્મુખ થઈ આરાધન કરવું તેજ
પરમાત્મા થવાનો સાચો ઉપાય છે.

(ગુરુદેવના હસ્તાક્ષર)



[૭]

પ્ર ભુ ત્વ શ ક્તિ

[अखंडितप्रतापस्वातंत्र्यशालित्वलक्षणा प्रभुत्वशक्तिः]



આત્માની પ્રભુતા સાંભળતાં મુમુક્ષુ જીવ આશ્ચર્ય પામીને સ્વસન્મુખ જુએ છે, પોતાના આત્માની પ્રભુતાનો વૈભવ જાણીને તે આનંદિત થાય છે, ને જ્ઞાની-મહાત્માનો ઉપકાર માને છે કે અહો, મારા આત્મામાં આવી પ્રભુતા તો અનાદિથી જ હતી, પણ મને તેની ખબર ન હતી, તેથી અત્યાર સુધી હું બહારમા ભટક્યો. હવે ભાન થતા દીનતા ટળી ને પ્રભુતા પ્રગટી.

જ્ઞાનમાત્ર ભાવમાં ઉલ્લસતી આત્માની અનંત શક્તિઓમાંથી છ શક્તિનું વર્ણન થયું. સાતમી પ્રભુત્વશક્તિ છે. આત્મા અખંડિત પ્રતાપવાળી સ્વતંત્રતાથી શોભે છે-એવી તેની પ્રભુતા છે. જ્ઞાનસ્વરૂપ આત્માને ઓળખતાં આવી પ્રભુતાનું પણ ભેગું ભાન થાય છે. આત્માની પ્રભુતા એવી છે કે તેને કોઈ તોડી શકે નહિ, કે પરાધીન બનાવી શકે નહિ. આવી પ્રભુતાના ભાન-વડે પર્યાયમાં પ્રભુતા પ્રગટે છે.

જગતમાં રાજા-મહારાજાનો પ્રતાપ તો એનાથી મોટા બીજા રાજાવડે ખંડિત થઈ જાય છે; જુઓને, ભરત ચક્રવર્તી જેવાનો પ્રતાપ પણ બાહુબલી-વડે ખંડિત થઈ ગયો;-એ તો પુણ્યનો પ્રતાપ છે, એ કાંઈ અખંડિત પ્રતાપ નથી. આ ચૈતન્યરાજા અનંતગુણનો ચક્રવર્તી, તેનો પ્રતાપ કોઈથી ખંડિત થાય નહિ, તેની સ્વતંત્રતાને કોઈ લૂટી શકે નહિ. આવી અનંતગુણની પ્રભુતા-શોભા આત્મામાં ભરી છે. એક પ્રભુત્વગુણે સર્વગુણોમાં પ્રભુતા આપી છે, એટલે બધા ગુણો અખંડિત પ્રતાપવાળી સ્વતંત્રતાથી શોભી રહ્યા છે. રાગવડે ગુણની પ્રભુતા ખંડિત થતી નથી, પણ ગુણની નિર્મળપર્યાય પ્રગટ કરીને રાગને ખંડ-ખંડ કરી નાંખે એવી દરેક ગુણમાં તાકાત છે. પ્રભુત્વને લીધે આત્માના સર્વ ગુણોમાં પ્રભુતા છે, ને તેના પરિણમનમાં રાગનો અભાવ છે. એનો અભાવ જ છે પછી તે આત્માની પ્રભુતાને ખંડિત કરે એ વાત ક્યાં રહી?

જુઓ, આ આત્માની પ્રભુતા! અહા, આત્મામાં પ્રભુતા ભરી છે તેનું અનંત માહાત્મ્ય છે. આવા આત્મામાં દૃષ્ટિ કરતાં પર્યાયમાં પ્રભુતા પ્રગટે છે. દુનિયામાં એવો કોઈ દુશ્મન નથી કે જે આત્માની પ્રભુતાને તોડી શકે. સાતમી નરકના જીવને પોતાની પ્રભુતાના અવલંબને જે સમ્યગ્દર્શન પ્રગટ્યું છે, ત્યાંની અનંતી પ્રતિકૂળતામાં એવી તાકાત નથી કે સમ્યગ્દર્શનની જે પ્રભુતા પ્રગટી છે તેને તોડી શકે. દરેક ગુણની નિર્મળપર્યાયમાં પ્રભુતા છે, એટલે કે પોતાથી સ્વતંત્રપણે તે શોભે છે. કોઈ સંયોગને લીધે તેની શોભા છે કે રાગને લીધે તેની શોભા છે—એમ નથી. જ્ઞાનની પ્રભુતામાં જ્ઞાનાવરણકર્મનો અભાવ છે, તેની પ્રભુતાને જ્ઞાનાવરણકર્મ હણી શકે નહિ. સિદ્ધપ્રભુ લોકાગ્રે નિજસ્વરૂપમાં બિરાજે છે, તેઓ જ્યાં સ્થિર રહ્યા છે ત્યાં પોતાની સ્વતંત્ર પ્રભુતાથી જ રહ્યા છે,-નહિ કે ઉપર ધર્માસ્તિકાયનો અભાવ હોવાને લીધે પરાધીનપણે ત્યાં અટકી જવું પડ્યું. અરે, સિદ્ધપ્રભુમાં પણ જેને પરાધીનતા

દેખાય તે જીવ આત્માની સ્વતંત્ર પ્રભુતાને કઈ રીતે પ્રતીતમાં લેશે? બાપુ! આત્માની પ્રભુતાના સ્વતંત્ર પ્રતાપને કોઈ હણી શકતું નથી. દ્રવ્ય, ગુણ કે પર્યાય ત્રણેમાં આવી પ્રભુતા છે.

કોઈ કહે કે જ્ઞાન કેમ નથી ઊઘડતું? તો કહે છે કે તું તારી પ્રભુતાને સંભાળતો નથી માટે; સર્વજ્ઞતા પ્રગટે એવી પ્રભુતા તારામાં ભરી છે પણ તું તેની સન્મુખ થા તો પર્યાયમાં તે પ્રગટે. પ્રભુતાથી વિમુખ થયો એટલે પર્યાયમાં પામરતા થઈ. છતાં શક્તિમાં તો પ્રભુતા ભરી જ છે. પામરતા સેવીને તારી પ્રભુતાને તેં સંતાડી રાખી છે. પ્રભુતાને પ્રતીતમાં લઈને તેનું સેવન કર તો પર્યાયમાં સર્વજ્ઞતારૂપ પ્રભુતા ઊઘડી જાય, ને તારો આત્મા અખંડ પ્રતાપવાળી સ્વતંત્રતાથી શોભી ઊઠે.

જ્ઞાનસ્વરૂપ આત્મા અનંતગુણથી ભરેલો છે. તે સ્વરૂપની અનુભૂતિમાં અનંત ગુણોનો સ્વાદ ભેગો છે. આ રીતે જ્ઞાન સાથે અવિનાભૂત અનંત ગુણ-પર્યાયોનો જે સમૂહ છે તેવડો આત્મા છે. આત્મા પોતાના અનંત ગુણ-પર્યાયોમાં વ્યાપક છે તેને બદલે પરમાં વ્યાપક માને છે એટલે તે અનુભવમાં આવતો નથી. પરથી આત્મા ભિન્ન છે પણ તેને જાણનારું જે જ્ઞાન છે તેનાથી અભિન્ન છે. જ્ઞાન અને તેની સાથેના આનંદ-પ્રભુતા વગેરે અનંત ગુણોમાં આત્મા અભિન્ન છે. આવા આત્મા ઉપર નજર નાંખતાં પરમ ચૈતન્યનિધાન એક ક્ષણમાં પ્રગટે છે. અહા, આવું ચૈતન્યનિધાન પોતાની જ પાસે છે પણ જગત તેને બહારમાં શોધે છે.–જાણે કે રાગમાંથી મારા ગુણનું નિધાન પ્રગટશે! પણ ભાઈ, તારા નિધાન રાગમાં નથી, ચૈતન્યમાં તારા નિધાન ભર્યાં છે. તારા નિધાનનું માહાત્મ્ય કરીને તેમાં નજર કર. બધાને જાણનારો પોતે પોતાનું માહાત્મ્ય ભૂલીને, રાગને અને પરને માહાત્મ્ય આપે છે કે આ પદાર્થ સારાં; –પણ એને જાણનારું પોતાનું જ્ઞાન સારૂં છે –એમ અનુભવમાં નથી લેતો. એને ખબર નથી કે હું તો જ્ઞાન છું, ને આ રાગાદિ ભાવો તો ચેતન વગરના છે, તેમનામાં સ્વ-પરને જાણવાનો સ્વભાવ નથી. પોતાના જ્ઞાનસ્વભાવથી છૂટીને અજ્ઞાની 'પર મારાં, રાગ હું' એમ અનુભવે છે. ભાઈ, પરદ્રવ્ય શરીરાદિ કાંઈ તારા જ્ઞાનમાં વળગ્યા નથી, છૂટા જ છે, પણ 'આ મારાં' એવી ભ્રમણા કરીને તું તેને વળગે છે—મમતા કરે છે, તેથી પરિભ્રમણ ને દુઃખ છે. તારી અનંતગુણની પ્રભુતાને જાણ તો એ પરિભ્રમણ ને દુઃખ મટે.

આત્મા ચૈતન્યસ્વભાવી સૂર્ય છે; તેના નિધાન કેવાં? તેનાં ગુણોનું સામર્થ્ય કેટલું? તેનું ક્ષેત્ર કેટલું? સંખ્યા કેટલી? એનું ખરું કાર્ય શું? –એનો વિચાર જીવે કદી યથાર્થરૂપે કર્યો નથી. અહીં અનંતગુણનિધાન બતાવીને આચાર્યદેવ કહે છે કે–ભાઈ, જો તારે શાંતિ ને આનંદનો અનુભવ જોઈતો હોય તો, ને સ્વતંત્રસુખનો રાહ–પંથ જોઈતો હોય તો, જ્ઞાનવડે જાણનારને જાણ. બહારમાં જે દેખાય છે તે તું નથી. જે દેખનારો છે તે તું છો. તારે લઈને રાગ કે શરીર નથી, તારે લઈને તો જ્ઞાન છે, એટલે કે જ્ઞાન જ તારું કાર્ય છે.

આત્મા જાણનાર છે છતાં પોતે પોતાને કેમ નથી જાણતો? જ્ઞાનને સ્વસન્મુખ કરતો નથી તેથી આત્મા જણાતો નથી. અનંત શક્તિનો પરમેશ્વર છે તો પોતે જ, પણ પોતે પોતાને ભૂલી ગયો છે. ૩૮ મી ગાથામાં કહ્યું હતું કે–જેમ કોઈ મૂઠીમાં રાખેલા સુવર્ણને ભૂલી ગયો હોય ને બહાર શોધતો હોય, તે ફરી યાદ કરીને સુવર્ણને પોતાની મૂઠીમાં જ દેખે કે અરે, આ રહ્યું સોનું; મારી મૂઠીમાં જ છે! તેમ અનાદિ અજ્ઞાનથી જીવ પોતાના પરમેશ્વર-આત્માને ભૂલી ગયો હતો, પણ શ્રીગુરુના વીતરાગી ઉપદેશથી વારંવાર સમજાવવામાં આવતાં તેને પોતાની પ્રભુતાનું ભાન થયું, સાવધાન થઈને પોતામાં જ પોતાની પ્રભુતાને જાણી કે અહો, અનંત શક્તિની પરમેશ્વરતા તો મારામાં જ છે, મારામાં જ મારી પ્રભુતા છે; પરદ્રવ્ય અંશમાત્ર મારું નથી; મારા ભિન્ન સ્વરૂપના અનુભવથી હું પ્રતાપવંત છું. –આમ પોતાની પ્રભુતાને જાણી તેનું શ્રદ્ધાન કરીને તથા તેમાં તન્મયપણે લીન થઈને સમ્યક્‌પ્રકારે આત્મારામ થયો ..પોતે પોતાને અનંત શક્તિસંપન્ન જ્ઞાયકસ્વભાવરૂપે અનુભવતો થકો પ્રસિદ્ધ થયો. મોહનો નાશ થઈને જ્ઞાનપ્રકાશ પ્રગટ થયો.

જુઓ, આનું નામ જ્ઞાનદશા; આનું નામ અનુભવદશા; આવી દશા થતાં પોતાને પોતાનો અનુભવ થાય ને પોતાને તેના આનંદની ખબર પડે. અહા! પરમેશ્વરના જ્યાં ભેટા થયા–એ દશાની શી વાત! જ્ઞાનસમુદ્ર ભગવાન આત્મા પ્રગટ થયો.–તે કહે છે કે અહો, બધા જીવો આવા આત્માને અનુભવો; બધા જીવો આત્માના શાંતરસમાં મગ્ન થાઓ. શાંતરસનો સમુદ્ર પોતામાં ઉલ્લસ્યો છે, ત્યાં કહે છે કે બધાય જીવો આ શાંતરસના દરિયામાં તરબોળ થાઓ.

—

જુઓ તો ખરા, સન્તોને આત્માની પ્રભુતાનો કેટલો પ્રેમ છે! આત્મા તો અનંત ગુણ-રત્નોથી ભરેલો મોટો રત્નાકર છે. દરિયાને રત્નાકર કહેવાય છે. આત્મા અનંતગુણથી ભરેલો દરિયો ચૈતન્ય-રત્નાકર છે; એમાં એટલા રત્નો ભર્યાં છે કે એકેક ગુણના ક્રમથી એનું કથન કરતાં કદી પૂરું ન થાય.

આત્મા ચૈતન્યરત્નાકર તો સૌથી મહાન છે.

રત્ન : સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ મોક્ષમાર્ગનાં ત્રણ રત્નો છે.

મહા રત્ન : એ રત્નત્રયના ફળમાં કેવળજ્ઞાનાદિ ચતુષ્ટય પ્રગટે છે તે કેવળજ્ઞાનાદિ મહારત્નો છે.

મહાનથી પણ મહાન રત્ન : જ્ઞાનાદિ એકેક ગુણમાં અનંતા કેવળ-જ્ઞાનરત્નોની ખાણ ભરી છે, તેથી તે મહા-મહા રત્ન છે.

મહા-મહા-મહા રત્ન : એવા અનંત ગુણરત્નોની ખાણ આત્મા એ તો મહા-મહા-મહા રત્ન છે. એના મહિમાની શી વાત!

ભાઈ! આવું મહિમાવંત રત્ન તું પોતે છો. મહાન રત્નોની ખાણ તારામાં ભરેલી છે. એ સિવાય પરચીજ તારામાં નથી; એ ચીજ તારી નથી, મફતની પરની ચિંતા તેં તારે ગળે વળગાડી છે. ખરેખર જે તારું હોય તે તારાથી કદી જુદું ન પડે; ને તારાથી જુદુ પડે તે ખરેખર તારું હોય નહિ. શું જ્ઞાન આત્માથી કદી જુદું પડશે? –ના; કેમકે તે આત્માથી જુદું નથી, તે તો આત્મા જ છે. શરીરાદિ આત્માના નથી, એટલે તે આત્માથી છૂટા પડી જાય છે. પહેલેથી જ છૂટા હતા તેથી છૂટા પડ્યા. એક-મેક થઈ ગયા હોત તો છૂટા ન પડત. એ જ રીતે જ્ઞાન ને રાગ પણ એકમેક થઈ ગયા નથી, ભિન્નસ્વરૂપે જ રહ્યા છે તેથી ભિન્ન પડી જાય છે. પ્રજ્ઞાછીણી વડે રાગ તો આત્માથી બહાર નીકળી જાય છે ને જ્ઞાન અંતરમાં એકમેક રહી જાય છે. –આવું ભેદજ્ઞાન કરે તો આત્માની સાચી પ્રભુતા ઓળખાય.

અહો, પરમેશ્વર–તીર્થંકર પરમાત્માની દિવ્યવાણીમાં પણ જેનો મહિમા પૂરો ન પડે, એવો ચૈતન્યહીરલો તું! તારા એકેક પાસામાં (એકેક ગુણમાં) અનંતી તાકાત ઝળકે; એવા અનંતા પાસાથી ઝળકતી તારી પ્રભુતા! અનંતશક્તિના વૈભવથી ભરેલ આનંદનું ધામ એવો ભગવાન તું પોતે! પણ તારી નજરની આળસે તું તને દેખતો નથી. 'હરિ' તું પોતે, પોતે પોતાથી

જરાય વેગળો નથી—દૂર નથી, છતાં તેના ભાન વગર અનંતકાળ ગાળ્યો. ભાઈ, હવે તો જાગ! જાગીને તારામાં જો! અંદરમાં નજર કરતાં જ 'મેરો પ્રભુ નહીં દૂર દેશાંતર, મોહિમેં હૈ, મોહે સુઝત નીકે'—એમ તારામાં જ તને તારી પ્રભુતા દેખાશે. જ્ઞાનસ્વરૂપમાં દૃષ્ટિ કરતાં આત્મા હાથમાં આવે છે; તેનો અનુભવ થાય છે. તે અનુભવમાં ઉલ્લસતી શક્તિઓનું આ વર્ણન છે. અનુભવમાં તો અનંત શક્તિઓ સમાય છે, પણ કથનમાં અનંત ન આવે, કથનમાં તો થોડીક જ આવે. છતાં એકેક શક્તિ અનંતશક્તિની ગંભીરતાને લેતી આવે છે; એકેક શક્તિના વર્ણનમાં અનંત શક્તિની ગંભીરતા ભરી છે.

અહીં પ્રભુત્વશક્તિનું વર્ણન છે. પ્રભુત્વશક્તિથી આત્મા અખંડિત પ્રતાપવાળી સ્વતંત્રતાથી શોભે છે. પ્રભુત્વગુણનો સ્વભાવ શું?–કે આત્માને અખંડ સ્વતંત્રતાથી શોભાવવો તે પ્રભુત્વગુણનો પ્રતાપ છે. એના વગર આત્મામાં અનંતગુણની પ્રભુતા ટકી ન શકે. અરે, આત્મામાં આવી પ્રભુતા હોવા છતાં, સંસારની પ્રીતિ આડે પોતાની પ્રભુતાને નીહાળવા જીવ નવરો થતો નથી. પોતાની પ્રભુતાનો મહિમા કરતો નથી ને પરનો મહિમા કરી કરીને પોતાની પ્રભુતાને લૂંટાવે છે. ભાઈ, અંદર જો, અનંત શક્તિનાં નિધાન તારામાં છે તેને દેખ.

આત્મા કેવડો? કે જ્ઞાનલક્ષણથી નિર્મળ ગુણ-પર્યાયનો જેટલો સમુદાય લક્ષિત થાય તેટલો આત્મા છે. જ્ઞાનલક્ષણથી વિરુદ્ધ એવો વિકલ્પ તે આત્મા નહિ. રાગ તે આત્મા નહિ. રાગને રચે તે આત્મવીર્ય નહિ, તેમાં આત્માની પ્રભુતા નહિ; નિર્મળ ગુણ-પર્યાયને રચે તે આત્મવીર્ય, ને તેમાં આત્માની શોભા.

નિર્મળતાની ને પ્રભુતાની ઉત્પત્તિ કેમ થાય? કે પ્રભુતાથી ભરેલા નિર્દોષ અને બળવાન એવા આત્મસ્વભાવને જોતાં તેના અવલંબને પર્યાય પણ તેવી નિર્દોષ અને બળવાન થાય છે એટલે પર્યાયમાં પ્રભુતા પ્રગટે છે. આ રીતે નિર્મળ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં આત્માની પ્રભુતા વ્યાપે છે, ને રાગનો તેમાં અભાવ છે. આવા આત્માના અનુભવમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-રૂપ મોક્ષમાર્ગ સમાય છે.

આ પ્રભુની શક્તિનું વર્ણન છે.

કયા પ્રભુની આ વાત હશે ? કોઈ હજાર હાથવાળો ભગવાન હશે ?–ના, ભાઈ! આ તો હજાર નહિ પણ અનંત શક્તિવાળો આત્મા તું પોતે પ્રભુ છો, તારી પ્રભુતાની આ વાત છે.–તે જાણીને આનન્દિત થા, ને તારી પ્રભુતાને દેખ. તારા પ્રદેશેપ્રદેશે અનંતગુણની પ્રભુતા પ્રસરેલી છે.

વાહ, જુઓ આ આત્માનો વૈભવ! પ્રભુત્વને ધરનાર આત્માને ધ્યેય કરતાં દરેક ગુણની પર્યાયમાં પ્રભુતા પરિણમે છે, ને રાગાદિના અભાવપણે સ્વતંત્રતાથી આત્મા શોભે છે. આત્મસ્વભાવ ઉપર દૃષ્ટિ કરતાં પર્યાયમાં પ્રભુતાનો એવો પ્રતાપ પ્રગટે છે કે તેને કર્મનો ઉદય કે બહારની પ્રતિકૂળતા તોડી શકે નહિ. પર્યાયમાં આવી પ્રભુતા ખીલે ને તેમાં આત્મા વ્યાપે તેને ખરો આત્મા કહીએ છીએ; મલિનતામાં રહે તેને ખરો આત્મા કહેતા નથી, તેમાં આત્માની શોભા નથી.

અરે, આવી પ્રભુતાસંપન્ન પોતાનો આત્મા છે તેનું પોતે પ્રેમપૂર્વક શ્રવણ પણ કર્યું નથી. એકવાર ખરા પ્રેમથી સાંભળે તો અંદર ઘૂસી ગયા વગર રહે નહિ. પરથી હું જુદો છું, મારામાં મારી અનંતશક્તિ છે, વિકાર એ મારી શક્તિનું કાર્ય નથી–એમ આત્માના સ્વરૂપને લક્ષગત કરવું જોઈએ. લક્ષ સાચું હોય તો તેના ઘોલનથી અનુભવ થાય. જેનું લક્ષ જ ખોટું હોય તેને સાચો અનુભવ ક્યાંથી થાય ?

કોઈ કહે–અમને બહારની ઘણી ઉપાધિ વળગી છે એટલે આવા આત્માનો અનુભવ ક્યાંથી થાય ?

તો કહે છે કે–અરે ભાઈ! પરચીજનો બહારનો એક અંશમાત્ર તારામાં નથી વળગ્યો, એ તો તારાથી બહાર ને બહાર જ છે, ભિન્ન જ છે; તારામાં તો તારા અનંતગુણ સદા વળગેલા છે–કદી તારાથી જુદા પડે નહિ એવા એકમેક છે; તેની સામે નજર કર એટલી જ વાર છે. નજર કરતાં જ પરથી તદ્દન છૂટો, હળવોફૂલ ને સ્વગુણથી પરિપૂર્ણ તારો આત્મા તને આનંદસહિત અનુભવાશે.

આત્મામાં પ્રભુતારૂપે ને આનંદરૂપે પરિણમવાનો ગુણ છે, પણ રાગ-રૂપે પરિણમવાનો ગુણ નથી. રાગ તો પરાશ્રિતભાવ છે, તેમાં સ્વતંત્ર શોભા નથી. પોતે પોતાના જ આશ્રયે સ્વાધીન પ્રભુતારૂપે પરિણમીને સ્વતંત્રતાથી

શોભે તેને ખરો આત્મા કહેવાય. રાગપરિણમનથી આત્મા શોભતો નથી, તેને ખરો આત્મા કહેતા નથી.

પ્રભુતાની મર્યાદા કેટલી ?

–તો કહે છે કે કોઈથી ખંડિત ન થાય એટલી: આત્માની પ્રભુતામાં પરનું વિઘ્ન નથી, પરની સહાય નથી, કોઈ એની પ્રભુતાને તોડી શકે નહિ. આવી પ્રભુતાશક્તિની સન્મુખ થતાં આત્મા પોતે પોતાની નિર્મળ પરિણતિથી અખંડપણે શોભી ઊઠે છે; શક્તિમાં જે પ્રભુતા હતી તે પ્રભુતા પર્યાયમાં પણ પરિણમી ગઈ. આવી પ્રભુતાના પરિણમનમાં આત્મા સર્વતંત્ર-સ્વતંત્ર છે એટલે સર્વ તરફથી સ્વતંત્ર છે; કોઈ બીજો હોય તો આની નિર્મળપર્યાય થાય –એવી પરાધીનતા નથી.

કોઈ કહે કે સિદ્ધભગવાન પણ કથંચિત્ પરાધીન છે, કેમકે રહેવા માટે આકાશનો આધાર, પરિણમવા માટે કાળનું નિમિત્ત, એ રીતે તેમને પણ અનેક પ્રકારે પરાધીનતા છે!

–અરે ભાઈ! શું કહે છે તું? સિદ્ધનેય પરાધીન કહીને તારે શું કરવું છે? અહીં તને તારામાં સ્વાધીનતા ભાસતી નથી એટલે તારી પરાધીન-દૃષ્ટિમાં સિદ્ધ પણ તને પરાધીન દેખાય છે; જગતમાં ક્યાંય સ્વાધીનતાને તું દેખી શકતો નથી. સિદ્ધ ભગવંતો પોતાના અસંખ્ય ચૈતન્યપ્રદેશોમાં સ્વાધીન-પણે જ રહ્યા છે; આકાશ આકાશમાં ને સિદ્ધ સિદ્ધમાં; બંને સ્વતંત્રપણે પોતપોતાના સ્વ-પ્રદેશોમાં જ રહ્યા છે. એ જ રીતે સ્વપર્યાયમાં તેઓ સ્વતંત્રપણે જ પરિણમી રહ્યા છે; કોઈ પણ પ્રકારે તેમનામાં પરાધીનપણું નથી. જો પરાધીનતા કહો તો તો સ્વાધીન પ્રભુતા ખંડિત થઈ જાય! આત્મા પ્રભુતાને લીધે પોતાની અખંડ પ્રતાપવંતી સ્વતંત્રતામાં શોભે છે. અરે, સિદ્ધમાંય જેને પરાધીનતા દેખાય, તે આત્માની પ્રભુતાને ક્યાંથી સાધી શકશે?

આત્મામાં કેવળજ્ઞાનની પ્રભુતા પ્રગટી; ત્યાં તે કેવળજ્ઞાનનું પરિણમન કેવળજ્ઞાનાવરણકર્મના પરમાણુને આધીન નથી. કેવળજ્ઞાનાવરણમાં ક્ષયરૂપ પરિણમન અને અહીં કેવળજ્ઞાનમાં ઉત્પત્તિરૂપ પરિણમન–એ બંને એકસાથે ભલે હો, પણ તેથી કાંઈ તે પુદ્ગલના પરિણમનને આધીન જીવના કેવળજ્ઞાનનું પરિણમન નથી. જો તેને આધીન હોય તો તો તેની જ સામે જોવાનું રહ્યું!

કેવળજ્ઞાનનું પરિણમન તો પોતાની જ્ઞાનશક્તિને આધીન છે, તે શક્તિની સન્મુખ જોતાં સ્વાધીનપણે કેવળજ્ઞાનપ્રભુતારૂપે આત્મા પરિણમી જાય છે.

ભાઈ, પ્રભુત્વશક્તિવાળા તારા સ્વભાવને લક્ષમાં લે તો તેમાં અજ્ઞાન કે કર્મ છે જ નહિ; એટલે તે નડે એ વાત રહેતી નથી. તારા સ્વભાવને લક્ષમાં લઈને પર્યાયમાં જે પ્રભુતા પ્રગટી તેની શોભા સ્વતંત્ર છે, તેને કોઈ પરાધીન કરે નહિ, તેના પ્રતાપને કોઈ તોડે નહિ.

જેમ સૂર્યને કોઈએ ફરિયાદ કરી કે અંધારું બહુ હેરાન કરે છે. ત્યારે સૂર્યે કહ્યું કે એ અંધારાને મારી પાસે લાવજે એટલે એનો ફેંસલો કરું! પણ સૂર્ય પાસે તે કાંઈ અંધારું આવતું હશે? તેમ અજ્ઞાની પર્યાયદૃષ્ટિથી કહે છે કે વિકાર છે ને પરાધીનતા છે; પણ જ્ઞાની કહે છે કે ભાઈ! તું તારા ચૈતન્યસૂર્ય પાસે જા તો ત્યાં વિકાર કે પરાધીનતારૂપી અંધારા રહે જ નહિ, એટલે કે સ્વભાવસન્મુખ જતાં પર્યાયમાં જ્ઞાનપ્રકાશ ખીલે ને વિકાર ટળી જાય. ખરેખર તો ત્યાં તે સમયે વિકાર છે જ નહિ એટલે તેને ટાળવાનું પણ નથી રહેતું. પોતાની અસ્તિમાં રહેલા અનંતગુણની નિર્મળતાનું જ વેદન છે.

સ્વસંવેદનથી આવા આત્માને અનુભવમાં લેતાં આત્મા પોતે સ્વતંત્ર-કર્તા થઈને પ્રભુતારૂપે પરિણમે છે, તેમાં રાગાદિનો અભાવ છે, કર્મનો અત્યંત અભાવ છે. એ જ પ્રમાણે પ્રભુતાના છએ કારકોરૂપે આત્મા સ્વયં થાય છે, ને તેમાં પરનો–વ્યવહારનો અભાવ છે.

અરે, આવી તારી પ્રભુતા! એને ચૂકીને તું વિષયોમાં મોહ્યો? તારી સ્વાધીનતાને ચૂકીને નિમિત્તની પરાધીનતામાં તું મોહ્યો? છ ખંડની વિભૂતિને ક્ષણમાં છોડવાની તાકાતવાળો તું, ને મારે પર વગર ન ચાલે એમ માનીને તું પરમાં મોહી રહ્યો છે! બાપુ! આ સન્તો તારી પ્રભુતા દેખાડે છે તેને અંતરમાં જો, એટલે તારી દીનતા મટી જશે. તારા જ્ઞાનની ને અનંતગુણની પ્રભુતાને રોકે એવી તાકાત જગતમાં કોઈમાં નથી. તારો જ્ઞાનધર્મ કે તારી કોઈ શક્તિ પરને આધીન જરાય નથી. તારી નિજસંપદાને તું ભૂલ્યો તેથી તારી દશા હણાણી અને તું કર્મને આધીન કહેવાયો. પણ નિજસંપદાને ઓળખીને તું તારી પ્રભુતા પ્રગટ કર તો તું સ્વતંત્ર છો.

જેમ લોકાગ્રે સિદ્ધાલયમાં સિદ્ધભગવંતો પોતાની પ્રભુતામાં સ્વાધીનપણે બિરાજી રહ્યા છે, કાંઈ ધર્માસ્તિકાયના અભાવને લીધે પરાધીનપણે તેમને ત્યાં રોકાઈ જવું પડયું–એવી પરતંત્રતા નથી: તેમ દરેક આત્મામાં પોતાની સ્વાધીન પ્રભુતા ભરેલી છે. તેને આ પ્રભુત્વશક્તિદ્વારા આચાર્યદેવે પ્રસિદ્ધ કરી છે.

આત્માની પ્રભુતા એવી અચિન્ત્ય, કે વિકલ્પ જેને તોડી ન શકે; જેમ સૂર્યમાં અંધકારનો પ્રવેશ નથી તેમ સ્વભાવ-સૂર્યમાં વિકલ્પનો પ્રવેશ જ નથી. એ સ્વભાવસૂર્યની પાસે જતાં મન તો પહેલાં મરી જાય છે, ત્યાં જડ-કર્મની શી વાત? પણ એ સ્વભાવમાં જવા માટે કોઈ અપૂર્વ પુરુષાર્થ હોય છે. જેમ રણે ચડેલો રાજપૂત છૂપે નહિ તેમ સ્વભાવના પુરુષાર્થની સરાણે ચડેલો આત્માર્થી છૂપે નહિ. ચૈતન્યહીરાને પુરુષાર્થની સરાણે ચડાવતાં તેમાં પ્રભુતાના અનંત પાસા ઝળકી ઊઠે છે. ત્યાં જ્ઞાનમાં રાગ વગરની સર્વજ્ઞતા પ્રગટે છે, શ્રદ્ધામાં ક્ષાયિકસમ્યક્ત્વરૂપ પ્રભુતા પ્રગટે છે,–એમ અનંત ગુણની પ્રભુતાના પ્રતાપને કોઈ રોકી શકે નહિ, તેમાં મલિનતા કરી શકે નહિ.

બહારમાં દેવ–ગુરુના સંયોગ અનંતવાર મળ્યા છતાં કેમ સમ્યગ્દર્શન ન થયું?–કે પોતે પોતાની પ્રભુતા પ્રગટ ન કરી માટે; સમ્યગ્દર્શન થવું તે કાંઈ દેવ–ગુરુને આધીન નથી પણ પોતાની પ્રભુતાને આધીન છે. પોતે સ્વ-સન્મુખ ન જોયું તેથી સમ્યક્ત્વ ન થયું. દર્શનમોહનો ઉદય હતો માટે ન થયું–એ તો નિમિત્તની વાત છે, ઉપચાર છે. ભાઈ, તારી પ્રભુતાને તું પ્રગટ કર, ને તારી શ્રદ્ધાપર્યાયની પ્રભુતાના એ પ્રતાપને દર્શનમોહ જીરવી શકે –એમ બને નહિ, તારી શ્રદ્ધાના પ્રતાપ પાસે તો દર્શનમોહ ભસ્મ થઈ જાય છે. શ્રદ્ધાપર્યાય પ્રગટે ને દર્શનમોહ ઊભો રહે એમ બને નહિ. તે પર્યાય સ્વતંત્રપણે શોભે છે. દ્રવ્યના મહિમાની જેમ તેની શ્રદ્ધા વગેરે પર્યાયો પણ એની એવી સ્વતંત્રતાથી શોભે છે કે તે રાગાદિ વ્યવહારના અભાવપણે પ્રકાશે છે; સાથે રાગાદિ વ્યવહાર હોય તોપણ તેના વડે તેનો પ્રતાપ ખંડિત થતો નથી. અરે, તારી નિર્મળપર્યાયમાં રાગાદિ વ્યવહારનો અભાવ છે ત્યાં કર્મની તો કયાં વાત! આવી અખંડ પ્રભુતાથી તું ભરેલો છો.

આત્માની પ્રભુતા તેના સર્વ ગુણોમાં વ્યાપક છે, એટલે સર્વે ગુણો સ્વતંત્ર પ્રભુતાથી શોભે છે. આત્મા આનંદરસથી ભરેલો ભગવાન, તેના

આનંદનો રસિયો થઈને અનુભવ કરતાં સ્વસંવેદનમાં જે અતીન્દ્રિય-આનંદ ચોથે-પાંચમે કે છઠ્ઠા વગેરે ગુણસ્થાને ઊછળે, તે આનંદમાં પોતાની પ્રભુતા છે, સ્વતંત્રતા છે. એ આનંદરસની પ્રભુતાના પ્રતાપને કોઈ તોડી શકે નહિ. અહા, આવી પ્રભુતાની પ્રતીત કરીને અનુભવ કરતાં આનંદરસના ઝરણાં ઝરે છે, જેમ પર્વતમાંથી શીતળ પાણીના ઝરણાં ઝરતા હોય છે (બાહુબલીની યાત્રાએ ગયા ત્યારે રસ્તામાં ઘણે ઠેકાણે એવા ઝરણાં આવતા હતા), તેમ મોક્ષના યાત્રિકને ચૈતન્યશક્તિના મોટા પર્વતમાંથી સ્વાનુભવના આનંદ-રૂપી પરમ શીતળ ઝરણાં ઝરે છે. પણ દૃષ્ટિ અંદર કરે તેને તે પ્રગટે. ભાઈ, તારો આત્મા પણ આવા સ્વાધીન આનંદના સમુદ્રથી ભરેલો છે, તારી દૃષ્ટિના દોષથી તને તે આનંદ દેખાતો નથી. માત્ર દૃષ્ટિ બદલાવ એટલી વાર છે! ચૈતન્ય બાદશાહને દૃષ્ટિમાં લઈને ધર્મી સ્વતંત્રપણે આત્માના આનંદનો સ્વાદ લ્યે છે, એ અતીન્દ્રિય-આનંદ જગતમાં બીજે ક્યાંય નથી. સમ્યગ્દર્શન પછી પણ બાહ્યવૃત્તિ આવે પણ તે બાહ્ય વિષયોના સંગના આકુળસ્વાદનો આત્માના આનંદના અનાકુળ સ્વાદમાં અભાવ છે—એમ ધર્મી જાણે છે; બીજી રીતે કહીએ તો ધર્મીને જે નિશ્ચય-પરિણતિ પ્રગટી તેમાં વ્યવહારનો અભાવ છે.—આવી પરિણતિવાળા આત્માને સાચો આત્મા (શુદ્ધ આત્મા) કહેવામાં આવે છે.

ત્રિલોકનાથ સર્વજ્ઞદેવે જાણેલો ને કહેલો આત્મા વીતરાગી સન્તો નિજવૈભવથી બતાવે છે. હે જીવ! અનંત ગુણનો તારો નિજવૈભવ તારા અસંખ્ય પ્રદેશમાં ભરેલો છે, તેને ખોલવાની આ વાત છે. અહા, શ્રદ્ધાના બળે જ્યાં શ્રદ્ધાની-જ્ઞાનની-આનંદની પ્રભુતા ખીલીને પરિણમનમાં આવી ત્યાં તેને પરાધીન કરે, રોકે કે મલિન કરે, એવી કોઈ ચીજ આ જગતમાં અસ્તિત્વ જ ધરાવતી નથી.

અહા, સત્‌નું આવું સ્વરૂપ જીવે યથાર્થપણે કદી સાંભળ્યું નથી. છે તો આ પોતાનુ જ સ્વરૂપ, એટલે સરલ છે, સુગમ છે; પણ જીવોને આવા સત્‌નું શ્રવણ મળવું અને તેની જિજ્ઞાસા જાગવી તે બહુ દુર્લભ છે. સત્ મળવા દુર્લભ છે, ને મળ્યા ત્યારે પોતે ધ્યાન આપ્યું નહિ-તો તેને શું લાભ? સન્તે કહ્યો તેવો સત્‌સ્વભાવ લક્ષમાં લ્યે, ત્યારે સત્ મળ્યા કહેવાય અહા! આવો આત્મા,-જેની પાસે ઇન્દ્રના ઇન્દ્રાસનના સુખ પણ તૃણવત્ લાગે,

તેને દૃષ્ટિમાં લેતાં અનંત ગુણોમાં જે સ્વતંત્રતાનું પરિણમન થાય તેની શોભા અને તેના આનંદ પાસે જ્ઞાનીને દુનિયાના સુખો તુચ્છ લાગે છે.

પ્રશ્નઃ—જો એમ છે તો સમ્યગ્દૃષ્ટિ-તીર્થંકરો (શાંતિનાથ વગેરે) શા માટે પરણ્યા?

ઉત્તરઃ—બાપુ, એટલો રાગનો ભાગ હજી બાકી હતો, પણ એમાં સુખ નહોતા માનતા, એને નિજશક્તિનું પરિણમન નહોતા માનતા, ચૈતન્યની પ્રભુતાના પરિણમનમાં તે વખતે જ તે રાગનો અભાવ વર્તતો હતો. ભાઈ, તું રાગને અને સંયોગને જ ન દેખ, માત્ર રાગને કે સંયોગને જોતાં તને જ્ઞાની નહિ ઓળખાય. રાગથી ને સંયોગથી અત્યંત પાર એવી વસ્તુ જ્ઞાનીની પક્કડમાં (શ્રદ્ધા–જ્ઞાન–અનુભવમાં) આવી ગઈ છે તેને તું ઓળખતાં શીખ. તો તને તારામાંય રાગનો ને સંયોગનો અભાવ દેખાશે ને અનંત શક્તિસમ્પન્ન આત્મા નિર્મળપણે તને અનુભવમાં આવશે. આવા અંતરના અનુભવ વડે જ અજ્ઞાનના અંધારા ઉલેચાશે, બાકી કોઈ પાવડા વડે (એટલે કે બાહ્ય ક્રિયાઓ વડે કે રાગ વડે) અજ્ઞાનના અંધારા ઉલેચાય નહિ.

આ શેની વાત છે? આ આત્માના જીવનની કથા છે; આત્માની ધર્મ-કથા છે. આત્માને ધર્મ કેમ થાય, તેનો વૈભવ કેવો છે ને તેને પરમેશ્વરપદ કેમ પ્રગટે તેની આ વાત છે. પોતાના સ્વરૂપની સાચી કથા પ્રેમપૂર્વક જીવે કદી સાંભળી નથી. તેથી શ્રી કુંદકુંદસ્વામી કહે છે કે— કામ-ભોગ-બંધનની કથા તો સર્વે જીવોએ અનંતવાર સાંભળી છે, પરિચયમાં લીધી છે ને અનુભવ કર્યો છે તેથી તે તો જીવોને સુલભ છે; પરંતુ પરથી ભિન્ન પોતાના એકત્વસ્વરૂપ આત્માની વાત તેણે કદી સાંભળી નથી, પરિચય કર્યો નથી ને અનુભવમાં લીધી નથી તેથી તે દુર્લભ છે. તારું તે એકત્વસ્વરૂપ આત્માના નિજવૈભવથી અમે અહીં દેખાડીએ છીએ તેને તું તારા સ્વાનુભવ વડે જાણજે.

ભગવાન પાસે ગયો ત્યાં તો આવી વાણીનો ધોધ છૂટતો હતો, પણ તે વખતે ભગવાન જે વિકલ્પ રહિત ચિદાનંદસ્વભાવ બતાવે છે તે વાત લક્ષમાં લઈને તેનું વેદન કર્યું નહિ, ને રાગની–પરાશ્રયભાવની મીઠાસ રાખીને તેનું જ વેદન કર્યું એટલે તે વખતે ય તેણે ખરેખર શુદ્ધાત્માની વાત ન સાંભળી, પણ રાગની જ વાત સાંભળી. ખરું શ્રવણ એને કહેવાય કે જેવું

શ્રવણ કર્યું તેવું વેદનમાં લ્યે. ભગવાન આત્મા સ્વાનુભવની સરાણ ઉપર ચડીને આનંદના પાસા પાડતો પરિણમ્યો ત્યાં તેના શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રની પ્રભુતાને કોઈ રોકી શકે નહિ; અખંડ પ્રતાપવાળી સ્વતંત્રતાથી તે શોભી ઊઠે. આત્માની પ્રભુત્વશક્તિને લીધે તેના બધાય ગુણોમાં પોતપોતાની પ્રભુતા છે. સ્વતંત્ર શાંતિને પ્રગટ કરે એવો આત્માનો સ્વભાવ છે, જે વિકૃતિ છે તેનો ખરેખર આત્માના સ્વભાવમાં અભાવ છે, ને તેના આશ્રયે જે પર્યાય થઈ તેમાં પણ વિકૃતિનો અભાવ છે. આ રીતે દ્રવ્ય–ગુણ તેમ જ નિર્મળ પર્યાય ત્રણેમાં અખંડ પ્રભુતા વ્યાપે છે, વિકારમાં પ્રભુતા નથી એનામાં તો તુચ્છતા છે.

પ્રભુતા નામનો એક ગુણ, તે ગુણનું કાર્ય શું ? કે બધા ગુણોને સ્વતંત્રતાથી શોભાવવા તે પ્રભુતા ગુણનું કાર્ય છે. આવી પ્રભુતાવાળા પરમેશ્વરને નજરમાં લેતાં અનંત ગુણની પર્યાયમાં નિર્મળતારૂપ પ્રભુતા પ્રગટે તે પ્રભુત્વગુણનો લાભ છે.

'તરણાં ઓથે ડુંગર રે....ડુંગર કોઈ દેખે નહિ'–તેમ આ આત્મા અનંત ગુણના મહિમાથી ભરેલો મોટો ચૈતન્યડુંગર, તે વિકલ્પરૂપ તરણાંની ઓથે અજ્ઞાનીને દેખાતો નથી. તરણાં જેવો જે રાગ–વિકલ્પ, તેના કર્તૃત્વમાં અટકી ગયેલો જીવ તેની પાછળના આખા ચૈતન્ય–પહાડને દેખતો નથી. જેમ તરણું ભલે નાનું, પણ જો બરાબર આંખમાં જ વચ્ચે આવે તો મોટા પહાડને પણ દેખી શકાય નહિ; તેમ વિકલ્પરૂપી તરણાંને જ્ઞાનચક્ષુ સાથે જે એકમેક કરે છે તે જીવ અંતરમાં અનંતગુણના ચૈતન્યપહાડને દેખી શકતો નથી.

ભાઈ, તું તો ઉપયોગસ્વરૂપ છોને ! તારા ઉપયોગને અંદરના નિજગુણમાં વાળ તો તારો વેપાર સાચો થાય ને તને નિર્મળતાનો લાભ થાય. નિજગુણની નિર્મળતામાં વર્તવારૂપ વેપાર કરે તે સાચો વેપારી; ને સ્વ-વીર્યવડે નિજગુણની રક્ષા કરે તે સાચો ક્ષત્રિય; જેણે આત્માને જાણીને સ્વગુણની રક્ષા કરી, વિકારવડે આત્માને હણાવા ન દીધો તે દરેક જીવ ક્ષત્રિય છે. વ્યવહારથી પણ તીર્થંકરો તો ક્ષત્રિયકુળમાં જ અવતરે, વાણીયા–બ્રાહ્મણના કુળમાં ન અવતરે એવો કુદરતનો નિયમ છે. પરમાર્થમાં તો વીરતાવડે સ્વગુણની રક્ષા કરે તે ક્ષત્રિય, ને બ્રહ્મસ્વરૂપ–આનંદસ્વરૂપ આત્માને

જે સેવે તે બ્રાહ્મણ. અહા, તીર્થંકરોની વીરતાની શી વાત ! એમની તો એકેક વાત અલૌકિક હોય છે. એ તો કેવળજ્ઞાન પ્રગટ કરવાની વીરતા લઈને આવ્યા છે,–જાણે વીર્યના પૂતળાં ! મહા તેજસ્વી ને શાંતરસ જાણે નીતરતો હોય એવી જેની મુદ્રા ! સો ઇન્દ્રો જેની સેવા કરે. એ ભગવાન જ્યારે કેવળજ્ઞાન પામે ને આકાશમાં પાંચહજાર ધનુષ ઊંચે ચાલે, ત્યારે તો જાણે સર્વજ્ઞતાનો એકલો શીતળ રસ ! જેમના દેહના પરમાણુ પણ પલટીને પરમ-ઔદારિક ને શાંત–શાંત થઈ ગયા, એની અંદરની શીતળતાની શી વાત !! અહીં તો કહે છે કે જેવી પ્રભુતા એ પ્રભુને પ્રગટી તેવી જ પ્રભુતા તારામાં ભરી છે. અંદર ભરી છે તો પ્રગટે છે. અંદર પોતામાં પ્રભુતા ન હોય તો પ્રગટશે ક્યાંથી ? શું બહારથી આવશે ? નહિ. હે જીવ ! તારામાં તારી પ્રભુતા ભરેલી છે, તેને તું દેખ તો ખરો. જેમ કુવામાં ઊંડી ડુબકી મારીને તેના તળિયાનો તાગ લાવે છે તેમ દૃષ્ટિની ગુલાંટ મારીને અંદરના ચૈતન્યસમુદ્રમાં પડ ને એના અતીન્દ્રિય આનંદનો તાગ લાવ. સ્વભાવવીર્યને ઉલ્લસાવ. વીર્યહીન જીવને એમ લાગે કે અરેરે, આવો આત્મા ! એ તે કેમ હાથ આવતો હશે !! આપણે તો શુભરાગ કરીએ !–એમ રાગની રુચિ આડે તે નામર્દને સ્વભાવનો ઉત્સાહ જ ચડતો નથી. વિકલ્પ વગરનું ચૈતન્યતત્વ તેના લક્ષમાં આવતું નથી, તેને તો વિકલ્પવાળું જ ચૈતન્યતત્ત્વ ભાસે છે. આત્માર્થી હોય તે તો પોતાની પ્રભુતા સાંભળતાં ઉલ્લસી જાય કે વાહ ! મારા ચૈતન્યની પ્રભુતામાં વિકલ્પને અવકાશ જ ક્યાં છે ! વિકલ્પ તરફનો ઉત્સાહ તૂટીને સ્વભાવ તરફ તેનું વીર્ય ઊછળે છે; પ્રભુતા તરફના પુરુષાર્થનો ઉત્સાહ પ્રગટ કરીને તે વિકલ્પથી ભિન્ન ચૈતન્યતત્ત્વને અનુભવે છે, ચૈતન્યમાં ઊંડો . ઊંડો ઊતરીને અતીન્દ્રિયસુખનો તાગ લ્યે છે. જેમ પુત્રને દેખતાં અતિશય હેતને લીધે તેની માતાને દૂધની ધારા છૂટે તેમ પોતાની પ્રભુતાનો જેને પરમ પ્રેમ છે તેને તેની વાત સાંભ-ળતાં હેત ઊભરાય છે ને અંતરમાંથી ચૈતન્યના આનંદરસની ધારા છૂટે છે. રોમ રોમ ઉલ્લસે છે એટલે કે સર્વે ગુણોમાં પ્રદેશેપ્રદેશે અનુભવરસની ધારા ઉલ્લસે છે. આત્માની પરિણતિ પોતે પોતાના ગુણની સેવા કરીને તેને સેવે છે, સ્વગુણની સેવના વડે નિર્મળપર્યાય ઉત્પન્ન થાય છે.

અરે પ્રભુ ! તારા ગુણના મહિમાની વાત તેં સાંભળી નથી. એનો પ્રેમ ને એનો ઉલ્લાસ કદી તને જાગ્યો નથી, તો તેનો અનુભવ ક્યાંથી થાય ? આત્માની પ્રભુતામાં એવો અદ્ભુત રસ છે કે તેના રસમાં એકાકાર થતાં

વિકલ્પ રહે નહિ, પર્યાય દ્રવ્યમાં એવી લીન થઈ જાય કે દ્વૈતપણું રહે નહિ, રાગની રુચિ રહે નહિ; ચૈતન્યરસની સન્મુખ જોતાં જ રાગ તો કયાંક અલોપ થઈ જાય છે. અરે, ઘરમાં ઝવેરાતનો દાગીનો નવો આવે ત્યાં તો કેવો પ્રસન્ન ને ઉલ્લસિત થાય છે! તો અનંત ગુણરત્નોથી જડેલો આ મોટો ચૈતન્ય-દાગીનો તારી પાસે જ છે ને સન્તો તને તે દેખાડે છે તેની પ્રાપ્તિનો તો ઉત્સાહ કર; તેના પ્રત્યે મહા ઉલ્લાસ અને પ્રસન્નતા કર. અહો, અનંતગુણનો રાશિ આત્મા, જેના એકેક ગુણ-રત્નમાં એવું અનંત સામર્થ્ય કે ત્રણલોકના વૈભવવડે પણ જેની તૂલના ન થઈ શકે. આકાશની અનતતા કરતાંય જેના ભાવનું સામર્થ્ય અનંતગણું,-તેની પ્રભુતાની શી વાત!

પ્રભુતા એટલે મોટાઈ, અથવા પ્રભુતા એટલે શોભા! આત્માની મોટાઈ કે શોભા રૂપાળા દેહવડે નથી, રાગ વડે પણ નથી, પણ પોતાના નિજગુણોના નિર્મળ કાર્યવડે જ આત્માની પ્રભુતા ને શોભા છે. ભગવાન! આ તારી પ્રભુતાનો દરબાર જો તો ખરો! તાર ચૈતન્યદરબારમાં કેવા કેવા અમૂલ્ય રાજ-રત્નો (ગુણ-રત્નો) બિરાજે છે તેને દેખ!-તો બહારનો બધોય મહિમા ઊડી જશે. જેમ ચક્રવર્તીના ભંડારમાં તો મોટા કિંમતી રત્નો ને નિધાન ભર્યા હોય, કે જેને ખોલતાં કદી ખૂટે નહિ; છતાંય એ તો ક્ષણિક છે ને એ કાંઈ જીવને સુખ આપી શકતા નથી; પણ આ ચૈતન્યચક્રવર્તીના ભંડારમાં અનંતગુણના એવા નિધાન ભર્યા છે કે જે કદી ખૂટે નહિ, જેનો કદી વિયોગ થાય નહિ, જેને કોઈ લૂંટી શકે નહિ, અને જેને દેખતાં પરમ સુખ થાય. સ્વાનુભવરૂપી શ્રુત-ગંગાના કિનારે નવક્ષાયિકલબ્ધિના પરમ નિધાન પડ્યા છે. અહા, પોતામાં ભરેલા પોતાના નિધાનને દેખતો નથી ને બહારનાં જડ-નિધાનનો મહિમા કરે છે. પ્રભુ હોવા છતાં પોતે પોતાને પામર માની રહ્યો છે, ને કર્મે મને મારી નાખ્યો એમ રાડ પાડે છે. અરે બાપુ! કર્મનું નામ-નિશાન તારામાં નથી, એ તે તને શું કરશે? તારામાં તો તારી પ્રભુતા ભરી છે. તારી પ્રભુતાને સંભાળીને એકવાર શ્રદ્ધાનો સિંહનાદ કર ત્યાં તો, જેમ સિંહ પાસે હરણીયાં ભાગે તેમ, આઠે કર્મો ભાગી જશે ને તારી પ્રભુતા પ્રગટ થશે. વીર થઈને વીરના માર્ગને સાધ.

'સર્વદમન'ની વીરતાની વાત પ્રસિદ્ધ છે કે તે નાનો હતો ત્યારે એક-વાર સિંહના બચ્ચાંને રમતાં રમતાં હાથમાં ઉપાડયું; સિંહણ પાસે જ ઊભી

ઊભી આંખ ફાડીને જોઈ રહી હતી; પણ આણે તો નિર્ભયપણે સિંહના બચ્ચાંનું મોઢું ઝાલીને કહ્યું કે 'ઉઘાડ તારું મોઢું, મારે તારા દાંત ગણવા છે!' જુઓ, લૌકિકમાંય કેટલી હિંમત! તેમ અહીં 'સર્વદમન' એવો આત્મા સર્વે કર્મોનું દમન કરવા જાગ્યો તે ચૈતન્યની વીરતાથી કહે છે કે–દૂર જા કર્મ, મારામાં તારો અભાવ છે. ચૈતન્યમાં વળી કર્મ કેવા? ચૈતન્યને સાધવા નીકળ્યા એ તો કાંઈ કર્મથી ડરતા હશે?–એ તો કર્મના નાશક છે.

પોતાની સર્વશક્તિને સંભાળતો આ ચૈતન્યસિંહ જાગ્યો ત્યાં શું રાગ કે કર્મ તેની સામે ટકી શકતા હશે! આત્મા પોતાના પુરુષાર્થથી જાગ્યો ત્યાં તેના અખંડ પુરુષાર્થને કોઈ ખંડિત કરી શકે નહિ. જેમ સિદ્ધભગવાન સંપૂર્ણ સ્વતંત્ર થઈ ગયા છે, અંશમાત્ર પરતંત્રતા તેમને નથી, તેમ નીચે સિદ્ધપદના સાધકને પણ સ્વલક્ષે સ્વાધીન પ્રભુતા પરિણમી રહી છે, અને તેને જ આત્મા કહીએ છીએ. જે પરલક્ષી વિકારપરિણમન છે તે ખરેખર આત્મા નથી.

આ ભરતક્ષેત્રમાં ત્રણ ખંડ આ બાજુ છે ને ત્રણ ખંડ સામી બાજુ છે,–વચ્ચે મોટો વિજયાર્દ્ધ પર્વત છે, તેમાં મોટી ગૂફા છે. જ્યારે આ તરફના ત્રણ ખંડ જીતીને અર્ધો વિજય કરી લીધો ત્યારપછી સામેના ત્રણ ખંડ જીતવા માટે ચક્રવર્તીનું સૈન્ય આ ગૂફામાંથી પસાર થાય છે. અસંખ્ય વર્ષથી તે ગૂફાના દ્વાર બિડાયેલા હતા તે ચક્રવર્તીના સેનાપતિ દંડરત્નવડે પ્રહાર કરીને જ્યારે ખોલે છે ત્યારે તેમાંથી ભયંકર ગરમ હવા છૂટે છે, ને તેનાથી બચવા તેનો અશ્વ બાર યોજન (લગભગ સો માઈલ)ની છલાંગ મારે છે! તેમ અહીં આ ચૈતન્યચક્રવર્તી અનાદિકાળથી બંધ રહેલા પોતાના ચૈતન્ય-નિધાનને ખોલવા તૈયાર થયો છે, કષાયોની કલુષતાથી બચવા તે પોતાના જ્ઞાનગગનમાં છલાંગ મારે છે. નિરાલંબી જ્ઞાનગગનમાં આત્મા ઊડ્યો તેને હવે પરભાવો સ્પર્શી શકે નહિ. પં. બનારસીદાસજી સમયસાર-નાટકમાં કહે છે કે જેને સમયસારના પક્ષ રૂપી પાંખ છે એટલે કે શુદ્ધાત્માનો જે 'પક્ષી' છે તે નિરાલંબી જ્ઞાનગગનમાં ઊડે છે; ને આનાથી વિપક્ષી છે તે જગતની જંજાળમાં રૂલે છે.

એકવાર મોહને તોડીને ચૈતન્ય-ગૂફાના દ્વાર ખોલ્યા તે ફરીને કદી બિડાય નહિ, કેવળજ્ઞાનાદિ નવ નિધાન પ્રગટ્યા તે ફરીને કદી જાય નહિ.

પછી તે ગૂફામાં આગળ જતાં નિમગ્ના ને ઉન્મગ્ના એવી બે નદીઓ આવે છે; 'નિમગ્ના' એટલે ચૈતન્યગૂફામાં નિજવૈભવને સાધતો આત્મા પોતાની પરિણતિને ચૈતન્યપ્રવાહમાં ડુબાડીને નિમગ્ન કરે છે એટલે કે લીન કરે છે; ને 'ઉન્મગ્ના' એટલે પરભાવોને ઉછાળીને પોતાની બહાર કાઢી નાંખે છે. એ રીતે છ કારકની સ્વાધીનતા વડે શોભતા એવા ચૈતન્યનિધાનરૂપ ચક્રવર્તીપદને તે સાધે છે.

હે જીવ! તારામાં પ્રભુ થવાનો સ્વભાવ છે; પામર કે દીન રહેવાનો તારો સ્વભાવ નથી. આવી પ્રભુતાને ભૂલીને મૂઢતાથી તેં રાગ વડે લાભ માન્યો છે. પણ ભાઈ, તારી સ્વતંત્ર પ્રભુતામાં રાગની મદદ કેવી? પ્રભુતાને પ્રતીતમાં લેતાં રાગનું અવલંબન રહેતું નથી. આ રીતે અનંતગુણની પ્રભુતાના સ્વતંત્ર પરિણમનથી શોભતી પર્યાય પ્રગટ થઈ તે પર્યાય સહિત આત્મા શોભી ઊઠ્યો તેને જ ખરો આત્મા કહેવાય છે ને આવી પ્રભુતાવાળા આત્માને દૃષ્ટિમાં લેવો તે સમ્યગ્દર્શન છે. સમ્યકત્વ થતાં પ્રભુતા ખીલવા માંડે છે.

*　　*　　*

સમયસારમાં આચાર્ય ભગવાને આત્માને 'જ્ઞાનમાત્ર' કહીને ઓળખાવ્યો છે. જ્ઞાનમાત્ર કહેવા છતાં એકાન્ત થઈ જતો નથી કેમકે જે 'જ્ઞાનમાત્રભાવ' પોતે અનંતશક્તિથી ભરેલો છે તેથી તેને સ્વયમેવ અનેકાન્તપણું પ્રકાશી રહ્યું છે. સ્વાનુભૂતિમાં ધર્મીને જે જ્ઞાનસ્વરૂપ આત્મા પ્રસિદ્ધ થયો તે કેવો છે? તેનામાં અનંતા ધર્મો કેવા છે? તેનું આ વર્ણન ચાલે છે.

સિદ્ધ ભગવાન જેવી અનંતી શક્તિઓ આત્મામાં ભરી છે, પણ ઓળખાણ વગર એને એની કિંમત નથી. જેમ કોઈ માણસ પોતાને ગરીબ માનીને બીજા પાસે ભીખ માંગે છે; એના ઘરમાં મહા કિંમતી રત્ન છે પણ ઓળખાણ વગર એને એની કિંમત નથી; તે કોઈ શેઠ પાસે ભીખ માંગવા ગયો; ત્યારે તેની પાસે રહેલા રત્નનો પ્રકાશ દેખીને શેઠ આશ્ચર્ય પામ્યા ને કહ્યું કે ભાઈ! તું ભીખ ન માંગ, તું ગરીબ નથી; જો, તારી પાસે આ રત્ન છે ને, તે મહા કિંમતી છે. આ મારે ત્યાં સોનામહોરોની એક હજાર વખારું ભરી છે, તે બધી તું લે ને આ રત્ન મને દે.—આવું ઊંચું રત્ન તારી પાસે છે, માટે ભીખ ન માંગ.

એ સાંભળતાં જ તે માણસ આશ્ચર્ય પામ્યો. પોતાની પાસે આવું રત્ન છે તે જાણીને તે આનંદિત થયો. શેઠનો ઉપકાર માનીને તે કહેવા લાગ્યો કે અહો, આ રત્ન તો મારા ઘરમાં કેટલાય વખતથી પડ્યું છે. પણ મને તેની કિંમતની ખબર ન હતી તેથી અત્યાર સુધી મેં ભીખ માંગી. પણ હવે તેનું ભાન થયું ને દીનતા ટળી.–આ દૃષ્ટાન્ત.

તેમ આ આત્મા ચૈતન્યરત્નાકર છે. અનંતા ગુણરત્નો તેમાં ભર્યા છે; જેના એકેક પાસાની (એકેક નિર્મળપર્યાયની) અપાર કિંમત છે,–દુનિયાના વૈભવવડે પણ જેની તૂલના થઈ ન શકે એવા અનંતા રત્નોથી ભરેલો ભગવાન આત્મા જગતનું શ્રેષ્ઠ મહા રત્ન છે. પણ અજ્ઞાની પોતાને દીન માનીને સંયોગ પાસે ને પુણ્ય પાસે ભીખ માંગે છે; એના ઘરમાં મહા કિંમતી ગુણો ભર્યા છે પણ ઓળખાણ વગર એને એની કિંમત નથી, તેથી પુણ્યની ને સંયોગની મહત્તા માનીને તેની પાસે ભીખ માંગતો (તેના આશ્રયે મોક્ષસુખ મળશે એમ માનતો) ચાર ગતિમાં ભમે છે. કોઈ વાર 'શ્રેષ્ઠ' એવા જ્ઞાની પાસે ગયો ત્યારે જ્ઞાનીએ તેના ગુણ બતાવીને તેને કહ્યું કે રે જીવ! તું બહારમાં ન ભમ; તું પામર નથી, તું શરીર જેટલો કે વિકાર જેટલો નથી; તારું ચૈતન્યરત્ન મહા કિંમતી છે. ત્રણ જગતનો વૈભવ જેની તૂલના ન કરી શકે એવો તારો અપાર વૈભવ છે; વાણીથી તે કહી શકાતો નથી, વિકલ્પ વડે એને વેદી શકાતો નથી, અંતર્મુખ જ્ઞાનવડે જ એ અનુભવમાં આવે છે. અનુભવમાં આવે પણ વાણીમાં ન આવે એવો તારો અતીન્દ્રિય વૈભવ છે. માટે દીનતા છોડીને આ તારા આત્મવૈભવને દેખ.

આ સાંભળતાં મુમુક્ષુ જીવ આશ્ચર્ય પામીને સ્વસન્મુખ જુએ છે, પોતાના આત્મામાં આવો વૈભવ છે–તે જાણીને તે આનંદિત થાય છે; ને જ્ઞાની-મહાત્માનો ઉપકાર માને છે કે અહો! આત્માનો આવો સ્વભાવ તો અનાદિથી જ હતો, મારામાં જ હતો, પણ મને તેની કિંમતની ખબર ન હતી તેથી અત્યારસુધી હું બહારમાં ભટક્યો. હવે ભાન થતાં દીનતા ટળી ને પ્રભુતા પ્રગટી.

અરે જીવ! તું શરીરની અનુકૂળતામાં કે માનની મીઠાશમાં આખો અર્પાઈ જાય છે પણ ભાઈ! તારા અનુભવના અતીન્દ્રિય આનંદ પાસે ચૌદ બ્રહ્માંડ પણ ડુલી જાય–એવો તું છો. ઈન્દ્રો–ચક્રવર્તીઓ વગેરે બધાયના

ત્રણકાળના ઇન્દ્રિયસુખ ભેગા કરવામાં આવે તોપણ તારા એક સમયના અતીન્દ્રિય આનંદના સ્વાદ પાસે એની કાંઈ જ કિંમત નથી. આવો આત્મા મહા ચૈતન્યરત્ન, દેહથી ભિન્ન, રાગથી પાર, જ્ઞાયકભાવરૂપ છે. કરોડો-અબજો રૂપિયાની કિંમતનો હીરો હોય-પણ તેની કિંમતનો કરનાર કોણ? એની કિંમત કરનાર તો જ્ઞાન છે;-તો બધાની કિંમત કરનાર એવા તારા જ્ઞાનની કાંઈ કિંમત ખરી? તારા જ્ઞાનની કિંમત તેં કદી કરી? જેમ મૂર્ખ ભરવાડે હીરો બકરીના કાને બાંધ્યો, તેમ અજ્ઞાની-મહામૂર્ખ પોતાના ચૈતન્યહીરાને દેહની ક્રિયા સાથે તથા રાગરૂપી બકરી સાથે બાંધે છે. ભાઈ, ચૈતન્યહીરામાંથી તો સર્વજ્ઞતાનો દિવ્ય પ્રકાશ ખીલે. સર્વજ્ઞતાના અચિંત્ય સામર્થ્યની શી વાત? ત્રણ કાળ-ત્રણલોકને જાણી લેવા એ તો જેને રમત માત્ર છે; તેનાથી પણ અનંતગણું જેનું સામર્થ્ય છે.—

તે સર્વજ્ઞાની-દર્શી પણ નિજ કર્મરજ-અચ્છાદને,
સંસારપ્રાપ્ત ન જાણતો તે સર્વ રીતે સર્વને.

સર્વજ્ઞતાના પિંડરૂપ ચૈતન્યરત્નના મહા સ્વાદને કેવળીભગવાન વેદે છે પણ વાણીમાં તેનું કથન પૂરું નથી આવતું. આવો સ્વભાવ અત્યારે જ આ દરેક જીવમાં વર્તી રહ્યો છે. પણ પોતે પોતાના સ્વભાવની પરીક્ષા કરીને ઓળખાણ કરતો નથી. દુનિયામાં પારકી પરીક્ષા કરવા રોકાયો પણ પોતાના આત્મામાં કેવું બેહદ સામર્થ્ય છે તેની પરીક્ષા કરવાની દરકાર ન કરી. અરે ભાઈ! પરમ મહિમાવંત તારા આત્માને તેં વિકલ્પની આડમાં સંતાડી દીધો. વિકલ્પના મહિમા આડે અનંતગુણના દરિયાને તું ભૂલી ગયો. નિજગુણના નિધાનને તું ભૂલ્યો ને પારકા માલને (દેહાદિને તથા રાગાદિને) તારામાં માનીને તેં ચોરી કરી. ચોર કોણ? કે સ્વશક્તિને ગોપવે ને પરને પોતાનું માને તે ચોર.

અરે પ્રભુ! એક રાગના પરિણામમાં તું અર્પાઈ જાય છે, પણ સો-સો ઈન્દ્રો ભક્તિથી જેને પૂજે છે એવા તીર્થંકર ભગવાન ધર્મસભામાં દુંદુભીના દિવ્યનાદ વચ્ચે કહે છે કે તું પ્રભુ છો, અમારા જેવા જ તારા ચૈતન્યનિધાન અનંત ગુણથી ભરપૂર છે. એકેક ગુણનું અપાર માહાત્મ્ય છે, ને તેમાં રાગાદિનો અભાવ છે.

1. તારી જીવત્વશક્તિ અપાર મહિમાવાળી, કે જે રાગ અને ઇન્દ્રિયો વગર આત્માને જીવાડે.

2. તારી ચિતિશક્તિ અપાર મહિમાવાળી, કે જે જડને કે વિકારને ચૈતન્ય સાથે કદી તન્મય થવા ન દે.

3–4. તારી દશિશક્તિ ને જ્ઞાનશક્તિ અપાર મહિમાવાળી, કે જે સર્વદર્શિતા ને સર્વજ્ઞતા આપે.

5. તારી સુખશક્તિ અપાર મહિમાવાળી, કે જે અત્યંત અનાકુળતાનું વેદન આપે.

6. તારી વીર્યશક્તિ અપાર મહિમાવાળી, કે જે પોતાના નિર્મળ સ્વરૂપને રચે.

7. તારી પ્રભુત્વશક્તિ અપાર મહિમાવાળી, કે જે અખંડિત પ્રતાપવંતી સ્વતંત્રતાથી આત્માને શોભાવે.

અહા, આવા અનંત-અનંત સ્વભાવોથી ભરેલા તારા અપાર મહિમાની શી વાત ? વચનથી તો કેટલુંક કહેવાય ? સર્વાર્થસિદ્ધિના સમ્યગ્દૃષ્ટિ-એકાવતારી દેવો પણ ૩૩ સાગરોપમના અસંખ્યાતા વર્ષો સુધી ચર્ચા કરવા છતાં જેનો મહિમા પૂરો કરી ન શકયા એ તત્ત્વનો મહિમા સ્વાનુભવમાં સમાય છે. એક સમય જેનો અનુભવ કરતાં સંસાર આખો છૂટી જાય–એવા આનંદનો પૂંજ આ આત્મા છે. તારો આનંદ તારામાં છે. આનંદથી ભરેલા તારા આત્મામાં સંસાર નથી–દુઃખ નથી, એટલે તેની સન્મુખ થઈને અનુભવ કરતાં સંસાર અને દુઃખ ટળી જાય છે ને આનંદ પ્રગટે છે. માટે કહે છે કે “અરે જીવ ! તને કયાંય ન ગમે તો તારા આત્મામાં ગમાડને ! આત્મામાં આનંદ ભર્યો છે એટલે ત્યાં જરૂર ગમે તેવું છે.”

‘મારો તો આનંદ છે ને મારું તો જ્ઞાન છે’ એને બદલે ‘મારો દેહ ને મારા પૈસા’ એ માન્યતા જ દુઃખ છે. પરદ્રવ્ય મારું છે એવી મિથ્યાભ્રમણા જીવને અંતર્મુખ થઈને પોતાના આનંદનું વેદન કરવા દેતી નથી. ‘સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે–લેશ એ લક્ષે લહો’ એમ શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે તેનો અર્થ એ છે કે–ભાઈ, સુખ તો આત્મામાં છે; તેને ન માનતાં સ્ત્રી-પૈસા-મોટાઈ વગેરેમાં તેં સુખ માન્યું તો તેમાં તારા સુખનો અનાદર

થઈ જાય છે એટલે તારું સાચું સુખ તને વેદનમાં આવતું નથી. માટે તારા અંતરમાં જ નિર્દોષ આનંદ (રાગ વગરનો આનંદ) ભર્યો છે તેને તું જાણ. જડમાં સુખ ન હોય, પણ તું તો ચૈતન્ય છોને! ચૈતન્ય તે કદી સુખ વગરનું હોય? નહિ: ચૈતન્ય તત્ત્વ તો સદાય આનંદથી ભરેલું છે. આત્મા સુખથી ભરેલો છે ને જડ-શરીર તો સુખથી ખાલી છે. ચૈતન્યનું પરિણમન શ્રદ્ધા, આનંદ, પ્રભુતા વગેરે અનંત વૈભવથી ભરેલું છે, એવો વૈભવ રાગમાં કે જડમાં ક્યાંય અંશમાત્ર નથી.

અહા, સર્વોત્કૃષ્ટ તત્ત્વ આત્મા, તેની સન્મુખ થઈને જ્ઞાન પરિણમે ત્યારે આત્માની સાચી કિંમત કરી કહેવાય. આત્માથી વિમુખ રહીને આત્માની સાચી કિંમત કેમ થઈ શકે?

રત્ન અમુક પ્રકારનું હોય તો ઊંચું, હાથી-ઘોડા અમુક જાતના સારા, ચોખા બાસમતીના સારા, ઘી આવું હોય તો સારૂં, કાપડ તો અમુક પ્રકારનું સારૂં,-એમ બધી વસ્તુની પરીક્ષા કરે છે, પણ આત્મા કેવો હોય તો સારો? એનો તો વિચાર કર. શું દેહ સુંદર હોય તો આત્મા સારો?-કે ના; શું રાગવાળો આત્મા સારો?-ના; આત્મા આનંદનું ધામ છે, તેનું પરિણમન કરે તે આત્મા સારો, તે શ્રેષ્ઠ, એનાથી ઊંચી જગતમાં કોઈ વસ્તુ નથી. ('न खलु समयसारात् उत्तरं किंचिदस्ति')

રાગથી, પુણ્યથી, દેહથી, સમવસરણાદિથી આત્માનું સારાપણું-શ્રેષ્ઠપણું-પૂજ્યપણુ નથી, આત્માનું સારાપણું પોતાના ગુણના નિર્મળ પરિણમનથી જ છે, સમન્તભદ્ર સ્વામીએ સર્વજ્ઞદેવની મહા સ્તુતિ કરતાં કહ્યું છે કે હે સર્વજ્ઞદેવ! આપનું પરમ ઔદારિક શરીર, આ સમવસરણની અદ્ભુત વિભૂતિ, આકાશમાં ગમન, દેવોનું આગમન-એ બધા સંયોગને કારણે કાંઈ આપ અમારા મનને મહાન નથી, પરંતુ સર્વજ્ઞતા ને વીતરાગતા પ્રગટ કરીને આપે અમને મોક્ષમાર્ગ બતાવ્યો તેથી આપ મહાન છો, આપના ગુણની પવિત્રતા વડે આપ મહાન છો, ને અમને તે ગુણ ગમ્યા છે તેથી અમે આપની સ્તુતિ કરીએ છીએ.-આમ ગુણની ઓળખાણપૂર્વકની સ્તુતિ તે સાચી સ્તુતિ છે. કુંદકુંદસ્વામી પણ કહે છે કે સ્વસન્મુખ થઈને તું તારી પ્રભુતાને ઓળખ ત્યારે તેં સર્વજ્ઞની ઓળખાણ અને સ્તુતિ કરી કહેવાય.

અનંતગુણનો ઢગલો ભગવાન આત્મા કેવો છે તેની પ્રભુતાનું આ વર્ણન ચાલે છે.

અનંતગુણનો પૂરો વૈભવ આત્મામાં ભર્યો છે. તેથી આત્મા જ 'પરમેશ્વર' છે. જ્ઞાનાદિ પરમ-ઐશ્વર્ય પરમવિભૂતિનો સ્વામી ને પરમેશ્વર છે. સમયસાર ગા. ૩૮માં શિષ્ય કહે છે કે હું મારા પરમેશ્વર આત્માને ભૂલી ગયો હતો, હવે વિરક્ત ગુરુએ તે મને કૃપા કરીને સમજાવ્યો, તેનો અનુભવ કરીને હું સમ્યક્ પ્રકારે એક આત્મારામ થયો . જુઓ, જ્ઞાન થયું ત્યાં ખબર પડી કે મારો પરમેશ્વર હું છું. मेरो प्रभु नहीं दूर दिसंतर, मोहिमें है मोहे भासत नीके—પં. બનારસીદાસજી કહે છે કે લોકો પ્રભુને બહારમાં ઢૂંઢે છે, પણ મારો પ્રભુ કોઈ દૂર-દેશાંતરમાં નથી, એ તો મારામાં જ છે ને સ્વાનુભવથી મને સ્પષ્ટ દેખાય છે.

અરિહંતોને જે પ્રભુતા પ્રગટી તે ક્યાંથી પ્રગટી? આત્મામાં હતી તે જ પ્રગટી, કાંઈ બહારથી નથી આવી. સ્વભાવથી આ આત્મા પણ અરિહંત જેવો જ છે, અરિહંતના આત્મામાં ને આ આત્મામાં પરમાર્થે કાંઈ ફેર નથી. અરિહંતદેવ આવા આત્માને જોઈને અને વેદીને કહે છે કે હે જીવો! તમારા આત્મામાંય આવી જ પ્રભુતા ભરી છે . તેની સન્મુખ જુઓ ... તો તમને પણ આવી પ્રભુતા પ્રગટશે ને આત્મા સ્વાધીન સ્વતંત્રતાના અખંડ પ્રતાપથી શોભી ઊઠશે. એ સિવાય નરેન્દ્રપદમાં કે ઇન્દ્રપદમાં આત્માની ખરી શોભા નથી. આત્મા તો પોતાના અનંતગુણનો સ્વામી 'ગુણેન્દ્ર' છે. આત્માની પ્રભુતાનો પ્રતાપ તેના અનંતગુણોની નિર્મળતામાં ફરી વળ્યો છે, એના પ્રતાપને કોઈ તોડી ન શકે. જેણે પોતાની આવી પ્રભુતાને દૃષ્ટિમાં લીધી તેને જગતમાં કાંઈ વિઘ્ન છે જ નહિ.

જેમ ચંદનમાં સુગંધ છે, ગોળમાં મીઠાશ છે, પુણ્ય-પાપમાં આકુળતા છે, તેમ આત્મામાં જ્ઞાન-સુખ ને પ્રભુતા છે. આવા આત્માને જાણીને અનુભવમાં પ્રસિદ્ધ કરવો તેનું નામ મોક્ષમાર્ગ અને ધર્મ છે. બહારના સંયોગથી કે આબરૂથી કાંઈ આત્માની પ્રસિદ્ધિ નથી, રાગમાંય આત્માની પ્રસિદ્ધિ નથી, આત્માની પ્રસિદ્ધિ તો પોતાના અનંત ગુણપર્યાયમાં છે, સ્વાનુભવની નિર્મળદશામાં ભગવાન આત્મા પ્રસિદ્ધ થયો છે. આત્માની આવી પ્રસિદ્ધિ કરે એને પરની પ્રસિદ્ધિનો મોહ ઊડી જાય. બહારના સંયોગથી તું તને મોટો

માને છે પણ ભાઈ! તારી મોટપ એટલે કે તારી પ્રભુતા કાંઈ એવી પરાધીન નથી કે બીજા પાસેથી તે લેવી પડે.

ધર્મી જીવ પોતાની પ્રભુતા પોતામાં દેખે છે. ઉદયભાવને આત્માથી ભિન્ન જાણીને તેનાથી તો અળગા થયા છે, ને જ્ઞાનસ્વભાવમાં વળ્યા છે. કર્મનો ઉદય કે પ્રતિકૂળસંયોગ મારી પ્રભુતાને હણી શકે નહિ. જ્ઞાનની ને ઉદયની સંધિ ભેદજ્ઞાનવડે તોડી નાંખી છે. એટલે હવે ઉદયમાં એકાકાર થતા નથી. ઉદયથી ભિન્ન જ્ઞાનસ્વભાવી આત્માની કિંમત જાણી છે, એનો ઉપશમ-રસ ચાખ્યો છે એટલે હવે રાગની પુણ્યની કે સંયોગની કિંમત ઊડી ગઈ છે, તેનો રસ ઊડી ગયો છે.

અરે, અજ્ઞાનીને આત્માની મહત્તા દેખાતી નથી, એના સ્વાદની એને ખબર નથી. 'અરે! મારામાં મારું અમૃત ભર્યું છે, મારો આનંદરસ મારામાં ભર્યો છે, સૌથી ઉત્તમ ચૈતન્યરત્ન હું છું, જિનવાણીએ જેનાં અપાર ગાણાં ગાયા છે તે ચૈતન્યતત્ત્વ હું જ છું'–એમ જ્યાં ભાન થયું ને શ્રદ્ધા–જ્ઞાનમાં પોતાની કિંમત થઈ ત્યાં તેના અનુભવરસનો એવો અપૂર્વ સ્વાદ આવ્યો કે હવે શુભરાગ કે તેનાં ફળ બેસ્વાદ લાગે છે, આ રાગનો સ્વાદ એ મારો નહિ, મારો ચૈતન્યસ્વાદ તો પરમ શાંત...શાંત, આકુળતા વગરનો છે. પણ એકવાર સ્વાદ ચાખે એને એની ખબર પડે.–'માંહી પડ્યા તે માણે મોજ,'–એને દેખનાર પણ આનંદ પામે.

અરે, અંદરમાં આવું પોતાનું નિધાન, એને તો અજ્ઞાની જોતો નથી ને આ જડ શરીર હાલે-ચાલે, બોલે, ખાય-પીએ ત્યાં મૂરખો એમ માને છે કે હું –આત્મા જ આ બધું કરું છું. તીર્થંકર ભગવાન કહે છે કે હે પ્રભુ! તારા અંતરમાં પ્રભુતાનો સ્વાધીન પ્રતાપ છે,–જેને કોઈ સંયોગની અપેક્ષા નથી; એ પ્રભુતાને લક્ષમાં લઈ, તેનું ધ્યાન ધરી તેનો સ્વામી થા, તો જડનું–સંયોગનું સ્વામીપણું તને સહજમાત્રમાં છૂટી જશે. અરે, તું ચૈતન્યપ્રભુ થઇને અચેતનનો–જડનો સ્વામી થવા જાય–એ તો કલંક કહેવાય, બાપુ! એ તને ન શોભે!

આચાર્યદેવને અપાર કરુણા છે. ઘડીકમાં મૂરખ કહે ને ઘડીકમાં પ્રભુ કહે; ત્યાં સ્વભાવની પ્રભુતા બતાવીને પર્યાયની મૂર્ખતા છોડાવવા માંગે છે. રે જીવ! તું તો પ્રભુ છોને! આ પરના ભાવને તારામાં માને છે એ તે

કેવી મૂર્ખતા! છોડ એ મુર્ખાઈ, ને સંભાળ તારી પ્રભુતાને! તીર્થંકરદેવે આત્મા એવો નથી કહ્યો કે પરનું કંઈ કાર્ય કરે. ભગવાને તો ત્રણેકાળે આત્મા ઉપયોગસ્વરૂપ જોયો છે; ઉપયોગ વગેરે નિજગુણોવડે તેની પ્રભુતા છે; ને તે ઉપયોગવડે જ જીવ જીવી રહ્યો છે. ધર્મીનું જીવન અખંડ ઉપયોગમય છે, તે ઉપયોગના અખંડ પ્રતાપને કોઈ તોડી શકતું નથી. તેમાં બીજાનો પ્રવેશ નથી.

જુઓને, સીતા-ચંદના-અંજના જેવી ધર્માત્મા સ્ત્રીઓ પણ આત્મજ્ઞાન પામ્યા, ને પોતાની આવી પ્રભુતાને જાણીને દુનિયાની પ્રતિકૂળતાના દુઃખ વચ્ચેય અડગ આનંદને અનુભવતા સ્થંભની જેમ ધર્મમાં સ્થિર રહ્યા. શરીર ભલે સ્ત્રીનું હતુ પણ અંદર ભાન હતું કે અમે આ શરીર નથી, અમે તો ચૈતન્યરૂપ આત્મા છીએ. સંયોગનું અમને દુઃખ નથી, પ્રતિકૂળતાથી અમે ડરતા નથી; બહારમાં ધણીએ અમને છોડયા તો ભલે છોડયા, અંતરમાં અમારી પ્રભુતાને અમે જાણી છે, તે પ્રભુતાથી અમને કોઈ છોડાવી શકે તેમ નથી. સ્ત્રીદેહમાં અમે નથી, અમે તો અમારી પ્રભુતાના પુરુપાર્થમાં ને આનંદના વેદનમાં વર્તીએ છીએ. ચૈતન્ય મહાપ્રતાપી ભગવાન આત્મા, તેનો પ્રતાપ સંયોગવડે તૂટે નહિ. સ્વતંત્ર પ્રભુતાથી આત્મા શોભે છે.

પ્રતાપવંતા આત્માની દૃષ્ટિ થતાં જે જ્ઞાનદશા-આનંદદશા-અનંતગુણની નિર્મળદશા પ્રગટી તેને કોઈ હણી શકે નહિ. આત્માની નિર્મળદશા કોઈ બીજા વડે પમાય નહિ ને બીજા વડે હણાય નહિ. પ્રત્યક્ષ-સ્વસંવેદનરૂપ જ્ઞાનની પ્રકાશ કળાવડે આત્મા પ્રસિદ્ધ અનુભવાય છે.

અજ્ઞાની સંયોગની પ્રતિકૂળતાનો ને કર્મના ઉદયનો પોકાર કરીને આત્માની પ્રભુતાને ભૂલી જાય છે. એને બહારની વસ્તુની મહત્તા ભાસે છે પણ પોતાની પ્રભુતાને તે પારખતો નથી. એકવાર એક રાજાના દરબારમાં કોઈ પરદેશી એક હીરો લઈને આવ્યો ને કહ્યું કે મહારાજ! આપના ઝવેરીઓ પાસે આનાં મુલ્ય કરાવો. ગામના ઝવેરીઓ એકઠા થયા પણ કોઈ મૂલ્ય કરી શકયું નહિ. છેવટે એક વૃદ્ધ ઝવેરી આવ્યા ને હીરો તપાસીને તેનું સાચું મૂલ્ય કરી દીધું. રાજાએ ખુશી થઈને દીવાનને હુકમ કર્યો કે આ ઝવેરીને ઈનામ આપો. દીવાનજી ધર્મના જાણકાર હતા; તેમણે જોયું કે વૃદ્ધ ઝવેરીનું હિત કરવાની આ તક છે. તેમણે ઝવેરીને ઈનામ આપવાને બદલે ઠપકો આપીને કહ્યું દાદાજી! તમે હીરા પારખવામાં જીંદગી વીતાવી,

જીંદગીનો છેડો આવ્યો પણ અંદરના ચૈતન્યહીરાને ઓળખવાનું હજી તમને સૂઝતું નથી! ત્યારે ઝવેરીનો આત્મા પણ જાગી ઊઠયો ને દીવાનજીનો ઉપકાર માન્યો. બીજે દિવસે રાજદરબારમાં કહ્યું કે રાજાજી! ઈનામને લાયક હું નથી, ખરા ઈનામને લાયક આ દીવાનજી છે કે જેણે મને ચૈતન્યહીરો પારખવાની પ્રેરણા આપી. હીરાની પરીક્ષા મેં કરી પણ મારી પરીક્ષા આ દીવાનજીએ કરી ને મારું હિત કર્યું. તેમ અહીં સર્વજ્ઞ રાજાના દીવાન એવા જ્ઞાની-સન્તો કહે છે કે અરે જીવ! બહારના પદાર્થોને જાણવામાં તેં અનંતકાળ ગાળ્યો પણ તારા ચૈતન્યહીરાનાં અપાર મૂલ્ય છે તેને તું જાણ. ચૈતન્યહીરાનો પ્રતાપ કોઈ અચિંત્ય છે. જ્ઞાની જાણે છે કે સર્વથી જુદા નિજ-સ્વરૂપને અનુભવતો હું પ્રતાપવંત છું. પરદ્રવ્ય પરમાણુમાત્ર પણ મને મારાપણે ભાસતું નથી; મારા નિજરસવડે મોહને મૂળમાંથી ઉખેડીને મહાન જ્ઞાનપ્રકાશ મને પ્રગટ થયો છે. મારા પરમેશ્વરને હું ભૂલી ગયો હતો, પણ વારંવાર જ્ઞાનીના ઉપદેશના શ્રવણથી, સન્તોએ જેવો આત્મા કહ્યો તેવો સમજ્યો, ત્યાં ભાન થયું ને મારા પરમેશ્વરને મેં મારામાં જ દેખ્યો. જુઓ, સ્વસંવેદનની આવી નિઃશંકદશા થાય ત્યારે જીવ ધર્મી થયો કહેવાય. પરમેશ્વર જ્યાં છે ત્યાં શોધે નહિ ને બહાર ભટકે તો ક્યાંથી મળે! મારો આત્મા અનંતગુણનો સ્વામી છે, હું જ મારો પરમેશ્વર છું ને દેહાદિની ક્રિયાઓ મારાથી બહાર છે-આવા આત્મભાનમાં જગતની કોઈ ચીજનું માહાત્મ્ય ધર્મીને રહેતું નથી.

જ્ઞાનમાં જ્ઞાનની સ્વતંત્ર પ્રભુતા છે;
દર્શનમાં દર્શનની સ્વતંત્ર પ્રભુતા છે;
શ્રદ્ધામાં શ્રદ્ધાની સ્વતંત્ર પ્રભુતા છે;
આનંદમાં આનંદની સ્વતંત્ર પ્રભુતા છે;
વીર્યમાં વીર્યની સ્વતંત્ર પ્રભુતા છે;
જીવત્વમાં જીવનની સ્વતંત્ર પ્રભુતા છે;
ને આત્મામાં અનંતગુણની સ્વતંત્ર પ્રભુતા છે.

અનંતગુણના અખંડ પ્રતાપથી સ્વાધીનપણે શોભતો આત્મા, તેને સ્વાનુભવવડે પ્રસિદ્ધ કરવાની આ વાત છે.

કોઈ કહે કે 'મને મારો આત્મા નથી દેખાતો.'-પણ ભાઈ, એમ

કહેવામાં પણ તેં તારું અસ્તિત્વ તો પ્રસિદ્ધ કર્યું. પોતે પોતાને પ્રસિદ્ધ અનુભવતો હોવા છતાં પ્રતીત કરતો નથી. રાગમાં રહીને નિજ જ્ઞાનના અસ્તિત્વને ભૂલી જાય છે; એટલે અજ્ઞાનમાં પોતે પોતાને ઢાંકી રહ્યો છે. ભાઈ, એકવાર તારો અજ્ઞાનપછેડો કાઢી નાંખ. ને નિજ આત્માને જ્ઞાનસ્વરૂપે દેખ, તો તારું જ્ઞાન તારા આત્માને આનંદસહિત પ્રસિદ્ધ કરશે. 'આ રાગ છે' એમ રાગની જ પ્રસિદ્ધિ તને દેખાય છે, પણ રાગને જાણનારો આ હું જ્ઞાન છું-એમ રાગથી ભિન્ન તારા જ્ઞાનને પ્રસિદ્ધ કર. રાગને જાણનારું જ્ઞાન પોતાને રાગપણે પ્રસિદ્ધ નથી કરતું પણ પોતે પોતાને જ્ઞાનપણે જ પ્રસિદ્ધ કરે છે-કે હું જ્ઞાન છું. આ રીતે પ્રસિદ્ધ આત્માને પ્રભુતા સહિત અનુભવતાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય છે, તે મોક્ષમાર્ગ છે, એના સિવાય મોક્ષમાર્ગ થતો નથી.

આત્માની પ્રભુતા પરને તો આધીન નથી, ને પોતાની એક પર્યાયની પ્રભુતા બીજી પર્યાયને આધીન નથી. ભૂતકાળની પર્યાય અત્યારે નથી, અત્યારની પર્યાય ભવિષ્યમાં નહિ રહે,-એમ દરેક પર્યાયનું ભિન્ન ભિન્ન સામર્થ્ય છે, પોતપોતાના સ્વકાળમાં દરેક પર્યાયની પ્રભુતા છે; પર્યાયે-પર્યાયમાં સ્વતંત્ર પ્રભુતા શોભી રહી છે. એક પર્યાય બીજી પર્યાયને આધીન નથી ત્યાં પરની તો શી વાત ? અનંત ગુણપર્યાયની પરમેશ્વરતાથી ભરેલો ભગવાન આત્મા પોતાના અખંડ પ્રતાપથી સ્વતંત્રપણે શોભે છે. પ્રભુ! તારી પ્રભુતામાં પામરતા નથી. વિકાર તે વ્યવહારમાં જાય છે, તે તારી પ્રભુતામાં નથી આવતો. પરમાર્થે પ્રભુતાનો સદ્ભાવ...તેમાં રાગાદિ વ્યવહારનો અભાવ, -આવા પરમાર્થસ્વરૂપ આત્માને પ્રતીતમાં લેવો તે સમ્યગ્દર્શન છે; સમ્યગ્દર્શન થતાં પર્યાયમાં પ્રભુતા ખીલવા માંડે છે ને રાગાદિ વ્યવહારનો અભાવ થવા માંડે છે. આ રીતે નિર્મળતાનો સદ્ભાવ ને રાગાદિનો અભાવ-એવા પરિણમન વડે આત્મા અલ્પકાળમાં સાક્ષાત્ સર્વજ્ઞ પરમેશ્વર થાય છે. આવા સમ્યક્ પરિણમનવાળો આત્મા તેને જ સાચો-પરમાર્થ આત્મા કહ્યો છે.

સંપૂર્ણ જ્ઞાનનો ધરનાર આત્મા છે, તેને જે જાણે તે જ્ઞાનનો પહેલો નંબર છે, તે જ જ્ઞાન પાસ છે-સાચું છે. મેટ્રિકની પરીક્ષામાં પાસ થાય ને પહેલો નંબર મળે ત્યાં અભિનંદન મળતાં ફૂલાઈ જાય, ને નાપાસ થાય કે ઓછા માર્ક આવે ત્યાં ઢીલો થઈ જાય; પણ અરે ભાઈ! આ ચૈતન્યરત્નને

જાણવામાં પહેલો ન બર લે ને ! આત્માને જાણવાની પરીક્ષામાં નાપાસ થઈને અનંતકાળથી રખડી રહ્યો છે, તો તેમાં પાસ થવાનો પ્રયત્ન કર ને ! એકવાર મરીને પણ આત્માને જાણ, એટલે કે જીવન આખું એમાં અર્પી દે; દેહનું થવું હોય તે થાય-એમ તેની દરકાર છોડીને, આત્માને જાણવાનો ઉદ્યમી થા તો તારો આત્મા તને જરૂર જણાશે. અરે, અજ્ઞાનથી તેં નિગોદથી માંડીને નવમી ગ્રૈવેયક સુધીના કેટલા ભવ કર્યા ? હવે તો એનાથી ભયભીત થા ! શું હજી તને આ પરિભ્રમણનો થાક નથી લાગ્યો ? બહારમાં સાધુ થઈને પણ આત્માના જ્ઞાન વગર રાગથી ધર્મ માનીને તું ભગવાનની પરીક્ષામાં નાપાસ થયો, -એની કાંઈ શરમ ખરી !

તેજણ ઘોડીને ચાબખા ન હોય, એને તો ઈસારા જ હોય; તેમ આત્માને સાધવાનું તેજ જેને ચડયું, જે તેજીલો થયો, તેને સન્તોના એક જ ઈસારાથી બસ છે; એને વાંરવાર કહેવું ન પડે. સન્તોએ જે માર્ગ બતાવ્યો તે માર્ગે અંદરમાં ઉતરીને તે જીવ પરમાત્મા થઈ જશે; એ વચ્ચે કયાંય અટકશે નહિ. સાધક થઈને સીધો સિદ્ધાલયમાં ચાલ્યો જશે.

અરે, 'હું મને ન જણાઉં' એમ કહેતાં તને લાજ નથી આવતી ! પરને જાણવામાં ચતુરાઈ કરે છે ને સ્વને જાણવામાં મૂરખ થાય છે,-શું તને શરમ નથી આવતી ! અરે, પ્રભુ ! આ તે તને શોભે છે ? તારું જ્ઞાન, અને એ તને જ ન જાણે-એ શોભતું નથી. જો પોતે પોતાને ન જાણે તો તારા જ્ઞાનની પ્રભુતા લજવાય છે.

ભાઈ, તારા જ્ઞાનની પ્રભુતામાં રાગના કાર્યનો અભાવ છે, અને 'ન જાણવું' એવું અજ્ઞાન પણ તેમાં નથી. જ્ઞાનશક્તિમાં 'ન જાણવાપણું' કેમ હોય ? દોષને અને અજ્ઞાનને ગુણના કાર્યમાંથી કાઢી નાંખ્યા છે; જેણે ગુણ ઉપર દૃષ્ટિ કરી તેને દોષ કે અજ્ઞાન રહે નહિ. સ્વગુણના સ્વતંત્ર વૈભવથી શોભતો આત્મા, તેના નિર્મળ કાર્યને કોઈ રોકી શકે નહિ. આત્મા પોતાના સ્વાધીન આનંદરસના અનુભવમાં ચડયો ત્યાં પર્યાયને કોઈ કાળ, કોઇ ક્ષેત્ર, કોઈ સંયોગ, કોઈ ઉદય કે જગતની કોઈ પ્રતિકૂળતા રોકી શકે નહિ. નિજ-ગુણમાં જેમ પરની મદદ નથી તેમ પરનું વિઘ્ન પણ નથી. જો તેમાં બીજો કોઈ મદદ કરે તોપણ પરાધીનતા થઈ જાય. ભાઈ ! તારા ગુણનો ધણી તું છો, અનંતશક્તિની શાશ્વત સંપદાથી તું પ્રતાપવંત છો.-એકવાર સ્વમાં નજર

કરીને જો એટલી જ વાર છે. સ્વ તત્ત્વમાં નજર કરતાં જ તું એવો ન્યાલ થઈ જઈશ કે એના સિવાય બીજે ક્યાંય તારી પરિણતિને ચેન નહીં પડે.

સમ્યગ્દર્શન થતાં આત્માના આવા નિજવૈભવની પ્રાપ્તિ થાય છે, પોતાની પ્રભુતા પોતામાં દેખાય છે. ભલે ગૃહસ્થપણામાં હોય, રાજપાટમાં હોય, સ્વર્ગમાં હો કે નરકમાં હો, મનુષ્ય હો કે તિર્યંચ હો,—પણ જે કોઈ જીવ અંતર્દૃષ્ટિ કરે તેને અંતરમાં પોતાની આવી પ્રભુતા દેખાય છે, એનો વચનાતીત આનંદ વેદાય છે. આત્માની શક્તિની અનંતતા—સંખ્યાથી પણ જેની હદ નથી ને સામર્થ્યથી પણ જેની હદ નથી. એને દૃષ્ટિમાં લેતાં અનંત ગુણમાં એકસાથે નિર્મળતાનો પ્રવાહ શરૂ થાય છે. એટલે મોક્ષમાર્ગ શરૂ થાય છે. આવા સર્વગુણસમ્પન્ન ને સ્વતંત્રતાથી શોભતા ભગવાન આત્માની શ્રદ્ધા ને અનુભવ અંતરમાં ઊતરીને કરવો તે પ્રભુતા પ્રગટાવવાનો પંથ છે. આવી શ્રદ્ધા ને આવા અનુભવ વગર સ્વ-પરનું સાચું ભેદજ્ઞાન થાય નહિ ને સંસારભ્રમણ મટે નહિ.

આત્માના અનંતગુણોને પરસ્પર અનેરા-અનેરાપણું છે અર્થાત્ જ્ઞાન તે સુખ નહિ, સુખ તે જ્ઞાન નહિ, એમ ગુણોમાં એકબીજાથી પૃથક્પણું છે, પરંતુ તેમને પ્રદેશભિન્નતા નથી અર્થાત્ જ્ઞાનના પ્રદેશ જુદા, સુખના પ્રદેશ જુદા—એવો પ્રદેશભેદ નથી. બધા ગુણોનું ક્ષેત્ર એક જ (અસંખ્યપ્રદેશી) છે. ક્ષેત્ર એક ને ભાવ અનંત, સામર્થ્ય અનંત, કાળ અનંત,—પણ એક અખંડ દ્રવ્યમાં એ બધું સંકેલાઈ જાય છે. અખંડદ્રવ્યની સ્વાનુભૂતિમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના ભેદ પણ નથી. આવી અખંડ પ્રભુતાવાળા આત્માને જ્યાં શ્રદ્ધામાં લીધો ત્યાં તે જીવ સિદ્ધપદનો સાધક થયો. હવે પોતાની પ્રભુતાને સાધતાં સાધતાં પામરતાને સર્વથા તોડીને, અખંડ પ્રતાપવંતી પ્રભુતાથી સિદ્ધપદમાં તે શોભી ઊઠશે... ને આત્મપ્રભુતા પૂરેપૂરી ખીલી જશે.

આત્માનો સ્વભાવ કહો, ગુણ કહો, શક્તિ કહો કે વૈભવ કહો, તે આત્મવૈભવનું આ વર્ણન છે.—શા માટે? કે જીવ જો પોતાના આત્મવૈભવને જાણે તો તેને પોતાનો ખરો મહિમા સમજાય ને પરનો મહિમા છોડીને તે સ્વમાં એકાગ્ર થાય; સ્વમાં એકાગ્ર થતાં પોતાની શક્તિમાં ભરેલા જ્ઞાન-આનંદ-પ્રભુતા તેને પ્રગટ અનુભવમાં આવે, એટલે તેનો સંસાર છૂટે ને મોક્ષ થાય.

ભગવાન આત્મા દેહથી ભિન્ન તત્ત્વ છે; પુણ્ય-પાપ, રાગ-દ્વેષ તેનું સ્વરૂપ નથી, તેમાં તેનો વૈભવ નથી ને તે તેનું ખરું કાર્ય નથી. અનંત ગુણસ્વભાવી આત્મામાં દૃષ્ટિ થતાં જે નિર્મળ પરિણમન થાય તે જ તેનું ખરું કાર્ય છે, તેમાં તેનો વૈભવ છે. મલિનતા તે આત્મા નહિ; દ્રવ્ય-ગુણ ને નિર્મળ પર્યાય એ ત્રણેનું એકરૂપ તે આત્મા છે.

પ્રભુત્વ શક્તિને લીધે આત્મા અખંડ સ્વતંત્રતાથી શોભે છે. જેમ રાજાની શોભા ત્યારે કહેવાય કે તેના માથે બીજો કોઈ ન હોય, જે કોઈને આધીન ન હોય તેને 'રાજા' કહેવાય. તેમ આત્માની પ્રભુતા ત્યારે કહેવાય કે તે કોઈને આધીન ન હોય. આત્માની પ્રભુતા અખંડ સ્વતંત્ર છે. સ્વતંત્રતા વગર શોભા કેવી? ને શોભા વગર પ્રભુતા કેવી? પરાધીનતામાં પ્રભુતા નહિ, શોભા નહિ. જો કે પર્યાયમાં પરલક્ષે આત્મા પોતે પરાધીન થાય છે, પણ તે તેનુ સ્વરૂપ નથી, તેમાં તેની શોભા નથી, તેમાં પ્રભુતા નથી, એટલે તે પરાધીનભાવને ખરેખર આત્મા કહેતા નથી.

પ્રશ્ન :- પ્રવચનસારમાં ઈશ્વરનયે આત્માને પરતંત્રતા ભોગવનાર કહ્યો છે ને?

ઉત્તર :- ત્યાં સાધકની પર્યાયમાં તે પ્રકારનું અલ્પ પરિણમન છે તેથી પર્યાયઅપેક્ષાએ તેને આત્માનો ધર્મ કહ્યો છે, પણ તે વ્યવહારનયનો વિષય છે, શુદ્ધનયના વિષયરૂપ જે પરમાર્થ આત્મા છે તેમાં તે ન આવે. અને વિકારમાં જે પરાધીનતા કહી તેનો પણ એવો અર્થ નથી કે પરદ્રવ્ય બળજોરીથી આત્માને વિકારરૂપે પરિણમાવે છે; પરંતુ તેનો અર્થ એવો છે કે વિકારરૂપ પરિણમન પરના આશ્રયે જ થાય છે માટે તેમાં પરાધીનતા છે, તે આત્માની શક્તિને આધીન તે કાર્ય થયેલું નથી તેથી અહીં શક્તિના વર્ણનમાં તેને આત્માનું કાર્ય નથી કહેતા. અહીં તો આત્માની પરમેશ્વરતા બતાવવી છે, આત્માનો વૈભવ બતાવવો છે. વસ્તુની શક્તિમાં વિકાર કે પરાધીનતા કેમ હોય? આ જગતમાં પોતાના સ્વાધીન સ્વરૂપથી જ દરેક વસ્તુ શોભે છે. ભાઈ, તારી પરમેશ્વરતા તારામાં ભરી છે; ઉદયભાવ-વિકારીભાવ-પરાધીનભાવ તેનો અભાવ કરીને સ્વાધીનતાથી આત્માને શોભાવે એવી તારી પરમેશ્વરતાની તાકાત છે. આત્માના આવા નિજવૈભવને જાણીને સ્વઘરમાં પ્રવેશ કરતાં પ્રભુતા પ્રગટે છે, સ્વસમયપણું થાય છે ને આત્મા શોભે છે. વિકારમાં વસે

તે પ્રભુત્વની પરિણુતિ નથી. એ તો પરઘરમાં ગયું છે. તેમાં આત્મા શોભતો નથી. ભાઈ, સ્વઘરમાં અનંત શક્તિનો સમુદ્ર ઉછળે છે. સ્વઘરમાં પ્રવેશતાં જ અનંતગુણની શાંતિનું તને વેદન થશે. ને તારા ગુણો સ્વાધીનપરિણુતિથી શોભી ઊઠશે.

અંતર્મુખ થઈ ને આત્માને સ્પર્શે એટલે કે અનુભવે ત્યારે સ્વઘરમાં આવ્યો કહેવાય. ને ત્યારે સ્વઘરના વૈભવને તે ભોગવી શકે. સ્વઘરને જાણ્યા વગર ને તેમાં પ્રવેશ્યા વગર તેના વૈભવને ભોગવી શકાય નહિ. પરઘર સામે (વિકાર સામે) જોયા કરે તો સ્વઘરના વૈભવને ક્યાંથી ભોગવે? પ્રભુ! તું સ્વાનુભવથી સ્વઘરમાં આવ ત્યારે તને તારો અપાર વૈભવ દેખાય, ને ત્યારે તું પ્રભુના માર્ગમાં આવ્યો કહેવાય.

અહા, આત્માના બધા ગુણોમાં પરમેશ્વરતા છે; એક સમયમાં પૂર્ણ-શક્તિથી ભરેલા પોતાના પરમેશ્વરના ઘરમાં પ્રવેશીને પોતાની નિર્મળ પરિણુતિને ભેટતાં, ને નિર્મળ પરિણુતિ નિજસ્વભાવને ભેટતાં, (એ રીતે દ્રવ્ય–પર્યાયની એકતા થતાં) નિજવૈભવના અનુભવનું અપૂર્વ સુખ પ્રગટે છે ને અતીન્દ્રિય આનંદ ઉલ્લસે છે. આનંદની આ સાચી પરિણુતિ છે, દુઃખ તે આનંદની સાચી પરિણુતિ નથી.

આત્મામાં પોતામાં અત્યારે પણ જે વૈભવ ભર્યો છે તેની આ વાત છે. જેણે સ્વાનુભવથી આત્માના નિજવૈભવને જાણ્યો તેને અનંતગુણમાં વ્યાપેલા અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય છે, આત્માનો આખો પરિવાર આનંદિત થાય છે અર્થાત્ સર્વગુણોમાં આનંદ વ્યાપી જાય છે. જેમ સારા પુત્રનો જન્મ થતાં આખો પરિવાર રાજી થાય છે, તેમ આત્મામાં આનંદ-પર્યાયરૂપ ઉત્તમપુત્રનો અવતાર થતાં આખો આત્મપરિવાર (દ્રવ્ય-ગુણ-પર્યાય સૌ) આનંદિત થાય છે. –આવી આત્માના આનંદગુણની પ્રભુતા છે. ને તેના વડે આત્માની શોભા છે. જેમ કુલટા વડે કુળની શોભા નહિ તેમ વિકાર-પરિણુતિ વડે આત્માની શોભા નથી, તે ચૈતન્યકુળની જાત નથી.

અહા, એકેક આત્મા પોતાની સ્વતંત્ર અનંતશક્તિથી પરિપૂર્ણ, ને એકેક શક્તિ નિર્મળપરિણમનથી ભરેલી, –આવા આત્મવૈભવનું વર્ણન ભગવાન અરિહંત સર્વજ્ઞપરમાત્માના પંથ સિવાય જગતમાં બીજે ક્યાંય

નથી. સર્વજ્ઞદેવે આત્મામાં સાધેલો ને સમવસરણમાં ઉપદેશેલો એવો જે મોક્ષપંથ તેમાંથી આવેલો આ પ્રવાહ છે.

'અરે શું કરીએ? અમને કર્મો નડે છે!'–અરર! તું મોટો પ્રભુ, અનંતસામર્થ્યવાન, અને જડ કર્મો તને દબાવી જાય? ક્યાં તારી પરમેશ્વરતા! ને ક્યાં કર્મની અચેતનતા! અમે પરમેશ્વર થઈને તને કહીએ છીએ કે તારી અનંતશક્તિની પરમેશ્વરતા તારામાં ભરી છે, તેની સન્મુખ થા તો તારી પ્રભુતાને રોકનાર કોઈ આ જગતમાં નથી. પણ તું પોતે તારી પ્રભુતાનો વિશ્વાસ કરતો નથી, ને પરતંત્રતા માનીને તું જ તારી પ્રભુતાને હણે છે. છતાં તે હણાયેલી દશા જેટલો જ આખા આત્માને માની લેવો તે અપરાધ છે, અને તે દશા કર્મે હણી એમ માનવું તે ડબલ અપરાધ છે. તુ પોતે અપરાધ કરીને કર્મના ગળે વળગ્યો છે. એમ ન કરે ને પોતાના અપરાધ જેટલો જ આત્માને માને તોપણ આત્માના પરમ વૈભવને તે જાણતો નથી, એટલે તે પણ અપરાધમાં જ પડેલો છે, નિરપરાધ સ્વભાવની આરાધના તેને પ્રગટી નથી. દોષ વગરનું નિરૂપદ્રવ શિવધામ અસંખ્યપ્રદેશી આત્મા, જેમાં અનંત ગુણના અતીન્દ્રિય સ્વાદવાળો શીરો પાકે, એની સન્મુખ થતાં પરમ આનંદસહિત પોતાની પ્રભુતા દેખાય છે, શિવધામમાં બિરાજમાન પ્રભુનો સાક્ષાત્કાર થાય છે. એ પ્રભુમાં ક્યાંય પરાધીનતા નથી, પામરતા નથી, એ તો સદા સ્વાધીન સ્વતંત્ર પ્રભુતાથી શોભાયમાન છે.

આવી સ્વાધીન પ્રભુતાના નિજનિધાનને નહીં દેખનારો જીવ પર્યાયમાં પરાધીન થાય છે. પણ અહીં તો કહે છે કે પરાધીનતા ને વિકાર તે ખરેખર આત્મા જ નથી.–એને તે આત્મા કોણ કહે? જેમ દુરાચાર તે ખાનદાન કુળના ઘરની ચીજ ન કહેવાય, ખાનદાનના ઘરમાં તે શોભે નહિ, તેમ આ ભગવાન આત્મા તીર્થંકરોના મહાન વીતરાગી કુળનો વારસ, તેની વીતરાગી-ખાનદાનીમાં રાગાદિ દુર્ભાવો શોભે નહિ, એ એના ઘરની ચીજ ન કહેવાય. અનંતગુણમાં નિર્મળતા પ્રગટ કરે ને તેમાં કદી ભંગ ન પડવા દે–એવી આત્માના કુળની ટેક છે. અરે જીવ! તું મુંઝા મા, આવી તારી પ્રભુતાને દેખતાં જ તને પરમ પ્રસન્નતા થશે ને તારી બધી મુંઝવણ મટી જશે... અંદર પ્રભુતાના પડઘા પડશે.

ભાઈ, તારી પ્રભુતા અત્યારેય તારામાં છે; પણ તને તારા આત્માની

ખબર નથી, જ્ઞાન નથી, અનુભવ નથી. અરે! એની ઝાંખી પણ નથી કરતો, એનો ઉત્સાહ નથી લાવતો, પછી અંતરમાં એના ગડગા ક્યાંથી વાગે? સ્વસન્મુખ થા તો આત્મા જવાબ આપે ને! બહારમાં ઝાંવા નાંખી-નાંખીને અનંતકાળથી હેરાન થઈ રહ્યો છે. પણ હવે તો આવા અવસરમાં તારા સ્વભાવને જો; તારા સ્વાધીન વૈભવની ઝાંખી તો કર, એના તરફનો ઉલ્લાસ તો કર. એના તરફના વલણથી તને કોઈ જુદો જ આનંદ અનુભવાશે. આવા આનંદની અનુભૂતિ થાય તેને જ અમે આત્માની પરિણતિ કહીએ છીએ. એ સિવાય રાગાદિ પરિણતિ તે ખરેખર આત્માની પરિણતિ નથી ને તેમાં આત્માનો વૈભવ કે શોભા નથી.

અહો, વારંવાર આત્માના આવા વૈભવનું શ્રવણ કરવા જેવું છે, અંતરમાં તેનો મહિમા લાવીને ઊંડું ઊંડું મંથન કરવા જેવું છે. ભાઈ, તારા ચૈતન્યમાં ભરેલા અપાર વૈભવને ખોલવાનો આ સુગમ રસ્તો સન્તોએ દેખાડ્યો છે. દ્રવ્ય-ગુણ-પર્યાયનો આવો સ્વાધીન વૈભવ દેખાડનારા દેવ-ગુરુ-શાસ્ત્રો પ્રત્યે ધર્મીને ભક્તિ-પૂજનના શુભભાવ આવે છે, ને ઘણા જ વિનયપૂર્વક તેમનું બહુમાન કરે છે; પણ એ શુભરાગને આત્માના વૈભવની ચીજ નથી સમજતા. જેમની ભક્તિ કરે છે તે દેવ-ગુરુ-શાસ્ત્રોએ પણ એમ જ સમજાવ્યું છે કે શુભ વિકલ્પનો પણ તારા આત્મવૈભવમાં અભાવ છે. તારા આત્માની શોભા શુભ વિકલ્પથી નથી પણ દ્રવ્ય-ગુણ-પર્યાયમાં અખંડ પ્રતાપવાળી જે સ્વાધીનતા પ્રગટી તેનાથી તારા આત્માની શોભા છે.

ભગવાન આત્માની કોઈ શક્તિ-કોઈ ગુણ રાગના વિકલ્પને ઉત્પન્ન કરે એવો એનો સ્વભાવ નથી; માટે રાગની ક્રિયા તે ખરેખર આત્માની ક્રિયા નથી પણ અનાત્માની ક્રિયા છે. આત્માનો નિજવૈભવ તે રાગાદિમાં નથી, આત્માનો વૈભવ તો રાગ વગરનો અનંતગુણની નિર્મળતાથી ભરપૂર છે.

અરે, એકવાર શ્રદ્ધાના બળે તારી શક્તિનો ટંકાર તો કર! તારી શક્તિના ધનુષ્ટંકાર સામે કોઈ પરભાવ ટકી શકે નહિ. જેમ સિંહની ત્રાડ પડે ત્યાં સસલાં ભાગે, તેમ આ ચૈતન્યસિંહ સ્વાનુભવથી જાગે ત્યાં પરભાવ ભાગે. આ ભગવાન આત્માના પ્રતાપને કોણ ઝીલી શકે? કોણ જાણી શકે? કોણ લક્ષમાં લઈ શકે? વિકારમાં એવી તાકાત નથી કે આ ભગવાન આત્માના પ્રતાપને ઝીલી શકે, કે જાણી શકે. સ્વસન્મુખ થયેલ વીતરાગી પર્યાયમાં જ

એ તાકાત છે કે ચૈતન્યપ્રભુના પ્રતાપને ઝીલી શકે, એ જ એને જાણી શકે ને એ જ એને વેદી શકે. જેમ ચક્રવર્તીના તેજને સામાન્ય માણસ ઝીલી ન શકે, અથવા ઝગઝગતા સૂર્યના તેજને કાચી આંખવાળો ઝીલી ન શકે, તેમ ચૈતન્યના અતીન્દ્રિય તેજને ઝીલવાની તાકાત રાગમાં નથી, તેના અતીન્દ્રિય જ્ઞાન-આનંદના પ્રકાશનો એક અંશ પણ સમ્યગ્દષ્ટિ જ ઝીલી શકે, અજ્ઞાનીથી તે ઝીલી શકાય નહિ. રાગાદિ પરભાવની પાછળ કાંઈ ત્રિકાળી શક્તિનું જોર નથી, એ તો અદ્ધરથી ઉત્પન્ન થયેલા છે, એટલે તેનામાં ત્રિકાળી ચૈતન્યપ્રતાપને ઝીલવાની તાકાત નથી; જ્યારે નિર્મળતા પાછળ તો ત્રિકાળી શક્તિનું જોર છે, એટલે ત્રિકાળી ચૈતન્યપ્રતાપ સાથે એકતા કરીને તેને તે ઝીલી શકે છે—પ્રતીતમાં જ્ઞાનમાં ને અનુભવમાં લઈ શકે છે.

અહો, સંતોએ ચૈતન્યની પ્રભુતાના અચિંત્ય ગાણાં ગાયા છે; આત્મામાં આવા ભાવો ભર્યા છે તે અનુભવમાં લઈને તેનાં આ ગાણાં ગાયા છે; આત્માની પ્રભુતાને પ્રસિદ્ધ કરીને જગતને બતાવી છે. આત્માની શક્તિમાં જે પ્રભુતા છે તેમાં રાગાદિ અશુદ્ધતાનો અભાવ છે, એટલે સ્વભાવનો સદ્ભાવ ને અશુદ્ધતાનો અભાવ (–નિશ્ચયનો આશ્રય ને વ્યવહારનો નિષેધ) –આવો અનેકાન્ત છે; ને આ અનેકાન્તનું ફળ અમૃત છે, તેનાથી અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય છે.

અરે ભાઈ! તું પ્રભુ છો, તારી પ્રભુતા પરાધીન નથી; એને બદલે તું સિદ્ધપ્રભુને ય પરતંત્ર (નિમિત્તાધીન) ઠરાવ –એ તો તારી કુદષ્ટનો મોટો દોષ છે. સિદ્ધ તો આ આત્માના આદર્શ છે; એ સિદ્ધમાંય જેને પરતંત્રતા દેખાય તેને પોતાના આત્માની સ્વતંત્રતા તો ક્યાંથી દેખાશે? ને સ્વતંત્રતાને દેખ્યા વગર એ સ્વતંત્ર ક્યાંથી થશે?

અહીં તો આચાર્યભગવાને સ્વતંત્ર પ્રભુતાના ઢંઢેરા પીટયા છે; અમૃતચંદ્રદેવે આ પંચમકાળમાં અમૃત રેડયા છે. ૯૦૦ વર્ષ પહેલાં એ અમૃતચંદ્ર-મુનિરાજ ચારિત્રની મસ્તીમાં ઝૂલતા-ઝૂલતા વનમાંથી આહાર માટે નગરી તરફ ચાલ્યા આવતા હોય–ત્યારે એમનો દેખાવ કેવો હશે! અહા, એ તો જાણે નાનકડા સિદ્ધપ્રભુજી ચાલ્યા આવતા હોય! અને જ્યારે અનંતના અનુભવમાં કલમ બોળી-બોળીને તેઓ કુંદકુંદપ્રભુની ગાથાના ગહનભાવોને ટીકામાં ખોલતા હશે,–ત્યારે તો જાણે ગણધરદેવ દિવ્યધ્વનિને

ગૂંથવા બેઠા! અહા, એમની અનુભવદશાની શી વાત! ચૈતન્યના અચિંત્ય વૈભવને ખોલતાં-ખોલતાં, કેવળજ્ઞાન સાધતાં-સાધતાં, તેમણે આ શક્તિઓનું વર્ણન કર્યું છે ને તેના દ્વારા જગતનો અચિંત્ય આત્મવૈભવ જગતને દેખાડયો છે. અહા, એમની શક્તિની ને એમના ઉપકારની શી વાત! એ તો વીતરાગી પરમેષ્ઠીપદમાં ઝૂલનારા ને પ્રભુતાને અનુભવનારા સન્ત હતા, જૈનધર્મના થંભ હતા.

આ ચૈતન્ય-પરમેશ્વરનો પ્રતાપ કોઈ જુદી જાતનો છે; અજ્ઞાનીને તે દૃષ્ટિમાં આવતો નથી. પ્રભુતાના ભાવે વ્યક્ત પરિણમેલો આત્મા, તેની પરિણતિમાં રાગાદિ અશુદ્ધતારૂપ વ્યવહારનો અભાવ છે; માટે કહ્યું છે કે સમ્યગ્દૃષ્ટિ નિશ્ચયમાં લીન છે ને વ્યવહારમાંથી વિમુક્ત છે. નિશ્ચયસ્વભાવમાં લીન મુનિવરો મુક્તિને પામે છે; ને વ્યવહારમાં જે લીન છે તેને આત્માના સ્વાશ્રિત વૈભવની ખબર નથી, પરમાર્થ આત્માની ખબર નથી. એવા જીવોને આત્માનો પરમાર્થસ્વભાવ ઓળખાવવા, અને પરાશ્રયે થતા રાગભાવોનું અવલંબન છોડાવવા માટે શ્રી જિનવાણીએ વ્યવહારને અભૂતાર્થ કહીને તેનું અવલંબન છોડાવ્યું છે, ને પરમાર્થસ્વભાવનો અનુભવ કરાવ્યો છે.

વાહ! કેવી સરસ વાત!! અરે, વીરા! વીર થઈને તારા સ્વાશ્રિત સ્વભાવનું અવલંબન લે... તારી પ્રભુતાને સંભાળ. જેમ 'સબરસ' વગરની રસોઈ નીરસ લાગે તેમ ચૈતન્યરસના અનુભવ વગરનું બધુંય નીરસ છે, આનંદ વગરનું છે, એમાં આત્માનો કાંઈ જ સ્વાદ નથી. માટે તારે તારા આત્માને રસમય અતીંદ્રિય સ્વાદવાળો બનાવવો હોય તો સ્વસન્મુખ થઈને સ્વાનુભવના આનંદરસને ચાખ. વીર થઈને મહાવીરના આ પરમાર્થમાર્ગને તું સાધ. આત્મા એવો વીર છે કે વિકારના અંશને પણ પ્રભુતામાં આવવા ન દે, ને વિકારથી ભિન્ન પોતાના આત્માના આનંદરસને અનુભવે. એ રીતે સ્વાધીનપણે પોતાના અખંડ પ્રતાપને આનંદ સહિત અનુભવતો-અનુભવતો, સિદ્ધપદને સાધતો-સાધતો, પોતાની પ્રભુતા પ્રગટ કરીને શોભી ઊઠે છે.

जय हो आत्मप्रभुतानो.

પ્રભુત્વશક્તિનું વર્ણન પૂર્ણ.



[८]

વિભુત્વ શક્તિ

[सर्वभावव्यापक-एकभावरूपा विभुत्वशक्तिः ।]



અહા, સન્તોની અનુભવદશાની શી વાત! અંતરના અનુભવ વડે આત્માના અચિંત્ય વૈભવને ખોલતા–ખોલતાં તેમણે આ સમયસારની રચના કરી છે, ને એના દ્વારા જગતનો 'આત્મવૈભવ' જગતને દેખાડયો છે. અહો! એમના ઉપકારની શી વાત!

અરે વીરા! વીર થઈને તું તારા આત્મવૈભવને દેખ શ્રદ્ધાના બળે તારી શક્તિનો ટંકાર કર.



આત્માના અનંત ધર્મોમાં એક વિભુત્વ ધર્મ છે. જ્ઞાન, આનંદ, પ્રભુતા વગેરે જે અનંત ધર્મો છે, તે એકેક ધર્મ આત્માના બીજા સર્વ ધર્મોમાં વ્યાપક છે. ધર્મ કહો, શક્તિ કહો, ગુણ કહો કે ભાવ કહો; એક જ્ઞાનભાવ બીજા અનંત ભાવોમાં વ્યાપક છે. એક આનંદભાવ બીજા અનંત ભાવોમાં વ્યાપક છે. એટલે જ્ઞાનભાવથી જોતાં આખો આત્મા જ્ઞાનરૂપ દેખાય છે, આનંદભાવથી જોતાં આખો આત્મા આનંદરૂપ દેખાય છે.–આવું આત્માની વિભુત્વશક્તિનું કાર્ય છે.

વિભુ એટલે વ્યાપક; આત્મા વિભુ છે એટલે કે વ્યાપક છે; પણ કઈ રીતે? ક્ષેત્રથી આકાશમાં સર્વવ્યાપક એવો અહીં 'વિભુ' નો અર્થ નથી. પણ ભાવથી પોતાની અનંતશક્તિઓમાં વ્યાપવારૂપ વિભુતા છે. આત્મા પોતે એક રહીને પોતાના અનંત ગુણ-પર્યાયોમાં સર્વવ્યાપક છે–એવી આશ્ચર્યકારી એની વિભુતા છે. આત્માની પ્રભુતા પણ મોટી, ને આત્માની વિભુતા પણ મોટી; મોટી ખરી પણ તે પોતામાં જ સમાય, બહાર ન નીકળે. ક્ષેત્રથી મોટાઈ હોય તો જ આત્માની મોટાઈ ગણાય–એવું નથી. આત્માની મોટાઈ જ્ઞાનાદિ અનંત નિજશક્તિના ભાવથી છે.–જેના એક ગુણની એક પર્યાયનું એટલું મહાન સામર્થ્ય કે સમસ્ત લોકાલોકને જ્ઞેયપણે જાણી લ્યે.–જાણવામાં કોઈની મદદ નહિ ને એકથી બીજો સમય નહિ. આવા આશ્ચર્યકારી સામર્થ્યવાળા અનંત ગુણ-પર્યાયોમાં આત્મા એકસાથે વ્યાપેલો છે. એક ગુણમાં બીજો ગુણ ન વ્યાપે, એક પર્યાયમાં બીજી પર્યાય ન વ્યાપે, પણ આત્મા અનંત ગુણ-પર્યાયોમાં એકસાથે વ્યાપે છે, એવી તેની વિભુતા છે. આત્માના અનુભવરસમાં બધા ગુણોનો ભેગો સ્વાદ એકરસપણે વેદાય છે.

વસ્તુ પોતાના ગુણ-પર્યાયમાં જ વ્યાપક હોય, એટલે દ્રવ્યનું ને ગુણ-પર્યાયનું ક્ષેત્ર જુદું જુદું નથી. એક ગુણ બીજા ગુણરૂપે થાય નહિ, છતાં ક્ષેત્ર તો બંનેનું એક જ છે, પ્રદેશો એક જ છે. જે જ્ઞાનના પ્રદેશો છે તે જ આનંદના પ્રદેશો છે; જ્યાં જ્ઞાન છે ત્યાં જ આનંદ છે; ને તેની પર્યાય પણ ત્યાં જ તેટલા જ પ્રદેશમાં છે. ભલે ગુણ ત્રિકાળ ને પર્યાય ક્ષણિક, છતાં ક્ષેત્ર બંનેનું સરખું છે.

અસંખ્યપ્રદેશમાં અનંત ગુણ કેમ સમાયા?–કેમકે ગુણોને પ્રદેશભેદ નથી, એક જ ક્ષેત્રમાં સર્વે ગુણો ભેગા રહેલા છે. આત્મામાં એક ઠેકાણે

જ્ઞાન ને બીજા ઠેકાણે આનંદ–એવો ભેદ નથી. આત્મા પોતાના સર્વ પ્રદેશોવડે પોતાના અનંતગુણોમાં જો એકસાથે ન વ્યાપે તો તેની અખંડ વિભુતા સિદ્ધ ન થાય.

અસંખ્યપ્રદેશમાં અનંતગુણો કેમ સમાય ?

–ભાઈ, અસંખ્યપ્રદેશમાં અનંતપ્રદેશવાળી વસ્તુ ન સમાય એ બરાબર, પણ ગુણોમાં કાંઈ પ્રદેશથી અનંતપણું નથી, પ્રદેશો તો દરેક ગુણના અસંખ્યાત જ છે પણ ભાવસામર્થ્ય તેનામાં અનંતું છે; અસંખ્યપ્રદેશે એકરસપણે બધા અનંતગુણો ભેગા રહી શકે છે. જેમ એક હજાર ઔષધી પીસીપીસીને એકરસ કરે ને પછી તેની તદ્દન નાની રાઈ જેવડી ગોળી બનાવે, તો તે નાનકડી ગોળીમાં પણ હજાર ઔષધીનો રસ ભર્યો છે. તેમ આત્માના અસંખ્યપ્રદેશમાં અનંતગુણનો રસ છે–જે સ્વાનુભવ વડે સ્વાદમાં આવે છે.

એક પ્રદેશનું ક્ષેત્ર બીજા પ્રદેશે પૂરું થઈ ગયું, પણ ગુણ કાંઈ પૂરો નથી થઈ ગયો. ગુણ તો આત્માના સર્વ–અસંખ્યપ્રદેશમાં રહેલો છે. ભિન્નભિન્ન અનંતગુણના મળીને અનંત પ્રદેશો એકેક ચૈતન્યપ્રદેશમાં રહેલા છે. પણ એક જ ગુણના સર્વ–અસંખ્યપ્રદેશો એક પ્રદેશે રહી ન શકે, કેમકે આત્મામાં એટલો સંકોચ કદી થતો નથી. ગમે તેટલો સંકોચ થાય તોપણ અસંખ્યપ્રદેશ (લોકના અસંખ્યાતમા ભાગના અસંખ્યપ્રદેશ) તો તે રોકે જ. અને ગમે તેટલો વિસ્તાર થાય તોપણ લોકપ્રમાણ અસંખ્યપ્રદેશ કરતાં વધુ વિસ્તાર કદી થાય નહિ.

અરે, પોતાની પ્રભુતાનું ક્ષેત્ર કેટલું, પોતાના ગુણોનું ક્ષેત્ર કેટલું તેનો પણ યથાર્થ વિચાર જીવે કદી કર્યો નથી; પોતાના નિજવૈભવને લક્ષમાં લીધો નથી. ભગવાન આત્મા નિજવૈભવને ભૂલ્યો તે નજર ક્યાં નાંખશે ? તારા નિજવૈભવનું ક્ષેત્ર તારા અસંખ્યપ્રદેશ છે ને તેમાં જ તારો વાસ છે. વિભુનો વાસ ક્યાં છે ? કે પોતાના જ્ઞાનાદિ અનંતગુણ–પર્યાયોમાં વિભુનો વાસ છે. સ્વગુણ–પર્યાયમાં વસેલો આત્મા પોતે જ વિભુ છે. નિવાસનું ધામ અને તેમાં વસનારો એ બંને કાંઈ જુદા નથી. પોતાના ધર્મોમાં પોતે જ વસનારો છે. એકેક જીવના પ્રદેશોની લોકાકાશના પ્રદેશો જેટલી સંખ્યા છે. આકાશ તો પરક્ષેત્ર છે, જીવના અસંખ્ય પ્રદેશો—જે અનંતગુણથી ભરેલા છે તેમાં જીવનો વાસ છે.

ધર્મીનો આત્મા પરલક્ષી પરિણામમાં ભળતો નથી એટલે કે વિકારમાં ભળતો નથી, તેમાં તન્મય થતો નથી; ને આત્મા તો સ્વલક્ષી નિર્મળ-પરિણામમાં ભળે છે, તેમાં તન્મય થાય છે. જે આ રાગાદિ વર્તે છે તેનો ધર્મીની દૃષ્ટિમાં અભાવ છે. ને તે દૃષ્ટિથી જે નિર્મળપરિણમન થયું તેમાં પણ તે રાગાદિનો અભાવ જ છે.

અહો, ચૈતન્યની ઋદ્ધિ અપાર છે. તે ઋદ્ધિનો મહિમા વાણીમાં પૂરો આવતો નથી. આવો ભગવાન આત્મા દેહમાં બિરાજે છે, તે પોતાના ગુણ-પર્યાયમાં વ્યાપીને, પોતાની સ્વતંત્ર પ્રભુતાથી શોભાયમાન છે. પરમેશ્વરે આત્માની પરમેશ્વરતા બતાવી છે; પણ આ પરમેશ્વર પોતે પોતાના પરમેશ્વર-ની સંભાળ લેતો નથી, ને પામરતા માનીને પરિભ્રમણ કરી રહ્યો છે. તે ટાળીને પરમેશ્વર થવાની આ વાત છે.

આત્મા સ્વભાવથી આવો છે; પણ તેનામાં વાણી નથી કે પોતે પોતાનું સ્વરૂપ બોલે. અને કોઈ વિરુદ્ધ માને તો 'તમે માનો છો એવો હું નથી' —એમ કાંઈ આત્મા બોલે એવો નથી. અને વિકલ્પ પણ એનામાં ક્યાં છે? એટલે વાણીથી કે વિકલ્પથી બીજાનું સમાધાન કરવાપણું રહેતું નથી. વાણી કે વિકલ્પ એ તો હું નથી, મારામાં તો વાણી કે વિકલ્પનો અભાવ છે, એટલે 'હું કંઈક બોલીને બીજાનું સમાધાન કરું' એવી વૃત્તિનું ઉત્થાન પણ આત્માના સ્વરૂપમાં નથી. આમ વાણી ને વિકલ્પ બધાથી ખસીને પોતે અંતર્મુખ થઈ પોતાના સ્વભાવને પકડીને જ્યાં વેદન કર્યું ત્યાં તે વેદનમાં આત્મા પોતાના ખરા સ્વરૂપે પ્રસિદ્ધ થયો, તેનું ખરું સ્વરૂપ અનુ-ભવમાં આવ્યું; તેનામાં વિકલ્પનો ને વાણીનો અભાવ છે. પોતાના અનંત-ગુણની ચૈતન્યસંપદાના રસમાં પડેલો આત્મા વાણી ને વિકલ્પોથી પાર છે, તેને લક્ષમાં લેવો એ જગતને માટે નવીન છે; કેમકે પૂર્વે કદી તે લક્ષમાં લીધું નથી. આમ તો અનંતા કેવળીભગવંતો—સન્તો—સમ્યગ્દૃષ્ટિઓ આવા આત્માનું વેદન કરી ચુકયા છે, વર્તમાનમાંય એવું વેદન કરનારા છે, પણ પોતે એવું વેદન કરે ત્યારે પોતાના માટે તે નવીન છે. વાણી અને વિકલ્પ વગરના, ને અનંત ગુણથી ભરપૂર એવા સ્વક્ષેત્રમાં—સ્વકાળમાં—સ્વભાવમાં ને સ્વદ્રવ્યમાં રહીને સંતોએ પોતાનાં કામ કર્યાં છે; પોતાના આવા સ્વરૂપથી આત્મા બહાર નીકળ્યો જ નથી, પછી બહારનાં કામ તે ક્યાંથી કરે? વિકલ્પ અને

વાણીનું અસ્તિત્વ ભલે હો પણ તે ચૈતન્યવસ્તુથી બહાર છે; ચૈતન્યવસ્તુની એ ચીજ નથી ને ચૈતન્યવસ્તુનું એ કાર્ય નથી. ચૈતન્યની વિભુતા રાગમાં નથી વ્યાપતી, ચૈતન્યની વિભુતા તો નિર્મળ ગુણ-પર્યાયમાં વ્યાપે છે. ચૈતન્યના પટારામાં તો અનંત ગુણરત્નોનો ભંડાર છે, તે ભંડારને ખોલતાં તેમાંથી રાગ કે વાણી ન નીકળે, એ ચૈતન્યભંડારમાંથી તો કેવળજ્ઞાન, પરમ આનંદ, વચનાતીત વિભુતા-એવા એવા અનંત રત્નો નીકળે. પ્રભુ! એકવાર તારા પટારા ખોલ ને નિજવૈભવને નીહાળ.

અરે જીવ! તારા વૈભવને ભૂલીને તું બહારમાં ક્યાં મોહ્યો? તારામાં જ પ્રભુતા તો ભરી છેને! તારી પ્રભુતાને તેં માની નહિ ને કોઈક પાસેથી પ્રભુતા લેવા જતાં તને વિભાવનો વળગાડ વળગ્યો. તારા અનંતગુણના નિધાન-માં તો ક્યાંય પરભાવ નથી, એમાં તો પરમેશ્વરતાનાં નિધાન છે; તેનું ભાન કરતાં પર્યાયમાંથી પરભાવ છૂટીને આત્મા પરમેશ્વર થાય છે. સમ્યગ્દર્શન થતાં જ 'હું પ્રભુ છું ને પામર નથી' એવી પ્રતીત થઈ, પૂર્ણ કૃતકૃત્ય જ છું-એવી દૃષ્ટિ થઈ; હવે અલ્પકાળે એવી પૂર્ણતા વ્યક્ત કરીને આત્મા સાક્ષાત્ પરમાત્મા થશે. આમ પ્રભુતાની પ્રતીતવડે સમ્યગ્દર્શન થાય છે ને પ્રભુતા પ્રગટે છે. પ્રભુતા જેને ગમે નહિ એને પ્રભુતા ક્યાંથી પ્રગટશે?

પ્રભુ! તારા ધર્મનો ને તારી પ્રભુતાનો આ માર્ગ સૂક્ષ્મ છે, પણ માર્ગ આ જ છે, બીજો માર્ગ નથી. તારામાં જ તારો ધર્મ સમાય છે. તારામાં જે હોય તેનાથી તારો ધર્મ થાય, ને તારામાં જે નથી તેનાથી તારો ધર્મ ન થાય;-આવો અનેકાન્ત પ્રકાશે છે. તારા સ્વભાવમાં જે ભર્યું છે તે રૂપે તું થા એટલે કે તે રૂપે તું પરિણમ તે તારો અસ્તિ-ધર્મ; ને તારા સ્વભાવમાં જે નથી તે રૂપે (વિકારરૂપે) તું ન થા એ તારો નાસ્તિધર્મ;—આવો અનેકાન્તધર્મ તારામાં છે. ભાઈ, તારા અનેકાન્તસ્વભાવને સન્તોએ પ્રસિદ્ધ કરીને બતાવ્યો છે. તારામાં આવો સ્વભાવનો વૈભવ છે, તે સન્તોએ સ્વાનુ-ભવથી જોયો ને તને બતાવ્યો. તો તું પણ તારા સ્વાનુભવથી તારા વૈભવને જાણ. સન્તોએ જે બતાવ્યું તે તારામાં વિદ્યમાન જ છે; તારામાં જે છે તે જ સન્તોએ બતાવ્યું છે.

તારામાં એવી વિભુતા છે કે તારા અનંતગુણોમાં એકસાથે તું રહેલો છો. તારા ગુણોમાં વિકાર નથી વ્યાપ્યો, પર નથી વ્યાપ્યું, પણ શુદ્ધ જ્ઞાન-

ભાવરૂપ તારો આત્મા જ તારા સર્વ ગુણ-પર્યાયોમાં વ્યાપેલો છે. ને વિકારમાં ને વાણીમાં તારા આત્માને વ્યાપકપણું નથી. વિભુ શેમાં નથી છે–તે અહીં બતાવ્યું છે.

આ સમયસારની શરૂઆતમાં જ કુંદકુંદાચાર્યદેવે આત્મામાં સિદ્ધપણું સ્થાપીને મંગળ કર્યું હતું કે 'હું સિદ્ધ ને તું સિદ્ધ' મારામાં ને તારામાં બંનેમાં સિદ્ધને સ્થાપું છું; એટલે સિદ્ધપદ જેવા નિર્મળભાવોમાં વ્યાપે એવો આત્મા છે,–એવો આત્મા હું આ સમયસારમાં દેખાડીશ. તારી જ્ઞાનપર્યાયના આંગણે અનંતા સિદ્ધપ્રભુને પધરાવું છું ને વિકારને કાઢી નાંખું છું. અંતર્મુખ થયેલી જ્ઞાનપર્યાયમાં એટલી તાકાત છે કે વિકારને કાઢી નાંખીને અનંતા સિદ્ધપ્રભુને પોતામાં સ્થાપે. આ રીતથી અનંત સિદ્ધોને તારા જ્ઞાનમાં આમંત્રણ આપ ને તું પણ તેવો થા. વિકારને તારા જ્ઞાનમાંથી કાઢી નાંખ ને સિદ્ધપણું સ્થાપ એટલે કે સિદ્ધ જેવા સ્વભાવથી ભરેલો તારો આત્મા તેને જ્ઞાનમાં લઈને પર્યાયમાં તું તેવો થઈ જા.

વાહ, સિદ્ધપદના ટંકાર કરીને અપૂર્વ શરૂઆત કરી છે, કે અમારા સમયસારનું શ્રવણ કરનારા શ્રોતાઓ પણ આવા હોય; એ રાગની રુચિવાળા ન હોય. એ તો અનંતા સિદ્ધ–મહેમાનોનો સત્કાર કરીને પોતાના આંગણે પધરાવે છે; અનંતા સિદ્ધ જયાં પધારે તે આંગણું કેટલું મોટું ને કેટલું ચોકખું ? –એ જ્ઞાનપર્યાયની તાકાત કેટલી કે જે અનંતસિદ્ધોને સ્વીકારે ? રાગમાં અટકેલી પર્યાયમાં એવી તાકાત હોય નહિ. રાગ નહિ, વિકલ્પ નહિ, કર્મ નહિ, દેહ નહિ, અપૂર્ણતા નહિ, સિદ્ધ જેવો પૂર્ણ તાકાતવાળો હું છું–એમ સ્વીકારીને સિદ્ધને પોતામાં સાથે રાખીને જે ઊપડ્યો તે જીવ સિદ્ધપરિણતિને લીધા વગર પાછો નહિ ફરે.

અરે ભાઈ, આ તારું સ્વરૂપ સન્તો તને પોકારી પોકારીને બતાવે છે, તે એકવાર નક્કી તો કર. જંગલમાં વસતા ને સ્વરૂપને અનુભવતા દિગંબર સંન્ત, મોરપીંછી ને કમંડળ તે પણ જેને બાહ્ય છે, અંદર સિદ્ધસ્વરૂપને જ પોતામાં વસાવીને ધ્યાવી રહ્યા છે, તેમનું આ કથન છે, પરમ વીતરાગી, પરમ નિર્દોષ ! અમે તો અંદર અમારા અનંતગુણની નિર્મળતા પ્રગટ કરીને તેમાં સિદ્ધપ્રભુને બિરાજમાન કર્યા છે; રાગ નહિ, પરસંગ નહિ, અલ્પજ્ઞતા નહિ, અમે તો જ્ઞાન-આનંદથી પૂરા એવા સિદ્ધને અમારા આત્મામાં સ્થાપીને

સિદ્ધ પ્રભુની પંક્તિમાં બેઠા... હવે સિદ્ધ થવા સિવાય બીજો કોઈ માર્ગ રહ્યો નથી. વિકારરૂપે થનારા અમે નહિ, અમે તો સિદ્ધ થનારા.

અહો, અમે અનંતા સિદ્ધને મારા ને તારા આત્મામાં સ્થાપ્યા; હે જીવ! અમારી પાસે તું 'શુદ્ધઆત્મા' સાંભળવા આવ્યો છો એટલે તું સતનું એટલું તો બહુમાન લઈને આવ્યો છો કે તને સિદ્ધપણું ગમશે ને વિકાર નહિ ગમે.–તો અમે તને તારું સિદ્ધપણું સંભળાવીએ છીએ ને તારો શુદ્ધ-આત્મા દેખાડીએ છીએ; તે સાંભળીને તું તારા આત્મામાં સિદ્ધપણું સ્થાપ. તું શ્રોતા થઈને આવ્યો એનો અર્થ એ થયો કે. અમે જે કહીએ છીએ તે તારે જાણવું છે–માનવું છે ને આદરવું છે. અમારી વાત તને ગોઠી એટલે તું સાંભળવા આવ્યો. હવે અમે સમસ્ત નિજવૈભવથી તને તારા આત્માનો વૈભવ બતાવીએ છીએ; અનંતા સિદ્ધોને તારી પર્યાયમાં સમાડી દે એટલે કે શ્રદ્ધા-જ્ઞાનમાં લઈને તું પણ સિદ્ધ થા–એવી તારા આત્મવૈભવની તાકાત છે. તેની સામે જોઈને આવા તારા સામર્થ્યની હા પાડ, તારા શ્રદ્ધા-જ્ઞાનરૂપી આંગણું ચોકખું કરીને તેમાં સિદ્ધપ્રભુને પધરાવ. પછી અમે તને સમયસાર સંભળાવીએ. તારી પ્રભુતાની હા પાડીને સમયસાર સાંભળ! એટલે જરૂર તને પણ અમારા જેવો સ્વાનુભવ થશે, ને વક્તાના તથા શ્રોતાના ભાવની સંધિ થશે.

જે આંગણામાં પ્રભુને પધરાવવા (–અનુભવમાં લેવા) હોય તે આંગણું કેટલું ચોકખું જોઈએ! વિકારની રુચિવડે જેનું આંગણું મલિન છે તે મલિન આંગણામાં પ્રભુ પધારે નહિ–અનુભવમાં આવે નહિ. એક સારો રાજા ઘરે આવે તોપણ તેનો કેટલો આદર કરે છે ને આંગણું ચોકખું કરીને કેવું શણગારે છે! તો હે ભાઈ! જગતના મહારાજા એવા સિદ્ધપ્રભુને તારા આત્મામાં પધરાવવા માટે તારી પર્યાયના આંગણાને નિર્મળ શ્રદ્ધા-જ્ઞાનવડે તું શણગાર. હકારના જોરપૂર્વક જે સાંભળવા આવ્યો તેની પર્યાય રાગથી પાછી હટીને અંતર તરફ વળવા લાગી, સંસારથી પાછી ફરીને સિદ્ધપદ તરફ જવા લાગી. અનંતા સિદ્ધને ને સર્વજ્ઞપદને મારા જ્ઞાનમાં–શ્રદ્ધામાં–અનુભવમાં સમાડી દઉં એવી મારી તાકાત છે–એમ સ્વભાવના ભરોસે હા પાડીને તે સ્વભાવને સાંભળે છે; એટલે એના શ્રવણમાં ને એના ભાવમાં અપૂર્વતા છે.

જુઓ, આ પ્રભુતા! પ્રભુ પોતાના અનંત ગુણોમાં વ્યાપેલો વિભુ છે. તેની વિભુતાનો આ વિસ્તાર થાય છે. વિભુતામાં જ્ઞાન છે, વિભુતામાં વિકલ્પ નથી. વિકલ્પમાં કે વાણીમાં જ્ઞાન નથી. જ્ઞાનમાં વિકલ્પ કે વાણી નથી. જ્ઞાન સર્વને જાણવાના સામર્થ્યવાળું છે એ અપેક્ષાએ આત્માને સર્વવ્યાપક ભલે કહેવાય. પણ ખરેખર તો તે સ્વવ્યાપક છે; રાગમાં તે વ્યાપતું નથી ત્યાં પરમાં વ્યાપવાની તો વાત જ કેવી?

સ્ત્રી કે બાળક, વૃદ્ધ કે યુવાન, મનુષ્ય કે દેવ, એ તો બધા ઉપરના ખોખાં છે, એનાથી ભિન્ન અંદર બધા આત્મા એક જાતના છે. બધાય આત્મા પોતપોતાના અનંત ગુણના વૈભવથી ભરેલા છે. આત્મા ક્યાં સ્ત્રી આદિ છે? એ તો ચૈતન્યગુણનો ભંડાર છે. અહો, આવું સ્વરૂપ લક્ષમાં લેનાર જ્ઞાનની કેટલી ગંભીરતા? આવી ગંભીરતામાં અનંત સર્વજ્ઞ-વીતરાગને સ્થાપ્યા છે. ભાઈ! તું બીજા વિચાર ન કર... સિદ્ધ જેવી તારી તાકાત છે તેમાં શંકા ન કર. બીજો વિકલ્પ વચ્ચે ન લાવ. ભગવાન કુંદકુંદસ્વામી જેમણે વિદેહની યાત્રા કરીને સીમંધર પરમાત્માના સાક્ષાત્ ભેટા કર્યા, તેઓ સ્વાનુભવના જોરથી પરમ સત્યને પ્રસિદ્ધ કરતાં ફરમાવે છે કે આત્માના નિજવૈભવમાં સિદ્ધપણું છે, તે અમે ભગવાન પાસેથી સાંભળ્યું છે, પરમ ગુરુઓએ કૃપાપૂર્વક અમને બતાવ્યું છે ને અમારા સ્વાનુભવથી અમે જોયું છે, તે અમે તને આ સમયસારમાં દેખાડીએ છીએ. અહો! આમાં તો ઘણી ગંભીરતા છે, જે પર્યાયમાં રાગવગરના અનંતા સર્વજ્ઞ-સિદ્ધોનો સ્વીકાર થયો તે પર્યાયની તાકાત કેટલી? તે પર્યાય શું રાગમાં ઊભી રહેશે?–નહિ; એ પર્યાય તો સ્વભાવસન્મુખ થઈને અનંતો આનંદ પ્રગટ કરશે, અનંત જ્ઞાનની તાકાત પ્રગટ કરશે, અનંત વીર્યવડે પ્રભુતા પ્રગટાવશે, રાગ વગરનું અતીન્દ્રિય ચૈતન્યજીવન પ્રગટાવશે. વાહ રે વાહ! આ તો પ્રભુતાની પ્રાપ્તિનો અવસર આવ્યો. અરે જીવ! આવી પ્રભુતાના પ્રસંગે પામરતાને યાદ ન કરીશ; સિદ્ધની સાથે ગોષ્ઠી કરી...હવે સંસારને ભૂલી જાજે; આત્મામાં સિદ્ધને સ્થાપ્યા–હવે સિદ્ધ થતાં શી વાર! થોડો કાળ વચ્ચે છે પણ સિદ્ધપણાના પ્રસ્થાનાના જોરે (પ્રતીતના જોરે) સાધક તે અંતરને તોડી નાંખે છે, ને જાણે અત્યારે જ હું સિદ્ધ છું એમ શુદ્ધદષ્ટિથી દેખે છે. સિદ્ધનું પ્રસ્થાનું કર્યું ત્યાં જ રુચિમાંથી રાગ ભાગી ગયો. અરે, આઠવર્ષના બાળક પણ જાગી

ઊઠે ને અંતરમાં પોતાના આવા નિજવૈભવને દેખે કે 'આવો હું!' સિદ્ધ જેવા અનંતગુણના સામર્થ્યરૂપે તે પોતાને દેખે છે ને નિર્વિકલ્પધ્યાનવડે અનુભવે છે. અમે દેહમાં કે રાગમાં રહેનારા નહિ, અમે તો એક સમયમાં નિર્મળ ગુણ-પર્યાયોરૂપ જે અનંત ભાવો તેમાં રહેનારા છીએ. અમારો વાસ અમારા અનંત ગુણ-પર્યાયમાં છે; 'અનંતધામ'માં વસનારો વિભુ અમારો આત્મા છે. અહા, પોતાના અંતરમાં જ આવો વિભુ વસી રહ્યો છે પણ નજરની આળસે જીવો એને દેખતા નથી.

બુદ્ધિને અંતરમાં વાળે તો તો પોતે પોતામાં નજર કરવી સહેલી છે; પણ કદી એવી નજર કરી નથી ને મોંઘી માનીને પરભાવમાં અટકી રહ્યો છે. પરભાવ સુગમ ને નિજભાવ કઠિન–એવી વિપરીતબુદ્ધિને લીધે જીવ સ્વવૈભવને દેખી શકતો નથી.–એ વિપરીતતાની મર્યાદા કેટલી? એક સમયપૂરતી; અને તે પણ કાંઈ સ્વભાવમાં પેસી ગઈ નથી. જો દૃઢતાથી ઊપડે કે મારે મારા આત્માને દેખવો જ છે ને સ્વવૈભવને સાધવો જ છે, તો પરભાવની રુચિ તોડીને સ્વભાવને અનુભવતાં વાર લાગે નહિ. અહા, આત્મસ્વભાવના વૈભવનો પથારો કેટલો?–કે એકસાથે અનંતગુણોમાં ને તે બધાની નિર્મળપર્યાયોમાં ફેલાઈ જાય એટલો એનો વિસ્તાર છે. પણ એ બહાર જઈને વિકારમાં ફેલાતો નથી. ચૈતન્યગુણના ફેલાવમાં વિકારનો અભાવ છે.

અરે, ચક્રવર્તીના આંગણે જઈને એની પાસે કોલસા ન મંગાય, એની પાસે તો હીરા મંગાય; તેમ આ ચૈતન્યચક્રવર્તીના આગણે નીકટભવ્ય થઈને આવ્યો તો એની પાસે રાગ ન મંગાય, એની પાસે તો કેવળજ્ઞાનાદિ અનંત ગુણ-રત્નો મંગાય. અહો, ચૈતન્યના વૈભવની શી વાત! ક્ષેત્ર ભલે મધ્યમ-મર્યાદિત, પણ એના ભાવની તાકાત અચિન્ત્ય ને અમર્યાદિત છે. એક સમયમાં અનંતગુણનો જે અપાર વૈભવ પ્રગટ્યો તેમાં સર્વવ્યાપક થઈને પરિણમે છે–એવી આત્માની વિભુતા છે. સમ્યગ્દર્શન થતાં આવા 'વિભુ'નો પોતામાં સાક્ષાત્કાર થાય છે, આત્મભાન થાય છે, પરમાત્મપણું પોતામાં દેખાય છે, સાક્ષાત્ પરમાત્મા થવાની તાલાવેલી જાગે છે એટલે કે પરિણતિનો પ્રવાહ તે તરફ વહે છે. (–સ્વરૂપ ભણી દોડે પરિણતિ.)

જેમ ચાર હાથની નાની ઓરડી (ઓફિસ)માં પણ કરોડો-અબજોનો વેપાર ચાલતો હોય, તેમ પરમાત્માની પેઢી (ઓફિસ) ભલે નાની

અસંખ્યપ્રદેશી શરીર જેવડી. પણ તેમાં અનંતા ગુણોની નિર્મળતાનો મોટો વેપાર ચાલી રહ્યો છે. સર્વજ્ઞદેવે શાસ્ત્રોમાં જે કહ્યું તેના શબ્દો ભલે થોડા પણ તેમાં આત્માના અચિંત્યવૈભવના જે અનંત ગંભીર ભાવો ભર્યા છે તેને સમ્યગ્દૃષ્ટિ જ જાણે છે. એ રીતે પોતાની વિભુતાને જાણતો તે નિર્મળ ભાવોમાં વ્યાપીને સાક્ષાત્ વિભુતા પ્રગટ કરે છે.

આ રીતે વિભુત્વશક્તિનું વર્ણન પૂરું થયું.



હે ભદ્ર! કુંદકુંદસ્વામી જેવા સન્ત તને તારું સિદ્ધપણું બતાવે છે, તો તું ઉલ્લાસથી તેની હા પાડ, ને હું સિદ્ધ છું–એમ તારા શુદ્ધાત્માને ચિન્તનમાં લે.



[૯]

સર્વદર્શિત્વ શક્તિ

[विश्वविश्वसामान्यभावपरिणतात्मदर्शनमयी सर्वदर्शित्व शक्तिः।]



હે જીવ! તારો વૈભવ સન્તો તને અત્યારે દેખાડી રહ્યા છે તો એનો પરમ ઉલ્લાસ પ્રગટ કરીને તું અંતરમાં જો. ત્રણલોકનો વૈભવ જેની પાસે સાવ નીરસ લાગે એવા તારા અદ્‌ભુત વૈભવને દેખતા તને કોઈ પરમ આનંદ થશે. આ ચૈતન્યસંપદા પાસે અન્ય સંપદાને અસાર સમજીને ચક્રવર્તી પણ ક્ષણમાં રાજ છોડીને આત્મવૈભવ સાધવા માટે ચાલી નીકળ્યા...નાની ઉમરના રાજપુત્રો પણ, માતાનેય પૂછ્યા વગર આત્મસંપદા સાધવા ચાલ્યા ગયા. એવી આત્મસંપદાનું આ વર્ણન છે.

જ્ઞાનસ્વરૂપ આત્માની અનંત શક્તિમાં એક ‘સર્વદર્શિત્વ’ શક્તિ છે. આત્માના સ્વભાવમાં કેવી શક્તિઓ છે, કેવા ધર્મો છે, તે ઓળખે તો આત્માનો અનુભવ થાય. ક્ષેત્રથી આત્મા ભલે નાનો, લોકના એક નાના ભાગમાં રહેલો છે પણ તેનો સ્વભાવ કાંઈ નાનો નથી; એનો સ્વભાવ તો અનંત લોકાલોકને જાણવા-દેખવાનો છે. લોકના અસંખ્યાતમા ભાગમાં રહેલો (-કેવળીસમુદ્‌ઘાત વખતે સર્વલોકમાં ફેલાય છે. તે સિવાય લોકના અસંખ્યાત-માં ભાગમાં રહેલો) આ આત્મા પોતાના અસંખ્યપ્રદેશોમાં અનંતશક્તિથી ભરેલો છે; ને એકેક શક્તિમાં અનંત અચિંત્ય અપાર સામર્થ્ય છે. આવો આત્મા લક્ષમાં આવતાં તેનું માહાત્મ્ય આવે, ને સંયોગી ચીજનું કે વિકારનું માહાત્મ્ય ટળી જાય; નિજમહિમા વડે સ્વભાવ-સન્મુખ થતાં તેનો અનુભવ થાય, આનંદ આવે, ને નિર્મળતા પ્રગટે. એનું નામ ધર્મ છે ને તે મુક્તિનો પંથ છે.

ત્રીજી ‘દૃશિ શક્તિ’ માં દર્શનગુણ વર્ણવ્યો તેમાં જોકે સર્વદર્શીપણું ગર્ભિત છે, દર્શન અને સર્વદર્શીપણું એ બે કાંઈ જુદી જુદી પર્યાયો નથી; પણ દર્શનગુણનું સર્વદર્શીરૂપ સામર્થ્ય પર્યાયમાં પરિપૂર્ણ ખીલી ગયું તે આ સર્વદર્શીત્વમાં બતાવ્યું છે. સર્વદર્શીપણું કેવું છે? કે આત્મદર્શનમય છે, એટલે કે આત્મા પોતાને દેખતાં આખા વિશ્વને દેખી લ્યે છે, વિશ્વને દેખવા માટે વિશ્વ તરફ ઉપયોગ જોડવો પડતો નથી. અંતરમાં સર્વને દેખવાના સ્વભાવપણે આત્મા પરિણમ્યો તે આત્માના દર્શનમયી સર્વદર્શી-શક્તિ છે, એટલે ઉપયોગ બહારમાં નથી મુકવો પડતો.

સર્વદર્શીપણું એ દૃશ્યમાનપદાર્થમય નથી, રાગમય નથી, પણ આત્મદર્શનમય છે; એટલે આવા સર્વદર્શીસ્વભાવને પ્રતીતમાં લેનાર સાધક જાણે છે કે મારી દર્શનપરિણતિ પણ દૃશ્યમાન પરદ્રવ્યના આશ્રયે નથી, રાગના આશ્રયે નથી, પણ આત્માના આશ્રયે છે.-આમ શક્તિના નિર્મળકાર્યને ઓળખતાં ભેદજ્ઞાન થાય છે. દ્રવ્ય-ગુણમાં રહેલું દર્શનસામર્થ્ય જ્યારે પૂરું ખીલી જાય છે ત્યારે સમસ્ત વિશ્વને સામાન્યપણે દેખવારૂપે આત્મા પરિણમી જાય છે.-આવા આત્માના દર્શનમયી સર્વદર્શિત્વ શક્તિ છે. સાધકને ભલે હજી આવું સર્વદર્શિત્વ પ્રગટ્યુ ન હોય પરંતુ એની પ્રતીતમાં તો આવી જ ગયું છે, એટલે કે ‘શ્રદ્ધાપણે કેવળદર્શન થયું છે.’

કેવળદર્શન અર્થાત્ સર્વદર્શીપણું પ્રગટવાની તાકાત જેનામાં ભરી છે એવો ધર્મ અત્યારે જ મારામાં વર્તી રહ્યો છે (–'મુખ્યનયના હેતુથી કેવળજ્ઞાન વર્તે છે') એમ ધર્માત્માને પ્રતીત થઈ છે, અને તે પ્રતીતના ફળમાં આવું સર્વદર્શીપણું પ્રગટ થશે–એમ તે જાણે છે. વિશ્વ એટલે લોક ને અલોક બધુંય, તેની સત્તાને એકસાથે અવલોકવાની આત્માની તાકાત છે. સમસ્ત દ્રવ્ય-ગુણ-પર્યાયના સમૂહરૂપ સતને દર્શન એકસાથે દેખે છે. આંખના અવલંબન વિના, રાગના આશ્રય વિના એક સમયમાં આવું કાર્ય કરવાની (સર્વને દેખવાની) આત્માની તાકાત છે. એ તાકાતનો ભરોસો ક્યારે આવે? કે જ્ઞાયકભાવમાત્ર આત્મસ્વભાવની સન્મુખ થઈને પરિણમે ત્યારે.

અનંત ગુણના વૈભવથી અભિન્ન અને વિકારથી ભિન્ન એવો આત્મા છે. ભાઈ, તારા આત્મ-ખજાનામાં કેવો વૈભવ છે તે ખોલીને સન્તો તને દેખાડે છે. ઋષભદેવ ભગવાનની સ્તુતિ કરતાં શ્રી પદ્મનંદીમુનિરાજ કહે છે કે અહો દેવ! કેવળજ્ઞાન પામીને દિવ્યધ્વનિદ્વારા આપે જે ચૈતન્યસંપદા બતાવી ને મોક્ષનાં નિધાન ખોલ દિયા, તો તે ચૈતન્યસંપદા પાસે આ રાજસંપદાને તૂચ્છ તરણાં જેવી સમજીને કોણ ન છોડે? આ રાજસંપદા છોડીને ચૈતન્યસંપદા લેવા માટે કોણ ન આવે? ભરતચક્રી જેવા રાજાઓ પણ ચક્રવર્તીપદને ક્ષણમાં છોડીને પ્રભો! આપે બતાવેલી ચૈતન્યસંપદા લેવા માટે ચાલી નીકળ્યા. અરે, નાની નાની ઉમરના રાજપુત્રો પણ એ ચૈતન્યસંપત્તિને સાધવા માટે, માતાનેય પૂછ્યા વગર ચાલ્યા ગયા. 'અહો! આવો અચિંત્ય મારો આત્મવૈભવ!' એવી જ્યાં દૃષ્ટિ થઈ ત્યાં જગતના વૈભવની મહત્તા ઊડી ગઈ. અરે જીવ! આવો તારો વૈભવ સન્તો તને અત્યારે દેખાડી રહ્યા છે, તો એનો પરમ ઉલ્લાસ પ્રગટ કરીને તું અંતરમાં જો.– ત્રણલોકનો વૈભવ જેની પાસે સાવ નીરસ લાગે એવા તારા અદ્ભુત વૈભવને દેખતાં તને કોઈ પરમ આનંદ થશે.

આ જે કાંઈ કહેવાય છે તે બધું તારામાં ભર્યું છે, તારું જ સ્વરૂપ તને બતાવાય છે; એટલે ન સમજાય એવું કાંઈ નથી. માટે, નહિ સમજાય–એ વાત મનમાંથી કાઢી નાંખ, ને બધુંય સમજવાની મારામાં તાકાત છે એમ સ્વશક્તિનો વિશ્વાસ લાવીને આવા આત્મવૈભવને લક્ષમાં લે. આ સમજ્યા સિવાય બીજા કોઈ ઉપાયે ઉદ્ધાર નથી, બીજે ક્યાંય શાંતિ નથી.

અપૂર્ણતા રહે કે વિકારમાં અટકે એવું મારું સ્વરૂપ નહિ, પણ રાગને તોડીને પૂર્ણપણે પરિણમે એવું મારું સ્વરૂપ છે. એક દર્શનના પૂર્ણ પરિણમનની સાથે આનંદ વગેરે અનંત ગુણોનું પરિણમન પણ ભેગું જ છે.

એકેક શક્તિના વર્ણનમાં આચાર્યદેવે ખુબી કરી છે. અહીં સર્વદર્શિત્વ-શક્તિ 'લોકાલોકને દેખવામયી' એમ ન કહ્યું પણ 'લોકાલોકને દેખનારા એવા આત્માને દેખવામયી' એમ કહ્યું. એટલે 'આત્મદર્શનમયી' એમ કહીને નિશ્ચયની વાત લીધી, ને સાથેસાથે લોકાલોકને દેખવાનું તેનું સામર્થ્ય છે તે પણ બતાવી દીધું. લોકાલોકને દેખતું હોવા છતાં તે દર્શન આત્મદર્શનમય છે; આત્મા પોતે એવા દર્શનસામર્થ્યરૂપે પરિણમ્યો છે; તે કાંઈ પરસન્મુખ જોઈને પરિણમતો નથી પણ આત્મદર્શનની સ્વચ્છતામાં જ એવું સામર્થ્ય છે કે લોકાલોક તેમાં દેખાઈ જાય છે.

આત્મા પરને દેખતાં-જાણતાં તન્મય થયા વગર દેખે-જાણે છે તેથી તેને વ્યવહાર કહ્યો; ને આત્મા સ્વને દેખતાં-જાણતાં તન્મય થઈને દેખે-જાણે છે તેથી તેને નિશ્ચય કહ્યો,–એ એક જુદી વિવક્ષા છે; પણ સ્વ-પરને દેખવા-જાણવાની આત્માની તાકાત છે તે તો તેનો નિશ્ચયસ્વભાવ છે. પોતે પોતાને તન્મય થઈને દેખે છે ને પરને તન્મય થયા વગર દેખે છે. સર્વદર્શીપણાને 'આત્મદર્શનમય' કહીને સ્વાશ્રય બતાવ્યો છે. લોકાલોકને દેખવામાં કાંઈ પરાશ્રય નથી. આવો સર્વદર્શીસ્વભાવી આત્મા જ્યાં દૃષ્ટિમાં આવ્યો ત્યાં પ્રતીત થઈ કે સંપૂર્ણ દેખવારૂપે પરિણમું એવો હું, રાગાદિમાં અટકું કે ઇંદ્રિયોદ્વારા દેખું એવો હું નહીં.–આવી પૂર્ણતાની પ્રતીતપૂર્વક સાધક થઈને સર્વદર્શિતા તરફ તેનું પરિણમન ચાલ્યું. તેને પૂર્ણતારૂપ નિશ્ચયનો આદર, ને વચ્ચે વિકારરૂપ વ્યવહાર રહ્યો તેનો નિષેધ વર્તે છે.

આત્માનું દર્શનસામર્થ્ય એવું છે કે પોતે પોતામાં રહીને દેખે છે. પરચીજનું દર્શન પોતામાં થયું પણ તેનાં લક્ષણ પોતામાં ન આવ્યાં; જો પરને દેખતાં પરનું લક્ષણ પણ પોતામાં આવી જાય તો તો જડને જાણતાં આત્મા પોતે જડ થઈ જાય. પણ, જેમ બરફ કે અગ્નિને દેખતાં આંખ ઠંડી કે ગરમ થતી નથી, મલિન વસ્તુને જાણતાં આંખ પોતે મેલી થતી નથી, તેમ પરને જાણતાં–દેખતાં કે રાગાદિને જાણતાં–દેખતાં આત્માની ચેતના પરરૂપ કે રાગરૂપ થઈ જતી નથી; પોતે પોતાના સ્વરૂપે રહીને જાણે-દેખે છે, એવું આત્માનું સામર્થ્ય છે.

અરે, તારા સ્વભાવના સામર્થ્યને તો તું જો! વિકલ્પ વિના, પરની સામે દેખ્યા વિના, લોકાલોકને દેખી લ્યે એવી તારા આત્માની તાકાત છે. આવું સર્વદર્શિત્વ તે સાધ્ય છે, સાધકદશામાં તે પ્રગટ હોતું નથી પણ તેની પ્રતીત હોય છે. આ ભગવાન ચૈતન્યમહારાજા, તેને દૃષ્ટિમાં લેતાં આખો બધો વૈભવ પ્રતીતમાં આવી જાય છે. સમ્યગ્દૃષ્ટિ-ધર્માત્મા સ્વાનુભવથી એમ જાણે છે કે હું જ્ઞાયક-ચિદાનંદ અનંતશક્તિનો પિંડ વીતરાગસ્વભાવ છું ને પર્યાયમાં પણ એવા જ ભાવનું પરિણમન થાય તે મારું સ્વરૂપ છે; જે રાગાદિ પરભાવ વર્તે છે તે પૃથક્પણે વર્તે છે, મારા સ્વરૂપપણે નહિ. દ્રવ્યસ્વભાવમાં કે અનંતીશક્તિમાંથી એકકેય શક્તિમાં તો રાગ છે જ નહિ, ને પર્યાયમાં જે રાગ છે તે પણ જ્ઞાનભાવના પરિણમનથી જુદાપણે વર્તે છે, જ્ઞાનભાવ સાથે એકપણે વર્તતો નથી. આવા ભેદજ્ઞાનવડે સ્વભાવનો આદર ને પરભાવનો નિષેધ હોવાથી રાગનું પરિણમન તૂટતું જાય છે ને સ્વભાવનું પરિણમન ખીલતું જાય છે. ધર્મી જાણે છે કે રાગમાં અટકવાનો મારો સ્વભાવ નથી, રાગનો પ્રવાહ મારા સ્વભાવમાંથી નથી આવતો; મારા સ્વભાવમાંથી તો સર્વદર્શીતાના સર્વજ્ઞતાના આનંદના ને વીતરાગતાના નિર્મળ પ્રવાહ આવે છે.–એ પ્રવાહમાં ક્યાંય દુઃખ છે નહિ, આકુળતા છે નહિ, અજ્ઞાન છે નહિ.

અનાદિ અજ્ઞાનથી જીવ જે દુ:ખ ભોગવે છે તેનો અભાવ થાય ને સાદિ-અનંત અતીન્દ્રિય આનંદ પ્રગટે-એવી આ વાત છે. એકવાર આવા સ્વભાવને દૃષ્ટિમાં તો લે, ભાઈ! તો તને ખ્યાલ આવશે કે મારો આ સ્વભાવ રાગરૂપે કદી પરિણમતો નથી. રાગના જ્ઞાનરૂપે ભલે પરિણમે પણ રાગરૂપે પોતે પરિણમતો નથી. અહા, ભેદજ્ઞાનીએ રાગને અને જ્ઞાનને જુદા અનુભવ્યા છે. પોતાનો ચિદાનંદ સ્વભાવ જેની દૃષ્ટિમાં આવ્યો ને જીવ આરાધનાથી કદી પાછો પડતો નથી; તેને પ્રતીત છે કે હવે હું રાગાદિમાં તન્મય કદી થવાનો નથી. મારા સ્વભાવમાં તન્મય રહીને સર્વદર્શિત્વરૂપે પરિણમીશ. અને તે કાંઈ પરને દેખવા માટે નથી પરિણમતો, પણ પરલક્ષ વગર દર્શનના પરિણમનમાં જ એવી શક્તિ ખીલી જાય છે કે બધું તેમાં દેખાય.

આત્માના સ્વઘરમાં નિજશક્તિનો જે વૈભવ છે તેની આ વાત છે. આત્માની એકેક શક્તિ એવી અચિંત્ય સામર્થ્યવાળી દૈવી છે કે એને

માનતાં મોક્ષ મળે. મોરબી પાસે શનાળા ગામે શક્તિમાતાનું મંદિર છે. પણ સાચી શક્તિમાતા તો આ આત્માના ચૈતન્યમંદિરમાં બિરાજે છે, કે જેની ઉપાસના કરવાથી સુખ મળે. આત્માને સંયોગ વિના ચાલે, રાગ વગર ચાલે પણ પોતાની નિજશક્તિ વગર ન ચાલે. અજ્ઞાની સ્વશક્તિને ભૂલીને એમ માને છે કે મારે પર વિના ન ચાલે ને રાગ વિના-પુણ્ય વિના ન ચાલે. અરે ભાઈ! આ તારી શક્તિના વૈભવને તો જો! એમાં ક્યાં બીજા કોઈની જરૂર છે? અહો, આ એકેક શક્તિ એ તો પરમેશ્વરની શક્તિ! એના સામર્થ્યની શી વાત! ચૈતન્યશક્તિના આવા અખૂટ ભંડાર, એમાં વળી બીજાની ઓશિયાળ કેવી? એને તો પર વગર જ સદાય ચાલી રહ્યું છે, પરની તો એનામાં નાસ્તિ છે; પરની નાસ્તિથી જ આત્મા ટકેલો છે. જો આત્માંમાં પરની (શરીરની ને સંયોગની) નાસ્તિ ન હોય તો આત્મા તે પરરૂપે થઈ જાય એટલે નિજસ્વરૂપે ટકી શકે નહિ. પર વગર જ સદા રહ્યો છે પણ હું મારા સ્વરૂપથી ટકેલો છું-એમ જીવે કદી જાણ્યું ન હતું. તેને જ્ઞાનીએ સમજાવ્યું કે ભાઈ, તું પરથી તો ખાલી છો ને તારી અનંત શક્તિથી ભરેલો છો. તારું ટકવાપણું તારી શક્તિના વૈભવથી છે, પરથી કે વિકારથી નહિ. માટે, પર વિના મારે ન ચાલે-એવી ઊંધી માન્યતા છોડ ને તારા સાધ્યને જાણ. સ્વસામર્થ્યની પ્રતીત કરતાં અપૂર્વ સમ્યગ્દર્શન ને સાધકદશા પ્રગટે છે; તે સાધકદશા સાધ્યની પ્રતીત ભેગી લેતી આવે છે. જ્યાં સાધ્યને પકડયું ત્યાં હવે વચ્ચે બીજા કોઈ બાધકભાવમાં તે જીવ અટકતો નથી, તે સ્વસાધ્યમાં એકાગ્ર થઈને સર્વદર્શી થાય છે.

અહો, આચાર્યદેવની આ વાણી નીકળી તેમાં કોઈ અલૌકિક રહસ્યો ભર્યાં છે. આત્મશક્તિના અપારવૈભવને દેખાડનારી આ વાણી પંચમકાળમાં હજારો વર્ષો સુધી રહેશે. પંચમકાળના છેડે જે મુનિ-આર્યિકા-શ્રાવક ને શ્રાવિકા એ ચાર ધર્માત્માઓ રહેશે તેઓ પણ પોતાના આવા આત્મવૈભવને જાણનારા હશે. સમ્યગ્દર્શન વગર તો સાધકપણું હોય નહિ. સર્વદર્શીપણું પ્રગટે છે તે અંદર સાધ્ય પડયું છે તેમાંથી આવે છે, બહારથી નથી આવતું. પર સામે દેખી-દેખીને સર્વને દેખવા માંગે તો કદી દેખી શકે નહિ; દેખનારો પોતાને દેખે છે ને પોતાને દેખતાં તે નિજસામર્થ્યવડે સર્વદર્શી થાય છે. લોકાલોકને દેખવા છતાં તે પોતાના અસંખ્યપ્રદેશી સ્વક્ષેત્રની સીમાને છોડતો નથી, ને દેખવામાં એને બે સમય લાગતા નથી, એકેક

સમયમાં સર્વદર્શીપણાનું પૂરું સામર્થ્ય પરિણમી રહ્યું છે. તેમાં રાગાદિ કોઈ પ્રતિબંધ રહ્યો નથી.-આવું સર્વદર્શીપણાનું સામર્થ્ય દરેક આત્મામાં છે.

વિશ્વલોકમાં અનંતા જડ-ચેતન દ્રવ્યો એકસાથે રહ્યા હોવા છતાં એકબીજાને કોઈ સ્પર્શતા નથી,-અર્થાત્ પોતાનું સ્વરૂપ છોડીને અન્યરૂપે થઈ જતાં નથી, પોતપોતાના અનંતધર્મમાં જ રહે છે. આત્મા પરને સ્પર્શતો નથી ને પરદ્રવ્ય આત્માને સ્પર્શતું નથી. શરીર-વચન વગેરે પુદ્ગલની કોઈ ક્રિયાને આત્મા કદી અડતો પણ નથી તો તેને કરવાની વાત ક્યાં રહી? પરને સ્પર્શ્યા વગર તેના દર્શનનો ઉપયોગ આત્મામાં છે. છદ્મસ્થને પણ પરને સ્પર્શ્યા વગર પોતાને યોગ્ય દર્શન (ચક્ષુદર્શનાદિ) પરિણમે છે. અહા, અનંત ધર્મોનું ચક્ર એકસાથે આત્મામાં ચાલી રહ્યું છે. પ્રભુ! તારી મોટપની ને તારા વૈભવની તને ખબર નથી. જેમ કોઈ માણસ પોતાને ગરીબ સમજીને જ્યાં-ત્યાં ભમતો હતો, ત્યાં તેના કોઈ હિતસ્વીએ કહ્યું કે તું ખરેખર ગરીબ નથી, તું તો અમુક રાજાનો રાજપુત્ર છો ને તારા ઘરમાં તો કરોડો સોનામહોર ભરી છે,-એમ કહીને એને એનો બધો વૈભવ દેખાડે, ત્યારે એને દેખીને તે કેવો ખુશી થાય! તેમ નિજવૈભવને ભૂલેલો અજ્ઞાની પોતાને રાગી-સંયોગી દીન-હીન માનીને સંસારમાં જ્યાં-ત્યાં ભમી રહ્યો છે; ત્યાં પરમ હિતસ્વી કોઈ જ્ઞાની તેને કહે છે કે અરે જીવ! તું રાગી કે પરાધીન નથી, તું તો 'રાજપુત્ર' એટલે સિદ્ધોનો ને અરિહંતોનો વારસદાર છો, સિદ્ધ જેવી અનંતશક્તિનો અચિંત્ય વૈભવ તારી પાસે ભર્યો છે.-આમ સન્તોએ નિજવૈભવ દેખાડ્યો તે પોતામાં દેખીને જીવને પરમ આનંદ થાય છે, પોતે પોતાને સિદ્ધ જેવો જાણે છે-'सिद्धसमान सदा पद मेरो' અત્યાર સુધી મારી પ્રભુતાને ભૂલીને દીનપણે હું સંસારમાં રખડ્યો, પણ હવે પ્રભુતાનું ભાન થયું એટલે હવે સિદ્ધ થયે છૂટકો. આ પરાશ્રિત રાગ-આકુળતા કે અલ્પતા તે હું નહિ. હું તો સર્વજ્ઞપદના વૈભવથી ભરેલો છું.—આમ નિજવૈભવનો મહિમા આવતાં પરિણમન પણ તે તરફનું ખીલે છે.

અનંતશક્તિનાં નિધાન ખોલીને સન્તો બતાવે છે કે રાગ કે સંયોગ તે તારી પૂંજી નહિ, તારી પૂંજીમાં તો જ્ઞાન-દર્શન-આનંદના અનંત નિધાન ભર્યા છે. પરને પોતાની સાથે એકમેક તન્મય કરવા માગે તે ત્રણકાળમાં થઈ શકે નહિ; ને પોતાની અનંતશક્તિ સાથે જે ત્રિકાળી એકતા છે તે કદી

તૂટે નહિ.-આવી સ્વશક્તિને પ્રતીતમાં લેતાં તેના કાર્યરૂપ સર્વજ્ઞતા-સર્વદર્શિતા વગેરે પ્રગટવાની પ્રતીત પણ ભેગી જ આવી જશે. કારણને પ્રતીતમાં લેતાં કાર્યની પ્રતીત ભેગી ન આવે એમ બને નહિ; શુદ્ધ દ્રવ્યને પ્રતીતમાં લેતાં શુદ્ધ પર્યાયરૂપ કાર્ય પણ થાય જ. આ રીતે સ્વશક્તિને પ્રતીતમાં લઈને જ્યાં સાધક થયો ત્યાં પૂર્ણ સાધ્યની નિઃશંકતા થઈ કે હવે આ શક્તિની સન્મુખતા વડે પૂર્ણ જ્ઞાન-દર્શન-આનંદરૂપે પરિણમન થશે.-એને હવે વિભાવનો આદર ન રહ્યો ને સ્વભાવસન્મુખ જ ગતિ રહી. આવી સાધકદશા પ્રગટી તે જીવ અલ્પકાળમાં સર્વદર્શીપણાને સાધે છે.

સર્વદર્શિત્વ શક્તિનું વર્ણન પૂરું થયું.

આરાધનાનો ઉત્સાહ

સમ્યક્ત્વાદિની આરાધનાની ભાવના ભાવવી,
આરાધના પ્રત્યેનો ઉત્સાહ વધારવો,
આરાધકજીવો પ્રત્યે બહુમાનથી વર્તવું,
ઇત્યાદિ સર્વ પ્રકારના ઉદ્યમવડે આત્માને આરાધનામા જોડવો.
આરાધનાને પામેલા ધર્માત્માઓનું દર્શન અને સત્સંગ
આરાધના પ્રત્યે ઉલ્લાસ જગાડે છે



[૧૦]

સર્વજ્ઞત્વ શક્તિ

[विश्वविश्वविशेपभावपरिणतात्मज्ञानमयी सर्वज्ञत्व शक्तिः।]



ૐ

એક આત્માને જાણતાં સર્વ જાણી શકાય છે,
કેમકે આત્માનો સર્વને જાણવાનો સ્વભાવ છે
આત્માના સ્વપર પ્રકાશક સ્વભાવ હોવાથી
સ્વને જાણતાં પર જણાઈ જાય છે

—ગુરુદેવના હસ્તાક્ષર

સર્વજ્ઞત્વના સામર્થ્યથી આત્મા ભરેલો છે. દરેક આત્મામાં સર્વજ્ઞતા શક્તિરૂપે ભરેલી છે. તેનું ભાન થતાં પર્યાયમાં તે પ્રગટ થાય છે. જ્ઞાનસ્વભાવી આત્મામાં જો સર્વજ્ઞશક્તિ ન હોય તો તેની અખંડતા ને પૂર્ણતા સાબિત થાય નહિ. "જીવ એક અખંડ સંપૂર્ણ દ્રવ્ય હોવાથી તેનું જ્ઞાનસામર્થ્ય પણ પૂર્ણ છે; સંપૂર્ણ વીતરાગ થાય તે સંપૂર્ણ સર્વજ્ઞ થાય."—શ્રીમદ્ રાજચંદ્રજીએ આ બે વાક્યમાં સર્વજ્ઞસ્વભાવનું રહસ્ય ભરી દીધું છે. અને તે સર્વજ્ઞતાનું સાધન રાગ નથી, પણ વીતરાગતા તેનું સાધન છે એ પણ બતાવ્યું છે. રાગને જે જ્ઞાનનું સાધન માને તેને આત્માના સર્વજ્ઞસ્વભાવની ખબર નથી.

સર્વજ્ઞતા તે ધર્મનું મૂળ છે; સર્વજ્ઞસ્વભાવની પ્રતીત ઉપર તો ધર્મનો આધાર છે. 'સર્વજ્ઞ' કહેતાં રાગ ને પરાશ્રય બધું એકકોર છૂટી જાય છે, કેમકે જ્યાં રાગ ને પરાશ્રય હોય ત્યાં સર્વજ્ઞતા ન હોય. એટલે રાગ ઉપર કે પરાશ્રય ઉપર દૃષ્ટિ રાખીને સર્વજ્ઞની પ્રતીત થઈ શકે નહિ. આથી કુંદકુંદસ્વામીએ કહ્યું છે કે તારે સર્વજ્ઞની પરમાર્થસ્તુતિ કરવી હોય તો તારા જ્ઞાયકસ્વભાવની સન્મુખ થા.

જ્ઞાયકસ્વભાવની સન્મુખ થઈને આત્માની પ્રતીત કરતાં પર્યાયમાં આનંદનો અનુભવ થાય છે, ને સ્વાશ્રયે વીતરાગતા થતાં સંપૂર્ણ સર્વજ્ઞતા પ્રગટી જાય છે. તે સર્વજ્ઞતાના સામર્થ્યવડે આત્મા પોતાના સ્વભાવસન્મુખ રહીને સમસ્ત વિશ્વને વિશેષપણે જાણે છે. એક્કેય દિશામાં જેનો અંત નથી એવો અનંત અલોક—કે જેની વચ્ચે અસંખ્ય જોજનનો ને અનંત જીવ-પુદ્ગલોથી ભરેલો આ લોક તો અનંતમા ભાગનો, એક પરમાણુતૂલ્ય છે—તેને પણ તે સંપૂર્ણપણે જાણી લ્યે છે. અલોકનો છેડો ભગવાન ન જાણે (—કેમકે છેડો છે જ નહિ) પણ અલોક જેવો છે તેવો તેને ભગવાન બરાબર જાણે છે 'અલોકનો છેડો જાણે તો જ અલોકનું જ્ઞાન થયું કહેવાય'—એમ કાંઈ નથી. ઊલ્ટું, અલોકને પણ છેડો છે એમ જે માને તેનું જ્ઞાન ખોટું છે. જે છેડા વગરનું અનંત છે તેને છેડા વગરના અનંત તરીકે જ ભગવાન જાણે છે.—એમાં જ્ઞાનની કોઈ અચિંત્ય ગંભીરતા છે, પોતાના અસંખ્યપ્રદેશમાં રહીને જ અનંતપ્રદેશી અલોકને જાણી લેવાની જ્ઞાનની દિવ્ય તાકાત છે. આવા જ્ઞાનનો જેને મહિમા આવે તેને રાગનો મહિમા રહે નહિ, અલ્પ ઉઘાડનું અભિમાન થાય નહિ; અરે ક્યાં મહાન સર્વજ્ઞતા ને ક્યાં મારું આ

અલ્પજ્ઞાન!-આ તો સર્વજ્ઞના અનંતમા ભાગનું છે. ને રાગ તો મારી સર્વજ્ઞતાને રોકનાર છે, એટલે જ્ઞાનની ને રાગની જાત એક નથી પણ જુદી છે. તેથી જ્ઞાનસન્મુખ થઈને રાગનો સંપૂર્ણ અભાવ થાય તો જ સર્વજ્ઞતા ખીલે.-આમ ધર્મીને જ્ઞાનનો આદર ને રાગનો નિષેધ વર્તે છે.

શરૂઆતમાં (ચોથી) જ્ઞાનશક્તિ વર્ણવી, તે જ્ઞાનશક્તિના પેટામાં જોકે સર્વજ્ઞતા સમાઈ જાય છે; છતાં સર્વજ્ઞતાનું ખાસ જુદું વર્ણન કરીને જ્ઞાનશક્તિનું પૂરું કાર્ય અને તેનું મહાન સામર્થ્ય બતાવ્યું છે, સામાન્યપણે જ્ઞાન-જ્ઞાન કરે પણ જો સર્વજ્ઞશક્તિને આ રીતે ન માને તો તેણે જ્ઞાનસ્વભાવી આત્માને ઓળખ્યો નથી.

પરના સંબંધ વગરનો આત્મા પરનાં કાર્યો કેમ કરે? અને પર તરફની વૃત્તિ (અશુભ કે શુભ) તેના સ્વરૂપમાં કેમ હોય? ભગવાન જિનદેવે તો સર્વજ્ઞશક્તિવાળો આત્મા જોયો છે. જે 'સદા ઉપયોગસ્વરૂપ' છે એવો આત્મા રાગનો કર્તા કેમ હોય? કે અજીવ સાથે એકમેક કેમ હોય? અહો, આ શક્તિઓ બતાવીને આત્માનું અજીવથી ને રાગથી અત્યંત ભિન્નપણું બતાવ્યું છે આવી શક્તિવાળા આત્માની પ્રતીત કરીને તેમાં લીન થતાં રાગની વૃત્તિનું ઉત્થાન પણ રહેતું નથી. આત્માની સર્વજ્ઞત્વશક્તિ બધાય વિકલ્પોથી પાર છે. સર્વજ્ઞપદમાં પરનો તો અભાવ ને વિકલ્પનોય અભાવ છે. આવા સર્વજ્ઞપદની જેણે પ્રતીત કરી તે જીવ સર્વજ્ઞના ધર્મમાં આવ્યો. માટે કહે છે કે હે જીવ!-

'સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી,
આરાધ! આરાધ! પ્રભાવ આણી;
અનાથ એકાંત સનાથ થાશે,
એના વિના કોઈ ન બાંહ્ય સ્હાશે.'

સર્વજ્ઞનો ધર્મ કહો, કે આત્માનો સર્વજ્ઞસ્વભાવ કહો; ભાઈ, તને શરણ તો તારો સર્વજ્ઞસ્વભાવ છે, એને ઓળખીને એની આરાધના કર. એની આરાધના સિવાય, એટલે કે જ્ઞાનસ્વભાવની સન્મુખતા સિવાય, બીજું કોઈ તને જગતમાં શરણરૂપ થાય તેમ નથી.

અહો, જગતને સર્વજ્ઞની ઓળખાણ દુર્લભ છે. સર્વજ્ઞ તો લોકાલોકના સમસ્ત પદાર્થોને, તેના દ્રવ્ય-ગુણ-પર્યાયને, પ્રદેશોને જાણે છે. ભૂત-

ભવિષ્યની સર્વે પર્યાયોને દરેકના ભિન્નાભિન્ન સ્વરૂપે જાણે છે. અને છતાં, માત્ર લોકાલોકને જાણવાવડે સર્વજ્ઞશક્તિનું પૂરું માપ નથી આવતું, સર્વજ્ઞતાનું સામર્થ્ય તો એના કરતાંય અનંતગણું છે.-એની સાથે પરમ અતીન્દ્રિય આનંદ, શુદ્ધ જીવત્વ, પ્રભુતા, વિભુતા એવા અનંતધર્મો વર્તી રહ્યા છે. આવા સંપૂર્ણ જ્ઞાનરૂપે પરિણમવાની આત્માની તાકાત છે. સર્વને જાણવા છતાં સર્વજ્ઞપણું 'આત્મજ્ઞાનમય' છે. સ્વને જાણનારું જ્ઞાન ને પરને જાણનારું જ્ઞાન એ જ્ઞાન તો આત્મામય છે; પરને જાણનારું જ્ઞાન કાંઈ પરનું નથી, કે પરસન્મુખ નથી. તે જ્ઞાન પણ સ્વનું જ છે. સર્વજ્ઞતા તે આત્મજ્ઞાનમય છે; એટલે આત્માની સન્મુખ રહીને આત્મા સર્વજ્ઞ થાય છે ને સર્વને જાણે છે. આવી સર્વજ્ઞતાની શક્તિ મારામાં ત્રિકાળ છે ને તેમાંથી સર્વજ્ઞતા પ્રગટ થશે-એ રીતે સાધ્યની પ્રતીત સહિત સમ્યગ્દર્શન અને સાધકપણું પ્રગટે છે.

* * *

આત્માના સ્વભાવનું એટલે કે આત્માના વૈભવનું આ વર્ણન છે. આત્માને 'જ્ઞાનમાત્ર' કહ્યો, તેથી કાંઈ તેનામાં એકલું જ્ઞાન જ છે-એમ નથી, 'જ્ઞાનમાત્ર ભાવ' એટલે રાગ વગરનો ભાવ, તે જ્ઞાનમાત્રભાવમાં તો અનંતગુણોનું પરિણમન સમાયેલું છે, અનંતગુણોનો વૈભવ જ્ઞાનભાવમાં સમાય છે. 'જ્ઞાનમાત્ર આત્મા' એમ કહેતાં તે ભાવ કાંઈ એક ગુણભેદને નથી સૂચવતો પરંતુ અનંત ગુણના પિંડસ્વરૂપ જે આત્મતત્ત્વ તેને તે સૂચવે છે. આ રીતે 'જ્ઞાનમાત્ર ભાવ' આખા આત્માને લક્ષિત કરે છે એટલે આત્માના સંપૂર્ણ વૈભવને પ્રસિદ્ધ કરે છે. 'જ્ઞાનમાત્ર' એ જ્ઞાનથી વિરુદ્ધ એવા રાગાદિનો અભાવ સૂચવે છે, પણ એ કાંઈ જ્ઞાન સાથેના બીજા અનંતગુણોના અભાવને નથી સૂચવતો. એટલે, જ્ઞાનમાત્ર આત્મામાં સ્થપાયેલી અચલિતદૃષ્ટિથી જોતાં ભગવાન આત્મા અનેકાન્તરૂપ નિજવૈભવસહિત પ્રસિદ્ધ થાય છે આવા આત્માને દૃષ્ટિમાં લઈને પરિણમે ત્યારે આત્મા આત્મારૂપ થયો કહેવાય. પોતાનું જ્ઞાન જ્યાં અંતરમાં વળીને 'લક્ષ્ય' સાથે એકાગ્ર થયું ત્યારે તે જ્ઞાનલક્ષણવડે આવો આત્મા પ્રસિદ્ધ થયો, એટલે કે અનુભવમાં આવ્યો. તેમાં અનંત ધર્મો એકસાથે ઉલ્લસે છે—નિર્મળપણે પરિણમે છે, તેનું આ વર્ણન છે. તેમાં આ દશમી સર્વજ્ઞત્વશક્તિનું વર્ણન ચાલે છે.

જ્ઞાનને અંતર્મુખ કરતાં અનુભવમાં જે આત્મા આવ્યો તે આત્મા સર્વજ્ઞત્વશક્તિસહિત પરિણમી રહ્યો છે. બધાય આત્મા સર્વજ્ઞશક્તિથી સંપન્ન છે. પણ તેને પ્રસિદ્ધ કોણ કરે?-કે જ્ઞાન; કેમકે જ્ઞાન પોતે પ્રસિદ્ધ છે; તે પોતે પોતાનું સંવેદન કરનારું છે ને બીજાને પણ તે જાણીને પ્રસિદ્ધ કરે છે. પ્રસિદ્ધ એવું જ્ઞાનલક્ષણ સ્વાનુભવ વડે અનંતધર્મવાળા આત્માને પ્રસિદ્ધ કરે છે. ત્યાં કાંઈ આ જ્ઞાન લક્ષણ ને આ આત્મા લક્ષ્ય-એવા ભેદ સ્વાનુભવમાં રહેતા નથી. પણ લક્ષણવડે આત્મસ્વરૂપ સમજાવવા માટે એટલો ભેદ આવી જાય છે; ને સાધકને પહેલાં વિચારદશામાં પણ 'જ્ઞાન તે આત્મા' એવો ભેદ, (અભેદ તરફ ઢળતો) આવી જાય છે; સ્વાનુભૂતિ વખતે તો એટલોય ભેદ-વિચાર રહેતો નથી, અભેદના આનંદનું જ વેદન છે.

જ્ઞાયક આત્મામાં સર્વજ્ઞ થવાની તાકાત છે; જ્ઞાનશક્તિ તે કારણ ને સર્વજ્ઞતા તેનું કાર્ય; કારણની પ્રતીતમાં તેના આવા કાર્યની પ્રતીત પણ ભેગી જ છે.—એ રીતે કારણ-કાર્યની સંધિ છે. કારણરૂપ શક્તિની ઓળખાણ થતાં તેના આશ્રયે તેનું કાર્ય પણ થવા માંડે છે.

જ્ઞાન એકલા અનુમાનથી જાણનારું નથી કે પરસન્મુખ થઈને જાણનારું નથી; જ્ઞાનમાં તો સ્વસન્મુખ રહીને સમસ્ત પદાર્થોના અંશેઅંશને ભેદ-સહિત પ્રત્યક્ષ જાણવાની તાકાત છે જ્ઞાનની કોઈ ગહન તાકાત છે; એકેક સમયના કારણ-કાર્ય વગેરે સર્વને તે જાણે છે. અનાદિ અનંતકાળમાં કયો જીવ ક્યારે મોક્ષ પામશે, કયો જીવ તીર્થંકર કે ગણધર થશે, કયા સમયમાં ૧૦૮ જીવો એકસાથે અઢીદ્વીપમાંથી મોક્ષ પામશે, આ જીવ આ સમયે સમ્યગ્દર્શન પામશે-એમ બધુંય સર્વજ્ઞતામાં અત્યંત સ્પષ્ટ, નિઃસંદેહ અને વિકલ્પ વગર જણાય છે: જેનો સ્વભાવ જ જાણવાનો, ને કોને ન જાણે? કંઈ પણ બાકી રાખ્યા વગર બધુંય સર્વજ્ઞના જ્ઞાનમાં જણાય છે. 'સર્વ-જ્ઞ' કહેવા અને સર્વને ન જાણે એમ કહેવું એ તો પરસ્પર વિરુદ્ધ થયું. અહો, સર્વજ્ઞશક્તિની અચિંત્ય તાકાત!-પણ અહીં તો એમ કહેવુ છે કે સર્વજ્ઞ થયા પહેલાં સાધકને પણ પોતાની આવી સર્વજ્ઞશક્તિ પ્રતીતમાં આવી ગઈ છે. સર્વજ્ઞશક્તિવાળા આત્માની પ્રતીતવડે તેને સાધકભાવ શરૂ થયો છે; તે સર્વજ્ઞપદનો સાધક થયો છે.

'જ્ઞાનસ્વરૂપ આત્મા [illegible] તેની ગંભીરતાની [illegible] દૃષ્ટિમાં લીધો તેમાં આ [illegible]

આત્માની જ્ઞાનશક્તિ સર્વને જાણવારૂપે [illegible] પણ જ્ઞાતે આત્મજ્ઞાનમય છે. સર્વજ્ઞસ્વભાવી આત્માને જાણતાં [illegible] સહજભાવે જણાઈ જાય છે—એવી જ કોઈ [illegible] નિમગ્નતા છે. [illegible] જાણવા માટે બહારમાં [illegible] નથી પડતું. [illegible] જાણનારી જ્ઞાનની પોતાની પરમાર્થ-[illegible] પરની સાથે સંબંધ વગર જ સર્વને જાણવારૂપે જ્ઞાન પરિણમે છે. પરને જાણનારી જ્ઞાનની જે તાકાત છે તે કાંઈ વ્યવહારથી નથી. તે તો પરમાર્થથી છે. જાણવું એ તો જ્ઞાનનો પોતાનો સ્વાભાવિક ભાવ છે. એમાં કાંઈ પરની ઉપાધિ આવી જતી નથી. સર્વને જાણવાના સામર્થ્યરૂપે પરિણમેલો આત્મા પોતે પોતાને જાણતાં સર્વ જ્ઞેયોને પણ જાણી લ્યે છે, છતાં તે જ્ઞાન તો જ્ઞાનનું જ છે—આત્માનું જ છે; આત્મ-સન્મુખ રહીને તે જાણે છે. પરસન્મુખ થઈને જાણતું નથી. પોતાના અસંખ્યપ્રદેશમાં અનંત પદાર્થોનું જ્ઞાન સમાઈ જાય. એક સમયની પર્યાયમાં ત્રણકાળના પદાર્થોનું જ્ઞાન સમાઈ જાય.—એવું અચિંત્ય જ્ઞાનસામર્થ્ય છે. તે—આવા જ્ઞાનસ્વભાવની આરાધના કરવી તેનું નામ વીતરાગમાર્ગ છે. તે સર્વજ્ઞનો માર્ગ છે.

અહો, આ વીતરાગમાર્ગ અલૌકિક છે. ભાઈ, વીતરાગમાર્ગ એટલે તારો પોતાનો માર્ગ; તારા આત્મામાં જવાનો માર્ગ તને સન્તો બતાવે છે. પોતે પોતાના સ્વઘરમાં પહોંચવાના આ રસ્તા છે. આ માર્ગની પ્રતીત કરતાં સ્વભાવમાં સન્મુખતા થાય છે ને પરાશ્રિતપણાની બધી વાત ઊડી જાય છે. આ સિવાય બીજા ઊંધા માર્ગે આત્માના ઘરમાં પહોંચાય નહિ ને આત્માનો વૈભવ મળે નહિ. અહો, મારી શ્રદ્ધા મારું જ્ઞાન તેના રસ્તા મારામાં જ છે, તે પરને લીધે થતા નથી, પરના લક્ષ વગર સ્વનાં શ્રદ્ધા-જ્ઞાન થાય છે.

આત્મામાં સ્વતંત્ર પ્રભુતા ને સર્વજ્ઞતા છે, તેનો વિશ્વાસ કરતાં વિકલ્પ રાગ કે પર સાથેની એકત્વબુદ્ધિ ઊડી જાય છે. પરને લીધે કે રાગને લીધે મારાં શ્રદ્ધા-જ્ઞાન નહીં, મારા શ્રદ્ધા-જ્ઞાનમાં મારા સ્વભાવ સિવાય બીજા કોઈનું અવલંબન મને નથી.—આમ સ્વશક્તિની પ્રતીતવડે સ્વસન્મુખતા થાય છે તે

સાધકપણું પ્રગટે છે. સાધકભાવમાં પૂર્ણસાધ્યની પ્રતીત ભેગી જ વર્તે છે, અંશીના આશ્રયે તે અંશ ખીલ્યો છે.

અહા, કેવી સ્વતંત્રતા છે! સ્વશક્તિના સ્વાધીન સામર્થ્યથી આત્મા કેવો શોભે છે! ભાઈ, તને તારા વૈભવની ખબર નહીં તો તું પોતાના ધર્મને (પોતાના સ્વભાવને) કઈ રીતે સાધીશ? નિજશક્તિની ઓળખાણ વગર પર્યાયમાં તે વ્યક્ત ક્યાંથી કરીશ?

ભાઈ, તારા ચૈતન્યમાં એક ગુપ્ત ચમત્કાર છે...શેનો?–કે જ્ઞાનનો; તારી જ્ઞાનશક્તિમાં અચિંત્ય ચમત્કાર છે. અહા, સર્વજ્ઞસ્વભાવના ચમત્કારની શી વાત? એ પર સામે જુએ નહિ છતાં પરને જાણે, એ રાગમાં અટકે નહિ છતાં રાગને જાણે, એ નિમિત્તનું અવલંબન લ્યે નહિ છતાં નિમિત્તને જાણે. આવા સર્વજ્ઞસ્વભાવને સ્વજ્ઞેયપણે ઉપાદેય કરતો ધર્મીજીવ રાગાદિ વ્યવહાર-આત્માને સ્વજ્ઞેયપણે નથી જાણતો, ને તેમાં તન્મય થતો નથી; નિર્મળ શક્તિરૂપે પરિણમતા આત્માને જ સ્વજ્ઞેયપણે જાણીને તેમાં તન્મય થાય છે.

સ્વને જાણતું જ્ઞાન, કે પરને જાણતું જ્ઞાન, બંનેનું જ્ઞાન તો એકરૂપ રાગ વગરનું છે, ને તે જ્ઞાન આત્માને જ અવલંબનારું છે. પરને જાણતું જ્ઞાન કાંઈ પરને અવલંબનારું નથી, રાગને જાણતું જ્ઞાન કાંઈ રાગને અવલંબનારું નથી; રાગથી ને પરથી ભિન્ન એવા નિજ સ્વભાવને અવલંબીને જાણવાની જ્ઞાનની તાકાત છે. આવા જ્ઞાનસામર્થ્યની પ્રતીત વગર સર્વજ્ઞભગવાનની સાચી ઓળખાણ થાય નહીં.

• સર્વજ્ઞને ઓળખવા માટે આત્મસ્વભાવની સન્મુખ થવું પડે છે. સર્વજ્ઞને કેમ ઓળખવા તેની પણ અજ્ઞાનીને ખબર નથી. ભાઈ, સર્વજ્ઞ એટલે તારો જ્ઞાનસ્વભાવ. સર્વજ્ઞને તે વ્યક્તરૂપ છે. તારામાં તે શક્તિરૂપ છે; તે શક્તિની સન્મુખતા વડે સર્વજ્ઞતા વ્યક્ત થશે. માટે તારી શક્તિની સન્મુખ થઈને તેની પ્રતીત કર તો તને સર્વજ્ઞની ખરી પ્રતીત થાય. તેનો ખરો મહિમા જાગે; ને એ જ એમની આરાધના છે.

વસ્તુ કાંઈ દ્રવ્ય-ગુણ ને પર્યાય એમ જુદાજુદા ત્રણ ખંડરૂપ નથી. વળી પર્યાયરહિત અખંડ એક વસ્તુ છે. પોતાના શુદ્ધ દ્રવ્ય-ગુણ-પર્યાયને સ્વ-જ્ઞેયપણે ધર્મી જાણે છે ને [illegible] દ્રવ્ય-ગુણ-પર્યાયને [illegible] જાણે છે.

કાર્ય કરનારી, છતાં એક વિશ્વને સામાન્ય અવલોકનરૂપે દેખે, ને બીજી વિશ્વને વિશેષપણે જાણે–એમ બંનેના કાર્યમાં ફેર છે,–એવો લક્ષણભેદ છે. આવા આશ્ચર્યકારી અનંત સ્વભાવોથી આ ભગવાન આત્મા ભરેલો છે. તે સ્વભાવના નિર્ણયમાં સમ્યક્ પુરુષાર્થ છે.

સર્વજ્ઞ ભગવાને લક્ષણદ્વારા લક્ષ્યને લક્ષગત કરવાનો જે ઉપદેશ આપ્યો છે તે ઉપદેશ જીવોને સમ્યક્પુરુષાર્થ કરાવવા માટે છે. અરિહંતદેવના શુદ્ધ દ્રવ્ય-ગુણ-પર્યાયને જે જાણે તે પોતાના શુદ્ધ આત્માને જાણે, તે સમ્યગ્દર્શન પામે ને તેનો મોહ ક્ષય થાય–એમ ભગવાને કહ્યું છે, ને એમ કહીને ભગવાને પુરુષાર્થ ઉપદેશ્યો છે; આત્માને જાણવા માટે જીવમાં તેવો પુરુષાર્થ છે, ને તે પુરુષાર્થ માટે જ ભગવાનનો ઉપદેશ છે. ભગવાનને સાધકપણા વખતે જ્ઞાનસ્વભાવની સન્મુખતાનો પુરુષાર્થ કરતાં કરતાં, વચ્ચે રાગના કર્તાપણા વગરનો જે વિકલ્પ હતો, તેનાથી દિવ્યવાણીને યોગ્ય રજકણો (તીર્થંકરપ્રકૃતિની સાથે) બંધાયા; ને તે વિકલ્પ તોડીને સર્વજ્ઞ થતાં સમવસરણમાં સહજપણે જે દિવ્યવાણી નીકળી તે વાણીમાં પણ, પોતે જેવો સ્વસન્મુખ પુરુષાર્થ કર્યો હતો તેવો જ ઉપદેશ આવ્યો; તીર્થંકર ભગવંતોએ જે પોતે કર્યું તે જ બીજાને ઉપદેશ્યું; સ્વાશ્રયમાર્ગનો ઉપદેશ ભગવાને આપ્યો; જ્ઞાનસ્વભાવનો પુરુષાર્થ ભગવાને બતાવ્યો. અહો! તે ભગવંતોને નમસ્કાર હો; ભગવંતોએ ઉપદેશેલા એ સ્વાશ્રિતમાર્ગને નમસ્કાર હો.

જુઓ, આ ભગવાનના ઉપદેશની ઓળખાણ! ભગવાને શું ઉપદેશ્યું ? જ્ઞાનલક્ષણવડે લક્ષિત એવા અનંતશક્તિસંપન્ન આત્માને પ્રસિદ્ધ કરાવવા માટે (એટલે કે તેનો અનુભવ કરાવવા માટે) ભગવાને લક્ષ્ય-લક્ષણ ઉપદેશ્યા છે. –આમાં જ્ઞાનલક્ષણને સ્વસન્મુખ કરવાનો પુરુષાર્થ છે; તેમાં વચ્ચે રાગનું કર્તૃત્વ નથી, વિકલ્પનું અવલંબન નથી. લક્ષ્યની પ્રસિદ્ધિ 'જ્ઞાન'લક્ષણવડે થાય છે. આવા લક્ષ્ય-લક્ષણની વાત સાંભળવા જે ઊભો છે તે જીવ પોતાના અંતરમાં તેવા પ્રયત્ન વડે લક્ષ્યને પ્રસિદ્ધ કરવા માંગે છે, ને એ પ્રયત્ન રાગ વગરનો છે,–આવા પ્રયત્નવડે ભગવાન આત્માની પ્રસિદ્ધિ થાય છે. સ્વસન્મુખ જ્ઞાનપુરુષાર્થવડે મોક્ષ સધાય છે.

સર્વજ્ઞસ્વભાવી આત્માને માનતાં શું થાય ?

–તો કહે છે કે મોક્ષ માટેનો સ્વસન્મુખ પુરુષાર્થ ઊપડે. ભાઈ, તારી

વસ્તુનું જેવું સ્વરૂપ છે તેને તું લક્ષમાં લે. ખોટું લક્ષ કર્યું છે તેને બદલે જેવો સત્‌સ્વભાવ છે તેવો લક્ષમાં લે, તેથી અસત્ એવા રાગાદિનું કર્તાપણુ મટીને સત્ એવા જ્ઞાનનો સમ્યક્ પુરુષાર્થ થશે. એક ક્ષણનું સત્‌સ્વભાવનુ લક્ષ ટંકાર કરતું કેવળજ્ઞાનને લાવે, ને સાદિ–અનંત આનંદને આપે. અનંત-અનંત કાળે પણ જે આનંદનો અંત ન આવે એવો અક્ષય-આનંદ જેના ફળમાં પ્રાપ્ત થાય તે ધર્મની શી વાત! ને એવો ધર્મ સ્વભાવના નિર્ણય વડે થાય છે; માટે વારંવાર આચાર્યદેવ કહે છે કે ભાઈ, તું જાગૃત થા...ને તારા સ્વભાવને દેખ. તારો સ્વભાવ રાગમાં ભળી ગયો નથી પણ છૂટો છે: તેનો તું નિર્ણય કર.

એક માણસને એવી ટેવ કે જો ખુલ્લા આકાશને ન દેખે તો એને મુંઝારો થાય; તેમ રાગની રુચિ આડે પોતાના ખુલ્લા જ્ઞાનગગનને અજ્ઞાની દેખતો નથી એટલે પરભાવના કર્તૃત્વમાં તે મુંઝાઈ રહ્યો છે. રાગથી જુદુ ખુલ્લું જ્ઞાન બતાવીને જ્ઞાની તેને કહે છે કે દેખ! આ તારું જ્ઞાન ખુલ્લુ જ છે, એ રાગથી ઢંકાઈ નથી ગયું, રાગમાં એકમેક નથી થઈ ગયું; માટે તારા સુજ્ઞસ્વભાવને દેખ, જેથી તારી મુંઝવણ મટશે ને તને તારો આનંદ અનુભવમાં આવશે.

જરાક પ્રતિકૂળતા આવે ત્યાં તુ ઘેરાઈ જાય છે!–પણ ભાઈ!! એ પ્રતિકૂળતાના ઘેરામાં તારો જ્ઞાનસ્વભાવ ઘેરાઈ ગયો નથી, એ તો બધાયથી ઉપર છૂટો ને છૂટો તરી રહ્યો છે. અરે, અનંતકાળમાં તેં આવી તો અનંતી પ્રતિકૂળતાને વેદી, નિગોદમાં ને નરકમાં તેં જે પ્રતિકૂળતાઓ વેદી તે વેદનને કેવળી પ્રભુ જ જાણે છે. અજ્ઞાનભાવે તું અનંત દુઃખ વેદી ચુક્યો ભાઈ! અને છતાં તારો નિજવૈભવ નષ્ટ નથી થઈ ગયો. હવે એ અનંત દુઃખથી છૂટવાનો ઉપાય એ છે કે તારા નિજસ્વભાવના વૈભવને તું સંભાળ. તારા સ્વભાવની શાંતિ અનંતી છે,–એવી અનંતી કે અનંત પ્રતિકૂળતાના ગંજ વચ્ચે પણ પોતે પોતાની શાંતિને વેદી શકે છે. અનંતી શાંતિના દરિયામાં અનંત સિદ્ધોનો સમૂહ મગ્ન છે; તારો સ્વભાવ પણ એવો જ ધ્રુવ શાંતિનો દરિયો છે, અકષાય–વીતરાગ રસથી તે ભરિયો છે.

સન્તોએ કરુણા કરીને આત્મસ્વભાવનો આવો વૈભવ બતાવ્યો. પણ તે વૈભવને પ્રતીતમાં લેવાની તાકાત કોની? પ્રતીતમાં લેનારને પોતાના સ્વભાવનો

પુરુષાર્થ છે. પુરુષાર્થ વગરનો જીવ સર્વજ્ઞદેવે બતાવેલા નિજવૈભવને નીહાળી શકતો નથી. નિજસ્વભાવને નહીં દેખનારો જીવ, સર્વજ્ઞની વાણીના ગંભીર રહસ્યોનો નિર્ણય કરી શકતો નથી. અહા! જે સ્વભાવને નીહાળવાથી પરમાત્મપણું પ્રગટ થાય તેના મહિમાની શી વાત? અરે જીવ! તું સર્વજ્ઞનો પુત્ર છો, તું અરિહંતનો યુવરાજ છો, સર્વજ્ઞપદનું રાજ લેવાની તાકાતવાળો તું છો. જિનસેન સ્વામીએ મહાપુરાણમાં ગૌતમગણધરને 'સર્વજ્ઞપુત્ર' કહ્યા છે; સમ્યગ્દષ્ટિને કેવળીપ્રભુનો લઘુનંદન કહ્યો છે. પોતાનો સર્વજ્ઞસ્વભાવ જેણે પ્રતીતમાં લીધો તેનું પરિણમન સર્વજ્ઞતા તરફ વળ્યું, હવે અલ્પકાળમાં પોતે સર્વજ્ઞ થશે.—આવી સર્વજ્ઞ થવાની શક્તિ આત્મામાં છે; પણ નિજસ્વભાવને લક્ષમાં લીધા વગર સર્વજ્ઞશક્તિનો નિર્ણય થઈ શકે નહીં. પૂર્ણસ્વભાવની પ્રતીત કરતાં સાધકપણું થયું, તે હવે પૂર્ણસ્વભાવના આશ્રયે અલ્પકાળમાં પૂર્ણતા પ્રગટ કરશે. તે પૂર્ણતાનું કારણ પોતામાં જ છે, તેનું સાધન પોતામાં જ છે.

જેણે સર્વજ્ઞશક્તિવાળા આત્માને જાણ્યો તેણે તેનું સાધન ને સાધ્ય બંને પોતામાં જાણ્યા; એટલે બીજા કોઈ બાહ્યસાધનની બુદ્ધિ તેને ન રહી; રાગને પણ સાધન તે ન માને. રાગાદિ ભાવો તે ખરેખર આત્મા નથી. તે તો અભૂતાર્થ-આત્મા છે; જ્યારે સ્વભાવનો નિર્ણય કરીને સાધકભાવમાં ચડ્યો ત્યારે નિર્મળપર્યાયરૂપે પરિણમેલો તે આત્મા 'ભૂતાર્થ-આત્મા' થયો, તે સાચો આત્મા થયો, તે ધર્માત્મા થયો...ને તે મોક્ષનો પંથી થયો...તેના અનંતા ગુણોનો સંઘ નિર્મળપર્યાયસહિત મોક્ષધામની યાત્રા કરવા ચાલ્યો.

આત્મા પોતે અનંતશક્તિનો એકરૂપ પિંડ છે, છતાં ભિન્નભિન્ન અનંતશક્તિનો રસ તેમાં સમાયેલો છે; તેની જે એક શક્તિ છે તે બીજી શક્તિરૂપ નથી, એમ શક્તિઓને એકબીજાથી અતત્પણું છે. 'જ્ઞાનમાત્ર' આત્માને લક્ષમાં લઈને અનુભવ કરતાં બધી શક્તિનો રસ એકસાથે અનુભવમાં આવે છે અનંત ગુણ-પર્યાયનો આવો વૈભવ આત્માના અસંખ્યપ્રદેશમાં સમાઈ જાય છે. જે આવા આત્માને જાણે-માને-અનુભવે તેણે આત્માને ખરેખર ઓળખ્યો કહેવાય, તેને અનુભવમાં આત્મા પ્રસિદ્ધ થાય ને ત્યારે ધર્મ થાય.

અનંતશક્તિસંપન્ન આત્માની શક્તિઓનો ક્રમિક ગણતરીથી પાર ન આવે: પહેલી જીવત્વશક્તિ...બીજી ચેતનાશક્તિ...પાંચમી સુખશક્તિ...સાતમી પ્રભુત્વશક્તિ...દશમી સર્વજ્ઞત્વશક્તિ એમ ક્રમક્રમથી ગણતાં કરોડ પૂર્વના કે અસંખ્ય વર્ષના આયુષ્યમાં પણ અનંતશક્તિનો પાર ન આવે. સર્વાર્થસિદ્ધિના બધાય દેવો ૩૩ સાગરોપમ સુધી ગણ્યા કરે તોય એનો અનંતમો ભાગ જ ગણી શકે.–આવી અનંતશક્તિ દરેક આત્મામાં છે, ને એકેક શક્તિમાં અનંતી તાકાત છે.–આવો આત્માનો વૈભવ છે.

પણ આમાં ધર્મ ક્યાં આવ્યો?

–ભાઈ! આવા આત્મવૈભવને પ્રતીતમાં લેતાં પરનો મહિમા ઊડી જાય એટલે જ્ઞાન સ્વમાં ઠરે ને આત્મા સ્વસમયરૂપ પરિણમે. રાગથી છૂટીને અનંત શક્તિનું નિર્મળ પરિણમન થવા માંડે–એનું નામ ધર્મ. મારો આત્મા એક સમયમાં પરિપૂર્ણ અનંત શક્તિનો પિંડ–આમ સ્વમાં લક્ષ આવતાં જ્ઞાનનું, શ્રદ્ધાનું, સુખનું એમ અનંતગુણનું નિર્મળ પરિણમન એકસાથે ઊછળે છે–નિર્મળતા પ્રગટે છે, તે જ ધર્મ ને તે જ મોક્ષમાર્ગ; તેને સાધ્ય આત્માની સિદ્ધિ થઈ.

આત્માના અનંતગુણોમાં એક સર્વજ્ઞત્વશક્તિ પણ ભેગી પરિણમી રહી છે. અહા, સર્વજ્ઞતાના સ્વરૂપની ને તેના સામર્થ્યની લોકોને ખબર નથી. સર્વજ્ઞતાને ઓળખતાં તો સમ્યગ્દર્શન થાય. જ્ઞાન ને રાગની સંધિ તૂટી જાય ને ભેદજ્ઞાન થાય. કેવળજ્ઞાન સ્વલક્ષે એકાગ્રતાથી ખીલ્યું છે, તે પરલક્ષે નથી ખીલ્યું. જગત છે માટે કેવળજ્ઞાન થયું–એમ નથી; જગત તો અનાદિઅનંત છે. તેને લીધે જ્ઞાન થતું હોય તો અનાદિથી કેવળજ્ઞાન દરેક જીવને હોવું જોઈએ. આત્મા જ્યારે સ્વમાં એકાગ્ર થઈને, પોતાની અસાધારણ જ્ઞાનશક્તિને કારણ બનાવીને પરિણમ્યો ત્યારે કેવળજ્ઞાન થયું, ને ત્યારે જગત જ્ઞેયપણે જણાયું. જગત જ્ઞેયપણે નિમિત્તરૂપ છે પણ જ્ઞાનનું પરિણમન નિમિત્તને આશ્રિત નથી, જ્ઞાનનું પરિણમન તો સ્વાશ્રિત છે. સર્વજ્ઞતા એટલે આત્માના જ્ઞાનની પરિપૂર્ણ પ્રસિદ્ધિ, જ્ઞાનનો પરિપૂર્ણ વૈભવ પર્યાયમાં પ્રગટ થયો એનું નામ સર્વજ્ઞતા. 'સર્વજ્ઞતા' કહેતાં અજ્ઞાનીને બહારના ઘણા જ્ઞેયો સામે લક્ષ જાય છે પણ જેમાંથી સર્વજ્ઞતા ખીલી એવી જ્ઞાનશક્તિ સામે તેનું લક્ષ જતું નથી. જ્ઞાનશક્તિ સામે લક્ષ જાય તો જ સર્વજ્ઞતાની સાચી પ્રતીત થાય.

'જીવ એક અખંડ સંપૂર્ણ દ્રવ્ય હોવાથી તેનું જ્ઞાનસામર્થ્ય સંપૂર્ણ છે.
સંપૂર્ણ વીતરાગ થાય ને સંપૂર્ણ સર્વજ્ઞ થાય'.

–શ્રીમદ્ રાજચંદ્રના આ ટૂંકા વાક્યમાં ઘણી ગંભીરતા ભરી છે. સર્વજ્ઞ-
સ્વભાવ અને તેનું સાધન બંને તેમાં બતાવી દીધા છે. હવે રાગને જે જીવ
સાધન માને તે રાગ છોડીને વીતરાગ કેમ થાય? ને વીતરાગતા વગર
સર્વજ્ઞતા ક્યાંથી થાય? એટલે રાગને સાધન માનનારને તો સર્વજ્ઞતાની કે
તેના ઉપાયની ખબર નથી. સર્વજ્ઞ કોણ થાય? કે 'વીતરાગ થાય તે સર્વજ્ઞ
થાય'. ને વીતરાગ કોણ થાય? કે જે રાગને સાધન ન માને એટલે કે
જ્ઞાનસ્વભાવને જ સાધન માને તે જીવ જ્ઞાનસ્વભાવની સન્મુખ થઈને
વીતરાગ થાય ને તે જ સર્વજ્ઞ થાય.–એટલે સ્વભાવસન્મુખ થવું તે જ
સર્વજ્ઞતાનો ઉપાય છે–એમ તાત્પર્ય છે.

શાસ્ત્રોએ સર્વજ્ઞતાનો તો અપાર મહિમા ખૂબખૂબ ગાયો છે; કેમકે
એનો નિર્ણય એ તો જૈનધર્મનું મૂળ છે. સન્તોને સર્વજ્ઞતા ખૂબ વહાલી છે,
જ્ઞાનીના હૃદયમાં એનો મહિમા કોતરાઈ ગયો છે. તેથી પ્રવચનસારની ૮૦મી
ગાથામાં કુંદકુંદાચાર્યમહારાજે કહ્યું છે કે—

જે જાણતો અર્હંતને ગુણ દ્રવ્ય ને પર્યયપણે,
તે જીવ જાણે આત્મને તસુ મોહ પામે લય ખરે.

કેવળજ્ઞાન તે લોકાલોકનું કર્તા નથી, ને લોકાલોક કેવળજ્ઞાનના કર્તા
નથી; જ્ઞાનશક્તિવડે આત્મા પોતે જ તે સમયે કેવળજ્ઞાનનો કર્તા થઈને
પરિણમે છે; પૂર્વપર્યાય તે-રૂપે નથી પરિણમતી, રાગનો પણ તેમાં અભાવ

છે ને પરનો તો ત્રિકાળ અભાવ છે. છએ કારકોની સ્વતંત્રતાવડે આત્મા કેવળજ્ઞાનને કરે છે. પોતાના જ છ કારકોવડે, બહારના સાધનોથી નિરપેક્ષપણે આત્મા પોતે સર્વજ્ઞતારૂપે પરિણમતો હોવાથી તે સર્વજ્ઞભગવાન 'સ્વયંભૂ' છે. વજ્રશરીર કે રાગ તે કોઈ કેવળજ્ઞાનનું સાધન નથી. આ રીતે આત્માની બધી શક્તિઓ પોતાના જ છ કારકોવડે પરિણમી રહી છે, તેમાં બીજા સાધનનો અભાવ છે. આત્માની શક્તિ જ પોતાની નિર્મળપર્યાયના સાધનપણે પરિણમે છે, બહાર સાધન શોધવુ પડે તેમ નથી. સ્વાશ્રિત-પરિણમનમાં છએ કારકો સમાઈ જાય છે.

આ ૪૭ શક્તિમાં પાંચ ભાવો કયા પ્રકારે લાગુ પડે છે તે પણ સમજવું જોઈએ. ત્રિકાળીશક્તિઓ તે પારિણામિકભાવે છે. તેના આશ્રયે તેનું જે નિર્મળકાર્ય પ્રગટ્યું તે પૂરૂ કાર્ય તો ક્ષાયિકભાવે છે, ને અધૂરી-દશામાં ઉપશમ કે ક્ષયોપશમભાવ હોય છે; ઉદયભાવનો તે નિર્મળ કાર્યમાં અભાવ છે. અહીં સર્વજ્ઞત્વ શક્તિનું પૂરું કાર્ય જે સર્વજ્ઞતા તે તો હમેશા ક્ષાયિક ભાવે જ હોય છે; તેમાં ઉપશમાદિ ભાવો હોતા નથી.

સર્વજ્ઞશક્તિ સ્વાધીનપણે જ્યાં કેવળજ્ઞાનરૂપે પરિણમી, ત્યાં તે કેવળજ્ઞાનમાં સર્વજ્ઞેયો નિમિત્તરૂપ ભલે હો પણ તેઓ કાંઈ જ્ઞાનનાં સાધન નથી, કે જ્ઞાન તેમનું કર્તા નથી. કેવળજ્ઞાને પોતાના આખા આત્માને અનંત શક્તિના નિર્મળ પરિણમન સહિત જ્ઞેય બનાવી દીધો છે, ત્યાં પરજ્ઞેયો તો સહેજે જણાય છે. જ્ઞેયપણે સ્વ-પર બધુય છે. અહા, સર્વજ્ઞસ્વભાવી વસ્તુના નિર્ણયમાં અનંત પુરુષાર્થ ભરેલો છે. રાગમાં એ નિર્ણય કરવાની તાકાત નથી. દ્રવ્યે પોતાની પર્યાયને કરી-એ પણ હજી ભેદકથન છે, ખરેખર દ્રવ્ય કર્તા ને પર્યાય કર્મ એવા ભેદ નથી. દ્રવ્ય અભેદપણે તે-તે સમયની પર્યાય-પણે પરિણમી રહ્યું છે. દ્રવ્ય પોતે એવા નિર્મળભાવપણે ઉલ્લસ્યુ છે. દ્રવ્ય ને પર્યાય બને એક થઈને પરિણમ્યા ત્યાં વચ્ચે વિકલ્પ કે ભેદનું ઉત્થાન ન રહ્યું.-આનુ નામ જૈનદર્શન, ને આનુ નામ વસ્તુસ્વભાવની પ્રસિદ્ધિ!

ભાઈ, જૈનદર્શન એટલે વસ્તુ સ્વભાવનું દર્શન' તારા આત્મસ્વભાવને અંદરમાં જો તો ખરો!-જેનું અચિંત્ય સામર્થ્ય છે, ને જેમાં બહારના કોઈ સાધનની જરૂર નથી; કારણ-કાર્યના ભેદના વિકલ્પો [illegible] નથી સ્વશક્તિથી આત્મા પોતે અભેદપણે પોતાની [illegible]

છે. એક પર્યાય જેટલા જ આખા દ્રવ્ય-ગુણ [illegible] આખા દ્રવ્ય-ગુણને જાણી લીધા છે. આત્માની [illegible] જેવું જો તો વસ્તુસ્વરૂપનું મોટું અજ્ઞાન છે. ભાઈ! તારાં દ્રવ્ય-ગુણ-પર્યાય પરથી સ્વતંત્ર છે, પર સામે ન જો. તારા નિજવૈભવને જો. તારી તાકાત કેટલી! કે એક કેવળજ્ઞાનપર્યાય અનંતા કેવળજ્ઞાનને જાણી લે; ને એવી અનંત-પર્યાયરૂપે પરિણમવાની એક જ્ઞાનગુણની તાકાત; એવા જ્ઞાનની સાથે આનંદ-પ્રભુતા વગેરે અનંત ગુણોનો વૈભવ આત્મામાં ભર્યો છે. અહા, આવી વસ્તુ! –તે તું છો.

અરે, જ્યાં તું જ પરિપૂર્ણ છો પછી બીજા ક્યા સાધનને તારે શોધવું છે? પૂર્વની અધૂરી પર્યાય પણ કેવળજ્ઞાનપર્યાયને પરાણે નથી લાવતી; સાધકભાવ બળજોરીપૂર્વક સાધ્યને નથી લાવતો; પણ તે સમયની પર્યાયમાં કેવળજ્ઞાનાદિ પૂર્ણ પર્યાયરૂપે પરિણમવાનું સ્વતંત્રવીર્ય છે. અરે, પૂર્વની નિર્મળ પર્યાય પણ કારણ ખરેખર નથી ત્યાં શુભરાગની કે બહારનાં પદાર્થોની તો શી વાત?–એનો તો નિર્મળ કાર્યમાં અભાવ જ છે. આત્મા પોતે પોતાની નિજ શક્તિના ભંડારમાંથી સર્વજ્ઞતાને બહાર કાઢે છે. પોતાના વૈભવમાં ભર્યું છે તેમાંથી પ્રગટ કરે છે; બીજા પાસે માંગતો નથી.

'સત્'ના મહાસાગરમાં ઉત્પાદ-વ્યયનાં મોજાં ઊછળે છે...ને તેમાંથી કેવળજ્ઞાનાદિ મહારત્નો નીકળે છે. એ કેવળજ્ઞાનનો દેનાર પોતે ને લેનાર પણ પોતે. દાતાર મોટો ને ઝીલનાર પાત્ર પણ મોટું. રાગમાં તાકાત નથી કે સર્વજ્ઞતાને ઝીલી શકે. તેમજ તેનામાં તાકાત નથી કે સર્વજ્ઞતા આપી શકે. સર્વજ્ઞતા આપવાની ને ઝીલવાની અપૂર્વ તાકાત તો અનંતશક્તિસમ્પન્ન આત્મામાં જ છે.

આત્માનો વૈભવ જેવો છે તેવો સમ્યગ્દર્શન થતાં જણાયો; એ કાંઈ નવો નથી થયો; પર્યાયમાં પહેલાં ન હતો ને પ્રગટ્યો તે અપેક્ષાએ નવો છે; પણ શક્તિમાં તો આવો વૈભવ સદાય હતો જ. 'સત્' સ્વભાવ હતો તે સર્વજ્ઞદેવે બતાવ્યો. અહા, આવા સત્ સ્વભાવનું ઘોલન-મનન કરવા જેવું છે. આ સ્વભાવનું ઘોલન કરતાં કરતાં પર્યાયમાં તે પ્રસિદ્ધ થાય છે એટલે કે અનુભવમાં આવે છે. ભગવાન આત્મા મહા ચૈતન્યપદાર્થ છે, એની મોટાઈનો પાર નથી. એની પ્રતીત કરવામાંય કોઈ અચિંત્ય પુરુષાર્થ છે. એની પ્રતીત

ફરીને જ્યાં સમ્યગ્દર્શન થયું ત્યાં તે પરમાત્મા થઈ ગયો, 'હું પરમાત્મા જ છું' એવી એની દૃષ્ટિ થઈ, પરમાત્મપણું પોતામાં જ દેખ્યું. પર્યાયની અધૂરાશ ગૌણ થઈ ગઈ ને દૃષ્ટિમાં કૃતકૃત્યતા થઈ.–આનું નામ ધર્મ ને આનું નામ મોક્ષમાર્ગ !

આત્મામાં સર્વજ્ઞતા વગેરે પૂર્ણ પર્યાય પ્રગટવાની તાકાત છે તે કોઈ પરના અવલંબને નથી; પોતે જ સાધક છે. પોતે જ સાધન છે, ને સાધ્ય પણ પોતામાં જ છે. આત્માનું બધું આત્મામાં જ સમાય છે. અરૂપી આત્મામાં અપાર વૈભવ ભર્યો છે. બહારમાં રૂપી પદાર્થોના જે પૂંજ દેખાય છે તેના કરતાં તેને દેખનારા અરૂપી આત્માની શક્તિ ઘણી મહાન છે. લોકાલોકની સામે જોયા વિના જેના જ્ઞાનમાં લોકાલોક ઝળકે– એવો ભગવાન આત્મા જ લોકમાં ઉત્તમ પદાર્થ છે. જડને તો જડના વૈભવનીયે ખબર નથી ને આત્માના વૈભવની પણ ખબર નથી. આ ચૈતન્યવૈભવધારી આત્માને જ સ્વના ને પરના વૈભવની ખબર છે. ભલે કરોડો-અબજોની કિંમતના હીરા હોય—પણ એ જડ-હીરાને ખબર નથી કે હું આટલો કિંમતી છું ! એની ખબર તો આ ચૈતન્ય-હીરાને જ પડે છે. જગતના બધાય જડ 'હીરા' ભેગા થાય તોપણ તેમાંથી ચૈતન્યનો એક કણિયો પણ થઈ શકે નહિ, એવો આ ચૈતન્ય-હીરાનો વૈભવ છે. જગતને જડનો વૈભવ દેખાય છે પણ પોતાનો ચૈતન્યવૈભવ દેખાતો નથી. જેના એક અંશમાં લોકાલોક ઝળકે એવી અનંત ચૈતન્યશક્તિનો ધણી આત્મા છે. 'આવો આત્મા હું છું'–એમ જેની દૃષ્ટિમાં આવ્યું તેની દૃષ્ટિમાં ક્યાંય રાગનું–દેહનું–વાણીનું કે પરનું મહત્વ રહેતું નથી. એટલે સ્વ તરફ જ તેની પરિણતિ ઢળતી જાય છે.–આવી સમ્યગ્દૃષ્ટિની દશા છે. સમ્યગ્દર્શન થયું એટલે તો ભગવાનના ભેટા થઈ ગયા; પોતાને પામર–અલ્પ માન્યો હતો તે મટી ગયું ને પરમાત્માપણે પોતાને ઓળખ્યો, તેનું પરિણમન હવે પરમાત્મ-દશા તરફ વળ્યું...થોડા જ વખતમાં તે સાક્ષાત્ સર્વજ્ઞ–પરમાત્મા થશે.

—આ છે સર્વજ્ઞત્વશક્તિવાળા આત્માની ઓળખાણનું ફળ !

ઇતિ શ્રી સર્વજ્ઞત્વશક્તિનું વર્ણન સમાપ્ત.



આ જ્ઞાનસ્વરૂપી આત્મદ્રવ્ય એવું છે કે અન્ય વડે તે કરાયેલું નથી એટલે 'અકાર્ય' છે; અને પોતે કોઈ અન્યને કરતું નથી એટલે 'અકારણ' છે. આ રીતે જ્ઞાનસ્વભાવી આત્મા અકાર્યકારણત્વરૂપ ધર્મથી સહિત છે. જેમ આત્મદ્રવ્ય પરના કાર્ય-કારણપણા વગરનું છે તેમ તેના સર્વે ગુણો ને પર્યાયો પણ પર સાથેના કાર્ય-કારણ વગરનાં છે.

આત્મા પરનું કારણ નથી ને પરનું કાર્ય પણ નથી. આત્માનો સ્વભાવ એવો સ્વાધીન છે કે પરથી કરાતો નથી; વિકલ્પ કર્તા થઈને આત્માના સ્વભાવનું કાર્ય કરે-એવો આત્મા નથી. તેમજ આત્મા કારણરૂપ થઈને રાગને કરે-એવો પણ તેનો સ્વભાવ નથી. આત્માનો સ્વભાવ એવો અકાર્યરૂપ છે કે અન્ય કોઈ કારણોની અપેક્ષા તેને નથી. નિજસ્વભાવ સિવાય અન્ય કોઈ કારણોને તે પોતાના કારણપણે સ્વીકારતો નથી. તેમજ કર્મ વગેરે અન્ય પદાર્થનું કારણ થાય એવું કારણપણું પણ આત્માના સ્વભાવમાં નથી. ત્રિકાળીસ્વભાવમાં તો નથી ને તે સ્વભાવ તરફ ઝુકેલી નિર્મળપર્યાયમાં પણ કોઈ પરભાવો સાથે કારણ-કાર્યપણું નથી. આત્માની કોઈ શક્તિ (ગુણ) પોતે જો વિકારનું કારણ થાય તો તો વિકાર સદા થયા જ કરે.-પણ એમ નથી. સ્વભાવ તરફ ઝુકતાં તો વિકાર ટળી જાય છે માટે વિકાર તે સ્વભાવનું કાર્ય નથી. તેમજ વિકારીભાવો (શુભરાગ) કારણ થઈને આત્માના સમ્યગ્દર્શનાદિ કાર્યને કરે એમ પણ નથી. જ્ઞાનાદિ નિજશક્તિથી આત્મા સ્વયં નિર્મળ કાર્યરૂપે પરિણમે છે. આત્માની એકેય શક્તિ એવી નથી કે નિજકાર્ય માટે બીજાનું અવલંબન લ્યે. જ્ઞાન પોતાના કાર્ય માટે બીજાનું અવલંબન લ્યે અથવા તો જ્ઞાન પરિણમીને બીજાનું કાર્ય કરે-એવું અન્ય સાથે કાર્ય-કારણપણું જ્ઞાનમાં નથી. આત્માની જ્ઞાનશક્તિને જ્ઞાનાવરણકર્મની સાથે ખરેખર કારણ-કાર્યપણું નથી. આત્માની આવી અકારણ-કાર્યશક્તિ સર્વગુણોમાં વ્યાપેલી છે એટલે જ્ઞાનની જેમ શ્રદ્ધા, આનંદ વગેરે કોઈ પણ ગુણને કે તેની પર્યાયને પર સાથે કારણ-કાર્યપણું નથી. શુભ-રાગ કારણ થઈને સમ્યગ્દર્શનાદિ કાર્યને કરી દે-એમ બનતું નથી. રાગમાંથી સમ્યગ્દર્શનાદિ કાર્ય આવે તો તો આત્મા રાગમય થઈ ગયો; કેમકે કારણ અને કાર્ય જુદી જાતના ન હોય.

આત્માની દરેક શક્તિમાં સ્વયં કારણ-કાર્યપણું સમાય છે, પર સાથે એનો સંબંધ નથી. આનંદનું કારણ કોણ? કે આત્માની આનંદશક્તિ જ

આનંદનું કારણ છે. જ્ઞાનનું કારણ કોણ? કે જ્ઞાનશક્તિ જ જ્ઞાનનું કારણ છે. એમ અનંત ગુણોમાં પોતપોતાના કાર્યનું કારણ થવાની તાકાત છે. પર સાથે કારણ–કાર્યપણું નથી. આત્માના અનંતગુણો સદા એકક્ષેત્રે રહેલા છે, ગુણોને ક્ષેત્રભેદ નથી. દ્રવ્ય–ગુણને સદા એકક્ષેત્રપણું છે ને તેની પર્યાય પણ સ્વક્ષેત્રમાં જ વ્યાપક છે. આત્માના આવા દ્રવ્ય–ગુણ કે પર્યાયમાં અન્યનું કારણ–કાર્યપણું જરાપણ નથી. જ્યાં અકારણ-કાર્યસ્વભાવી આવું દ્રવ્ય દૃષ્ટિમાં લીધું ત્યાં સ્વદ્રવ્યને જ કારણ બનાવીને નિર્મળપર્યાયરૂપ કાર્ય થાય છે. શ્રદ્ધામાં, જ્ઞાનમાં, ચારિત્રમાં, આનંદમાં બધા ગુણોની નિર્મળપર્યાયમાં સ્વશક્તિ જ કારણરૂપ છે, બીજું કોઈ કારણ નથી. બીજાને પોતાનું કારણ બનાવે એવું પરાધીનપણું આત્માના સ્વભાવમાં જ નથી. સ્વ-કારણ-કાર્યની સ્વાધીન પ્રભુતામાં ભગવાન આત્મા બિરાજી રહ્યો છે.

ભગવાન! તારી શાંતિ માટે, સુખ માટે બીજું કોઈ કારણ છે જ નહી, તારામાં જ તારી શાંતિનું, સુખનું કારણ થવાનો સ્વભાવ છે. શ્રી રામચન્દ્રજી જ્યારે લક્ષ્મણના શરીરને ખભે ઉપાડીને ફરતા, ને જ્યારે સીતાની શોધમાં વનજંગલમાં ઘૂમતા, ત્યારે પણ તેઓ આત્માની આવી પ્રભુતાને જાણતા હતા; ને તે વખતના રાગ સાથે પોતાના સ્વભાવનું કારણ–કાર્યપણું સ્વીકારતા ન હતા. તે વખતેય પરના કે રાગના કારણ વગર જ તેમના આત્મામાં સમ્યગ્દર્શનાદિ કાર્ય થતું હતું. જ્ઞાનાદિ નિર્મળભાવોના જ કારણ–કાર્યપણે તેમનો આત્મા પરિણમતો હતો. એ જ રીતે સીતાજીને પણ વનવાસ વખતે અંદર આવા આત્માનું ભાન હતું. મારા આત્માના જીવન માટે કોઈ અન્ય કારણ નથી, મારા જ્ઞાનને કે મારા સુખને અન્ય સાથે કારણ–કાર્યપણું નથી; પરની સાથે કારણ–કાર્યસંબંધ વગરનો મારો નિરપેક્ષ આત્મા જ મારું શરણ છે; મારા આનંદમાં બીજું કોઈ કારણ થાય તેમ નથી. મારો આનંદ-સ્વભાવ જ સ્વયં પરિણમીને આનંદરૂપ કાર્ય કરે છે. દરેક આત્માનો આવો જ સ્વભાવ છે પણ એને જે લક્ષમાં લ્યે તેને તે પર્યાયમાં પ્રગટે છે, ને ત્યારે ભગવાન આત્મા પોતાના અનેકાન્ત-વૈભવથી પ્રસિદ્ધ થાય છે. આત્મામાં નિર્મળ પર્યાયના ઉત્પાદ-વ્યય થાય છે તે તો સ્વભાવ છે, તેમાં કોઈ બીજું કારણ નથી. તેમજ આત્મા પોતાની પર્યાયવડે કારણ થઈને બીજાના કાર્યને કરે એમ પણ બનતું નથી. આત્માની જ્ઞાનપર્યાયને પોતાની જ્ઞાનશક્તિ સાથે જ કાર્ય-કારણપણું છે, જ્ઞાનાવરણાદિ પર સાથે તેને કારણ–કાર્યપણું નથી.

લોકો કહે છે કે કારણને શોધો.–પણ ભાઈ! તું કારણને ક્યાં શોધીશ–તારામાં કે પરમાં? પરમાં તો તારું કારણ છે જ નહીં. એટલે એમાં શોધવું નકામું છે. તારો સહજસ્વભાવ જ તારા કારણરૂપે પરિણમીને તને કેવળજ્ઞાન આપે એવો છે. પ્રવચનસારમાં આચાર્યદેવ કહે છે કે જ્ઞાનસ્વભાવને જ કારણપણે ગ્રહવાથી તુરત જ કેવળજ્ઞાન પ્રગટે છે. નિશ્ચયથી પરની સાથે આત્માને કારકપણાનો સંબંધ નથી–કે જેથી શુદ્ધઆત્મસ્વભાવની પ્રાપ્તિને માટે સામગ્રી (બાહ્ય સાધનો) શોધવાની વ્યગ્રતાથી જીવો નકામા પરતંત્ર થાય છે.

પોતે કારણરૂપ થઈને બીજાનું કાર્ય કરે નહિ એવો ' અકારણ ' સ્વભાવ, અને બીજાને કારણ તરીકે સ્વીકારીને પોતે તેનું કાર્ય ન થાય એવો ' અકાર્ય ' સ્વભાવ; આવો અકારણ-કાર્યસ્વભાવ આત્મામાં ત્રિકાળ છે; તે દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં વ્યાપક છે, એટલે જેમ ત્રિકાળી દ્રવ્ય-ગુણ અન્યથી કરાતા નથી તેમ પર્યાય પણ અન્યથી કરાતી નથી. વાહ! કેટલી સ્વાધીનતા! આત્માને પોતાના ધર્મની પરિણતિ માટે દેહાદિની ક્રિયા સાધન થાય એમ માને તેને આત્માના સ્વભાવની ખબર નથી. પરમેશ્વરપણું પોતામાંથી પ્રાપ્ત થાય ને બીજાની ઓશીયાળ ન રહે એવી આ વાત છે. આવો જ આત્માનો વૈભવ છે. આ વસ્તુ લક્ષમાં લ્યે તો ઉપાદાન–નિમિત્ત કે નિશ્ચય-વ્યવહાર વગેરે બધા તત્ત્વોનો નિર્ણય થઈ જાય. અરે આત્મા! તારામાં પ્રભુતાનું પરમ સામર્થ્ય ભર્યું છે પછી તારે બીજા કોની મદદ લેવી છે? તારી શક્તિમાં એવી કોઈ અધૂરાશ ક્યાં છે કે તારે બહારમાં બીજા કારણને શોધવા પડે? અરે, સ્વશક્તિમાં મહાન સામર્થ્ય છે તેને ભૂલીને, નિમિત્તકારણ પાસે દીનતા કરીને તું કેમ અટક્યો? પરને કારણે આત્મામાં હીનતા થાય એ વાત તો દૂર રહો, ને પોતાની પર્યાયને કારણે હીનતા થાય તે પણ આત્માના સ્વભાવમાં નથી. દીનતા કે હીનતા વગરનો આત્મસ્વભાવ છે તેની શક્તિમાંથી તો પૂરો વિકાસ જ પ્રગટે, અને તે પણ અન્ય કારણ વગર જ પ્રગટે એવો આત્માનો સ્વભાવ છે. સ્વભાવનો આવો વૈભવ તારામાં ભર્યો જ છે, તેમાં નજર કર એટલી જ પ્રગટવાની વાર છે.

સમયસાર ગા. ૭૨માં આત્મા અને આસ્રવોની ભિન્નતાનું વર્ણન કરતાં આચાર્યદેવ કહે છે કે–આસ્રવો આકુળતાના ઉપજાવનારા હોવાથી દુઃખનાં કારણો છે; અને ભગવાન આત્મા તો, સદાય નિરાકુળતા-સ્વભાવને લીધે કોઈનું કાર્ય તેમજ કોઈનું કારણ નહિ હોવાથી, દુઃખનું અકારણ છે.

આત્મા પોતે નિજસ્વભાવથી દુઃખનું કારણ હોઈ શકે નહિ, દુઃખનું કારણ તો નવા આગન્તુક મલિન આસ્રવભાવો છે. આત્માનો સ્વભાવ દુઃખનું કારણ નથી. ગુણસ્વભાવ આત્મા પોતાના ગુણોના કાર્યનું કારણ થાય છે, પણ અન્યનુ કારણ થતો નથી. જો બીજા સાથે કારણ-કાર્યપણુ કરવા જાય તો ત્યાં આકુળતા ને દુઃખની ઉત્પત્તિ થાય છે. આ રીતે પર સાથે એકત્વબુદ્ધિરૂપ આસ્રવ તે દુઃખનું કારણ છે ને ભગવાન આત્મા સ્વયમેવ સુખરૂપ હોવાથી દુઃખનું કારણ નથી.–આમ ભિન્નતા જાણીને, ક્રોધાદિથી ભિન્ન આત્મસ્વભાવનો અનુભવ કરતાં આત્મા નિર્મળ સુખરૂપે પરિણમે છે, ને દુઃખરૂપ એવા આસ્રવભાવો છૂટી જાય છે.

આ ચૈતન્યદરિયામાં અનંત ગુણરત્નો ભર્યાં છે, એકેક રત્ન મહાન છે; આવો મહા ચૈતન્ય-રત્નાકર આત્મા જગતમાં સૌથી શ્રેષ્ઠ રત્ન છે. આવા શ્રેષ્ઠ ચૈતન્ય-રત્નોનો મહા મોટો ભંડાર તું પોતે, ને બીજેથી તુ સુખ લેવા જા–એ તો, મીઠા પાણીના દરિયામાં રહેતું માછલું પોતાની તરસ છીપાવવા બીજા પાસે પાણી માંગે એના જેવું છે. જેમ ચક્રવર્તીરાજા બીજા પાસે ભીખ માંગે એ શોભે નહીં; તો ચક્રવર્તી પણ જેને સેવે એવો આ મોટો ચૈતન્ય-ચક્રવર્તી, તે પોતાનું સુખ બીજા પાસે માંગે એ તેને શોભતું નથી. આત્મા પોતે પોતાના સ્વભાવના સેવનથી જ શોભે છે. હે જીવ! તારું રૂપ તો સ્વાધીન-પણે પરિપૂર્ણ છે, તેને બદલે પરને લઈને મારામાં ગુણ થાય એમ તું માને છે તે તો તને મોહનું ભૂત વળગ્યું છે.

તારા કારણ–કાર્ય તારામાં છે–એ વાત સમજાવીને સંતોએ અપૂર્વ સ્વાધીનતાનું જ્ઞાન કરાવ્યું છે. સ્વાધીન હોવા છતાં પોતે પોતાને પરાધીન માની બેઠો હતો. ભાઈ, તારા કાર્યનું કારણ તારામાં જ છે, પરની સાથે તારા કોઈ પણ ગુણને કારણ-કાર્યપણું છે જ નહિ, પછી બીજે શોધવાનું ક્યાં રહ્યું? અંતર્મુખ થઈને પોતાના સ્વભાવને જ સાધન બનાવ. સ્વભાવને સાધનપણે અંગીકાર કરતાં, આત્મા પોતે સાધન થઈને કેવળજ્ઞાનાદિ કાર્યરૂપે પરિણમી જાય છે. પરના અવલંબને કે રાગના અવલંબને આત્મામાં કેવળજ્ઞાનાદિ કાર્ય થાય–એવો આત્માનો સ્વભાવ નથી. તેમજ પરવસ્તુમાં પણ એવો સ્વભાવ નથી કે તેઓ આત્માને કાંઈ આપે, અથવા આત્માનું સાધન થાય.

અહા, કેટલો સ્વાધીન સ્વભાવ! કેટલી નિરાકુળતા ને કેટલી શાંતિ!

અનંત ગુણના વૈભવવાળા આ આત્મામાં એવો કોઈ ગુણ નથી કે જે રાગને કરે ને કર્મને કારણરૂપ થાય. અને આત્મગુણના આશ્રયે જે નિર્મળ પરિણતિ પ્રગટી તે પણ અન્યને (રાગને કે કર્મને) કારણરૂપ થતી નથી કે અન્યને પોતાનુ કારણ બનાવતી નથી. જ્ઞાનીનો આત્મા કારણ થઈને રાગને કરે કે મકાન વગેરેની રચના કરે–એમ નથી. જે ગુણ રાગ થાય ને રાગનું કારણ થવાનો આત્માનો સ્વભાવ નથી; તેમજ પોતાના સ્વભાવકાર્યમાં રાગને કારણ બનાવે એવો પણ આત્માનો સ્વભાવ નથી. આવો સ્વભાવ જેણે પ્રતીતમાં લીધો તેને અકારણ-કાર્ય-સ્વભાવનું સમ્યક્ પરિણમન પ્રગટ્યું. એટલે રાગાદિના કર્તૃત્વરહિત જ્ઞાનભાવપણે જ રહેતો તે મોક્ષને સાધે છે.

શરીરાદિના કોઈપણ કાર્યનુ કારણ થાય એવો કોઈ સ્વભાવ આત્માના દ્રવ્યમાં ગુણમાં કે પર્યાયમાં નથી. તેમજ શરીરાદિને કારણ બનાવીને આત્મા તેનાથી કાંઈ ધર્મ કરે-એવો પણ સ્વભાવ નથી આત્માને કાંઈ આપે એવો સ્વભાવ જડમાં નથી, ને જડમાંથી કાંઈ લ્યે એવો સ્વભાવ આત્મામાં નથી. આત્માને પરની સાથે કારણ-કાર્યપણાનો અભાવ છે. કારણ-કાર્યની વાત કાઢી નાંખીને પરની સાથેનો સંબંધ જ તોડી નાખ્યો. એટલે હવે પોતાના ત્રિકાળી દ્રવ્ય-ગુણ સાથે જ પર્યાયનો સંબંધ થયો. પર્યાય પરથી પાછી વળીને સ્વદ્રવ્ય તરફ વળી; પોતાના શુદ્ધ દ્રવ્યગુણમાં એકાગ્ર થતાં પર્યાય પણ તેવી નિર્મળ થઈ. તે પર્યાયમાં પરની સાથે (રાગની સાથે) કારણ-કાર્યપણાનો કાંઈ સંબંધ નથી. આનું નામ ધર્મ, ને આ મોક્ષનો માર્ગ.

શ્રીમદ્ રાજચંદ્રજી કહે છે કે—

છૂટે દેહાધ્યાસ તો નહીં કર્તા તું કર્મ,
નહીં ભોક્તા તું તેહનો, એ જ ધર્મનો મર્મ

તેમ અહીં કહે છે કે—

છૂટે રાગ-અધ્યાસ તો, નહીં કર્તા તું કર્મ,
નહીં ભોક્તા તું તેહનો, એજ ધર્મનો મર્મ.

દેહ હું, રાગ હું, ને તે મારું કાર્ય એવી જે રાગ સાથે એકત્વબુદ્ધિ તેને લીધે અજ્ઞાની રાગાદિનો કર્તા થાય છે; હું તો જ્ઞાન છું, રાગ હું નથી, ને રાગ મારા જ્ઞાનનું કાર્ય નથી–એવી ભિન્નતાના ભાન વડે જ્યાં રાગ સાથે એકતાબુદ્ધિનો અધ્યાસ છૂટી ગયો ત્યાં ધર્મીજીવ જ્ઞાનરૂપે જ પરિણમે છે, તે

રાગાદિનો કર્તા–ભોક્તા થતો નથી. આવી દશા પ્રગટે તેનું નામ ધર્મ છે.

અશુદ્ધઉપયોગના નાશને માટે ધર્મી જીવ કેવી મધ્યસ્થ-ભાવના પ્રગટ કરે છે તેનું વર્ણન કરતાં પ્રવચનસારમાં કહે છે કે—

હું દેહ નહી, વાણી ન, મન નહીં, તેમનું કારણ નહીં,
કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં. (૧૬૦)

જેને દેહાદિનાં કાર્યો પ્રત્યે કર્તૃત્વબુદ્ધિ હોય તેને તેમાં મધ્યસ્થતા રહી શકે જ નહીં. ધર્મી જાણે છે કે હું દેહાદિનો આધાર નથી, કર્તા નથી, કારણ નથી; મારા આધાર વિના જ, મારા કર્તૃત્વ વિના જ, મારા કારણ થયા વિના જ, તેઓ સ્વતંત્રપણે પરિણમી રહ્યાં છે; માટે તેના પક્ષપાત રહિત હું અત્યંત મધ્યસ્થ છું. જ્ઞાનસ્વરૂપ આત્માનો આવો મધ્યસ્થ સ્વભાવ છે.

ધર્મીએ આવો આત્મા જાણ્યો છે. બધાય આત્માનો આવો જ સ્વભાવ છે પણ અજ્ઞાની તેને જાણતો નથી, વિપરીત માને છે; ને જ્ઞાની તેને યથાર્થ જાણે છે. આત્મા બીજાનું કાંઈ કરી ન શકે તો તો તે શક્તિહીન થઈ ગયો –એમ અજ્ઞાનીને લાગે છે, પણ ભાઈ! તારી સ્વશક્તિ તો તારામાં કામ કરે કે પરમાં? જો તારો આત્મા પરનાં કામ કરે ને પર ચીજ તારા આત્માનું કામ કરે,–તો તારા કાર્ય માટે તારે પર સામે જ જોવાની ઓશીયાળ રહી,–એ તો મહા વિપરીતતા છે, પરાધીનતા છે, દુઃખ છે. તારી સ્વશક્તિ તારામાં, તે સ્વાધીનપણે નિજકાર્ય કરે છે, પોતાના કાર્ય માટે તેને પરની જરાય અપેક્ષા નથી. આવું અકારણ-કાર્યપણું તારા આત્મામાં છે, તેમજ બધાય પદાર્થોમાં છે. તારા અકારણ-કાર્યસ્વભાવને લીધે તારા બધા ગુણોમાં ને તેની પર્યાયોમાં અકારણ-અકાર્યપણું છે, તારા એકેય ગુણમાં કે એકેય પર્યાયમાં પર સાથે કારણ-કાર્યપણુ નથી. તારો સ્વભાવ કારણ ને તારી પર્યાય કાર્ય; શુદ્ધસ્વભાવરૂપ જે કારણ તેનું કાર્ય પણ શુદ્ધ છે, અશુદ્ધતા તે ખરેખર શુદ્ધશક્તિનું કાર્ય નથી. અશુદ્ધતાનું કારણ થવાનો કોઈ ગુણ આત્મામાં નથી. આવી શુદ્ધ શક્તિવાળા જ્ઞાનમાત્ર આત્માને (–શુદ્ધકાર્ય સહિત) સમ્યગ્દષ્ટિ દેખે છે.

મહાત્મા કહે છે કે અરે આત્મા! ભગવાન તીર્થંકરદેવે આવો આત્મા જાણીને કહ્યો છે, સંતોએ પોતાના અંતરમાં આવો આત્મા અનુભવ્યો છે. તારા આવા આત્માને ભૂલીને તું ચાર ગતિમાં રખડયો ને તેં મહા દુઃખ

ભોગવ્યા. તારો સ્વભાવ મોટો છે ને તારા દુઃખની વીતકકથા પણ મોટી છે; તારા સ્વ-
તે દુઃખ મટાડવાની, ને આત્મસુખ પ્રાપ્ત કરવાની આ વાત છે. તારા સ્વ-
વૈભવને સંભાળતાં તેમાં દુઃખ ક્યાંય છે જ નહીં. જૈનશાસનમાં વીતરાગી સન્તોએ આવા આત્મવૈભવની પ્રસિદ્ધિ કરી છે.

*

અનેકાન્તસ્વરૂપ આત્માની અકારણ-કાર્યશક્તિ એમ બતાવે છે કે તારું કાર્ય કરવા માટે પર સાથે કાંઈ સંબંધ નથી; જ્ઞાનસ્વરૂપ આત્મામાં પોતામાં એવી તાકાત છે કે પોતાના કાર્યનું કારણ પોતે જ થાય. આત્મામાં એવો સ્વભાવ છે કે તેનું કાર્ય બીજાથી કરાતુ નથી, ને પોતે બીજાના કાર્યનું કારણ થતો નથી. પર સાથે જેને કર્તાકર્મની કે કારણ-કાર્યની બુદ્ધિ છે તેને તો પોતાના અકર્તા-જ્ઞાનસ્વભાવની પ્રતીત નથી. જ્ઞાનસ્વરૂપ આત્માને જાણે ત્યાં પર સાથે કર્તૃત્વબુદ્ધિ રહે નહીં. આત્મામાં જે અનંત ગુણો છે તે બધાય પોતપોતાનું કાર્ય કરે છે, કોઈનું કાર્ય પરથી થતું નથી. હું કારણરૂપ થઈને પરનાં કામ કરું ને પર ચીજને મારા કાર્યનું કારણ બનાવું-એમ અજ્ઞાની માને છે, તેને પોતાના કે પરના સ્વભાવની ખબર નથી, આત્માનો વૈભવ તેણે જોયો નથી.

આત્માનો સ્વભાવ સમુદ્ર જેવો ગંભીર છે. અનંત ગુણનો વૈભવ તો આત્મા સિવાય બીજા જડ પદાર્થોમાં પણ છે, પણ તે પદાર્થોને પોતાના વૈભવની ખબર નથી; તેમના વૈભવને પણ જાણનારો તો આત્મા છે. આત્મા પોતાના જ્ઞાનવૈભવ વડે સર્વ પદાર્થોને જાણે છે, તે જ્ઞાનવૈભવ મહાન છે, તે સારરૂપ છે, તેને જાણતાં પરમ સુખ થાય છે.

નિજગુણનો વૈભવ ધરનાર આત્મા શું કરે? ને કઈ રીતે તેનું કાર્ય થાય તેની અજ્ઞાનીને ખબર નથી. આત્માના નિજગુણનું કાર્ય એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વગેરે નિર્મળ પર્યાયો, તે અન્યથી થતા નથી એટલે બીજો તેનું કારણ નથી. તેમજ તે સમ્યગ્દર્શનાદિ પ્રગટીને બીજામાં કાંઈ કરી દે એવું પણ તેનામાં નથી. આ રીતે આત્મા બીજાનું કાર્ય નથી, ને પોતે બીજાનું કારણ નથી. અજ્ઞાની પરથી કાર્ય થવાનું માને છે,-માને ભલે પણ તેમ થતું નથી. એ જ રીતે પરના કાર્ય કરવાનું માને છે, માને ભલે પણ કરી શકતો નથી. નથી થતું છતાં માને છે-તે અજ્ઞાન છે. પોતાની અવસ્થાનું

કાર્ય પરથી થવાનું માને છે ત્યાંસુધી તે પરની સામે જ જોયા કરે છે, પરમાંથી તેની દૃષ્ટિ (-એકત્વબુદ્ધિ) હટતી નથી ને તેનું મિથ્યાત્વ મટતું નથી. મારા આત્માની કોઈ શક્તિ કે તેની અવસ્થા પરથી થતી નથી, ને પરમાં કાંઈ કરતી નથી, પરની સાથે મારે કાંઈ જ કારણ-કાર્યપણું નથી–એમ પોતાના સ્વભાવનો નિર્ણય કરે તો પરમાંથી દૃષ્ટિ હટીને સ્વભાવ તરફ વળે, એટલે સ્વભાવનું નિર્મળ કાર્ય (સમ્યગ્દર્શનાદિ) પ્રગટે, ને મિથ્યાત્વ ટળે.

'જ્ઞાનમાત્ર ભાવ' કહેતાં દ્રવ્ય–ગુણ–પર્યાયનો જેટલો સમૂહ લક્ષિત થાય છે તે બધોય એક આત્મા છે. અકારણ-કાર્યસ્વભાવ પણ તેમાં સમાઈ જાય છે, પણ રાગ તેમાં સમાતો નથી, કેમકે રાગાદિભાવો કાંઈ જ્ઞાનલક્ષણ વડે લક્ષિત થતા નથી. 'જ્ઞાનમાત્ર' લક્ષણવડે તો નિર્મળ દ્રવ્ય–ગુણ–પર્યાયો જ લક્ષિત થાય છે. રાગ તે જ્ઞાનનું કાર્ય નથી. 'જ્ઞાન'નું કાર્ય તો જ્ઞાનરૂપ હોય. સંવર-નિર્જરા-મોક્ષરૂપ નિર્મળપર્યાય સહિતના આત્માને જ 'આત્મા' કહ્યો છે. જ્ઞાનમાત્ર આત્મામાં તેના અનંતા નિર્મળ ગુણ-પર્યાયો સમાય છે, પણ રાગાદિ ભાવો તેમાં સમાતા નથી. જ્ઞાનલક્ષણ દ્વારા આવું સ્પષ્ટ ભેદજ્ઞાન કરાવીને શુદ્ધઆત્મા લક્ષગત કરાવ્યો છે. ભાઈ, પોતાના જ અંતરમાં લક્ષગત થઈ શકે એવી આ વસ્તુ છે. પોતાના અંતરમાં જે વૈભવ ભર્યો છે તેનું જ આ વર્ણન છે. અરે, ચૈતન્યદરબારમાં કેવો અચિંત્ય ચૈતન્યવૈભવ અંદર ભર્યો છે! તે સન્તોએ બતાવ્યો છે. અહો! આવા નિજવૈભવને કોણ ન દેખે? કોણ ન લ્યે? કોણ ન અનુભવે? હે જીવો! તમે તમારા આવા આત્મવૈભવને દેખો, અનુભવો; તમને પરમ આનંદ થશે.

પોતે સર્વજ્ઞ જેટલા વૈભવથી પૂરો પરમાત્મા છે; રાગાદિ વિકલ્પ તે તેનું મૂળસ્વરૂપ નથી; છતાં ભ્રમથી તે વિકલ્પને નિજસ્વરૂપ માની રહ્યો છે. એ ભ્રમ પણ તેનું મૂળસ્વરૂપ નથી, એટલે સાચી ઓળખાણ વડે તે ભ્રમ ટળી જાય છે. ભ્રમ ટળતાં ભાન થાય છે કે હું તો જ્ઞાન છું, વિકલ્પ વડે મારું જ્ઞાનકાર્ય થતું નથી. જ્ઞાનને ને વિકલ્પને કારણ-કાર્યપણું નથી.

આત્માને પરની સાથે જરાપણ કારણ-કાર્યપણું નથી. ત્યારે કોઈ એમ કહે છે કે, "દ્રવ્ય–ગુણ ત્રિકાળ છે એટલે તેમાં તો બીજા વડે કાંઈ ન થાય, પણ પર્યાય તો નવી નવી ઉત્પન્ન થાય છે એટલે તે બીજા વડે કરાય, કેમકે તે કાર્ય છે, ને કાર્ય કદી કારણ વગર હોતું નથી!

તો અહીં આચાર્યદેવ કહે છે કે ભાઈ! તને આત્માના અકારણ-કાર્યસ્વભાવની ખબર નથી. અકારણ-કાર્યસ્વભાવ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં વ્યાપક છે, એટલે જેમ દ્રવ્ય-ગુણ અન્ય વડે કરાતા નથી તેમ તેની પર્યાય પણ અન્યવડે કરાતી નથી. દ્રવ્ય-ગુણ અન્ય વડે ન થાય ને પર્યાય અન્ય વડે થાય-એમ માને તો તેણે અકારણ-કાર્યશક્તિને દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં વ્યાપક ન માની. પણ, જેમ આત્મામાં જ્ઞાનશક્તિ હોવાથી તેના દ્રવ્ય-ગુણ ને પર્યાય ત્રણેય જ્ઞાનમય છે, તેમ આત્મામાં અકારણ-કાર્યશક્તિ હોવાથી તેના દ્રવ્ય-ગુણ ને પર્યાય ત્રણેય અન્ય વડે કરાતા નથી. પર્યાય કાર્ય છે–એ ખરું, પણ તેથી કાંઈ તે બીજાવડે કરાય છે–એમ નથી. કાર્ય કદી કારણવગર ન હોય,–પણ તે કારણ પોતામાં કે પરમાં? કાર્ય પોતામાં ને કારણ પરમાં –એમ હોય નહિ. જો કારણ પરમાં હોય તો તે કાર્ય પોતાનું ન રહ્યું પણ પરનું થઈ ગયું. પોતાના કાર્યનું કારણ પોતામાં જ છે, પરની સાથે તેને કારણ-કાર્યપણું નથી, એવો જ વસ્તુનો સ્વભાવ છે.

વળી, જે નિર્મળજ્ઞાનાદિ કાર્ય છે તેનું કારણ રાગ પણ નથી. જો રાગ તેનું કારણ હોય તો તે જ્ઞાન આત્માનું કાર્ય ન રહ્યું પણ તે રાગનું કાર્ય થઈ ગયું. કારણ અને કાર્ય એક જાતના હોય, વિરુદ્ધ જાતના ન હોય, તેમજ કારણ અને કાર્ય એક વસ્તુમાં જ હોય, ભિન્ન-ભિન્ન વસ્તુમાં ન હોય; આ વસ્તુસ્વભાવના ત્રિકાળી નિયમો છે, તેને કોઈ ફેરવી શકે નહીં.

દ્રવ્ય–ગુણ તો પરથી ન થાય ને પર્યાય પરથી થાય–એમ તું કહે છે, પણ ભાઈ! દ્રવ્ય–ગુણમાં તો કાર્ય થવાપણું છે જ ક્યાં? કાર્ય થવાપણું તો પર્યાયમાં જ છે. તે પર્યાયને પર સાથે કારણ-કાર્યપણું નથી–એવો આત્માનો સ્વભાવ છે. તે પર્યાયનું કારણ આત્મામાં જ છે. આત્માનો આનંદસ્વભાવ છે એટલે તે આનંદની પર્યાય પરથી ન થાય; પરવસ્તુ કારણ થઈને આત્માને આનંદ આપે એમ કદી બનતું નથી. એ જ રીતે જ્ઞાન પણ આત્માનો સ્વભાવ છે, તે જ્ઞાનની પર્યાય પરથી ન થાય; પરવસ્તુ કારણ થઈને આત્માના જ્ઞાન-કાર્યને ઉપજાવે એમ કદી બનતું નથી. એ રીતે આત્માના અનંતગુણમાંથી એકેય ગુણનું કાર્ય પરથી થતું નથી. તથા ગુણની પર્યાય પ્રગટીને પરમાં કાંઈ કરે એમ બનતું નથી. આ રીતે ભગવાન આત્માના આનંદમાં જ્ઞાનમાં શ્રદ્ધામાં ક્યાંય પરનું કાર્ય નથી; આત્મા પરદ્રવ્ય વગર એકલો પોતાનું કાર્ય કરી શકે

છે.-આ રીતે ધર્મીજીવ પોતાના કાર્ય માટે પોતાની સામે જુએ છે ને સ્વાશ્રયે નિર્મળકાર્ય પ્રગટ કરે છે.

જોકે રાગાદિ વિકારમાં પણ પરનું કારણપણું નથી; પણ અત્યારે આત્માની શક્તિના વૈભવની વાત છે એટલે તેમાં નિર્મળકાર્યની જ વાત આવે, વિકારની વાત એમાં ન આવે. વૈભવમાં વિભાવ નથી. જગતમાં દરેક વસ્તુ પોતપોતાના કાર્ય સહિત જ વર્તી રહી છે. કોઈ વસ્તુ એવી કાર્યવગરની નથી કે બીજો તેનું કાર્ય કરે. વસ્તુ પોતે પોતાના કાર્યસહિત જ છે, પછી બીજો તેનું કાર્ય કરે એ વાતને અવકાશ જ ક્યાં છે?

જો આત્મા પરનાં કાર્ય કરે તો પોતાનું કામ કરવા નવરો ક્યારે થાય?

અને જો આત્માનું કાર્ય બીજો કરે તો પોતે પોતાનું હિત ક્યારે કરે?

અરે, તું પોતે અનંતશક્તિસમ્પન્ન ભગવાન, ને તારુ કાર્ય બીજો કરે? શું તું એવો શક્તિહીન છો કે તારા કાર્યને પોતે ન કરી શકે? સ્વાધીનપણે બીજા કોઈની મદદ વગર જ તું પોતે પોતાનું કાર્ય (કેવળજ્ઞાન અને સિદ્ધપદ) કરવાની તાકાતવાળો છે. તું પોતે ભગવાન, ને તારે પરની ઓશીયાળ હોય? શક્તિરૂપ પોતાના ભગવાન સ્વભાવને જે માને તે વ્યક્તિથી પ્રગટ પરમાત્મા થઈ જાય; તેમાં પોતાની શક્તિ સિવાય કોઈ બીજા કારણની જરૂર નથી.

રાજા રામ જેવા મહાપુરુષ ધર્માત્મા છ માસ સુધી લક્ષ્મણના મૃત-શરીરને સાથે લઈને ફર્યા, તે વખતેય એ ધર્માત્માને અંતરમાં નિજવૈભવનું ભાન હતું, લક્ષ્મણ પ્રત્યેના રાગની સાથેય પોતાના સ્વભાવનું કારણ-કાર્યપણું સ્વીકારતા ન હતા. અને એ વખતે રામચંદ્રજીના બે કુમારો સંસારથી વિરક્ત થઈને રજા માંગે છે કે હે પિતાજી! આ અસાર સંસારથી હવે અમારું મન વિરક્ત થયું છે. અમે હવે પરમ સારભૂત અમારા અસંયોગી તત્ત્વને સાધવા જઈએ છીએ. આ દુઃખમય સંસારનો નાશ કરનાર ને પરમ આનંદને ઉપજાવનાર એવો જે અમારો ચૈતન્યસ્વરૂપ આત્મા, તેને સાધવા અમે જઈએ છીએ. અમે હવે નિજવૈભવને સાધશું ને સિદ્ધની પંક્તિમાં જઈને રહીશું. અમારા અંતરમાં અમારો નિજવૈભવ અમે સ્વાનુભવદ્વારા જોયો છે, જોયેલા વૈભવને હવે અમે અંતરમાં એકાગ્ર થઈને સાધશું. આમ કહી, પિતાજીને પ્રણામ કરી તેઓ વનમાં ચાલ્યા ગયા, ને મુનિ થઈને આત્મધ્યાનવડે

કેવળજ્ઞાનને સાધ્યું, પછી પાવાગઢથી સિદ્ધપદને પામ્યા. આવી શક્તિ દરેક આત્મામાં છે ને દરેક આત્મા આવા નિજપદને સાધી શકે છે. સીતાજી જેવા પણ અગ્નિપરીક્ષા પછી સંસાર છોડીને આવા નિજપદને સાધવા વૈરાગ્યથી ચાલી નીકળ્યા: અરે! આવો સંસાર! તેનાથી હવે બસ થાઓ...બસ થાઓ. અહા, અંતરના ભાનપૂર્વક આવા વૈરાગ્યભાવથી સીતાજી જ્યારે માથાના વાળનો લોચ કરીને દીક્ષિત થતા હશે ત્યારે એ દેખાવ કેવો હશે!! રામ તો મુર્છિત થઈ જાય છે. પ્રજાજનો હા-હાકાર કરતા રહે છે...ને સીતાજી સંસારથી ઉદાસ થઈને અર્જિકા બને છે. સીતાજી પ્રત્યેના રાગથી મુર્છિત થયા તે વખતેય રામચંદ્રજી અંતરની આત્મશક્તિના ભાનમાં છે. તે વખતેય નિજશક્તિને ભૂલ્યા નથી, ને મોહનો જરાક વિકલ્પ વર્તે છે તેને આત્મ-શક્તિનું કાર્ય ખરેખર માનતા નથી; તે વખતેય તેમનો આત્મા નિર્મળ-ભાવોના જ કારણ-કાર્યરૂપે પરિણમી રહ્યો છે. –આ તો મોટા પ્રસિદ્ધ પુરુષોનાં નામ લઈને દૃષ્ટાન્ત આપ્યા, બાકી તો બધાય ધર્માત્માના અંતરમાં આવું જ પરિણમન વર્તી રહ્યું છે. ભગવાન આત્મા અંતર્દૃષ્ટિથી દ્રવ્ય-ગુણ-પર્યાયની એકતારૂપ પરિણમ્યો ત્યાં સ્વકારણથી નિર્મળપર્યાય જ પરિણમે છે; તેમાં બીજા કોઈ સાથે કારણ-કાર્યપણું નથી. નિર્મળભાવરૂપે પરિણમતો તે આત્મા જ્યાં વિકારકાર્યનો પણ કર્તા નથી ત્યાં પરનો કર્તા તો ક્યાંથી હોય? આત્માને પરની સાથે કારણ-કાર્યપણું તો ત્રણકાળમાં નથી, માત્ર પ્રમાતા-પ્રમેયપણાનો સંબંધ છે એ વાત હવેની (પંદરમી) શક્તિમાં બતાવશે.

દેહ કે ભાષાની ક્રિયા તેનો કર્તા આત્મા નથી, તેનું કારણ આત્મા નથી; ઈચ્છાનું કારણ થવાનો સ્વભાવ પણ આત્માની શક્તિમાં નથી. આવા આત્માનું ભાન થતાં પરના કાર્યમાંથી દૃષ્ટિ છૂટી જાય છે, ને સ્વકાર્યના કારણ-રૂપ નિજસ્વભાવ ઉપર દૃષ્ટિ જાય છે એટલે સમ્યગ્દર્શન વગેરે નિર્મળ કાર્ય થાય છે. ભાઈ! આત્માની શાન્તિ માટે તારા આવા સ્વભાવને દૃષ્ટિમાં લે. તારી શાંતિ માટે કોઈ પરદ્રવ્ય તને કારણ થાય–એમ નથી. તારો આનંદસ્વભાવ જ તારી શાંતિનું કારણ છે. તારો આનંદસ્વભાવ દુઃખને કે રાગને ઉત્પન્ન કરે નહિ, તેમજ રાગ તારા આનંદને ઉત્પન્ન કરી શકે નહીં. તારો આનંદ, તારી શાંતિ, કે તારું જ્ઞાન તે કાર્યમાં તારે બીજા કોઈની જરૂર નથી. શાંતિ વગેરે પરના અકાર્ય-અકારણરૂપ છે, પરનું જરાપણ કાર્ય-કારણપણું તેમાં નથી.

પોતાના આવા સ્વભાવને દૃષ્ટિમાં લેતાં પર્યાયમાં જ્ઞાનાદિનું નિર્મળ

પરિણમન પ્રગટ્યું, ત્યારે તેમાં આત્મા પ્રસિદ્ધ થયો, અને ત્યારે જ ખરેખર આત્માને જાણ્યો ને અનુભવ્યો કહેવાય. શક્તિ જો નિર્મળપર્યાયરૂપ ન પરિણમે તો તેનું કાર્ય શું? શક્તિનું નિર્મળ કાર્ય પર્યાયમાં પ્રગટે છે, તેને પરની સાથે કારણ-કાર્યપણું નથી. વસ્તુનો સ્વભાવ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં વ્યાપક છે. દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે સત્ છે. દ્રવ્ય-ગુણનો લાભ પર્યાયમાં આવે ત્યારે દ્રવ્યની સાચી શ્રદ્ધા કહેવાય. આવી શ્રદ્ધા તે મોક્ષનું બીજ છે. નિર્મળ પર્યાય-પૂર્વક જ દ્રવ્ય પ્રતીતમાં આવે છે. એકલી મલિનતારૂપે પરિણમતો હોય ને તે પર્યાયમાં દ્રવ્યની પ્રતીત થઈ જાય-એમ બનતું નથી. મલિનતામાં એવી તાકાત નથી કે શુદ્ધ દ્રવ્યસ્વભાવને ઝીલી શકે. સ્વસન્મુખ થયેલી નિર્મળ પર્યાયમાં જ એ તાકાત છે. દ્રવ્યસન્મુખ થઈને તેને પ્રતીતમાં લેતાં જ પર્યાય નિર્મળ થઈ જાય છે.

શુદ્ધદ્રવ્ય અમને પ્રતીતમાં આવ્યું છે પણ પર્યાયમાં શુદ્ધતા જરાય દેખાતી નથી, એમ કોઈ કહે તો તેની વાત ખોટી છે. શુદ્ધદ્રવ્યની તેની પ્રતીત પણ કલ્પનારૂપ છે. શુદ્ધદ્રવ્ય પ્રતીતમાં લ્યે ને પર્યાયમાં તેની પ્રસિદ્ધ (પરિણમન) ન થાય એમ બને નહીં. નિર્મળ પર્યાય વગર દ્રવ્યને પ્રતીતમાં લીધું કોણે? નિર્મળપર્યાય વગરનું એકલું દ્રવ્ય પ્રતીતમાં આવતું નથી. સ્વસન્મુખ થઈને શુદ્ધઆત્માની પ્રતીત કરતાં નિર્મળ પર્યાયપણે આત્મા પરિણમી જાય છે, એટલે અનંત ગુણનો વૈભવ પર્યાયમાં પ્રસિદ્ધ થાય છે. કોઈના કારણ-કાર્ય વિના જ ભગવાન આત્માનો આવો વૈભવ પ્રસિદ્ધ થાય છે.

આ રીતે અકારણકાર્યત્વશક્તિનું વર્ણન પૂરું થયું. (૧૪)



આચાર્યભગવાન કહે છે કે: સુંદર આનંદની છાપવાળા
સ્વસંવેદનથી પ્રગટેલા મારા સમસ્ત નિજવૈભવ વડે
હું એકત્વ-વિભક્ત શુદ્ધઆત્મા આ સમયસારમાં
દેખાડું છું. તેને તમે સ્વાનુભવ વડે પ્રમાણ કરજો.

*   *   *

ૐ

નિજ પરમ પાવન પરમાત્માનું
નિજ પરમ સ્વરૂપ, તેના સ્વભાવની
પરમ પ્રતીતિ અને તેમાં સ્થિરતા
એ અમૂલ્ય ચિંતામણી રત્ન છે;
કે જેનું મુલ્યાંકન હોઈ શકે નહિં.

ઉપરના હસ્તાક્ષર દ્વારા પૂ. ગુરુદેવે
ચિંતામણિરત્ન દેખાડ્યું છે



[૧૫]

પરિણમ્ય-પરિણામકત્વ શક્તિ

[परात्मनिमित्तक ज्ञेयज्ञानाकारग्रहणग्राहणस्वभावरूपा परिणम्य-परिणामकत्व शक्तिः]



અહા, મોક્ષમાર્ગી જીવોના જીવન કોઈ જુદી જાતના છે. પોતાના ચૈતન્યસ્વભાવ સિવાય બીજા બધાથી તેને ઉદાસીનતા છે. જગતના પ્રસંગોથી એમની પરિણતિ હલી જતી નથી. અંતરની અનુભવદશામા ચૈતન્યના આનંદના દરિયા ડોલતા દેખ્યા છે, એનું ચિત્ત હવે બીજે કેમ લાગે? આત્માના નિજવૈભવમાં લાગેલું ચિત્ત બીજે ક્યાંય લાગતું નથી.



ચૈતન્યસ્વરૂપ આત્મામાં અપાર વૈભવ છે. અનંત ગુણો એનો જે વિસ્તાર તેનો પાર વાણીથી ન આવે, વિકલ્પથી પણ એનો પાર ન પમાય, અંતરમાં આત્માના સ્વાનુભવથી જ એનો પાર પમાય છે. ભગવાને જેવો આત્મા જોયો તેવો વાણીમાં વર્ણવ્યો, પણ વાણી તરફના વલણે તે લક્ષગત ન થાય; ભગવાન પણ એમ જ કહે છે કે તું તારા સ્વભાવ તરફ જો તો તને તારો આત્મા લક્ષગત થાય.

૧૪ મી અકારણ-કાર્યશક્તિમાં એ બતાવ્યું કે આત્માને પરની સાથે કારણ-કાર્યપણાનો જરાય સંબંધ નથી. પરની સાથે કારણ-કાર્યપણું ન હોવા છતાં, આત્મા પરને જાણે ને પોતે પરના જ્ઞાનમાં જણાય એવો જ્ઞેય-જ્ઞાયકપણાનો સંબંધ છે, એ વાત પંદરમી શક્તિમાં બતાવે છે.

આત્માને પર સાથે સંબંધ નથી તેથી કોઈ એમ સમજી લ્યે કે આત્મા પરને જાણતો પણ નહીં હોય!–તો એમ નથી. પરજ્ઞેયોના જ્ઞાનરૂપે પોતે પરિણમે એવી પરિણમ્યશક્તિ આત્મામાં છે; ને પોતાના જ્ઞાનાકારોને સામાના જ્ઞાનમાં જણાવે (જ્ઞેય કરે) એવી પરિણામક શક્તિ પણ આત્મામાં છે. પ્રમાતાસ્વભાવને લીધે પોતે અન્ય જ્ઞેયોના જ્ઞાનરૂપે પરિણમે છે, ને પ્રમેયસ્વભાવને લીધે પોતે અન્યના જ્ઞાનમાં જ્ઞેય થાય છે.–આવા સ્વભાવને પરિણમ્ય-પરિણામકશક્તિ કહેવામાં આવે છે.

પરિણમ્ય : આત્માને પરિણમ્ય કહ્યો ત્યાં કાંઈ સામા જ્ઞેયો તેને પરિણમાવતા નથી, પણ સામે જેવા જ્ઞેયો છે તેવું જ્ઞાનનું પરિણમન પોતાના સ્વભાવથી થાય છે તેથી આત્માને પરિણમ્ય કહ્યો. જ્ઞાનમાં તે જાતના પરિણમનની તાકાત છે.

પરિણામક : આત્માને પરિણામક કહ્યો તેથી કાંઈ સામાના જ્ઞાનને આત્મા પરિણમાવે છે એમ નથી; પણ પોતે જ્ઞેયપણે સામાના પ્રમાણજ્ઞાનમાં ઝળકે છે એવો તેનો સ્વભાવ છે તેથી આત્માને પરિણામક કહ્યો છે. એવો જ્ઞેય થવાનો આત્માનો સ્વભાવ છે.

આત્મા પોતે બીજાને જાણે, તેમજ બીજાના જ્ઞાનમાં પોતે જણાય, આવા બંને સ્વભાવ આત્મામાં એક સાથે વર્તે છે; તેનું નામ 'પરિણમ્ય-પરિણામક શક્તિ' છે. પરનું જે નિમિત્ત છે એવા જ્ઞેયાકારો તેને આત્મા

જ્ઞાનથી જાણે છે, અને આત્મા પોતે જેનું નિમિત્ત છે એવા પોતાના જ્ઞાનાકારો બીજાના જ્ઞાનમાં પ્રમેય થાય છે; આ રીતે પ્રમાતા અને પ્રમેય થવાની આત્માની તાકાત છે.

સામા જે અનંત જ્ઞેય પદાર્થો તેમના જ્ઞેયાકારો એટલે કે તેમના દ્રવ્ય-ગુણ-પર્યાયો, તેમનું કારણ તે પદાર્થો છે, આત્મા તેમનું કારણ નથી; આત્મા તેમનો જ્ઞાતા છે. જ્ઞાન કરવાની અપેક્ષાએ આત્મા પરિણમ્ય છે. ને આત્માના જ્ઞાનાકારો બીજાના જ્ઞાનમાં પ્રમેય થાય છે, એટલે સામાના જ્ઞાનમાં જ્ઞેય થવાની અપેક્ષાએ આત્મા પરિણામક છે. જ્ઞાતા થવાની તેમજ પ્રમેય થવાની એ બંને તાકાત આત્મામાં એક સાથે છે એમ આ પરિણમ્ય-પરિણામકત્વશક્તિ સૂચવે છે.

જગતના બધા જ્ઞેયાકારોને જાણવારૂપે આત્મા પરિણમે છે; ત્યાં તે જ્ઞેયપદાર્થોના આકારોનું કારણ તે પદાર્થો જ છે, ને જ્ઞાનપર્યાયરૂપ પોતાના જ્ઞાનાકારોનું કારણ આત્મા પોતે છે. સામાના જ્ઞાનમાં આ આત્મા જણાય, તેથી કાંઈ સામા જીવના જ્ઞાનનું કારણ આ આત્મા નથી, તેમજ સામા પદાર્થો આ જીવના જ્ઞાનમાં જણાય તેથી કાંઈ તે પદાર્થો આ જીવના જ્ઞાનના કારણ નથી. સ્વતંત્રપણે જ પોતપોતાના આકારરૂપે બંને પરિણમે છે.

પરના જ્ઞેયાકારોને આત્મા ગ્રહણ કરે છે—એમ કહ્યું, તેમાં 'ગ્રહણ કરવું' નો અર્થ 'જ્ઞાન કરવું' એમ થાય છે; કાંઈ સામા પદાર્થો ત્યાંથી અહીં જ્ઞાનમાં નથી આવી જતા, તેઓ તો જ્ઞાનની બહાર જ રહે છે. તે પદાર્થોને જાણવાનો આત્માનો સ્વભાવ છે પણ તેમનું કારણ થવાનો આત્માનો સ્વભાવ નથી. સામા જીવના જ્ઞાનાકારોમાં આ આત્મા જ્ઞેયપણે નિમિત્ત થાય છે તે અપેક્ષાએ આ આત્મા તેમનો 'પરિણામક' છે;—આત્મામાં એવી પ્રમેયત્વશક્તિ છે તે અહીં બતાવ્યું છે. આત્મા પરને જાણે એવી એની શક્તિ છે; ને આત્મા પોતે પોતાને સ્વસંવેદનથી જાણે છે એ વાત પ્રકાશશક્તિમાં બતાવી છે.

આત્મા સર્વ પદાર્થને જાણે ખરો,

પણ આત્મા સર્વ પદાર્થોને પ્રમેય ન થાય; કેમકે સામે સર્વે દ્રવ્યોમાં જાણવાની શક્તિ ક્યાં છે? અનંતા જડ-અચેતન દ્રવ્યો છે તેમનામાં તો જ્ઞાન જ ક્યાં છે કે આત્માને પ્રમેય કરે? તેઓ સ્વ-પરને ન જાણવાના સ્વભાવવાળાં છે, ને આત્મા સ્વ-પરને જાણવાના સ્વભાવવાળો છે. જણાવાનો

એટલે કે પ્રમેય થવાનો સ્વભાવ તો જડ ચેતન બધા ય પદાર્થોમાં છે. પણ જાણવાનો સ્વભાવ તો ચેતનમૂર્તિ આત્મામાં જ છે.

અહીં જ્ઞાનનું પરિણમન સ્વતંત્ર છે. સામે જ્ઞેયોનું સ્વતંત્ર પરિણમન છે; હું જ્ઞાનવડે તે જ્ઞેયોનો જાણનાર છું પણ તેમાં કાંઈ ફેરફાર કરનાર હું નથી અને જ્ઞેયોમાં એવો સ્વભાવ છે કે મારા જ્ઞાનમાં પ્રમેય થાય. પણ તેઓ મારા જ્ઞાનમાં કાંઈ કરે એવો તેમનો સ્વભાવ નથી. મારે અને પદાર્થોને માત્ર જ્ઞાતા-જ્ઞેયપણાનો જ સંબંધ છે; જ્ઞાતા-જ્ઞેયપણાના નિર્દોષ સંબંધમાં વચ્ચે વિકાર આવે નહીં. આવા સ્વભાવને જાણતાં જ્ઞાનમૂર્તિ આત્મા પ્રસિદ્ધ થાય છે. વિપરીત માને તો તે માન્યતામાં આત્મા પ્રસિદ્ધ થતો નથી. મોહની પ્રસિદ્ધિ થાય છે.

આત્મા સ્વ-પરનો જ્ઞાતા થાય, તેમજ સ્વપરનું જ્ઞેય થાય—એવો એનો પ્રમાતા અને પ્રમેય સ્વભાવ છે. પણ અહીં આ પરિણમ્ય-પરિણામકશક્તિમાં, આત્મા પરને જાણે ને પરના જ્ઞાનમાં તે જણાય એટલું બતાવવું છે. આત્માનું સ્વ-પ્રકાશકપણું પ્રકાશશક્તિમાં બતાવ્યું છે.

આત્માનો સ્વભાવ જ્ઞાન છે, એટલે જગત પણ તેના જ્ઞાનનું નિમિત્ત છે. જે રાગ-દ્વેષ કરે તેને માટે તે રાગ-દ્વેષનું નિમિત્ત કહેવાય. कषायप्राभृत-જયધવલામાં पेज्ज–दोस (એટલે કે રાગ-દ્વેષ) નું વિવેચન કરતાં કહ્યું છે કે જગત આખું રાગનું નિમિત્ત છે તે અપેક્ષાએ બધું पेज्ज (રાગ) છે, અને દ્વેષનું નિમિત્ત છે તે અપેક્ષાએ બધું दोस (દ્વેષ) છે. ઉપચારથી, રાગના નિમિત્તને પણ રાગ કહ્યો ને દ્વેષના નિમિત્તને દ્વેષ કહ્યો. રાગ-દ્વેષના નિમિત્તની અપેક્ષાએ સિદ્ધભગવાનને પણ પેજ્જ-દોષ (રાગ-દ્વેષ) કહી દીધા, પણ તેઓ કાંઈ રાગ-દ્વેષ કરાવતા નથી, પણ સામો રાગી-દ્વેષી જીવ રાગ-દ્વેષ કરીને તેને રાગ-દ્વેષનું નિમિત્ત બનાવે છે. ખરેખર તો આત્મા જ્ઞાનસ્વભાવવાળો છે, ને જગત જ્ઞેય છે, આવો નિર્દોષ જ્ઞાતા-જ્ઞેય-સંબંધ છે, પણ રાગ-દ્વેષ કરે અને જગતને રાગ-દ્વેષનું નિમિત્ત બનાવે એવો સ્વભાવ આત્માનો નથી. આત્મા જ્ઞાતા થઈને જગતને પોતાનું પ્રમેય બનાવે, તેમજ બીજાના જ્ઞાનમાં પોતે પ્રમેય થાય એવો સ્વભાવ છે.

દરેક વસ્તુના કારણ-કાર્ય તે વસ્તુના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં જ છે, બીજામાં નથી. એક પરમાણુ એક સમયમાં અસંખ્યાત યોજન (૧૪ રાજુ) ગમન કરે કે સ્થિર રહે તેમાં તેનાં દ્રવ્ય-ગુણ-પર્યાય જ કારણ છે, બીજું કારણ નથી. તેમ

આત્મા ત્રણલોક ત્રણકાળને એક સમયમાં જાણે ત્યાં તે જ્ઞાનનું કારણ પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાય જ છે, બીજું કારણ નથી. સિદ્ધભગવંતોની લોકાગ્રસ્થિતિનું કારણ તેના દ્રવ્ય-ગુણ-પર્યાય જ છે, બીજું કારણ નથી. ધર્માસ્તિ-અધર્માસ્તિ વગેરે નિમિત્તકારણોનું કથન શાસ્ત્રોમાં આવે, પણ વસ્તુસ્વભાવ સમજીને તેના અર્થ સમજવા જોઈએ; વસ્તુસ્વભાવમાં એવી કોઈ પરાધીનતા નથી કે પરને કારણ બનાવે. ધર્માસ્તિના દ્રવ્ય-ગુણ-પર્યાય ધર્માસ્તિમાં ને સિદ્ધના દ્રવ્ય-ગુણ-પર્યાય સિદ્ધમાં. દરેકના દ્રવ્ય-ગુણ-પર્યાય પોતપોતામાં સ્વતંત્ર છે.

'પરની સાથે જેને કારણ-કાર્યનો કાંઈ સંબંધ નથી-એવા અકારણ-કાર્યસ્વભાવી આત્માને જાણતાં પર સાથેની એકતાબુદ્ધિ છૂટીને પોતાના સ્વભાવમાં એકતાબુદ્ધિ થાય છે એટલે અંતર-સ્વભાવમાં વલણ થાય છે; અંતરના ચૈતન્યમહાસાગરમાં ડુબકી મારતાં આનંદ-પ્રભુતા વગેરે મહા રત્નો હાથમાં આવે છે, મતિ-શ્રુતજ્ઞાનવડે પણ ચૈતન્યમાં ડુબકી મારતાં (એટલે કે સ્વસંવેદન કરતાં) અપૂર્વ ચૈતન્યગુણરત્નો અનુભવમાં આવે છે. મતિ-શ્રુતજ્ઞાનમાં પણ અપાર તાકાત છે, એમાં પણ દરિયા જેવી અગાધ ગંભીરતા ભરી છે, અગાધ ચૈતન્યદરિયાનો તાગ લેવાની એનામાં તાકાત છે;-કેવળજ્ઞાનની અચિંત્ય તાકાતની તો શી વાત? કેવળજ્ઞાનના અનંતમા ભાગનું શ્રુતજ્ઞાન, તે શ્રુતજ્ઞાનના એક ભાગરૂપ અંગ-પૂર્વજ્ઞાનના ધારક સન્તોને અંદર જ્ઞાનના ને આનંદના દરિયા ઉલ્લસ્યા છે. અહા, આ એકેક આત્મશક્તિનું વર્ણન લખતી વખતે આત્માની અંદર કેટલું મંથન ચાલતું હશે! લખતાંય લખતાં વચ્ચે વિકલ્પ તૂટીને કેટલીયે વાર નિર્વિકલ્પ અનુભવમાં ઠરી જતા હશે. અને વળી અંદર તત્ત્વના કોઈક સૂક્ષ્મ રહસ્યનું સમાધાન ન થાય ને જો આહારક શરીરનો યોગ હોય તો કદાચ વિકલ્પ ઊઠે ને આહારક શરીર દ્વારા ભગવાન પાસે જઈને તેનું સમાધાન કરી આવે. કુંદકુંદાચાર્યદેવ તો આહારક શરીર વગર સાક્ષાત્ વિદેહ-ક્ષેત્રે સીમંધર ભગવાન પાસે ગયા ને દિવ્યધ્વનિનું શ્રવણ કર્યું-એ તેમની વિશેષતા છે.

આત્માના જ્ઞાનની કોઈ અપાર તાકાત છે. જોકે દરેક ગુણ અપાર તાકાતથી ભરેલો છે, પણ તે બધાના સામર્થ્યને જ્ઞાન જ જાણે છે. અંદર ચૈતન્ય-દરિયામાં ડુબકી મારીને સ્વભાવના અનંત વૈભવનું મતિ-શ્રુતજ્ઞાન સ્વસંવેદન કરે છે. સ્વસંવેદનમાં આત્માનો અનંત વૈભવ સમાય છે. એક નાનામાં નાના

મતિજ્ઞાનમાં પણ એટલી તાકાત છે કે તેના અનંત અવિભાગપ્રતિચ્છેદ ભાગ. જ્ઞાનગુણની તાકાતનો પાર નથી: ને એવા અનંતાનંત ગુણોની તાકાતથી ભરેલો આત્મા છે.

અહો, આત્મા એટલે શું? તેની જગતને ખબર નથી. આત્મા ઉત્તમમાં ઉત્તમ પદાર્થ છે, જગતમાં એના જેવો બીજો કોઈ ઉત્તમ પદાર્થ નથી. જગતમાં આત્મા જ એક એવો પદાર્થ છે કે જેને જાણતાં સુખ થાય છે. જેની એક પર્યાયમાં પણ બેહદ તાકાત, એના પૂરા મહિમાની શી વાત! અનંત ગુણોનો સાગર ચૈતન્યપ્રભુ. એના વૈભવનો પાર નથી. એના એકેક ગુણમાં અપાર વૈભવ, એની એકેક પર્યાયમાં અપાર વૈભવ, એના એકેક પ્રદેશે અપાર વૈભવ, આમ સર્વ પ્રકારે વૈભવસમ્પન્ન આત્મા છે, તેને તું જાણ. આચાર્યદેવ કહે છે કે મારા આત્મામાં જે નિજવૈભવ પ્રગટ્યો છે તે સમસ્ત નિજવૈભવવડે હું એકત્વ-વિભક્ત આત્માનો વૈભવ દેખાડું છું, તમે સ્વાનુભવ વડે તે ઓળખજો. જેની પ્રગટ પર્યાયમાં પણ આટલી તાકાત, તેની શક્તિના વૈભવની શી વાત! પર્યાય ભલે નાની પણ તે પરમ સ્વભાવની જાત છે ને! રાજા ભલે નાનો હોય, પણ નાનો તોય રાજા! એનો હુકમ ચાલશે; તેમ ભગવાન આત્માની એક સમયની પર્યાયમાં પણ સ્વભાવની સત્તા છે, પર્યાય ભલે એક સમયની પણ પૂર્ણશક્તિમાંથી આવેલી છે, તેનું સામર્થ્ય અપાર છે. એવા આત્મવૈભવનું આ વર્ણન છે. સંતોએ ખજાના ખોલી દીધા છે.

ઋષભદેવ ભગવાનની સ્તુતિ કરતાં શ્રી પદ્મનંદીસ્વામી કહે છે કે હે પ્રભો! કેવળજ્ઞાન પામીને દિવ્યધ્વનિવડે આપે ચૈતન્યના ખજાના ખોલી દીધા,-ચૈતન્યનાં નિધાન ખુલ્લા કરીને જગતને બતાવ્યા, તો હવે તે કોણ ન લ્યે? આવા ચૈતન્યનિધાન લેવા માટે રાજપાટને તરણાં જેવા સમજીને કોણ ન છોડે? પ્રભો, આપનો ઉપદેશ સાંભળીને રાજા-મહારાજા વગેરે ઘણા જીવો જગતના વૈભવને તૂચ્છ સમજી આત્માનો વૈભવ સાધવા માટે ચાલી નીકળ્યા...ને મુનિ થઈને આત્મધ્યાન કરવા લાગ્યા. જેની પાસે જગતના વૈભવની કાંઈ જ ગણતરી નથી એવો અચિંત્ય આત્મવૈભવ સન્તોએ દેખાડ્યો છે.

* * *

૧૪મી અકારણ-કાર્યશક્તિએ પર સાથેનો કારણ-કાર્યસંબંધ તોડ્યો, તો પછી બાકી શું રહ્યું? કે જ્ઞેય-જ્ઞાયકસંબંધ બાકી રહ્યો, તે આ ૧૫મી પરિણમ્ય-પરિણામકશક્તિ બતાવે છે. પર સાથે કર્તાકર્મપણું તોડ્યું ત્યાં જ્ઞેય-જ્ઞાયકપણું રહ્યું. જ્ઞેય-જ્ઞાયકપણાના વીતરાગી સંબંધમાં વચ્ચે ક્યાંય રાગ-દ્વેષ ન રહ્યા. આત્મા જ્ઞાતા ને જગતના પદાર્થો તેના જ્ઞેય, તેમજ સામા જીવના પ્રમાણજ્ઞાનમાં પોતે પ્રમેયપણે જણાય,–આ રીતે જ્ઞેયાકારોને જાણવાનો તેમજ પ્રમેય થવાનો આત્માનો સ્વભાવ છે. તેમાં પોતાના જ્ઞાનાકારોનું કારણ આત્મા છે, પણ જ્ઞાનમાં જણાતા જે પર જ્ઞેયાકારો તેનું કારણ આત્મા નથી.

અહો, આત્માનો સ્વભાવ! વિકલ્પનો જેમાં પ્રવેશ નથી, એકલા શાંત-રસથી ભરેલો સમુદ્ર છે, તેનામાં પોતાની નિર્મળ પર્યાયોનું કારણપણું છે પણ પરનું કારણપણું નથી; પરનું જ્ઞાન કરે છે પણ તેમનું કારણ થતો નથી. આત્માના કારણ–કાર્ય આત્મામાં સમાય છે ને પરનાં કારણ–કાર્ય પરમાં સમાય છે. આત્મા પ્રમાતા ને પદાર્થો તેનાં પ્રમેય, તથા આત્મા પ્રમેય ને સામો જ્ઞાની જીવ પ્રમાતા,–એવો નિર્દોષ સંબંધ છે; એથી આગળ વધીને એકબીજાના કાર્યમાં કાંઈ કરે એવો સંબંધ નથી.

જુઓ, આ ચૈતન્યનાં નિધાન ખોલાય છે. જ્ઞાનમાત્ર ભાવની જે સ્વાનુભૂતિ પ્રગટી તે અનંત ગુણનાં નિજવૈભવ સહિત પ્રગટી છે. આત્માનો વૈભવ એવો છે કે એમાંથી જ્ઞાન ને આનંદ નીકળે; પણ તેમાંથી વિકાર નીકળે કે પરનાં કામ કરે–એવું આત્માના વૈભવમાં નથી. જગતના જ્ઞેયોને જાણી લેવાની આત્મામાં તાકાત છે પણ તેમાં ક્યાંય કાંઈ ફેરફાર કરવાની તાકાત આત્મામાં નથી. જગતના જેટલા જ્ઞેયો છે તે જ્ઞેયોના આકારોનું (દ્રવ્ય–ગુણ–પર્યાયોનું) કારણ તે-તે પદાર્થો છે; ને આત્મા તેને જાણે છે, તે જાણવારૂપ જ્ઞાનાકારોનું કારણ આત્મા પોતે છે.

અને, આત્મા પ્રમેય થઈને બીજાના જ્ઞાનમાં જણાય તેમાં આત્મા પોતાના પ્રમેયપણારૂપ જ્ઞેયાકારનું કારણ છે ને સામા જીવને જે જ્ઞાન થયું તે જ્ઞાનાકારોનું કારણ સામો જીવ છે. આ રીતે પદાર્થો જ્ઞાનના જ્ઞેય થાય છે પણ જ્ઞાનના કારણ થતા નથી. જ્ઞાન પોતાની સ્વાધીન તાકાતથી જ જ્ઞાનપણે પરિણમે છે, જ્ઞેયોનાં કારણે જ્ઞાન પરિણમતું નથી.

આત્મામાં દ્રવ્ય-ગુણ-પર્યાય બધુંય પ્રમેય થાય છે, તે ત્રણેયનું જે જ્ઞાન

છે તે આત્માના જ્ઞાનાકાર છે; ને બીજા જીવના જ્ઞાનમાં આ આત્મા પ્રમેય થાય છે તે અપેક્ષાએ આત્મા જ્ઞેયાકાર છે. સામા જીવના જ્ઞાનમાં જણાવાની અપેક્ષાએ આત્મા પ્રમેય છે. અહો, આ ચૈતન્યશક્તિ કોઈ જુદી જાતની છે, જેમાં અપાર સૂક્ષ્મ ગંભીર ભાવો ભર્યા છે, ને રાગનો જેમાં પ્રવેશ નથી. ટીકાના થોડા શબ્દોમાં વાચ્યપણે આખા સ્વભાવનું રહસ્ય સમાઈ જાય છે. પણ તે શબ્દોનો કર્તા આત્મા નથી; શબ્દોના જ્ઞાનનો કર્તા આત્મા છે. શબ્દો સાથે આત્માને કર્તાકર્મપણું નથી, તેની સાથે તો જ્ઞેય-જ્ઞાયકપણું છે. કર્તાકર્મપણું તો પોતાના જ્ઞાન સાથે જ છે. કર્તા-કર્મપણું કે ભોક્તા-ભોગ્યપણું એ બધુંય જ્ઞાનમાત્ર ભાવમાં જ સમાય છે.

આ આત્મા પોતે પ્રમાતા થઈને સામાના દ્રવ્ય-ગુણ-પર્યાયોને જાણે છે, તેમજ પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયોથી પ્રમેય થઈને તે સામાના જ્ઞાનમાં જણાય છે. ફેર એટલો કે, આત્મા 'પ્રમાતા' તો જડ-ચેતન બધાયનો થાય છે-બધાયને જાણે છે, પણ આત્મા 'પ્રમેય' તો માત્ર ચેતનનો જ થાય છે, જડનો પ્રમેય થતો નથી કેમકે જડ પદાર્થોમાં જ્ઞાન જ નથી કે જેથી આત્માને પ્રમેય બનાવી શકે. જેનામાં જ્ઞાન છે તેને, પોતાના જ્ઞાનાકારોનું ગ્રહણ કરવામાં આત્મા નિમિત્ત છે એટલે કે પ્રમેય થાય છે; પણ જેનામાં ઉપાદાનપણે જ્ઞાનશક્તિ જ ન હોય તેને તો તેનું નિમિત્ત પણ કેવું? આત્માનો 'પ્રમેયત્વ' સ્વભાવ કાંઈ અધૂરો નથી પણ જેનામાં જાણવાની શક્તિ હોય તેને તે પ્રમેય થાય.

અહા, કેવો સ્વતંત્ર અને સુંદર સ્વભાવ છે! બસ, આવા સ્વભાવથી આત્મા શોભે છે, તેમાં વચ્ચે રાગ કે વિકલ્પ ક્યાં રહ્યો? આવા સ્વભાવવાળો જ્ઞાનમાત્ર આત્મા તે ખરો આત્મા છે. આવા આત્માને શ્રદ્ધે-જાણે-અનુભવે તે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે, ને તે મોક્ષમાર્ગ છે.

આત્મદ્રવ્યમાં અક્રમે અનંતગુણો છે ને ક્રમવર્તી પર્યાયો છે. પહેલાં એક ગુણની પર્યાય ને પછી બીજા ગુણની પર્યાય-એમ ક્રમવર્તી નથી, પણ એક પર્યાય જાય ને બીજી પર્યાય થાય-એ રીતે ક્રમવર્તી છે, ને અનંતાગુણોમાં એવી ક્રમવર્તી પર્યાયો એક સાથે વર્તે છે. 'જ્ઞાન' કહેતાં આવા ગુણ-પર્યાયોનો સમૂહ આખો આત્મા લક્ષિત થાય છે. જ્ઞાનને અંતર્મુખ કરીને આવા આત્માને ધ્યેય કરતાં તેનું નિર્મળ પરિણમન થાય છે; ને તે નિર્મળ પરિણમનમાં અનંતા ધર્મો સમાય છે તેનું આ વર્ણન છે.

જગતની ચીજો જેમ વર્તે છે તેમ તેને જાણે એવો આત્માનો ગુણ છે, પણ બીજા પાસેથી કાંઈ લ્યે કે બીજાને કાંઈ આપે એવો કોઈ સ્વભાવ આત્મામાં નથી. પરથી મને કાંઈ નુકશાન થયું કે લાભ થયો એવી માન્યતા તે અજ્ઞાનીની ભ્રમણા છે. ભાઈ, તારામાં જે ગુણ હોય તેનું કાર્ય તારામાં થાય, પણ જે ગુણ જ તારામાં ન હોય તેનું કાર્ય તારામાં ક્યાંથી થાય? બીજાના ગુણનું કાર્ય તારામાં થઈ શકે નહીં. સામા જીવના સુંદર કે અસુંદર વિચારને તું જાણ એવો તારો સ્વભાવ છે, પણ તેના વિચારને તું ફેરવી શક એવી શક્તિ તારામાં નથી; તે જીવના વિચારો તારે આધીન નથી, તેમજ તેના વિચારથી તને કોઈ લાભ–નુકશાન નથી. બસ, તું તો નિરપેક્ષપણે જ્ઞાતા છો. જાણવાના સ્વભાવમાં તો આનંદ, પ્રભુતા, સ્વચ્છતા, પ્રકાશ વગેરે અનંત ભાવો ભરેલા છે. આવા સ્વભાવને પ્રતીતમાં લઈને આત્માને ધ્યેય બનાવ.

જડમાં આત્માના જ્ઞાનનું જ્ઞેય થવાનો સ્વભાવ છે, ને આત્મા તેને જાણે એવો તેનો સ્વભાવ છે; પણ તે આત્મામાં કાંઈ કરે એવો સ્વભાવ નથી. આત્માના જ્ઞાનને હણે કે જ્ઞાન આપે એવો સ્વભાવ પરમાં નથી, તેમ આત્મામાંય એવો સ્વભાવ નથી કે પરમાંથી જ્ઞાન લ્યે, કે પર વડે તેનું જ્ઞાન હણાય. પરથી જુદું એવું જ્ઞાનનું જ્ઞાનપણું જીવે કદી જાણ્યું નથી. જ્ઞાન વિકારથી પણ જુદું રહીને તેને જાણનારું છે. આવા 'જ્ઞાન'ને ઓળખે તો અનંત શક્તિવાળો આત્મા ઓળખાય. શરીર અને કર્મ, ક્રોધ અને રાગ, એ બધાય જ્ઞાનધર્મથી બહાર છે; જ્ઞાનધર્મમાં આત્માનો અનંતવૈભવ સમાય છે, પણ તેમાં વિકાર કે જડ સમાતાં નથી. જ્ઞાનમાં જાણવાનો ધર્મ છે પણ જ્ઞાનમાં વિકાર કરવાનો ધર્મ નથી. એક સમયની પર્યાયમાં વિકારની લાયકાત હોય તોપણ તે કાંઈ ગુણનું ખરું કાર્ય નથી. 'ગુણ'નું કાર્ય દોષ કેમ હોય? ગુણનું કાર્ય તો તે કહેવાય કે જે ગુણની જાતનું હોય, વિરુદ્ધ ન હોય, ગુણમાં તો એક સમય પણ અશુદ્ધતા નથી, એટલે અશુદ્ધતા તે ગુણનું કાર્ય ખરેખર છે જ નહીં. સાધકદશામાં વચ્ચે વ્યવહારના વિકલ્પો આવે તેને કરવાનો જ્ઞાનનો ગુણ નથી, પણ તેને જાણવાનો જ્ઞાનનો ગુણ છે. જ્ઞાનનું જ્ઞાનપણું રાગમાં જતું નથી. જો તે રાગને જાણતાં જ્ઞાન તેનું કર્તા થઈ જાય તો તો તે જ્ઞાનનું જ્ઞાનપણું ક્યાં રહ્યું? જ્ઞાન અને રાગને જુદા અનુભવે તો જ જ્ઞાનનું જ્ઞાનપણું રહે.

અહો, જગતમાં આ ચૈતન્યસ્વભાવ એ તો શાંતિનો ડુંગર છે. 'હિમાલય' એટલે બરફનો ડુંગર; તેમ આ ચૈતન્યસ્વરૂપ આત્મા પરમ શાંતરસનો

હિમાલય છે. જેમ ઉનાળાની ગરમીમાં હિમાલયની [illegible] કેવી ઠંડક લાગે! તેમ પર [illegible] સંસારમાં જો શાંતરસના હિમાલય એવા આત્મસ્વભાવમાં જઈને [illegible] ની પરમ ઠંડક એટલે કે નિરાકુળ શાંતિ વેદાય. પ્રભુ! એકવાર આવા તારા ગુણમાં નજર તો કર! તારા ગુણના કાર્યને ઓળખીને એની શાંતિનો સ્વાદ એકવાર ચાખ તો ખરો! –પછી તારા એ શાંતરસ પાસે આખો સંસાર તને નીરસ લાગશે,–બળબળતા તાપ જેવો લાગશે. જેમ બરફ એ ઠંડકનો ઢીમ છે તેમ આ ચૈતન્યપ્રભુ એકલા આનંદનો ઢીમ છે: શાંતરસનો સાગર એનામાં ભર્યો છે. આવા તારા સ્વભાવમાં જઈને નજર તો કર: વિકારનો આતાપ એમાં છે જ નહીં, વિકારનો સ્પર્શ પણ તારા સ્વભાવમાં નથી. આવા સ્વભાવની શાંતિમાં સન્તો વસે છે, ને જગતને માટે તેમણે આવો સ્વભાવ પ્રસિદ્ધિમાં મુક્યો છે: અરે, જગતના જીવો! તમારા આવા અદ્ભુત આત્મવૈભવને તમે જાણો...રે...જાણો!

આત્માનો જે જાણવાનો ગુણ એટલે કે જાણવાનો સ્વભાવ, તેમાં મહા આનંદ છે, પ્રભુતા છે, સ્વચ્છતા છે, સ્વવીર્ય છે, વિભુતા છે, આનંદનું ભોક્તાપણું છે; પણ તેમાં ક્રોધાદિ વિકાર નથી, વિકારનું કર્તાપણું નથી. શુદ્ધતાના મેરુપર્વત જેવો જે આ ચૈતન્યસ્વભાવ, તેમાં વચ્ચે ક્યાંય વિકાર ભર્યો નથી. અસંખ્યપ્રદેશી આત્મા અચલમેરુ છે, ગમે તેવી પ્રતિકૂળતામાં પણ નિજસ્વરૂપથી તે ડગે નહીં, તેના ગુણની એક કાંકરી ચલે નહીં કે એક પ્રદેશ પણ હણાય નહીં, જેમ મેરુપર્વત એવો સ્થિર છે કે ગમે તેવા પવનથી પણ તે હલે નહીં, તેમ ચૈતન્યમેરુ આત્મા નિજસ્વભાવમાં એવો અડોલ છે કે પ્રતિકૂળતાના પવનથી તે ઘેરાય નહિ, તેના કોઈ ગુણ કે ગુણની પરિણતિ હણાય નહીં. આવા સ્વભાવના શ્રદ્ધા-જ્ઞાન કરનાર ધર્માત્મા પ્રતિકૂળ સંયોગના ઘેરા વચ્ચે પણ સ્વભાવના શ્રદ્ધા-જ્ઞાનથી ડગતા નથી. તે નિઃશંક જાણે છે કે હું તો જ્ઞાન છું ને આ મારાં જ્ઞેય છે. આવા સ્વભાવને પ્રતીતમાં લેતાં પર્યાયમાં પણ તેવું પરિણમન પ્રગટે છે. આ રીતે જ્ઞાનપરિણામે પરિણમતો આત્મા પોતાના જ્ઞાનમાં પરને જાણે છે, તેમજ પોતે પણ બીજાના જ્ઞાનમાં પ્રમેય થાય છે. આવો બેવડો સ્વભાવ (એટલે કે જ્ઞાતાસ્વભાવ ને જ્ઞેયસ્વભાવ) આત્મામાં એક સાથે વર્તે છે.

આ રીતે ૧૫મી પરિણમ્ય–પરિણામકત્વશક્તિનું વર્ણન પૂર્ણ થયું.



[૧૬]

ત્યાગોપાદાનશૂન્યત્વ શક્તિ

[अन्यूनातिरिक्तस्वरूपनियतत्त्वरूपा त्यागोपादानशून्यत्व शक्तिः]



નિજ ભાવને છોડે નહીં,
પરભાવ કંઈ પણ નવ ગ્રહે;
જાણે-જુએ જે સર્વ-તે હું
એમ જ્ઞાની ચિન્તવે.
(નિયમસાર)



આત્મા સદાય ત્યાગ-ગ્રહણ વગરના પોતાના નિજસ્વરૂપમાં રહે છે, તે નિજસ્વરૂપ કદી ઘટતું કે વધતું નથી. પોતાના એકરૂપ સ્વરૂપમાં સદા રહે ને તે સ્વરૂપમાં ત્યાગ કે ગ્રહણ ન કરે એવી ત્યાગોપાદાનશૂન્યત્વ નામની શક્તિ આત્મામાં છે. જ્ઞાનમાત્ર આત્માનું જે અનંત ગુણથી ભરેલું નિજસ્વરૂપ છે તે ઘટતુ કે વધતું નથી. અનંતગુણથી અછિન્ન એકરૂપ સ્વભાવમાં આત્મા સદા એવો ને એવો બિરાજી રહ્યો છે. તે સ્વભાવ ઘટતો કે વધતો નથી. વિકાર થતાં દ્રવ્યસ્વભાવમાંથી કાંઈ ઘટી ગયું ને શુદ્ધતા થતાં દ્રવ્યસ્વભાવમાં કાંઈ વધી ગયું—એમ નથી. વિકાર વખતે આત્માનો એકેય ગુણ ઓછો થઈ ગયો નથી, ને શુદ્ધતા વખતે એકેય ગુણ વધી ગયો નથી. બન્ને વખતે શુદ્ધદૃષ્ટિથી આત્મા એવો ને એવો એકરૂપ બિરાજે છે.

જેમ સો રૂપિયાની કોથળીમાંથી એક રૂપિયો કાઢતાં કોથળીમાંથી એટલું ઘટે છે, પરંતુ આ અનંતગુણથી ભરેલી ચૈતન્ય-કોથળીમાંથી કેવળજ્ઞાનાદિ કાઢવા છતાં અંદરની શક્તિમાંથી જરાય ઓછું થતું નથી. અથવા, પર્યાયમાં ઓછું પ્રગટ હોય ત્યારે શક્તિમાં વધુ રહે ને પર્યાયમાં વધુ પ્રગટ થાય ત્યારે શક્તિમાં ઓછું રહે—એવું વધ-ઘટપણું વસ્તુના સ્વભાવમાં નથી. પરદ્રવ્યો તો આત્માથી સર્વથા જુદા છે, તે તો આત્માથી બહાર જ છે, તેમને આત્મા કદી ગ્રહતો કે છોડતો નથી. પોતાથી જુદા જ છે પછી તેને છોડવાનું ક્યાં રહ્યું? આત્માના અસલી સ્વભાવમાં વિકારનું ગ્રહણ-ત્યાગ નથી, ત્યાં પરદ્રવ્યના ગ્રહણ-ત્યાગની તો વાત જ શી?

આત્મામાં પરનું ગ્રહણ-ત્યાગ નથી. આત્માએ કદી શરીરને, કર્મને કે આહાર વગેરેને પોતામાં ગ્રહ્યાં નથી, એટલે તે પરદ્રવ્યને છોડવાપણું પણ આત્મામાં કદી નથી, સદાય તેનાથી જુદો ને જુદો જ છે. 'પરને હું છોડું' —એનો અર્થ એમ થયો કે તે મારામાં હતાં, મેં તેને ગ્રહ્યાં હતાં ને હવે હું તેને છોડું છું.—આ રીતે પરને છોડવાની બુદ્ધિમાં પરને ગ્રહવાની બુદ્ધિ પણ આવી જાય છે. પરને છોડવાની વાત સામાન્ય જનતાને સારી લાગે પણ એમાં પરની કર્તૃત્વબુદ્ધિનું અજ્ઞાન ક્યાં પોષાઈ રહ્યું છે—એની એને ખબર નથી. ભાઈ! પર પદાર્થ તારામાં કદી હતાં જ નહિ પછી છોડવાની વાત કેવી? શું પરદ્રવ્યને તેં ગ્રહણ કર્યાં છે?—કે તું તેને છોડે છે! પરનું ગ્રહણ-ત્યાગ તારામાં નથી. જુદાં છે તેને જુદાં જાણ, એટલે તારા અભિપ્રાયમાંથી પરદ્રવ્યનું સ્વામીપણું છૂટી જશે.

પોતાનું અનંતગુણથી ભરેલું જે સ્વરૂપ છે તેમાં આત્મા સદા અવસ્થિત રહે છે; તેમાં કોઈનું ગ્રહણ-ત્યાગ નથી. જે નિજગુણ છે તેને આત્મા કદી છોડતો નથી, ને સ્વરૂપથી ભિન્ન એવા પર ભાવોને આત્મા કદી ગ્રહતો નથી; એના નિજરૂપનો એક અંશ પણ કદી ઘટતો નથી, કે તેમાં કોઈ નવો અંશ બહારથી આવતો નથી. આ રીતે ભગવાન આત્મા ગ્રહણ-ત્યાગ વગર નિજ-સ્વરૂપમાં સદાય અવસ્થિત રહે છે,-એવી તેની 'ત્યાગ-ઉપાદાનશૂન્યત્વ' શક્તિ છે. પર્યાયમાં હીનાધિકતા થાય પણ તેથી કાંઈ પરનું ગ્રહણ-ત્યાગ થતું નથી, કે સ્વભાવમાં વધ-ઘટ થઈ જતી નથી. પોતાનો જે ગુણ છે તે જ પર્યાયમાં પરિણમે છે. પર્યાયમાં હીનાધિકતા થવા છતાં ગુણસ્વભાવે આત્મા એકરૂપ છે. પર્યાય ઘટતાં આત્માના અનંતગુણમાંથી એક્કેય ગુણ ઘટી જાય, કે પર્યાય વધતાં એક્કેય ગુણ વધી જાય, એમ બનતું નથી, તેમજ ગુણનું સામર્થ્ય પણ ઘટતું-વધતું નથી. આવો પૂર્ણ સ્વભાવ સ્વીકારતાં તેના આશ્રયે પર્યાયમાં પણ પૂર્ણતા પ્રગટે છે.

આત્માની પર્યાય પરથી ભિન્ન છે; તે પર્યાયમાં પણ પરદ્રવ્ય સાથે જરાય કાર્ય-કારણપણું કે ગ્રહણ-ત્યાગપણું નથી. વિકાર સાથે પણ કારણ-કાર્યપણું કે ગ્રહણ-ત્યાગપણું આત્માના સ્વરૂપમાં નથી. સ્વગુણમાં વિકાર કદી તન્મય થયો નથી, તેમાં વિકાર કદી પ્રવેશ્યો નથી, વિકારને કદી ગ્રહણ કર્યો નથી, એટલે વિકારને છોડવાપણું પણ તેમાં નથી. જ્ઞાન વિકારના ત્યાગ-સ્વરૂપ જ છે (જ્ઞાન પ્રત્યાખ્યાન છે); પહેલી પર્યાયમાં રાગ હતો ને સ્વરૂપમાં લીન થતાં બીજી પર્યાયમાં રાગની ઉત્પત્તિ ન થઈ,-આવી પર્યાય-અપેક્ષાએ આત્માએ રાગને છોડયો એમ કહેવામાં આવે છે. સ્વભાવથી જોતાં જ્ઞાન-સ્વભાવી આત્માએ કદી વિકારને ગ્રહણ કર્યો નથી, અને આવા જ્ઞાનસ્વભાવને અવલંબીને જે પર્યાય પરિણમી તે પર્યાય પણ વિકારના ગ્રહણ વગરની જ છે. આ રીતે દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં વિકારના ગ્રહણથી રહિતપણું છે. આવા સ્વભાવવાળો આત્મા તે સાચો આત્મા છે, તે પરમાર્થ આત્મા છે; તે શુદ્ધ-નયનો આત્મા છે, ને તે સમ્યગ્દર્શનનો આત્મા છે.

રાગને જાણે એવો ગુણ આત્મામાં છે પણ રાગને ગ્રહણ કરે એવો ગુણ આત્મામાં નથી. એટલે આવા આત્મગુણને જાણનાર ધર્માત્મા રાગને જાણતાં રાગમાં તન્મય થતા નથી, પણ જુદા જ રહીને જ્ઞાનભાવે પરિણમે

છે. જ્ઞાન અને રાગની સંધિ તોડીને [illegible] આત્મ-સ્વભાવ! નિજસ્વભાવને તેણે કદી [illegible] પોતામાં કદી ગ્રહ્યા નથી. આવો જે જ્ઞાતાર સ્વભાવ [illegible] જ્ઞાની પોતાને અનુભવે છે.—

> નિજ ભાવને છોડે નહીં, પર [illegible] ગ્રહે.
> જાણે-જુએ જે સર્વ તે હું એમ જ્ઞાની ચિંતવે.
>
> (નિયમસાર)

'णमो अरिहंताणं' અરિહંત ભગવાને કર્મરૂપી અરિને હણ્યા—તેમને નમસ્કાર હો. ભગવાને કર્મોને ગ્રહ્યા હતા ને પછી છોડ્યા—એમ ઉપચારકથન છે; નિમિત્ત-નૈમિત્તિક સંબંધની એ વાત છે. ખરેખર પર્યાયમાં રાગ-દ્વેષ-મોહરૂપ શત્રુ હતા તેને હણીને ભગવાને વીતરાગતા ને સર્વજ્ઞતા પ્રગટ કરી;—અને એ પણ પર્યાયઅપેક્ષાએ છે; ત્રિકાળી સ્વભાવ-અપેક્ષાએ તો પરભાવનુંય ગ્રહણ-ત્યાગ કરવાપણું નથી. સ્વભાવમાં પરભાવનો તો અભાવ છે જ,—એટલે તેનો નવો ત્યાગ કરવાપણું રહેતું નથી. આવા સ્વભાવને અવલંબતાં પર્યાયમાંથી પણ પરભાવનો અભાવ થઈ જાય છે.—તે આ શક્તિના વિશ્વાસનું ફળ છે.

અનાદિઅનંત આત્માનો જ્ઞાનસ્વભાવ, તેમાં કદી પરવસ્તુ કે વિકારભાવો તન્મયરૂપ નથી એટલે તેના ગ્રહણ-ત્યાગનું કર્તાપણું જ્ઞાનસ્વભાવમાં નથી. કોઈ કહે કે- પરભાવના ગ્રહણનું કર્તાપણું નથી પણ પરભાવનો ત્યાગ તો કરે છે ને? તેનું સમાધાન:—ભાઈ, શું પરભાવો જ્ઞાનસ્વભાવમાં પ્રવેશ્યા છે? જો જ્ઞાનસ્વભાવમાં તે પ્રવેશ્યા જ નથી તો પછી તેનો ત્યાગ કરવાપણું ક્યાં રહ્યું? જેનું ગ્રહણ કર્યું હોય તેનો ત્યાગ કરે ને? અજ્ઞાનદશામાં 'રાગાદિ હું' એમ અભિપ્રાયમાં તેનું ગ્રહણ કર્યું હતું, હવે જ્ઞાનસ્વભાવને ઓળખતાં 'જ્ઞાન હું ને રાગ હું નહીં'—એવા અભિપ્રાયમાં રાગનું ગ્રહણ છૂટી ગયું. વસ્તુસ્વભાવમાં તો રાગાદિ હતાં જ નહીં, અજ્ઞાનીએ ઊંધો અભિપ્રાય કર્યો હતો તે જ્ઞાનદશામાં છૂટી ગયો, તે અપેક્ષાએ આત્માએ રાગદ્વેષને છોડ્યા કહેવાય છે.

પર્યાયમાં પહેલાં વિકાર હતો તે છૂટ્યો-પણ તે પર્યાય જેટલો જ કાંઈ આખો આત્મા નથી. પર્યાયમાં રાગ વખતેય ભૂતાર્થસ્વભાવ તો રાગ વગરનો

જ વિદ્યમાન હતો. અહા, અનંતી વીતરાગી શક્તિનો પિંડ આત્મા, એની કોઈ શક્તિમાં વિકાર નથી, એની કોઈ શક્તિને રાગ સ્પર્શ્યો નથી; અનાદિ-અનંત નિજસ્વભાવે જ્ઞાયકભાવપણે જ રહ્યો છે. આવા આત્માના અપાર વૈભવની શી વાત કરવી?—જેની એકેક શક્તિનું ને તેની એકેક પર્યાયનું બેહદ સામર્થ્ય છે; પોતાના સ્વભાવમાં જેને કાંઈ નવું ગ્રહવાનું નથી, ને જે છે તેમાંથી કાંઈ છોડવાનું નથી. આવા સામર્થ્યવાળો આત્મસ્વભાવ ક્યાંય બીજે નથી પણ અત્યારે પોતામાં જ (-પોતે જ સ્વયં) બિરાજી રહ્યો છે. આવા મહિમાવંત ભગવાન આત્માને પોતાના અંતરમાં ધ્યેય બનાવતાં પર્યાયમાં પણ રાગાદિ પરભાવોનું અકર્તૃત્વ થઈ જાય છે, ને એકલું જ્ઞાનપરિણમન રહે છે.—આનું નામ ધર્મ. એ જ્ઞાનપરિણમનની સાથે આનંદ વગેરે અનંત ગુણોનું નિર્મળ પરિણમન છે; એવો અનેકાન્તસ્વભાવ છે.

સર્વજ્ઞ ભગવાને પોતામાં ને પરમાં, દરેક આત્મામાં અનંત શક્તિઓ દેખી છે. તે શક્તિનો સ્વભાવ જેવો છે તેવો વ્યક્ત કરીને વર્ણવ્યો કે હે જીવ! તારી અનંત શક્તિઓ તારામાં છે, તેમાંથી દરેક શક્તિ પરિપૂર્ણ સામર્થ્યસહિત છે; તેમાં ક્યાંય પરને ગ્રહવા કે છોડવાપણું નથી. પરના ગ્રહણ-ત્યાગનો અભાવ કહેતાં શક્તિનું નિજસ્વરૂપે નિર્મળ પરિણમન રહ્યું. આ રીતે બધા ગુણોમાં ને તેમની નિર્મળ પર્યાયોમાં ગ્રહણ-ત્યાગરહિતપણું છે. પોતે પોતાના સ્વરૂપે રહે છે તેમાં કોઈ પરભાવને ગ્રહવા નથી ને પોતાના કોઈ નિજભાવને છોડવા નથી. આવું ગ્રહણ-ત્યાગરહિતપણું ઓળખે તો સ્વભાવ અને પરભાવનું ભેદજ્ઞાન થાય ને મોક્ષમાર્ગ પ્રગટે.

આત્માના સ્વભાવ-ગુણોમાં વિકલ્પનો ને પરનો અભાવ છે જ, પછી તેનો ત્યાગ કરવાનું ક્યાં રહ્યું? આવા સ્વભાવસન્મુખ જે પર્યાય થઈ તે પર્યાયમાં પણ રાગાદિનો અભાવ જ છે. તેમજ આત્માના શુદ્ધ ગુણ-પર્યાયોમાં રાગાદિનું ગ્રહણ નથી. આ રીતે શુદ્ધ આત્મા પરભાવના ગ્રહણ-ત્યાગ વિનાનો છે. આમ છતાં, હું રાગાદિને ગ્રહું ને છોડું-એમ જે રાગાદિનું કર્તૃત્વ માને છે તે ખરેખર રાગના અભાવસ્વરૂપ આત્મસ્વભાવને જાણતો નથી, પણ રાગાદિ અનાત્મભાવોને જ આત્મા માને છે. આત્માના ખરા સ્વરૂપની તેને ખબર નથી.

આત્મા કાંઈ આત્માને ગ્રહે? ને આત્મા શું આત્માને છોડે?

ના; પોતાનું જ ગ્રહણ કે પોતાનો ત્યાગ હોય નહીં.

અને, જે આત્માથી ભિન્ન પરવસ્તુ છે, આત્મામાં જે વસ્તુ નથી, તેને શું આત્મા પોતામાં ગ્રહે? કે તેને આત્મા છોડે?

-ના; જે વસ્તુ જુદી છે તેને પોતામાં ગ્રહી શકાય નહીં; અને જે વસ્તુ પોતાથી જુદી છે જ તેને છોડવાપણું ક્યાં રહ્યું? જેમ ઝવેરીની પારકી દુકાનમાં હીરા-માણેક પડ્યા હોય, ત્યાં રસ્તે જતો કોઈ માણસ એમ કહે કે 'હું આ હીરા-માણેકનો ત્યાગ કરું છું.'-તો એમ કહેનારને લોકો મૂરખ જ સમજે. ભાઈ, એ તે તારી માલીકીના હતા જ ક્યા—કે તું એને છોડવાનું કહે છે! તેમ પરદ્રવ્યને હું છોડું છું એમ અજ્ઞાની માને છે. પણ પરદ્રવ્ય તારા આત્મામાં હતા જ ક્યાં—કે તું એને છોડવાનું માને છે! પર્યાયમાં અજ્ઞાનથી રાગનું ગ્રહણ હતું, પણ કાંઈ સ્વભાવમાં તે રાગ પ્રવેશી ગયો ન હતો; સ્વભાવમાં તો રાગનો અભાવ જ હતો. આવા સ્વભાવરૂપ આત્માને ઓળખે તો આત્માને ઓળખ્યો કહેવાય; ને ત્યારે જ આત્માની દિવ્યશક્તિઓ પર્યાયમાં ખીલે, એટલે કે પ્રગટ થાય.

અહો, સિદ્ધ ભગવાન જેવો આ આત્માનો વૈભવ છે, તે દેખાડીને સન્તો કહે છે કે હે જીવ! સ્વભાવની મૂર્તિ આત્મા એવો ને એવો છે; તું બીજી રીતે માન તેથી કાંઈ સ્વભાવ બદલી ન જાય. કિંમતી રત્નને કોઈ પથરો માની લ્યે તેથી કાંઈ તે રત્નની ચમક ચાલી ન જાય. તેમ અજ્ઞાની આત્માને રાગના કર્તૃત્વ જેટલો જ માને તેથી કાંઈ આત્માનો સ્વભાવ તેવો ન થઈ જાય. આત્માના ગુણ-સ્વભાવમાં જેમ પરનું કે વિકારનું ગ્રહણ-ત્યાગ નથી, તેમ તે સ્વભાવને ઝીલતી જે પરિણતિ પ્રગટી તે પરિણતિમાં પણ પરનું કે વિકારનું ગ્રહણ-ત્યાગ નથી. આવા સ્વભાવને સ્વીકારતાં એટલે કે શ્રદ્ધામાં-જ્ઞાનમાં લઈને તેની સન્મુખ થતાં પર્યાયમાં તે પ્રસિદ્ધ થાય છે. જોકે તે પર્યાયમાં રાગનો અભાવ તો છે, પણ તે પર્યાયમાં 'આ રાગને છોડું' એવું રહ્યું નથી. રાગ સાથે તેને સંબંધ જ નથી રહ્યો એટલે તેનું ગ્રહણ કે ત્યાગ બેમાંથી એકેયનું કર્તૃત્વ રહ્યું નથી.

અજ્ઞાનીને તો રાગ વખતે એ રાગના કર્તૃત્વ જેટલો જ આત્મા અનુભવાય છે, એટલે રાગ વખતે જાણે શુદ્ધ સ્વભાવ છૂટી ગયો હોય-એમ એને લાગે છે, એટલે સાચું તત્ત્વ તેની શ્રદ્ધામાં આવતું નથી; 'અભૂતાર્થ'ભાવને

જ આત્મા માનીને તે શ્રદ્ધે છે, એટલે તેની શ્રદ્ધા મિથ્યા છે. જ્ઞાની સમજાવે છે કે ભાઈ, રાગ વખતેય તારો ભૂતાર્થસ્વભાવ એવો ને એવો વિદ્યમાન છે, સ્વભાવનો ત્યાગ કદી થાય નહીં; માટે જો ભૂતાર્થદૃષ્ટિથી દેખ તો તારો આત્મા શુદ્ધસ્વભાવરૂપે તને અનુભવાશે. આવી ભૂતાર્થદૃષ્ટિ વડે જ સાચી તત્ત્વશ્રદ્ધા થાય છે...ને આત્માનો વૈભવ દેખાય છે.

દેખો, આ ભગવાને જોયેલો આત્માનો વૈભવ! આત્મામાં અનંત શક્તિ હોવા છતાં તેનું કાર્ય પોતામાં જ છે; પોતાથી બહાર પરમાં એક રજકણ માત્રને પણ તે ગ્રહી કે છોડી શકતો નથી. ને જે પોતાની નિજશક્તિ છે તેને પણ તે કદી છોડતો નથી. આવી આત્મશક્તિને જાણનાર ધર્માત્મા દેહની શક્તિને પોતાની માનતા નથી. શ્રીકૃષ્ણમહારાજાની સભામાં એકવાર ચર્ચા ચાલી કે આ સભામાં સૌથી બળવાન કોણ? તીર્થંકર નેમકુમાર પણ ત્યાં રાજસભામાં બિરાજતા હતા. કોઈએ ભીમનું નામ આપ્યું, કોઈએ અર્જુનનું, કોઈએ બળદેવનું, કોઈએ શ્રીકૃષ્ણવાસુદેવનુ, કોઈએ યુધિસ્થિરનું-એમ જુદાજુદા નામ આપ્યા. ત્યારે બળભદ્ર કહે છે કે એ બધા ભલે બળવાન હોય, પણ તીર્થંકર એવા આ નેમકુમારના બળની તોલે કોઈ ન આવે, એ જ સૌથી મહા બળવાન છે. શ્રીકૃષ્ણ અને નેમિનાથ બંને પિતરાઈ ભાઈ હતા. નેમકુમારના બળની વાત શ્રીકૃષ્ણને ન બેઠી, ને બળની પરિક્ષા કરવા તૈયાર થયા. ત્યારે નેમકુમારને પણ શરીરબળની ખાતરી કરાવવાનો જરા વિકલ્પ આવી ગયો. પણ તે વખતેય એ ભગવાન જાણતા હતા કે આ દેહ કે આ વિકલ્પ-તેમાં હું નહીં, શરીરની શક્તિ તે મારી નહીં, મારી આત્મશક્તિનું કાર્ય શરીરમાં ન આવે. જ્ઞાન-આનંદાદિ અનંતશક્તિ તે જ મારી નિજશક્તિ છે. જેમાંથી કેવળજ્ઞાન ને પરમ આનંદ પ્રગટે એવી અપાર શક્તિવાળો હું છું. આવી આત્મશક્તિની પ્રતીત તે સમ્યગ્દૃષ્ટિનું કાર્ય છે. ધર્મી જાણે છે કે બહારનાં કાર્યો સ્વપ્નેય અમારાં નહીં. જડના અમે જાણનારા, પણ તેના ગ્રહનારા કે ફેરવનારા અમે નહીં. વિકલ્પ એ પણ અમારી ચૈતન્યશક્તિનું કાર્ય નથી. અમારી ચૈતન્યશક્તિનું કોઈ અચિંત્ય સામર્થ્ય છે ને તેનું કાર્ય અમારા અંતરમાં જ સમાય છે.

આત્માની અનંત શક્તિઓ આત્મામાં છે, જડની અનંત શક્તિઓ જડમાં છે. બંનેની શક્તિ પોતપોતામાં જ કાર્ય કરે છે. ચિદાનંદભગવાન

આત્મા તેનામાંય અનંત શક્તિ, ને અચેત-જડ પરમાણુ તેનામાંય અનંત શક્તિ; ક્ષેત્રથી જેની અનંત વિશાળતા છે એવા આકાશમાંય અનંત શક્તિ, ને એક સૂક્ષ્મ ઝીણા રજકણમાંય અનંત શક્તિ.-ક્યાં અનંત આકાશ ને ક્યાં એક પરમાણુ!-છતાં અનંતશક્તિ બંનેમાં સરખી.-એ જ રીતે, ક્યાં ચૈતન્યમૂર્તિ પરમાત્મા, ને ક્યાં અચેતન પરમાણુ-છતાં બંને પોતપોતાની અનંત શક્તિથી પરિપૂર્ણ છે. એવો જ કોઈ અચિંત્ય વસ્તુસ્વભાવ છે. વસ્તુનો સ્વભાવ બીજા કોઈની અપેક્ષા રાખતો નથી; કોઈ સંયોગથી તે ડગે નહીં; વસ્તુના સ્વભાવને કોઈ હલાવી શકે નહીં.

નિજવૈભવના રસમાં ઠરેલો...જામેલો જ્ઞાયકબિંબ ભગવાન આત્મા, શાંત-આનંદરસમાં તરબોળ, તેમાં જગતની કોઈ ઉપાધિ કેવી?-ચિન્તા કેવી? પરના ગ્રહણ-ત્યાગ કેવા? એ તો નિજરસમાં મગ્ન છે. પર તો એનામાં નથી ને 'પરને છોડું' એવો વિકલ્પ પણ એનામાં નથી. પરવસ્તુ આત્મામાં છે જ ક્યાં—કે તેને છોડવી પડે! ને પરવસ્તુ આત્મામાં કદી પ્રવેશી શકતી નથી-કે જેથી આત્મા તેનું ગ્રહણ કરે! આ રીતે આત્માનો સ્વભાવ પરના ગ્રહણ-ત્યાગથી રહિત છે. આવા સ્વભાવને દૃષ્ટિમાં લેતાં પર સાથે એકત્વબુદ્ધિ છૂટી ગઈ ને સ્વભાવની સન્મુખતાથી આનંદનું વેદન થયું.-આવો આત્માનો વૈભવ છે.

શુદ્ધ દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ ચૈતન્યભગવાનના વૈભવમાં ભાવકર્મ-નોકર્મ કે દ્રવ્યકર્મનું ગ્રહણ નથી, ને તેનો ત્યાગ કરવાપણું પણ સ્વભાવમાં નથી. કેમકે સ્વભાવમાં તે હોય તો છોડે ને! ગ્રહણ-ત્યાગના વિકલ્પનો આત્માના સ્વભાવમાં અભાવ છે, એટલે તે વિકલ્પનું કર્તૃત્વ આત્મામાં નથી.-આવા આત્માને જાણે તેણે અત્માને જાણ્યો કહેવાય. આત્મા ત્યાગ-ગ્રહણથી રહિત છે; જો તે પોતાના સ્વરૂપમાંથી કાંઈ છોડે તો તે 'ન્યૂન' થઈ જાય; ને જો પોતાના સ્વરૂપમાં અન્ય કાંઈ ગ્રહણ કરે તો તે 'અધિક' થઈ જાય;-પણ આત્મા તો ન્યૂનાધિકતા રહિત પોતાના નિજસ્વરૂપમાં જ સદાય અવસ્થિત છે.-એવી તેની ત્યાગોપાદાનશૂન્યત્વ શક્તિ છે.

સોળમી ત્યાગોપાદાનશૂન્યત્વ શક્તિનું વિવેચન પૂર્ણ થયું.



[१७]

અગુરુલઘુત્વ શક્તિ

[पट्स्थानपतितवृद्धिहानिपरिणतस्वरूपप्रतिष्ठत्वकारणविशिष्टगुणात्मिका अगुरुलघुत्व शक्तिः]



આત્માની શોભાને ભૂલીને, પરથી પોતાની શોભા માનીને જીવ સંસારમાં રખડી રહ્યો છે આચાર્યદેવ કહે છે કે ભાઈ, આ રખડવાનુ તને નથી શોભતું. તારી શોભા તો અનંત ગુણસમ્પન્ન તારા સ્વરૂપથી જ છે, તારા આત્મવૈભવથી જ તારી શોભા છે. રત્નત્રયરૂપ આભૂષણવડે આત્માની શોભા છે. અહા, આત્મા પોતે પરમાત્મા થઈ જાય—એના જેવી શોભા કઈ?

અનંતધર્મોવાળા જ્ઞાનસ્વરૂપ આત્મામાં અગુરુલઘુત્વ નામનો કોઈ સૂક્ષ્મ સ્વભાવ છે. આ સ્વભાવના સામર્થ્યને લીધે આત્મા છ પ્રકારની વૃદ્ધિ-હાનિરૂપ પરિણમે છે, તથા પોતાના નિજસ્વરૂપમાં પ્રતિષ્ઠિત રહે છે. પોતાના સ્વરૂપની મર્યાદા છોડીને તે ગુરુ કે લઘુ થઈ જતો નથી એવો અગુરુલઘુસ્વભાવ આત્મામાં છે. અગુરુલઘુસ્વભાવનું વિશેષ સ્વરૂપ કેવળીગમ્ય છે. પણ આત્મામાં એવો કોઈ સૂક્ષ્મ-અચિંત્ય સ્વભાવ છે-એમ લક્ષગત કરીને તેનો મહિમા લાવવો. સાધકને એનું જુદું સ્વરૂપ ભલે લક્ષમાં ન આવે છતાં પણ તે ગુણ અંતરમાં પોતાનું કાર્ય તો કરી જ રહ્યો છે. આત્માના સ્વસંવેદનમાં એ અગુરુલઘુત્વશક્તિ પણ ભેગી જ સમાયેલી છે: કાંઈ સ્વસંવેદનથી તે બહાર નથી રહેતી.

જેમ સાકરમાં મીઠાસ વગેરે સ્વભાવ છે તેમ આત્મામાં જ્ઞાન, આનંદ વગેરે અનંત સ્વભાવો છે; તેમાં જ્ઞાન ને આનંદની જેમ અગુરુલઘુત્વ પણ એક સ્વભાવ છે. આત્માના વિશિષ્ટ ગુણરૂપ આ એક ખાસ શક્તિ છે કે જેના કારણે ષટ્‌વિધ વૃદ્ધિહાનિરૂપે પરિણમવા છતાં આત્મા પોતાના સ્વરૂપમાં જ પ્રતિષ્ઠિત રહે છે. પરિણમનમાં કોઈ પ્રકારની વૃદ્ધિ-હાનિ થવા છતાં, તે ગુરુ કે લઘુ થઈને સ્વરૂપથી ચ્યૂત થઈ જતો નથી.

૧. અનંતગુણ વૃદ્ધિ	૧. અનંતભાગ હાનિ
૨. અસંખ્યગુણ વૃદ્ધિ	૨. અસંખ્યભાગહાનિ
૩. સંખ્યાતગુણ વૃદ્ધિ	૩. સંખ્યાતભાગહાનિ
૪. સંખ્યાતભાગવૃદ્ધિ	૪. સંખ્યાતગુણહાનિ
૫. અસંખ્યભાગવૃદ્ધિ	૫. અસંખ્યગુણહાનિ
૬. અનંત ભાગ વૃદ્ધિ	૬. અનંતગુણ હાનિ

—એમ છ પ્રકારે વૃદ્ધિ તથા છ પ્રકારે હાનિ છે, તે-રૂપે અગુરુલઘુ-સ્વભાવનું કોઈ સૂક્ષ્મ પરિણમન થાય છે, તે કેવળીગમ્ય છે. આ અગુરુલઘુ-ગુણ આત્માને સ્વરૂપમાં પ્રતિષ્ઠિત રાખે છે; સ્વરૂપમાં પ્રતિષ્ઠા એ જ આત્માની શોભા છે. બહારની પ્રતિષ્ઠાવડે આત્માની શોભા નથી, પોતે પોતાના સ્વરૂપમાં સ્થિર રહે એવી સ્વરૂપ-પ્રતિષ્ઠાવડે આત્માની શોભા છે. પોતાના આત્માની શોભાને ભૂલીને, પરથી પોતાની શોભા માનીને જીવ સંસારમાં રખડી રહ્યો છે. ભાઈ, એ રખડવાનું તને નથી શોભતું; આચાર્યદેવ તને તારી

સાચી શોભા બતાવે છે. તારી શોભા તો અનંત ગુણસંપન્ન તારા સ્વરૂપથી છે, તારા આત્મવૈભવથી તારી શોભા છે. રૂપાળા શરીરથી કે બહારના વૈભવથી તારા આત્માની શોભા નથી. અરે, જીવ સંસારમાં રખડયો-એવી બંધનની વાત કરવી તેમાં પણ તારી શોભા નથી; તારો આત્મા પરથી ભિન્ન પોતાના એકત્વસ્વરૂપમાં પ્રતિષ્ઠિત છે-તેમાં જ તારી ત્રિકાળી શોભા છે, અને તેમાં એકાગ્રતાથી પર્યાયમાં રત્નત્રયરૂપ શોભા પ્રગટે છે. બહારના ઠાઠમાઠથી કે પુણ્યથી પણ આત્માની શોભા માનવી-તે ખરી શોભા નથી પણ કલંક છે. પોતાના અગુરુલઘુધર્મવડે સ્વરૂપમાં પ્રતિષ્ઠાથી આત્મા સદા શોભી રહ્યો છે. સ્વયં શોભાયમાન આત્માની કોઈ બીજા વડે શોભા નથી. આત્મા પોતે પરમાત્મા થઈ જાય એના જેવી શોભા કઈ? અને એવી પરમાત્મદશા અનંત કાળ જેમાંથી નીકળ્યા કરે-એવા દ્રવ્યસ્વભાવની શોભાની શી વાત! દ્રવ્યની મોટી શોભા ત્રિકાળ છે ને તેના આધારે પર્યાય પણ શોભી ઊઠે છે. આત્માની આવી શોભાને જે સમજે તેનું વલણ અંતરસ્વભાવ તરફ વળી જાય; પરથી તે પોતાની શોભા માને નહીં એટલે તેની દૃષ્ટિમાં પર પ્રત્યે વીતરાગભાવ થઈ જાય.-એનું નામ ધર્મ છે.

'અગુરુલઘુત્વ'નો એક એવો પણ અર્થ છે કે દ્રવ્ય-ગુણ પોતાના નિજસ્વરૂપે રહે; એક દ્રવ્ય પલટીને અન્ય દ્રવ્યરૂપ ન થઈ જાય, કે દ્રવ્યનો કોઈ ગુણ પલટીને અન્ય ગુણરૂપ ન થઈ જાય. આત્મા પલટીને કદી જડ ન થઈ જાય; જ્ઞાનગુણ પલટીને કદી દર્શનાદિ ન થઈ જાય. 'જડ તે જડ ત્રણ-કાળમાં, ચેતન ચેતન હોય.' કોઈ દ્રવ્ય પોતાના સ્વભાવને કદી છોડે નહિ. તેમજ આત્માના જ્ઞાનનું પરિણમન ઘટી ઘટીને કોઈવાર જ્ઞાનનો સર્વથા અભાવ થઈ જાય ને આત્મા જડ થઈ જાય-એમ કદી ન બને, તથા જ્ઞાનપરિણમન વધતાં વધતાં કેવળજ્ઞાન થયા પછી પણ વધ્યા જ કરે-એમ પણ ન બને, એવી જ ગુણની મર્યાદા છે. (કેવળજ્ઞાન-પરિણમનમાં ષટ્ગુણ વૃદ્ધિનો કોઈ પ્રકાર હોય તે જુદી વાત છે, એનું સૂક્ષ્મ સ્વરૂપ કેવળીગમ્ય છે.)

આત્મામાં જેટલા અનંતા ગુણો છે તેટલા જ સદાકાળ રહે છે, તેમાંથી એકપણ ગુણ કદી ઘટતો કે વધતો નથી. પર્યાયમાં હીનતા-અધિકતા થવા છતાં ત્રિકાળી દ્રવ્ય-ગુણ ઘટતા-વધતા નથી, એ તો સ્વરૂપમાં એવા ને એવા સ્થિર રહે છે. અધૂરી અવસ્થા વખતે ગુણમાંથી કાંઈ ઘટી ગયું, ને પૂરી અવસ્થા થતાં ગુણમાં કાંઈ વધી ગયું-એમ નથી. અથવા, પર્યાયમાં જ્યારે ઓછી

શુદ્ધતા પ્રગટ હતી ત્યારે ગુણમાં શક્તિરૂપે વધારે હતું, ને પર્યાયમાં વિશેષ શુદ્ધતા પ્રગટી ત્યારે ગુણની શક્તિમાંથી ઓછું ઓછું થયું–એમ નથી. વસ્તુનો સ્વભાવ જ કોઈ અચિંત્ય છે. એકરૂપ સ્વરૂપમાં પ્રતિષ્ઠિત ભગવાન આત્મા ત્રિકાળ મહિમાવંતપણે શોભી રહ્યો છે. આવા શોભતા સ્વભાવને દૃષ્ટિમાં લેતાં પર્યાયમાં વીતરાગી શોભા પ્રગટી જાય છે. પણ તે પર્યાય ઉપર દૃષ્ટિ નથી કેમકે તે પર્યાય પોતે અંતરમાં એકાગ્ર થઈને ત્રિકાળી દ્રવ્યની શોભામાં સમાઈ ગઈ છે.

જુઓ, આ અગુરુલઘુધર્મે આત્માની નિજસ્વરૂપમાં પ્રતિષ્ઠા કરી છે. જેમ જિનબિંબ-પ્રતિષ્ઠા નવી થાય છે ને અનાદિના જિનબિંબ પણ જગતમાં છે; તેમ ભગવાન આત્મા ચૈતન્ય-જિનબિંબ અનાદિથી પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત છે, અને તેના શ્રદ્ધા-જ્ઞાન વડે પર્યાયમાં નવી પ્રતિષ્ઠા (એટલે કે નિર્મળતારૂપી શોભા) પ્રગટે છે. સાધકદશા હો કે સિદ્ધદશા હો, ગમે તે દશા વખતે પણ જો સ્વભાવદૃષ્ટિથી જુઓ તો આત્મા નિજસ્વરૂપમાં જ રહેલો છે. પોતાના અનંત ગુણોના સ્વરૂપમાં સ્થાયી રહેવારૂપ સ્વરૂપ-પ્રતિષ્ઠા અનાદિ-અનંત છે; સદાય સ્વરૂપમાં પ્રતિષ્ઠારૂપ આત્માનો અગુરુલઘુસ્વભાવ છે.

જુઓ, જગતમાં અનંતા સિદ્ધ જીવો છે; ને એના કરતાં અનંતગુણા નિગોદ જીવો છે. હવે દર છ મહિના ને આઠ સમયે છસો આઠ જીવો સિદ્ધ થાય છે એટલે એટલા જીવો સિદ્ધમાં વધતા જાય છે, ને નિત્યનિગોદમાંથી એટલા ઓછા થતા જાય છે.–આ પ્રમાણે અનાદિકાળથી બની રહ્યું છે ને અનંતકાળ સુધી બન્યા કરશે...છતાં સિદ્ધની સંખ્યા કદી પણ નિગોદ કરતાં વધી નહિ જાય, ને નિગોદ કદી સિદ્ધ કરતાં ઘટી નહીં જાય; જ્યારે જુઓ ત્યારે સિદ્ધ કરતાં નિગોદ અનંતગુણા જ રહેવાના.—

વધે ન સિદ્ધ અનંતતા, ઘટે ન રાશ નિગોદ,
જૈસે કે તૈસે રહે, યહ જિનવચન વિનોદ.

કોઈ અગમ્ય વસ્તુસ્વભાવ છે, તે તર્કનો વિષય નથી, આત્માની શક્તિમાંથી સાદિ–અનંતકાળ સુધી કેવળજ્ઞાન પરિણમ્યા જ કરે છતાં સ્વભાવની શક્તિ જરાય ઘટતી નથી. એવા ને એવા પરિપૂર્ણ સ્વભાવમાં આત્મા અવસ્થિત રહે છે. આત્માનો સ્વભાવ ગુરુ કે લઘુ થઈ જાય એવો એનો સ્વભાવ નથી. જે સ્વભાવ છે તે કદી વધે નહિ, કદી ઘટે નહિ. –'जैसे के तैसे रहे' જેવો અનંત સ્વભાવ છે તેવા સ્વભાવપણે સદા આત્મા ટકી રહ્યો છે. ૭

પ્રકારની વૃદ્ધિ-હાનિ છે તેવી વૃદ્ધિ-હાનિરૂપે પરિણમન થવા છતાં આત્મા પોતાના સ્વરૂપને કદી છોડતો નથી, ને તેનો સ્વભાવ વધ-ઘટરૂપ થઈ જતો નથી. આવો 'અગુરુલઘુસ્વભાવ' કોઈ અચિંત્ય સૂક્ષ્મ, આગમગમ્ય એટલે કે સર્વજ્ઞગમ્ય છે; જોકે છએ દ્રવ્યોમાં અગુરુલઘુસ્વભાવ છે પણ અહીં આત્માની વાત છે. આત્મા સદા નિજસ્વરૂપમાં પ્રતિષ્ઠિત છે, સદા એવા ને એવા નિજસ્વરૂપમાં રહ્યો છે. સ્વરૂપ ઘટે નહિ, વધે નહિ, સ્વરૂપનો કોઈ અંશ કદી છૂટે નહિ, ને નવું કાંઈ તેમાં આવે નહિ, આવું અગુરુલઘુપણું આત્મામાં છે. આત્માના બધા ગુણોમાં પણ અગુરુલઘુપણું છે; જ્ઞાન સદા જ્ઞાનમાં, આનંદ સદા આનંદસ્વરૂપમાં, એમ બધા ગુણો નિજસ્વરૂપમાં રહેલા શોભે છે.

શરીરનું ભારે-હળવાપણું તો આત્મામાં કદી છે જ નહિ, કેમકે અરૂપીને વજન શું? અને નિજસ્વરૂપમાં વધવા-ઘટવારૂપ ગુરુ-લઘુપણું પણ આત્મામાં નથી, એવું અરૂપી-અગુરુલઘુત્વ આત્મામાં છે. આ તો અગુરુલઘુની સામાન્ય વ્યાખ્યા કરી છે; બાકી આ અગુરુલઘુસ્વભાવનું સૂક્ષ્મસ્વરૂપ તો સર્વજ્ઞગમ્ય છે.

ગુણ-પર્યાયો અનંત છે, તે પ્રત્યેક ગુણ-પર્યાય આખા દ્રવ્યને નિજ-સ્વરૂપમાં ટકવાનું-રહેવાનું કારણ છે. એક પણ ગુણ-પર્યાયનો નાશ થતાં દ્રવ્યનું નિજસ્વરૂપ જ ન રહે. આમ અનંત ગુણ-પર્યાયરૂપ પોતાના નિજ-સ્વરૂપમાં આત્માને સદાય પ્રતિષ્ઠિત રાખે એવી એની અગુરુલઘુત્વશક્તિ છે. આવા આત્મસ્વભાવને લક્ષગત કરતાં ને સ્વાનુભવગમ્ય કરતાં વીતરાગતા થાય છે; ને વીતરાગપણું તે સર્વે શાસ્ત્રોનો સાર છે.

ભાઈ, તારો આત્મા સ્વઘરને એટલે કે પોતાના સ્વરૂપને છોડીને ક્યાંય બહાર જતો નથી, આવા તારા સ્વઘરના વૈભવને તું દેખ. પોતાની અનંત સંપત્તિ-કે જે આત્માથી કદી જુદી ન પડે, તે જ આત્માની ખરી સંપત્તિ છે, તે જ આત્માનો ખરો વૈભવ છે અને તેનાથી જ આત્માની મહત્તા છે. એ સિવાય ચક્રવર્તીનો વૈભવ કે ઈન્દ્રપદની વિભૂતિ તેના વડે આત્માની કાંઈ મહત્તા નથી. પોતાના અનંતગુણનું નિધાન અંદર ભર્યું છે તેને અજ્ઞાની દેખતો નથી; જો તે નિધાનને દેખે તો પરનું પુણ્યનું કે જાણપણાનું અભિમાન છૂટી જાય ને અનાદિકાળની દીનતાનો અંત આવીને સિદ્ધપદનાં નિધાન પ્રગટે. માટે પોતાની ત્રિકાળી શક્તિની શોભાનો મહિમા કરીને તેનાં અંતર્મુખ થવું

તે જ સમ્યગ્દર્શનનો ને સિદ્ધપદનો ઉપાય [illegible] મહિમાની શી વાત!—કે જેના આશ્રયે [illegible]

કેવળજ્ઞાન થયા પછી એવી ને એવી પૂર્ણ પર્યાય નવી નવી દરેક સમયે સદાય થયા કરે છે. કેવળજ્ઞાનની એક પર્યાય કરતાં બીજી પર્યાયમાં જાણવાનું સામર્થ્ય અધિક કે ઓછું થતું નથી. સામર્થ્ય એટલું ને એટલું રહે છે. છતાં તેમાં પણ ષટ્ગુણવૃદ્ધિ–હાનિરૂપ અગુરુલઘુગુણનું સૂક્ષ્મ પરિણમન તો સમયે સમયે થયા જ કરે છે. એવો કોઈ અચિંત્ય સ્વભાવ છે, તે કેવળીગમ્ય છે.

જુઓ, આ કેવળજ્ઞાનની ને વસ્તુસ્વભાવની ગંભીરતા! છદ્મસ્થના જ્ઞાનમાં જો બધું જ જણાઈ જાય તો પછી કેવળજ્ઞાનની વિશેષતા ક્યાં રહી? કેવળજ્ઞાનમાં જેટલું જણાય તે બધુંય છદ્મસ્થ ન જાણી શકે, પરંતુ પોતાના આત્મહિતને માટે પ્રયોજનભૂત જે હોય તેને તો સમ્યગ્જ્ઞાની છદ્મસ્થ પણ બરાબર નિઃસંદેહપણે જાણી શકે છે ને પૂર્ણસ્વભાવને પ્રત્યક્ષ કરે છે.

અગુરુલઘુત્વશક્તિનું વર્ણન પૂરું થયું. (૧૭)



‘આત્મવૈભવ’ અને ‘આત્મપ્રસિદ્ધિ’

આ આત્મશક્તિઓ ઉપરના અગાઉના પ્રવચનો ‘આત્મપ્રસિદ્ધિ’ પુસ્તકરૂપે પ્રગટ થયા છે, આ ‘આત્મવભવ’ અને તે ‘આત્મપ્રસિદ્ધિ’ –એ બંને એકબીજાના પૂરક છે; બંને પુસ્તકોમા પોતપોતાની વિશેષતા છે. તેથી આ ‘આત્મવૈભવ’માં દરેક શક્તિના વાંચન વખતે, સાથેસાથે ‘આત્મપ્રસિદ્ધિ’માંથી પણ તે શક્તિનું વાચન કરવાથી દરેક શક્તિના ભાવોની વધુ સ્પષ્ટતા થશે ‘આત્મવૈભવ’ અને ‘આત્મપ્રસિદ્ધિ’ એ બને એકબીજાના ભાઈ-બહેન જેવા છે.

[૧૮]

ઉત્પાદ-વ્યય-ધ્રુવત્વ શક્તિ

[क्रमाक्रमवृत्तवृत्तित्वलक्षणा उत्पादव्ययध्रुवत्वशक्तिः]



વાણીમાં કે વિકલ્પમા એવી તાકાત નથી કે અનંત શક્તિરૂપ આત્મસ્વભાવને પ્રતીતમાં કે લક્ષમા લઈ શકે. એ તો સ્વસન્મુખ જ્ઞાનનું જ કામ છે, તે જ્ઞાનમા જ આત્મસ્વભાવને લક્ષગત કરવાની ને અનુભવમા લેવાની તાકાત છે.–આ રીતે આત્મા સ્વાનુભૂતિગમ્ય છે



જ્ઞાનસ્વરૂપ આત્મામાં અનંત શક્તિઓમાંની એક એવી ઉત્પાદ-વ્યય-ધ્રુવત્વ શક્તિ છે કે જેથી આત્મા ક્રમ તેમજ અક્રમ વર્તનરૂપે વર્તે છે. ઉત્પાદ-વ્યય તે ક્રમવર્તીપણું સૂચવે છે ને ધ્રુવતા તે અક્રમવર્તીપણું સૂચવે છે. આ રીતે ક્રમવર્તીપણું તેમજ અક્રમવર્તીપણું એ બંને આત્માનો સ્વભાવ જ છે. આમાં અક્રમપણું કહ્યું તે ગુણની અપેક્ષાએ છે, પણ બધી પર્યાય અક્રમે થાય છે એવો એનો અર્થ નથી; પર્યાય અપેક્ષાએ તો ક્રમવર્તીપણું જ છે કેમકે પર્યાયો પ્રતિસમય ઉત્પાદ-વ્યયરૂપ છે.

આત્મવસ્તુમાં અનંત શક્તિ છે. તેના કહેવામાં ક્રમ છે પણ રહેવામાં ક્રમ નથી; બધી શક્તિઓ અક્રમે એકસાથે આત્મામાં રહેલી છે. આત્માનો સ્વભાવ એવો મહાન છે કે એક સમયમાં પોતાની અનંતશક્તિમાં ને નિરંતર રહેલો છે. અનંતશક્તિનું કથન શબ્દોમાં ન આવી શકે કેમકે શબ્દો જ અનંત નથી; ને એકેક કરીને કહેવા જાય તો અનંતશક્તિનું વર્ણન અનંતકાળેય પૂરું ન થાય. સર્વાર્થસિદ્ધિના બધાય દેવો સમ્યગ્દૃષ્ટિ છે, અસંખ્ય વર્ષના આયુવાળા છે, તે બધાય દેવો ભેગા થઈને ૩૩ સાગરોપમ સુધી કથન કરે તોપણ આત્માની અનંતશક્તિઓમાંથી અનંતમા ભાગની શક્તિઓ પણ ન કહી શકે. બેહદ શક્તિનો પિંડ આત્મા વચનાતીત ને વિકલ્પાતીત છે, વિકલ્પમાંય એવી તાકાત નથી કે અનંતશક્તિરૂપ આત્મસ્વભાવને લક્ષમાં કે પ્રતીતમાં લઈ શકે. એ તો સ્વસન્મુખ જ્ઞાનનું જ કામ છે; તે જ્ઞાનમાં જ આત્મસ્વભાવને લક્ષગત કરવાની ને અનુભવમાં લેવાની તાકાત છે. જ્ઞાનમાત્રમાં સ્થાપેલી અચલિત દૃષ્ટિ વડે જ તે અનુભવમાં આવે છે. એ સિવાય રાગદૃષ્ટિ વડે તે કદી અનુભવમાં આવતો નથી.

આત્મા ગુણ-પર્યાયસ્વરૂપ એક વસ્તુ; તે ગુણઅપેક્ષાએ અક્રમ ધ્રુવ રહે, ને પર્યાયઅપેક્ષાએ ક્રમે વર્તે એટલે કે ઉત્પાદ-વ્યય થયા કરે. આવી ઉત્પાદ-વ્યય-ધ્રુવતા તે એનો પોતાનો સ્વાધીન સ્વભાવ છે, એટલે બીજા વડે તે ઉત્પાદાદિ થતા નથી. જો ઉત્પાદ બીજા વડે થાય તો ઉત્પાદ-વ્યય-ધ્રુવત્વ-શક્તિએ શું કર્યું?—તે તો નકામી જ થઈ ગઈ!—પણ એમ નથી. આત્મા પોતાની ઉત્પાદ-વ્યય-ધ્રુવત્વશક્તિ વડે જ ક્રમ-અક્રમરૂપ વર્તે છે.

આત્મા કેવડો? કે ક્રમે વર્તતા ઉત્પાદ-વ્યય, ને અક્રમરૂપ ધ્રુવતા, એવા ઉત્પાદ-વ્યય-ધ્રુવ જેવડો આત્મા છે. આત્મામાં ક્રમે પ્રવર્તતી પર્યાયોને ન

માને તો તેણે આત્માને જાણ્યો નથી. અને અક્રમે રહેલા ગુણોને ન માને તો તેણે પણ આત્માને જાણ્યો નથી. એક શક્તિના વર્ણનમાં તો કેટલું રહસ્ય આવી જાય છે! આ ઉત્પાદ-વ્યય-ધ્રુવમાં જે ગુણ-પર્યાયોનો સમુદાય છે તેમાં વિકાર ન લેવો પણ નિર્મળ ગુણ-પર્યાયો જ લેવા, કેમકે અહીં તો પોતાના સ્વાનુભવમાં જે જ્ઞાનમાત્ર આત્મા પ્રસિદ્ધ થયો તેના ગુણ-પર્યાયોની વાત છે એટલે તેમાં અશુદ્ધતા ન આવે. 'જ્ઞાનમાત્ર ભાવ'ની સાથે તો અનંત ગુણોની શુદ્ધતા જ ઉલ્લસે છે, 'જ્ઞાનમાત્ર ભાવ'ની સાથે કાંઈ અશુદ્ધતા નથી ઉલ્લસતી; એ તો જ્ઞાનથી જુદી બહાર રહી જાય છે. જ્ઞાનભાવે પરિણમતો એટલે કે નિર્મળ પર્યાયસહિતનો આત્મા કેવો છે તેનું આ વર્ણન છે. સાધકભાવરૂપે પરિણમેલો આત્મા કેવો છે અને તેનું નિર્મળ સાધ્ય કેવું છે તે અહીં બતાવ્યું છે. આત્મદ્રવ્યમાં,[1] અસંખ્યપ્રદેશે,[2] એક સમયમાં[3] અનંત ગુણની નિર્મળ પર્યાયો[4] ભેગી વર્તે છે, એટલે દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ ચારે આમાં આવ્યા, પણ એમાં ક્યાંય વિકાર ન આવ્યો.

સાધકને નિર્મળપર્યાય સાથે તે વખતે જે રાગાદિ હોય તે રાગાદિને આત્મા નથી કહેતા, નિર્મળ ગુણ–પર્યાયોને જ આત્મા કહીએ છીએ. 'જ્ઞાનમાત્ર' આત્મા કહેતાં તે લક્ષણથી રાગ લક્ષિત નથી થતો પણ નિર્મળ ગુણ–પર્યાયો જ લક્ષિત થાય છે. જ્ઞાનલક્ષણ નિર્મળ ગુણપર્યાયવાળા આત્માને પ્રસિદ્ધ કરે છે, રાગને નહીં. જ્ઞાનલક્ષણથી આત્માને લક્ષિત કરીને અનુભવ કરતાં તેમાં રાગનો અનુભવ ભેગો નથી આવતો. તે રાગ તો શુદ્ધાત્માના અનુભવથી બહાર રહી જાય છે.

ભગવાન આત્મામાં અનંત ગુણો એક સાથે વર્તે છે ને પર્યાયો ક્રમેક્રમે પ્રવર્તે છે, આવા ગુણ–પર્યાયોરૂપે આત્માની વૃત્તિ છે, એટલે કે આત્માનું અસ્તિત્વ જ તે પ્રકારનું છે. એમાંથી પર્યાયના ક્રમને કાઢી નાંખવા માંગે તો અસ્તિત્વ જ સિદ્ધ ન થાય. અસ્તિત્વ એટલે કે સત્ તે ઉત્પાદ–વ્યય–ધ્રુવરૂપ છે. આત્માના અનંત ગુણો ધ્રુવ રહીને પોતપોતાની ક્રમપર્યાય સહિત જ વર્તી રહ્યા છે. આવા દ્રવ્ય–ગુણ–પર્યાયસ્વરૂપ આત્મવસ્તુ છે. જીવના જીવનમાં આ બધાય ભાવો ભેગા જ સમાયેલા છે. આવા વૈભવવાળી આત્મવસ્તુને નક્કી કરનારનું લક્ષ ક્યાં જાય છે?–બહારમાં નથી જતુ કેમકે બહારના લક્ષે આત્મવસ્તુ દેખાય નહીં. એનું લક્ષ તો અનંત ગુણના પિંડરૂપ પોતાના આત્મા

ઉપર જાય છે ને તેના આશ્રયે વીતરાગી [illegible] થાય છે. [illegible] સ્વમાં સન્મુખતા ને પરથી વિમુખતા વડે વીતરાગતા [illegible] ને ચારે અનુયોગનો સાર છે. સંતોના હૃદયમાં ને તેમણે કહેલા શાસ્ત્રોનાં વીતરાગતા [illegible] છે. આ એકેક આત્મશક્તિના વર્ણન દ્વારા શક્તિમાનની સન્મુખતા થતાં વીતરાગતા પ્રગટે છે, ને શક્તિનું નિર્મળ કાર્ય થાય છે. શક્તિ એ[illegible] શક્તિરૂપે નથી રહેતી, પણ તેનો નિર્ણય થતાં તે શક્તિ વ્યક્ત થઈને, તેના નિર્મળ કાર્ય-સહિત સ્વસંવેદનમાં આવે છે; ને ત્યારે જ શક્તિનો નિર્ણય સાચો કહેવાય. શક્તિની ઓળખાણ કરે ને તેનું ફળ અનુભવમાં ન આવે એમ બને નહિ. સ્વસંવેદન દ્વારા પર્યાયમાં ખીલે એવું શક્તિનું કાર્ય છે.

જ્ઞાનાદિ અનંત ગુણોથી ભરપૂર એક દ્રવ્ય, તેના ગુણો કાયમ ટકીને તેમાં ઉત્પાદ-વ્યય પણ થયા કરે છે. આવા ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ વસ્તુ પોતે જ છે. અહા, ઉત્પાદ-વ્યય-ધ્રુવના નિર્ણયમાં તો દ્રવ્ય-ગુણ-પર્યાયની સ્વાધીનતાનો, ઉપાદાન-નિમિત્તનો, અક્રમ ગુણ ને ક્રમવર્તી પર્યાયનો-એ બધા તત્ત્વોનો નિર્ણય આવી જાય છે, ને પરાશ્રિતબુદ્ધિ છૂટી જાય છે; કેમકે પોતાના ઉત્પાદ-વ્યય-ધ્રુવસ્વભાવને લીધે વસ્તુ પોતે સ્વાધીનપણે સ્વકાર્યમાં પરિણમી રહી છે. જેમ ધ્રુવ કોઈ બીજાને લીધે નથી તેમ ઉત્પાદ-વ્યય પણ કોઈ બીજાને લઈને નથી.

અહા, સ્વપરિણતિમાં પરિણમતા આ ચૈતન્યભગવાનનું નાટક (-નૃત્ય-પરિણમન) કોઈ અદ્ભુત છે. આવું તત્ત્વ સર્વજ્ઞના માર્ગ સિવાય બીજે ક્યાંય હોય નહીં. એટલે આવા વસ્તુસ્વરૂપનો નિર્ણય કરનારને સર્વજ્ઞનો પણ નિર્ણય થઈ જાય છે. આત્મામાં સર્વજ્ઞસ્વભાવ છે, તેનો નિર્ણય કરતાં અનંતા સર્વજ્ઞનો નિર્ણય થઈ જાય છે. શ્રુતપર્યાયમાં સ્વસન્મુખ થઈને આવો નિર્ણય કરવાની તાકાત છે.

જગતમાં જે કોઈ વસ્તુ છે તે સત્ છે, ને તેનું સત્પણું ઉત્પાદ-વ્યય-ધ્રુવ સહિત છે. —उत्पादव्ययध्रौव्ययुक्तं सत् અને सत्लक्षणं द्रव्यं, અથવા गुण-पर्ययवत् द्रव्यं —એ મહા સિદ્ધાન્ત છે. ધ્રુવ એટલે અક્રમવર્તી ગુણો, ને ઉત્પાદ-વ્યય એટલે ક્રમવર્તી પર્યાયો આવા ક્રમ-અક્રમવર્તી ભાવોનો સમૂહ (એટલે ગુણ-પર્યાયોનો એક પિંડ) તે દ્રવ્ય છે. આત્મા અને જગતના બધા દ્રવ્યો પણ આવા ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ છે. આવા સ્વભાવનો નિર્ણય કરનાર જીવને

સ્વભાવ-આશ્રિત નિર્મળ પર્યાયનો ઉત્પાદ થાય છે. ત્યાં સાધકને જે અલ્પ મલિનતા રહી તેને ગૌણ કરી, વ્યવહાર ગણી, શુદ્ધ આત્મામાં તેનો અભાવ કહ્યો છે. આવા શુદ્ધ આત્માને દૃષ્ટિમાં લેવો તે સમ્યક્‌દર્શન છે.

ક્રમ-અક્રમવર્તીપણારૂપ ઉત્પાદ-વ્યય-ધ્રુવત્વ આત્માની બધી શક્તિમાં વ્યાપક છે એટલે બધી શક્તિઓ ગુણપણે ધ્રુવ ને પર્યાયપણે ઉત્પાદ-વ્યય એવા સ્વરૂપે આત્મામાં જ્ઞાનમાત્ર ભાવની સાથે નિર્મળપણે ઊછળે છે. દરેક શક્તિ પોતે જ પોતાના ઉત્પાદરૂપ કાર્યની કર્તા છે. અને તે નિર્મળ ઉત્પાદરૂપ કાર્યની જ કર્તા છે; મલિનતા તે ખરેખર તેનું કાર્ય નથી કેમકે શક્તિના આશ્રયે મલિનતાનો ઉત્પાદ થતો નથી.

સત્ એવું આત્મસ્વરૂપ નિર્વિકલ્પ-પ્રતીતિવડે પ્રતીતમાં આવે છે, વિકલ્પ વડે તે પ્રતીતમાં નથી આવતું. વિકલ્પને તો અહીં સત્‌સ્વરૂપથી બહાર રાખ્યો છે. પોતાના નિર્મળ ગુણ-પર્યાયમાં રહેલ ચૈતન્યસ્વભાવ સત્ છે, ને તે સત્‌ની કબુલાતમાં સ્વસન્મુખ પુરુષાર્થ છે; તેની સાથે જ્ઞાન છે, પ્રતીત છે, સ્વસંવેદન છે, આનંદ છે, જીવત્વ છે.-એમ બધા ગુણો એકસાથે પોતપોતાનું કાર્ય કરી રહ્યા છે. ચૈતન્યમૂર્તિ આત્મા પોતે એકસાથે આવી અનંતશક્તિથી ઉલ્લસતો હોવાથી અનેકાન્તસ્વરૂપ છે. તે-કાળે રાગાદિ વિકલ્પ હોય તે અભાવરૂપે પરિણમે છે. સ્વભાવ-શક્તિની નિર્મળતાની અસ્તિ, ને તેમાં વિકારની નાસ્તિ —આવું અનેકાન્તરૂપ સાધકનું પરિણમન છે. હજી સાધક છે, એટલે શુદ્ધતાની સાથે (એકપણે નહિ પણ ભિન્નપણે) કંઈક રાગ પણ છે; પણ તે રાગનો શુદ્ધતામાં અભાવ છે. રાગનું તેને જ્ઞાન છે પણ તે રાગનો પોતાની શક્તિમાં સ્વીકાર નથી, તેને પરજ્ઞેયપણે એટલે વ્યવહારજ્ઞેયપણે જાણે છે. પરમાર્થ-જ્ઞેય એવા પોતાના આત્મસ્વભાવને તેમાં તન્મય થઈને જાણે છે; ને રાગાદિ પરભાવોને તેમાં તન્મય થયા વગર જાણે છે. આવું સાધકનુ પરિણમન છે, તેને જ્ઞાની જ વાસ્તવિકપણે ઓળખે છે.

જે પોતાના નિર્મળ ગુણ-પર્યાયોમાં વ્યાપ્ત છે તેટલો જ આત્મા છે, ને તેટલું જ (એટલે કે તે આત્માની શ્રદ્ધા જેટલું જ) સમ્યગ્દર્શન છે. જ્ઞાનનો સમુદ્ર, શાંતરસનો પિંડ, આનંદથી ભરપૂર, શ્રદ્ધાથી શોભતો ને પોતાની પ્રભુતામાં પ્રસરતો ભગવાન આત્મા, તેના અનુભવનો માર્ગ નિર્વિકલ્પ અને અંતર્મુખી છે. જ્યાં અચિંત્ય આત્મસ્વભાવ પ્રતીતમાં આવે ને તેની સન્મુખતા

હોય, કુજાત ન હોય. તેમ ચૈતન્યરાજાની પરિણતિ તેના સ્વભાવ જેવી જાતની હોય, કુજાત ન હોય. રાગ તે ચૈતન્યની જાત નથી પણ કુજાત છે, વિરુદ્ધ જાત છે. તે ચૈતન્યરાજાની ખરી પરિણતિ નથી.

અરે ચૈતન્યરાજા! શાસ્ત્રો અને સન્તો તને તારા સ્વભાવનો મહિમા બતાવે છે, તારા સ્વભાવ-મહેલમાં ભરેલાં નિધાન બતાવીને તને સ્વમાં લક્ષ કરાવે છે, ને પરનો મહિમા છોડાવે છે. પરનું માહાત્મ્ય છોડીને સ્વમહિમામાં લીન થવું તે જ વીતરાગી-શાસ્ત્રોનું તાત્પર્ય છે. ભેદજ્ઞાનના બળે જેઓ નિજ-મહિમામાં લીન થાય છે તેઓ જ શુદ્ધાત્મતત્ત્વને પામીને કર્મોથી મુક્ત થાય છે. અહા, ચૈતન્યમહેલમાં જઈને 'આત્મવૈભવ'ને લક્ષમાં લ્યે તો તેમાં લીનતા થયા વગર રહે નહિ ને પરનો મહિમા આવે નહીં.

આત્માનું ઉત્પાદ-વ્યય-ધ્રુવપણું આત્મામાં પોતાના સ્વભાવથી જ છે, પરને લીધે નથી.–આમ નક્કી કરીને સ્વસન્મુખ પરિણમતાં આનંદ સહિત નિર્મળ સમ્યક્ત્વાદિ પરિણતિનો ઉત્પાદ થાય છે. આત્મશક્તિના નિર્ણયનું આવું ઉત્તમ ફળ છે. ભાઈ, જગતના કોલાહલથી જરા શાંત થઈ, તારા સ્વભાવને લક્ષમાં લે. જગત શું કરે છે ને જગત શું બોલે છે તેની સાથે તારા તત્ત્વને સંબંધ નથી; કેમકે તારો ઉત્પાદ તારામાંથી થાય છે, બીજામાંથી નથી આવતો. 'આ આમ કેમ?' એવો વિકલ્પ કરવાનો તારો સ્વભાવ નથી. આવા સ્વભાવનું ભાન થયા છતાં કાંઈક રાગ-દ્વેષ થાય તો તે કાંઈ જ્ઞાનભાવનું કાર્ય નથી–એમ ધર્મીને ભિન્નતાનું ભાન છે, એટલે તે વખતેય પોતાનો જ્ઞાનભાવ ચુકાતો નથી.

જગતમાં પ્રતિકૂળતાના ડુંગરા તૂટી પડતા હોય, અજ્ઞાનીઓ સત્ય-ધર્મનો વિરોધ કરતા હોય, અન્યાય થતો હોય, છતાં જ્ઞાનમાં વિકલ્પ કરવાનો કે આકુળતા કરવાનો સ્વભાવ નથી. શું સિદ્ધભગવંતો આકુળતા કરે છે?–ના; અનાકુળપણે રહેવાનો જ્ઞાનનો સ્વભાવ છે. પ્રતિકૂળતાના પવનમાં એવી તાકાત નથી કે જ્ઞાનના પહાડને ડોલાવી શકે. આવા બેહદ વીતરાગ શાંતસ્વભાવથી આત્મા ભરેલો છે. આત્માની એકેય શક્તિમાં આકુળતા કે વિકલ્પ કરવાનો સ્વભાવ નથી; એકલા ગંભીર શાંતરસથી જ સર્વે ગુણો તરબોળ છે. અહા, આત્મશક્તિ તો વીતરાગી નિર્મળકાર્યની જ કરનારી છે ને આનંદની જ દેનારી છે; વિકારની કરનારી કે દુઃખની દેનારી તે નથી. પરિપૂર્ણ વીતરાગ-

ભાવપણે જ વિકસે એવો આત્માનો સ્વભાવ છે, તેમાં કાંઈ સંકોચ નથી, કે કોઈ પ્રતિકૂળ સંયોગ એના વિકાસને અટકાવી શકતા નથી. ચૈતન્ય-સાધનાના પંથે ચડેલા સાધકને જગતની કોઈ પ્રતિકૂળતા ડગાવી શકતી નથી કે મુંઝવી શકતી નથી.

આત્માની એકેક શક્તિમાં કોઈ અચિંત્યસ્વભાવ છે; એની કોઈ પણ શક્તિની ઓળખાણ કરવા જતાં આખો ભગવાન આત્મા તેના અનંત ગુણ પર્યાયો સહિત લક્ષમાં આવી જાય છે. આવા નિજ-આત્માને દૃષ્ટિમાં લઈને તેમાં લીનતા વડે જેણે શાંતદશા પ્રગટ કરી, તેની શાંતિને જગતના મહા-સંવર્તક-વાયરા પણ ડગાવી શકે નહીં. અત્યારે પંચમકાળની પ્રતિકૂળતાના ઘણા પ્રસંગો હોવાથી તેના સમાધાન માટે બહુ અટકવું પડે છે એટલે અત્યારે આત્માની સાધના થઈ શકતી નથી,—આમ કોઈ કહે તો કહે છે કે અરે ભાઈ! એવું નથી; અત્યારે પણ પ્રતિકૂળતાના ગંજ વચ્ચેય આત્માની પવિત્ર આરાધનાવાળા ને જાતિસ્મરણજ્ઞાનવાળા આત્માઓ અહીં નજરે દેખાય છે; જગતની કોઈ પ્રતિકૂળતા એમને આરાધનામાં નડતી નથી. અંતર્મુખ થઈને ચૈતન્યગૂફામાં જે પ્રવેશી ગયા તેમને ચૈતન્યગૂફામાં વળી પ્રતિકૂળતા કેવી? કોઈ પ્રતિકૂળતાના ભાર નથી કે ચૈતન્યની અંદર પ્રવેશી શકે. ચૈતન્યસિંહની શૂરવીરતા સામે પ્રતિકૂળતા તો ન ટકે, પરભાવો પણ ન ટકી શકે.

"બહિરભાવો તે સ્પર્શે નહીં આત્મને,
ખરેખરો એ જ્ઞાયકવીર ગણાય જો."

ચૈતન્યસિંહ જ્ઞાયકવીર પોતાના પરાક્રમની વીરતાથી જ્યાં જાગ્યો ત્યાં તેની પર્યાયના વિકાસને કોઈ રોકી શકે નહીં. અહો, સન્તોએ આત્મશક્તિનાં આવા રહસ્યો ખોલીને ગજબ કામ કર્યાં છે......ને મુમુક્ષુ જીવો ઉપર મહા ઉપકાર કર્યો છે. એમણે તો અંતરમાં શ્રુતજ્ઞાનના સાદ પાડીને કેવળજ્ઞાનને બોલાવ્યું છે, શ્રુતજ્ઞાનમાં કેવળજ્ઞાનનો નિર્ણય આવી જાય છે. કેવળજ્ઞાનનો નિર્ણય ન હોય તો તે શ્રુતજ્ઞાન જ સાચું નથી. જ્યાં પોતાના સર્વજ્ઞસ્વભાવમાં સ્વસન્મુખ થતું શ્રુતજ્ઞાન જાગ્યું ત્યાં સર્વજ્ઞપદ પ્રગટ્યા વગર રહે નહિ. આવા સ્વભાવને જાણતાં જીવને સમ્યગ્દર્શન થાય ને સ્વસન્મુખ થઈને ને વેલાવેલો મોક્ષમાં જાય.

* * *

અનંત સ્વભાવોથી ભરેલા આત્મામાં જ્ઞાનને મુખ્ય કરીને આત્માને 'જ્ઞાનમાત્ર' કહ્યો છે; તે જ્ઞાનલક્ષણ વડે આત્માને લક્ષમાં લેતાં જે અનંત ગુણવાળો આત્મા લક્ષિત થાય છે તેનું આ વર્ણન ચાલે છે; જ્ઞાનવડે લક્ષિત થયેલા આત્મામાં કેવી કેવી શક્તિઓ છે તે બતાવે છે. આવી શક્તિવાળા આત્માને જાણતાં સુખ થાય છે. જગતના હીરા-માણેક-મોટર-બંગલા-સ્ત્રી-પુત્ર વગેરે કોઈ પદાર્થને જાણતાં તેનાથી આત્માને સુખ થતું નથી કેમકે આત્માનું સુખ તેમાં નથી; સ્વસન્મુખ થઈને આત્માને જાણતાં સુખ થાય છે કેમ કે આત્મા પોતે સુખસ્વરૂપ છે.

સુખને ક્યાં શોધવું?.............આત્મામાં.

કઈ રીતે શોધવું?.....આત્માની સન્મુખ થઈને.

અનંત ગુણના વૈભવથી ભરેલો આત્મા જેવડો છે તેવડો તેને જાણે તો જ તે જવાબ આપે એટલે કે અનુભવમાં આવે, પણ તેને ઓછો કે વિપરીત માને તો તે અનુભવમાં ન આવે. જેમ મોટા રાજા-મહારાજાને તેના મોભા પ્રમાણે બહુમાનથી બોલાવે તો જ તે જવાબ આપે, એના મોભા કરતાં ઓછા માનથી બોલાવતાં તે જવાબ ન આપે; તેમ રાજાઓનો પણ રાજા એવો આ ચૈતન્યમહારાજા, તેને તેના અનંત વૈભવના મહિમાથી લક્ષમાં લ્યે તો જ તે અનુભવમાં આવે છે; પણ જો તેને નાનો માને એટલે કે શુભરાગ જેટલો માને તો તે તેનું અપમાન કરવા જેવું છે, એટલે રાગાદિ જેટલો માનતાં તે ચૈતન્યરાજા સાચા સ્વરૂપે અનુભવમાં આવતો નથી.

આ ચૈતન્યરાજા પોતાની જ્ઞાનલક્ષ્મીથી શોભે છે, વિકારનો ને સંયોગનો તેનામાં અભાવ છે. ચૈતન્યરાજાની સત્તા પુણ્ય-પાપથી જુદી છે; શુદ્ધ જીવ-સત્તાનું હોવાપણું પુણ્ય-પાપરૂપે નથી. એટલે પુણ્ય-પાપના કોઈ પણ ભાવ વડે શુદ્ધ જીવસત્તા લક્ષગત થતી નથી, જ્ઞાનવડે જ તે લક્ષગત થાય છે. આ રીતે શુદ્ધજીવને લક્ષગત કરતાં જ્ઞાન સાથે અનંત ગુણપર્યાયો નિર્મળપણે ઉલ્લસતા અનુભવમાં આવે છે. આવા આત્મદ્રવ્યને દૃષ્ટિમાં લેવું જ્ઞાનમાં લેવું ને અનુભવમાં લેવું તે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે, તે આત્મવૈભવ છે, તે આત્મપ્રસિદ્ધિ છે, ને તે જ મોક્ષમાર્ગ છે. આ પોતાના સ્વઘરની ચીજ હોવાથી સહેલી છે, સુગમ છે, સહજ છે. પરચીજને પોતાની કરવી તે તો અશક્ય છે, રાગાદિ વિકારને સ્વભાવઘરમાં પ્રવેશ કરવાનું પણ અશક્ય છે; નિર્મળ-

સ્વભાવને દૃષ્ટિમાં લઈને નિર્મળ સમ્યક્ત્વાદિ ભાવો ઉત્પન્ન કરવાનું સુગમ છે, સહજ છે, સુખકર છે. તેમાં કોઈની ઓશીયાળ પણ કરવી પડતી નથી, ને તેનાથી પોતાનું મહાન હિત થાય છે.–તો આવું ઉત્તમ કાર્ય કયો બુદ્ધિમાન ન કરે?

સત્ છે તે ઉત્પાદ–વ્યય–ધ્રુવસ્વરૂપ છે; તેમાં ઉત્પાદ–વ્યય તે ક્રમિક-પર્યાયમાં છે ને ધ્રુવપણે ગુણો રહેલા છે. આવા ક્રમ ને અક્રમ સ્વભાવવાળું સત્ દ્રવ્ય છે. ક્રમ–અક્રમસ્વભાવ કહો, ઉત્પાદ–વ્યય–ધ્રુવપણું કહો કે ગુણ–પર્યાયો કહો,–એવા સ્વભાવવાળો આત્મા છે. આવા સ્વભાવરૂપ જ્ઞાનભાવને લક્ષમાં લઈને સ્વસન્મુખ પરિણમતાં નિર્મળ પર્યાયો પ્રગટે છે. ઉત્પાદ–વ્યય–ધ્રુવપણું બધી શક્તિઓમાં રહેલું છે. પ્રભુત્વમાં પ્રભુતાના ઉત્પાદ–વ્યય–ધ્રુવ છે, જ્ઞાનમાં જ્ઞાનના ઉત્પાદ–વ્યય–ધ્રુવ છે, આનંદમાં આનંદના ઉત્પાદ–વ્યય–ધ્રુવ છે; પણ પ્રભુતામાં પામરતાના ઉત્પાદ–વ્યય–ધ્રુવ નથી, જ્ઞાનમાં અજ્ઞાનના ઉત્પાદ–વ્યય–ધ્રુવ નથી, આનંદમાં દુઃખના ઉત્પાદ-વ્યય-ધ્રુવ નથી; દરેક ગુણ પોતપોતાની નિર્મળપર્યાયના ઉત્પાદથી શોભે છે. (જ્ઞાનમાં અજ્ઞાનનો અભાવ છે તે–અપેક્ષાએ અજ્ઞાનનો વ્યય ભલે કહેવાય, પણ અહીં તો જ્ઞાનના ઉત્પાદ–વ્યય-ધ્રુવ ત્રણે જ્ઞાનમય જ છે એમ લેવું છે; કેમકે પહેલાં અજ્ઞાન હતું ને તેનો વ્યય થયો એ વિવક્ષા અત્યારે નથી લેવી. અહીં તો જ્ઞાનનું પરિણમન જ્ઞાનમય જ છે એટલે તેના ઉત્પાદ–વ્યય–ધ્રુવ ત્રણે જ્ઞાનમય જ છે એમ બતાવવું છે. ને આ રીતે બધા ગુણોના ઉત્પાદ–વ્યય–ધ્રુવમાં સમજી લેવુ.) અનંત ગુણના નિર્મળ પરિણમનથી આત્મા શોભે છે.

જુઓ, આવા આત્માની ઓળખાણ વિના આત્માની સાચી દયા પાળી શકાય નહીં. વિકારને નિજસ્વરૂપ માનતાં આત્માના સ્વભાવનો ઘાત થાય છે; –સ્વભાવનો જોકે અભાવ તો નથી થઈ જતો પણ એની ઊંધી માન્યતામાં તે સ્વભાવનું સાચુ પરિણમન થતું નથી, આત્માનું સાચું જીવન પ્રગટતું નથી, એટલે તે ઊંધી માન્યતા વડે આત્માની હિંસા થઈ એમ કહેવામાં આવે છે. વિકારભાવોથી નિજસ્વભાવને ન ઘાતવો, ન હણવો, ને નિજસ્વભાવનું પાલન કરવું રક્ષણ કરવું તે સાચી આત્મદયા છે, ને આવી આત્મરક્ષારૂપ દયા તે ધર્મનું મૂળ છે. સમ્યગ્દર્શન વગર આવો દયાધર્મ હોઈ શકતો નથી. જ્ઞાનાનંદ-સ્વરૂપ આત્મસ્વભાવને શ્રદ્ધા-જ્ઞાનમાં લઈને તેનું પાલન કરવું, વિકારવડે તે

સ્વભાવને હણાવા ન દેવો, તેનો ઘાત થવા ન દેવો તે જ સાચી દયા છે, તે સ્વદયા છે. –આવી દશા તે ધર્મ છે.

આત્મામાં જે અનંત ગુણસ્વભાવ છે તેમાં પરદ્રવ્યની દયાનો કે હિંસાનો (શુભ કે અશુભ) કોઈ વિકલ્પ નથી; જ્ઞાનમાત્ર આત્મસ્વભાવ છે તેમાં રાગની વૃત્તિનું ઉત્થાન કેવું? રાગ થાય તે જ્ઞાનનું કાર્ય નથી. સાધકને, જો કે સાધકની ભૂમિકામાં જિનપૂજા-ભક્તિ-દાન-તીર્થયાત્રા વગેરેના ભાવો હોય, છતાં તે શુભરાગ અને જ્ઞાનભાવ બંનેની જાત જુદી છે તેને ઓળખવી જોઈએ. સાધકપણું શુભરાગને લીધે નથી ટકતું, જ્ઞાનભાવને લીધે જ સાધકપણું ટકે છે. વિકલ્પના કાળે વિકલ્પનું જ્ઞાન થાય છે, પણ જ્ઞાન પોતે તે વિકલ્પરૂપ થઈ જતું નથી. જ્ઞાનનો ઉત્પાદ જ્ઞાનપણે છે, જ્ઞાનનો ઉત્પાદ વિકલ્પપણે નથી. છતાં જે ભૂમિકામાં પૂજાદિનો જેવો રાગ હોય તેને જ્ઞાન તે પ્રમાણે જાણે છે. ભગવાન સર્વજ્ઞદેવે જેવો આત્મસ્વભાવ જાણ્યો તેવો ધર્મી જાણે છે, અને સાથે પર્યાયમાં ભૂમિકાઅનુસાર જેવો રાગ ને જેવો વ્યવહાર હોય તેને તે પ્રમાણે ધર્મીનું જ્ઞાન જાણે છે; –જાણવા છતાં તેનું તે કર્તા થતું નથી, તેમાં તન્મય થતું નથી, તેને નિજસ્વરૂપ તરીકે વેદતું નથી. જ્ઞાનમાં તન્મય રહીને જ્ઞાનને જ નિજસ્વરૂપે વેદે છે. આવી નિશ્ચય-વ્યવહારની ધારા સાધકને વર્તે છે.

અહો! અધ્યાત્મની અલૌકિક વાત છે; અંદરની આત્મવસ્તુનો કોઈ અપાર મહિમા છે; એને સાધનારા ધર્માત્માની દશા પણ ઘણી ગંભીર છે. સમ્યગ્દષ્ટિ જીવો ૩૩ સાગરોપમના અસંખ્ય વર્ષો સુધી સર્વાર્થસિદ્ધિમાં જેના મહિમાની ચર્ચા કરે છે છતાં જેનો મહિમા પૂરો પડતો નથી, અનુભવથી જ જેનો મહિમા પૂરો પડે છે, એવો પરમ શક્તિમાન આત્મા છે. આવા આત્માને પોતામાં ધ્યેય બનાવતાં પર્યાયમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટે છે. રાગ તેનું કારણ નથી. રાગને કારણે રાગ, ને જ્ઞાનને કારણે જ્ઞાન; જ્ઞાનને કારણે રાગ નહિ, ને રાગને કારણે જ્ઞાન નહીં; એક પર્યાયમાં એક કાળે બંને સાથે વર્તવા છતાં તે બંનેને કારણ-કાર્યપણું નથી, કર્તા-કર્મપણું નથી, કે સાધ્ય-સાધનપણું નથી. જ્યાં અકષાયી શાંતસ્વભાવી આત્માનો અનુભવ પ્રગટ્યો ત્યાં તે ભૂમિકાને યોગ્ય જ વિકલ્પ–રાગ આવે, વિપરીત ન આવે, એવો મેળ છે; છતાં જે શુદ્ધિ પ્રગટી તે વિકલ્પની કે રાગની કર્તા નથી.

સર્વજ્ઞદેવે જેવો આત્મા જોયો ને કહ્યો તેવો પોતાને અનુભવગમ્ય કેમ

થાય, ને તે અનુભવ થતાં પોતામાં શું થાય? તેનું આ વર્ણન છે. આત્માના અનંત ગુણો પોતપોતાના સ્વભાવસામર્થ્યે પૂરા છે; જ્ઞાનનો પૂરો સ્વભાવ એટલે સર્વજ્ઞતા, દર્શનનો પૂર્ણસ્વભાવ એટલે ક્ષાયિકદર્શન, આનંદનો પૂર્ણ-સ્વભાવ એટલે પૂર્ણાનંદ; એમ પૂર્ણસ્વભાવના પૂરથી ભરપૂર જે આત્મદ્રવ્ય, તેને દૃષ્ટિમાં લેતાં તે પોતાની નિર્મળ ક્રમપર્યાયોને દ્રવે છે, પોતે તેવા ઉત્પાદ-રૂપ થાય છે. તેમાં વિશેષ લીન થતાં મુનિદશા પ્રગટે છે. તે મુનિદશામાં સાથે પંચમહાવ્રતાદિસંબંધી વિકલ્પ હોય પણ અવ્રતાદિનાં વિકલ્પો ન હોય, એવો તે ભૂમિકાનો વ્યવહાર છે. અને છતાં તે વખતની શુદ્ધપરિણતિમાં તે વ્યવહાર નથી; તે વ્યવહારના વિકલ્પો શુદ્ધતાથી તો બહાર જ રહે છે. આત્માનો સ્વભાવ જ સાધન થઈને શુદ્ધતારૂપે પરિણમે છે.

આત્માના સ્વભાવની સંમુખતાથી અનંત ગુણોની નિર્મળ પર્યાયો રચાતી જાય છે, તેની સાથે (સાથે એટલે એકપણે નહિ પણ જુદાપણે) જેવો વ્યવહાર હોય તેને પણ ધર્મી જાણે છે, પણ તે તત્ત્વોને એકબીજામાં ભેળસેળ કરી દેતા નથી. જડની પર્યાય જડમાં, આત્મામાં તેનો અભાવ; વિકાર-પરિણામ આસ્રવતત્ત્વમાં, આત્માની શુદ્ધતામાં તેનો અભાવ; આત્મા કેટલો? –કે જ્ઞાનલક્ષણવડે જે કાંઈ જેવડો નિર્મળ ગુણ–પર્યાયોનો સમૂહ લક્ષિત થાય તેવડો આત્મા છે. જ્ઞાનલક્ષણદ્વારા તો અનંતા ગુણ–પર્યાયોનો નિર્મળ સમૂહ જ લક્ષિત થાય છે, વિકાર લક્ષિત થતો નથી, માટે વિકાર તે ખરો આત્મા નથી; તેને 'અનાત્મભાવ' કહેવામાં આવ્યો છે. જ્ઞાન અંતર્મુખ થતાં નિર્મળ ગુણ–પર્યાયસહિત આત્મા લક્ષમાં–અનુભવમાં આવે છે, પણ તે અનુભવમાં વિકાર આવતો નથી. આવા આત્મ-અનુભવથી જ અનંતકાળના જન્મ-મરણનો અભાવ થાય છે ને અનંતકાળ રહે એવો આનંદ પ્રગટે છે. ભાઈ, તારા અનંતકાળનાં દુઃખ ટળે ને અનંતકાળનું સુખ પ્રગટે એવો આ ઉપાય છે. એકવાર તારા આત્માને અનુભવમાં તો લે; તેનો એકવાર સ્વાદ ચાખ્યા પછી તને કોઈ મુંઝવણ નહીં રહે, ને બીજે ક્યાંય તારું ચિત્ત નહીં જાને. અરે, બંદુકની ગોળી ખાઈને પણ દુઃખથી છૂટવાના ઝાંવા નાખે છે, પણ બાપુ! એ મારગ સાચા નથી...ભાઈ! સુખ તો તારા સ્વભાવમાં છે એમાંથી આવશે કે બહારથી? 'તને ક્યાંય ન ગમે તો આત્મામાં ગમાડ.'*

---

* પૂ. બેનશ્રી–બેનનું આ વચન ઘણું હિતપ્રેરક છે.

આત્માનો અંતરસ્વભાવ સુખથી ભરેલો છે તેમાં જઈને એકાગ્ર કર તો તે સુખ પ્રગટે ને દુઃખ મટે. આ સિવાય બીજા કોઈ ઉપાયે દુઃખ મટે નહિ ને સુખ થાય નહીં. તારી ઊંધી મિથ્યામાન્યતાથી તને દુઃખ છે, ને તારા સ્વભાવ તરફની ઊલટી દશાથી તને દુઃખ છે. દુઃખ કોઈ બહારના સંયોગનું નથી ને સુખ પણ બહારના સંયોગથી આવતું નથી. જ્યાં તારો સુખસ્વભાવ છે તેમા દુઃખ નથી, તે તો સહજ આત્મસ્વરૂપ સુખથી ભરપૂર છે. દુઃખનો તેમાં પ્રવેશ નથી. પ્રતિકૂળતાનો તેમાં પ્રવેશ નથી. આવા આનંદધામ ચૈતન્યરામ પાસે જા તો સુખ પ્રગટશે ને દુઃખ છૂટી જશે. અનંતગુણધામમાં એકલું સુખ જ ભર્યું છે, તેની પાસે જતાં દુઃખની ગંધ પણ નથી રહેતી. સુખનો માર્ગ સર્વજ્ઞ પરમેશ્વરે આવો કહ્યો છે, બીજો માર્ગ નથી.

ભાઈ, તારા સ્વભાવમાં એક સાથે રહેનારા અનંતગુણો છે; અનંતગુણથી એકરૂપ તારા સ્વભાવમાં તું દૃષ્ટિ કર તો તારા અનંતગુણોની નિર્મળ પર્યાયો પ્રગટ થશે. જ્ઞાન-આનંદ-શ્રદ્ધા-પ્રભુતા-સ્વચ્છતા ઈત્યાદિ બધી આત્મશક્તિઓ સ્વાશ્રયે નિર્મળપણે ઉલ્લસીને પર્યાયમાં વ્યક્ત થાય છે, ને સ્વસંવેદનમાં અનંત શક્તિની નિર્મળતા એકસાથે સમાય છે. આવો અદ્‌ભુત આત્મવૈભવ તારામાં છે. આ અદ્‌ભુત ચૈતન્યરત્નાકર સામે નજર કરતાં સમ્યગ્દર્શનાદિ અપૂર્વ રત્નો તને પ્રાપ્ત થશે.

આચાર્યદેવ મોહથી મૂર્છિત જીવોને જગાડે છે કે ભાઈ! તું હવે જાગ ને તારી નિજશક્તિને સંભાળ. અનંતકાળથી મોહમૂર્છામાં તું સૂતો, પણ હવે તો આ જિનવચનરૂપી અમૃત વડે તું જાગ. જેમ રાવણની શક્તિથી મૂર્છિત થયેલા લક્ષ્મણને રામ જગાડતા હતા; તેમ અહીં મોહરાવણથી મૂર્છિત જીવોને આતમરામી સન્તો જગાડે છે; ને 'વિ-શલ્યા' એટલે શલ્યરહિત આત્મ-પરિણતિ (-સમ્યક્‌શ્રદ્ધા) આવતાં જ મોહમૂર્છા દૂર થઈને આત્મા નિજશક્તિને સંભાળતો જાગે છે ને મોહરૂપી રાવણને હણી નાંખે છે. અહા, આવી કરુણાથી સન્તો તને જગાડે છે, તો હે ભાઈ! હવે તું જાગ...હવે જાગીને તારી શક્તિના નિજવૈભવને દેખ. અનાદિથી મોહનિદ્રામાં સૂતો ને નિજવૈભવને ભૂલ્યો, પણ હવે આ સમયસારના મંત્રો વડે તું શીઘ્ર જાગ...જાગીને તારા આત્મવૈભવને દેખ...હવે જાગીને મોક્ષમાં જવાનાં ટાણાં આવ્યાં છે. ૧૬ વર્ષ કરતાંય નાની ઉંમરમાં શ્રીમદ્ રાજચંદ્રજી લખે છે કે 'રાત્રિ વ્યતિક્રમી ગઈ,

પ્રભાત થયો; નિદ્રાથી મુક્ત થયા, હવે ભાવનિદ્રા ટાળવાનો પ્રયત્ન કરજો.'

મારું પરમેશ્વરપણું મારામાં છે–એમ સ્વીકાર તો કરો. એક વાર શ્રીમદ્ રાજચંદ્રજીએ કોઈ ભરવાડલોકોમાં અનુકરણની જિજ્ઞાસાબુદ્ધિ દેખીને તેઓને કહ્યું કે 'ભાઈઓ! આંખો મીંચી જાઓ, ને અંદર હું પરમેશ્વર છું એમ વિચાર કરો.' તે ભરવાડ ભદ્ર હતા, તેમણે એ વાતમાં શંકા કે પ્રતિકાર ન કર્યો, પણ વિશ્વાસથી એમ વિચાર્યું કે આ કોઈ મહાત્મા છે ને અમને અમારા હિતની કંઈક અપૂર્વ વાત કહે છે; જગતના જીવો કરતાં આમની ચેષ્ટા કંઈક જુદી લાગે છે. તેમ હે ભદ્ર! અહીં કુંદકુંદસ્વામી જેવા પરમ હિતકારી સન્તો તને તારું સિદ્ધપણું બતાવે છે, તો તું ઉલ્લાસથી તેની હા પાડ, ને હું સિદ્ધ છું–એમ તારા આત્માને ચિંતનમાં લે. અંતરમાં સમ્યગ્જ્ઞાનરૂપી સુપ્રભાત ઉગાડ ને મોહનિદ્રા છોડીને આત્માના વૈભવને સંભાળ. અનાદિથી સંયોગવાળો ને વિકારવાળો જ આત્મા માનીને તું અજ્ઞાનમાં સૂતો, તે માન્યતા હવે છોડ, ને અનંતગુણના ધામ એવા આત્માને દેખ...અનંત કિરણોથી ઝગઝગતા ચૈતન્યસૂર્યનો પ્રકાશ દેખ. આ ભાવનિદ્રામાંથી ઢંઢોળીને સન્તો અને જિનવાણીમાતા તને તારી નિજશક્તિ બતાવે છે.

એક સિંહના બચ્ચાની વાત આવે છે: સિંહનું એક નાનું બચ્ચું હતું. ભૂલથી તે બકરીના ટોળામાં ભળી ગયું, ને પોતાનું સિંહપણું ભૂલીને પોતાને બકરું જ માનવા લાગ્યું. એકવાર બીજા સિંહે તેને દીઠું, ને તેને તેના સિંહપણાનું ભાન કરાવવા સિંહનાદ કર્યો. સિંહની ત્રાડ સાંભળતાં જ બકરાં તો બધાય ભાગ્યા, પણ આ સિંહનું બચ્ચું તો નિર્ભયપણે ઊભું રહ્યું, સિંહના અવાજની બીક એને ન લાગી. ત્યારે બીજા સિંહે તેની પાસે આવીને પ્રેમથી કહ્યું–અરે બચ્ચા! તું બકરું નથી, તુ તો સિંહ છો. દેખ, મારી ત્રાડ સાંભળીને બકરાં તો બધા ભયભીત થઈને ભાગ્યા, ને તને કેમ બીક ન લાગી?– કેમ કે તું તો સિંહ છો... મારી જાતનો જ તું છો. માટે બકરાનો સંગ છોડીને તારા સિંહ-પરાક્રમને સંભાળ. વળી વિશેષ ખાતરી કરવા તું ચાલ મારી સાથે, ને આ સ્વચ્છ પાણીના ઝરામાં તારું મોઢુ જો! વિચાર કર કે તારું મોઢું કોના જેવું લાગે છે? મારા જેવું (એટલે કે સિંહ જેવું) લાગે છે કે બકરા જેવું? હજી વિશેષ લક્ષણ બતાવવા સિંહે કહ્યુ કે તું એક અવાજ કર... અને જો કે તારો અવાજ મારા જેવો છે કે બકરા જેવો? સિંહના બચ્ચાએ જ્યાં ત્રાડ

પાડી ત્યાં તેને ખાતરી થઈ કે [illegible] પાણીના [illegible] પોતાનું મોઢું જોઈને પણ તેને [illegible] સિંહપણું ભૂલી. મારી નિજશક્તિને ભૂલીને મને બકરા જેવો માન્યો [illegible] આ તો એક દૃષ્ટાન્ત છે; તેમ ધર્મકેસરી એવા સર્વજ્ઞ પરમાત્મા [illegible] થઈને દિવ્યવાણીરૂપી સિંહનાદથી તને તારું પરમાત્માપણું બતાવે છે: જેમ અમે પરમાત્મા છીએ એવો જ તું પરમાત્મા છો; બંનેની એક જ જાત છે. ભ્રમથી તેં પોતાને પામર માન્યો છે ને તારા પરમાત્મપણાને તું ભૂલ્યો છો. પણ અમારી સાથે તારી મુદ્રા (લક્ષણ) મેળવીને જો તો ખરો, તો તને ખાતરી થશે કે તું પણ અમારા જેવો જ છો. સ્વસંવેદનવડે તારા સ્વચ્છ જ્ઞાનસરોવરમાં દેખ તો તને તારી પ્રભુતા તારામાં સ્પષ્ટ દેખાશે. સ્વસન્મુખ વીર્ય ઉલ્લસાવીને શ્રદ્ધારૂપી સિંહનાદ કર, તો તને ખાતરી થશે કે હું પણ સિદ્ધપરમાત્મા જેવો છું, મારામાંય સિદ્ધ જેવું પરાક્રમ ભર્યું છે! પ્રભુતાથી ભરેલો તારો આત્મા પોતાના ઉત્પાદ-વ્યય-ધ્રુવમાં અનંત સ્વભાવોસહિત પરિણમી રહ્યો છે. આવા ચૈતન્યતત્ત્વના ભાન વગર ચાર ગતિનો અભાવ કેમ થાય? ને આનંદ ક્યાંથી પ્રગટે? ચાર ગતિ કે તે ગતિનો ભાવ જેનામાં નથી એવા ચિદાનંદસ્વભાવની સન્મુખ થતાં ચાર ગતિનો અભાવ થઈને સિદ્ધપદની પ્રાપ્તિ થાય છે.

* * * *

આત્મસ્વભાવની અનુભૂતિમાં તેના સર્વે ગુણોના નિર્મળકાર્યની પ્રતીત ભેગી સમાઈ જાય છે

ભાદરવા સુદ ૧૨ (સં ૨૦૨૨) ના રોજ આ 'ઉત્પાદ-વ્યય-ધ્રુવત્વશક્તિ' ઉપર પૂ ગુરુદેવે જે વિશેષ પ્રવચન કર્યું તે ગુરુદેવની આજ્ઞાનુસાર અહીં આપવામા આવ્યું છે.

આત્માની ૪૭ શક્તિમાં ઉત્પાદવ્યયધ્રુવત્વ નામની એક શક્તિ છે. ક્રમપ્રવૃત્તિ એટલે ઉત્પાદ-વ્યય, ને અક્રમપ્રવૃત્તિ એટલે ધ્રુવતા; આત્માના સ્વભાવને દૃષ્ટિમાં લેનારને આવા ક્રમ-અક્રમ સ્વભાવનો નિર્ણય પણ થઈ જાય છે. સર્વજ્ઞદેવે ત્રણકાળ જાણ્યા માટે ક્રમબદ્ધપર્યાય થાય-એમ સર્વજ્ઞતાના આધારે તો ક્રમબદ્ધપર્યાયની સિદ્ધિ થાય જ છે; પણ અહીં તો આત્માની જ શક્તિના આધારે ક્રમબદ્ધપર્યાયની સિદ્ધિ થાય છે, તે વાત આજે બપોરના મંથનમાં આવી, તે અત્યારે કહેવાય છે.

અનંતશક્તિસમ્પન્ન આત્માને અનુભવમાં લેતાં તેની આ ઉત્પાદ-વ્યય-ધ્રુવત્વશક્તિ પણ પ્રતીતમાં આવી જ ગઈ, ને તેની પ્રતીત થતાં અક્રમરૂપ ગુણ ને ક્રમરૂપ પર્યાય તે પણ પ્રતીતમાં આવી જ ગયા. આ રીતે ઉત્પાદ-વ્યયધ્રુવત્વશક્તિવડે પણ ક્રમબદ્ધપર્યાય સિદ્ધ થઈ જાય છે. દ્રવ્યમાં જ એવી શક્તિ છે કે પર્યાયો ક્રમેક્રમે પ્રવર્તે, ને ગુણો એકસાથે અક્રમે રહે; એટલે દ્રવ્યસ્વભાવની પ્રતીતમાં એની પ્રતીત પણ આવી જાય છે.

ક્રમ-અક્રમવર્તનરૂપ જે ઉત્પાદ-વ્યય-ધ્રુવત્વ સ્વભાવ, તે સ્વભાવનો નિર્ણય કરનારની દૃષ્ટિ ક્યાં જાય છે? આત્માના સ્વભાવમાં જાય છે, કેમકે આત્માના સ્વભાવની દૃષ્ટિથી જ તેના ધર્મનો સાચો નિર્ણય થાય છે. એકેક ગુણના ભેદના લક્ષે યથાર્થ નિર્ણય થતો નથી. ગુણ કોનો? કે ગુણીનો; તે ગુણી એવા આત્મદ્રવ્ય ઉપર દૃષ્ટિ ગયા વગર તેના ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ ધર્મનો (કે ક્રમ-અક્રમવર્તીપણાનો) નિર્ણય થાય નહિ. આત્મા ઉપર દૃષ્ટિ રાખીને આત્માના ધર્મનો નિર્ણય થાય, પણ બીજે ક્યાંક દૃષ્ટિ રાખીને આત્માના ધર્મનો નિર્ણય થઈ શકે નહિ. આત્માને પ્રતીતમાં લેતાં તેનો ઉત્પાદ-વ્યય-ધ્રુવ-સ્વભાવ પણ પ્રતીતમાં આવી જાય છે, એટલે તેમાં અક્રમરૂપ ગુણ ને ક્રમરૂપ વર્તતી પર્યાય પણ પ્રતીતમાં આવી જ ગઈ.

જુઓ, આમાં પોતાના જ સ્વભાવ સામે જોઈને ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય થઈ ગયો; તે નિર્ણય માટે બીજાની સામે જોવાનું ન આવ્યું.

અનંતગુણો એક સાથે અક્રમે રહેવારૂપ ધ્રુવતા, અને ક્રમેક્રમે પર્યાય થવારૂપ ઉત્પાદ-વ્યય, આવો ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ આત્માનો એક ગુણ છે; એટલે જેણે આવા ધર્મવાળા આત્માને દૃષ્ટિમાં લીધો તેને ક્રમબદ્ધપર્યાય પણ ભેગી પ્રતીતમાં આવી જ ગઈ, કેમકે તેવો સ્વભાવ આત્માની શક્તિમાં સમાયેલો છે.

આત્માને પ્રતીતમાં લેતાં તેના ધર્મો પણ પ્રતીતમાં આવી જાય છે. જો ક્રમે પ્રવર્તતી પર્યાયરૂપ ઉત્પાદ-વ્યય ન માને તો તેણે ઉત્પાદ-વ્યય-ધ્રુવત્વ શક્તિવાળો આત્મા માન્યો જ નથી. આત્મા ઉપર દૃષ્ટિ જતાં તેના અક્રમ ગુણોની ને તેની ક્રમવર્તી પર્યાયોની પ્રતીત થઈ જ જાય છે. અને આવા દ્રવ્યની દૃષ્ટિનું ફળ સમ્યગ્દર્શન છે. તેમાં રાગનું અકર્તાપણું પણ સમાઈ જાય છે. 'મારા દ્રવ્યનો આવો ધર્મ છે કે ક્રમે અને અક્રમે વર્તે'-આમ

નક્કી કરવા જતાં દૃષ્ટિ [illegible] છે. એટલે સમ્યગ્દર્શન [illegible] રાગાદિ પરભાવોના [illegible]

આત્માની આવી [illegible] પણ ભેગી આવે. એકલી [illegible] દ્રવ્યનું લક્ષ થયું ત્યાં [illegible] પ્રતીતમાં આવ્યા. [illegible] મારો સ્વભાવ છે. એમ [illegible] ભેગી [illegible] જ ગઈ.

અહો, દ્રવ્યની દૃષ્ટિમાં [illegible] પોતામાં સમાવી દે છે. અનુભૂતિમાં [illegible] અનંત ગુણો અક્રમે ધ્રુવ રહે, ને જેની પર્યાયો ક્રમે ક્રમે [illegible] આવા ઉત્પાદ-વ્યય-ધ્રુવસ્વરૂપ આત્મદ્રવ્ય [illegible] આવા ઉત્પાદ-વ્યય ને ધ્રુવતારૂપ આત્માનો [illegible] આત્મા જ્યાં અનુભૂતિમાં આવ્યો ત્યાં વિકારનું [illegible] રહી. દ્રવ્યદૃષ્ટિમાં રાગથી ભિન્ન નિર્મળ પરિણમન [illegible] રાગ તે કાળે હોય પણ તે કર્તૃત્વમાંથી બહાર રહી ગયો. તે કાળે તેનું જ્ઞાન રહી ગયું [illegible] કર્તૃત્વ ન રહ્યું. આવું દ્રવ્યદૃષ્ટિનું ફળ છે. [illegible]

જુઓ, આ ક્રમબદ્ધપર્યાયનું રહસ્ય! [illegible] અંતરસ્વભાવમાં દૃષ્ટિ ગઈ ત્યારે ક્રમબદ્ધપર્યાયની પ્રતીત સાચી થઈ.

સર્વજ્ઞદેવે જોયું છે માટે ક્રમબદ્ધ છે—એમાં તો સર્વજ્ઞનો આધાર આપીને ક્રમબદ્ધની સિદ્ધિ થઈ.—એ ન્યાય તો ઘણી વાર કહેવાઈ ગયો છે. અત્યારે તો વસ્તુના સ્વભાવમાં જ એવો ધર્મ છે કે તે ઉત્પાદ-વ્યય-ધ્રુવત્વરૂપ ધર્મના આધારે ક્રમબદ્ધપર્યાયની સિદ્ધિ થઈ જાય છે, તે બતાવવું છે. આત્માની શક્તિના આધારે જ તેની પર્યાયનું ક્રમબદ્ધપણું સિદ્ધ થઈ જાય છે.

આવો ક્રમવર્તીરૂપ ઉત્પાદ-વ્યય-ધ્રુવત્વ સ્વભાવ તો બધાય દ્રવ્યોમાં છે, જડમાં પણ છે; પણ આપણે તો અહીં આત્માની વાત અત્યારે મુખ્ય લેવી છે. વસ્તુની ઉત્પાદ-વ્યય-ધ્રુવત્વશક્તિને ખ્યાલમાં લેતાં આ વાત ખ્યાલમાં આવી જાય છે, કેમકે આત્માની આ શક્તિનું જ એવું કાર્ય છે કે ગુણોથી અક્રમપણે ને પર્યાયોથી ક્રમપણે વર્તે.

આત્માના અનંતગુણ સર્વજ્ઞભગવાને જોયા, તેમાં એક ગુણ ઉત્પાદ-વ્યય-ધ્રુવતા છે. ધ્રુવતા એટલે અક્રમ રહેતા ગુણ, ને ઉત્પાદ-વ્યય એટલે ક્રમેક્રમે થતી પર્યાયો. આવા ગુણ-પર્યાયસહિત ઉત્પાદ-વ્યય-ધ્રુવસ્વભાવવાળા આત્માને દૃષ્ટિમાં લેતાં સમ્યગ્દર્શન થાય છે. આત્માને અભેદ દૃષ્ટિમાં લીધો તેમાં ભેગો આ ગુણ આવી જ ગયો, એટલે ગુણનું અક્રમવર્તીપણું ને પર્યાયનું ક્રમવર્તીપણું-એવી પ્રતીત આત્માની અનુભૂતિમાં સમાઈ જ ગઈ. એના વગર આત્માને માન્યો જ ન કહેવાય.

આત્મામાં ઉત્પાદ-વ્યય-ધ્રુવત્વ શક્તિ ત્રિકાળ છે. હવે તેનું કાર્ય શું? -કે ગુણોને અક્રમરૂપ રાખવા ને પર્યાયોને ક્રમરૂપ પ્રવર્તાવવી-એવું આ શક્તિનું કાર્ય છે. ત્રણેકાળે વસ્તુમાં આવું અક્રમ ને ક્રમવર્તીપણું છે.

આત્મામાં ગુણઅપેક્ષાએ સદૃશતા ને પર્યાયઅપેક્ષાએ વિસદૃશતા-એવો જે સ્વભાવ છે તેમાંથી પણ આ વાત નીકળે છે.

૨૧મી અકર્તૃત્વશક્તિમાં, વિકારભાવનું કર્તૃત્વ ઉપરામ પામી ગયું -તેની વાત છે, એટલે કે દ્રવ્યદૃષ્ટિ થતાં આત્મા વિકારનો અકર્તા થયો: રાગને જાણવાનું રહ્યું પણ તેનું કર્તૃત્વ જ્ઞાનમાં ન રહ્યું. આવી અકર્તૃત્વશક્તિથી આત્મા રાગના અકર્તાપણે શોભી ઊઠ્યો. સમ્યગ્દર્શન થતાં જે અનંતશક્તિ-સમ્પન્ન આત્મદ્રવ્ય પ્રતીતમાં આવ્યું તેની સાથે તેની આવી અકર્તૃત્વશક્તિ પણ પ્રતીતમાં આવી, એટલે રાગનું અકર્તાપણું પ્રગટ્યું.-આવું અકર્તૃત્વ-શક્તિનું કાર્ય છે. સમ્યગ્દર્શન થતાં બધાય ગુણો સ્વકાર્યને કરે છે, નિર્મળપણે પરિણમન શરૂ થાય છે.

સમ્યગ્દૃષ્ટિને રાગનું અકર્તૃત્વ કેમ થયું?-કે આત્માની અનુભૂતિમાં રાગના અકર્તાપણારૂપ અકર્તૃત્વશક્તિ પણ ભેગી અનુભૂતિમાં આવી ગઈ છે. એટલે ત્યાં રાગનું કર્તૃત્વ રહ્યું નથી, રાગના અકર્તારૂપ પરિણમન થયું છે. આત્માના સ્વભાવની દૃષ્ટિ થતાં આવા અકર્તૃત્વરૂપ નિર્મળપર્યાયનો ક્રમ શરૂ થયો તે દૃષ્ટિનું ફળ છે. રાગનું કર્તૃત્વ આત્માના કોઈ ગુણમાં નથી એટલે આત્માની પ્રતીત થતાં કોઈ ગુણમાં રાગના કર્તૃત્વરૂપ પરિણમન રહેતું નથી. રાગનું જ્ઞાન ભલે રહે પણ તેનું કર્તૃત્વ રહેતું નથી. દ્રવ્ય-ગુણમાં જે અકર્તૃત્વ હતું તે અકર્તૃત્વ (સ્વભાવદૃષ્ટિ થતાં) પર્યાયમાં પણ વ્યાપી ગયું, એટલે

પર્યાય પણ રાગના અકર્તારૂપે જ પરિણમી. આ રીતે, ધર્મીને રાગ વખતેય અકર્તૃત્વશક્તિ 'રાગના કર્તા નહીં ઉપયોગમાત્ર' પણ પરિણમી રહી છે, રાગના અભાવરૂપે પોતે પરિણમે છે. આનું નામ 'જ્ઞાન આસ્રવોથી નિવર્ત્યું' એમ કહેવાય છે. આવું કાર્ય થાય ત્યારે અકર્તૃત્વશક્તિવાળા આત્માને જાણ્યો ને અનુભવ્યો કહેવાય. ત્યાં ધર્મીને વ્યવહારરત્નત્રયના રાગનું પણ કર્તૃત્વ કે સ્વામીત્વ રહેતું નથી. તે-તે કાળના વ્યવહારને જાણે છે પણ તેનો તે સ્વામી થતો નથી. રાગરૂપ વ્યવહાર છે તેનો અકર્તા થયો ત્યારે તેના વ્યવહારને વ્યવહાર કહ્યો.

આમાં સ્વ-સ્વામીત્વશક્તિનું પણ નિર્મળકાર્ય આવી ગયું. દ્રવ્યદૃષ્ટિ થતાં પોતાની નિર્મળપર્યાયના સ્વામીત્વપણે જ પરિણમ્યો ને રાગાદિના સ્વામીત્વપણે ન પરિણમ્યો.-આવું સ્વ-સ્વામીત્વસંબંધ-શક્તિનું કાર્ય પ્રગટયું.

આવા આત્માના સ્વભાવમાં જે આવ્યો તે પરભાવથી નિવૃત્ત થયો, કેમકે પરભાવનું કર્તૃત્વ આત્માના સ્વભાવમાં નથી. આત્માના અકર્તૃત્વ-સ્વભાવને જાણે ને રાગનું કર્તૃત્વ રહે એમ બને નહિ. સ્વભાવને જાણતાં પર્યાય તે તરફ વળે એટલે રાગાદિ પરભાવોથી નિવૃત્તિ થાય જ. પર્યાય અંતર્મુખ થઈને આત્માને જાણે ને પરભાવોથી નિવૃત્તિ ન થાય એમ બને જ નહિ. સ્વભાવને જાણતાં જ રાગનું કર્તૃત્વ છૂટી જાય છે ને જ્ઞાન પોતાના સ્વભાવમાં વળી જાય છે એટલે નિર્મળ જ્ઞાન-આનંદની પર્યાયો પ્રગટે છે.-આવું ભેદજ્ઞાનનું ફળ છે.

આમાં અકારણ-કાર્યત્વશક્તિનું નિર્મળ કાર્ય પણ આવી ગયું. અંતર્-સ્વભાવની દૃષ્ટિથી જે નિર્મળપર્યાય પ્રગટી તેણે આખા આત્માને અકારણ-કાર્યસ્વરૂપ જાણ્યો, એટલે પર્યાયમાંથી પણ રાગનું કારણપણું છૂટી ગયું; તથા તે નિર્મળપર્યાય પોતે રાગનું કાર્ય પણ નથી; રાગને કારણ બનાવીને નિર્મળપર્યાયરૂપ કાર્ય થયું-એમ નથી. આ રીતે એક આત્મસ્વભાવની પ્રતીતિ અને અનુભૂતિમાં તેના સર્વે ગુણોના નિર્મળકાર્યની પ્રતીત ભેગી સમાઈ જાય છે.

ઉત્પાદ-વ્યય-ધ્રુવત્વશક્તિનું વિવેચન પૂર્ણ થયું. (૧૮)



[૧૯]

પરિણામ શક્તિ

द्रव्यस्वभावभूतध्रौव्यव्ययोत्पादालिंगितसद्दशविसद्दशरूपैकास्तित्वमात्रमयी परिणामशक्तिः



આત્માનું એક અસ્તિત્વ, ઉત્પાદ-વ્યય ને ધ્રુવ એવા ત્રણ ભાવોથી આલિંગિત છે ઉત્પાદ-વ્યય ને ધ્રુવતા એ ત્રણેય ભાવો દ્રવ્યના સ્વભાવભૂત છે, તોપછી તેમાંથી કોઈ ભાવ પરને લીધે કેમ હોય?–ન જ હોય. આત્માના એકલો ધ્રુવસ્વભાવ નથી, પણ ધ્રુવતા તેમજ ઉત્પાદ-વ્યય એ ત્રણેય, દ્રવ્યના સ્વભાવભૂત ભાવો છે, દ્રવ્યનું અસ્તિત્વ જ એવા ત્રણ ભાવોસ્વરૂપ છે. તેમાંથી એકને માને ને બીજાને ન માને તો આખું અસ્તિત્વ જ્ઞાનમાં ન આવે. સ્વભાવદૃષ્ટિથી જોતાં આત્મા વિકારને સ્પર્શતો નથી પણ પોતાના નિર્મળ ઉત્પાદ-વ્યય-ધ્રુવસ્વભાવને જ સ્પર્શે છે.





આત્માના જે ઉત્પાદ વ્યય ધ્ર[illegible] [illegible]
સ્વના લક્ષે જે નિર્મળ પરિણામ [illegible]
વડે લક્ષિત કરવામાં આવેલો. [illegible]
થયો છે તેનું આ વર્ણન છે. [illegible] પરિણમન [illegible]
સામર્થ્યવડે વિકસ્વરને અને સંકોચ[illegible] છે. [illegible]
પરિણામ વર્તે છે તે આખી વસ્તુ [illegible] છે, પરિણામથી વસ્તુ
જુદી રહી જતી નથી; તેથી 'પરિણમન' [illegible] છે. વસ્તુની
પ્રસિદ્ધિ પરિણામદ્વારા થાય છે. દ્રવ્યના પરિણમનમાં એક સાથે અનંત ગુણનું પરિણમન સમાયેલું છે. પણ દ્રવ્ય ગુણમાં અને તેના નિર્મળ પરિણમનમાં રાગનો અભાવ છે. અનેકાન્તસ્વભાવી ભગવાન આત્મા પોતાની નિર્મળ પર્યાયમાં ડોલી રહ્યો છે. નિર્મળ જ્ઞાનતરંગોમાં અદ્ભુત ચૈતન્ય-રત્નાકર ઉલ્લસી રહ્યો છે. અંતરદૃષ્ટિથી આવું પરિણમન થાય તે મોક્ષમાર્ગ છે; તેમાં આત્મા પ્રાપ્ત થાય છે, એ સિવાય બહારના કોઈ ભાવમાં આત્મા પ્રાપ્ત થતો નથી.

અહા, અનંત ગુણનો પિંડ પ્રભુ આત્મા પોતે, પણ અંતરમાં નજર કરવાની આળસે પોતે પોતાના નિધાનને દેખતો નથી. જેમાં નજર નાખતાં જ નિધાન મળે ને ન્યાલ થવાય એવા નિજ અનંતગુણવૈભવને દેખતાંવેંત આનંદ થાય છે. પણ પોતાના આત્મવૈભવને ભૂલીને બાહ્ય વૈભવની લાલસાથી જીવ દુઃખી થઈ રહ્યો છે. પણ અહીં તો કહે છે કે ભાઈ! દુઃખ તે તારો સ્વભાવ નથી; ભગવાન આત્મા દુઃખને કે રાગને ન સ્પર્શે એવા સ્વભાવવાળો છે. પોતાના આનંદવગેરે અનંતગુણોના નિર્મળ ઉત્પાદ-વ્યય-ધ્રુવને સ્પર્શે એટલે કે તે-રૂપે પરિણમે એવો આત્માનો સ્વભાવ છે. રાગસ્વરૂપે ને દુઃખસ્વરૂપે જ જે પોતાને માને તેને આનંદસ્વભાવી આત્મા અનુભવમાં આવતો નથી. અને જો અંતર્મુખ થઈને આનંદસ્વભાવી આત્માને અનુભવમાં લ્યે તો તેમાં રાગ કે દુઃખ રહેતા નથી.

હે જીવ! આવો ચૈતન્યસ્વરૂપ તારો આત્મા જ છે, તે જ તને શરણરૂપ છે; આ સિવાય બીજે ક્યાંય કોઈ તને શરણરૂપ નથી. પોતાના સ્વભાવ-સન્મુખ થઈને પરિણમે ત્યારે સ્વ-સત્તાનો સ્વીકાર કર્યો કહેવાય. એકલા પરની સન્મુખ રહીને સ્વસત્તાનો સાચો સ્વીકાર થઈ શકે નહીં. મારા પરિણામ પરથી નથી ને સ્વથી છે એમ ખરેખર સ્વીકારનારના પરિણામ સ્વસન્મુખ થવા જોઈએ, તો જ સાચું સ્વીકાર્યું છે. પરસન્મુખ-પરિણમ્યા કરે તેને

પોતાના પરિણામની સ્વતંત્રતાની એટલે કે સ્વાશ્રિત-પરિણામની ખબર નથી. 'નિજસ્વભાવની સન્મુખ થયા વગર તેનો સાચો નિર્ણય થાય નહિ'–એટલે વિકલ્પમાં ઊભા રહીને જ્ઞાનસ્વભાવનો નિર્ણય થાય નહિ,–આ મહા સિદ્ધાન્ત છે. આમાં જ્ઞાનની ને વિકલ્પની પૃથકતા જાહેર થાય છે.

પરમેશ્વરના ઘરમાં પ્રવેશવાની આ વાત છે, એટલે કે આત્માનો અનુભવ કરવાની આ વાત છે. પરમેશ્વરનું ઘર વીતરાગ છે, રાગવડે તેમાં પ્રવેશાય નહીં, એટલે કે રાગવડે તે અનુભવમાં આવે નહીં. 'હું પરમેશ્વર છું' એવા સ્વસંવેદન સહિત સ્વીકાર વગર પરમેશ્વરના ઘરમાં પ્રવેશાય નહીં; સ્વસંવેદન તે પરમાત્માના ઘરનું પ્રવેશદ્વાર છે. 'હું રાગી છું' એવા વેદન વડે વીતરાગ-પરમાત્માના ઘરમાં પ્રવેશ ક્યાંથી થશે?

આત્મા અનંત ગુણ-સ્વભાવવાળો છે–એમ સ્વીકારનારની દૃષ્ટિ ક્યાં છે? એની દૃષ્ટિ પરમાં નથી, રાગમાં નથી, કેમકે પર ઉપર કે રાગ ઉપર દૃષ્ટિ રાખીને અનંતગુણ-સ્વભાવનો સ્વીકાર થઈ શકે નહીં; અનંત ગુણ-સ્વભાવને સ્વીકારનારી દૃષ્ટિ તો સ્વસન્મુખ ઝુકેલી છે, કેમકે સ્વસન્મુખતા વડે જ તે સ્વભાવનો સાચો સ્વીકાર થાય છે. અને દૃષ્ટિ સ્વસન્મુખ થતાં પર્યાય પણ નિર્મળ જ્ઞાતાભાવે પરિણમવા લાગી, વિકલ્પનું કર્તૃત્વ તેમાં ન રહ્યું. આત્મશક્તિના વૈભવનો સ્વીકાર કરતાં આવું ફળ આવે છે.

અરે જીવ! તારા ચૈતન્યઘરની તને ખબર ન પડે ને પરાશ્રયે ધર્મ થવાની તું વાતું કર તેમાં કાંઈ તારા આત્માની નિર્મળતાનો લાભ તને નથી થાય. પર્યાયમા પોતાના આત્માનો પ્રગટ લાભ જો ન થાય તો ગમે તે ક્રિયા કે જાણપણું શા કામનું? આત્માની નિર્મળતાનો જેમાં લાભ થાય તે જ સાચું જ્ઞાન ને તે જ સાચી ક્રિયા છે, ને તે જ સાચો ધર્મ છે. પોતાને પોતાના આત્માની પ્રગટ પ્રાપ્તિ થાય ને અનુભવથી પોતાને તેની ખબર પડે ત્યારે આત્માને ખરેખર જાણ્યો ને માન્યો કહેવાય.

આત્મામાં એકસાથે અનંત શક્તિઓ છે, તેમાંથી કોઈપણ એક શક્તિનો અભાવ થતાં આખા આત્માનો જ અભાવ થઈ જાય. આત્મામાં જો પરિણામશક્તિ ન હોય તો તેના બધા ગુણો ઉત્પાદ-વ્યય-ધ્રુવતા વગરના થઈ જાય એટલે તેનું અસ્તિત્વ જ ન રહે, આત્માનું જ અસ્તિત્વ ન રહે. જો આત્મામાં જ્ઞાનશક્તિ ન હોય તો બધા ગુણો જડ થઈ જાય, આત્માનું ચેતન-

પણે અસ્તિત્વ જ ન રહે. આ [illegible] ‘અનેકાન્ત’ આત્માને [illegible] એટલે અનંત ધર્મો તેનાથી [illegible] ન રહે. એટલે કે આત્માનું [illegible] ન થાય; એટલે કે ભિન્નપણાની [illegible] આત્માનું સાચું જીવન [illegible] છે; સન્તોએ અનેકાન્તસ્વભાવે આત્માને [illegible] છે.

અનેકવિધ સંયોગો અને વિભાવોની વચ્ચે રહેવા છતાં ભગવાન આત્મા તેમનાથી ભિન્નપણે રહ્યો છે. જેમ ‘ભગવાન’ નામનો કોઈ માણસ ભીડ વચ્ચે રહ્યો છે, એનો અર્થ એ કે ભીડમાં બધાની વચ્ચે ને જુદો રહ્યો છે; તેમ આ જ્ઞાનમૂર્તિ ભગવાન આત્મા જગતના સંયોગો અને પરભાવોની વચ્ચે ઊભો હોવા છતાં તેનામાં ભીસાઈ ગયો નથી-ભેળસેળ થઈ ગયો નથી; તે તો એ બધાથી જુદો ને જુદો રહીને પોતાની અનંત શક્તિમાં જ તન્મયપણે પરિણમી રહ્યો છે. જ્ઞાનીની પરિણતિમાં રાગાદિ વ્યવહાર ભલે હો પણ તેનાથી જુદું શુદ્ધપરિણમન તેને વર્તે છે; ને શુદ્ધતામાં તન્મય છે ને રાગમાં તન્મય નથી. શુદ્ધતામાંય તન્મય પરિણમે ને રાગમાંય તન્મય પરિણમે-એમ એક સાથે બેમાં તન્મયતા બને નહિ. સ્વભાવસન્મુખી ઉત્પાદ-વ્યયમાં નિર્મળતા છે, તેમાં રાગની તન્મયતા નથી. રાગ જ્ઞેયપણે રહે છે, ને તેનું જ્ઞાન સ્વકાળમાં સમાય છે. રાગ તે ચૈતન્યનો ખરો સ્વકાળ નથી, તે તો પરકાળ છે-પરપરિણતિ છે. જ્ઞાન ને રાગ—સમય બંનેનો એક જ, ક્ષેત્ર બંનેનું સરખું—છતાં એક સ્વકાળમાં ને બીજો પરકાળમાં,-કેટલું સૂક્ષ્મ ભેદજ્ઞાન! આ તો અલૌકિક વીતરાગી-વિજ્ઞાન છે.

આ ચૈતન્યરાજા જ્ઞાનચિહ્નવાળો છે. જેમ રાજાને રાજા તરીકે દેખે તો તે રાજાને ઓળખ્યો કહેવાય; પણ રાજાને ભીખારી તરીકે દેખે તો તેણે રાજાને ઓળખ્યો ન કહેવાય. તેમ આ ચૈતન્યરાજાને જે પામર-વિકારી-રાગી-સંયોગવાળો માને તેણે ખરેખર ચૈતન્યરાજાને ઓળખ્યો નથી; ચૈતન્યરાજા તો સ્વાધીનપણે અનંત નિર્મળ ગુણોના વૈભવનો સ્વામી છે,-તેને તેવા સ્વરૂપે ઓળખે તો જ ચૈતન્યરાજાને ઓળખ્યો કહેવાય. જેમ રાજાને ભીખારી માનવો તે રાજાનું અપમાન છે તેમ ચૈતન્યરાજાને રાગી માનવો તે તેનું અપમાન છે. ભાઈ!

રાગ તે કાંઈ ચૈતન્યનું રાજચિહ્ન નથી. જો તું રાગચિહ્ન વડે જ આત્માને ઓળખતો હો તો તેં આત્માને ઓળખ્યો જ નથી. ચૈતન્યચિહ્નવડે ઓળખાય એવો આત્મા છે. ચૈતન્યરાજાને રાગનો મુગટ પહેરાવવો (રાગનું કર્તૃત્વ તેના માથે નાંખવું) તે તો રાજાને ખાસડાનો મુગટ પહેરાવીને તેનું અપમાન કરવા બરાબર છે. રાગ વગરનો ચૈતન્યરાજા પોતાના અનંત નિર્મળ ગુણ-પર્યાયના પરિણામમાં શોભતો,-તેને ઓળખીને આદર કરે તેણે આત્માને ઓળખ્યો કહેવાય. ને તેને રાગનો આદર રહે નહીં.

સ્ફટિક જેવો નિર્મળ ચૈતન્યમૂર્તિ આત્મા છે, તે રાગ વગર શુદ્ધપણે પરિણમે એવો તેનો સ્વભાવ છે. તેણે પોતાના શુદ્ધસ્વરૂપને કદી છોડયું નથી ને રાગને નિજસ્વરૂપે કદી ગ્રહ્યો નથી. ભૂતાર્થસ્વભાવમાં દૃષ્ટિ કરીને જ્યારે દેખે ત્યારે આત્મા આવો જ છે. આવા સ્વભાવને દૃષ્ટિમાં લ્યે ત્યારે જ આત્માને દેખ્યો કહેવાય, ત્યારે જ આત્માનું સમ્યક્દર્શન થાય, ને ત્યારે જ સાચા આત્માને માન્યો કહેવાય. ત્યાંથી જ ધર્મની ને મોક્ષમાર્ગની શરૂઆત છે.

પ્રવચનસાર ગા. ૯, ૧૦, ૯૯, ૧૦૦ વગેરેમાં દ્રવ્યને પરિણામસ્વભાવી કહ્યું છે; દરેક દ્રવ્ય પોતાના પરિણામસ્વભાવમાં વર્તી રહ્યું છે; ત્યાં તો છએ દ્રવ્યોની વાત છે. બધાય દ્રવ્યો પોતાના ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ જે પરિણામ-સ્વભાવ તે સ્વભાવમાં રહેલા છે, અને તેથી તેઓ સત છે. સત કહો કે ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ પરિણામસ્વભાવ કહો. તેના વગરનું કોઈ દ્રવ્ય હોતું નથી. જગતના બધા પદાર્થો પોતાના સતસ્વભાવમાં રહેલાં છે, એટલે તેઓ પરથી પૃથક્પણે પોતાના ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ પરિણામમાં વર્તે છે. આમાં તો વિકાર કે અવિકાર, જડ કે ચેતન ગમે તે પરિણામ લેવાય; તે પરિણામમાં વસ્તુ વર્તે છે.

અને અહીં, સમયસારમાં શુદ્ધ આત્મશક્તિનું વર્ણન કરતાં કહે છે કે જ્ઞાનસ્વભાવમાં દૃષ્ટિ કરતાં જ્ઞાનમાત્રભાવના જે નિર્મળ પરિણામ થયા તે નિર્મળ પરિણામમાં જ આત્મદ્રવ્ય વર્તે છે. અહીં જે ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ પરિણામ લીધા તેમાં નિર્મળ પરિણામ જ આવે. વિકાર તેમાં ન આવે; કેમકે વિકારમાં વર્તે તેને અહીં આત્મદ્રવ્ય કહેતા નથી; અહીં તો જ્ઞાનલક્ષણ જેને પ્રસિદ્ધ કરે એવા શુદ્ધ આત્મદ્રવ્યની વાત છે, એટલે જ્ઞાનાદિ નિર્મળ પરિણામ જ તેમાં આવે, વિકારપરિણામ તેમાં ન આવે. આત્મા આવા દ્રવ્ય

શક્તિનો ધરનાર હોય છે. એ [illegible]

અનિશ્ચયદ્રષ્ટિ. એટલે [illegible] નથી. રાગાદિ પરભાવોથી જ જુદો ને [illegible] સ્થાપીને આત્માને જોતાં એટલે કે [illegible] ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ જ્ઞાનપરિણામમાં જ [illegible] પરિણામની એકાગ્રતા વડે પકડાય છે. બીજે બધેથી [illegible] આત્માના સ્વભાવમાં લક્ષ એકાગ્ર કરે ત્યારે તે અનુભવમાં, શ્રદ્ધામાં ને જ્ઞાનમાં આવે છે.

પરિણામશક્તિમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ સમાય છે. પોતાની ચૈતન્યશક્તિમાં વ્યાપીને, એટલે ચૈતન્યની સાથે રહેનારી અનંત શક્તિઓમાં વ્યાપીને ઉત્પાદ-વ્યય-ધ્રુવપણે પરિણમતો આત્મા સદૃશ વિસદૃશરૂપ પોતાના સત્‌સ્વભાવમાં વર્તે છે. સત્‌સ્વભાવ સદૃશ અને વિસદૃશ બંને સ્વરૂપવાળો છે. સદૃશતામાં ધ્રુવ ને વિસદૃશતામાં ઉત્પાદ-વ્યય, એ રીતે ઉત્પાદ-વ્યય-ધ્રુવ તેમાં સમાય છે. આ બધું એક આત્મામાં એક સમયમાં સમાય છે. વિસ્તાર કરો તો અનંત ભાવોનો પાર નહીં, ને સંકેલો તો એ બધા ભાવો એક અભેદ-અનુભવમાં સમાઈ જાય.—આવો અચિંત્ય આત્મવૈભવ છે.

અરે જીવ! તારા આત્મવૈભવને જાણવા માટે તારા ઉપયોગને ચતુર કર. 'કઠણ છે-કઠણ છે' એમ કહીને એમાં કંટાળો ન કર. તું સંસારના કામમાં ચતુર ને આત્માના કામમાં મૂરખ રહે છે તે તારી ઊંધાઈ છે. જેને જાણવાથી આનંદ થાય તેને તો જાણતો નથી, ને સંસારના ડહાપણ—કે જેમાં કાંઈ સુખ નથી, જેમાં એકલું દુઃખ ને આકુળતા છે તેમાં તું ઉત્સાહ ને ચતુરાઈ બતાવે છે, તો તારી રુચિ સંસાર તરફ છે, તને આત્માના સ્વભાવની રુચિ નથી; તેથી પરપરિણામ તને સુગમ લાગે છે ને સ્વપરિણામને તું દુર્લભ માને છે. —આ વાત 'અનુભવપ્રકાશ'માં કરી છે.

પરિણામશક્તિવાળા આત્મામાં ઉત્પાદ-વ્યય-ધ્રુવનાં ત્રણ જુદા જુદા પરિણામ નથી, પણ ઉત્પાદ-વ્યય-ધ્રુવની એકતાસ્વરૂપ પરિણામ છે. એકેક પરિણામ ઉત્પાદ-વ્યય-ધ્રુવ એવા ત્રણ ભાવો સહિત છે. આવા પરિણામ-સ્વભાવમાં વસ્તુ રહેલી છે. વસ્તુનો આવો સ્વભાવ કાયમ છે. આવો સ્વભાવ

છએ દ્રવ્યોમાં છે તે વાત પ્રવચનસારમાં બતાવી છે. અને અહીં ૪૭ શક્તિમાં આત્માનો જે પરિણામસ્વભાવ લીધો તેમાં એટલી વિશેષતા છે કે વિકાર-પરિણામ તેમાં ન આવે; નિર્મળ પરિણામ જ તેમાં આવે. પ્રવચનસારમાં છએ દ્રવ્યનો જે પરિણામસ્વભાવ બતાવ્યો તેના જ્ઞાનનું ફળ પણ આ જ છે કે પોતામાં નિર્મળ પરિણામ ઊપજે; કેમકે વસ્તુસ્વભાવના સમ્યક્‌જ્ઞાનનું ફળ વીતરાગતા છે. એટલે ત્યાં જે જ્ઞાન કરાવ્યું તેનું ફળ પણ વીતરાગતા જ છે ને અહીં પરિણામશક્તિ વડે આત્માનું જે સ્વરૂપ ઓળખાવ્યુ તેનું ફળ પણ વીતરાગતા જ છે. –આ રીતે બધા શાસ્ત્રોનું તાત્પર્ય એક જ છે. કથનશૈલિમાં વિવક્ષા જુદી જુદી હોય છે. ત્યાં જ્ઞાનપ્રધાનશૈલિથી પ્રમાણનું કથન છે, એટલે છએ દ્રવ્યના બધા પરિણામની વાત છે; ને અહીં શુદ્ધદૃષ્ટિની પ્રધાનતાથી શુદ્ધઆત્માનું કથન છે એટલે તેમાં આત્માના શુદ્ધસ્વભાવની જ વાત છે.

જ્ઞાનલક્ષણે લક્ષિત જે આત્મવસ્તુ છે તે પોતાના શુદ્ધ ઉત્પાદ-વ્યય-ધ્રુવને સ્પર્શે છે; પરને તો નહિ ને વિકારનેય તે સ્પર્શતી નથી. જો નિર્મળ-સ્વભાવ મલિનભાવને સ્પર્શે તો–તો બંને એક થઈ જાય. ભાઈ, તારો નિર્મળ સ્વભાવ વિકારથી જુદો ને જુદો જ છે. તારે શુદ્ધઆત્માનો અનુભવ કરવો છેને! –તો વિકાર સાથે ભેળવીને શુદ્ધઆત્માને અનુભવી શકાય નહીં. શુદ્ધ-આત્માને શ્રદ્ધામાં ને જ્ઞાનમાં લીધા વગર તું ઠરીશ કયાં? ઉપયોગને લીન શેમાં કરીશ? શું રાગમાં ઠરીશ? વિકારમાં ઠરીશ? એ તો અસ્થાન છે, આપદ છે, એ કાંઈ જ્ઞાનલક્ષણવાળા ભાવો નથી, એ તારું ઠરવાનું સ્થાન નથી. તારું ઠરવાનુ સ્થાન તો એ છે કે જે જ્ઞાનલક્ષણવાળું છે; જ્ઞાનલક્ષણે જે લક્ષિત છે તે જ તારું નિજપદ છે. અનંત ગુણોથી પરિપૂર્ણ [illegible] જે આત્મા તે જ તારું ઠરવાનુ સ્થાન છે, તે જ આનંદનું ધામ છે. આવા આત્માને દૃષ્ટિમાં ને અનુભવમાં લઈને તેમાં ઠરતાં ચારિત્રદશારૂપ મુનિપણું થાય છે. આ રીતે આત્માના સ્વભાવને શ્રદ્ધા-જ્ઞાનમાં લઈને તેમાં ઠરતાં સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રરૂપ મોક્ષમાર્ગ થાય છે ને કેવળજ્ઞાનરૂપ આનંદ[illegible] ખૂલે છે.

ભગવાન આત્મા પૂર્ણ આનંદથી ભરેલો છે, તેની સન્મુખ થઈને સ્વાનુભવ કરતાં આનંદ પ્રગટે, તેના અસ્તિત્વમાં વિકારનું–ભેદભાવનું નાસ્તિત્વ

અમૂર્તિક જ્ઞાનસ્વરૂપ આત્મા [illegible] પોતાના જ્ઞાન [illegible] ભાન કરીને શુદ્ધ ચૈતન્યભાવરૂપે પરિણમે [illegible] સિદ્ધદશા પ્રગટે છે. ત્યાં સાક્ષાત અમૂર્તપણું પ્રગટ થાય છે. [illegible]ના કર્મ કે શરીરના સંબંધે મૂર્તપણાનો જે ઉપચાર હતો તે પણ રહેતો નથી; મૂર્તના સંબંધ વગરનો, સ્પર્શાદિ વગરનો, એકલો અરૂપી અસંખ્યપ્રદેશી ચૈતન્યબિંબ આત્મા છે. દરેક આત્માનો આવો અમૂર્તસ્વભાવ છે. સિદ્ધદશા થતાં તો સાક્ષાત્ અમૂર્તપણું પ્રગટે જ છે, પરંતુ અત્યારે પણ જ્ઞાનસ્વરૂપી આત્મા સિદ્ધ જેવો અમૂર્તસ્વભાવી જ છે. કર્મના સંબંધ વખતે પણ (એટલે કે વ્યવહારથી મૂર્તપણું હોવા છતાં પણ) તે જ વખતે શુદ્ધદૃષ્ટિથી ધર્મી જીવ પોતાના આત્માને કર્મસંબંધ વગરનો અમૂર્ત અનુભવે છે. જ્ઞાનમાત્રભાવ તો અમૂર્ત જ છે, 'જ્ઞાન'માં વળી મૂર્તિકપણું કેવું?

પ્રશ્નઃ—સિદ્ધ થાય ત્યારે આત્મા અમૂર્ત હોય, પણ અત્યારે સંસારદશા વખતે આત્માને અમૂર્ત ન કહેવાય.

ઉત્તરઃ—એમ નથી; ભાઈ, અત્યારે પણ આત્મા પોતાના અમૂર્ત-સ્વભાવે જ પરિણમી રહ્યો છે. આત્મા અમૂર્ત મટીને કદી મૂર્ત થતો નથી. ધર્મી પોતાના જ્ઞાનમાત્ર આત્માને અમૂર્તપણે જ અનુભવે છે. આત્માને જ્ઞાનમાત્ર કહેવો ને વળી મૂર્ત કહેવો–એ કેમ બને? 'જ્ઞાન' અને 'મૂર્તપણું' એ બંને એકબીજાના વિરોધી છે, એક જ વસ્તુમાં એ બંને સાથે રહી શકતા નથી; અનંતશક્તિસ્વરૂપ જ્ઞાનમાત્ર આત્મામાં દેહનો તથા કર્મનો અભાવ જ છે. એટલે તે અમૂર્ત જ છે. જો અત્યારે મૂર્ત હોય તો સિદ્ધમાં તે અમૂર્ત ક્યાંથી થઈ જાય? સંસારમાં જીવને મૂર્ત કહ્યો છે તે ઉપચારથી જ કહ્યો છે, ખરેખર મૂર્ત નથી. અત્યારે સાધકદશા વખતે જ ધર્મીને પોતાનો આત્મા કર્મબંધથી ભિન્ન અમૂર્ત જ્ઞાનમાત્રપણે પ્રગટ અનુભવાય છે. કાંઈ સિદ્ધદશા થાય ત્યારની જ આ વાત નથી, પણ આત્મા જ્ઞાનમાત્રપણે જ્યારે જ્યારે લક્ષિત થાય છે ત્યારે ત્યારે તે અમૂર્તસ્વભાવે લક્ષિત થાય છે. 'જ્ઞાનમાત્ર'માં મૂર્તનો અભાવ છે.

જ્ઞાનલક્ષણે લક્ષિત આત્મા રાગવાળોય નથી, તો કર્મના સંબંધવાળો છે એ વાત ક્યાંથી આવી? અત્યારે જ શુદ્ધનયથી જોતાં આત્મા કર્મના સંબંધ વગરનો અબદ્ધ-અસ્પૃષ્ટ દેખાય છે. જેમાં રાગનોય સંબંધ નથી

તેમાં વળી મૂર્તપણું કેવું ? ભાઈ, તારો આત્મા અત્યારે આવો જ છે, તેને તું ધીરો થઈને (આકુળતા વગર) તારા અંતરમાં દેખ. જ્ઞાનસ્વરૂપ આત્મા કેવો છે તેની આ વાત છે. જીવ જ્યારે રાગ અને કર્મના સબંધ વગરના પોતાના સ્વભાવમાં દૃષ્ટિ કરીને પરિણમ્યો ત્યારે આત્મા અમૂર્તપણે તેને અનુભવમાં આવ્યો. આ રીતે વર્તમાનમાં જ આવો અમૂર્ત આત્મા ધર્મીના અનુભવમાં વ્યક્ત થાય છે–તેની આ વાત છે. અંતર્મુખ થઈને આવા આત્માને અનુભવે ત્યારે જ ખરેખર જૈનશાસનને જાણ્યું કહેવાય, ને ત્યારે જ અમૂર્ત આત્માને જાણ્યો કહેવાય. દેહની ક્રિયા હું કરું કે દેહની ક્રિયાથી આત્માને લાભ થાય–એમ માનનારે આત્માને ખરેખર અમૂર્ત જાણ્યો નથી, તેણે તો આત્માને મૂર્ત સાથે એકમેક માન્યો છે. આત્માને અને અનાત્માને, એટલે કે જીવને અને શરીરને એકપણું કદી થઈ શકતું નથી.

કર્મના સબંધ વગરના આત્મસ્વભાવને જે દેખતો નથી–અનુભવમાં લેતો નથી, ને માત્ર કર્મના સબંધવાળા અશુદ્ધભાવપણે જ આત્માને અનુભવે છે તેને શુદ્ધ આત્માની ખબર નથી, એટલે કે સાચા આત્માની તેને ખબર નથી પણ અનાત્માને તે આત્મા માને છે. આત્માને શુદ્ધપણે દેખ્યા વગર સમ્યક્-દર્શન થાય નહીં આ વાત સમયસારની ૧૪-૧૫ ગાથાઓમાં અદ્ભુત રીતે સમજાવી છે. ભાઈ, આત્મા અત્યારે શુદ્ધનયથી કર્મબંધ વગરનો છે, ને પર્યાયને અંતર્મુખ કરતાં તેવા સ્વરૂપે આત્મા અનુભવમાં આવે છે. આવા અનુભવરૂપે આત્મા પરિણમ્યો ત્યારે આત્મા આત્મારૂપે પ્રસિદ્ધ થયો. રાગાદિને તો મૂર્ત પણ કહ્યા છે, તે અમૂર્ત-આત્મસ્વભાવથી જુદા છે ને મૂર્તકર્મના સંબધે થયેલા છે માટે તેને મૂર્ત કહ્યા. ને અવધિજ્ઞાનના મૂર્ત-વિષયમાં ગણ્યા. ભગવાન આત્માને સ્વભાવદૃષ્ટિથી જુઓ તો, અત્યારે કર્મ-સબંધની વચ્ચે રહેવા છતાં પણ તે પોતાના અમૂર્તસ્વભાવે જ પરિણમે છે. અમૂર્તપણું તેના દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં છે; અને તે જ આત્મા છે, મૂર્ત કે મૂર્તના સબધે થયેલા વિકારી ભાવો તે ખરેખર આત્મા નથી. આત્માનાં દ્રવ્ય-ગુણ અમૂર્ત ને પર્યાય મૂર્ત —એવું કાંઈ નથી. દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેથી એકાકાર આત્મા અમૂર્તપણે અનુભવમાં આવે છે. મૂર્ત એવા દેહ સાથે (કે રાગાદિ સાથે) એકપણે અમૂર્ત આત્મા [illegible] થતો નથી. અત્યારે આત્માને મૂર્ત માને ને પછી અમૂર્ત [illegible] માટે એમ બને નહીં. અમૂર્તસ્વભાવ છે તેની [illegible] અમૂર્ત [illegible]

પ્રગટે છે ને પર્યાયમાંથી [illegible] કર્મના સંબંધવાળો છે—દેહવાળો છે [illegible] તેને જ અનુભવ્યા કરે તો શુદ્ધ આત્મા અનુભવમાં ક્યારે આવશે?

પ્રશ્ન:—ગોમ્મટસાર વગેરેમાં તો જીવને મૂર્ત પણ કહ્યો છે ને?

ઉત્તર:—અશુદ્ધોપયોગમાં જીવને પુદ્ગલકર્મ સાથે નિમિત્તબંધ છે તેથી ઉપચારથી જ તેને મૂર્ત કહ્યો છે. તોપણ નિશ્ચયથી જેનો સ્વભાવ સદાય અમૂર્ત છે અને ઉપયોગ ગુણ વડે અન્ય દ્રવ્યોથી જેની અધિકતા છે એવા જીવને વર્ણાદિ મૂર્તપણું જરાપણ નથી. સમયસાર ગા. ૬૨ માં, વર્ણાદિકની સાથે જીવનું તાદાત્મ્ય માનનારને કહે છે કે—હે મિથ્યા અભિપ્રાયવાળા! જો તું એમ માને છે કે આ વર્ણાદિક સર્વે ભાવો જીવ જ છે અર્થાત્ જીવ મૂર્ત જ છે, તો તારા મતે જીવ અને અજીવમાં કંઈ જ ભેદ રહેતો નથી.

વળી જો તું એમ કહે કે સંસારી જીવને જ વર્ણાદિક સાથે તાદાત્મ્યપણું છે એટલે કે સંસારી જીવો મૂર્ત છે, તોપણ સંસારમાં સ્થિત બધા જીવો રૂપી થઈ જાય; ને રૂપી તો પુદ્ગલ હોય, જીવ ન હોય. એટલે હે મૂઢમતિ! તારી માન્યતામાં તો પુદ્ગલ તે જ જીવ ઠર્યો, એટલે મોક્ષ પણ પુદ્ગલનો જ થયો! માટે હે ભાઈ! તું ન્યાયથી સમજ કે અરૂપી એવા ચૈતન્યસ્વરૂપ આત્માને સિદ્ધદશામાં કે સંસારદશામાં કદી મૂર્તપણું નથી, તે સદા અમૂર્તસ્વભાવી જ છે. દેહાદિ મૂર્તવસ્તુના સંયોગમાં રહ્યો તેથી કાંઈ તે મૂર્ત થઈ ગયો નથી. જગતમાં છએ દ્રવ્યો એકક્ષેત્રે સદા ભેગાં રહેવા છતાં કોઈ પણ દ્રવ્ય પોતાના સ્વધર્મને છોડતું નથી ને અન્યના ધર્મરૂપ થતું નથી, આવી જ વસ્તુસ્થિતિ છે. અમૂર્તશક્તિનું કાર્ય પણ અમૂર્ત છે; આત્માના અમૂર્તત્વ ગુણે આખા આત્માને અમૂર્ત એટલે કર્મના સંબંધ વગરનો રાખ્યો છે. આવા સ્વભાવે આત્માને ઓળખવો તે જ તેની સાચી ઓળખાણ છે.

જ્ઞાનસ્વરૂપી આત્મા સ્વભાવથી અમૂર્ત જ છે; તેના ઉત્પાદ–વ્યય અમૂર્ત છે, તેના ગુણ-પર્યાયો અમૂર્ત છે; તેના સ્વભાવમાં મૂર્તનો સ્પર્શ નથી, કર્મનો સ્પર્શ નથી. આવો જ્ઞાનમૂર્તિ આત્મા અમૂર્તપણે શોભી રહ્યો છે. 'જ્ઞાનમાત્રભાવ'માં અમૂર્તપણું ભેગું સમાય છે, પણ જ્ઞાનમાત્રભાવમાં મૂર્તપણું ભેગું સમાતું નથી. જ્ઞાનમાત્રમાં કર્મનો સંબંધ ક્યાંય આવતો નથી, કે દેહાદિની ક્રિયા આવતી નથી. અમૂર્ત આત્મા મૂર્તની ક્રિયાને કેમ કરે? આવો આત્મા

દૃષ્ટિમાં ને અનુભવમાં લીધા વગર ધર્મ થાય નહીં; એટલે આત્મવૈભવની પ્રસિદ્ધિ થાય નહીં. 'આત્મવૈભવ કેમ પ્રસિદ્ધ થાય' તે વાત આ 'આત્મ-ખ્યાતિ'માં બતાવી છે.

આત્માના જ્ઞાન સાથે અવિનાભાવી ધર્મોનું આ વર્ણન છે. શું જ્ઞાન સાથે મૂર્તપણું હોય?—ના; જ્ઞાન સાથે તો અમૂર્તપણું હોય. આત્માને જ્ઞાન-માત્ર કહે અને વળી તેમાં કર્મનો સંબંધ કે મૂર્તપણું માને તો તેણે ખરેખર આત્માને જ્ઞાનમાત્ર નથી જાણ્યો. જ્ઞાનમાત્ર આત્મામાં જેમ દુઃખ નથી તેમ જ્ઞાનમાત્ર આત્મામાં મૂર્તનો સંબંધ નથી. જ્ઞાનમાત્ર વસ્તુ સ્પર્શાદિ રહિત જ છે. જ્ઞાન સાથેનું જે સ્વવીર્ય છે તે અમૂર્તપણાને રચે છે, તે કાંઈ મૂર્તના સંબંધને રચતું નથી. આ પ્રમાણે જ્ઞાન સાથેના બધા ગુણો અમૂર્તભાવે વર્તી રહ્યા છે. જ્ઞાનશક્તિથી આખો આત્મા જ્ઞાનમાત્ર છે તેમ અમૂર્તત્વ-શક્તિથી આખો આત્મા અમૂર્ત છે, તેના દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે અમૂર્ત છે, તેમાં મૂર્તનો સંબંધ કેવો?—અને મૂર્તકર્મનો સંબંધ થવાના કારણરૂપ વિભાવ પણ તેના સ્વભાવમાં કેવા? અરે, અશરીરી ચૈતન્યબિંબ અરૂપી આત્માને મૂર્તશરીરના સંબંધથી ઓળખવો તે તો શરમ છે—કલંક છે. પોતાની અનંત ચૈતન્યશક્તિમાં ભગવાન આત્માએ મૂર્તપણાને કદી અડ્યું જ નથી. ઉપચારથી ક્યાંક મૂર્ત કહ્યો પણ તે ઉપચારની વાત અહીં સ્વભાવમાં લાગુ પડતી નથી. અહીં તો સ્વભાવ ઉપર દૃષ્ટિ કરીને આત્મા અરૂપપણે પરિણમે, અને તેમાં ઉપચારનો કે પરના સંબંધનો અભાવ થઈ જાય એવી વાત છે.

પંચાસ્તિકાય વગેરેમાં આત્માના દ્રવ્ય-ગુણ-પર્યાય અમૂર્ત કહ્યા છે. પુદ્ગલ સિવાયના પાંચે દ્રવ્યો અમૂર્ત છે—એમ કહ્યું છે. ત્યાં તો [illegible] વિકારી પરિણામ પણ તે અમૂર્તપણામાં સમાય છે. અને અહીં [illegible] જે અમૂર્તસ્વભાવ કહ્યો તેમાં એ વિશેષતા છે કે રાગાદિ વિકારભાવો તેમાં ન આવે. જ્ઞાનલક્ષણે લક્ષિત જે અમૂર્તસ્વભાવ છે તે અહીં બતાવ્યો છે એટલે તેમાં પુણ્ય-પાપરહિત નિર્મળ અમૂર્તપણું જ આવે છે; વિકાર [illegible] અમૂર્તપણામાં સમાતો નથી, કેમકે તે 'જ્ઞાનલક્ષણે લક્ષિત' નથી.

આત્માના ચૈતન્યમંદિરમાં બિરાજમાન અનંત શક્તિરૂપી દેવીનું આ વર્ણન છે. એકેક શક્તિ દિવ્ય [illegible] દેવી છે [illegible]

મૂર્ખજીવો પરને જ ભજી રહ્યા છે. ભાઈ, તારી ચૈતન્યગુફામાં મહાન ખજાના ભર્યાં છે, તેને ઓળખીને તેને ભજ. કર્મનાં બંધનને તોડવાની શક્તિ તારામાં છે. કર્મ સાથે નિમિત્ત-નૈમિત્તિકસંબંધ તે વ્યવહાર છે. શુદ્ધાત્માની દૃષ્ટિમાં તે સંબંધનો સ્વીકાર નથી; તેમાં તો શુદ્ધતાનો જ સ્વીકાર છે. શુદ્ધ સ્વભાવની દૃષ્ટિથી જે નિર્મળપર્યાય પ્રગટી તેને પણ કર્મ સાથે સંબંધ નથી; ભાવબંધનોય સંબંધ તે નિર્મળપર્યાયમાં નથી. શુદ્ધ દ્રવ્ય-ગુણ-પર્યાય તે જ આત્મા છે, તેમાં વિકાર નહિ, પરનો સંબંધ નહિ.

અરે, આત્મા અનંત ચૈતન્યશક્તિનો દરિયો; એ દરિયા તે કોઈથી બંધાતા હશે? આ દરિયો પોતાની પર્યાયના સ્વચ્છ તરંગપણે ઉલ્લસ્યો ત્યાં કોઈ તેને રોકનાર નથી, બાંધનાર નથી, તેમાં કર્મનો સંબંધ નથી. આવી પર્યાય સહિત ભગવાન આત્મા સ્વાનુભવમાં પ્રગટે છે, સ્વાનુભવમાં આનંદનો દરિયો ડોલે છે. સ્વાનુભવમાં નિર્મળ પર્યાય સહિત આત્મા પ્રકાશમાન થયો તેના ગંભીર ભાવોનું આ વર્ણન છે. અહા, સ્વાનુભૂતિના એક ટંકારે જે કેવળજ્ઞાન લ્યે-એવી મહાન જેની તાકાત, તેને પોતાના આત્માની આ વાત ન સમજાય -એમ કહેવું તે તો લાજ છે, શરમ છે. પોતાનું સ્વરૂપ પોતાને કેમ ન સમજાય? સમજવાની ખરી લગન હોય તો જરૂર સમજાય. જ્ઞાનસ્વરૂપ આત્માને અજ્ઞાનમાં રહેવું ને સંસારમાં જન્મ-મરણ ધારણ કરવા તે તો કલંક છે -શરમની વાત છે. શ્રી યોગીન્દુદેવ યોગસારમાં કહે છે કે—

ધ્યાનવડે અભ્યંતરે દેખે જે અશરીર,
શરમજનક જન્મો ટળે, પીએ ન જનની-ક્ષીર. (૬૦)

અરે પ્રભુ! તું અશરીરી, તને આ શરમજનક શરીર ધારણ કરીને સંસારમાં રખડતાં શરમ નથી આવતી? -ને ભવના અભાવની આ વાત સાંભળતાં તને શરમ લાગે છે!! ભવના અભાવની વાત સમજવામાં તને ઉમંગ-ઉત્સાહ નથી આવતો ને સંસારની વાતમાં તને ઉત્સાહ આવે છે-તો તું ભવથી ક્યારે છૂટીશ? ભવથી છૂટવું હોય, શરીરરહિત થવું હોય તો ધ્યાનવડે તારા અંતરમાં અશરીરી આત્મસ્વભાવને દેખ...અશરીરી આત્માના અનુભવ વડે તને અશરીરી સિદ્ધદશા થશે, ને શરમજનક જન્મોથી તારો છૂટકારો થશે, ફરીને બીજી માતાનું દૂધ તારે નહીં પીવું પડે.

ભાઈ, અંતરમાં આત્માનો મહિમા અપાર છે, આત્માનો વૈભવ

અચિંત્ય છે, તેને તું દેખ. અહા, જેના ઉદયે ચૌદ બ્રહ્માંડમાં અજવાળાં થાય ને ઇન્દ્રોનાં ઇન્દ્રાસન ડગમગી જાય એવી તીર્થંકરપ્રકૃતિ, તે તારા એક વિકલ્પનું ફળ! -ને એ વિકલ્પ પણ તારા સ્વભાવની ચીજ નહિ: તો વિચાર તો ખરો કે તારા અચિંત્ય ચૈતન્યસ્વભાવની શક્તિ કેટલી? મનુષ્યલોકમાં તીર્થંકર ભગવાનનો મંગલ જન્મ થતાં સ્વર્ગમાં ઇન્દ્રનું સિંહાસન કંપી ઊઠે છે, ત્યારે ઇન્દ્રને ખ્યાલ આવે છે કે અહો! મધ્યલોકમાં ભરતમાં વિદેહમાં કે ઐરવતક્ષેત્રમાં દેવાધિદેવ તીર્થંકરનો અવતાર થયો. ધન્ય એમનો અવતાર! ધન્ય આ પ્રસંગ! જગતમાં આશ્ચર્યકારી મંગળ પ્રસંગ છે...ચાલો. એ કલ્યાણક ઉત્સવ ઉજવવા મધ્યલોકમાં જઈએ. અહા, ભક્તિથી ઊર્ધ્વલોકના ઇન્દ્રો પણ મનુષ્યલોકમાં ઊતરે-એ પ્રસંગ કેવો! ઇન્દ્ર ચારે પ્રકારના દેવોની સેના લઈને ઠાઠમાઠ સહિત ભગવાનનો જન્માભિષેક કરવા અને પૂજન વગેરે ઉત્સવ કરવા આવે છે ને આશ્ચર્યકારી મહોત્સવ કરે છે.-આવું તો જેના સ્વભાવની બહારના એક વિકલ્પનું ફળ, તો એના સ્વભાવના અંતરના સામર્થ્યના મહિમાની શી વાત!-એ તો વિકલ્પથી પાર! એના અનુભવના આનંદ પાસે જગતના સ્વાદ ફિક્કા લાગે. ભાઈ, આવો આત્મા તું પોતે છો; તારા સ્વભાવનો મહિમા લક્ષમાં લઈને તેને અનુભવમાં લેવાનો વારંવાર ઉદ્યમ કર.

તીર્થંકરપ્રભુની માતાના દોહલા-મનોરથ ને સ્વપ્નાં પણ કોઈ લોકોત્તર હોય છે, ચારે કોરનાં તીર્થોની વંદના કરીએ, જગતમાં ધર્મની પ્રભાવના કરીએ, મેઘવૃષ્ટિ થાય, ભગવાનના દર્શન કરીએ-એવા પ્રકારના ભાવો તેમને જાગે છે, કેમકે તીર્થંકર જેવો લોકોત્તર પુત્ર તેમની કુખમાં બિરાજે છે. અહીં કહે છે કે આવા લોકોત્તર પુણ્યના ઠાઠથી પણ પાર આત્માના સ્વભાવની આ વાત છે. લોકોત્તર પુણ્યને પણ જે સ્પર્શતો નથી, તેનાં તન્મય થતો નથી એવા સ્વભાવના આનંદની શી વાત! આનંદસ્વભાવની સન્મુખ પરિણમતો આત્મા તે વિકાર સામે જોતો નથી, કર્મને કે તેના ફળને પોતામાં સ્વીકારતો નથી; ને જેનાથી કર્મ બંધાય છે એવા રાગભાવને પણ પોતામાં સ્વીકારતો નથી. આવો જ્ઞાનાનંદસ્વભાવી આત્મા 'ચૈતન્ય દરિયો, નૂર ભર્યો ભરિયો'-તેના આશ્રયે નિર્મળ પર્યાય ઊપજે છે. મૂર્ત-ઇન્દ્રિયોના સંબંધ વગરનો અતીન્દ્રિય આનંદ અનુભવાય છે ને કર્મના સંબંધ તૂટીને સિદ્ધપદ થાય છે.-આવું અમૂર્તપણું જ્ઞાનમાં છે.

આહા, જ્ઞાનનો અમૂર્ત સ્વભાવ! અમૂર્તજ્ઞાન પોતે મૂર્ત આહારને કેમ કરે? મૂર્ત વચનને કેમ બોલે? કે મૂર્ત શરીરના કામ કેમ કરે? અમૂર્ત-જ્ઞાનમાં મૂર્તકર્મોનો સંબંધ કેમ હોય? આવા અમૂર્ત જ્ઞાનની ભાવના અનુભવ વડે સમસ્ત કર્મનો અભાવ થઈને સાક્ષાત્ અમૂર્ત એવી સિદ્ધદશા પ્રગટે છે. તેમાં અસંખ્ય પ્રદેશ વ્યક્ત થઈ જાય છે એટલે કે નિમિત્તપણે પણ કર્મનું આવરણ રહેતું નથી.

આ આત્મા અનંતશક્તિરૂપી અનંત પાસાવાળો ચૈતન્ય હીરો છે. આ ચૈતન્ય હીરાનો અલૌકિક મહિમા આચાર્યદેવે આ સમયસારમાં ખુલ્લો મૂક્યો છે. અહા, આત્મસ્વભાવનો અપાર મહિમા નિજવૈભવથી સન્તોએ પ્રસિદ્ધ કર્યો છે. આવી શક્તિવાળો ભગવાન આત્મા દૃષ્ટિમાં આવતાં તેનું પરિણમન પુણ્ય-પાપથી જુદું પડીને સ્વભાવ તરફ ઝૂકે છે, એટલે તે પરિણમનમાં આત્મ-શક્તિઓ નિર્મળપણે વ્યક્ત થાય છે. અરે ભાઈ! આવા આત્માને જાણ્યા વગર તું સાચા તત્ત્વનો નિર્ણય ક્યાંથી કરીશ? તારી નિજશક્તિને જાણ્યા વગર તું તેને સાધીશ કેવી રીતે? સ્વસંવેદનમાં આવી શક્તિવાળો આત્મા પ્રગટ થાય છે, ને એવા સ્વસંવેદન વડે જ આત્મા સધાય છે. પણ એને માટે જગતથી કેટલો વૈરાગ્ય! કેટલી ઉદાસીનતા! સ્વભાવનો કેટલો ઉલ્લાસ ને કેટલો પુરુષાર્થ જોઈએ!—આવા પ્રયત્નથી સ્વસંવેદન વડે ચોથા ગુણસ્થાને આત્મપ્રતીતિરૂપ સમ્યગ્દર્શન થાય છે. સમ્યગ્દર્શન થતાં નિર્મળ દ્રવ્ય-ગુણ-પર્યાયમાં વ્યાપીને આત્મા પરિણમે છે; ત્યાં વિકારનો ને કર્મનો સંબંધ છૂટી જાય છે. —આવું અમૂર્તજ્ઞાનનું સમ્યક્ પરિણમન છે.

ચૈતન્યહીરાની ખાણમાં વિકાર ભર્યો નથી, તેમાં તો તેના અનંતગુણની નિર્મળતારૂપી હીરા ભર્યા છે. વિકારની ખાણમાં શોધે તો ચૈતન્યગુણરૂપી હીરા મળે નહિ. ચૈતન્યની ખાણમાં વિકાર નહીં ને વિકારની ખાણમાં હીરા નહીં. જેની ખાણમાં જે હોય તેમાંથી તે નીકળે. અનંત ગુણમણિની જે ખાણ છે એવા આત્માને દૃષ્ટિમાં લેતાં તેમાંથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી ઉત્તમ રત્નો નીકળે છે. આત્મશક્તિમાં એવી વીરતા છે કે વિકારને તાબે થાય નહીં. જ્ઞાનશક્તિ પોતામાં અજ્ઞાનને આવવા ન દે, આનંદ પોતામાં દુઃખને આવવા ન દે, તેમ અમૂર્તસ્વભાવ મૂર્તપણાને પોતામાં આવવા ન દે. આ રીતે આત્માની દરેક શક્તિ પોતાના સ્વરૂપને નિર્મળપણે સાધે છે. સ્વશક્તિવડે

આત્મા પોતાની રક્ષા કરે છે ને પોતાના સ્વઘરમાં સ્થિર રહે છે. આવી અનંત શક્તિવાળો આત્મા છે તેને અંતર્મુખ થઈને જાણવો-માનવો-અનુભવવો તે અમૂર્ત થવાનો, એટલે કે મૂર્તકર્મના સંબંધ રહિત સિદ્ધ થવાનો ઉપાય છે.

અમૂર્તત્વશક્તિનું વિવેચન પૂર્ણ થયું. (૨૦)





ૐ

સ્વાલંબી ઉપયોગરૂપ સ્વરૂપને સાધીને
જે એકત્રણ સિદ્ધ થયા તે જ જિન
અમરિણીએ ... સિદ્ધપદે બિરાજે છે,
તેના સ્મરણના કારણરૂપ
આ તીર્થ નિમિત્ત છે.



—અમારા આત્મવૈભવ વડે કહેવાય છે—

[illegible] ... પ્રમાણ વડે પ્રમાણ કરજો, [illegible] તેમાં મારા વર્તતા [illegible] આત્મવૈભવ [illegible] છઠ્ઠા ગાથા [illegible] દ્રવ્ય અપ્રમત્ત નથી અને પ્રમત્ત નથી [illegible] નિષેધ કરતો હું એક જ્ઞાયક [illegible] મારી વર્તમાન વર્તતી દશાથી હું છું' મુનિપણાની દશા [illegible] એ બે ભૂમિકામાં હજારો વાર [illegible] તે ભૂમિકામાં વર્તતા મહામુનિનું આ કથન છે.

સમયપ્રાભૃત એટલે સમયસારરૂપી ભેટણું. જેમ રાજાને મળવા ભેટણું આપવું પડે છે તેમ પોતાની પરમ ઉત્કૃષ્ટ આત્મદશાસ્વરૂપ પરમાત્મદશા પ્રગટ કરવા સમયસાર-જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ આત્મા તેની પરિણતિરૂપ ભેટણું આપ્યે પરમાત્મદશા—સિદ્ધદશા—પ્રગટ થાય છે.

આ શબ્દબ્રહ્મરૂપ પરમાગમથી દર્શાવેલા એકત્વવિભક્ત આત્માને પ્રમાણ કરજો, છલ ન ગ્રહજો, કલ્પના કરશો નહિ. આનું બહુમાન કરનાર પણ મહાભાગ્યશાળી છે.

(પોતાના જ હસ્તાક્ષરમાં)

સદ્‌ગુરુદેવના હૃદયોદ્‌ગાર



[૨૧]

અકર્તૃત્વ શક્તિ

[सकलकर्मकृतज्ञातृत्वमात्रातिरिक्तपरिणामकरणोपरमात्मिका अकर्तृत्वशक्तिः]



ૐ

આત્માનો સ્વભાવ [illegible]

[illegible]



"**સ**મયસાર એટલે આત્મા. તેના અનંત વૈભવનું આ વર્ણન છે. આત્મા ત્રણલોકમાં સૌથી શ્રેષ્ઠ સારભૂત પદાર્થ છે. એક સમયમાં અનંતગુણોને અને તેના નિર્મળ પરિણમનને ધારણ કરે એવા અદ્ભુત તાકાતવાળો આત્મા છે. આવો આત્મા ત્રિલોકનો સાર છે. ને ધર્મીનો ધ્યેય છે. બધા પદાર્થોમાં આત્માની ઊર્ધ્વતા છે, કેમ કે આત્મા ન હોય તો જગતને જાણે કોણ? જગત છે-એમ તેના અસ્તિત્વનો નિર્ણય આત્માના અસ્તિત્વમાં જ થાય છે. જગતનો જાણનાર એવો જે જ્ઞાનસ્વરૂપ આત્મા, તેના અસ્તિત્વના સ્વીકાર વગર જગતના કોઈ પદાર્થના અસ્તિત્વનો નિર્ણય થઈ શકે નહીં. માટે બધા પદાર્થોમાં આત્માની ઊર્ધ્વતા છે. આવો ચૈતન્યરાજા ભગવાન આત્મા છે, તેના ચૈતન્ય-વૈભવનું આ વર્ણન છે.

આત્માને 'જ્ઞાનમાત્ર' કહ્યો તેથી કાંઈ તેનામાં એકલું જ્ઞાન જ છે-એમ નથી, જ્ઞાન સાથે બીજા અનંત ગુણના ભાવો પણ વર્તે છે, ને સર્વજ્ઞના અનેકાન્તવડે તેની પ્રસિદ્ધિ થાય છે, તેનું આ વર્ણન છે. વચનમાં ક્રમ પડે છે પણ વેદનમાં ક્રમ પડતો નથી, જ્ઞાનના વેદનમાં અનંત ધર્મોનું વેદન એક સાથે સમાઈ જાય છે. અખંડ આત્માના વેદનમાં અનંતા ધર્મોનો સ્વાદ આવે છે, તે વેદનમાં જ્ઞાનની સાથે એક અકર્તૃત્વ નામનો ધર્મ પણ આવે છે. કર્મથી કરવામાં આવેલા જે સમસ્ત પરભાવો છે તેઓ જ્ઞાતાપણાથી જુદા છે, એટલે જ્ઞાનસ્વરૂપ આત્મામાં તે પરિણામોનું અકર્તૃત્વ છે; જ્ઞાનભાવરૂપે પરિણમેલો આત્મા તે કર્મકૃત પરિણામોના કર્તૃત્વથી વિરામ પામી ગયો છે. જ્ઞાનપરિણામ છે તે રાગાદિ પરિણામોને કરવાના ઉપરમસ્વરૂપ છે. કર્મ તરફના વલણવાળા જેટલા પરપરિણામ છે તે બધાય પરિણામ જ્ઞાનપરિણતિથી જુદા છે; એટલે તેમનું કર્તૃત્વ છોડીને જ્ઞાનમાત્રભાવરૂપે પરિણમે એવી અકર્તૃત્વશક્તિ આત્મામાં છે. જે રાગના કર્તૃત્વમાં રોકાઈ રહે તેણે જ્ઞાનસ્વરૂપ આત્માને જાણ્યો નથી, તેને જ્ઞાન પ્રગટ્યું નથી. જો જ્ઞાન પ્રગટે તો તે રાગનું અકર્તૃત્વ ભેગું લઈને જ પ્રગટે છે. જ્ઞાનને અને રાગાદિના કર્તૃત્વને વિરોધ છે, એ બંને સાથે રહેતા નથી; પણ જ્ઞાનને અને રાગાદિના અકર્તૃત્વને સહભાવીપણું છે, એ બંને ધર્મો સાથે જ પરિણમે છે.

આત્મવસ્તુ પોતે એકસાથે અનંત ગુણસ્વરૂપ છે. એના અનંત ગુણની સુખડીનો સ્વાદ એકવાર ચાખે તો આત્માની અનંતકાળની ભૂખ ભાંગી જાય,

ને જન્મ-મરણનાં દુઃખ મટીને અપૂર્વ તૃપ્તિ થાય. આત્માની શક્તિઓ સુખકરી છે—સુખની કરનાર છે. આત્માના સુખરૂપી સુખડીનો સ્વાદ ચાખતાં અંદર શું થાય તેની આ વાત છે. જેમ શેરડીમાં મીઠો રસ છે તેમ આત્મા પરમ-શાંત અનાકુળરસથી ભરેલો છે. તેનામાં આનંદ ભર્યો છે. જગતના જીવોને બહારના પદાર્થોમાં વસ્ત્રમાં મીઠાઈમાં રસતગસતમાં સ્ત્રીમાં મકાનમાં રેડીયા મોટર કે ધન વગેરેમાં ને રાગમાં સુખ ભાસે છે, તે તો મૂઢતાથી માત્ર માનેલું છેઃ ખરેખર તેમાં ક્યાંય સાચા સુખનો અંશ પણ નથી. આત્માના સ્વભાવમાં સહજ સુખ છે. બહારમાં આનંદ ન હોવા છતાં કલ્પનાથી તેમાં જે આનંદ માને છે તે પોતે આનંદસ્વરૂપ છે. પોતાનો આનંદ પોતામાં ભર્યો છે, પણ પોતાના આનંદને ભૂલ્યો એટલે તેનો આરોપ બીજામાં કર્યો કે 'આમાં મારો આનંદ છે.'—પણ એ આરોપ મિથ્યા છે—ખોટો છે. પરમાં મારું સુખ—એનો અર્થ એ થયો કે આત્મા અહીં ને તેનું સુખ ક્યાંક બીજે. એટલે આત્મા અને સુખ બંને જુદા જ ઠર્યાઃ સુખ તે આત્માનો સ્વભાવ ન રહ્યો!—પણ ભાઈ, એવો આત્મા ન હોય. આત્મા તો સુખસ્વરૂપ છે. આત્મા આનંદથી ખાલી નથી, આત્મા પોતાના આનંદથી ભરેલો છે. [illegible] કરતાં આનંદના સ્વાદનું વેદન થાય છે. ને તે વેદનમાં રાગાદિ પરભાવોનું [illegible] છે.

જેણે અનાદિનું દુઃખ ટાળીને આનંદ પ્રગટ કરવો હોય ને જન્મ-મરણ ટાળવા હોય તેણે પરભાવોના અકર્તારૂપ આત્મસ્વભાવને ઓળખીને તેનું અવલંબન લેવું. એના અવલંબને દુઃખ ટળશે ને સુખ થશે. [illegible] બીજા ઉપાયે દુઃખ ટળશે નહિ ને સુખ થશે નહિ. ચૈતન્યથી [illegible] પરભાવોનું કર્તૃત્વ કે ભોક્તૃત્વ તે દુઃખમય છે. તે આત્માના [illegible] નથી. આત્માની શક્તિ, સ્વભાવ, ગુણ કે ધર્મ, તે વિકારમાં નથી. [illegible] પણ ચૈતન્યમય નિજભાવમાં છે. આત્માનો [illegible] નિમિત્તે થયેલા સમસ્ત પરભાવોના કર્તૃત્વ વગરનો છે. તે [illegible] કર્તૃત્વ આત્માના સ્વભાવમાં નથી. સ્વભાવસન્મુખ [illegible] આત્મા પરિણમ્યો ત્યાં વિકારનું કર્તૃત્વ છૂટી ગયું [illegible] નથી કે વિકારને કરે. જ્ઞાનસ્વભાવમાં [illegible] છૂટીને નિર્મળ પર્યાય પરિણમે છે. [illegible] ધર્મીનો [illegible] છે. વિકારના કર્તૃત્વરૂપ [illegible] નથી. [illegible]

ભાવો છે–અસ્વભાવભાવો છે. તે અનાત્મભાવોનું કર્તૃત્વ શુદ્ધઆત્મામાં નથી. શુદ્ધઆત્મસ્વભાવમાં તેમનું કર્તૃત્વ નથી માટે તે પરભાવોને કર્મકૃત કહ્યા, ને તેમના કર્તૃત્વ વગરનો શુદ્ધ આત્મા બતાવ્યો.

આઠે કર્મોના નિમિત્તથી થયેલા જેટલા અશુદ્ધભાવો છે તે બધાય શુદ્ધનયના વિષયમાં નથી: તે અશુદ્ધભાવો આત્માના શુદ્ધ સ્વભાવનું કાર્ય નથી. જ્ઞાનસ્વભાવી આત્મા કર્તા થઈને સમ્યક્ત્વાદિ નિર્મળ વીતરાગ પરિણામને કરે છે, તે નિર્મળ પરિણામમાં વિકારના કર્તૃત્વનો અભાવ છે. મોહકર્મના સંગથી જે અશુદ્ધભાવ થાય તેને મોહકૃત કહ્યો, એટલે કે કર્મના સંગ વગરના નિર્મોહી જ્ઞાનસ્વભાવી આત્મા વડે તે અશુદ્ધભાવ કરવામાં આવતો નથી. તે ચેતનનો આત્મભાવ નથી પણ મોહભાવ છે. તેને કર્મકૃત કહીને અહીં વિકાર વગરનો આત્મસ્વભાવ અને તેની શક્તિઓનું નિર્મળ કાર્ય બતાવવું છે. વિકારીભાવો જ્ઞાતાના સ્વભાવભૂત નથી પણ જ્ઞાતાથી જુદા છે; જેને પોતાથી જુદા જાણે તેનું કર્તૃત્વ ધર્મી પોતામાં કેમ સ્વીકારે? ધર્મી જાણે છે કે હું જ્ઞાતા છું, મારું કાર્ય જ્ઞાનમયભાવ છે, વિકારભાવ તે મારું કાર્ય નથી. આમ ભેદજ્ઞાનના બળે વિકારથી જુદી ને જુદી જ્ઞાનધારા ધર્મીને વર્તી રહી છે કે જે મોક્ષને સાધે છે. અહા, સ્વસન્મુખ થઈને અનંતી નિજ-શક્તિના નિર્મળ પરિણમનના હિલોળે ચડેલો ધર્માત્મા વિકારમાં કેમ ભળે? વિકારનો કર્તા કેમ થાય?–ન જ થાય. અનંત ગુણ-રત્નોથી ભરેલો ચૈતન્ય-રત્નાકર ધર્મીના અંતરમાં ઉલ્લસી રહ્યો છે; તે ચૈતન્યરત્નાકરમાં ડુબકી મારીને તેની શ્રદ્ધા અને એકાગ્રતા કરતાં અનંત ગુણનું નિર્મળ પરિણમન હિલોળે ચડે છે એટલે કે પર્યાયમાં નિર્મળતાના તરંગો ઊછળે છે....આનંદનો આખો દરિયો ઊછળે છે; જેમ સમુદ્રમાં ભરતી આવે તેમ ચૈતન્ય-સમુદ્રમાં આનંદની ભરતી આવે છે. આવા નિર્મળ પરિણમનમાં વ્યવહારના વિકલ્પો પુણ્ય-પાપ વગેરે સર્વ પરભાવોનો અભાવ છે, એટલે ધર્માત્મા તે પરભાવોના અકર્તાપણે પરિણમ્યા છે. આ રીતે પરભાવોના કર્તૃત્વથી છૂટીને ચૈતન્ય-સમુદ્રના નિર્મળ આનંદના હિલોળે ઉલ્લસતો આત્મા, તેને જ 'આત્મા' કહીએ છીએ. વિકારને 'આત્મા' કહેતા નથી. વિકારનું કર્તૃત્વ જો ભગવાન આત્માના સ્વભાવમાં હોય તો તો આખો આત્મા વિકારમય જ હોય, ને વિકારનું કર્તૃત્વ કદી છૂટે જ નહિ, એટલે વિકારથી જુદો જ્ઞાનભાવ તો કદી થાય જ નહીં. –એવા જ્ઞાનભાવ વગરના આત્માને તો 'આત્મા' કોણ કહે? સર્વજ્ઞભગવાને

તો આત્મા જ્ઞાનભાવમય કહ્યો છે, સંતોએ પોતાના સ્વાનુભવમાં પણ આત્માને જ્ઞાનમય અનુભવ્યો છે. ભાઈ! આવો તારો આત્મા છે, તેને તું જાણ.

આત્મસ્વભાવની કોઈ શક્તિમાં વિકારનું કર્તૃત્વ નથી. જોકે અજ્ઞાનભાવે આત્માને વિકારનો કર્તા કહ્યો છે, પરંતુ તે અજ્ઞાનભાવ કે વિકાર શુદ્ધ આત્મસ્વભાવમાં ન આવે; એટલે શુદ્ધઆત્માની દૃષ્ટિથી જોતાં તે અજ્ઞાનજન્ય કર્તૃત્વ છૂટી જાય છે, ને નિર્મળ પર્યાયનું કર્તૃત્વ ખીલે છે. આત્મા પરનું તો કાંઈ ન કરે. ને વિકારનુંય કર્તૃત્વ આત્માના સ્વભાવમાં નથી: આવો એકલો અકર્તા જ્ઞાયકભાવ છે; આવા સ્વભાવે આત્માને જાણવો તે જૈનદર્શન છે. પરના કર્તૃત્વવાળો આત્મા માનવો તે તો ભ્રમણા છે. જૈનધર્મનું વીતરાગી વિજ્ઞાન તો સ્વ-પરનું ભેદજ્ઞાન કરાવે છે, ને પર સાથેની એકતાબુદ્ધિ છોડાવે છે: તેને બદલે તું સ્વ-પરની એકત્વબુદ્ધિ કરીશ ને પરનાં કર્તૃત્વનું અભિમાન કરીશ —તો એ એકતાબુદ્ધિનાં દુઃખ તને આકરા પડશે. બાપુ! એ દુઃખથી બચવું હોય ને સુખી થવું હોય તો અકર્તાપણે શોભતા એવા તારા જ્ઞાયકભાવને ઓળખ.

પરનાં કાર્યનું કર્તૃત્વ આત્માના દ્રવ્ય-ગુણમાં તો નથી. [illegible] એવો ધર્મ નથી કે પરનું કાંઈ કરે. એ જ રીતે વિકારનું કર્તૃત્વ [illegible] દ્રવ્ય-ગુણસ્વભાવમાં નથી, પર્યાયમાં જોકે એવી [illegible] જ્યાં દ્રવ્યસ્વભાવની સન્મુખ થઈને આત્મા [illegible] ત્યાં તેની [illegible] પણ વિકારનું કર્તૃત્વ રહેતું નથી. આ રીતે પર્યાયમાં [illegible] સહિતની આ વાત છે.

અરે, આ જીવન તો ક્ષણમાં [illegible] થઈ જશે! તેનો મેળ નથી. માટે શરીરની [illegible] સંભાળ કર, ભાઈ! શરીરને સરખું રાખવું તે [illegible]; આત્માની સંભાળ કરવી—તેનાં શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર [illegible] વાત છે. સન્તો તને તારી અપાર શક્તિનો [illegible] હે જીવ! આવો ઉત્તમ અવસર પામીને [illegible] તારા [illegible] વૈભવ [illegible] જુઓ, [illegible] વાત [illegible] છે—

(૧) પરનું કર્તૃત્વ તો કોઈ [illegible] કોઈ રીતે નથી.

(૨) વિકારનું કર્તૃત્વ દ્રવ્ય-ગુણમાં તો [illegible] નથી, પર્યાયમાં અજ્ઞાનભાવે વિકારના કર્તાપણે [illegible] પરિણમે છે.

(૩) નિજસ્વભાવશક્તિની સંભાળ કરીને જે જીવ [illegible] નિર્મળ પર્યાયરૂપે પરિણમ્યો તેને પર્યાયમાં પણ વિકારનું કર્તૃત્વ નથી. તે જીવ વિકારનો સાક્ષાત્ અકર્તા થઈને જ્ઞાનભાવરૂપે પરિણમે છે.

૧-પરથી પૃથક્પણું, ૨-વિભાવનું વિપરીતપણું તથા હેયપણું, અને **૩-સ્વભાવનું સામર્થ્ય** તથા ઉપાદેયપણું—આ ત્રણે બોલ ઉપરની ત્રણ વાતમાં **આવી જાય છે.**

જે અકર્તૃત્વશક્તિવાળા પોતાના આત્મસ્વભાવને સ્વીકારે તેને પર્યાયમાં વિકારનું અકર્તૃત્વ પ્રગટ થયા વગર રહે નહિ. એ રીતે પર્યાયમાં પ્રગટ પરિણમન થાય ત્યારે જ શક્તિનો સાચો સ્વીકાર થાય છે; એટલે દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં વિકારનું અકર્તૃત્વ છે.–આવો આત્મા ઓળખ્યો તે જ સાચા આત્માની ઓળખાણ છે. આત્માને વિકારના કર્તૃત્વવાળો જ દેખે તેણે જ્ઞાનસ્વરૂપી સાચા આત્માને જાણ્યો નથી.

બાપુ! તારે સાચો થવું છેને!–તો સાચા આત્માને જાણ. સાચા આત્માને જાણ્યા વગર તારા શ્રદ્ધા-જ્ઞાન કે ચારિત્રમાં સાચાપણું (સમ્યક્પણું) થઈ શકશે નહીં. તારો સત્‌સ્વભાવ અલૌકિક ગુણોનો ભંડાર છે, તેને તું દોષવાળો ન માન. જેટલું જ્ઞાન છે તેટલું તારું સત્યસ્વરૂપ છે, રાગ તે તારું સત્યસ્વરૂપ નથી. આ વિકારી વૃત્તિ કરવા જેટલો તું નથી. પ્રભુ! તારા અનંત-ગુણમાં ક્યાંય વિકાર નથી. જો ગુણમાં વિકાર હોય તો વિકાર કદી મટે નહીં એટલે દુઃખ ને પરિભ્રમણ કદી ટળે નહીં. આત્મા તો જ્ઞાન છે; જ્ઞાનને અને રાગાદિ પરભાવને કર્તા-કર્મપણું નથી. એટલે મોહાદિ કર્મના સંગથી થયેલા જે કોઈ શુભાશુભ પરભાવો છે તે સમસ્ત પરભાવો જ્ઞાનભાવથી જુદા છે, અને તે પરભાવોનું કર્તૃત્વ આત્માના સ્વભાવમાં નથી. આત્માની ત્રિકાળી શક્તિ અને તે શક્તિનું નિર્મળ પરિણમન તેમાં ક્યાંય વિકારનું કર્તૃત્વ નથી. જ્ઞાનમાં વિકારના અકર્તૃત્વને જે ન દેખે ને વિકારના કર્તૃત્વને જ દેખે તેને આત્માની નિર્મળ શક્તિઓ દેખાય નહિ; અને નિર્મળ શક્તિવાળા આત્માને જે દેખે તેને તેમાં વિકારનું કર્તૃત્વ દેખાય નહિ. આ રીતે શુદ્ધશક્તિવાળા

આત્માને દૃષ્ટિમાં લેતાં વિભાવનું કર્તૃત્વ વિરામ પામી જાય છે, ને વિભાવના અકર્તાપણે જ્ઞાનનું નિર્મળ પરિણમન થાય છે, અકર્તૃત્વશક્તિ પર્યાયમાં પણ નિર્મળપણે ઉલ્લસે છે.

ભગવાન્! તું ચૈતન્યવસ્તુ છો; બહારના દેહાદિ અચેતન પદાર્થોની કોઈ ક્રિયાનો કર્તા તું ત્રણકાળમાં નથી; અજ્ઞાનભાવે રાગ-દ્વેષની વૃત્તિઓ તારી પર્યાયમાં થાય તે રાગ-દ્વેષનું કર્તૃત્વ પણ તારા સ્વભાવની એકેય શક્તિમાં નથી. પર્યાયમાં જે કર્તૃત્વ છે તે પણ સ્વભાવસન્મુખ થતાં ટળી જાય છે. અકર્તાસ્વભાવને જોતાં આખો આત્મા વિકારના અકર્તાપણે જ દેખાય છે; જ્ઞાનસ્વભાવથી જોતાં આખો આત્મા જ્ઞાનમય અનુભવાય છે; આનંદસ્વભાવથી જોતાં આખો આત્મા આનંદમય દેખાય છે. એકેક શક્તિથી જોતાં અભેદપણે તેમાં આખો આત્મા દેખાય છે, તેની અનંત શક્તિઓ તેમાં ભેગી સમાઈ જાય છે. સ્વસન્મુખતામાં ગુણ-ગુણી ભેદનો વિકલ્પ રહેતો નથી. અનંતગુણથી અભેદસ્વરૂપ અનુભવાય છે આવા અનુભવને 'જ્ઞાનમાત્ર ભાવ' કહ્યો છે, ને તેમાં અનંતગુણો ગર્ભિત હોવાથી તે જ્ઞાનમાત્રભાવને અનેકાન્તપણું સ્વયમેવ પ્રકાશે છે. એકેક શક્તિ દ્વારા શક્તિમાન [illegible] થાય છે. એક શક્તિ જુદી પડીને લક્ષમાં ન [illegible] કરવા જતાં અનંતશક્તિનો આખો પિંડ [illegible] શક્તિમાન અભેદ છે. આવા અભેદ આત્માના [illegible] તેની અનંત શક્તિઓનું નિર્મળ પરિણમન [illegible] સ્વરૂપ આત્મા પ્રસિદ્ધ થયો' એમ કહેવાય છે. [illegible] ખરો વૈભવ છે.

દ્રવ્ય-ગુણ શુદ્ધ અને પર્યાયમાં [illegible] આત્માને ખરેખર આત્મા કહેતા નથી, [illegible] પ્રસિદ્ધ થયો નથી. શુદ્ધ દ્રવ્ય-ગુણનો સ્વીકાર કરતાં [illegible] શુદ્ધ થાય છે, ને એવા 'શુદ્ધ' આત્માને [illegible] આત્મા ખરેખર અનેકાન્તપણે પ્રસિદ્ધ થયો [illegible] વગર ભગવાન આત્મા પ્રસિદ્ધ થયો કોને? [illegible] જ આત્મા પ્રસિદ્ધ થાય છે.

રાગ હોય તે [illegible] [illegible] પરિણમતો થકો ને રાગના [illegible]

અકર્તાપણું તે આત્માનો [illegible] વાચકાત છે તે [illegible] અકર્તાપણું પ્રગટે છે તે [illegible] તે જ સ્વશક્તિનું કાર્ય છે. [illegible] મહાન છે, તેનું સ્વરૂપ [illegible] આત્માના જ્ઞાનભાવથી [illegible] કર્તૃત્વને પોતામાં આવવા દેતુ નથી [illegible] પ્રસિદ્ધ કરેલો આત્મા આવા સ્વભાવવાળો છે. [illegible] પણે આત્માને ઓળખે તો તેને [illegible] નથી, [illegible] ઓળખ્યો નથી, તેને જૈનમતની [illegible] નથી. [illegible] આત્માના સ્વભાવમાં વિકારનું કર્તૃત્વ કોઈ રીતે [illegible] નથી. માટે જે ભાવે આત્માને જાણ્યો હોય તો પરભાવના કર્તૃત્વની બુદ્ધિ છોડીને [illegible] તું જાણ એટલે પર્યાય પણ તેવી થઈ જશે, તેમાંથી પરભાવનું કર્તૃત્વ છૂટી જશે. —આવું પરિણમન થાય ત્યારે આત્માને જાણ્યો [illegible]

જ્ઞાનસ્વરૂપી આત્માને એક રાગના કણીયાનો પણ રચનાર જે માને તે પોતાના આત્માને જાણતો નથી. તીર્થંકરનામકર્મ જેનાથી બંધાય ને ભાવનું પણ કર્તૃત્વ જ્ઞાનમાં નથી, જ્ઞાનીનું જ્ઞાન તેનું અકર્તા છે. અને તેનું કર્તૃત્વ જે માને તેને તો ને પ્રકૃતિ બંધાતી નથી; જેને બંધાય છે તે તેનું કર્તૃત્વ માનતા નથી. પુણ્ય-પાપના કોઈ પણ ભાવ સમ્યક્ ચૈતન્યપ્રકાશ વગરના છે, તેને તું પોતાના માને તો તું અંધારામાં છો—ભ્રમમાં છો, જ્ઞાનપ્રકાશ તને પ્રગટ્યો નથી. જે જ્ઞાનદરબારમાં વિકારનું કર્તૃત્વ ઘૂસાડવા માંગે છે તે ચૈતન્યરાજાના દરબારનો મોટો ચોર છે. જેમ રાજાના અંતઃપુરમાં જઈને કોઈ ચોરી કરે તો તે ચોર રાજનો મોટો ગુન્હેગાર છે, તેમ આ ભગવાન ચૈતન્યરાજાના અંતરંગ દરબારમાં વિકારનો પ્રવેશ નથી, છતાં જે જીવ ચોર થઈને અંતરના અકર્તા-સ્વભાવમાં પણ વિકારનું કર્તૃત્વ ઘૂસાડવા માંગે છે તે ચૈતન્યરાજનો મોટો ચોર છે, મોટો ગુન્હેગાર છે, ને તેનું ફળ સંસારની જેલ છે. મિથ્યાત્વ તે મોટો અપરાધ છે. અનંત ગુણની સત્તાથી શોભતા ચૈતન્યમહારાજાને વિકારનો કર્તા કહેવો તે તેનું અપમાન છે. બાપુ! તને તારા આત્માના પવિત્ર સ્વભાવની ખબર ન પડે, ને તું તારા નિર્દોષ આનંદસ્વભાવને મલિનભાવ સાથે ભેળવી દે—તે તો, જેમ કોઈ મૂર્ખ મિષ્ટાન્ન સાથે ધૂળ ભેળવી-ભેળવીને ખાય

એના જેવી મૂર્ખતા છે. અરે જીવ! તારા ચૈતન્યનો સ્વાદ પરમ નિર્મળ, રાગની ભેળસેળ વગરનો, શાંત-અમૃતમય છે. તે સ્વાદને છોડીને તું રાગના સ્વાદમાં કેમ રોકાયો? —એ સ્વાદ તારો નહિ; બાપુ! તારા ચૈતન્યમાં એ રાગાદિ અશુચીભાવનું કર્તૃત્વ કે ભોક્તૃત્વ નથી.

શાંતરસનો સાગર, સમતાનો સમુદ્ર આત્મા છે; દુનિયામાં પ્રતિકૂળતાના કે અનુકૂળતાના ગમે તેવા ખેલ ભજે છતાં જેનામાં આકુળતાનો ખળભળાટ નથી, જેનામાં વિકારની રચના નથી. એ તો પોતાના શાંત-સમતારસમાં મગ્ન રહે એવો આત્માનો સ્વભાવ છે. આવા સ્વભાવને ભૂલીને અજ્ઞાની પરપરિણતિનો સ્વામી થાય છે. જેમ સજ્જનને પરનારીનો સંગ શોભે નહિ તેમ આ સત્-સ્વભાવી ચૈતન્યભગવાન આત્માને પરપરિણતિનો સંગ શોભતો નથી; એ તો અનંત ગુણની નિર્મળધારામાં પોતાની જ્ઞાનદર્શનરિણતિનો ભોક્તા કરનાર છે. ભાઈ, રાગાદિના કર્તૃત્વમાં શું તને શાંતિ લાગે છે?—કે રાગાદિના અકર્તાપણે જ્ઞાનભાવમાં રહેતાં તને શાંતિ લાગે છે? શાંતિ [illegible] જ્ઞાનમાં જ છે. [illegible] જગતમાં અનુકૂળ કે પ્રતિકૂળ કોઈપણ સંયોગમાં [illegible] આત્મા છે; તેની અપાર શક્તિ છે, તેનો અચિંત્ય મહિમા છે. [illegible] છે, તેનું અવલંબન એ જ પરમ શાંતિનો ઉપાય છે.

રે જીવ! પુણ્ય-પાપરૂપ મલિન [illegible] પણ [illegible] સ્વભાવવાળો છે, તેમની સાથે તારા [illegible] તો નિર્મળ ચૈતન્ય-અમૃતની બાટલી છે, તે [illegible] ચૈતન્યબાગમાંથી તો વિકારના [illegible] [illegible] આકુળતાની [illegible] [illegible] [illegible] [illegible]

એમાંથી બહાર આવવાનું ગમશે નહીં. [illegible] કોઈ આશ્ચર્યકારી ચમત્કાર [illegible] છે.

આત્મા એટલે અનંતગુણનો પિંડ. જ્ઞાનમાત્ર આત્મા; જ્ઞાનમાં વળી વિકારનું કર્તૃત્વ કેવું? શુભરાગથી જે લાભ માને તેને તે શુભરાગના કર્તૃત્વ-બુદ્ધિ છૂટે નહીં. રાગથી લાભ માન્યો તેણે રાગની ને જ્ઞાનની એક જાત માની, પણ વિરુદ્ધ જાત ન જાણી, ભિન્નતા ન જાણી. આચાર્યદેવ કહે છે કે અરે, ચૈતન્યની લીનતામાં પરમ સુખ છે. આત્મા સુખસ્વભાવથી ભરપૂર છે, તેમાં તો જ્ઞાતૃત્વભાવ જ છે, પુણ્ય-પાપના પરિણામો તેનાથી જુદા છે, તે પરિણામોનું કરણપણું જ્ઞાનસ્વભાવમાં નથી. [illegible] આત્મા તો વિભાવથી વિરક્ત છે. આવા અકર્તૃસ્વભાવી જ્ઞાતાસ્વભાવી આત્માને જાણો.

આત્માની શક્તિમાં બેહદ તાકાત છે; તે શક્તિ તો કેવળજ્ઞાન પ્રગટ કરવાનું કામ કરનારી છે. ક્રોધાદિને કરે એવું ચૈતન્યની કોઈ શક્તિનું કાર્ય નથી, પણ વિકારનો પોતામાં અભાવ રાખીને પરિણમતું એવું દરેક શક્તિનું કાર્ય છે. અરે પ્રભુ! તારી ચૈતન્યજાત તો અપૂર્વ છે, એનાં કાર્ય તો કેવળજ્ઞાન લ્યે એવાં છે. જેના ઉપર નજર કરતાં આત્મા વીતરાગ થઈને જાગે ને સિદ્ધ-પદને સાધે એવી ચૈતન્યવસ્તુ તું છો. ચૈતન્યવસ્તુ જ્ઞાનપરિણામની જ કર્તા છે, વિકારનું કર્તૃત્વ એનામાં નથી. આવી વસ્તુની સન્મુખ થતાં પર્યાયમાં પણ વિકારનું કર્તૃત્વ ઉપશમ પામી જાય છે—છૂટી જાય છે. સાધકપણું શરૂ થયું ત્યારથી આવો અકર્તાભાવ શરૂ થઈ ગયો છે. અકર્તાસ્વભાવને દૃષ્ટિમાં રાખીને પર્યાય પણ અકર્તાપણે જ પરિણમે છે. જે અલ્પ વિકાર છે તેનો ભૂતાર્થદૃષ્ટિમાં અભાવ છે, સાધકની પર્યાયમાં તેનું કર્તાપણું નથી. સ્વભાવ-સન્મુખ જ્ઞાનપરિણતિ પ્રગટી તેમાં પરભાવના કર્તૃત્વનો અભાવ પરિણમે છે. જુઓ, આ સાધકપણું! તેમાં ભગવાન આત્મા નિજવૈભવસહિત પ્રસિદ્ધ થયો છે.

હે જીવ! તું તારા ચૈતન્યસ્વાંગને ધારણ કર. રાગ કે કર્મનો સંગ તે તારો સાચો સ્વાંગ નથી. તારા અકૃત્રિમ ચૈતન્યસ્વભાવનો સહજ સ્વાંગ (એટલે કે સહજ દશા) તો જ્ઞાન-આનંદથી ગંભીર છે. આત્મારામના સહજ વેશમાં વિકારનું કર્તૃત્વ શોભતું નથી. વૈરાગ્યના એક ભજનમાં-રાવણને કોઈ કહે છે કે તમે સીતાને ઉપાડી જવા માટે રામનો સ્વાંગ ધારણ કરો. ત્યારે રાવણ કહે છે કે હું જ્યારે રામનો સ્વાંગ ધરું છું ત્યારે મારા ભાવ પલટી જાય છે,

મારા મનમાં વિકાર રહેતો નથી. તેમ અહીં જીવ જ્યારે પોતાના આત્મરામના સહજ સ્વાંગને ધારણ કરે છે ત્યારે તેના ભાવ નિર્મળ થઈ જાય છે, ને તેમાં વિકારનું કર્તૃત્વ રહેતું નથી. નાટકમાં એકવાર રામ-લક્ષ્મણનો સ્વાંગ દેખીને એક બાવો તેમની આરતિ ઉતારવા મંડ્યો હતો. અહીં સાધક કહે છે કે હે ચિદાનંદ આતમરામ! તારી સહજદશા ઉપર હું વારી જાઉં, અસંખ્ય પ્રદેશે શ્રદ્ધા-જ્ઞાનના દીવડા પ્રગટાવીને તારી આરતિ ઉતારું. ભગવાન આતમરામ પોતાની સહજ લીલાથી કેવળજ્ઞાન પ્રગટાવે એવો છે. પણ એણે પોતાનો મહિમા પ્રેમપૂર્વક સાંભળ્યો નથી, લક્ષમાં લીધો નથી!

અનંત શક્તિસમ્પન્ન ચૈતન્યમૂર્તિ આત્મામાં રાગાદિની ભેળસેળ નથી, તો વળી દેહાદિ જડનાં કામ આત્માના કેવા? રાગાદિ પરભાવને પોતામાં ભેળવે તેને સાચો આત્મા કહેતા નથી. સ્વભાવસન્મુખ થઈને અકર્તાપણે પરિણમતાં આત્માની પર્યાયમાં પણ પરભાવનું અકર્તાપણું પ્રગટે છે; ને આવી પર્યાયવાળા આત્માને જ્ઞાની આત્મા કહે છે. [illegible] ભાવોથી ભિન્નપણે ઉપાસવામાં આવે (અનુ[illegible]) ત્યારે જ તેને 'શુદ્ધ' કહેવાય છે. અજ્ઞાનીને અંતરમાં શુદ્ધ [illegible] છે પણ તેના ભાન વગર તેને પર્યાયમાં તે પ્રગટતા [illegible] વિકારના કર્તૃત્વરૂપે પરિણમે છે, તેને સાચો આત્મા [illegible]) કહેતા નથી.

અરે ભાઈ! આત્માથી મોટું [illegible] આત્મામાં જે બેહદસ્વભાવ છે તેનો મહિમા [illegible] આત્માના અચિંત્ય વૈભવનો મહિમા કોઈ [illegible] સમવસરણનો જે દેવીવૈભવ, તે તો [illegible] કર્તૃત્વ જેમાં નથી એવા ચૈતન્યના [illegible] માહાત્મ્ય છે વિકલ્પને કરનારો [illegible] પરમાર્થ જાણ્યો નથી. એના [illegible] આત્માને જાણે-માને ને તદ્રૂપ થઈને [illegible] જાણ્યો છે ને તેને તે આત્મવૈભવ પ્રગટે છે

આત્માને ખરેખર ક્યારે જાણ્યો [illegible] ને આત્મા [illegible] ક્યારે કહેવાય? એટલે કે આત્મા પ્રસિદ્ધ થયો ક્યારે [illegible] આત્મા અનંત નિર્મળ શક્તિનો પિંડ તેનું ભાન [illegible] નિર્મળ પર્યાય પરિણમી ત્યારે તેમાં આત્મા આત્માપણે પ્રસિદ્ધ થયો. આઠ કર્મના સંગે જેટલા વિકાર પરિણામ થાય તે અજ્ઞાનપરિણામ છે. તેના કર્તાપણે જીવને ઓળખવો તે સાચા જીવતત્ત્વની ઓળખાણ નથી. જીવતત્ત્વ તો જ્ઞાન-પરિણામમય છે, આનંદમય છે, વિકારનો અકર્તા છે. આવા સ્વભાવવાળા શુદ્ધ જીવતત્ત્વનું ભાન થતાં પર્યાયમાં નિર્મળપરિણમન થયું, અને તે પર્યાય પણ આનંદમય થઈ, વિકારની અકર્તા થઈ. –આ રીતે ભગવાન આત્મા પ્રસિદ્ધ થયો.

ધર્મીને સ્વસન્મુખ વળેલા નિર્મળ પરિણામ આત્મા સાથે તન્મય થયા છે, એટલે તેને રાગ સાથે તન્મયતા રહી નથી. જે પરસન્મુખ અશુદ્ધ-પરિણામ છે તેને દ્રવ્ય સાથે એકતા નથી, દ્રવ્યમાં તેનું કર્તૃત્વ નથી; આત્માનો સ્વભાવ તે વિકારનો રચનાર–કરનાર નથી. તે તો જ્ઞાનમય પરિણામનો જ રચનાર છે.–આવા સ્વભાવે આત્માને ઓળખે ત્યારે જ તે પ્રસિદ્ધ થાય છે એટલે કે પ્રગટ અનુભવમાં આવે છે.

ભગવાને પરાશ્રિતભાવરૂપ સમસ્ત વ્યવહારને બંધનું કારણ કહીને તેનો આશ્રય છોડાવ્યો છે. વ્યવહારના આશ્રયે મોક્ષમાર્ગ નથી માટે ભગવાને વ્યવહારના આશ્રયનો નિષેધ કર્યો છે. જેમ પરને હું કરું–એવો સ્વપરની એકતાનો મિથ્યાઅધ્યવસાય તે બંધનું જ કારણ છે, તેમ પરાશ્રિત વ્યવહાર-ભાવોના આશ્રયે મોક્ષમાર્ગ સધાશે–એવી માન્યતા તે પણ મિથ્યા છે ને બંધનું જ કારણ છે. સર્વજ્ઞપરમાત્માએ એમ કહ્યું છે કે હે ભાઈ! તારો આત્મા પરમ જ્ઞાનસ્વભાવી છે, તે સ્વભાવના આશ્રયે જ નિશ્ચય મોક્ષમાર્ગ છે માટે અંતર્મુખ થઈને તેનો આશ્રય કર. —'નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નર્વાણની.'

સર્વજ્ઞદેવે કહેલા મોક્ષમાર્ગને પ્રસિદ્ધ કરતાં આચાર્યદેવ સમજાવે છે કે—સ્વ-પરની ભિન્નતા છે, તેમાં જેમ પરના આશ્રયે મોક્ષમાર્ગ નથી તેમ પરાશ્રિત એવા વિકારભાવોના આશ્રયે પણ મોક્ષમાર્ગ નથી. પરથી વિભક્ત ને પોતાના જ્ઞાનાનંદસ્વભાવમાં એકત્વ—એવો જે તારો સ્વભાવ છે

તેના જ આશ્રયે તારો મોક્ષમાર્ગ છે. ભાઈ, મોક્ષમાર્ગ એ તો ચૈતન્યના પંથ છે. જુઓને, સંસાર કેવો અસાર છે! મુમુક્ષુને તો તેના પ્રત્યે વૈરાગ્ય ઊપજે તેવું છે. ક્ષણભંગુર સંસારમાં શરણ કેવું? સંસાર એટલે પરાશ્રિતભાવ. તેમાં ક્યાંય જીવને શરણ કે શાંતિ નથી.

ધર્માત્માને એક સમયમાં બે ધારા વર્તે છે: કંઈક રાગપરિણમન, અને તે જ વખતે તેનાથી જુદું-તેના અકર્તાપણારૂપ જ્ઞાનભાવરૂપ પરિણમન, એમ બંને ધારા એકસાથે જુદી જુદી વર્તે છે. તેમાંથી જ્ઞાનભાવરૂપ નિર્મળ-કાર્યના કર્તા ધર્મી જીવ છે, ને રાગાદિ મલિનભાવના તે કર્તા નથી. સંવર અને નિર્જરા, આસ્રવ અને બંધ-એવા ચારે તત્ત્વ ધર્મીને એક જ પર્યાયમાં સમાય છે, પર્યાય એક જ. છતાં તેમાં જે સંવરભાવ છે તે આસ્રવભાવ નથી. બંને ભાવોની ભિન્નતા છે. એક જ સમયે એક જ પર્યાયમાં કંઈક શુદ્ધતા, કંઈક અશુદ્ધતા, બંનેને પ્રદેશભેદ નથી, છતાં તેમાં શુદ્ધતાનો ધર્મી કર્તા છે, અશુદ્ધતાનો કર્તા નહીં. જ્ઞાનભાવમાં શુદ્ધતાનું કર્તૃત્વ. વિકારનું અકર્તૃત્વ. —આનું નામ ધર્મ.

અહો, સર્વજ્ઞના માર્ગમાં અનેકાન્તસ્વરૂપ [illegible] અલૌકિક વર્ણન કરીને વીતરાગી સંતોએ! [illegible] અંતરના ગંભીર ઊંડાણમાંથી આવેલા [illegible] અનુભવમાં ઝૂલતા હશે ને અંતરના [illegible] કાઢતા હશે! -એમના દેદાર કેવા હશે! [illegible] ચાલતું હશે!

સર્વજ્ઞભગવાને આત્માનું [illegible] ભગવાન છો હોંશથી હા પાડ [illegible] કરીશ નહીં. વાત કાને પડતા જ [illegible] છતાં તારી પર્યાયમાં ભગવાનપદ [illegible] ત્યાં સાધકના સમ્યક્ત્વ [illegible] ચારિત્રના જે નિર્મળ [illegible] છે. સ્વભાવના [illegible] પહેલી પ્રતીત, સ્વભાવના [illegible]

કર્તા આત્મા છે, પણ ત્યાં રાગ વગેરેનો જે [illegible] ભાવનો કર્તા આત્મા નથી, [illegible] તેમાં તન્મય થઈને પરિણમતા નથી. બંને ધારા એક સમયે વર્તતી હોવા છતાં તેમાં નિર્મળ ધારાનું કર્તાપણું [illegible] ધર્મીને છે. વિકાર ધારાનું કર્તૃત્વ ધર્મીને નથી. વિકારનું કર્તૃત્વ તો અજ્ઞાનભાવ છે, પામરતા છે. પ્રભુતામાં પામરતા ન હોય. પ્રભુતાના પંથે ચડેલા આત્માને તો પ્રભુતાનું જ કર્તૃત્વ હોય.

સ્વાશ્રિત નિશ્ચય ને પરાશ્રિત વ્યવહાર,-સાધકભૂમિકામાં એ બંને એકસાથે, છતાં ધર્મીને એકનું કર્તૃત્વ ને બીજાનું નહિ, એટલે એ બંનેને એકતા નથી. પરાશ્રિત વ્યવહારમાં એકતા કરે એવો આત્માના કોઈ ગુણનો સ્વભાવ નથી. ભાઈ, સ્વલક્ષે તારા સ્વભાવને સંભાળ...તો તેમાં તને પરભાવ દેખાશે નહીં. તારા આત્માને પરભાવથી નિરાળો રાખીને શ્રદ્ધામાં-જ્ઞાનમાં-અનુભવમાં લે. પ્રવચનસાર ગા. ૮૬ માં મોહના નાશનો ઉપાય બતાવતાં કહે છે કે-પરમ શબ્દબ્રહ્મની ઉપાસનાનો એટલે કે તે શબ્દબ્રહ્મે કહેલા શુદ્ધ આત્માની ઉપાસનાનો, ભાવજ્ઞાનના અવલંબન વડે દૃઢ કરેલા પરિણામથી સમ્યક્ પ્રકારે અભ્યાસ કરવો તે મોહક્ષયનો ઉપાય છે. દ્રવ્યસ્વભાવના લક્ષે તેનું જે નિર્મળ પરિણમન ઊભું થાય છે તે નિશ્ચય છે; ત્યાં જે વિકાર-દુઃખ-રાગાદિ પરાશ્રિત પરિણામ રહ્યા તે નિર્મળપરિણમનમાં તદ્દન અભાવરૂપ છે; ને તેનો કર્તા તે સમયે જ આત્મા નથી, તે સમયે જ તેના અકર્તાપણે આત્મા પરિણમે છે.


આહા, આ તો જિનેન્દ્રોનો વીતરાગમાર્ગ છે; ઈન્દ્રો-નરેંદ્રો ને ગણધરાદિ મુનીંદ્રો જેનું સેવન કરે છે. સંસારથી તારે તરવું હોય તો તું પણ આ માર્ગે આવ. આનાથી બીજા માર્ગે જઈશ તો તારો આરો નહીં આવે. સ્વભાવમાં ઠરેલું જે આનંદનું પરિણમન તેમાં દુઃખનું કર્તૃત્વ કેમ હોય? વીતરાગી પરિણમનમાં રાગનું કર્તૃત્વ કેમ હોય? જ્ઞાન-પરિણમનમાં અજ્ઞાનભાવોનું કર્તૃત્વ કેમ હોય?–આ રીતે જ્ઞાતૃપરિણામમાં કોઈ પણ વિકારપરિણામનું કર્તૃત્વ નથી. ધર્મીને આવું ભેદજ્ઞાન વર્તે છે, ને તે ભેદજ્ઞાનના બળે તેના પરિણામમાં ભગવાન આત્મા નિજવૈભવ સહિત પ્રસિદ્ધ થયો છે. સ્વભાવ-આશ્રિત વર્તતા પરિણામો પરાશ્રિત બાહ્ય પરિણામોથી જુદા છે. ધર્માત્માના ધ્યેયમાં શુદ્ધતાનું જ કર્તૃત્વ છે, તેમાં અશુદ્ધતા નથી. આત્માના સ્વાશ્રયમાં

પૂર્ણાનંદનું પૂર વહે છે. અંતર્મુખ થઈને અનંતગુણની નિર્મળતાના પૂરમાં જે લીન થયો તેને તો પરિણતિમાં નિર્મળ જ્ઞાન-આનંદનો જ પ્રવાહ વહે છે. એ પ્રવાહમાં વચ્ચે વિકાર ન હોય. આત્મદ્રવ્ય તો નિર્મળ પરિણામને જ કરનારું છે, મલિન પરિણામને કરનારું આત્મદ્રવ્ય નથી. આવો નિજ-સ્વભાવના ઘરની આ અલૌકિક વાત છે. આવા નિજસ્વભાવને લક્ષગત કરતાં અલૌકિક શાંતરસની ધારા ઉલ્લસે છે.

શાંતરસમાં ડૂબેલું આત્મતત્ત્વ, [illegible] જે પ્રવાહ ચૈતન્યસમુદ્ર તરફ ઢળ્યો, તે [illegible] વિકારનું કર્તૃત્વ રહે નહિ. શુદ્ધસ્વભાવને ધ્યેય કરીને જે ધારા [illegible] સ્વભાવ જેવી નિર્મળ જ છે, તેમાં કષાય [illegible] પરિણામોનો તેમાં અભાવ છે. આઠ કર્મના [illegible] તે સમસ્ત અશુદ્ધ પરિણામો છે, [illegible] જે ભાવથી કર્મ બંધાય તે આત્મા [illegible] આનંદસ્વરૂપી જ્ઞાનપરિણામી [illegible] તેની પરિણતિ પણ આનંદ, [illegible] જ્ઞાનલક્ષણે લક્ષિત [illegible] જિનશાસનના આત્માને [illegible] દેખે છે તેઓ તો [illegible] આત્મા તેને [illegible] જ્યાં [illegible] સ્વભાવને [illegible] હોય? જેનાથી [illegible] ભાવની ચીજ નથી; [illegible] ચીજ નથી; ધર્મી તેને [illegible] કર્તૃત્વ તે સ્વીકારતો નથી. [illegible] ન ભાસે [illegible]

[illegible]

આત્મધર્મ



સમયસારની ૪૭ શક્તિ ઉપર

પૂજ્ય કાનજીસ્વામીના અપૂર્વ પ્રવચનો

[૨૨]

અભોક્તૃત્વ શક્તિ

[सकलकर्मकृतज्ञातृत्वमात्रातिरिक्तपरिणामानुभवोपरमात्मिका अभोक्तृत्वशक्तिः।]

卐

જેમ રાગ-દ્વેષાદિ કર્મ તરફના ભાવો જ્ઞાનથી જુદા છે, તેમના કર્તૃત્વ વગરનો આત્માનો સ્વભાવ છે-તે અકર્તૃત્વશક્તિ વડે બતાવ્યું, તેમ હર્ષ-શોકાદિ ભાવો પણ જ્ઞાનથી જુદા છે ને તેમના ભોક્તૃત્વ વગરનો આત્માનો જ્ઞાન-સ્વભાવ છે-તે આ અભોક્તૃત્વશક્તિમાં બતાવે છે. ખરેખર, જેને અકર્તાસ્વભાવનું ભાન થાય તેને અભોક્તા સ્વભાવનું પણ ભાન ભેગું ભેગું જ છે. પણ સમજાવવા માટે દરેક શક્તિનું જુદું જુદું વર્ણન કર્યું છે. કેમકે બધી શક્તિઓ એક સાથે કહી શકાતી નથી. કોઈ પણ એક શક્તિ વડે આત્માને ઓળખતાં, તેની અનંતશક્તિઓ પણ ભેગી આવી જ જાય છે.

જ્ઞાનભાવે પરિણમતા આત્મામાં એવું અભોક્તૃત્વ છે કે કર્મકૃત હર્ષ-શોકાદિને તે ભોગવતો નથી. આ કર્મના કોઈ ફળનું ભોક્તાપણું જ્ઞાનમાં નથી. અનંતગુણના વૈભવથી ભરેલો આત્મા પોતાના આનંદના નિધાનને ભોગવનારો છે. સ્વભાવઘરમાં ભરેલા આત્મવૈભવનું આ વર્ણન છે. જે વૈભવ તારામાં વિદ્યમાન છે તે સન્તો તને બતાવે છે. કાંઈ બહારથી લાવવાનું નથી, આત્મામાં જ અનંત ગુણનિધાન ભરેલા છે. એકેક ગુણ પોતાના સ્વભાવ-સામર્થ્યના પૂર્ણ પરિણમનની તાકાતથી ભરેલો છે. જ્ઞાનમાં કેવળજ્ઞાનની તાકાત ભરી છે. આનંદમાં પૂર્ણ આનંદની તાકાત ભરી છે, અભોક્તૃત્વમાં કર્મફળચેતનાનો અભાવ કરીને પૂર્ણ અતીન્દ્રિય આનંદને ભોગવવાની તાકાત છે; આવી અનંત આત્મશક્તિઓ આચાર્યદેવે ખૂબ ખોલી ખોલીને વર્ણવી છે. પ્રવચનસારના અંતમાં તેઓ કહે છે કે હે જીવો! સ્યાદ્વાદવિદ્યાના બળથી વિશુદ્ધજ્ઞાનની કળા વડે આ એક આખા સ્વતત્ત્વને અનુભવીને તમે આનંદિત થાઓ. ચૈતન્યના સ્વાધીન જ્ઞાન–આનંદસ્વભાવનો ઘણો ઘણો મહિમા વર્ણવીને છેવટે તેના અનુભવ માટે કહે છે કે ચૈતન્યનો મહિમા વાણીથી તો કેટલો કહી શકાય? અમંદપણે જોરથી જે કંઈ કહેવામાં આવ્યું તે તો બધું ચૈતન્યને વિષે 'સ્વાહા' થઈ ગયું. માટે વાણી તરફનો વિકલ્પ છોડીને તમે તમારા ચૈતન્યને ચૈતન્યભાવે આજે જ અનુભવો. આ પરમ ચૈતન્યતત્ત્વના અનુભવથી બીજું કાંઈ આ જગતમાં ઉત્તમ નથી. અનંત શક્તિનું ગમે તેટલું વર્ણન કરીને મહિમા કરવામાં આવે, પણ આત્મા પોતે અંતર્મુખ થઈને જ્યારે પોતાના નિજવૈભવને સાક્ષાત્ અનુભવે ત્યારે તેને પોતાના સાચા મહિમાની ખબર પડે. આચાર્યદેવના કથનમાં ઊંડા સ્વાનુભવનું જોર છે. પોતાના સ્વાનુભવરૂપ

નિજવૈભવના જોરથી શુદ્ધ આત્મસ્વભાવનું વર્ણન આ સમયસારમાં કર્યું છે. કોઈ અદ્ભુત રચના છે. છતાં કહે છે કે હે ભાઈ! વાણીથી પાર નહિ પડે. સ્વાનુભવથી પાર પડશે; માટે આજે જ આત્માનો સ્વાનુભવ કર. અમે અમારા સ્વાનુભવથી બતાવીએ છીએ ને તું તારા સ્વાનુભવથી અંતરમાં આવા આત્માને દેખજે.

આત્મામાં જેમ જ્ઞાન છે, આનંદ છે, તેમ એક અભોક્તૃત્વસ્વભાવ પણ છે કે જે શક્તિનું કાર્ય હર્ષ-શોકાદિ કર્મફળના ભોગવટાથી વિરામ પામવાનું છે. આનંદનો જ ભોગવટો કરવાનો આત્માનો સ્વભાવ છે. આત્માના સ્વભાવમાં એવો કોઈ ગુણ નથી, કે કોઈ ગુણનું એવું કાર્ય નથી કે જે દુઃખનો ભોગવટો આપે. આત્મા જ્યાં આવા [illegible] થઈને પરિણમ્યો ત્યાં તે પરિણમનમાં આનંદનો જ અનુભવ રહ્યો, હર્ષશોકનો અનુભવ તેમાં ન રહ્યો; આ રીતે પરભાવોનું અભોક્તાપણું થયું.

જે પરિણામ અંતર્મુખ થઈને આનંદસ્વભાવી દ્રવ્ય [illegible] તે પરિણામમાં દ્રવ્યના આનંદભાવનું જ વેદન છે. દુઃખ [illegible] દુઃખ તે કાંઈ દ્રવ્યસ્વભાવના આધારે [illegible] જીવ નરકમાં પણ અત્યારે પોતાના આત્માને [illegible] જાણે છે, ને જે દુઃખ છે તેને [illegible] પણ જ તેમનો આત્મા પરિણમી રહ્યો [illegible] ને પરભાવનું અભોક્તાપણું [illegible] સ્વભાવની પરિણતિ પ્રગટ કરે [illegible] —જે સમજતાં અવશ્ય સમ્યગ્દર્શન થાય છે.

★

[વીર સં. ૨૪૮૬ [illegible]]

ભાઈ, તારે આનંદ જોઈએ છે? [illegible] કેમ પ્રગટે? ને દુઃખનો [illegible] જ્ઞાનસ્વભાવી પદાર્થ છે, તેની [illegible] શક્તિ એવી [illegible] આત્માનો સ્વભાવ શું છે? [illegible] કોનું [illegible]

સ્વભાવને લક્ષમાં લે તો તેને [illegible]
એવા પરભાવોનું વેદન આવતું નથી.

વિકારના વેદન વખતે [illegible]
હોતાં પર્યાયમાં તેનો આત્મા [illegible]
આનંદનું વેદન પ્રગટે [illegible]
ભાવમાં ક્રોધાદિનું વેદન નથી હોતું [illegible]

• આત્મા શરીરાદિ-સંયોગોને [illegible]
દ્રવ્ય-ગુણમાં કે પર્યાયમાં [illegible] નથી. [illegible]
ભોક્તૃત્વ નથી.

• અજ્ઞાનભાવે પર્યાયમાં હર્ષ-શોકને ભોગવે છે, [illegible]
પણ તે ભોગવટો ત્રિકાળી દ્રવ્ય ગુણમાં [illegible] નથી.

• અભોક્તા શક્તિવાળો [illegible] ને [illegible] પરિણતિ
થઈ ત્યાં પર્યાયમાં પણ વિભાવના અભોક્તારૂપ [illegible] થયું. ત્યાં દ્રવ્ય-
ગુણ કે પર્યાયમાં ક્યાંય આત્માને પરભાવનું [illegible] નથી. આવું [illegible]
કરે ત્યારે આત્મલાભ થયો કહેવાય, ત્યારે આત્મામાં [illegible] પ્રગટયો કહેવાય.

પરથી ભિન્ન ને પોતાના અનંત ગુણ-પર્યાયોથી અભિન્ન એવો જ્ઞાનમૂર્તિ આત્મા પોતાની નિર્મળપર્યાયોમાં વ્યાપનારો છે. પોતાના સ્વભાવસન્મુખ થઈને નિર્મળપર્યાયમાં આત્મા વ્યાપે તે ધર્મ; પોતાના સ્વભાવને ભૂલીને વિકારમાં વ્યાપે તે અધર્મ; જડમાં કે પરમાં તો આત્મા કદી વ્યાપતો નથી.

હર્ષ-શોક તે આસ્રવતત્ત્વ છે; શુદ્ધ જીવતત્ત્વમાં તે નથી. શુદ્ધ જીવ-તત્ત્વના ભોગવટામાં હર્ષ-શોકનો ભોગવટો રહેતો નથી. ને હર્ષ-શોકના ભોગવટામાં શુદ્ધ જીવનો સ્વાદ આવતો નથી. એટલે સ્વભાવમાં પરિણમતા આત્માને હર્ષ-શોકના ભાવોનું ભોક્તાપણું નથી, તે તેનો અભોક્તા છે. સ્વભાવમાંથી જે નિર્દોષ આનંદ પ્રગટયો છે તેનું તેને ભોક્તાપણું છે. જ્ઞાન-સ્વરૂપી આત્માને ધ્યેય કરતાં જે જ્ઞાનમાત્ર ભાવ પ્રગટયો તે જ્ઞાનમાત્રભાવમાં કર્મ તરફના કોઈપણ ભાવોનો ભોગવટો રહેતો નથી; કર્મ તરફના ભાવો જ્ઞાનભાવથી તદ્દન જુદા છે; જેટલા ઉદયભાવો છે તે બધાયથી જ્ઞાનીનું જ્ઞાન જુદું જ વર્તે છે; પ્રજ્ઞાછીણીએ લક્ષણભેદ વડે અત્યંત ભેદીને જ્ઞાનને અને

પરભાવોને જુદા પાડી દીધા છે. એટલે તેના જ્ઞાનમાં પરભાવોનું ભોક્તાપણું જરાપણ નથી. –આવું જ્ઞાન સાથેની અભોક્તૃત્વશક્તિનું સમ્યક્ પરિણમન છે.

'જ્ઞાનભાવ' પ્રગટે ને તેની સાથે પરભાવોનું અભોક્તાપણું ન પ્રગટે એમ બને નહિ. જગતના જીવો એક મીઠી (પ્રિય) ચીજના રસે બીજી ચીજોના સ્વાદને ભૂલી જાય છે, તેમ મુમુક્ષુ! જગતમાં સૌથી મીઠા અને પ્રિય આનંદરસથી ભરેલા આ ચૈતન્યભગવાન આત્મા–તેનો સ્વાદ જ્યાં ચાખ્યો. ત્યાં હર્ષ-શોકના આકુળસ્વાદનું ભોક્તાપણું રહેતું નથી! તે આકુળતાને ચૈતન્યના સ્વાદથી જુદા જાણે છે. અતીન્દ્રિય આનંદના મધુર સ્વાદ પાસે હર્ષ-શોકાદિ કલુષ પરિણામોનો ભોગવટો ટકતો નથી. –તેનું ભોક્તૃત્વ વિલય પામી જાય છે.

આનંદનું વેદન પ્રગટે, તેમાંથી હર્ષ-શોક કે સાતા-અસાતાનું વેદન ન પ્રગટે. સ્વભાવ તરફ જ્યાં પરિણતિ ઝુકાવી ત્યાં તે પરિણતિ પરભાવના વેદનરૂપે નહીં, તેમાં તો આનંદ ને શાંતિના ઊભરા આવે. ભગવાન વીતરાગ પરમાત્માએ આવો આનંદમય આત્મા પ્રગટ અનુભવ્યો, ને સમવસરણમાં ભવ્ય જીવોને તેના અનુભવની રીત બતાવી. તે જ વાત આ સમયસારમાં સંતોએ બતાવી છે.

આત્મા જ્ઞાનસ્વરૂપ છે. જ્ઞાન જુદું, કર્મ જુદું. જ્ઞાનમાં કર્મ નહીં, કર્મમાં જ્ઞાન નહીં; એમ બંનેની ભિન્નતા છે. આઠ કર્મના ફળનો ભોગવટો ભગવાન આત્માના સ્વભાવમાં નથી. આત્માની અનંતી શક્તિઓમાં આઠે કર્મના ફળના ભોગવટાનો અભાવ છે. અને આવા સ્વભાવને પ્રતીતરૂપ-જ્ઞાનરૂપ કરતો જે જ્ઞાનભાવ પ્રગટ્યો, તે જ્ઞાનભાવમાં વિકારનો ભોગવટો નથી, એટલે પર્યાયમાંય અભોક્તાપણું થયું. આ રીતે પર્યાયમાં અભોક્તાપણાના પરિણમન સહિત અભોક્તાસ્વભાવ પ્રસિદ્ધ થાય છે. અભોક્તાસ્વભાવી આત્માને સ્વીકારે ને પર્યાયમાં તેવું પરભાવનું અભોક્તાપણું ન ખીલે-એમ બને નહીં.

મોટો રાજા કે શેઠ હોય, પુણ્યના ઠાઠ વચ્ચે ઊભો હોય, બંગલા-મોટર વગેરે લાખો-કરોડોના વૈભવનો ભોગવટો કરતો દેખાય, ત્યાં અજ્ઞાનીને એમ લાગે કે આ ભોગવટામાં કેવું સુખ છે! –આ શેઠ ભારે સુખી છે. પણ ભાઈ! એ તો તારી બહારની દૃષ્ટિ છે, ને એ દૃષ્ટિ ખોટી છે. બહારના પદાર્થોનો ભોગવટો તો આત્માને છે જ નહિ. બહારનો વૈભવ આત્માનો છે જ નહિ, તોપછી તેમાં આત્માનું સુખ ક્યાંથી હોય? અહીં તો અંતરના સ્વભાવની ઊંડી વાત છે કે પર્યાયમાં ક્ષણિક હર્ષ-શોકનું કે સાતા-અસાતાનું વેદન કરવાનો આત્માનો સ્વભાવ નથી. આત્માનો સ્વભાવ વિભાવોના ભોગવટાથી વિરામ પામી ગયેલો છે, ને તે સ્વભાવ તરફ ઝુકેલી પર્યાય પણ પરભાવોના ભોગવટાથી વિરમી ગઈ છે. આત્મામાં આવી પર્યાય પ્રગટે ત્યારે તે જીવ સાચો જૈનધર્મી થયો કહેવાય. જેમાં વિકારના ભોગવટારૂપ વસ્ત્ર નથી એવી જે નિરાલંબી, વિકારના આવરણ વગરની જ્ઞાનપરિણતિ તે જ દિગંબર જૈનધર્મ છે. આવી જ્ઞાનપરિણતિ વગર કોઈ જીવને ધર્મ થાય નહીં.

સર્વજ્ઞપ્રભુને જેટલો આત્મવૈભવ પ્રગટ્યો તે બધોય તારા ગુણમાં છે. જ્યાં અંતર્મુખ થઈને તેનો સ્વીકાર કર્યો ત્યાં તે પ્રગટવાની શરૂઆત થઈ ગઈ, –સાધકભાવ થઈ ગયો. અરે, એવો તે કોણ હોય કે પોતામાં ઉત્તમ

વસ્તુ પડી હોય તેને તો ન ભોગવે ને તુચ્છ અશુચિ વસ્તુનો સ્વાદ લ્યે! હે જીવ! પરમ આનંદના સ્વાદથી ભરેલી તારી ઉત્તમ વસ્તુ અમે તને બતાવીએ છીએ, તેને તું ભોગવ, ને વિકારના ભોગવટાથી વિરમ! વિભાવનો ભોગવટો જેમાં વિરમી ગયો છે એવા જ્ઞાનસ્વભાવની શ્રદ્ધા કર, જ્ઞાન કર, અનુભવ કર. અહો, આવો મારો સ્વભાવ!—એમ સ્વ તરફનો ઉલ્લાસ ઊછળતાં પર્યાય વિકારનું ભોગવટાપણું છોડીને સ્વભાવના આનંદને ભોગવે છે.

ભાઈ, એકવાર તારી દૃષ્ટિ પલટાવી નાંખ. બહારમાં વૈભવનો સંયોગ હોવા છતાં ધર્માત્માને અંતરમાં નિજવૈભવ ઉપર દૃષ્ટિ પડી છે, ને દૃષ્ટિમાં ક્યાંય અંશમાત્ર વિકારનું કે પરનું સ્વામિપણું કે ભોક્તાપણું નથી; સ્વભાવના મહિમાની દૃષ્ટિમાં નિજાનંદનો જ ભોગવટો છે, તેમાં [illegible] ને [illegible] અભાવ છે.

• આત્મા જો અજીવને ભોગવે તો [illegible]

• આત્મા જો વિકારને તન્મયપણે ભોગવે તો [illegible]

• આત્મા નિજસ્વભાવથી પોતાના [illegible] છે. તેમાં આત્માની આત્માપણું [illegible] પરભાવોનું અભોક્તાપણું છે.

હે જીવ! રાગની મીઠાશ ખાતર તું [illegible] ભોગવટો ભૂલી ગયો [illegible] સ્વાદ લેવા ગયો! [illegible] ભોગવટો શેનો? [illegible] નિજવૈભવને [illegible] ભોગવટા તારો નથી [illegible] તો મહા આનંદરૂપ [illegible]

[illegible]

(૧) [illegible]

(૨) [illegible]

[illegible]

આત્માનો સ્વભાવ છે. જેટલો સ્વભાવ તરફ આગળ વધ્યો તેટલો વિકારના ભોગવટાથી નિવર્ત્યો; જે અલ્પ રાગાદિ બાકી રહ્યા તેનાથી જુદો રહીને તેને જાણે છે, પણ તેમાં તન્મય થઈને તેના ભોક્તાપણે પરિણમતો નથી. બાહ્યદૃષ્ટિમાં તેનો ભોગવટો દેખાય છે પણ સ્વભાવદૃષ્ટિમાં તે ભોગવટો આત્મામાં નથી; અને આત્મા તરફ એકાગ્ર થયેલી પર્યાયમાં પણ તે ભોગવટો નથી. –આ રીતે ધર્મીને જ્ઞાનભાવની સાથે અભોક્તાપણું વર્તે છે.

સાત ભયમાં વેદનાનો ભય જ્ઞાનીને કેમ નથી? તે બતાવતાં આચાર્યદેવે કળશ ૧૫૬ માં કહ્યું છે કે, અભેદરૂપ એવા વેદ્ય-વેદકને લીધે જ્ઞાનીઓ નીરાકુળપણે એક અચલ જ્ઞાનને જ સદાય વેદે છે. જ્ઞાનીઓને આ એક જ્ઞાનનું જ વેદન હોય છે; જ્ઞાનથી ભિન્ન બીજી કોઈ વેદના જ્ઞાનીને હોતી નથી. તેથી જ્ઞાનીને પુદ્ગલકૃત વેદનાનો ભય હોતો નથી. તે તો નિરંતર નિઃશંકપણે પોતાના સહજ જ્ઞાનને આનંદથી અનુભવે છે. જ્ઞાન વેદક અને રાગ તેનું વેદ્ય –એવું ભિન્ન વેદ્ય-વેદકપણું હોતું નથી. જ્ઞાન વેદક થઈને પોતાથી અભિન્ન એવા નિર્મળ જ્ઞાન-આનંદાદિ નિજભાવોને વેદે છે, પણ પોતાથી ભિન્ન એવા પરભાવોને તે વેદતું નથી; –તેનું તો તે અવેદક છે, અભોક્તા છે.

પ્રભુ! તારી પ્રભુતામાં તો આનંદના ભોગવટા છે, તેમાં વિકારના ભોગવટા હોય નહીં. જેમ 'ખાખરાની ખીસકોલી આંબાના સ્વાદને શું જાણે?' તેમ વિકારની ખીસકોલી ચૈતન્યના આનંદના અત્યંત મધુર સ્વાદને ક્યાંથી જાણે? ભાઈ, રાગના વેદનમાં તન્મય થઈને તું ભિન્ન જ્ઞાનના સ્વાદને ભૂલી જાય છે એટલે તને ચૈતન્યના આનંદનો ભોગવટો કરતાં નથી આવડતો. મિષ્ટાન્ન વગેરેનો ભોગવટો કરવાનું તું માની રહ્યો છે, પણ એ સ્વાદ તો જડ છે. તારા આત્માને જડના ને વિકારના સ્વાદનો ભોગવનાર માનીને તું પામર થઈ રહ્યો છે, પણ તારો સ્વભાવ એવો નથી. શું તારું અસ્તિત્વ વિકારમાં છે? શું તારુ અસ્તિત્વ સંયોગોમાં છે? ના, તારું અસ્તિત્વ તો તારા અનંત ગુણના ધામમાં છે. સંયોગરૂપ ને વિકારરૂપ તું નથી, તું તો અનંત ગુણરૂપ છો. જ્યાં તું છો ત્યાં તો અનંત આનંદના દરિયા ભર્યા છે. આનંદના દરિયામાં તું રહેનારો છો, ને એમાં તો વિકારનું અભોક્તાપણું છે; એને બદલે તું વિકારના ને સંયોગના ભોગવટામાં જ તારુ હોવાપણું માને છે –તે તો મોટો ભ્રમ છે. અહીં જ્ઞાનમાં વિકારનું અભોક્તૃત્વ સમજાવીને આચાર્યદેવ એ ભ્રમ છોડાવે છે.

અહા, આવડો મોટો આ આત્મા,—એને કોણ સ્વીકારે? વિકારના વેદનમાં રોકાયેલો જીવ એને નહીં સ્વીકારી શકે. વિકારથી પાર એવા ચૈતન્ય લક્ષણને પકડીને અંતર્મુખ થનાર જ પોતાના [illegible] આત્માને દેખે છે. જગતમાં અનંતા જીવો છે તેમાંથી દરેક જીવ [illegible] સહજ પરમ સ્વભાવથી પરિપૂર્ણ છે. જગત (ચૌદ રાજુ લોકાકાશ) અનંતાનંત જીવોથી ઠાંસીઠાંસીને ભરેલ છે, ને તે બધા જીવોમાં [illegible] પરમ [illegible] ઠાંસીઠાંસીને પરિપૂર્ણ ભરી છે. આ [illegible] સ્વાનુભવને સહજપણે, વિકલ્પ વિના જ, પોતાના [illegible] ભોગવે. ને પરભાવનો અભોક્તા [illegible] નથી; દયાનો શુભ, કે હિંસાનો અશુભ, કે [illegible] ને તેનો ભોગવટો જ્ઞાનમાં નથી. [illegible] ભોગવટામાં અટકે? પરભાવનું [illegible] છે? ના. આત્મા [illegible] લાગણીથી પાર, જ્ઞાનમાત્ર છે. [illegible] અનંતશક્તિનું [illegible]

જાણવું.) સાતમી નરકમાં પણ જે જીવને સમ્યગ્દર્શન પ્રગટે તે જીવને આવી અંતરદશા થાય છે. બહારની પ્રતિકૂળતાનો જ્યાં પાર નથી પણ અંદરની જ્ઞાનપરિણતિ તેનાથી પાર છે, તે પરિણતિમાં આનંદનો પાર નથી. ને સમ્યગ્દૃષ્ટિ દુઃખને ભોગવે છે—એટલું જ જે દેખે છે, ને તે જ વખતે તેનામાં દુઃખના અભોક્તાપણારૂપ જે જ્ઞાનભાવ છે તેને જે નથી દેખતો તે જીવ સમ્યગ્દૃષ્ટિના આત્માને ઓળખતો નથી.

સિંહ કે શિયાળીયાં શરીરને ખાઈ જતાં હોય તે વખતે પણ મુનિરાજ દુઃખી નથી, દુઃખનું વેદન તેમને નથી, તેમને તો જ્ઞાનભાવનું જ વેદન છે. જ્ઞાનભાવમાં દુઃખનો પ્રવેશ જ ક્યાં છે? જ્યાં દુઃખ કદી પ્રવેશી શકતું નથી એવા જ્ઞાનભાવમાં જ્ઞાનીનો વાસ છે. હર્ષ-શોકની જરાક વૃત્તિ આવે તો તે વખતેય તેના અભોક્તાપણાનો જ્ઞાનભાવ તેમને વર્તે છે. સિંહ શરીરને ફાડી ખાય તેથી મુનિને દુઃખી માને છે તો મુનિની અંદરની દેહાતીતદશાને તે ઓળખતો નથી. પોતાને દેહાધ્યાસ છે એટલે સામામાં પણ દેહથી પાર જે જ્ઞાનદશા છે તેને તે દેખી શકતો નથી. અહા, મુનિનો જ્ઞાનભાવ તો નિજાનંદ-રસના અનુભવમાં મગ્ન છે. ને જ્ઞાનભાવને તું ઓળખતો નથી તો તું ખરેખર મુનિના આત્માને ઓળખતો નથી. ભાઈ, તારામાં અભોક્તાપણાનો ભાવ પ્રગટ્યો નથી એટલે સામામાં અભોક્તાપણાના ભાવને તું દેખતો નથી. આત્મા નિજસ્વભાવગુણને ભોગવનારો, તેને બદલે પરભાવનું વેદન તે આત્માનું સ્વરૂપ નથી; ધર્મી આત્મા તેનો જ્ઞાતા રહે છે, તે પરભાવના વેદનને જ્ઞાનમાં ભેળવતો નથી, પણ તેને જુદું રાખીને પોતે જ્ઞાનમય ભાવપણે રહે છે. પર-ભાવોથી જુદા આવા જ્ઞાનમય આત્માને જે જાણે—અનુભવે તેણે આત્માને જાણ્યો કહેવાય.

卐 પોષ સુદ પૂર્ણિમા (વીર સં. ૨૪૯૧) 卐

★

આત્મા અનંતશક્તિસંપન્ન જ્ઞાનસ્વભાવી વસ્તુ છે; જગતમાં તે મહાન આશ્ચર્યકારી ને મહિમાવંત વસ્તુ છે. આવો પોતાનો મહિમા ને આશ્ચર્ય ભૂલીને પરનો મહિમા ને પરનું આશ્ચર્ય કરે છે તે અજ્ઞાનીનો મોહ છે. ભાઈ, જ્યારે પ્રતિકૂળતાના ઘેરા આવશે ત્યારે તું ક્યાં નજર કરીશ? એનાથી ભિન્ન તારા ચૈતન્યવૈભવની તો તને ખબર નથી, એટલે તું તો પ્રતિકૂળતામાં ઘેરાઈ

જઈશ. સંયોગથી પાર તારા સ્વભાવમાં બેહદ શાંતિ ભરી છે, તેમાં નજર કરતાં તને શાન્તિનું વેદન થશે. સંયોગના વેદનવાળો આત્મા નથી; સંયોગો આત્માને શરણરૂપ નથી આ જગતમાં મને બીજા કોઈનું શરણુ નથી. પુણ્યનુંય મને શરણુ નથી. મને શરણુ તો માત્ર આત્માની અનંતશક્તિઓ છે,—આમ નિજશક્તિમાં નજર કરતાં શાંતિનું વેદન થાય ને વિકારનું વેદન ટળે. આવી આત્મશક્તિ પ્રગટ કરનારા ને દેખાડનારા પંચપરમેષ્ઠી ભગવંતો વ્યવહારથી શરણુ છે, ને તેઓએ દેખાડેલો આત્મસ્વભાવ તે પરમાર્થથી શરણુ છે; આ સિવાય કોઈ બીજુ શરણુ નથી

અચિન્ત્ય વિસ્મયકારી અદ્ભુત અલૌકિક [illegible] આત્મસ્વભાવ.—જેમાં નજર કરતાં આત્મા ન્યાલ થાય ને દુનિયાનો [illegible] ભરી [illegible] ને આત્માને વિસામાનું સ્થાન છે; તેમાં નજર કરતાં [illegible] વિસામો [illegible] મટી જાય છે ને ભવનો થાક ઉતરી જાય છે. [illegible] વસ્તુમાં પણ દુઃખ નથી; લોકો કહે છે '[illegible]' [illegible] તેનું દુઃખ નથી. ભાઈ, ને વખતે તારા આત્માનું [illegible] તીવ્ર જિજ્ઞાસા કરીને, તેના પરમ પ્રેમ કરીને [illegible] તને દુઃખ નહિ પણ આનંદનું વેદન [illegible] થાય છે ને તારા અદ્ભુત સ્વભાવને [illegible] કુતૂહલ કરીને અંદર ડુબકી તો માર [illegible] દેખાશે. આ દેહ તો પૂરણ ગલન [illegible] હોય; પણ તેમાં તારું શું છે? તારા [illegible] નથી. અનંતા ગુણરત્નોથી ભરેલા [illegible] ભરેલા છે, તેનું વેદન જ પરમ સુખ [illegible].

તાકાત, એની અનંત[illegible]ના [illegible]
ગુણોના એકરસરૂપ આ ચૈતન્યરત્નાકર– [illegible]
જગાડે તો જીવ જરૂર જાગે. [illegible]
મહિમા કેટલો મોટો છે! બીજા [illegible]
પણ તારા પોતામાં તારો સ્વાધીન [illegible]
એક ગુણની એક પર્યાય [illegible] આત્માના
એક જ્ઞાનગુણ, તેની એક પર્યાય, [illegible]
૧૨ અંગનું શ્રુતજ્ઞાન, તેનો પણ અપાર મહિમા, તો આવા અનંત સ્વ-
ભાવોથી ભરેલા આખા આત્માના સામર્થ્યના મહિમાની શી વાત! જે
અનંત ગુણરત્નોનો સાગર છે, જેમાં પરનું કે વિકારનું ભોક્તાપણું નથી,
જેમાં બાહ્યભાવોનો સ્પર્શ નથી,–આવા આત્માને જે અનુભવે તેને પર-
ભાવોનો મેલ અડે નહીં. તે આત્મા નિજાનંદનો ભોક્તા છે ને પરભાવોનો
ભોક્તા નથી–એમ બંને વાત ભેગી સમજી લેવી. આત્માને રાગના ભોક્તા-
પણાવડે ઓળખવો–એ તો એનું અપમાન કરવા જેવું છે. રાજા ઉકરડાના
ધણીપણાવડે ન ઓળખાય, રાજા તો રત્નજડિત રાજસિંહાસનનો ધણી
હોય; તેમ આ ચેતન્યરાજાને પરભાવરૂપી મલિન ઉકરડાના સ્વામી તરીકે
(ભોગવનાર તરીકે) ઓળખાવો તે રાજાને કલંક છે. ચૈતન્યરાજા તો પર-
ભાવના ભોગવટા વગરનો અનંત ગુણરૂપી રત્નમણિના સિંહાસનનો સ્વામી
છે, જેનું ભાન થતાં જન્મ-મરણનો અંત થઈને પરમાત્મદશા પ્રગટે છે.

'भक्तामर स्तोत्र'માં ભગવાન ઋષભદેવ પરમાત્માની સ્તુતિ કરતાં સ્તુતિ-
કાર માનતુંગસ્વામી કહે છે કે હે જિનેન્દ્ર! પહેલાં અજ્ઞાનદશામાં અનેક
કુદેવોને દેખ્યા; પરંતુ આપના જેવા વીતરાગ-સર્વજ્ઞ પરમાત્માને દેખ્યા પછી
હવે બીજા કોઈ પ્રત્યે અમારું ચિત્ત લાગતું નથી, તેમ સાધકધર્માત્મા કહે
છે કે હે નાથ! સંયોગને અને રાગને અમે જોઈ લીધા, અજ્ઞાનપણે રાગનો
સ્વાદ પણ ચાખી લીધો, પણ હવે આપે બતાવેલા અમારા આ પરમ ચિદા-
નંદસ્વભાવને જોયો, અચિંત્ય શક્તિવાળા આ ચૈતન્યદેવને દેખ્યા પછી હવે
આ ચૈતન્ય સિવાય બીજે ક્યાંય કોઈ પરભાવમાં અમારું મન લાગતું નથી.
આવા સ્વભાવની દૃષ્ટિ તે સમ્યગ્દર્શન છે, ને તે સમ્યગ્દર્શન કેવળજ્ઞાનને
નિમંત્રે છે–બોલાવે છે; એટલે સમ્યગ્દર્શન થયું ત્યાં કેવળજ્ઞાન થયે છૂટકો.

સમ્યગ્દર્શન થયું ત્યાં એવી તાકાતનું ભાન થયું કે હું તો જ્ઞાન છું ને મારા જ્ઞાનમાં વિકારનું ભોક્તાપણું નથી.

તીર્થંકરપ્રકૃતિના ફળને આત્મા ભોગવે [illegible] પોતાના કેવળજ્ઞાન સાથેના [illegible] પ્રકૃતિને કે સમવસરણાદિ [illegible] ૧૪૮ પ્રકૃતિના કોઈ ફળનો ભોગવટો [illegible] આવું ભોક્તાપણું નીચેની [illegible] તીર્થંકરપ્રકૃતિનો, કે [illegible] વાનો ભાવ સમ્યગ્દૃષ્ટિને નથી. [illegible] આભાન છે, ધર્મી તેને નિજજ્ઞાનમાં [illegible] ભોગવવાની જેને ભાવના છે તેને [illegible] ખબર નથી, તેની ભાવના નથી. [illegible] રાગનું કે તેના ફળનું ભોક્તાપણું [illegible] શુદ્ધ જ્ઞાનચેતનારૂપ થઈને [illegible]

[illegible]

ઉપશાન્ત [illegible]

[illegible]

આતમ [illegible] જ્ઞાન [illegible]

[illegible]

નિધાન [illegible] નિજઆતમના [illegible],

[illegible]

ઉદયભાવથી [illegible],

શાંત શાંત પરિણામ પ્રવાહે [illegible]


જગતના રસથી [illegible] જુદો આનંદરસ [illegible],

દર્શન એના મંગળકારી મંગળ ભાવ જગાડે

ઉપશમરસનો સ્વાદ લેનારા એ જ્ઞાનીને વંદન,

ઉપશમરસનો સ્વાદ ચખાડે એને હો અભિનંદન

(આસો વદ ૮ના પ્રવચન ઉપરથી)



[२३]

निष्क्रियत्व शक्ति

[सकलकर्मोपरमप्रवृत्तात्मप्रदेशनैष्पन्द्यरूपा निष्क्रियत्वशक्तिः]



જ્ઞાનમાત્ર આત્મસ્વભાવ જેમ પર નિમિત્ત કર્મથી રહિત છે, ને પર-ભાવોના ભોક્તૃત્વથી રહિત છે, તેમ આત્મપ્રદેશોના કંપનરૂપ ક્રિયાથી પણ રહિત છે. તેનો સ્વભાવ સ્થિર-અકંપ નિષ્ક્રિય છે. પ્રદેશોનું કંપન તો કર્મના નિમિત્તે થયેલ ઉદયભાવ છે. તે આત્માનો સ્વભાવ નથી. ભગવાનને કર્મોનો અભાવ થતાં ચૈતન્યબિંબ સ્થિર અક્રિય થયું. તે આત્માનો સ્વભાવ છે. કર્મનો અભાવ થયા પહેલાં ધર્મીને પોતાના આવા આત્મસ્વભાવનો અનુભવ વર્તે છે. ધર્મીની સ્વાનુભૂતિમાં કર્મ તરફના બધા ભાવોનો અભાવ છે.

શરીર–મન–વાણી વગેરે પરની ક્રિયાનો તો આત્મામાં ત્રણે કાળે અભાવ છે; એ ક્રિયાઓ તો જડની છે, આત્માની નથી. આત્માના પોતાના અસંખ્યપ્રદેશોના કંપનરૂપ જે ક્રિયા છે તે પણ આત્માના સ્વભાવની ચીજ નથી; આત્મા તો સિદ્ધસમાન સ્થિર નિષ્ક્રિયસ્વભાવી છે. આત્માનો આવો નિષ્ક્રિય સ્વભાવ અનાદિઅનંત છે. તે સ્વભાવ સિદ્ધદશામાં વ્યક્ત થાય છે. ધર્મીને પોતાનો આવો નિષ્ક્રિય ચૈતન્યસ્વભાવ પ્રતીતમાં આવ્યો છે,–પણ તે પ્રતીતમાં આવતાં તરત પર્યાયમાંથી કંપન છૂટી જતું નથી. પ્રદેશોનું કંપન નવા કર્મના આગમનમાં નિમિત્ત છે, પણ તે કંપનરૂપ ક્રિયાનું કર્તૃત્વ ધર્મીની દૃષ્ટિમાં રહ્યું નથી. ધર્મીની દૃષ્ટિમાં તો કર્મ સાથેના નિમિત્તસંબંધ વગરનો ચિદાનંદસ્વભાવ જ વર્તે છે.

જુઓ, આત્મામાં અસંખ્યપ્રદેશો, તેમાં કંપનરૂપ ક્રિયા, ને સિદ્ધદશામાં નિષ્પંદતારૂપ અક્રિયપણું—આવું વસ્તુસ્વરૂપ સર્વજ્ઞના માર્ગ સિવાય બીજે ક્યાંય નથી. અહા, સર્વજ્ઞપ્રભુનો અત્યંત સૂક્ષ્મ માર્ગ, તેણે ચૈતન્યના અદ્ભુત વૈભવને પ્રસિદ્ધ કર્યો છે. આ તો ચૈતન્યના દરબારની વાત છે; ચૈતન્યપ્રભુનો દરબાર ભારે મનોહર છે. પ્રભુની ભક્તિમાં ગવાય છે કે 'દરબાર તુમારા મનહર હૈ...' ત્યાં તો બહારના સમવસરણના અપાર મહિમાની વાત છે, –સમવસરણ એટલે ભગવાનનો ધર્મદરબાર, તે ગણધરો-ઈન્દ્રો-ચક્રવર્તી વગેરેથી અદ્ભુત શોભે છે; ભગવાનના સમવસરણ-દરબારની શોભા ને વૈભવ કોઈ અચિંત્ય હોય છે. ને અંદરમાં ચૈતન્યભગવાનના ધર્મદરબારની શોભાનું તો શું કહેવું? એના અનંત ગુણનો વૈભવ કોઈ અપાર છે. એ ચૈતન્ય-દરબારમાં વિકલ્પનો પ્રવેશ નથી, વિકારનો પ્રવેશ નથી, રાગની રુચિવડે એ દરબારમાં પ્રવેશાતું નથી. સ્થિર જિનપ્રતિમા જાણે કે આત્માના નિષ્કંપ

ચૈતન્યસ્વભાવને દર્શાવતી હોય! એટલે બનારસીદાસજી કહે છે કે 'ચેતન્ય જિનપ્રતિમા યા......ચૈતન્ય જિનનાયકા યા.'

અસંખ્યપ્રદેશી પોતાનો ચૈતન્યદેશ [illegible] છે. જે કંપ્યો કંપે નહિ એવો નિષ્કંપ—નિષ્ક્રિય છે. તેમાં [illegible] પણ તન્માત્ર નિષ્ક્રિય છે તે [illegible] સ્વભાવને [illegible] તે સ્વપ્રદેશમાં [illegible] તે નિષ્ક્રિય આત્મસ્વભાવ છે તે જાણવાનું કહેતા છે.

સંતોની પ્રિય ચીજ

જેઓ વનજંગલમાં રહેતા હતા ને આત્માના આનંદનું શોધન કરીને તેના વેદનમાં જીવન ગાળતા હતા એવા સંત-મુનિરાજ કહે છે કે અહો! અમને અમારું ચૈતન્યપદ જ પરમ પ્રિય છે. ચૈતન્યનો આનંદ અચિંત્ય છે, દેવો પણ તેની વાત સાંભળવા સ્વર્ગમાંથી મનુષ્યલોકમાં ઊતરે છે. અમને જે પ્રિય છે એવા જ્ઞાયકભાવના જ ગાણાં આ સમયસારમાં અમે ગાયા છે.

ભાઈ, તું પણ આત્માને વહાલો કરી, આત્માનો પ્રેમી થઈ 'જગત ઈષ્ટ નહિ આત્મથી' એવું આત્મજીવન કર, તો તારું અપૂર્વ કલ્યાણ થશે —એ જ અમારી પ્રિય ચીજ છે.

અસંખ્ય સ્વપ્રદેશીપણારૂપ જે આત્મસ્વભાવ છે તેનું નામ 'નિયત-પ્રદેશત્વશક્તિ' છે. નિયત એટલે ચોક્કસ, આત્માના અસંખ્યપ્રદેશોની ચોક્કસ સંખ્યા છે, ને દરેક પ્રદેશનું ચોક્કસ સ્થાન છે. ભલે આકારોમાં ફેરફાર થાય પણ આત્મપ્રદેશોની સંખ્યા તો નિયત જ રહે છે. આત્માના આકારને ઓળખવો હોય તો અમુક લાંબો-પહોળો-ઊંચો એવી કોઈ ચોક્કસ આકૃતિ બતાવી શકાતી નથી પણ અસંખ્યપ્રદેશીપણું સદાય એકસરખું રહેતું હોવાથી અસંખ્યપ્રદેશી આકારવાળો કહી શકાય છે. સંસારદશામાં કે સિદ્ધદશામાં, દરેક વખતે આકાર તો છે, કાંઈ આકાર વગરનો તો નથી, પણ લાંબો-પહોળો કેવો આકાર તેનો કોઈ ચોક્કસ નિયમ નથી આત્માનું નિજક્ષેત્ર અસંખ્યપ્રદેશી છે તે નિયત છે. તે ક્ષેત્ર અનાદિ સંસારથી માંડીને સંકોચ-વિસ્તારથી લક્ષિત છે, અને મોક્ષદશામાં તે ચરમશરીરના માપથી કંઈક ઓછા માપ જેવડું અવસ્થિત રહે છે; પણ તે બંને વખતે લોકાકાશના માપ જેટલા અસંખ્ય આત્મ-અવયવ તો નિયમરૂપ છે; આવું અસંખ્ય-આત્મઅવયવપણું તે નિયતપ્રદેશત્વશક્તિનું લક્ષણ છે.

જુઓ, આ આત્માના અવયવ. આત્માને અસંખ્ય અવયવો એટલે અંશો-પ્રદેશો છે. શરીરમાં હાથ-પગ-આંખ વગેરે અવયવો છે, તે તો સંયોગી વસ્તુ છે એટલે જુદા પણ પડી જાય છે; પણ આત્મામાં અસંખ્યપ્રદેશોરૂપ

અસંખ્ય અવયવ છે, તેમાંથી એકપણ અંશ કદી જુદો ન પડે. આવી અસંખ્ય-પ્રદેશી ચૈતન્યકાયા તે આત્માની સાચી કાયા છે. —જીવાસ્તિકાયનું આવું સ્વરૂપ છે. જડ શરીર-કાયા તે કાંઈ આત્માની નથી. તેમાં આત્માનું અસ્તિત્વ નથી. કીડી વખતે કીડીના આકારે, હાથી વખતે હાથીના આકારે, મનુષ્ય વખતે મનુષ્યઆકારે —એમ ભિન્ન ભિન્ન આકારે વખતે પણ આત્મા નિયત અસંખ્યપ્રદેશપણે જ રહ્યો છે. શરીરમાંથી આંગળી વગેરે કપાતાં કાંઈ તેટલા ભાગના આત્મપ્રદેશો કપાઈ જતા નથી, પણ તે પ્રદેશો સંકોચાઈને અસંખ્ય પ્રદેશોની સાથે જ રહે છે. એકેક જીવને આખા લોકના પ્રદેશો જેટલા અસંખ્ય પ્રદેશો છે. કેવળીભગવાનને જ્યારે લોકપૂરણ-સમુદ્ઘાત થાય છે ત્યારે લોકાશના એકેક પ્રદેશે સર્વત્ર તે જીવનો એકેક પ્રદેશ વ્યાપે છે. એક જીવ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને લોકાકાશ—એ ચારેયના પ્રદેશો સરખા છે.

આખા લોકને અવગાહીને (કેવલીસમુદ્‌ઘાત [illegible]) રહે ત્યારે લોકના [illegible] પ્રદેશે જીવનો એકેક પ્રદેશ રહે.

આ એક જીવની વાત કરી. હવે જીવો તો જગતમાં અનંતાનંત છે. એટલે લોકના એકપ્રદેશે ભિન્નભિન્ન અનંત જીવોના દરેકના અસંખ્યાતમા ભાગના પ્રદેશો, એ રીતે કુલ અનંત જીવપ્રદેશો રહેલા છે; ને તેથી અસંખ્યપ્રદેશી લોકમાં અનંત જીવો સમાઈ જાય છે.

એક જીવ ગમે તેટલો સંકોચાઈને રહે તોપણ તેના સર્વપ્રદેશો એક આકાશપ્રદેશમાં રહે નહીં. અસંખ્યપ્રદેશ તો રોકે જ. અસંખ્યના પણ અસંખ્ય પ્રકારો છે. જીવની જે નાનામાં નાની અવગાહના છે તે લોકાકાશનો અસંખ્યાતમો ભાગ હોવા છતાં તેમાં પણ અસંખ્યપ્રદેશો છે. અસંખ્ય કરતાં ઓછા પ્રદેશોમાં સમાઈ જાય-એટલો બધો સંકોચ જીવમાં કદી થાય નહીં; ને લોકાકાશ કરતાં વધુ વિસ્તાર પણ કદી થાય નહીં.

હે જીવ! અસંખ્યપ્રદેશી તારું જ્ઞાન તેમાં સર્વત્ર પરમાત્મપણું ભર્યું છે. તારું આત્મક્ષેત્ર તો કેવળજ્ઞાન ને સિદ્ધપદનાં પાક પાકવાનું ખેતર છે. એ ચૈતન્ય-ખેતરમાં વિકારનાં પાક ન પાકે. અરે, શિવપદનાં ખેતરમાં તું વિકારનાં વાવણાં કર–એ તે કાંઈ શોભે છે? પરમાત્મપદના વૈભવથી ભરેલો અસંખ્યપ્રદેશી આત્મા જેના અનુભવમાં આવે તેને કેવળજ્ઞાનરૂપી ને મોક્ષરૂપી ફળ પાક્યા વગર રહે નહીં.

અસંખ્ય આત્મપ્રદેશે વ્યાપેલો જે જ્ઞાનભાવ, તેમાં આનંદ, પ્રભુતા વગેરેને અભેદપણે સમાવ્યા, અને પરભાવોનું કર્તાપણું તેમાંથી કાઢી નાંખ્યું, પરભાવોનું ભોક્તાપણું પણ કાઢી નાંખ્યું. પ્રદેશોનું કંપન પણ કાઢી નાંખ્યું, અસંખ્યપ્રદેશી આત્મા નિષ્કંપ-નિષ્ક્રિયસ્વભાવી છે. કર્મના નિમિત્તે તેનું કંપન થાય ને તે કંપનના નિમિત્તે નવા કર્મપરમાણુ આવે–એ બંને આત્માના સ્વભાવની ચીજ નથી. આત્મામાં રહેલો સમ્યક્ત્વ-ફોજદાર પરભાવને નિજસ્વરૂપમાં આવવા દેતો નથી; પૂર્ણ પરમાત્મપદ સિવાય બીજા ભાવોને ચૈતન્યદરબારમાં પ્રવેશવા દેતો નથી. જેમ ચક્રવર્તીના રાજદરબારમાં તો મોટા રાજા-મહારાજાઓ હોય, ત્યાં કાંઈ મેલાઘેલા ભીખારી ન પ્રવેશે, તેમ જગતમાં સૌથી મહાન એવો આ ચૈતન્યચક્રવર્તીનો દરબાર, તેમાં મલિનતાનો

કે પામરતાનો પ્રવેશ થતો નથી, તે રાજદરબારમાં તો કેવળજ્ઞાન, ક્ષાયિક સમ્યક્ત્વ, અતીન્દ્રિયઆનંદ, પ્રભુતા, સિદ્ધપદ—એવા અપાર [illegible] અનંત રાજ-રાજેશ્વરો (ગુણો) બિરાજી રહ્યા છે. સમ્યક્ત્વરૂપી દરવાન એવો છે કે ચૈતન્યદરબારમાં મલિનતાના અંશને પણ આવવા ન દે. [illegible] જ અંદર આવવા દે. પરભાવો તેને [illegible] જ રહે છે, અંદર પ્રવેશતા નથી. જગતનો કોઈ [illegible] ચૈતન્યદરબારમાં (સ્વાનુભવમાં) અંદર આવતો નથી. [illegible] —આહા, આવો દરબાર તારી અંદર જ ભર્યો છે. [illegible] ચૈતન્યદરબારમાં પ્રવેશ તો કર... અંદર ડોકિયું તો કર [illegible] જોતાં જ તને કોઈ પરમ આનંદ થશે.

જેમ શરીરમાં શરીરની નસો [illegible] છે તેમ આત્મામાં આત્મશક્તિના [illegible] પર્યાયો છે તે આત્માના અવયવો છે, [illegible] અવયવો છે. અવયવો એટલે અંશો [illegible] એવા આ ચૈતન્યતત્ત્વમાં પરમ આનંદનો [illegible] એકાગ્ર થા તેટલા જ્ઞાન-આનંદના [illegible] પ્રદેશો સર્વથા અરૂપી નિષ્ક્રિય [illegible] પ્રદેશોનો જેવો આકાર હોય તેવો [illegible]

આનંદના વેદનસહિત પ્રતાપવંતી [illegible] સ્વભાવની પ્રતીતિ કરતાં આનંદપરિણામ પ્રગટે [illegible] નિજગુણના [illegible] આત્મા શોભે છે. અલ્પકાળે મોક્ષ પામીને તે પોતાના અસંખ્યપ્રદેશોમાં અત્યંત સ્થિરપણે સદાકાળ રહે છે. પછી તેના આકારમાં પણ કાંઈ ફેરફાર થતો નથી. અસંખ્યપ્રદેશી ચૈતન્યબિંબ નિજાનંદમાં તરબોળ સદાકાળ સિદ્ધાલયમાં બિરાજે છે.

નિયતપ્રદેશત્વ શક્તિનું વર્ણન પૂર્ણ. (૨૪)



જેમ કોઈ માત્ર સમવસરણની બાહ્યવિભૂતિ વડે જ અરિહંતપરમાત્માની મહત્તા સમજે તો તેણે ભગવાન અરિહંતદેવના ગુણોની ખરી મહત્તા જાણી નથી, તેણે અરિહંતને ઓળખ્યા નથી; તેમ કોઈ ઈન્દ્રાદિ પદની વિભૂતિ વડે ધર્માત્માની મહત્તા માને તો તેણે ધર્માત્માને જેવા છે તેવા જાણ્યા નથી, ધર્માત્માના સમ્યક્ત્વાદિ ગુણવૈભવને તે ઓળખતો નથી એટલે ધર્મીની સાચી ઓળખાણ તેને નથી. અહા, ધર્મીના આત્માની સાચી ઓળખાણ પણ અપૂર્વ ભેદજ્ઞાન કરાવે છે.



[२५]

[illegible] शांति

[[illegible]]

卐

આ જ્ઞાનસ્વરૂપ આત્મામાં અનંત શક્તિ છે, તે સંખ્યાથી અનંત છે. કાળથી અનંત છે ને ભાવરૂપ સામર્થ્યથી પણ અનંત છે; અને છતાં 'જ્ઞાનમાત્ર ભાવ'ના અનુભવમાં તે સમાઈ જાય છે, તેનું આ વર્ણન છે. તેમાં ૨૪ શક્તિનું વર્ણન થયું; હવે પચીસમી 'સ્વધર્મવ્યાપકત્વ' નામની શક્તિ છે. આત્મા સદા પોતાની અનંત ગુણ-પર્યાયોરૂપ સ્વધર્મમાં જ તન્મયપણે રહ્યો છે, શરીરમાં તે કદી તન્મય થયો નથી. ભિન્નભિન્ન અનંત શરીરોમાં રહેવા છતાં તે શરીરના જડધર્મરૂપે આત્મા કદી થયો નથી, પણ પોતાના ચેતનધર્મરૂપે જ સદાય રહ્યો છે. સર્વ શરીરોમાં એક આત્મસ્વરૂપે જ પોતાના ધર્મમાં રહ્યો છે એટલે કે શરીરમાં કદી વ્યાપ્યો નથી, આત્મ-વ્યાપકપણે જ આત્મા ત્રિકાળ રહ્યો છે. આત્મા શરીરના સંયોગમાં રહેવા છતાં શરીરરૂપે કદી નથી થયો. પોતાના નિર્મળ ગુણની પર્યાયમાં વ્યાપીને રહે એવો આત્માનો સ્વભાવ છે. આત્મા એક ભવમાંથી બીજા ભવમાં જાય ત્યાં પોતાના જ્ઞાનધર્મને સાથે લઈ જાય છે પણ કાંઈ શરીરને સાથે લઈ જતો નથી, કેમકે શરીરમાં તે રહ્યો નથી. આત્મા ખરેખર શરીરમાં રહ્યા કયારે કહેવાય?—કે જો તેમાં તન્મય થઈ ગયો હોય તો. પણ આત્માને શરીર સાથે તન્મયપણું કદી નથી. કેમકે—

જડ ભાવે જડ પરિણમે, ચેતન ચેતનભાવ;
કોઇ કોઇ પલટે નહીં, છોડી આપ સ્વભાવ.

જેનો જે ધર્મ હોય તેનાથી તે કદી જુદો પડે નહીં. આત્મા શરીરને પોતાનું વ્યાપ્ય (રહેઠાણ) બનાવે એવો એનો સ્વભાવ નથી. શરીરથી ભિન્ન રહીને, પોતાના નિર્મળ જ્ઞાનાનંદસ્વરૂપમાં વ્યાપીને તેને જ આત્મા પોતાનું રહેઠાણ બનાવે છે. એ જ આત્માનું નિજપદ છે. રાજાનાં સિંહાસન લોઢાનાં ન હોય, એને તો સોનાનાં હીરાજડીત સિંહાસન હોય; તેમ ચૈતન્યરાજાનું સિંહાસન અસંખ્યપ્રદેશી શુદ્ધ ચૈતન્યધાતુનું બનેલું છે, રાગનું કે જડનું સિંહાસન એને ન હોય. શરીરો અને પરભાવો તો અનેક પ્રકારના બદલાયા, પણ આત્મા એકસ્વરૂપપણે જ સદા સ્વધર્મમાં રહ્યો છે, શરીર કે રાગાદિ પરભાવો કદી એકસ્વરૂપે રહેતા નથી, તે ખરેખર આત્માના સ્વધર્મ નથી. આત્મા, પોતાના જ્ઞાન–દર્શન–આનંદાદિ ગુણો ને તેની નિર્મળપર્યાયો એવા જે સ્વધર્મો તેમાં પ્રસરીને સદા રહ્યો છે,–એવું તેનું સ્વધર્મવ્યાપકપણું છે. 'આત્મા જ્ઞાનમાત્ર છે' એવું અનુભવતાં આવું સ્વરૂપ પણ તેમાં આવી જ

જાય છે. જ્ઞાનમાત્ર વસ્તુ રાગમાં કે જડમાં વ્યાપે નહીં. આવી સ્વવસ્તુમાં લક્ષને લઈ જાય તો લક્ષમાં આવે કે આહા! આવી મારી વસ્તુ છે ને આવા મારા સ્વધર્મો છે. પોતાની વસ્તુ તરફ લક્ષ કર્યા વગર પોતાના ધર્મોની ઓળખાણ થાય નહીં. અત્યારે પણ આત્મા શરીરમાં નથી વ્યાપ્યો. [illegible] અનંત ધર્મોમાં જ વ્યાપ્યો છે

અત્યારસુધી આત્મા પોતાના એકરૂપે જ રહ્યો છે. જેમ દીવો જ દીવો જુદા જુદા ઘણા ઓરડામાં ફરે છતાં દીવો [illegible] જ રહ્યો છે, ઓરડારૂપ થયો નથી. તેમ આ જ [illegible] શરીરોરૂપી ઓરડામાં ફર્યો. છતાં તે તો પોતાના [illegible] રહ્યો છે, શરીરરૂપ થયો નથી. જેમ દીવો [illegible] ચૈતન્યદીવો પરભાવરૂપી અંધકારમાં [illegible] તેમાં તન્મયપણું અજ્ઞાનથી માન્યું છે. [illegible] નથી કે રાગમાં તન્મય થઈને [illegible] સ્વધર્મ સિવાય જગતમાં કોઈ [illegible]

શરીરમાં આત્મા રહેતો જ નથી [illegible] આત્માને [illegible] થવાનું ક્યાં રહ્યું? અનંતકાળમાં અનંતા શરીરો આવ્યા, અનેક પ્રતિકૂળતાઓ આવી, છતાં તે બધાથી [illegible] રહીને આત્મા પોતાના અનંત સ્વધર્મો સહિત એવો ને એવો એકરૂપ રહ્યો છે. નરકની ઘોર ઘોર પ્રતિકૂળતામાંય આત્માનો એકેય પ્રદેશ કે એકેય ગુણ ઓછો થઈ ગયો નથી. આવા આત્મસ્વભાવને જ્યાં લક્ષમાં લીધો ત્યાં તે પોતે પોતાના ગુણ-પર્યાયમાં વ્યાપતો-ફેલાતો પ્રસિદ્ધ થયો......અનુભવમાં આવ્યો. હવે ખબર પડી કે અરે, મેં મને રાગમાં ને દેહમાં રહેલો અત્યારસુધી ભ્રમથી માન્યો હતો; પણ હું તો મારા અનંત ગુણમાં જ રહ્યો છું સર્વ શરીરમાં, કે શરીરની કોઈ પણ અવસ્થા વખતે મારો આત્મા તે અચેતનથી ભિન્ન જ રહ્યો છે. ભાષા તે દેહનો ધર્મ છે, તે આત્માનો ધર્મ નથી. જડ-ચેતનની ભિન્નતાનું ભાન ન હોવાથી અજ્ઞાનીને દેહનો ધર્મ જાણે આત્મામાં ગરી ગયો હોય-એવી એકત્વબુદ્ધિ છે; પણ સ્વલક્ષણવડે બંનેને ભિન્ન ઓળખતાં તે અજ્ઞાનભાવ દૂર થઈ જાય છે. દેહની અવસ્થાને આત્મા કરે, ને દેહની અનુકૂળ અવસ્થા હોય તો આત્માને ધર્મમાં સગવડ પડે એમ માનનારે આત્માને દેહમાં જ વ્યાપક માની લીધો છે; એવી જ રીતે શરીરની પ્રતિકૂળતા ધર્મમાં નડે-એમ માનનારે પણ આત્માને દેહમાં જ વ્યાપેલો માન્યો છે. અરે ભાઈ! તારો આત્મા સંયોગના ઘેરામાં ઘેરાયેલો નથી, આત્મા તો પોતાના અનંતગુણના વૈભવમાં વ્યાપેલો છે. સ્વધર્મમાં વ્યાપેલો આત્મા જેણે લક્ષમાં લીધો તેને સંયોગનો કોઈ ઘેરો છે જ નહીં. જ્યાં દેહ ઉપર દૃષ્ટિ જ નથી ત્યાં તેની ગમે તે અવસ્થા હો પણ તે વખતે આત્માના લક્ષે સમાધાનની તાકાત છે, કેમકે તે પોતાને સ્વધર્મમાં જ વ્યાપેલો અનુભવે છે, સંયોગથી જુદો જ અનુભવે છે. આત્મા ઉપર જેનું લક્ષ નથી તે સંયોગમાં ને રાગમાં ઘેરાઈ જાય છે. બહારમાં આભ ફાટે એવી પ્રતિકૂળતા આવે તોપણ ધર્મી તો અંતરમાં નિજ-ગુણ-પર્યાયમાં આનંદથી વ્યાપીને રહે છે. જે સંયોગોમાં હું છું જ નહીં-તે સંયોગો આમ હો કે તેમ હો-તેથી મને શું? સર્વજ્ઞદેવે જોયેલો જ્ઞાનસ્વરૂપ આત્મા રાગમાં રહેનારો નથી, સંયોગમાં રહેનારો નથી; એ તો પોતાના જ્ઞાનમય સ્વભાવભાવમાં જ સદા એકસ્વરૂપે રહેલો છે. તારું વ્યાપ્ય-વ્યાપક-પણું તારા અનંતધર્મોમાં છે, તારું વ્યાપ્ય-વ્યાપકપણું વિકારમાં નથી, પરમાં નથી. તારા દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે એક જાતના (શુદ્ધ), થઈને

વ્યાપ્ય-વ્યાપકપણે એકક્ષેત્ર [illegible]
પણ જ્ઞાનમાત્રમાં નિજ, આત્માનું [illegible]
જ્ઞાનમાં નિજ જાણે છે એટલે કે [illegible]
એવા ભાવોને ક્રીડા જેટલા [illegible]
કહેવાય, જેમ [illegible]
રાગ જેટલા અલ્પ આશ્ચર્યકારી [illegible]

- શરીરાદિ જડના ધર્મરૂપે આત્મા કદી થતો નથી.
- રાગાદિ પરભાવોરૂપે પણ આત્માનો સ્વભાવ થતો નથી.
- જ્ઞાનાદિ અનંત સ્વધર્મરૂપે આત્મા સદાય રહે છે.

–આવું સ્વધર્મ-વ્યાપકપણું આત્મામાં છે, ને તેના ભાને પર્યાયમાં તેની નિર્મળતારૂપ ધર્મ પ્રગટે છે, તે મોક્ષનું કારણ છે.

કોઈવાર શરીરની નસ તૂટે ને લોહીની ધારા ચાલી જાય, પણ તેથી આત્માનો સ્વધર્મ કાંઈ હણાતો નથી. આત્માનો એકેય સ્વધર્મ કાંઈ આત્મામાંથી બહાર નીકળી જતો નથી; કેમકે આત્માનો એકેય ધર્મ કાંઈ શરીરના આશ્રયે રહેલો નથી. ભગવાન આત્મા પોતાના સ્વધર્મના ભંડારથી સદા ભરેલો એવો છે કે પોતાના વૈભવ માટે તેણે પરની સામે જોવું પડે નહિ, કોઈ પાસે દીનતા કરવી પડે નહિ. સ્વાશ્રયે પોતામાંથી જ પોતાના ધર્મ-વૈભવને પ્રગટ કરે –એવો સ્વભાવ છે. ભગવાન આત્મા વિસ્તરીને પોતાના નિર્મળગુણ-પર્યાયમાં વ્યાપે છે, પણ પરમાં ક્યાંય વ્યાપતો નથી ને પરમાંથી પોતાના ધર્મને લેતો નથી.

ભાઈ. સદા તારા ગુણધર્મોમાં જ તું રહેલો છો, કદી તારા ધર્મોથી બહાર તું રહ્યો નથી. તારો ચૈતન્યધર્મ રાગથી ભિન્નપણે રહ્યો છે, પરથી ભિન્નપણે રહ્યો છે ને પોતાના અનંતા સ્વધર્મોમાં સદા એકરૂપ રહ્યો છે.

જયાં ચેતન ત્યાં અનંતગુણ, કેવળી બોલે એમ;
પ્રગટ અનુભવ આતમનો નિર્મળ કરો સપ્રેમ રે....
... ચૈતન્યપ્રભુ! પ્રભુતા તમારી ચૈતન્યધામમાં.

ચૈતન્યભાવમાં અનંતા સ્વધર્મો સમાય છે, તેને અનુભવમાં લ્યો.

સ્વધર્મ-વ્યાપકત્વશક્તિનું વર્ણન પૂર્ણ. (૨૫)



[२३]

[illegible]

[illegible]

[illegible]

જ્ઞાનસ્વરૂપ આત્મામાં ધર્મો [illegible] તેમાં ત્રણ પ્રકાર પડે છે –

૧. કેટલાક 'સાધારણ' એટલે કે [illegible] હોય એવા ધર્મો છે.—જેમ કે અસ્તિત્વ.

૨. કેટલાક 'અસાધારણ' એટલે કે જે જીવમાં જ હોય ને બીજામાં કોઈમાં ન હોય એવા ધર્મો છે.– જેમ કે જ્ઞાન, આનંદ વગેરે.

૩. કેટલાક 'સમાન-અસમાનરૂપ' ધર્મો છે એટલે અમુક પદાર્થોની અપેક્ષાએ સમાન, ને અમુક પદાર્થોની અપેક્ષાએ અસમાન-એવા ધર્મોને સાધારણ-અસાધારણધર્મ કહે છે. –જેમકે અરૂપીપણું. આત્મામાં અરૂપીપણું છે તે આકાશ વગેરેની અપેક્ષાએ સાધારણ છે, ને પુદ્ગલની અપેક્ષાએ અસાધારણ છે.

–આમ ત્રણ પ્રકારનાં ધર્મો આત્મામાં એક સાથે રહેલા છે. જો કે આવા ધર્મો છએ દ્રવ્યોમાં છે પણ અહીં તો આત્માની શક્તિના વૈભવની વાત છે. જેમ મૂર્તપણું તે પુદ્ગલનો અસાધારણસ્વભાવ છે, સર્વવ્યાપકતા તે આકાશનો અસાધારણસ્વભાવ છે, તેમ જ્ઞાન તે આત્માનો અસાધારણ-સ્વભાવ છે. 'જ્ઞાન' તે આત્માનો અસાધારણ ધર્મ (એટલે ખાસ વિશેષ ગુણ) હોવા છતાં, તે જ્ઞાનની સાથે બીજા સાધારણ ધર્મો (એટલે કે સામાન્ય ગુણો) પણ રહેલા છે, ને કેટલાક જેમાં બંને પ્રકાર (સામાન્યપણું ને અસામાન્યપણું-એ બંને) લાગુ પડે એવા ધર્મો પણ છે. આમ ત્રિવિધ ધર્મોને આત્મા એક સાથે ધારણ કરે છે.

• આત્મા સત્ છે –એમ એકલા અસ્તિત્વવડે આત્માનું પરથી ભિન્ન સ્વરૂપ ખ્યાલમાં આવતું નથી, કેમકે જેમ આત્મા સત્ છે તેમ અજીવપદાર્થો પણ સત્ છે. એટલે એકલા અસ્તિત્વ દ્વારા સ્વ-પરની ભિન્નતા સમજાતી નથી.

• આત્મા અરૂપી છે –એમ માત્ર અરૂપીપણાવડે પણ આત્માનું પરથી ભિન્ન સ્વરૂપ ખ્યાલમાં આવતું નથી; જોકે 'અરૂપી' કહેતાં પુદ્ગલથી આત્મા જુદો પડે છે, પણ 'અરૂપી' તો આકાશ વગેરે પણ છે, તેમનાથી જુદો પડતો નથી. એટલે અરૂપીપણાદ્વારા પણ આત્માનું પરથી ભિન્ન સ્વરૂપ સમજાતું નથી.

• આત્મા જ્ઞાન-આનંદસ્વરૂપ છે. [illegible] વિશેષણોથી ઓળખાયો. તેમના વડે સમસ્ત [illegible] સ્વરૂપ લક્ષમાં આવી જાય છે.

જેવો જ્ઞાનસ્વરૂપ આત્મા સત્ છે, [illegible] પણ સત્ છે; 'સત્' અપેક્ષાએ ચેતન કે જડ [illegible] વસ્તુ જ સત્ હોય ને જડ-ચેતન [illegible] જગતમાં સ્વતંત્ર સત્ છે. [illegible]

હે ચૈતન્યરાજા! શાસ્ત્રો અને સંતો તને તારા સ્વભાવનો મહેલ બતાવે છે, તારા સ્વભાવમહેલમાં ભરેલા નિધાન બતાવીને તને સ્વમાં લક્ષ કરાવે છે ને પરનો મહિમા છોડાવે છે. પરનું માહાત્મ્ય છોડીને સ્વમહિમામાં લીન થવું તે જ વીતરાગી શાસ્ત્રોનું તાત્પર્ય છે.

ભેદજ્ઞાનના બળે નિજમહિમામાં લીન થાય છે તેઓ જ શુદ્ધાત્મત્વને પામીને કર્મોથી મુક્ત થાય છે અહા, ચૈતન્યમહેલમાં જઈને 'આત્મવૈભવ'ને લક્ષમાં લ્યે તો તેમાં લીનતા થયા વગર રહે નહીં, ને પરનો મહિમા આવે નહીં.



[২৬]

[illegible]

[illegible]

જ્ઞાનસ્વભાવી આત્માના [illegible] ધર્મો છે? —તો કહે છે કે અનંત [illegible] છે. તે [illegible] ભિન્ન લક્ષણવાળા છે. એટલે કે [illegible] વાળા હોવા છતાં તે બધા ધર્મો આત્માના [illegible] આત્મા પોતાના એકભાવપણે રહીને [illegible] છે, એવી તેની અનંતધર્મત્વ શક્તિ છે

અહા, આત્મસ્વભાવના અનંત ગામ્ભીર્યની શી વાત! જે શ[illegible]થી મણાય નહિ, વાણીથી કહેવાય નહિ ને વિકલ્પથી પમાય નહિ. આવો અનંતશક્તિસંપન્ન આત્મા ધર્મીના સ્વાનુભવમાં સમાય છે. સ્વાનુભૂતિમાં બધી આત્મશક્તિઓ એક સાથે ઉલ્લસે છે. એકેય શક્તિ બાકી નથી રહેતી. અનંત શક્તિઓ ભિન્નભિન્ન લક્ષણવાળી હોવા છતાં આત્મા તેથી ખંડ-ખંડ થઈ જતો નથી, પણ બધી શક્તિઓને એકભાવપણે રાખે એવી શક્તિ આત્મામાં છે. આત્માના અનુભવરસમાં અનંતા ગુણોનો રસ સમાય છે. માટે અનુભવ સર્વનો સાર છે, અનંત શક્તિનો નીચોડ સ્વાનુભવમાં સમાય છે.

અનંતસ્વભાવોથી ભાવિત આત્મા 'એક' છે. અનંતગુણોનું લક્ષણ ભિન્ન ભિન્ન છે —જેમકે જ્ઞાનનું લક્ષણ જાણવું; આનંદનું લક્ષણ આહ્લાદ આપવો તે; એમ ગુણોમાં લક્ષણભેદ હોવા છતાં, જ્ઞાનનો આત્મા જુદો આનંદનો આત્મા જુદો —એવો વસ્તુભેદ નથી. આત્મા તો અનંતગુણના પિંડસ્વરૂપ એકભાવ છે. અનંતગુણ બતાવીને પણ અભેદપણે 'એકભાવ'માં સમાવી દીધા. એકેક કરીને અનંતધર્મો છદ્મસ્થના ખ્યાલમાં ન આવે. પણ અનંતધર્મોથી અભેદ એવા 'એક' 'પૂર્ણ' 'અખંડ' શુદ્ધઆત્માના અનુભવ થતાં તેમાં અનંતધર્મોનો સ્વાદ આવી જાય છે. આવો આત્મા ધર્મીએ પોતાના સ્વાનુભવમાં પ્રસિદ્ધ કર્યો છે.

અહા, અનંતશક્તિવાળા આત્માને જે લક્ષમાં લ્યે તેને વિકારનો પ્રેમ કેમ રહે? જેને મોક્ષની લગની છે, જેને આત્માના વૈભવની લગની છે, અનુભવની ધગશ છે-એવા મોક્ષાર્થી જીવને આચાર્યભગવાને પરમ કરુણાથી આત્મવૈભવ દેખાડયો છે. સ્વાનુભૂતિવડે આવો આત્મવૈભવ પ્રાપ્ત થાય છે.

'જ્ઞાન'વડે લક્ષિત આત્મામાં ભિન્નભિન્ન લક્ષણવાળા અનંતધર્મો છે, પરંતુ તેમાં એકેય ધર્મ એવો નથી કે જેનું લક્ષણ 'રાગ' હોય. અનંત

ધર્મોમાં ક્યાંય રાગાદિ વિકાર આવતો નથી. [illegible] આવતું નથી. [illegible] [illegible] આત્મશાંતિ આવતી નથી. [illegible]

આત્માના [illegible] [illegible] આત્માના [illegible] [illegible] આત્માનાં [illegible] [illegible]

[illegible]

જેના [illegible]

[illegible]

[illegible]

[illegible]

મારા આત્મા [illegible]

અનંત [illegible]

આવતા જ્ઞાન [illegible]


અનંતગુણનું નિર્મળ [illegible]

ઊછળે છે-નિર્મળતા પ્રગટે છે, તે જ [illegible]

ને તે જ મોક્ષમાર્ગ, તેને સાધ્ય આત્માની

સિદ્ધિ થઈ




[২৮]

અનંતધર્મસ્વરૂપ અનેકાન્તમય આત્માને [illegible] જ્યાં એટલે કે સ્વાનુભવમાં લેતાં નિર્મળપર્યાયમાં શક્તિ [illegible] અનુભવમાં પ્રસિદ્ધ થાય છે, તેનું આ વર્ણન છે [illegible] છે એવા આત્માના ધર્મોનું આ વર્ણન છે. જે અજ્ઞાનથી [illegible] પ્રકારનાં વર્તે છે તેની આ વાત નથી. પણ સ્વસન્મુખ થઈને જેણે જ્ઞાન [illegible] સ્વલક્ષ્યને પકડયું છે-તેને તે સ્વલક્ષ્યભૂત આત્મામાં કેવી કેવી શક્તિઓ નિર્મળ-પણે પરિણમે છે તેની આ વાત છે. જો કે આ શક્તિઓ તો બધા આત્મામાં છે પણ અહીં તેનું ભાન કરીને નિર્મળપણે જે પરિણમ્યો છે તેની વાત છે; ને તેને જ ખરો આત્મા કહીએ છીએ. જેને રાગ અને વિકાર ઉપર જ લક્ષ છે તેને ખરેખર આત્મા કહેતા નથી, કેમકે તેને પર્યાયમાં આત્મા જેવો છે તેવો પ્રસિદ્ધ થયો નથી. અહીં તો, સ્વસન્મુખ થતાં રાગથી જુદો પડેલો જે જ્ઞાનમય ભાવ પ્રગટયો તે જ્ઞાનમય ભાવ કેવા ધર્મોવાળા આત્માને અનુભવે છે તેની વાત છે.

'જ્ઞાન' તે આત્માનો મુખ્યસ્વભાવ છે. તે જ્ઞાન અંતર્મુખ થઈને આખા અનંત ધર્મવાળા આત્માને પોતાના લક્ષ્ય તરીકે પ્રસિદ્ધ કરે છે,-તે ખરો આત્મા છે. આ સિવાય જ્યાં ખરો આત્મા નથી ત્યાં આત્માપણું માની લીધું તે તો અજ્ઞાન છે. જ્ઞાન લક્ષણવડે લક્ષ્યરૂપે જે જણાયો તેમાં એકલું જ્ઞાન નથી પણ જ્ઞાન સાથે બીજા અનંતા ધર્મો છે. તેમાં એક ધર્મ એવો છે કે જેને લીધે અસ્તિ-નાસ્તિ આદિ વિરુદ્ધધર્મો પણ આત્મામાં એક સાથે રહે છે. આત્માની આવી 'વિરુદ્ધધર્મત્વશક્તિ' છે કે તદ્રૂપપણું અને અતદ્રૂપપણું—એવા બંને ધર્મો આત્મામાં એક સાથે વર્તે છે. જો કે સ્યાદ્વાદ-વિવક્ષાથી જોતાં ખરેખર બંને ધર્મોમાં વિરોધ મટી જાય છે, બને અવિરોધપણે અનેકાન્તમાં સમાય છે. તદ્રૂપતા સ્વરૂપ સાથે છે ને અતદ્રૂપતા પરરૂપ સાથે છે-આ રીતે તેમનામાં વિરોધ રહેતો નથી. એક જ્ઞાનમાત્રભાવ પોતાના આત્મા સાથે તદ્રૂપ છે ને બીજા બધાની સાથે અતદ્રૂપ છે,-આવા અનેકાન્ત સહિત છે.

દરેક દ્રવ્ય પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની મર્યાદાથી બંધાયેલું છે, સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં જ તેની મર્યાદા છે; પોતાની તે મર્યાદાથી બહાર તે પરિણમતું નથી. સ્વ-પરની ભિન્ન મર્યાદા જાણીને પોતાના સ્વભાવસન્મુખ


થતાં આત્મા નિર્મળપણું [illegible] સ્વરૂપની [illegible]
છે તે સ્વરૂપની સાથે આત્મા [illegible]
પરની સાથે તદ્રૂપ થતા [illegible] નહીં. [illegible]

ॐ

"અનેકાન્તિક માર્ગ પણ સમ્યક્ એકાંત એવા નિજપદની પ્રાપ્તિ કરાવવા સિવાય બીજા અન્ય હેતુએ ઉપકારી નથી." —શ્રી રાજચંદ્ર

અનેકાન્તિક માર્ગ એટલે કે ઉપાદાન પણ છે, નિમિત્ત પણ છે. અભેદ પણ છે, ભેદ પણ છે. શુદ્ધ પણ છે, અશુદ્ધ પણ છે. દ્રવ્ય પણ છે, પર્યાય પણ છે. નિશ્ચય પણ છે અને વ્યવહાર પણ છે. એમ હોવા છતાં સમ્યક્ એકાંત એવા શુદ્ધ દ્રવ્ય સ્વભાવના આશ્રય વિના નિજપદની પ્રાપ્તિ થઈ શકતી નથી અને શુદ્ધ સ્વભાવના આશ્રય સિવાય ભેદ, નિમિત્ત, વ્યવહાર, અને પર્યાય નું અનેકાંતિક જ્ઞાન પણ યથાર્થ થઈ શકતું નથી.

ગુરુદેવના હસ્તાક્ષર



પોતાના જ્ઞાનાદિ અનંત સ્વભાવો સાથે આત્માને તદ્રૂપતા છે, ને પર સાથે અતદ્રૂપતા છે. આ રીતે તદ્રૂપતા ને અતદ્રૂપતા એવી બંને શક્તિઓ એટલે કે તત્‌પણું ને અતત્‌પણું એ બંને શક્તિઓ આત્મામાં એક સાથે રહેલી છે. એક વસ્તુમાં વસ્તુના સ્વરૂપને સિદ્ધ કરનારી અસ્તિ-નાસ્તિ, તત્-અતત્ આદિ પરસ્પર વિરુદ્ધ બે શક્તિઓનું પ્રકાશવું તે અનેકાન્ત છે.-આમાં આચાર્યદેવે અલૌકિક વ્યાખ્યા કરીને અનેકાન્તનું સ્વરૂપ સમજાવ્યું છે. 'પરસ્પર વિરુદ્ધ બે શક્તિઓ'-પણ તે કેવી?-કે વસ્તુના સ્વરૂપને સિદ્ધ કરનારી; વસ્તુસ્વરૂપમાં હોય તેવા ધર્મોને જાણવા તે અનેકાન્તનું જ્ઞાન છે. જેમકે—આત્મા પોતાનો કર્તા, ને પરનો અકર્તા; અથવા પોતામાં દ્રવ્ય-અપેક્ષાએ અકર્તા ને પર્યાયઅપેક્ષાએ કર્તા,-એમાં પરસ્પર વિરુદ્ધધર્મવડે વસ્તુની સિદ્ધિ થઈ; પણ આત્મા પોતાનો કર્તા, ને આત્મા પરનો પણ કર્તા-એમ માનવું તેમાં વસ્તુસ્વરૂપ સિદ્ધ થતું નથી, એટલે તે અનેકાન્ત નથી પણ એકાન્ત છે, મિથ્યાત્વ છે. એ જ રીતે, 'વીતરાગતા તે ધર્મ ને રાગ પણ ધર્મ'-એમ કહેવામાં ધર્મનું યથાર્થસ્વરૂપ સિદ્ધ થતું નથી, પરંતુ 'વીતરાગતા તે ધર્મ છે ને રાગ તે ધર્મ નથી'-એમ કહેતાં ધર્મનું વાસ્તવિક-સ્વરૂપ સિદ્ધ થાય છે, ને તે જ અનેકાન્ત છે. આ રીતે અનેકાન્ત દ્વારા વસ્તુ-સ્વભાવને ઓળખતાં પરથી ભિન્ન એવા નિજપદની પ્રાપ્તિ થાય છે, એટલે સમ્યગ્દર્શન થાય છે.

૧. આત્મા એક દ્રવ્ય, ૨. અસંખ્યપ્રદેશરૂપ તેનું ક્ષેત્ર, ૩. નિર્મળ પર્યાયરૂપ સ્વકાળ, ૪. અનંત ગુણરૂપ સ્વ-ભાવ,	-આવા નિર્મળ સ્વચતુષ્ટયમાં આત્મા તદ્રૂપ છે; એમાં ક્યાંય વિકાર ન લેવો. આ રીતે આત્માને નિજસ્વરૂપમાં તદ્રૂપપણે રાખે છે

-એવી 'તત્ત્વ'શક્તિ છે. ને પરની સાથે તદ્રૂપતા થવા દેતી નથી એવી 'અતત્ત્વ'શક્તિ છે. જ્ઞાનભાવમાં આ બધી શક્તિઓ વર્તે છે. 'જ્ઞાનભાવ' પોતાના આનંદાદિ અનંત સ્વધર્મો સાથે તદ્રૂપ થઈને પરિણમે છે, ને વિકાર સાથે તદ્રૂપ થયા વગર (એટલે જુદો રહીને) પરિણમે છે.-આવું અનેકાન્તપણું જ્ઞાનને સ્વયમેવ પ્રકાશે છે.

નિર્વાણ [illegible] છે; [illegible] તેની સાથે [illegible] કારણ-કાર્ય [illegible] નથી, ભોક્તા નથી. ભોક્તા નથી [illegible] કર્મબંધ-કારણ-ભાવ [illegible] આદિ [illegible] શુદ્ધ આત્મા [illegible] નિર્વાણ [illegible] ભગવાન આત્માને [illegible] નિશ્ચયનયના [illegible] તેની સાથે [illegible] છે [illegible] તે [illegible] નિશ્ચયનય [illegible] છે. આત્માને [illegible]

પરિણમન છે; પણ રાગાદિમાં તદ્રૂપતા માનવી ને જ્ઞાનભાવમાં તદ્રૂપતા ન કરવી–તે નિજશક્તિનું વિરુદ્ધ પરિણમન છે. નિજશક્તિનું સ્વરૂપ જાણે તેને તેનું અવિરુદ્ધ સમ્યક્ પરિણમન થયા વગર રહે નહીં.

જડ સાથે ક્યાંય તારા આત્માને તદ્રૂપતા નથી એટલે એમાંથી ક્યાંયથી તારું જ્ઞાન કે સુખ આવે તેમ નથી. જ્ઞાન-સુખ વગેરે તારા આત્માના જ તદ્રૂપ-સ્વભાવો છે, એટલે સ્વભાવમાંથી જ જ્ઞાન ને સુખનું વેદન આવે છે.

શરીર, વાણી, મન સાથે તો આત્માને સદાય અતદ્રૂપતા છે એટલે કે ભિન્નતા છે. સ્વભાવ તરફ જઈને જોતાં રાગાદિક અશુદ્ધભાવો સાથે પણ અતદ્રૂપતા છે; એટલે જે પર્યાય શુદ્ધસ્વભાવ તરફ વળીને તેમાં તદ્રૂપ પરિણમી તેને રાગાદિક સાથે અતદ્રૂપતા થઈ ગઈ. જ્ઞાન અને રાગ એક જ ક્ષેત્રે ને એક જ સમયે વર્તે, છતાં જ્ઞાનને રાગની સાથે અતદ્રૂપપણું છે ને જ્ઞાન–દર્શન–આનંદાદિ નિજભાવોની સાથે તદ્રૂપપણું છે. આવું ભેદજ્ઞાન થઈને સ્વસન્મુખતા થવી તે અનેકાન્તનું ફળ છે. તત્પણું અને અતત્પણું એને 'વિરુદ્ધધર્મ' કહ્યા પણ સ્યાદ્વાદ-વિવક્ષાથી સમજતાં તે વિરોધ મટી જાય છે ને 'અનેકાન્ત'માં તે બંને ધર્મો અવિરોધપણે એકસાથે સમાઈ જાય છે.

જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્માના સ્વભાવનું અસ્તિત્વ કેવડું મોટું છે ને કેવું આનંદકારી છે? તે સ્વાનુભવી સન્તોએ દેખાડ્યું છે. પોતાનો ધર્મ તો પોતાના અસ્તિત્વમાં જ હોય ને? પોતાનું જેવું ને જેવડું અસ્તિત્વ છે તેને ઓળખે તો ધર્મ પ્રગટે. જ્ઞાનનું જ્ઞાનરૂપે પરિણમન થાય તેમાં જ્ઞાનનું તદ્રૂપપણું છે, ને તેમાં અજ્ઞાનાદિનું તદ્રૂપપણું નથી, એટલે કે તે જ્ઞાનનું અજ્ઞાનાદિરૂપ પરિણમન નથી. જેને જેની સાથે તત્પણું (એકપણું) હોય તે તે જાતનું જ હોય, વિરુદ્ધ જાતનું ન હોય. એક ચેતન ને બીજી અચેતન એમ બે વિરુદ્ધ વસ્તુને એકતા હોઈ શકે નહિ; તેમજ એક શુદ્ધતા ને બીજી અશુદ્ધતા–એમ બે વિરુદ્ધભાવોને એકતા હોઈ શકે નહીં. જ્ઞાનને પોતાના જ્ઞાનપરિણમનની સાથે તદ્રૂપતા છે, અજ્ઞાન સાથે અતદ્રૂપતા છે; ચારિત્રને પોતાના વીતરાગીપરિણમન સાથે તદ્રૂપતા છે, રાગાદિક સાથે તેને અતદ્રૂપતા છે. આનંદને પોતાના આનંદરૂપ ભાવ સાથે તત્પણું છે, આકુળતા સાથે અતત્પણું છે. આ રીતે આત્માને પોતાના અનંતગુણના સ્વભાવ સાથે તદ્રૂપતા છે, ને વિભાવો સાથે અતદ્રૂપતા છે. આવું અનેકાન્તપણું ચૈતન્યપરિણમનમાં શોભે છે.

સામાદિમાં [illegible] 'અજ્ઞાન' છે. [illegible] નાહી [illegible] આત્મજ્ઞાનના [illegible] છે. [illegible] તેમાં [illegible] નથી [illegible] છે; [illegible] છે.

જુદું રહેતું જ્ઞાન સદા જાગૃત છે, સાધ્યરૂપ છે. આવા જ્ઞાનવડે સાધ્ય આત્માને જે સાધે તેને દેહાદિમાં પ્રતિકૂળતા થવા છતાં પણ અસમાધિ થતી નથી. સાધ્ય જેના ધ્યેયમાં વર્તે છે તે જ્ઞાન સ્વધ્યેયને ભૂલતું નથી ને પરભાવમાં મૂર્છાતું નથી, તે સદા જાગૃત છે.–આવા જ્ઞાનમાં મરણ નથી. જગતને મરણની બીક છે, દેહમાં જેને એકતાબુદ્ધિ છે તેને જ ભય છે કે 'મારું મૃત્યુ થઈ જશે.'–પણ જ્ઞાનીને તો આનંદની લહેર છે, દેહ છૂટવાના પ્રસંગેય તેને આનંદની લહેર છે–કેમકે દેહને તો પહેલેથી જ જુદો જાણ્યો છે. હું તો જ્ઞાન છું, જ્ઞાનને મરણ નથી. પછી મૃત્યુનો ભય કેવો? અરે, દુનિયા જે મરણથી ડરે છે તે મરણ જ આત્મામાં નથી. આત્મા દેહ સાથે કદી તદ્રૂપ થયો જ નથી પછી દેહના વિયોગે તેનું મરણ કેવું? આત્મા તો પોતાના ચૈતન્યલક્ષણ સાથે સદા તદ્રૂપ છે. જે આવા ચૈતન્યધ્યેયે જીવન જીવી રહ્યો છે તેને રોગ શા? તેને અસાધ્યપણું કેવું? ને તેને મરણ કેવું? એ તો પોતાના નિજગુણમાં ને આનંદપર્યાયમાં તલ્લીન થઈને ચૈતન્યમાં ઝુલતો-ઝુલતો સદાકાળ જીવે,–એવો આત્માનો સ્વભાવ છે. આનંદથી ભરપૂર એવા પોતાના નિર્મળ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં વ્યાપ્યો તેને દુઃખ કેવું? ભાઈ, તારા આવા આત્માને ધ્યેય કરીને તું રહે......તેમાં તને પરમ શાંતિ અનુભવાશે.

ચૈતન્યમૂર્તિ આત્મા શરીરાદિ પરદ્રવ્યો સાથે એકમેક કદી થયો નથી. આત્મા પોતાના ચેતનપણાથી કદી છૂટતો નથી ને પરરૂપ કદી થતો નથી. પોતે જેમાં તદ્રૂપ છે એવા નિજસ્વભાવમાં લક્ષ કરીને નિર્મળપણે પરિણમવું તે જીવનો સ્વભાવ છે; પોતે જેમાં તદ્રૂપ નથી–જેનાથી ભિન્ન છે એવા પરમાં લક્ષ કરીને પરિણમવાનો આત્માનો સ્વભાવ નથી. ભાઈ, તારે જગતના અનંત પદાર્થો સાથે અતત્પણું છે, ને તારા અનંત ગુણો સાથે તત્પણું છે. પોતાના અનંતગુણો સાથેની એકતાને કદી છોડે નહિ ને પર સાથે એકતા કદી કરે નહિ–આવો આત્મવૈભવ છે. સ્વમાં એકત્વરૂપ ને પરથી વિભક્તરૂપ–આવો એકત્વ-વિભક્ત આત્મા આચાર્યભગવાને પોતાના નિજવૈભવથી દેખાડ્યો છે. તેના ઉત્કૃષ્ટ નમૂના તરીકે આ ૪૭ શક્તિઓનું વર્ણન છે. ૪૭ શક્તિના વર્ણનમાં અનંત શક્તિનો સાર સમાઈ જાય છે; એકેક શક્તિ સાથે અનંત શક્તિ ભેગી જ છે, એટલે આત્માની કોઈ પણ શક્તિને યથાર્થ ઓળખતાં અનંત શક્તિવાળો આખો આત્મા જ ઓળખાઈ જાય છે. જ્ઞાન-

ઉલટાનું આનંદમય કહીને ત્યાં આનંદ ને [illegible]
કેવલ ને અનુભૂતિમાં સમાઈ જાય [illegible] છે.

- આત્મસાક્ષાત્કારમાં આનંદ [illegible] છે.
- કેમ કે પરબ્રહ્મ [illegible]
  પર્યાયમાં કેવળ [illegible]
  નથી. તેમાંય [illegible]
  નિર્વાણપર્યાય [illegible]
  [illegible]

દૃષ્ટિ વડે તેનાથી રહિત શુદ્ધઆત્માનો અનુભવ થાય છે. જો જેવો આત્માનો જે ભૂતાર્થસ્વભાવ, તેમાં વિકારનો પ્રવેશ થઈ શકે નહીં. જો ભૂતાર્થ-સ્વભાવમાં પણ વિકારભાવો પ્રવેશીને તદ્રૂપ થઈ જાય તો વિકાર વગરનો શુદ્ધ-આત્મા કદી પ્રતીતમાં કે અનુભવમાં આવી શકે નહીં, એટલે આત્મા શુદ્ધ થઈને મુક્તિ પામી શકે નહીં. પણ શુદ્ધસ્વભાવની અનુભૂતિ કરી-કરીને અનંતા જીવો વિકાર વગરના શુદ્ધ થઈને મુક્તિ પામ્યા છે. આ રીતે વિકાર સાથે શુદ્ધઆત્માને તદ્રૂપતા નથી પણ અતદ્રૂપતા છે.

અરે, ચૈતન્યતત્ત્વને રાગ સાથે પણ તત્‌પણું નથી, ત્યાં શરીર-મન-વાણીનું કે બહારના કાર્યનું કર્તૃત્વ માનીને તેમાં તું તારી તદ્રૂપતા માને–એ તો કેવી મિથ્યાબુદ્ધિ છે! તારે તો તારા અનંતધર્મો સાથે તદ્રૂપતા છે-એમ જાણીને તું સ્વમાં તન્મય થઈને પરિણમ. સન્તો આ તારા ચૈતન્યગુણની વીતરાગી-વીણા વગાડે છે. અહા, સ્વભાવની મધુરી વીણાના નાદે કોણ ન ડોલી ઊઠે!

આત્માના દ્રવ્ય–ગુણ ને પર્યાય ત્રણેય જ્ઞાનમય છે, તેને રાગ સાથે એકપણું નથી. '–પણ પર્યાયમાં રાગ તો છે ને?'–છે, પણ તે જ્ઞાન સાથે તદ્રૂપપણે નથી પણ અતદ્રૂપપણે છે; એટલે કે જ્ઞાનભાવથી તે બહાર જ રહે છે. આત્મા 'જ્ઞાયકભાવ' છે, તે જ્ઞાયકભાવ મટીને કદી જડરૂપ થતો નથી, તેમજ શુભાશુભભાવોરૂપે તે પરિણમતો નથી. આવો જ્ઞાયકભાવ અને તેને ઉપાસનારી પર્યાય, તેમાં કદી વિકાર છે જ નહીં, વિકારનો તેમાં અભાવ છે, ને અનંતગુણની શુદ્ધતાનો સદ્‌ભાવ છે. આ રીતે આત્માને અનંતગુણો સાથે એકતારૂપે ને વિકારભાવોથી ભિન્નતારૂપે જ્ઞાનલક્ષણ પ્રસિદ્ધ કરે છે. જ્ઞાનલક્ષણ આત્માને રાગપણે પ્રસિદ્ધ કરતું નથી પણ રાગથી ભિન્નપણે ને પોતાના નિર્મળ ગુણ-પર્યાયોથી અભિન્નપણે પ્રસિદ્ધ કરે છે; આ રીતે એકત્વ-વિભક્ત આત્માનો અનુભવ કરાવે છે.

૨૯મી તત્ત્વશક્તિ અને ૩૦મી અતત્ત્વશક્તિનું વર્ણન પૂર્ણ થયું.



[૩૧] એકત્વશક્તિ

[૩૨] અનેકત્વશક્તિ

જ્ઞાનસ્વભાવમાં દૃષ્ટિ કરતાં અનંતધર્મનો સમૂહ પ્રતીત થાય છે, તે આખોય એક આત્મા છે. અસંખ્યપ્રદેશી આત્મામાં ગુણ-પર્યાયો અનંત હોવા છતાં દ્રવ્યપણે આત્મા એક છે. દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેને એકપણું-અભેદ રાખે એવી આત્માની એકત્વશક્તિ છે. અનંત ગુણ-પર્યાયો હોવાથી આત્મા કાંઈ અનંત ખંડરૂપ થઈ ગયો નથી. અનંત ગુણ-પર્યાયમાં વ્યાપીને પણ પોતાની અખંડ એકતાને જાળવી રાખી છે. અનંતમાં વ્યાપવા છતાં દ્રવ્યપણે એક રહ્યો છે, ને એક હોવા છતાં અનંત ગુણ-પર્યાયમાં વ્યાપીને રહ્યો છે. પર સાથે કે વિકાર સાથે એકત્વ કરે એવો આત્માનો સ્વભાવ નથી, તેનાથી તો ભિન્નતા જ રાખે છે; પોતાના અનંત નિર્મળ ગુણ-પર્યાયો સાથે આત્માને એકતા છે. રાગ વગરનો આત્મા પ્રાપ્ત થાય, પણ ગુણ-પર્યાય વગરનો આત્મા પ્રાપ્ત થાય નહીં, કેમકે એક હોવા છતાં પોતાના ગુણ-પર્યાયોથી વ્યાપ્ત છે-એવો આત્માનો સ્વભાવ જ છે. આત્મામાંથી ગુણ-પર્યાયોની અનેકતાને કોઈ કાઢી નાંખવા માંગે તો તે નીકળી શકે નહિ, કેમકે અનેકપણું તો આત્માનો સ્વભાવભૂત ધર્મ છે. તે ધર્મને કાઢી નાંખતાં આત્માનું સ્વરૂપ જ સિદ્ધ ન થાય. એકપણું ને અનેકપણું-એવા બંને સ્વભાવવાળો જ્ઞાનમય આત્મા લક્ષમાં આવતાં સ્વાશ્રયે અનંત ગુણની નિર્મળપર્યાયોરૂપ અનેકભાવોમાં એકપણે વ્યાપીને આત્મા પરિણમે છે. અજ્ઞાનથી રાગમાં ને દેહમાં વ્યાપવાપણું માન્યું હતું, પણ જ્ઞાનભાવે આત્મા પોતાના શુદ્ધ ગુણ-પર્યાયોમાં જ વ્યાપેલો અનુભવાય છે.

હે જીવ! પરચીજમાં તું નથી. જેમાં તું હો તે ચીજ તારાથી જુદી ન હોય. તારા અનંતગુણોમાં ને તેની નિર્મળપર્યાયોમાં તું છો. તારું અસ્તિત્વ તારામાં દેખ, પરમાં ન દેખ. તારે એકપણું જોવું હોય તો પણ તારામાં છે ને અનેકપણું જોવું હોય તોપણ તારામાં છે. અનેકપણું એ કાંઈ દોષ નથી, એ તો સ્વભાવ જ છે. જેમ આત્મા એક વસ્તુ હોવા છતાં તેના પ્રદેશો અસંખ્ય છે, તેમ આત્મા એક દ્રવ્ય હોવા છતાં તેમાં ગુણો અનંત છે. આવો આત્મા હોવા છતાં તે ગુણભેદથી ખંડિત થતો નથી, સ્વાનુભૂતિમાં બધું એકરસ થઈને એકપણે અનુભવમાં આવે છે.

જીવના અનંતગુણો સદા એટલા ને એટલા હોવા છતાં તેની પર્યાયમાં સંસારદશામાં હીનાધિકતા થાય છે; તેમ તેના અસંખ્ય પ્રદેશો સદા એટલા

[illegible] છતાં [illegible]
[illegible]
[illegible]
[illegible]
આત્માર્થીના [illegible]
[illegible]
દરેક [illegible]

જેને જે ઇષ્ટ હોય-વહાલું હોય તેના ઉપર તે પ્રેમ કરે છે. તેમ જેને ધર્મ વહાલો છે, જેને સમ્યગ્દર્શનાદિ ગુણ વહાલા છે તેને તે ગુણવાળા સમ્યગ્દૃષ્ટિ-ધર્માત્મા પ્રત્યે પરમ પ્રેમ ને બહુમાન આવે છે. આત્માના અનંત ગુણવૈભવનો જેને પ્રેમ છે તે બીજા ધર્માત્માઓમાં પણ તેનો ગુણવૈભવ પ્રગટ દેખીને પ્રમોદિત થાય છે. અહા, અનંત ગુણરૂપ આત્મવૈભવનો જેને મહિમા આવે તેને તેનાથી વિરુદ્ધ ભાવોનો મહિમા છૂટી જાય. જેને સંયોગનું, પુણ્યના ઠાઠનું કે અજ્ઞાનીના શુભરાગનું માહાત્મ્ય છે તેણે આત્માના વીતરાગીધર્મનું માહાત્મ્ય જાણ્યું નથી. ભાઈ, તારો આત્મા અનંત ગુણથી ભરેલો, શાંતિથી ભરેલો, પ્રભુતાથી પૂરો. તેનો મહિમા પોતાના સ્વગુણના વૈભવથી છે, બીજા વડે તેનો મહિમા નથી. એ જ રીતે બીજા આત્માઓ (પંચ પરમેષ્ઠી વગેરે) નો મહિમા પણ તેમના પોતાના નિજવૈભવથી જ છે. દરેક જીવો પોતપોતાના આત્મવૈભવથી જ શોભે છે. અરે, બહારના ભપકામાં તને મહિમા લાગે છે ને તારામાં રહેલા અનંત ગુણનો મહિમા તને ભાસતો નથી, તો તને આત્માની ખરી પ્રીતિ નથી, ખરી જિજ્ઞાસા નથી.

ચૈતન્યના સાધક મુનિરાજ નિજાનંદની મસ્તીમાં ઝુલતા વિચરતા હોય, ચક્રવર્તી જેવા રાજા-મહારાજા ભક્તિથી આવીને તેમની સેવા કરે, ત્યાં તેને લીધે પોતાની મહત્તા મુનિ જરાય માનતા નથી. અરે, અમારા ચૈતન્યની અનંતગુણ સંપત્તિ, તેની પાસે ઈન્દ્રની કે ચક્રવર્તીની સંપત્તિની શી કિંમત છે! બહારની એ સંપત્તિ તે તો ગુણની વિકૃતિના એક વિકલ્પનું (શુભરાગનું) ફળ છે; નિર્વિકાર અનંતગુણનો અચિંત્ય મહિમા તો અંદર સમાય છે, તેનું ફળ બહારમાં નથી આવતું; એ અપાર અતીન્દ્રિય આનંદવૈભવથી પરિપૂર્ણ અમારો આત્મા છે, એના અનુભવથી જ અમારી મહત્તા છે.-આમ ધર્મીને પોતાના નિજવૈભવનો મહિમા ભાસ્યો છે. ભાઈ! બહારના વૈભવની મહત્તામાં -તેના પ્રેમમાં તારા નિજવૈભવને તું લૂંટાવી રહ્યો છો. અરે, વીતરાગી અનંત સુખના ભંડાર તારામાં ભર્યા છે તેનું તને માહાત્મ્ય કેમ નથી આવતું?-ને બહારમાં રાગના ને વિષયોના માહાત્મ્ય કેમ આવે છે? અરે, ચૈતન્યની મહત્તા પાસે પુણ્યના માહાત્મ્ય શા? રાગના કે સંયોગના માહાત્મ્ય શા? મહિમાવાળું તારું પરમ તત્ત્વ, જેનો અગાધ મહિમા સંતોએ પ્રસિદ્ધ કર્યો છે તેને લક્ષમાં લઈને, તેનો અપાર મહિમા લાવીને, તેને અનુભવમાં લે.


ચૈતન્યના આનંદનો [illegible] કોઈ લઈ જાય એમ બને [illegible] આવે નહિ: ઈન્દ્રના વૈભવ કે ચક્રવર્તી[illegible] શકે નહીં. આહા. આવા [illegible] જ હોય? અજ્ઞાનીને [illegible] જ્ઞાનીની ગુફાની [illegible] ખબર નથી. જ્ઞાનીની [illegible]

વચ્ચે હોય,-પણ જેમ સમવસરણના વૈભવ વચ્ચે બિરાજમાન વીતરાગ-પરમાત્માને તે સમવસરણનો રાગ નથી તેમ, ધર્માત્માને પોતાના આત્માના પ્રેમ સિવાય બાહ્યવૈભવનો પ્રેમ નથી, રુચિ નથી, તેના વડે પોતાની મહત્તા ભાસતી નથી. જેમ કોઈ માત્ર સમવસરણની બાહ્ય વિભૂતિ વડે જ અરિહંત પરમાત્માની મહત્તા સમજે તો તેણે ભગવાન અરિહંતદેવના ગુણોની ખરી મહત્તા જાણી નથી, તેણે અરિહંતને ઓળખ્યા નથી; તેમ કોઈ ઈન્દ્રાદિ પદની વિભૂતિવડે ધર્માત્માની મહત્તા માને તો તેણે ધર્માત્માને જેવા છે તેવા જાણ્યા નથી, ધર્માત્માના સમ્યક્ત્વાદિ ગુણવૈભવને તે ઓળખતો નથી એટલે ધર્મીની સાચી ઓળખાણ તેને નથી. અહા, ધર્મીના આત્માની સાચી ઓળખાણ પણ અપૂર્વ ભેદજ્ઞાન કરાવે છે.

બાપુ! જ્યાં શુભ વિકલ્પેય અમારો નથી ત્યાં આ ઈંદ્રપદ વગેરે બહારના ઠાઠ અમારા કેમ હોય? તું માત્ર વિકલ્પને અને બાહ્યવૈભવને જ દેખતો હો તો તેં ધર્મીના ધર્મને દેખ્યો નથી,-ધર્મીનું દર્શન કરતાં તને આવડ્યું નથી. તેં તો રાગનું ને વૈભવનુ દર્શન કર્યું. ધર્મી કયા ભાવમાં ઊભા છે? -એની દૃષ્ટિ ક્યાં છે? એનો સ્વાનુભવ કેવો છે? એની વીતરાગતા કેવી છે?-એની તને ખબર નથી; બાહ્યદૃષ્ટિ વડે એ દેખાય એવું નથી. ધર્મીની પ્રીતિનો વિષય તો અનંતચૈતન્યવૈભવથી ભરપૂર આત્મા જ છે, તેમાં જ એમની દૃષ્ટિ છે, એમના સ્વાનુભવમાં એનો જ સ્વીકાર છે. ઈન્દ્રપદ કે શુભરાગ એ એમની પ્રીતિનો કે એમના સ્વાનુભવનો વિષય નથી. નાનામાં નાના સમ્યગ્દૃષ્ટિ-ધર્માત્મા હોય તેમની પણ આવી જ અંતરદશા હોય છે. એવી અંતર-દશાને ઓળખે ત્યારે ધર્માત્માને ઓળખ્યા કહેવાય, ને ત્યારે પોતામાં પણ ભેદજ્ઞાન થાય.

અરે, આત્માની શોભા તો પોતાના ગુણથી હોય કે પારકાથી? નિજ-ગુણની સંપદાથી શોભતા આત્માના વૈભવનું આ વર્ણન છે. જ્ઞાનની અંતર્મુખ અવસ્થાવડે 'આ જ્ઞાયક હું' એમ લક્ષમાં લઈને અનુભવ કરતાં અનંતધર્મ સહિત આત્મા અનુભવમાં આવે છે. અનંતગુણ હોવા છતાં સ્વાનુભવમાં ગુણભેદ ઉપર દૃષ્ટિ નથી રહેતી, બધા ગુણો અભેદપણે દ્રવ્યના અનુભવમાં સમાઈ જાય છે. આવા સ્વભાવના સ્વસંવેદનમાં અનંત ગુણની નિર્મળતા ને આનંદ હોય છે. આ રીતે જ્ઞાનમાત્ર આત્માના અનુભવમાં 'એકપણું'

[illegible] અનુભવમાં આવતાં એમના [illegible] છે, [illegible] આવે છે.



તે પવિત્ર આત્માના ચરણકમળ—કે જેમણે જગતને
આત્મવૈભવ દેખાડયો

(પોન્નૂર)



[૩૩] ભાવશક્તિ [૩૪] અભાવશક્તિ

આત્મવસ્તુ અનાદિઅનંત છે, તે કોઈથી બની નથી, નાશ પામતી નથી, સદા પોતાના અનંતગુણસહિત બિરાજમાન છે. આવો આત્મા અનાદિથી પોતાના નિજવૈભવને ભૂલીને આ દેહસંયોગમાં ને વિકારમાં પોતાનું અસ્તિત્વ માની રહ્યો છે. તે ભ્રાંતિ અને દુઃખ છે. જો જ્ઞાનલક્ષણ દ્વારા અંતરમાં દેખે તો પરથી ભિન્ન પોતાનું શુદ્ધસ્વરૂપ અનુભવમાં આવે ને ભ્રાંતિ ટળે. એટલે દુઃખ ટળીને પરમસુખ પ્રગટે. જેમ સમુદ્રના શોધક મરજીવા ઊંડા દરિયામાં ડુબકી મારીને રત્નોના ખજાના શોધે છે, તેમ આ ચૈતન્ય-સમુદ્રમાં અનંત ગુણરૂપી અનંત રત્નો છે. જ્ઞાન–દર્શન-આનંદ વગેરે અનંત શક્તિઓ-રૂપી અચિંત્ય રત્નો એમાં ભર્યા છે; આ નિધાનને ભૂલીને અજ્ઞાની જીવો બહાર ભટકે છે. પણ આત્માના શોધક જીવો મરજીવા થઈને અંદર ચૈતન્ય-દરિયામાં ઊંડા ઊતરે છે ને સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર વગેરે અનંત રત્નોને સ્વાનુભવમાં પ્રાપ્ત કરે છે; તે રત્નોનું એટલે કે ચૈતન્યધર્મોનું આ વર્ણન છે.

આત્મામાં એવી ભાવશક્તિ છે કે જ્યારે જુઓ ત્યારે તેમાં કોઈ અવસ્થા વિદ્યમાન હોય જ, અવસ્થા વગરનો તે હોય જ નહીં.–અને તેનામાં એવી અભાવશક્તિ છે કે વર્તમાન સિવાયની બીજી અવસ્થાઓ તેનામાં અવિદ્યમાન હોય છે. આ રીતે આત્મામાં ભાવશક્તિ તથા અભાવશક્તિ છે. 'અભાવશક્તિ' પણ છે તો ભાવરૂપ, કાંઈ અભાવરૂપ નથી.

કોઈ વસ્તુ પોતાના સ્વભાવ વગરની ખાલી હોય નહીં. આત્મા સ્વતંત્ર વસ્તુ છે, તેને પોતાના જ્ઞાનાદિ સ્વભાવો છે. જેમ સાકરનો સ્વભાવ ગળપણ, અફીણનો સ્વભાવ કડવાશ, તેમ આત્માનો સ્વભાવ જ્ઞાન ને આનંદરૂપ છે. જ્ઞાનઅવસ્થાપણે તેનો ભાવ છે, જ્ઞાનઅવસ્થા તેમાં વિદ્યમાન છે, ને રાગાદિનો તેમાં અભાવ છે. દેહ તથા રાગાદિ જ્ઞાનમાં જણાય છે પણ તેઓ જ્ઞાનમાં અભાવ-રૂપ છે. જેમ મોર અરીસામાં જણાય છે પણ તે કાંઈ અરીસામાં આવી ગયો નથી; તેમ જ્ઞાનના અસ્તિત્વમાં કાંઈ વિકાર કે જડ આવી જતા નથી. આત્મામાં જ્ઞાનઅવસ્થા વિદ્યમાન છે ને રાગાદિ અવિદ્યમાન છે; અથવા ભૂત–ભવિષ્યની અવસ્થાઓ પણ અત્યારે અવિદ્યમાન છે. જડનો તો આત્મામાં તદ્દન અભાવ છે, ને ભૂત–ભવિષ્યની પોતાની અવસ્થાનો પણ પ્રાક્અભાવ તથા પ્રધ્વંસ-અભાવ છે. વર્તમાન વર્તતી અવસ્થા ભાવરૂપ છે. તેમાં પણ વર્તમાન રાગ વર્તમાન જ્ઞાનમાં તો અભાવરૂપ જ છે.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

છે, આનંદમાં [illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

ભવચક્રમાં ભમ્યો. બીજા પાસેથી નિજગુણ માગવા જાય તે આત્માનું ભીખારીપણું છે. ભાઈ, તું તો અનંતગુણભંડારથી ભરપૂર ચૈતન્યભગવાન છો; વળી બીજા પાસેથી માંગવાનું શું હોય? તારામાં ક્યો એવો ગુણ ઓછો છે કે બીજા પાસે તારે માંગવું પડે? સ્વસન્મુખ થઈને નિર્મળ અવસ્થાની વિદ્યમાનતારૂપે જ્ઞાનનું ભવન થાય–એવી શક્તિ તારામાં જ છે. તારું સાધન તારી શક્તિમાં જ ભર્યું છે. બીજે ક્યાં તું શોધે છે? અંતર્મુખ થઈને તારામાં જ શોધ.

પરનો આત્મામાં અભાવ છે: વિકારનો નિર્મળભાવમાં અભાવ છે: ભૂત-ભવિષ્યની પર્યાયો અત્યારે અવિદ્યમાન છે: એટલે તે કોઈના કારણે વર્તમાન અવસ્થા થતી નથી, વર્તમાન અવસ્થા પોતે વિદ્યમાન સ્વભાવવાળી છે, તેનું વિદ્યમાનપણું કોઈ બીજાના કારણે નથી, ચૈતન્યના લક્ષમાં દક્ષ થતાં આત્મા પોતાની નિર્મળઅવસ્થાપણે વિદ્યમાન વર્તે છે. પોતામાં નિર્મળ અવસ્થાની વિદ્યમાનતા કોણ સ્વીકારી શકે? કે શુદ્ધઆત્મા ઉપર જેની દૃષ્ટિ હોય તે; પોતામાં નિર્મળ અવસ્થાની વિદ્યમાનતા દેખનારો જીવ કર્મનો ને વિકારનો પોતામાં અભાવ દેખે છે. જેને કર્મનું જોર લાગે છે ને શુદ્ધાત્માનું જોર નથી ભાસતું તેણે ખરેખર પોતામાં કર્મનો અભાવ દેખ્યો નથી, ને નિર્મળઅવસ્થાનું વિદ્યમાનપણું પણ તેને નથી; 'ભાવશક્તિ તથા અભાવ-શક્તિ'વાળા આત્માને તેણે ઓળખ્યો નથી. આવી શક્તિવાળા આત્માને જે ઓળખે તેને પર્યાયમાં નિર્મળતાની વિદ્યમાનતા થાય, ને તેમાં વિકારનો તથા કર્મનો અભાવ ભાસે.

વર્તમાન-વિદ્યમાન અવસ્થામાં પૂર્વ-પછીની અવસ્થાનો પણ અભાવ છે. જો તેમ ન હોય ને ભૂત-ભવિષ્યની પર્યાયો પણ અત્યારે વિદ્યમાન હોય તો વર્તમાન જ્ઞાનપર્યાયમાં ભૂતકાળની અજ્ઞાનદશા પણ વર્ત્યા કરે...તથા વર્તમાન સાધકપર્યાયમાં ભવિષ્યની કેવળજ્ઞાનદશા પણ અત્યારે જ થઈ જાય. —એટલે સાધકદશા વગેરેની સિદ્ધિ જ ન થઈ શકે. (ન્યાયશાસ્ત્રોમાં આ વાત પ્રાક્-અભાવ ને પ્રધ્વંસ-અભાવ તરીકે વર્ણવી છે.)

જુઓ, આ વસ્તુસ્વરૂપની ઊંચી વાત છે. જેમ સાચા ઝવેરાતની દુકાન ચલાવનાર તે પ્રકારની ઝવેરાતને પારખવાની બુદ્ધિવાળો હોય, ને રત્નોને તોલવાના તેના કાંટા પણ સૂક્ષ્મ હોય. તેમ આ ચૈતન્યરત્નને પારખવા માટે

[illegible]

તેથી બુદ્ધિ [illegible] [illegible]
ચાલુ [illegible] છે. [illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible] છે. [illegible]
[illegible]
[illegible]

છે. તો તે રાગ કે દેહ ધર્મનું સાધન કેમ થાય? ધર્મનું સાધન તો વિદ્યમાન પર્યાયમાં વર્તવાની જેની તાકાત છે એવો આત્મા જ સાધન છે.

'પહેલું સુખ તે જાતે નર્યા...' એ તો બહારના દેહબુદ્ધિવાળા જીવોની કલ્પના છે. ભાઈ, શરીર જ તું નથી. તું તો ચેતનાજાત છો; તારી ચૈતન્ય-જાતને જાણવી ને વિકાર વગરની રાખવી—તે જ ખરું સુખ છે. તારું ચૈતન્યતત્ત્વ એવું છે કે જેને જાણતાં જ મહા આનંદ થાય. એ સિવાય બીજે તો સુખનો છાંટોય નથી. આત્મામાં પોતામાં સુખ છે તો બીજે શોધવાની જરૂર નથી; ને જો પોતામાં સુખ ન હોય તો બીજેથી આવી શકે નહીં. જે કોઈ અનંતા જીવો આનંદને પામ્યા તેઓ પોતાના સ્વરૂપમાં જ શોધીને આનંદને પામ્યા છે, બીજી રીતે નહીં.

મોટા પુરુષોનો આશ્રય કરતાં તેમની અમીદૃષ્ટિથી ન્યાલ થઈ જવાય છે,—તેમ જગતમાં મોટો એવો આ ચૈતન્યસ્વરૂપ આત્મા, તેનો આશ્રય કર તો તું ન્યાલ થઈશ, તારી પર્યાયમાં અતીન્દ્રિય આનંદનાં અમી ઝરશે. અહા, આચાર્યદેવે અંદરમાં ચૈતન્યના નિધાન ઘોળી ઘોળીને તેનો સાર આ સમય-સારમાં ઉતાર્યો છે. તારો આત્મા પોતાના અનંતગુણના પરિણમનમાં પોતાની ભવનશક્તિથી પરિણમી રહ્યો છે.—આવી શક્તિવાળા તારા આત્માને દેખ તો સમ્યગ્દર્શનાદિરૂપ ભવન-પરિણમન થાય. પોતે અંતરમાં લીન થઈને પોતાના સ્વભાવનું વેદન કરતાં આત્મા રત્નત્રયરૂપ પરિણમી જાય છે. નિજસ્વભાવમાં આવ્યો ત્યાં ભાવશક્તિનું સમ્યક્ ભવન થયું. ચૈતન્યની મહા ખાણ, તેમાં ઊંડે ઊતરીને જેટલું ખોદે તેટલા આત્મનિધાન નીકળે તેમ છે, એ નિધાન કદી ખૂટે તેમ નથી.

વિદ્યમાન અવસ્થા તો અજ્ઞાનીને પણ હોય છે, પણ તેને નિજ-સ્વભાવનું ભાન નથી તેથી તેની વિદ્યમાન અવસ્થા અજ્ઞાનરૂપ છે; જ્ઞાનીને ભાન વડે જ્ઞાનમય અવસ્થા વિદ્યમાન વર્તે છે. અહા, એકલા જ્ઞાનની મૂર્તિ આનંદની મૂર્તિ એવા આત્માને જ્યાં લક્ષમાં લીધો ત્યાં તે નિર્મળભાવપણે પ્રગટ્યા વગર રહે નહિ. આત્માને જે લક્ષમાં લ્યે તેને નિર્મળ અવસ્થા વિદ્યમાન હોય જ, કાળભેદ કે ક્ષેત્રભેદ વગર અનંત શક્તિઓ આત્મામાં વિદ્યમાન છે ને જ્ઞાનભાવની સાથે તેનું નિર્મળ પરિણમન વર્તી રહ્યું છે. આવા સ્વરૂપે વિદ્યમાન આત્માને લક્ષમાં લીધા વગર સાચી વિદ્યા પ્રગટે નહિ, ને સાચી વિદ્યા વગર

વિદેહમાં આવીને સાક્ષાત સાંભળ્યો. ભગવાન પાસેથી સાંભળીને તથા અનુભવથી પોતે અંતરમાં અનુભવેલો 'આત્મવૈભવ' તેમણે આ સમયસારમાં દેખાડ્યો છે. દક્ષિણમાં મદ્રાસથી ૮૦ માઈલ દૂર પોન્નૂરમાં તેઓ આત્મધ્યાન કરતા હતા...આપણે બે વખત (સં. ૨૦૧૫ તથા સં. ૨૦૨૦ માં) તેની યાત્રા કરી આવ્યા છીએ. કુંદકુંદસ્વામીએ સમયસારની રચના કરીને આ કાળના જીવો ઉપર તીર્થંકર જેવો ઉપકાર કર્યો છે; અને ટીકાદ્વારા તેના ભાવો ખોલીને અમૃતચંદ્રાચાર્યદેવે ગણધર જેવા કામ કર્યાં છે. આ ૪૭ શક્તિમાં સ્વભાવના અલૌકિક ભાવો તેમણે ભરી દીધા છે; હજારો શાસ્ત્રોનો નીચોડ તેમાં સમાઈ જાય છે.

પાંચ શરીરો કે આઠ કર્મો તેનાથી તો આત્મા શૂન્ય છે-ખાલી છે, આત્માના દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમા તેનો સદા અભાવ છે. આત્મા તે-રૂપે કદી થતો નથી. કર્મના સંબંધવાળા જે વિકારભાવો તેમનો પણ આત્માની નિર્મળદશામાં અભાવ છે. વિકારરૂપે થાય તેને ખરેખર આત્મા ન કહેવાય. વિકાર અને તેના નિમિત્તરૂપ કર્મ, તે-રૂપે ન થવાનો આત્માનો સ્વભાવ છે. ખરો આત્મા તેને કહેવાય કે જેને જાણતાં આનંદનો અનુભવ થાય, ને જેને અનુભવતાં વિકારનો અભાવ થાય. નરકમાં અસંખ્યજીવો સમ્યગ્દષ્ટિ છે, સ્વર્ગમાં અસંખ્યજીવો સમ્યગ્દષ્ટિ છે, તિર્યંચમાં અઢીદ્વીપ બહાર અસંખ્ય-જીવો સમ્યગ્દષ્ટિ છે, ને મનુષ્યમાં અબજો જીવો સમ્યગ્દષ્ટિ છે,-આ બધાય સમ્યદૃષ્ટિ જીવો પોતાના આવા આત્માને જાણે છે ને અનુભવે છે. ચારગતિના અભાવરૂપ આત્મસ્વભાવ છે, મારી આત્મશક્તિમાં ચારગતિ, પાંચ ઇન્દ્રિયો, પાંચ શરીર વગેરેનો અભાવ છે, કર્મનો અભાવ છે, સમસ્ત વિકારનો અભાવ છે; એ બધાથી શૂન્યરૂપે, ને નિર્મળજ્ઞાન-આનંદથી ભરેલારૂપે મારા આત્માની વિદ્યમાનતા છે-એમ ધર્મી જાણે છે.

અરે ભાઈ, તુ દુનિયાની ખબર લેવા બેઠો પણ તને તારી પોતાની તો ખબર નથી! તારા આત્માનો ઉદ્ધાર કેમ થાય-એની તો તને ખબર નથી. અપાર વૈભવથી ભરેલા તારા આત્માની સંભાળ કર. કેવા સ્વરૂપે તેની વિદ્યમાનતા છે ને શેનો તેમાં અભાવ છે-તે ઓળખ. નિર્મળ જ્ઞાનાદિભાવોમાં તારી વિદ્યમાનતા છે, પણ શરીર-કર્મ-વિકાર તેમાં તારી અવિદ્યમાનતા છે,

---

* तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण (દર્શાવું એક-વિભક્ત એ, આત્માતણા નિજવિભવથી)

સન્મુખ થઈને પરિણમતાં પર્યાયમાં [illegible] જાય છે. આત્મદ્રવ્ય ને તેની શક્તિઓ પરમ પારિણામિકભાવરૂપ [illegible] અવલંબને ઉપશમાદિ ભાવો પ્રગટે છે, ને [illegible] તેનાથી [illegible] ઉદયભાવ તે સ્વાશ્રયી પરિણામ નથી. નિજશક્તિના આશ્રયે તો નિર્મળ-ભાવો જ પ્રગટે. મલિનતા થાય છે તો પોતાની પર્યાયમાં ને પોતાના અપરાધથી, પણ તે સ્વભાવ-આશ્રિત થયેલું કાર્ય નથી માટે સ્વભાવદૃષ્ટિમાં તેને આત્માનું કાર્ય કહેતા નથી. અંતર્મુખ જ્ઞાનલક્ષણ દ્વારા [illegible] આત્મા, તેનામાં તો અનંતગુણનું નિર્મળ પરિણમન જ ઉલ્લસે છે, વિકાર તેમાં નથી ઉલ્લસતો. ધર્મી જીવ પારકી મૂડી જેવા એ પરભાવોને પોતાના સ્વભાવમાં ખતવતા નથી. સ્વ-પરની સાચી ખતવણી (વહેંચણી) કરતાં આવડે તો ભેદજ્ઞાન થાય. સ્વભાવના વૈભવમાં વિકારને ન ખતવાય. વિકાર ઉધાર પાસાની રકમ છે, તેને સ્વભાવના જમા પાસામાં ન લેવાય.

દેવો જેની સેવા કરે એવા ૧૪ મહાન રત્નો, નવનિધાન અને ૯૬૦૦૦ રાણીઓ વગેરે વૈભવની વચ્ચે પણ ચક્રવર્તી-સમ્યગ્દૃષ્ટિ જાણે છે કે મારો અનંત ચૈતન્યવૈભવ મારી પાસે છે, બહારનો આ વૈભવ મારો નથી. મારા નિર્મળ દ્રવ્ય-ગુણ-પર્યાયના વૈભવમાં આ ચક્રવર્તીના વૈભવનો તો અભાવ છે, ને તે તરફની રાગવૃત્તિનો પણ મારા ચૈતન્યવૈભવમાં અભાવ છે. પર્યાયમાં વિદ્યમાન છતાં શુદ્ધસ્વભાવની અધિકતાના બળે ભૂતાર્થદૃષ્ટિમાં તેનું અવિદ્યમાન-પણું કરી નાંખ્યું છે. સ્વભાવદૃષ્ટિની આ અલૌકિક વાત સમજે તેનું કલ્યાણ થઈ જાય. 'भूयत्थमस्सिदो खलु सम्माइट्ठी हवइ जीवो' એમાં એ જ વાત સમજવી છે. ભૂતાર્થદૃષ્ટિમાં વ્યવહાર અભૂતાર્થ થઈ જાય છે કેમકે ભૂતાર્થદૃષ્ટિ શુદ્ધ-સ્વભાવને દેખે છે, ને તે શુદ્ધસ્વભાવમાં અશુદ્ધતા નથી.

ધર્માત્માની અંતરની અલૌકિક પરિણતિ બાહ્યદૃષ્ટિ વડે દેખાય નહીં; બહારની સ્થૂળદૃષ્ટિથી તો અનુકૂળતા-પ્રતિકૂળતાના સંયોગો ને રાગાદિ ભાવો જ દેખાય, પણ અંતરની વીતરાગી દૃષ્ટિમાં અતીન્દ્રિય સુખરસની જે ગટાગટી સમ્યગ્દૃષ્ટિને થઈ રહી છે-તે તો અંતરની સૂક્ષ્મદૃષ્ટિ વડે જ ઓળખાય છે. ધર્માત્માએ અંતરમાં વીતરાગી શાંતરસનો જે સ્વાદ ચાખ્યો છે તે શાંતિ પાસે રાગ તો બળબળતા અગ્નિ જેવો છે. શીતળ પાણીમાં પોષાયેલું માછલું પાણીની બહાર કિનારે રેતીમાં આવે તોપણ તરફડે છે, તો ધગધગતા

તે પ્રસન્ન થઈને જવાબ આપે. પણ તેને બીજા [illegible] તેના વિશેષણો કરતાં ઓછાં વિશેષણોથી બોલાવે તો તેમાં તેનો અનાદર [illegible] ને તે જવાબ ન આપે. એક [illegible] રાજાને [illegible] છે. તો જગતમાં સૌથી મોટો અનંત વૈભવવાળો આ ચૈતન્યમહારાજા, તેને રાગવાળો ને પામર કહીને બોલાવતાં (લક્ષમાં લેતાં) તે કેમ પ્રસન્ન થાય? ચૈતન્યરાજાને રાગવાળો કહેવો તે તો તેનો અનાદર કરવા જેવું છે. એને તો એના જ્ઞાન-આનંદ વગેરે અનંતગુણરૂપ વિશેષણોથી લક્ષમાં લઈને આદર કરતાં તે પ્રસન્નતાસહિત એટલે કે અતીન્દ્રિય આનંદસહિત અનુભવમાં આવે છે, ને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મહારત્નો આપે છે.

આવો આત્મા સ્વાનુભવમાં આવ્યો તે વિદ્યમાન એવી નિર્મળ પર્યાય સહિત વર્તે છે, ને પરભાવોથી રહિત વર્તે છે; તથા ભૂત-ભવિષ્યની પર્યાય પણ અત્યારે અવિદ્યમાનરૂપ છે. આ રીતે આત્મામાં ભાવપણું ને અભાવપણું બંને ધર્મો વર્તે છે તેનું વર્ણન કર્યું.

ભાવશક્તિ તથા અભાવશક્તિનું વર્ણન પૂર્ણ. (૩૩-૩૪)



જેણે સર્વજ્ઞશક્તિવાળા આત્માને જાણ્યો તેણે તેનું સાધક ને સાધ્ય બંને પોતામા જાણ્યા; એટલે બીજા કોઈ બાહ્ય-સાધનની બુદ્ધિ તેને ન રહી; રાગને પણ સાધન તે ન માને. રાગાદિ ભાવો તે ખરેખર આત્મા નથી, તે તો અભૂતાર્થ આત્મા છે; જ્યારે સ્વભાવનો નિર્ણય કરીને સાધકભાવમાં ચડ્યો ત્યારે નિર્મળપર્યાયરૂપે પરિણમેલો તે આત્મા 'ભૂતાર્થ આત્મા' થયો, તે સાચો આત્મા થયો, તે ધર્માત્મા થયો....ને તે મોક્ષનો પંથી થયો....તેના અનંતા ગુણોનો સંઘ નિર્મળ-પર્યાયસહિત મોક્ષધામની યાત્રા કરવા ચાલ્યો.

જ્ઞાનસ્વરૂપ આત્મામાં એવો સ્વભાવ છે કે વિદ્યમાન એટલે હાજર ભાવનો બીજા સમયે વ્યય એટલે અભાવ થાય છે, તથા પહેલાં જેનો અભાવ હતો એવી પર્યાયનો ઉદય થાય છે એટલે કે તે આવિર્ભાવ પામે છે. આ રીતે 'ભાવનો અભાવ' ને 'અભાવનો ભાવ' એક સમયે થયા જ કરે છે. પહેલાં ન હોય એવી પર્યાયની બીજા સમયે જે ઉત્પત્તિ થઈ તે નિમિત્તને લીધે નથી થઈ પણ અભાવનો ભાવ થાય એવો વસ્તુનો સ્વભાવ જ છે. વિદ્યમાન પર્યાય સદાય વિદ્યમાન જ રહ્યા કરે એમ નથી. વિદ્યમાનપર્યાય બીજા સમયે વ્યય થાય છે ને તે જ ક્ષણે અગાઉ જે અવિદ્યમાન હતી એવી પર્યાય ઉત્પન્ન થાય છે. આ રીતે પર્યાયમાં વ્યય ને ઉત્પત્તિ થયા કરે છે. અહીં ભાવ-અભાવમાં કે અભાવ-ભાવમાં નિર્મળપર્યાયોની જ વાત છે. કેમકે વિકારનો તો જ્ઞાનમાત્રભાવમાં અભાવ જ છે, તેનો કાંઈ 'ભાવ' નથી થતો. સમ્યગ્દર્શન સાથે જે નિર્મળપર્યાય છે તેના ઉત્પાદ-વ્યયની આ વાત છે. જ્ઞાનભાવના ઉત્પાદ-વ્યય જ્ઞાનવડે જ જણાય છે એટલે કે તે જ્ઞાનમય જ છે, તે વિકારમય નથી.

સ્વભાવસન્મુખ પરિણતિ થતાં જ્ઞાનની સાથે અનંત ગુણની નિર્મળ પર્યાયનો જે 'ભાવ' થયો તે એક સમય રહીને બીજા સમયે વ્યય પામે છે એટલે કે તે 'ભાવનો અભાવ' થાય છે; અને બીજી નિર્મળપર્યાય—કે જે આગલા સમયે અભાવરૂપ હતી તેનો ઉદય થાય છે એટલે કે 'અભાવનો ભાવ' થાય છે. –આવી બન્ને શક્તિઓ આત્મામાં છે.

વિદ્યમાન પર્યાયનો અભાવ થતાં આત્મા પર્યાય વગરનો થઈ જશે?

–તો કહે છે કે ના; તે વખતે જ બીજી નવી પર્યાયનો 'ભાવ' થશે. એક 'ભાવ'નો જે વખતે અભાવ થાય છે તે જ વખતે બીજા 'અભાવ'નો ભાવ થાય છે, એટલે કે આત્મામાં વ્યય ને ઉત્પાદ બંને એક સાથે થાય છે.

ભાવ-અભાવ તે વિદ્યમાનપર્યાયનો વ્યય સૂચવે છે.

અભાવ-ભાવ તે અવિદ્યમાનપર્યાયની ઉત્પત્તિ સૂચવે છે.

અજ્ઞાનીને પણ આવા ભાવ-અભાવ ને અભાવ-ભાવ થાય છે તો ખરા, પણ તેને અજ્ઞાનને લીધે તે વિકારી થાય છે. ધર્મીને જ્ઞાનમય પરિણમનને લીધે ભાવ ને અભાવ (ઉત્પાદ ને વ્યય) બંને નિર્મળ જ્ઞાનમય થાય છે.

નહિ, ને સમ્યગ્દર્શનસહિત છઠ્ઠી નરક સુધીની નીકળી શકે.—આ પ્રકારની જીવના પરિણામોની મર્યાદા છે.

કેટલાક જીવો કહે છે કે અમે સમ્યગ્દર્શન માટે પુરુષાર્થ તો કરીએ છીએ પણ સમ્યગ્દર્શન થતું નથી.–નહિ, એની વાત જૂઠી છે. સમ્યગ્દર્શનનો સાચો પુરુષાર્થ એણે કર્યો જ નથી. સમ્યગ્દર્શન માટેનો જેવો પુરુષાર્થ છે તેવો પુરુષાર્થ કરે ને સમ્યગ્દર્શન ન થાય એમ બને નહીં. જેવો પુરુષાર્થ કરે તેવું કાર્ય થાય જ. પણ પુરુષાર્થ તો કરે રાગનો, ને માને એમ કે હું સમ્યગ્દર્શનનો પુરુષાર્થ કરું છું–તો એ તો એની ભૂલ છે, સમ્યગ્દર્શનનો પુરુષાર્થ રાગથી ભિન્ન કેવો હોય એની એને ખબર નથી. સમ્યગ્દર્શનના વિષયરૂપ શુદ્ધ આત્માને યથાર્થપણે જ્ઞાનમાં લક્ષગત કરીને તેનો પુરુષાર્થ કરતાં સમ્યગ્દર્શન જરૂર થાય છે.

અહીં સમ્યગ્દર્શન થતાં જે નિર્મળ ભાવો પ્રગટ્યા તેનું વર્ણન ચાલે છે. સર્વજ્ઞભગવાને જાણેલો, કહેલો ને સન્તોએ અનુભવેલો એવો જે આત્મ-વૈભવ તેની આ વાત છે. હે જીવ! તારા આત્મામાં પણ આવો વૈભવ છે, તેને તું લક્ષમાં લે એટલે તારી પર્યાયમાં તે પ્રગટ થશે. શ્રદ્ધા-જ્ઞાન-આનંદ વગેરેમાં જે નિર્મળભાવ પ્રગટ્યા તેમાં રાગાદિનો અભાવ છે, તે અભાવનો કાંઈ ભાવ નથી થતો, તેનો તો અભાવ જ રહે છે. પણ બીજા સમયની જે નિર્મળપર્યાય વર્તમાનમાં અવિદ્યમાન એટલે કે અભાવરૂપ હતી તેનો બીજા સમયે 'ભાવ' થાય છે એટલે કે તે ઉત્પન્ન થાય છે, ને તેની ઉત્પત્તિના કાળે આગલી પર્યાયનો વ્યય થાય છે. આ રીતે અભાવનો ભાવ, ને ભાવનો અભાવ –એવું નિર્મળભાવોનું પરિણમન ચાલ્યા જ કરે છે. જો આમ ન હોય તો સમયેસમયે નવી પર્યાય થાય નહીં, ને વર્તમાનપર્યાય કદી ટળે નહિ, એટલે સાધકમાંથી સિદ્ધદશા થવાનું બની શકે નહિ. એક જીવ સાધક છે, તેની સાધકપર્યાય છે તે ભાવરૂપ છે, ને ભવિષ્યની સિદ્ધપર્યાય અત્યારે અભાવરૂપ છે; હવે તે જીવ સિદ્ધ થયો ત્યારે સાધકપર્યાયરૂપ જે ભાવ હતો તેનો અભાવ થયો, ને સિદ્ધપર્યાયનો જે અભાવ હતો તેનો ભાવ થયો. આ રીતે 'ભાવનો અભાવ' ને 'અભાવનો ભાવ' બધા પદાર્થોમાં સમયેસમયે થઈ જ રહ્યો છે.

ભાઈ, આ તારા પોતાના સ્વભાવની વાત છે; તારા આત્મામાં હંમેશાં જે બની રહ્યું છે તે તને બતાવીએ છીએ. સર્વજ્ઞપિતાએ આપણને આપણો

ઊડી ગયું છે. જેનું સ્વામીપણું છે તે ભાવરૂપે જ તેના ઉત્પાદ-[illegible] ભાવ. ને ભાવઅભાવ) થાય છે. ચેતનના ઉત્પાદ-[illegible] અચેતનરૂપે ન થાય. ચેતનના ઉત્પાદ-વ્યય ચેતનરૂપ જ થાય,-[illegible] તેમ જ્ઞાનના ઉત્પાદ-વ્યય જ્ઞાનરૂપ જ થાય, રાગરૂપ ન થાય. અહા, આવા તારા જ્ઞાનવૈભવની એકવાર હોંશથી હા તો પાડ. 'હા' પડતાં તારું [illegible] તેવું થઈ જશે. તારા આત્માની શક્તિ અપાર છે-તેની હા પાડીને તું પરમાત્મા બની જા.

વાહ! અંદરથી શ્રદ્ધાના રણકાર કરતો આત્મા જાગી જાય-એવો આ વીરમાર્ગ છે. જેમ રણે ચડેલા રાજપૂતની વીરતા છૂપે નહિ, તેમ ચૈતન્યની સાધનાના પંથે ચડેલા ને વીરપ્રભુના માર્ગે વળેલા ધર્માત્માની વીરતા છાની રહે નહિ; એનો વૈરાગ્ય, એનાં શ્રદ્ધાનું જોર, એનો સ્વભાવનો પ્રેમ, એનો આત્માનો ઉત્સાહ-એ બધું મુમુક્ષુથી છાનું ન રહે. જ્ઞાનીની દશા ખરેખર અદ્ભુત હોય છે.

જ્ઞાનના ઉત્પાદ-વ્યય જ્ઞાનમય છે, જ્ઞાનનું પરિણમન જ્ઞાનમય છે. જેમ દરિયામાં એક તરંગનો વ્યય ને બીજા તરંગની ઉત્પત્તિ થાય છે પણ તે દરિયામાં જ થાય છે, બહાર નહીં; તેમ વ્યય ને ઉત્પાદ બંને ભાવો વસ્તુમાં સમાય છે, વસ્તુના ઉત્પાદ-વ્યય વસ્તુથી બહાર હોતા નથી. વર્તમાન ભાવનો બીજા સમયે અભાવ (વ્યય), અને વર્તમાન જેનો અભાવ હતો તેનો બીજા સમયે ભાવ (ઉત્પાદ),-આવું પરિણમન સિદ્ધદશામાંય થયા કરે છે. ભાઈ, આત્માનો જેવો સ્વભાવ છે તેવો સમજીને શ્રદ્ધા કરવી, તેનો રસ કરવો તેમાં જ સુખ છે, બાકી તો સંસારના બાહ્યભાવોમાં દુઃખ-દુઃખ ને દુઃખ જ છે. અહા, જે આત્મસ્વભાવની પ્રેમથી વાત કરતાં પણ આનંદ આવે તેના સાક્ષાત્ અનુભવના આનંદની શી વાત!

કોઈ કહે કે આત્મા સમજવા માટે અમને નિવૃત્તિ નથી મળતી. તો તેને કહે છે કે ભાઈ, તારી વાત જૂઠી છે. તને આત્માની ખરી રુચિ નથી એટલે તું બહાનું કાઢે છે. તને વિકથાનો તો વખત મળે છે, ઊંઘવાનો ને ખાવાનો વખત તો મળે છે! ને આત્માના વિચાર માટે વખત નથી મળતો? આત્માની ખરી ખટક હોય તો તેને માટે બીજાનો રસ છોડીને વખત કાઢ્યા વગર રહે જ નહીં. ભાઈ! આવા અવસર ફરીફરી નથી મળતા. માટે આત્મામાં

પોતાની નિર્મળ અવસ્થારૂપે [illegible] જે નિર્મળ ઉત્પાદ-વ્યય થાય છે તેની [illegible] એકત્વબુદ્ધિથી જે અજ્ઞાનમય ઉત્પાદ-વ્યય થાય [illegible] ભાવનું પરિણમન નથી, માટે તેની [illegible] વિદ્યમાન છે, શ્રુતપર્યાયમાં કેવળજ્ઞાનપર્યાયનો અભાવ છે. [illegible] શ્રુતપર્યાયનો પછી અભાવ થશે, ને [illegible] કેવળજ્ઞાન [illegible] થશે. ત્યાર પછી પણ એક કેવળજ્ઞાનપર્યાયનો વ્યય, ને [illegible] બીજી કેવળજ્ઞાનપર્યાયનો ઉત્પાદ,—આવું પરિણમન સદાકાળ [illegible]

જ્ઞાન અને રાગ બંનેનો એક કાળ હોવા છતાં જ્ઞાનમાં રાગનો અભાવ જ છે. જ્ઞાનીને તે કાળે જ્ઞાન સાથે તન્મયતા છે ને રાગથી ભિન્નતા છે. અજ્ઞાનીનેય જો કે રાગનો બીજા સમયે અભાવ તો થાય જ છે, પણ તેમાં એકત્વબુદ્ધિપૂર્વક અભાવ થાય છે એટલે ફરીને તેવા રાગાદિ ભાવોની જ ઉત્પત્તિ થાય છે, રાગથી ભિન્ન એવું નિર્મળજ્ઞાનપરિણમન તેને થતું નથી. તેણે જ્ઞાનલક્ષણથી લક્ષિત આત્માની ખબર નથી એટલે જ્ઞાનભાવરૂપ પરિણમન થતું નથી. જ્ઞાનીએ જ્ઞાનલક્ષણથી આત્માને લક્ષિત કર્યો છે ત્યાં વિકલ્પો જ્ઞાનથી જુદા રહી ગયા, લક્ષ્યરૂપ આત્મામાં તે ન આવ્યા. પછી જે રાગ રહ્યો તે જ્ઞાનથી ભિન્નપણે રહ્યો છે, એકપણે નહીં. એટલે જ્ઞાનીના ભાવ-અભાવ (ઉત્પાદ-વ્યય) તો જ્ઞાનમય જ છે.

વિકલ્પ લક્ષણ ને આત્મા લક્ષ્ય—એમ નથી; જો એમ હોય તો તો સિદ્ધો અને અરિહંતો અનાત્મા ઠરે કેમકે તેમને વિકલ્પ નથી. પણ જેમ પરદ્રવ્ય અસ્તિપણે આત્માથી પૃથક્ રહે છે તેમ વિકલ્પ પણ જ્ઞાનથી પૃથક્પણે રહે છે. તેને જાણતું જ્ઞાન તેનાથી જુદું ને આત્મા સાથે તન્મય વર્તે છે. આવું જ્ઞાન તે જ આત્માનું લક્ષણ છે. આ જ્ઞાનલક્ષણ અરિહંતોમાં ને સિદ્ધોમાંય વર્તે છે.

ચૈતન્યમૂર્તિ આત્મસ્વભાવમાં આઠકર્મનો ને રાગાદિ પરભાવોનો સદાય અભાવ છે, અને તે સ્વસન્મુખ થયેલી પરિણતિમાં પણ કર્મોનો ને રાગાદિનો અભાવ છે. હવે જે રાગ વગરની નિર્મળપર્યાય છે તેનો પણ બીજા સમયે અભાવ થાય છે, છતાં તે સમયે જ અનંતગુણની પ્રભુતાસહિત બીજી નિર્મળપર્યાયરૂપે આત્મા ઉદય પામે છે. એટલે એક ભાવનો અભાવ થતાં આખા આત્માનો અભાવ થઈ જતો નથી પણ ઉદય પામતા બીજા ભાવપણે

ભાઈ, તારો આત્મા કેવા [illegible] તને તારા દ્રવ્ય-ગુણ-પર્યાયના [illegible] નથી. [illegible] વિના તું શેમાં ધર્મ કરીશ? [illegible] જોતાં તેમાંથી કેવળજ્ઞાનાદિ [illegible] પર્યાયો થવાની તાકાત તારા ગુણમાં [illegible] છે. [illegible] પર્યાયનો બીજી ક્ષણે ઉત્પાદ તારા [illegible] છે. [illegible] છે કે અભાવરૂપ હોય એવી નવી નવી પર્યાયો [illegible] જ કરે. તે પર્યાયને પ્રગટ કરવા કોઈ બીજા [illegible] જરૂર પડે તેમ નથી. વર્તમાન પર્યાય ટળીને બીજા સમયે બીજી [illegible]; [illegible] ગુણોમાં એવું સ્વરૂપ છે કે વર્તમાન પર્યાય ટળીને [illegible] થયા કરે; નવી પર્યાય ન થાય એવું ક્યારેય ન બને.

આવા અદ્‌ભુતસ્વભાવવાળો આત્મા, [illegible] ને પોતામાંથી જ નવી નવી નિર્મળપર્યાયને વર્તમાનમાં લાવ્યા કરે એવો છે; તેનો અપાર મહિમા છે. એનામાં પરાધીનતા નથી, એ સ્વાધીન મહા વૈભવવાળો છે. આવા સ્વભાવની પ્રતીત ધર્મીને વર્તે છે, એટલે ક્ષણેક્ષણે કેવળજ્ઞાનની સન્મુખ જ તેનું ભવન (-પરિણમન) થઈ રહ્યું છે. અલ્પકાળમાં કેવળજ્ઞાન થશે -એમાં ધર્મીને શંકા નથી. 'અત્યારે તમારામાં કેવળજ્ઞાનનો અભાવ છેને?' -તો કહે છે કે તે અભાવનો ભાવ કરું એવી મારામાં તાકાત છે. મારી શક્તિમાં કેવળજ્ઞાન અત્યારે પડ્યું છે તેની શ્રદ્ધાના બળે હું અલ્પકાળમાં કેવળજ્ઞાન વ્યક્ત કરીશ. મારા તે કાર્યના કારણરૂપે મારો સ્વભાવ વિદ્યમાન છે. અંતરમાં ધર્મીને ધ્યેયરૂપ આવો સ્વભાવ છે. કેવળજ્ઞાન થયા પછી પણ આત્મામાં ભાવ-અભાવ તથા અભાવ-ભાવ તો થયા જ કરે છે, -પણ તે કેવળજ્ઞાનરૂપે જ થાય છે.

આત્માના અનંત ગુણમાં આત્માનો લોક છે. અનંત ગુણોથી ભરપૂર પોતાના ચૈતન્યલોકને ધર્મી અવલોકે છે, ને તેની રક્ષા કરે છે. પોતાની મળેલી અનંતગુણસંપત્તિને રક્ષે ને ન મળેલી એવી કેવળજ્ઞાનાદિ સંપદાને પ્રગટ કરીને મેળવી આપે -એવો ચૈતન્યનાથ આત્મા પોતે છે, તે જોગ-ક્ષેમનો કરનાર છે. આત્માની 'અભાવ-ભાવ'શક્તિ એવી છે કે ન મળેલી પર્યાયને મેળવી આપે.

નવી નવી પર્યાયરૂપે થવાની તાકાત સ્વતઃ આત્મામાં જ છે; ને સ્વભાવથી જ પ્રત્યેક સમયે નવી નવી પર્યાય થયા કરે છે. એટલે પોતાની નિર્મળ પર્યાય પ્રગટ કરવા ક્યાંય પર સામે જોવાનું ન રહ્યું; સ્વદ્રવ્યના સામર્થ્ય સામે જ જોવાનું રહ્યું. સ્વાશ્રયે શ્રદ્ધા વગેરેની નિર્મળપર્યાય પ્રગટે છે તે અખંડ ચૈતન્યદ્રવ્યને પ્રસિદ્ધ કરતી (અનુભવમાં લેતી) પ્રગટે છે. ઇન્દ્રિયોમાં કે વિકલ્પોમાં એ તાકાત નથી કે ભગવાન ચૈતન્યને પ્રસિદ્ધ કરે. વાહ! દિવ્યધ્વનિવડે ભગવાને ચૈતન્યખજાના ખોલવાની રીત બતાવી છે. સંતોએ સ્વાનુભવ વડે તે પ્રસિદ્ધ કરી છે. ને હે જીવ! તું પણ અંતરમાં સ્વાનુભૂતિ કરીને તારા ચૈતન્યખજાના ખોલ.


મારી નિર્મળપર્યાયની ઉત્પત્તિ કોઈ નિમિત્તામાંથી, શરીરમાંથી, રાગમાંથી કે પૂર્વપર્યાયમાંથી નથી થતી. પણ મારા સ્વભાવમાં જ 'અભાવનો ભાવ થાય એવી' એટલે કે જે પર્યાય ન હોય તે બીજે સમયે પ્રગટે એવી તાકાત છે, એટલે મારામાં નવી નવી પર્યાયની ઉત્પત્તિ મારા સ્વભાવથી જ થયા કરે છે. —આમ નક્કી કરનાર પોતાની નિર્મળપર્યાયને માટે ક્યાં જોશે? તે ક્યાંય નિમિત્તોમાં, શરીરમાં, રાગમાં કે પૂર્વપર્યાયમાં નહિ જુએ, તેમાં નહિ શોધે, પણ અનંતગુણના પિંડરૂપ નિજસ્વભાવની સન્મુખ જોશે, એટલે સ્વભાવના આશ્રયે તેને નિર્મળપર્યાયોરૂપ પરિણમન થયા કરશે. આ રીતે સ્વભાવ-સન્મુખ થવાથી આત્માનું પ્રયોજન સિદ્ધ થાય છે.

અજ્ઞાની પોતાના સ્વભાવને દેખતો નથી; ને જે પોતાના સ્વભાવમાં નથી, જેમાં પોતાની નિર્મળતા નથી એવા રાગાદિ પરભાવોમાં તથા શરીરાદિ પરદ્રવ્યોમાં જ દૃષ્ટિ રાખે છે, એટલે તેને નિર્મળપર્યાય થતી નથી. ભાઈ, રાગાદિમાં તારી નિર્મળતા નથી, તો તેની સામે જોયે નિર્મળતા ક્યાંથી આવશે? દેહમાં કે નિમિત્તોમાં તારી નિર્મળ પર્યાય નથી, તો તેમની સામે જોયે તારી નિર્મળ પર્યાય ક્યાંથી આવશે? તારા સ્વભાવમાં નિર્મળતાની શક્તિ ભરી છે તેની સન્મુખ જો તો તેમાંથી નિર્મળ પર્યાયો પરિણમશે. અહા, કુંદકુંદાચાર્યદેવ વિદેહક્ષેત્રમાં જઈને સીમંધર પરમાત્મા પાસેથી અનંતશક્તિના નિધાન ભરી લાવ્યા છે, ને તે નિધાન આ ભરતક્ષેત્રના જીવોને આપ્યા છે. અહો, આવા તારા અપૂર્વ નિધાન તેને તું જો તો ખરો! એને દેખતાં જ તારા આત્મામાં વર્તમાન અભાવરૂપ એવા સમ્યક્ત્વથી માંડીને સિદ્ધપદ

સિદ્ધિ થતી નથી. સમ્યગ્દર્શનવડે આત્માને [illegible] નિર્મળતા પ્રગટે છે. બીજે સમયે તે પર્યાય અભાવરૂપ થશે, અને અત્યારે જે અભાવરૂપ હતી એવી બીજી નવી પર્યાય ભાવરૂપ થશે.—આ ભાવમાં ને અભાવમાં બંનેમાં નિર્મળપર્યાય આવે. કેમકે સમ્યગ્દર્શનના વિષયરૂપ આત્માની આ વાત છે, એટલે તેમાં વિકાર ન આવે. જ્ઞાનમાત્ર આત્મામાં ભવિષ્યની જે નિર્મળપર્યાય વર્તમાન નથી વર્તતી (—અભાવ-અસત્‌રૂપ છે) તે પર્યાયને બીજે સમયે (એટલે કે ભવિષ્યના તેના યોગ્ય સમયે) 'ભાવરૂપ' ઉત્પાદરૂપ કરે એવું આત્માનું સામર્થ્ય છે. કોઈ બીજો આત્માની તે પર્યાય પ્રગટાવી દેશે—એમ નથી, પણ આત્માની નિજશક્તિથી જ નવી નવી પર્યાય ઉદય પામે છે. એટલે પોતાની પર્યાય પ્રગટ કરવા ક્યાંય બીજે જોવાનું ન રહ્યું. પોતામાં જ જોવાનું રહ્યું.

જડથી તો આત્મા જુદો જ છે; ઉદયભાવને પણ આત્માના વૈભવમાં ગણતા નથી. આત્માનો અનંતગુણરૂપ જે નિજસ્વભાવ છે તે પારિણામિકભાવ-રૂપ છે, અને તેની નિર્મળપર્યાયો ઉપશમાદિ ભાવરૂપ થાય છે. આવા શુદ્ધભાવ સહિત આત્મા તે આત્મા છે. જે વ્યવહારસંબંધી વિકલ્પો છે તે આત્મા નથી, આત્માની શક્તિનું તે કાર્ય નથી. વિકલ્પનો તો નિર્મળપર્યાયમાં અત્યારે પણ અભાવ છે અને જે નિર્મળપર્યાય અત્યારે ભાવરૂપ વિદ્યમાન વર્તે છે તે ભાવનો અભાવ બીજે સમયે થાય છે, બીજા સમયે બીજો નવો ભાવ પ્રગટે છે.—આવો આત્માનો સ્વભાવ છે. ભવિષ્યની જે ક્ષાયિકપર્યાયનો વર્તમાન ક્ષાયોપશમિકપર્યાય વખતે અભાવ છે, તે અભાવનો ભાવ કોઈ નિમિત્તને લીધે કે રાગને લીધે નહિ થાય, પણ આત્માની પોતાની અભાવ-ભાવ શક્તિથી જ તે ક્ષાયિકભાવ વગેરે પર્યાયો ભાવરૂપ થશે.—આત્માની આવી શક્તિની પ્રતીત કરનારને અલ્પકાળમાં કેવળજ્ઞાન અને સિદ્ધપદ પ્રગટ્યા વગર રહે નહિ. શક્તિરૂપે કેવળજ્ઞાન છે—એમ તો અત્યારે જ શ્રદ્ધામાં આવી ગયું છે, તે શ્રદ્ધાના બળે સમયેસમયે કેવળજ્ઞાનસન્મુખ પરિણમન થઈ રહ્યું છે.

આત્માની અનંત શક્તિઓને ગણીગણીને શોધવા જાય તો કદી પૂરું ન થાય ને આખો આત્મા અનુભવમાં આવે નહિ. અંતર્મુખ થઈને અભેદ આત્માનો અનુભવ કરતાં તે અનુભવમાં બધી શક્તિઓ એક સાથે સમાઈ જાય છે. તે અનુભવમાં કોઈ ભેદનો, રાગનો કે પરનો આશ્રય નથી. અજ્ઞાની



ચૈતન્યના વૈભવ પાસે ચક્રવર્તીનો વૈભવ ઝુકી રહ્યો છે



[૩૭]

ભાવ-ભાવ શક્તિ

भवत्पर्यायभवनरूपा भावभावशक्तिः ।



જેમ પિતા વહાલા પુત્રને બધો વારસો આપે તેમ સર્વજ્ઞપિતાએ આપણને આપણો આત્મવૈભવ બતાવ્યો છે. ભગવાન સર્વજ્ઞદેવ ધર્મપિતા છે. તેમણે ચૈતન્યના અચિંત્ય વૈભવનો વારસો બતાવ્યો છે. અરે જીવ! ભગવાન તને અપાર ચૈતન્યવૈભવ આપે છે, તે પ્રાપ્ત કરીને ઉલ્લાસ લાવ ....ઉલ્લાસથી તારા આત્મ-વૈભવને અનુભવમા લે.



શ્રદ્ધાનો ભાવ સમ્યક્ત્વરૂપ હોય, મિથ્યાત્વરૂપ ન હોય; આ રીતે જેવો ગુણ તેવી નિર્મળપર્યાય થાય તેને ગુણનો ભાવ કહેવાય; આવું ભાવભાવપણું એ આત્માનો સ્વભાવ છે. ને એવા અનંતસ્વભાવોનો પિંડ આત્મા અનેકાન્ત-સ્વરૂપ છે.

'ભાવ-ભાવ'માં વચ્ચે રાગાદિ અન્યભાવો ન આવે, તેમાં તો નિર્મળ ભાવ જ આવે. ગુણ ગુણરૂપે કાયમ રહીને તેની નિર્મળપણે પ્રગટે છે, તેને ભાવભાવ કહેવાય છે. જ્ઞાનનું જ્ઞાનપણું રહીને તેનું પરિણમન થયું, તે 'ભાવનું ભવન' છે. મતિ-શ્રુતમાંથી કેવળજ્ઞાન થયું ત્યાં જ્ઞાન જ્ઞાનરૂપે જ રહ્યું છે; અલ્પ આનંદમાંથી પૂર્ણ આનંદ થયો ત્યાં આનંદસ્વભાવ આનંદરૂપે જ રહ્યો છે; ક્ષાયોપશમિક સમ્યક્ત્વમાંથી ક્ષાયિક સમ્યક્ત્વ થયું ત્યાં શ્રદ્ધા શ્રદ્ધારૂપે જ રહી છે. આમ સર્વ ગુણોમાં ભાવરૂપે ટકીને ભવન થાય છે. 'ભાવ' નું ભવન (-પરિણમન) ન થાય એમ બને નહિ, તેમજ 'ભાવ' પલટીને બીજો જ ભાવ (-અભાવ) થઈ જાય એમ પણ બને નહિ,-ચેતનભાવ પલટીને જડ થઈ જાય એમ બને નહિ. ચેતન સદા ચેતનભાવરૂપ રહીને ચેતનભાવરૂપે જ પરિણમ્યા કરે, એવો સ્વભાવ છે.

શરૂના મંગલાચરણમાં જ કહ્યું હતું કે 'चित्स्वभावाय भावाय'— 'સમયસાર'ને નમસ્કાર કરું છું કે જે ચિત્સ્વભાવરૂપ છે ને 'ભાવરૂપ' વસ્તુ છે. તે ગુણસત્તારૂપે કાયમ ટકીને પર્યાયસત્તારૂપે પરિણમ્યા કરે છે. પોતાના અનંત ભાવોને સાથે રાખીને આત્મા પરિણમી રહ્યો છે. આઠવર્ષનો નાનો બાળક (-દેહથી નાનો, આત્મા તો મોટો મહાન), તે કેવળજ્ઞાન પામે ત્યાં આવી અનંતશક્તિઓ તેને પ્રત્યક્ષરૂપ થઈ જાય; ને કેવળજ્ઞાન પહેલાં ચોથા ગુણસ્થાનથી જ સ્વાનુભૂતિમાં આવી સર્વશક્તિ સહિત આત્મા અનુ-ભવમાં ને પ્રતીતમાં આવી જાય છે. તે શુદ્ધાત્માની તે શ્રદ્ધા પોતાના અપ્રતિ-હતભાવે કેવળજ્ઞાન લેશે...ત્યારે પહેલાં પ્રતીતમાં આવેલો સંપૂર્ણ આત્મવૈભવ પર્યાયમાં પ્રગટી જશે. પ્રગટેલો આત્મવૈભવ સહજ વાણીદ્વારા ભગવાને જગતને દેખાડયો છે.

ભગવાન સર્વજ્ઞદેવને જેવો આત્મા પ્રગટયો, જેવો વાણીમાં કહ્યો, તેવો જ પોતામાં સ્વાનુભવથી જ્યારે જાણે ત્યારે આત્માને જાણ્યો ને માન્યો કહેવાય, ને ત્યારે સર્વજ્ઞદેવની ખરી ઓળખાણ થઈ કહેવાય. જેવો સર્વજ્ઞદેવે કહ્યો

તેવો આત્મા સ્વાનુભવમાં લીધા વગર ધર્મ થાય નહીં. શુદ્ધ આત્માના અનુભવ વગર ભલે શુભભાવ કરે પણ તે શુભભાવ વડે ભવનો અભાવ ન થાય. શુભભાવ તે કાંઈ આત્માના સ્વભાવનું ખરૂં ભવન નથી. સ્વભાવદૃષ્ટિથી જુઓ તો જ્ઞાયક-આત્મા શુભાશુભરૂપે પરિણમતો જ નથી, એટલે ખરેખર તે શુદ્ધાત્માનો ભાવ નથી. શુદ્ધાત્માનો ભાવ તો શુદ્ધાત્માની જાતનો હોય, વિરુદ્ધ ન હોય. જ્ઞાનનું કાર્ય રાગ ન હોય. સમ્યગ્દૃષ્ટિને શુદ્ધદ્રવ્યસ્વભાવ લક્ષમાં હોવાથી તે પોતાના એક્કેય ગુણમાં વિકારકાર્યને સ્વીકારતો નથી, એટલે કે વ્યવહારના રાગભાવોમાં ઉત્સાહ કરતો નથી, તેમાં તન્મય થતો નથી. જેમાં તન્મયતા ન હોય તેમાં ઉત્સાહ ન હોય. ધર્મીને પોતાના નિર્મળભાવમાં જ તન્મયતા છે ને તેમાં જ ઉત્સાહ છે. પરભાવો પ્રત્યેનો તેનો ઉત્સાહ ઊડી ગયો છે.

અરે જીવ! તારા સ્વભાવનો ઉત્સાહ તો કર. જે સ્વભાવની વાત સાંભળવા પરમભક્તિપૂર્વક ૧૦૦ ઈન્દ્રો જિનેન્દ્રદેવની ધર્મસભામાં આવે છે; આત્માના અદ્ભુત ચૈતન્યવૈભવ પાસે ઈન્દ્રોને સ્વર્ગાદિનો વૈભવ પણ તૂચ્છ લાગે છે. આત્માનો એવો સ્વભાવ છે કે તેના લક્ષે નિર્મળભાવ જ થયા કરે છે. કોઈ પ્રતિકૂળતાના ઘેરાથી આત્માની નિર્મળપર્યાય ઘેરાઈ જાય, તે ચેતન મટીને જડ થઈ જાય કે જ્ઞાન મટીને અજ્ઞાન થઈ જાય, –એમ બનતું નથી. સાધક પોતાના શુદ્ધદ્રવ્યના લક્ષને ચુકતો નથી એટલે તેને શુદ્ધપર્યાય જ થયા કરે છે. આવી સાધકદશા પામેલા જીવો તિર્યંચગતિમાં પણ અસંખ્યાતા છે; અઢીદ્વીપની અંદર તો સંખ્યાતા જ સમ્યગ્દૃષ્ટિ છે, પરંતુ અઢીદ્વીપથી બહાર અસંખ્ય તિર્યંચો સમ્યગ્દૃષ્ટિ છે. જોકે તેમાં સમ્યગ્દૃષ્ટિ કરતાં મિથ્યાદૃષ્ટિ અસંખ્યગુણા છે, અસંખ્ય પંચેન્દ્રિય-મિથ્યાદૃષ્ટિ વચ્ચે એક સમ્યગ્દૃષ્ટિ, છતાં એવા સમ્યગ્દૃષ્ટિ અસંખ્યાત છે; એ જ રીતે દેવમાં ને નારકીમાં પણ અસંખ્યાત સમ્યગ્દૃષ્ટિ જીવો છે. તે બધાય જીવો પોતાના આત્માને આવો જ નિર્મળભાવસ્વરૂપ જાણે છે. નારકીનો આત્મા એમ નથી જાણતો કે હું નારકી છું, તે એમ અનુભવે છે કે શુદ્ધચૈતન્ય જ હું છું, ચૈતન્યથી અન્ય બીજા કોઈ ભાવો હું નથી. એ જ રીતે દેવનો આત્મા એમ નથી જાણતો કે હું દેવ છું, તે શુદ્ધદૃષ્ટિથી એમ અનુભવે છે કે શુદ્ધચૈતન્ય જ હું છું, ચૈતન્યથી બાહ્ય કોઈ ભાવો હું નથી.

ભાઈ, શુદ્ધ ચૈતન્યપણે તું તારા આત્માને દેખ, તો તારી પર્યાયમાંય શુદ્ધતાનો ભાવ રહેશે ને રાગનો તેમાં અભાવ રહેશે. ગુણરૂપ જે ભાવ છે તેનો

ભાવ જ રહેશે. એટલે પર્યાયમાં તેનું નિર્મળ પરિણમન થયા જ કરશે. નિર્મળ પરિણમનનો કદી અભાવ નહિ થાય, સાદિ-અનંત કાળ નિર્મળ પર્યાય થયા જ કરે એવી અચિંત્ય તાકાત આત્મશક્તિમાં ભરી છે. દ્રવ્ય-ગુણ અને તેમાં તન્મય થયેલી પર્યાય—એ ત્રણેમાં ક્યાંય રાગનો 'ભાવ' નથી પણ અભાવ છે. જે રાગ થાય છે તે તારા દ્રવ્ય-ગુણની સીમાથી બહાર છે; સ્વભાવની સીમાને ઓળંગીને તે અંતરમાં પ્રવેશી શકે નહીં; તેથી કહ્યું કે પરભાવો ઉપર-ઉપર તરે છે પણ અંતરસ્વરૂપમાં પ્રવેશતા નથી. જ્યારે નિર્મળ પર્યાય તો અંતરસ્વરૂપમાં પ્રવેશીને અભેદ પરિણમી જાય છે, તે જુદી રહેતી નથી, ને તે નિર્મળપર્યાયમાંય રાગનો પ્રવેશ નથી, રાગ તેનાથી બહાર જ રહે છે. અહા, ધર્મીની પરિણતિમાં સ્પષ્ટ ભેદજ્ઞાન થઈ ગયું છે, સ્વભાવ અને પરભાવ અત્યંત જુદા જ વર્તે છે. જેમ ચેતન ને જડ જુદા છે તેમ સ્વભાવ ને પરભાવ જુદા છે.

'ભાવ-ભાવ'માં શુદ્ધ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેય આવી જાય છે, પણ પરભાવનો અંશ પણ તેમાં આવતો નથી. તારા દ્રવ્ય-ગુણને પર સાથે તો સંબંધ નહિ, વિકાર સાથેય સંબંધ નહિ; પોતાની નિર્મળપર્યાયરૂપ 'ભાવ' સાથે જ તેને સંબંધ છે, તેમાં જ તદ્રૂપતા છે. અહા, આવા તારા સ્વભાવને જાણ, તો તારી શુદ્ધતાનો મહા આનંદ તને અનુભવમાં આવશે,... ને કેવળજ્ઞાન થશે.

ભાવ-ભાવશક્તિનું વર્ણન પૂર્ણ. (૩૭)



'સર્વજ્ઞતા' કહેતાં અજ્ઞાનીને બહારના ઘણા જ્ઞેયો સામે લક્ષ જાય છે પણ જેમાથી સર્વજ્ઞતા ખીલી એવી જ્ઞાનશક્તિ સામે તેનું લક્ષ જતું નથી. જ્ઞાનશક્તિ સામે લક્ષ જાય તો જ સર્વજ્ઞતાની સાચી પ્રતીત થાય.



[૩૮]

અભાવ-અભાવ શકિત

[अभवत्पर्यायाभवनरूपा अभावाभावशक्तिः ।]



વાહ! અંદરથી શ્રદ્ધાના રણકાર કરતો આત્મા જાગી જાય એવો આ વીરમાર્ગ છે જેમ રણે ચડેલા રાજપૂતની વીરતા છૂપે નહિ, તેમ ચૈતન્યની સાધનાના પથે ચડેલા ને વીરપ્રભુના માર્ગે વળેલા ધર્માત્માની વીરતા છાની રહે નહિ; એનો વૈરાગ્ય, એની શ્રદ્ધાનુ જોર, એનો સ્વભાવનો પ્રેમ, એનો આત્માનો ઉત્સાહ—એ બધું મુમુક્ષુથી છાનું ન રહે. જ્ઞાનીની દશા ખરેખર અદ્ભુત હોય છે



આ દેહથી ભિન્ન આત્મામાં [illegible] શક્તિઓમાં જ્ઞાનમાત્ર ભાવોને [illegible] જેટલા ભાવો છે તેટલો આત્મા છે. જ્ઞાન [illegible] જે કોઈ ભાવો છે તે આત્મા નથી. [illegible] પરિણમનમાં જે નિર્મળ ભાવો ઉછળશે [illegible] લક્ષણ વડે પોતાના અંતરમાં જે જ્ઞાનમાત્ર આત્મા [illegible] તેનાં એવું 'અભાવ-અભાવપણું' છે કે કર્મ વગેરેનો તેનામાં વર્તમાન પણ અભાવ છે ને સદાકાળ અભાવ જ રહેશે. આત્માના [illegible] જે અભાવરૂપ છે તે સદાકાળ અભાવરૂપે જ રહેશે, તેનો કદી ભાવ નહીં થાય. 'અભાવનો ભાવ' થશે એમ પહેલાં કહ્યું હતું તે પોતાની વર્તમાનની નિર્મળપર્યાયની વાત હતી; ને અહીં આત્મશક્તિમાં જેનો ત્રિકાળ અભાવ છે તે શરીરાદિ સદા અભાવરૂપ જ રહેશે. કદી ભાવરૂપ નહિ થાય —એમ અત્યંત અભાવની વાત છે. આત્માને અનાત્મા સાથે કોઈ કાળે એકતા થતી નથી, સદા જુદા જ છે. આમ પરથી અત્યંત ભિન્ન આત્મા ધર્મીના અનુભવમાં આવ્યો છે.

જ્ઞાન આત્માના સર્વ ભાવોમાં વ્યાપક છે, તેથી જ્ઞાનનો અભાવ થાય તો આત્માનો અભાવ થઈ જાય; —પણ એમ કદી બનતું નથી. અને, રાગને ખરેખર આત્મા સાથે વ્યાપ્ય-વ્યાપકપણું નથી, એટલે રાગનો અભાવ થતાં આત્માનો અભાવ થઈ જતો નથી; રાગના અભાવે પણ આત્મા નિજસ્વભાવે ટકી રહે છે. આ રીતે જ્ઞાનમાત્ર આત્મામાં રાગાદિનો અભાવ છે, ને સદા અભાવ જ રહેશે. જ્ઞાનપર્યાય પણ રાગના અભાવરૂપે પરિણમી ગઈ છે. રાગ તે જ્ઞાનની પરિણતિ નથી. શુદ્ધદ્રવ્ય જેની પ્રતીતમાં આવ્યું તેને રાગ વગરનું કાર્ય પ્રગટયું. શક્તિને પ્રતીતમાં લેતાં તેનું કાર્ય પ્રગટયા વગર રહે નહિ. શક્તિ તો શક્તિરૂપે છે જ, પણ અંતર્મુખ થઈને તેની શ્રદ્ધા કર્યા વગર તે પ્રગટતી નથી એટલે કે નિર્મળપણે પરિણમતી નથી. નિજશક્તિની શ્રદ્ધા જેને થઈ છે તે આત્માનું કેવું પરિણમન હોય તેની આ વાત છે.

આત્મામાં શરીરાદિ પરવસ્તુનો વર્તમાનમાં અભાવ છે ને ત્રણેકાળે પણ અભાવ છે, રાગાદિભાવોનો ત્રિકાળ સ્વભાવમાં તો અભાવ હતો જ, ને તે સ્વભાવસન્મુખની વર્તમાન નિર્મળપર્યાયમાં પણ તેનો અભાવ થયો, ભવિષ્યમાં પણ તે અભાવરૂપ જ રહેશે. આ રીતે નિજભાવમાં જેનો અભાવ

છે તેને અભાવરૂપ જ રાખે એવી આત્મશક્તિ છે. આત્માની કોઈ શક્તિ એવી નથી કે વિકારને સઘરે, અથવા આત્માની શક્તિમાંથી કદી વિકારનું ભવન થાય -એમ બનતું નથી. એટલે આત્માની શક્તિ ત્રણેકાળ વિકારના અને કર્મના અભાવરૂપ છે, તથા તેના લક્ષે પર્યાયમાં પણ તેવું પરિણમન થાય છે. અહો, પોતાના આવા સ્વરૂપની લગની કરવા જેવું છે. જીવે અનંત-કાળથી બહારની લગની કરી છે પણ પોતે પોતાની લગની કરી નથી. આત્માની લગની કરે તો તેની પર્યાયમાં નિર્મળતા પ્રગટે. અંતર્મુખ થતાં ભાન થાય છે કે મારામાં એવો એક સ્વભાવ છે કે પોતાના સ્વરૂપના દ્રવ્ય-ગુણ ને પર્યાયમાં કર્મનો વર્તમાનમાં તેમજ ત્રણેકાળે અભાવ જ રાખે. આત્મામાં જેનો અભાવ છે તેનો સદા અભાવ જ રહેશે.—

જડભાવે જડ પરિણમે, ચેતન ચેતન ભાવ,
કોઈ કોઈ પલટે નહિ, છોડી આપ સ્વભાવ.
જડ તે જડ ત્રણકાળમા, ચેતન ચેતન તેમ;
પ્રગટ અનુભવરૂપ છે, સંશય તેમાં કેમ? (શ્રીમદ્‌રાજચંદ્ર)

આત્માના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં કર્મના ને શરીરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ ભાવનો અભાવ છે.-ક્યારે? અત્યારે, અને ત્રણેકાળે અભાવ છે. 'કર્મનો અભાવ' કહેતાં કર્મના સંબંધવાળા પરભાવોનો અભાવ પણ આવી જ ગયો. એટલે આવા સ્વભાવની દૃષ્ટિમાં કર્મ સાથેનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ પણ છૂટી ગયો. સ્વભાવ તરફની જે નિર્મળપર્યાય થઈ તેને કર્મ સાથે નિમિત્ત-સંબંધ પણ રહ્યો નથી.

જુઓ, આ આત્માનો વૈભવ! અનંતશક્તિસમ્પન્ન આત્મવૈભવને જડકર્મો સાથે જરાય સંબંધ નથી. ચૈતન્યના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં પરના દ્રવ્ય-ગુણ-પર્યાયનો અભાવ-અભાવ છે, અત્યંતઅભાવ છે, વર્તમાન અભાવ છે ને ત્રિકાળ અભાવ છે. આત્માને આત્મા તરીકે ક્યારે માન્યો કહેવાય? કે પરના અભાવરૂપ ને પોતાના અનંત સ્વભાવોથી ભરેલા ભાવરૂપ આવા આત્માને જ્યારે જ્ઞાનથી લક્ષગત કરે ત્યારે આત્માને જાણ્યો ને માન્યો કહેવાય. એ રીતે આત્માને જાણે ત્યારે સાથે અપૂર્વ આનંદનો અનુભવ પણ થાય છે.

આત્માના આનંદમાં દુઃખનો અભાવ છે; ત્રિકાળી આનંદશક્તિમાં તો દુઃખનો અભાવ છે અને તેને ઉપાસનારી વર્તમાનપર્યાયમાં પણ દુઃખનો

અભાવ છે. વિકારનો અભાવ છે. કર્મોનો ને શરીરનો આત્મામાં અભાવ છે. તે અભાવને આત્મા પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં અભાવરૂપે જ રાખે એવો આત્માનો સ્વભાવ છે. જ્ઞાનસ્વરૂપ આત્માનું સ્વરૂપ સર્વજ્ઞભગવાને આવું જોયું છે, ને ધર્મીને અનુભવમાં આવું જ સ્વરૂપ આવે છે. શરીર-કર્મ અને વિકારના સંબંધ જેટલો હું-એમ ઓળખે, ને તેનાથી પાર જ્ઞાનસ્વરૂપ છે તેને ન ઓળખે ત્યાંસુધી તે આત્માને નિર્જરાની ખબર નથી. ધર્મી જીવ એટલે શુદ્ધઆત્માને સારરૂપે સ્વીકારનાર જ્ઞાનીજીવ, આત્માના સત્ય-સ્વરૂપને સ્વીકારનાર સુદૃષ્ટિ જીવ, એમ જાણે છે કે મારા જ્ઞાનભાવમાં કર્મ વગેરેનો અભાવ છે ને સદાય અભાવ રહેશે. મારા જ્ઞાનભાવમાં કર્મનો ભાવ કદી નહિ થાય, જ્ઞાન કદી કર્મરૂપે નહિ થાય. એ જ રીતે પર્યાયમાં રાગાંશ છે તે હું નહિ, તેના અભાવરૂપ જે નિર્મળપર્યાય થઈ તે, તથા શુદ્ધ દ્રવ્ય-ગુણ તે હું છું. આવા મારા દ્રવ્ય-ગુણ-પર્યાયમાં રાગાદિનો અભાવ છે ને અભાવ જ રહેશે.—આમ પરભાવથી અત્યંત ભિન્નતા કરીને પોતાના આત્માનો શુદ્ધ ભાગ ધર્મીએ જુદો પાડી લીધો છે. સ્વરૂપથી જ જ્ઞાનને અને રાગને ભિન્નતા છે તેથી તેમનું ભેદજ્ઞાન કરવું સુગમ છે, તેમને ભિન્ન અનુભવી શકાય છે.

પુણ્ય-પાપના રાગ-દ્વેષના ભાવવાળો નહિ પણ તેના અભાવવાળો ને અનંત ગુણની નિર્મળતાના ભાવવાળો મારો આત્મા છે-એમ અનુભૂતિમાં ધર્મી જીવ અનુભવે છે. અભાવ-અભાવ શક્તિનું કાર્ય એવું છે કે ત્રિકાળમાં ને વર્તમાનમાં બંનેમાં પરભાવોની નાસ્તિ રાખે છે. કર્મને બાંધનારો આત્મા-એમ નહિ, શરીરના સંબંધવાળો આત્મા-એમ નહિ, રાગરૂપ આત્મા-એમ પણ નહિ, પણ એ બધાયની જેમાં નાસ્તિ છે એવા જ્ઞાનમય શુદ્ધ દ્રવ્ય-ગુણ-પર્યાય તે હું છું—આવી અનુભૂતિ તે સમ્યગ્દર્શનની અનુભૂતિ છે. આવી અનુભૂતિ જ્યાં ન હોય ત્યાં સમ્યગ્દર્શન પણ હોતું નથી.

કોઈ કહે કે રાગથી ને કર્મથી જુદો આત્મા અમને તો દેખાતો નથી! —તો તેને કહે છે કે ભાઈ! ભેદજ્ઞાનીને તો અંદર ચૈતન્યના અનુભવમાં રાગથી ને કર્મથી જુદો જ્ઞાનસ્વરૂપ આત્મા સ્પષ્ટ અનુભવમાં આવે છે; ને તને જુદો નથી દેખાતો તો તારો અનુભવ જૂઠો છે. શુદ્ધ ચિદાનંદસ્વરૂપના અનુભવદ્વારા ચોથા ગુણસ્થાનથી જ આત્મામાં રાગ વગરનું જ્ઞાન અનુભવાય છે. અનંતા જીવો એવો અનુભવ કરીકરીને સિદ્ધપદને પામ્યા છે. જ્ઞાન અને રાગ વચ્ચે

ભિન્નતા હોવાથી તેમને ભિન્નપણે અનુભવી શકાય છે; એવો અનુભવ સુગમ છે, અત્યારે થઈ શકે છે.

ધર્મીજીવ જ્ઞાનલક્ષણવડે પોતાના શુદ્ધ આત્માને લક્ષિત કરીને એમ જાણે છે કે મારા આ આત્મામાં જ્ઞાનમય અનંતભાવો સિવાય જ્ઞાનથી વિરુદ્ધ સર્વે ભાવોનો અભાવ જ હતો ને અભાવ જ છે; પહેલાં આવો આત્મા મારા લક્ષમાં ન હતો ને ભ્રમથી મેં મને રાગાદિરૂપ તથા કર્મરૂપ માન્યો હતો. લક્ષ્મી-શરીર-કર્મ કે રાગાદિ. તેમનો મારામાં અભાવ હોવા છતાં ભૂલથી મારા જ્ઞાનસ્વભાવમાં મેં તેમનો સદ્ભાવ માન્યો હતો, છતાં પણ જ્ઞાનને ને તેમને એકમેકપણું થઈ ગયું ન હતું. પણ જુદાપણું હતું, તેથી સ્વલક્ષણના બળથી તે જુદાપણે અનુભવમાં આવ્યા. આત્માનો સાચો વૈભવ કેવો છે તેની હવે ખબર પડી. અહો, આવો અદ્ભુત નિજવૈભવ! તેના ભાન વિના અનંતકાળ મેં ખોયો. નિજવૈભવનું ભાન થતાં યથાર્થ વસ્તુસ્થિતિની મર્યાદા સમ્યગ્દૃષ્ટિએ એમ જાણી કે ચૈતન્યસીમામાં પરભાવનો પ્રવેશ જરાપણ નથી; ચૈતન્યદ્રવ્યમાં, ગુણમાં કે નિર્મળપર્યાયમાં ક્યાંય પરભાવ નથી, પણ પરભાવના અભાવરૂપ મારો સ્વભાવ છે. આવો સ્વભાવ વર્તમાન જાણ્યો, ને સદાકાળ આવો જ સ્વભાવ રહેશે. જેવું વર્તમાન તેવું ત્રિકાળ; વર્તમાનમાં શુદ્ધતાના વેદન વગર ત્રિકાળીશુદ્ધસ્વભાવ શ્રદ્ધામાં આવી શકે નહિ. વર્તમાન સહિત ત્રિકાળ શુદ્ધઆત્માની પ્રતીત વગર શુદ્ધાત્માની સાચી શ્રદ્ધા થાય નહિ, ને શુદ્ધાત્માની શ્રદ્ધા વગર સાચું તત્ત્વાર્થશ્રદ્ધાન થાય નહિ, એટલે કે મોક્ષનો માર્ગ હાથ આવે નહિ. વર્તમાનમાં જ જે આત્માને કર્મવાળો અશુદ્ધ જ અનુભવે છે તે ત્રિકાળ શુદ્ધ આત્મસ્વભાવને કર્મ વગરનો કઈ રીતે દેખશે? દેખનાર તો વર્તમાનપર્યાય છે અને તે પર્યાય તો એકલી અશુદ્ધતાના અનુભવમાં જ રોકાયેલી છે, એટલે શુદ્ધઆત્માને—સાચા આત્માને તે પ્રતીતમાં લઈ શકશે નહીં. અહીં તો કહે છે કે ભાઈ, જ્ઞાનલક્ષણને લક્ષમાં લાવીને તું દેખ તો અત્યારે જ તારો આત્મા કર્મના ને વિકારના અભાવરૂપે તને દેખાશે, કેમકે કર્મમાં કે વિકારમાં જ્ઞાનલક્ષણ રહેતું નથી. જ્ઞાનલક્ષણ તો શુદ્ધદ્રવ્ય-ગુણ-પર્યાયમાં જ રહે છે.

સ્વસન્મુખ થયેલા ધર્મીની આ વાત છે. મારી જ્ઞાનપર્યાયમાં કર્મ તરફના વલણનો અભાવ છે, અત્યારે અને ત્રણેકાળે હું કર્મ વગેરે પરરૂપે

પોતાને નથી અનુભવતા, પણ જે પોતાને ચૈતન્યમાં લીન કરીને આનંદ-સ્વભાવના પૂર્ણ વૈભવથી ભરપૂર પોતાને અનુભવે છે તેને પરના ને પરભાવનો અભાવ છે. નિર્મળપણારૂપે પરિણમેલા આત્મામાં પરભાવોનો અભાવ છે.

અરે, આવું મારું ચૈતન્યતત્ત્વ, અપાર મહિમાવંત, તેને મેં પૂર્વે કદી ન પીછાણ્યું. હવે જ્યાં જ્ઞાની-સંતોએ મારો આત્મા મને દેખાડ્યો, ને તેમાં અંતર્મુખ થઈને મેં મારા આત્મવૈભવને દેખ્યો ત્યાં મારા આનંદ સહિત, કર્મના ને પરભાવના અભાવરૂપ પરિણમન પ્રગટ્યું. ભ્રમથી દેહવાળો માનેલો, પણ દેહાદિના અભાવરૂપે જ સદાય છું. પહેલાં પણ તે દેહાદિના અભાવરૂપે જ હતો, અત્યારે પણ તેમના અભાવરૂપે જ રહ્યો છું ને ભવિષ્યમાં પણ તેમના અભાવરૂપ જ રહીશ, ત્રણેકાળે, તેમનાથી જુદો જુદો ને જુદો જ છું. મારું ટકવું મારું નભવું મારું જીવવું મારું પરિણમવું મારા સ્વભાવથી જ છે, તેમાં પરનો તો અભાવ જ છે.-આમ જ્ઞાનપર્યાયને અંતરમાં વાળતાં પોતાનો આત્મા ધર્મીને લક્ષિત થયો. એટલે તે પર્યાયમાં પણ પરના ને પરભાવના અભાવરૂપ પરિણમન પ્રગટ્યું.

કોઈ કહે : રાગાદિ વ્યવહાર ક્યાં ગયો?

તો કહે છે કે, તે વ્યવહાર ગયો અભાવમાં; શુદ્ધપરિણતિમાં રાગ કેવો? રાગાદિ વ્યવહારના અભાવરૂપ શુદ્ધસ્વભાવને જાણ્યા વિના આત્માને ખરેખર જાણ્યો કહેવાય નહીં. અરે જીવ! તારી પરમ તાકાતને તું પ્રતીતમાં ન લે ને એકલા વ્યવહારમાં તૂચ્છ રાગમાં રોકાઈ રહે, તો શું એટલો જ તારો આત્મા છે? ભાઈ, તારો આત્મા તો અનંત ગુણની સાહેબીથી ભરપૂર છે,—જેમાં અશુદ્ધતા નથી, એવા આત્મામાં અંતર્મુખ થા તો તને તારા વૈભવની ઓળખાણ થાય. એ ઓળખાણ પરમ આનંદરૂપ છે. રાગ અને દેહાદિમાં આત્મબુદ્ધિપૂર્વક વર્તન તે અજ્ઞાનીનો વ્યવહાર છે, તે ખરો આત્મવ્યવહાર નથી; ધર્મીનો આત્મવ્યવહાર તો શુદ્ધચેતનાના વિલાસરૂપ છે—એમ પ્રવચનસારમાં કહ્યું છે.

નીરાલંબી ગગનમાં તીર્થંકરભગવાનની વાણી વછૂટી, તેણે સર્વ તત્ત્વોમાં સારરૂપ એવું નીરાલંબી ચૈતન્યતત્ત્વ બતાવ્યું; સુપાત્ર જીવોએ તે સારભૂત તત્ત્વને જાણીને અનુભવમાં લીધું. આવા સારભૂત તત્ત્વને અનુભવનારા જીવો

વિરલા જ હોય છે, બાકી જગતનો મોટો ભાગ તો અસાર એવા રાગાદિભાવોમાં જ ભરમાઈ ગયો છે. આ શાસ્ત્રનું નામ જ 'સમયસાર' છે, સર્વે વસ્તુઓમાં સારરૂપ ઉત્તમ એવો શુદ્ધ આત્મા તે 'સમયસાર' છે, તેનું સ્વરૂપ આ સમયસારશાસ્ત્ર દેખાડે છે. આચાર્યભગવાને છેલ્લી ગાથામાં કહ્યું કે—

આ સમયપ્રાભૃત પઠન કરીને અર્થ તત્ત્વથી જાણીને,
ઠરશે અરથમાં આતમા જે, સૌખ્ય ઉત્તમ તે થશે. (૪૧૫)

પોતાના પૂર્ણ સામર્થ્યવડે શુદ્ધતાને રચે એવો આત્માનો સ્વભાવ છે. આવા પૂર્ણસ્વભાવવાળો આત્મા જ ઉત્તમ શરણ છે. વિકારભાવ તે શરણરૂપ કે સારરૂપ નથી; દુઃખનો અભાવ કરીને સુખ આપવાનું જેનામાં સામર્થ્ય છે એવો સ્વભાવશક્તિનો પિંડ શુદ્ધઆત્મા જ શરણરૂપ ને સારરૂપ છે. આવા આત્માની સન્મુખ થઈને એને જાણતાં, આત્મા પોતે આનંદરૂપ પરિણમે છે-સ્વયમેવ સુખરૂપ થાય છે, ને દુઃખના અભાવરૂપ પરિણમે છે.- આવા નિજભાવે પરિણમતો આત્મા તે જ શરણ છે, તે જ વિશ્રામ છે.

જેમાં દુઃખનો ને આકુળતાનો અનુભવ થાય એવા પરભાવો આત્માને શરણરૂપ કેમ હોય? જે જીવ એકલા દુઃખને જ વેદે છે ને આત્મિકસુખને અનુભવતો નથી તેને ખરેખર આત્માનો અનુભવ નથી, અનાત્મભાવને જ તે અનુભવે છે. આત્મા તો પરમ આનંદસ્વભાવી છે. દુઃખનો તેમાં અભાવ છે. દુઃખપરિણમનને ધર્મી પોતામાં અભાવરૂપે જાણે છે. આ રીતે પરભાવને પોતામાં અભાવરૂપ રાખીને નિજભાવરૂપે પરિણમતો આત્મા કેવો છે તે અહીં ઓળખાવ્યો છે. દયાદિ રાગભાવ કે હિંસાદિ દ્વેષભાવ, એવા રાગ-દ્વેષ વગરનો, આનંદમય જ્ઞાતાદૃષ્ટાપરિણામી આત્મા તે ખરો આત્મા છે. એકલા જ્ઞાનભાવથી ભરેલો આત્મા. તેને જાણતાં આનંદમય અમૃતરસની ધારા વહે છે. રાગાદિના કર્તાપણે આત્માને જાણે તેને તો રાગનું [illegible] વેદન થાય છે. તેમાં આનંદની ધારા વહેતી નથી. કેમકે [illegible] સ્વરૂપ નથી. આત્માના સાચા સ્વરૂપને જાણે ને આન[illegible] બને નહિ. અંદર આનંદનો દરિયો ભર્યો છે [illegible] આનંદની ધારા [illegible] છે. [illegible] જ્ઞાન કહી કહીને [illegible] આ [illegible] એકવાર તારા [illegible] ને [illegible]

આનંદ તને થશે. સમ્યગ્દર્શનસહિત [illegible]
પણ આવા આત્માને આનંદભાવ [illegible] અનુભવે છે, [illegible]
દુઃખને અને પ્રતિકૂળ સંયોગને પોતામાં અભાવપણે રાખી [illegible]
તન્મયપણે પરિણમી રહ્યા છે. એનો તો [illegible]
એવા આત્માનો આનંદસહિત અનુભવ કરનારા [illegible]
અનુભવ થઈ શકે છે.

રાગનું કાર્ય દુઃખ છે, તેનો શુદ્ધઆત્મામાં અભાવ છે. આત્મા આનંદસ્વભાવી છે તે સ્વભાવ દુઃખનું કારણ થતો નથી, કેમકે તેમાં દુઃખ છે જ નહીં. સમ્યગ્દૃષ્ટિ આવા આત્માને અનુભવતા હોવાથી તેને આનંદનું વેદન છે ને દુઃખનો અભાવ છે. આત્માના જ્ઞાન-દર્શન-આનંદ-પ્રભુતા વગેરે સર્વે ગુણોમાં વિભાવનું અભાવપણું છે: એટલે શુભરાગ કારણ અને જ્ઞાનાદિની નિર્મળદશા તેનું કાર્ય—એવું કારણ-કાર્યપણું પણ નથી. જ્યાં સુધી રાગ સાથે કારણ-કાર્યપણાની બુદ્ધિ છે ત્યાં સુધી રાગ વગરનો શુદ્ધઆત્મા અનુભવમાં આવતો નથી. સ્વભાવની શક્તિમાં જ સાધ્ય-સાધનપણું છે, બહારમાં નથી. રાગરૂપ વ્યવહારના અભાવપણે શુદ્ધપરિણતિ પરિણમે છે. જે જીવ વિકારને (શુભરાગને) પોતાની શુદ્ધતાનું સાધન માને તે તેનાથી પોતાની ભિન્નતા કેમ જાણે? તેણે તો રાગને અને આત્માના સ્વભાવને એક જ માન્યા છે, તેમનું ભેદજ્ઞાન તેને નથી; એટલે રાગ વગરની શુદ્ધતાની પ્રાપ્તિ તેને થતી નથી. રાગને કારણ બનાવ્યા વગર, પોતાના સ્વભાવને જ પોતાનું કારણ બનાવીને, અને રાગને અભાવપણે રાખીને સમ્યગ્દર્શનાદિરૂપે પરિણમે એવું આત્માનું કાર્ય છે. આત્માના અનંત ગુણની અદ્ભુત લીલા છે,—જેમાં પરની સાથે જરાય કારણ-કાર્યપણું નથી. આત્માની લીલામાં આત્માની મજા છે, તેમાં જો. બાકી પરભાવમાં તો આકુળતાની ભઠ્ઠી છે.

રાગને અને જ્ઞાનને કારણ-કાર્યપણું નથી, જ્ઞાનમાં રાગનો અભાવ છે. રાગના અભાવપણે જ જ્ઞાન પરિણમે છે ને સદાકાળ તેના અભાવપણે જ પરિણમશે. બસ, આવું ભેદજ્ઞાન જેણે કર્યું તેને પોતાની મુક્તિનો નિર્ણય થઈ ગયો, પોતાનો શુદ્ધ મુક્તસ્વભાવ જ્યાં પોતાના અનુભવમાં આવી ગયો ત્યાં બીજાને પૂછવા જવું ન પડે; પોતાના અનુભવના જોરે જ પોતાની મુક્તિનો નિઃસંદેહ નિર્ણય થઈ જાય છે. જ્યાં આત્મા પોતે રાગના અભાવપણે

પરિણમવા લાગ્યો ત્યાં મોક્ષની શંકા કેમ રહે? સ્વસન્મુખ થતાં પોતાના સ્વભાવથી નિર્ણય થઈ ગયો કે નિઃશંકપણે મારો આત્મા રાગના અભાવપણે જ પરિણમ્યા કરશે. ભવિષ્યમાં કર્મનો ઉદય આવીને જ્ઞાનને મલિન કરી નાંખે, અથવા રાગ સાથે એકપણું થઈ જાય –એમ બનવાનું નથી. મોહનો અભાવ થયો ને રાગ સાથે એકતા તૂટી તે હવે ફરીને સંધાવાની નથી. અત્યારથી જ સાધકનું જ્ઞાન રાગથી જુદાપણે પરિણમી રહ્યું છે. તે ઠેઠ મુક્તિ સુધી જુદું જ પરિણમશે; ને મુક્તિ સાદિ-અનંત રહેશે, તેમાં વચ્ચે વિકાર કે કર્મ નહિ આવે.

સાધકદશામાં જ્ઞાન ને રાગ બંને વિદ્યમાન હોવા છતાં તે બંને ભિન્ન-પણે વર્તે છે, એકપણે નહિ. શુદ્ધદૃષ્ટિમાં વિકારનો અભાવ પરિણમે છે, એટલે તેમાં વ્યવહારનું અભૂતાર્થપણું છે; ભૂતાર્થસ્વભાવના આશ્રયે શુદ્ધતા જ પરિણમી રહી છે. અનાદિઅનંત મારો આવો સ્વભાવ હતો, પણ દૃષ્ટિમાં આવ્યો ન હતો; હવે દૃષ્ટિમાં આવતાં સાદિ-અનંત નિર્મળ પરિણમન થવા માંડ્યું, ને રાગાદિનું પરિણમન અભાવરૂપ થયું. રાગાદિ વિકલ્પના અપ્રવર્તન-રૂપ આત્મસ્વભાવ છે. વિકલ્પમાં વર્તન કરે તે ખરેખર આત્મસ્વરૂપ નથી. સાચા આત્મસ્વરૂપની આ કથા છે, એટલે સત્યકથા છે. આવા સત્યના આધારે મુમુક્ષુનું વહાણ ભવસમુદ્રને તરી જાય છે.

હજી તો જે એમ માને છે કે મારો આત્મા બોલે, આત્મા વાણીને કરે, શરીરવડે ધર્મ થાય,–તેને તો શરીર અને વાણીના અભાવરૂપ આત્માની ખબર નથી, તો રાગના અભાવરૂપ સ્વભાવની ખબર તો ક્યાંથી હોય? જ્યાં જડથી ભિન્નતા પણ નથી જાણતો ત્યાં રાગથી ભિન્નતા ક્યાંથી જાણે? અહીં જ્ઞાનલક્ષણદ્વારા આત્મા ઓળખાવ્યો, તેવા આત્માને જાણે તો જડમાંથી ને રાગમાંથી આત્મબુદ્ધિ છૂટી જાય. જે આત્માનો સ્વભાવ નથી તેમાં આત્મબુદ્ધિ કરવી તે મૂઢતા છે. ચક્રવર્તીરાજાને ભીખારી કહેવો તે જેમ રાજાનો અવિનય છે તેમ અનંતશક્તિના પિંડરૂપ ચૈતન્યચક્રવર્તી આત્માને રાગ જેટલો તુચ્છ માનવો તે તેનો અનાદર છે. ચેતનરાજાને જડશરીરના કાર્યવાળો માનવો તે ચેતનનો અનાદર છે. નારકીનું વૈક્રિયિકશરીર, પ્રતિકૂળ સંયોગો કે એનું દુઃખ–એ કોઈ જ્ઞાનસ્વરૂપ આત્માને સ્પર્શતા નથી, ને જ્ઞાનસ્વરૂપ આત્મા તે કોઈને સ્પર્શતો નથી; બંને ભાવો જુદેજુદા જ રહે છે. જ્ઞાનસ્વરૂપ આત્મા

પોતાની અનંતશક્તિના નિર્મળભાવોથી [illegible] ભરી છે. દુઃખ કે વિકાર નથી [illegible] આત્મપટારો ખોલીને સંતો બતાવે છે કે [illegible] તેવો જગતમાં બીજે ક્યાંય નથી; જગતની [illegible] મુલ્યાંકન થઈ ન શકે એવી આત્મ[illegible]ની [illegible] છે.

જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા જગતનાં [illegible] રાગાદિના અભાવસ્વભાવે જ રહ્યો છે. આત્માના આવા [illegible] રાગના અભાવરૂપ જ્ઞાનનું જે પરિણમન થયું તે [illegible] જ રહેશે. રાગાદિનો ગુણશક્તિમાં તો અભાવ હતો જ, ને તેનું ભાન થતાં પર્યાયમાં પણ આદિ-અનંત અભાવ થયો. સ્વભાવથી પૂર્ણ [illegible]. ને [illegible] ખાલી (-અભાવરૂપ) આવું ચૈતન્યરત્ન તેનો અપાર મહિમા છે. અનંત ગુણરત્નોથી ભરેલો ચૈતન્યરત્નાકર આત્મા છે તેમાં ઉદયભાવરૂપ મલિનતા નથી. ઉદયભાવના અભાવરૂપ પ્રશાંત ચૈતન્યરસથી ઉલ્લસતો આત્મા છે. તત્ત્વાર્થસૂત્રમાં ઉદયભાવને જીવનું સ્વતત્ત્વ કહ્યું છે તે તો જીવની પર્યાયોનું જ્ઞાન કરાવવા કહ્યું છે; અહીં જીવના શુદ્ધસ્વરૂપનું જ્ઞાન કરાવવું છે. શુદ્ધસ્વરૂપમાં ઉદયભાવ ન આવે, તેથી અહીં શુદ્ધજીવમાં ઉદયભાવનો અભાવ કહ્યો. ને આવા શુદ્ધ જીવસ્વરૂપનો અનુભવ કરતાં પર્યાયમાં પણ ઉદયભાવની ઉત્પત્તિ થતી નથી, તેનો અભાવ થઈ જાય છે. આ રીતે સ્વસન્મુખ વળેલી પરિણતિમાં ઉદયભાવનો અભાવ છે; સ્વસન્મુખ પરિણતિએ જેટલો આત્મા અનુભવ્યો તેટલો જ શુદ્ધઆત્મા છે, તેને જ અહીં આત્મા કહ્યો છે.

નિશ્ચયદૃષ્ટિવડે આવા આત્માને અનુભવમાં લેતાં સમ્યગ્દર્શન થયું; સમ્યગ્દર્શન થતાં ધર્મીને ભવનો નાશ થયો, ને એકલો સ્વભાવભાવે પરિણમતો આત્મા રહ્યો તે સ્વભાવરૂપે પરિણમતો-પરિણમતો કેવળજ્ઞાનરૂપ થઈ જશે. તે પરિણમનમાં રાગનો અભાવ થયો ને અભાવ જ રહેશે.

અભાવ-અભાવશક્તિનું વર્ણન પૂરું થયું. (૩૮)



[૩૯]

ભાવ શક્તિ

[कारकानुगतक्रियानिष्क्रान्तभवनमात्रमयी भावशक्तिः।]



અહો, આત્મશક્તિના મહિમાની શી વાત? સ્વયં કેવળજ્ઞાનાદિરૂપ થવાની તેની તાકાત છે ભાઈ, લક્ષ બાંધ તારા સ્વભાવમાં, તો તેના લક્ષે લાખેણી પર્યાય પ્રગટી જશે બાકી બધું વિકલ્પનું કામણ છે સ્વભાવમાં લક્ષને જોડ, તો પછી તારે કેવળજ્ઞાન માટે કે સમ્યગ્દર્શનને માટે બીજા કોઈ કારણ શોધવા જવું નહીં પડે



આત્માના સ્વરૂપમાં એકાગ્ર થતાં [illegible] પ્રદેશે સર્વજ્ઞતા પરિણમી ગઈ. ને [illegible] નીકળી. તે વાણીનો કર્તા આત્મા નથી; ને વાણીમાં [illegible] ને જાણવાની તાકાત નથી પણ સ્વ-પરની વાતો કહેવાની તાકાત છે. જાણનારમાં કહેવાની તાકાત નથી (અર્થાત્ જ્ઞાનમાં વાણી નથી). ને કહેનારમાં જાણવાની તાકાત નથી (અર્થાત્ વાણીમાં જ્ઞાન નથી). તે વાણીમાં એમ આવ્યું કે હે આત્મા! તું અનંત ગુણનો ભંડાર છો; તારા આત્મામાં એવી શક્તિ છે કે ભેદરૂપ [illegible] કારકો વગર જ તે નિર્મળપણે પરિણમે. નિર્મળપરિણમનમાં ભેદરૂપ કારકોનું અવલંબન નથી. ભેદરૂપ કારકોઅનુસાર થતી ક્રિયાનો નિર્મળ જ્ઞાનપરિ-ણમનમાં અભાવ છે.

આત્મા પોતે જ છ કારકરૂપ થઈને જ્ઞાન અને સુખરૂપે પરિણમે છે; ત્યાં બાહ્ય કારણોની તો તેને અપેક્ષા નથી. ને અંદરમાં હું કર્તા, હું જ કર્મ, હું જ સાધન. એવા કારકભેદના વિકલ્પો પણ કાંઈ જ્ઞાન કે સુખરૂપ પરિ-ણમવાનું કારણ નથી. તે વિકલ્પો છે માટે અહીં નિર્મળભાવનું ભવન થાય છે એમ નથી. તે વિકલ્પોથી નિરપેક્ષપણે આત્મા સ્વયં જ્ઞાનરૂપ ને સુખરૂપ થાય છે; તે જ સાચું જીવન છે. જેણે સાચું આનંદમય જીવન જીવવું હોય તેણે અંતર્મુખ થઈને આત્મામાં પરિણમવાનું છે. ભાઈ, બહાવરો થઈને બહારમાં તારા કારણને શોધ મા. રાગદ્વેષ ચૈતન્યરાજા પ્રસન્ન થાય તેવા નથી, ચૈતન્યરાજા તો તેનામાં એકાગ્રતા વડે જ પ્રસન્ન થાય તેવા છે. માટે અંતર્મુખ થા...અંતર્મુખ એટલે કે સ્વસન્મુખ થવું તે જ ભગવાનનો માર્ગ છે. બીજા કોઈ સાધનોની અપેક્ષા વગર પોતે સ્વયં કેવળજ્ઞાનાદિરૂપ પરિણમે છે તેથી તેને સ્વયંભૂ કહ્યો છે.

અજ્ઞાની કહે છે કે શુભરાગ મારું સાધન ને કારક થાય.

આચાર્યદેવ કહે છે કે રાગના કારક વગર જ પરિણમવાનો આત્માનો સ્વભાવ છે. જ્ઞાનપરિણમનમાં રાગની ક્રિયા કેવી? જો કે અહીં તો શુદ્ધભાવની જ વાત છે; પરંતુ અશુદ્ધતામાં પણ અન્ય કારકોની અપેક્ષા નથી. 'स्वयमेव षट्कारकीरूपेण व्यवतिष्ठमानं न कारकांतरमपेक्षते ' પંચાસ્તિકાયની ગા. ૬૨ માં તથા ૬૬માં કહેલ: આ સિદ્ધાન્ત શુદ્ધતામાં કે અશુદ્ધતામાં. તેમજ ચેતનમાં કે જડમાં. સમસ્ત પદાર્થોમાં લાગુ પડે છે. પદાર્થો સ્વયમેવ પોતે પોતાના

છ કારકરૂપ થઈને પરિણમે છે, તેઓ બીજા ભિન્ન કારકોની અપેક્ષા રાખતા નથી. અહીં તો તે ઉપરાંત પોતાની શુદ્ધઅનુભૂતિની વાત છે-કે જેમાં પોતાના છ કારકોના ભેદનો પણ વિકલ્પ નથી. અહીં ભેદકારકોને અનુસરનારી ક્રિયાનો નિષેધ કર્યો; ને પછી પોતામાં અભેદકારકને અનુસરવારૂપ ક્રિયા બતાવશે. (૪૦મી શક્તિમાં.)

આત્માની પર્યાયમાં શુદ્ધતા હો કે અશુદ્ધતા, પરંતુ તે કારક થઈને પરની ક્રિયા કરે એમ બનતું નથી. આત્મા રાગ કરીને પણ પરનું કાંઈ કાર્ય કરી દે અથવા દ્વેષ કરીને પરનું કાંઈ બગાડી દે-એમ બનતું નથી. -આ રીતે પરથી તો ભિન્નતા જ છે.

હવે અંદર આત્માના કોઈ ગુણમાં એવો સ્વભાવ નથી કે રાગ-દ્વેષને ઉત્પન્ન કરે. તો રાગદ્વેષ કેમ થાય છે? -રાગદ્વેષ એ તો અજ્ઞાનમય ભાવ છે, તે કાંઈ જ્ઞાનમય ભાવ નથી, તે જ્ઞાનનું કાર્ય નથી, તે જ્ઞાનનું કારણ પણ નથી. -આ રીતે જ્ઞાનને રાગથી પણ ભિન્નતા છે.

એકલા ભિન્ન જ્ઞાનના વેદનમાં 'આ કર્તા ને આ કર્મ' એવા કારક-ભેદની ક્રિયાનુ ઉત્થાન રહેતું નથી, એ ક્રિયા ત્યાં વિરામ પામી જાય છે; ને નિર્મળ ભાવપણે જ્ઞાનનું ભવન થયા કરે છે.—આ ભાવશક્તિનું કાર્ય છે.

અહો, આવા ભેદજ્ઞાનમાં કેટલું સમાધાન! કેટલી શાંતિ!

- પર ચીજ આ આત્માનો કોઈ ભાવ ઉપજાવતી નથી.
- પુણ્ય-પાપના ભાવમાં પરની ક્રિયા કરવાની તાકાત નથી.
- તે પુણ્ય-પાપના ભાવમાં એવી પણ તાકાત નથી કે આત્માની શુદ્ધતાનું સાધન થાય.

- આત્મગુણમાં એવો સ્વભાવ નથી કે શુભાશુભ ભાવોને ઉત્પન્ન કરે.
- આત્મગુણમાં એવો સ્વભાવ છે કે શુભાશુભ રહિત પોતાના શુદ્ધ-ભાવપણે પરિણમે.

આવા સ્વભાવવાળો ભગવાન આત્મા છે. પોતાને આવા સ્વભાવે દેખવો તે સમ્યગ્દર્શન છે. સર્વજ્ઞભગવાને બધા આત્માને આવા સ્વભાવે દેખ્યા છે. આવા આત્માના અંતર્લક્ષમાં દક્ષ થયા વગર ભેદજ્ઞાન કે સમ્યગ્દર્શન થાય નહીં.

છે. પોતે જ શુદ્ધ ઉપયોગના પ્રભાવથી કર્તા [illegible] સંપ્રદાન-અપાદાન ને અધિકરણ એવા છ કારકરૂપ [illegible] પરિણમતો હોવાથી ભગવાન આત્મા 'સ્વયંભૂ' છે. [illegible] આત્માને પરની સાથે કારણપણાનો સંબંધ નથી; આ પોતાના [illegible] માટે બાહ્યસામગ્રી શોધવાની વ્યગ્રતાથી જીવો નકામા પરતંત્ર ને [illegible] કેમ થાય છે? અજ્ઞાની પરથી નિરપેક્ષપણે જ્ઞાન ને આનંદરૂપે પરિણમનારા પોતાના સ્વભાવને જાણતો નથી, ને બહારના સાધનવડે મને કંઈક શુદ્ધતા મળશે-એવી પરાશ્રયબુદ્ધિથી આકુળ-વ્યાકુળ થયા કરે છે, જ્યાં તેના પરિ-ણામ ઠરતા નથી. ઠરવાનું ધામ તો આતમરામ છે, એને તો તે જાણતો નથી. અહીં તો કહે છે કે જ્ઞાનની અભેદઅનુભૂતિમાં કર્તા-કર્મ વગેરે કારકોનો ભેદ રહેતો નથી, ભેદરૂપ કારકોની ક્રિયા ત્યાં અસ્ત થઈ ગઈ છે.

પ્રવચનસાર ગા. ૧૨૬ માં કહે છે કે- બંધમાર્ગમાં તેમજ મોક્ષમાર્ગમાં આત્મા એકલો જ છે. જ્યારે હું સંસારી હતો ત્યારે (અજ્ઞાનદશામાં) પણ મારું કોઈ પણ સંબંધી ન હતું, ત્યારે પણ હું એકલો જ કર્તા હતો. હમણાં પણ (મુમુક્ષુદશામાં અર્થાત્ જ્ઞાનદશામાં) પણ હું એકલો જ કર્તા છું. આ રીતે બંધમાર્ગમાં તેમજ મોક્ષમાર્ગમાં આત્મા એકલો જ છે.—આવું ભેદજ્ઞાન કરનાર જીવને શુદ્ધતારૂપ પરિણમન હોય છે. પરથી ભિન્નતા જાણીને સ્વમાં એકતા કરી ત્યાં શુદ્ધતા પ્રગટી.

અહીં આત્માનો જ્ઞાનસ્વભાવ બતાવવા તેનામાં વિકારનું અકર્તાપણું કહ્યું. પરથી ભિન્નતા જાણવાનું ફળ પણ એ છે કે સ્વસન્મુખ થઈને વિકારનો અકર્તા થયો. આ રીતે હજારો શાસ્ત્રોનું તાત્પર્ય તો અંતે એક જ આવીને ઊભું રહે છે કે સ્વભાવમાં ઉપયોગને એકાગ્ર કરવો. એમાં પરથી ભિન્નતા પણ આવી ગઈ, ને વિકારનું અકર્તાપણું પણ આવી ગયું.

વિકારનું સાધન આત્માના સ્વભાવમાં નથી, તેમજ વિકારનું સાધન પરવસ્તુ નથી; તે-તે સમયની અવસ્થાના અશુદ્ધકારકો વડે વિકાર થાય છે. શુદ્ધતાના કારક થાય એવી છ કારક શક્તિઓ આત્મામાં છે, તેનું વર્ણન હવે આવશે.

જેમ ઊંચી કિંમતના હીરા સરાણે ચડે ત્યાં તેની જે રજ પડે તે પણ ઊંચી જાતની હોય છે; તેમ અહીં ચૈતન્યહીરો સ્વાનુભવની સરાણે ચડયો છે,

તેના લક્ષે તેના પ્રેમપૂર્વકના શ્રવણમાં, બહુમાનમાં પણ ઊંચા પુણ્ય બંધાય છે. ચૈતન્યના બહુમાનના ભાવમાં જે પુણ્ય બંધાઈ જાય તે લોકોત્તર હોય છે, ને તેની અંતરંગ રુચિથી તો મોક્ષ મળે છે. ચૈતન્યના વિરાધકને અમુક હદ કરતાં ઊંચા પુણ્ય બંધાતા નથી. આમ છતાં મૂળ કિંમત પુણ્યની નથી, ચૈતન્યહીરાની જ કિંમત છે.

આવા આત્મસ્વભાવની દૃષ્ટિ થતાં પર્યાયમા વિકારના અભાવરૂપ પરિણમન થયું, વિકારનું કર્તૃત્વ ટળ્યું, કારકના ભેદ મટયા. અહા, શાસ્ત્રના ભણતરમાંથી તેના સારરૂપ આવો આત્મા કાઢે એટલે કે લક્ષમાં લ્યે તો સાચું સમજ્યો. આનાથી ઊંધું કાઢે ને રાગના આશ્રયમાં રોકાય તો તે શાસ્ત્રને સમજ્યો નથી, શાસ્ત્રનો સાર કાઢતાં તેને આવડયું નથી. આત્માનો સ્વભાવ જ આવો છે કે જેના પરિણમનમાં વિકલ્પનો અભાવ છે. દ્રવ્ય–ગુણમાં તો વિકાર ન હતો, તેનું ભાન થતાં પર્યાયમાં પણ વિકાર ન રહ્યો. આ રીતે દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણે વિકાર વગરના થયા. આવો આત્માનો સ્વભાવ છે. જેમ સૂર્યમાં અંધકાર નથી, પ્રકાશના પૂંજરૂપ સૂર્ય છે; તેમ આ ચૈતન્ય-સૂર્ય અનંત શક્તિનાં કિરણોથી જાજ્વલ્યમાન, તેમાં રાગરૂપી અંધકાર નથી.

કર્તા અને કર્મ એક પદાર્થમાં જ હોય છે, ભિન્ન પદાર્થમાં નહીં. અહીં જ્ઞાનલક્ષણરૂપ આત્માને અને વિકારને એકપણું નથી, અભિન્નપણું નથી, એટલે કર્તાકર્મપણું પણ નથી. બંનેની જાત જ જુદી છે ત્યાં એકપણું કઈ રીતે હોય? આવા આત્મસ્વભાવનું લક્ષ થયું ત્યાં તેમાં વિકારનું કર્તાપણું કે તેમાં એકતાબુદ્ધિ કેમ રહે? –ન જ રહે. આ રીતે વિકારી ક્રિયા વગરનું જે નિર્મળભાવરૂપ ભવન થયું તે ભાવશક્તિનું કાર્ય છે. ભાવશક્તિનું આ નિર્મળપરિણમન વિકારી કારકોની ક્રિયાને અનુસરતું નથી, અભેદસ્વભાવને જ અનુસરીને તે પરિણમે છે; વિકારને અનુસરતી ક્રિયાનો તેમાં અભાવ છે. 'સ્વયંભૂ'ના વર્ણનમાં એ વાત આવી ગઈ છે. સ્વમાં ઉપયોગને એકાગ્ર કરીને આત્મા સ્વયં–ભૂ (પોતે જ પરિણમીને) કેવળજ્ઞાનપણે પ્રગટ થયો. રાગના કે શરીરની ક્રિયાના સાધનથી તે પ્રગટયો એમ નથી.

જેમ આંખવડે ખાડો ખોદાય નહીં, તેમ આત્મા ચૈતન્યચક્ષુ છે તેના વડે જડનાં કામ કે વિકારનાં કામ થાય નહીં. ચૈતન્યચક્ષુમાં વિકારનું કર્તૃત્વ માનવું એ તો આંખવડે પૂળ ઉપાડવા જેવું છે. ખાડો ખોદવાની ક્રિયાને આં ન

જો! [illegible]
છે: તેમ [illegible]
કરવા જેવું નથી. તેમ [illegible]


સર્વજ્ઞદેવે [illegible] છે. ચેતનની અનુભૂતિ [illegible] આવું પરિણમન ધર્મીને [illegible] રાગરહિત પરિણમન તે સમ્યગ્જ્ઞાન [illegible] થઈ જશે. પણ તે સમ્યગ્દર્શન નથી [illegible], [illegible] નથી. રાગમાં જોડતા રાખીને સમ્યગ્દર્શન થાય નહીં.

વિદેહક્ષેત્રમાં બિરાજમાન તીર્થંકરપણે બિરાજમાન શ્રી સીમંધરભગવાન, જેમની પાસે સો ઇન્દ્રો ભક્તિપૂર્વક આવીને ધર્મ શ્રવણ કરે, તે ભગવાન પાસે જઈને કુંદકુંદસ્વામી આ અદ્ભુત આત્મબોધ લાવ્યા છે; પોતે જાતે અનુભવીને ભરતક્ષેત્રના જીવોને આ 'આત્મતત્ત્વ' આપ્યો છે. જગતના જીવોને પોતાના આત્માના વૈભવની ખબર નથી. અરે, આવું મહિમાવંતુ આત્મતત્ત્વ, તેને સાધવાની જીવને નવરાશ કેમ નથી મળતી! બીજી પ્રયોજન વગરની ઉપાધિમાં લાગ્યો રહે છે, પણ ભાઈ! તારા આત્માની અદ્ભુતતા તો દેખ. અહો! ચૈતન્યનો કોઈ અદ્ભુત આનંદકારી સ્વભાવ છે, તેને તો તારામાં દેખ. –તેમાં વિકારની ક્રિયા નથી, જગતની પરભાવની કોઈ ઉપાધિ નથી. વિકારની ક્રિયાથી રહિત નિજાનંદમાં કેલિ કરતું તારું ચૈતન્યતત્ત્વ પરિણમી રહ્યું છે, તેને અંતરમાં જો.

અંતર્મુખ જ્ઞાનમાં આત્માની પ્રસિદ્ધિ છે, રાગમાં આત્માની પ્રસિદ્ધિ નથી. પર કારકોની અપેક્ષા રાખ્યા વગર, અને ભેદને અવલંબ્યા વગર આત્મા પોતાના અનંત ગુણની નિર્મળ પર્યાયે પરિણમનારો છે. આવા એક નિજાત્માને જેણે જાણ્યો તેણે દુનિયામાં જાણવા યોગ્ય સર્વને જાણી લીધું; તેણે સિદ્ધને જાણ્યા, તેણે અરિહંતોને ઓળખ્યા, તેણે નવતત્ત્વનો સાર જાણ્યો, તેણે મુનિને ઓળખ્યા. અને જેણે આવા આત્માને જાણ્યો નહિ તેનું બીજું સર્વ જાણપણું પણ જૂઠું છે, તે જાણપણામાં આત્મકલ્યાણ નથી. અનંત ગુણ–પર્યાયના વૈભવવાળા આત્માને જેણે જાણ્યો તેણે ચૌદ બ્રહ્માંડના સારને જાણી લીધો અહા. આત્માને જાણવામાં અંતર્મુખ ઉપયોગનો અનંત પુરુષાર્થ

છે; તેમાં તો મોક્ષમાર્ગ આવી જાય છે. સ્વમાં જે સન્મુખ થયો તેણે પરથી સાચી ભિન્નતા જાણી, એટલે ખરું ભેદજ્ઞાન થયું. આવી દશા ગૃહસ્થપણામાંય ધર્મીને હોય છે. તે ધર્મી નિર્મળપર્યાયરૂપે પોતાની ભાવશક્તિથી જ પરિણમે છે. એ પ્રમાણે ભાવશક્તિ બતાવી. હવે ક્રિયાશક્તિમાં અભેદ કારકોની ક્રિયા બતાવશે.

ભાવશક્તિનું વર્ણન પૂર્ણ. (૩૯)



અહો, અનંતશક્તિવાળા આત્માને જે લક્ષમાં લ્યે તેને વિકારનો પ્રેમ કેમ રહે? જેને મોક્ષની લગની છે, જેને આત્માના વૈભવની લગની છે, અનુભવની ધગશ છે, એવા મોક્ષાર્થી જીવને આચાર્યદેવે પરમ કરુણાથી આત્મવૈભવ દેખાડ્યો છે સ્વાનુભૂતિ વડે આવો આત્મવૈભવ પ્રાપ્ત થાય છે





" અમે અમારા આત્મવૈભવને સાધવામા મશગૂલ છીએ."

[४०]

ક્રિયા શક્તિ

[कारकानुसारभवत्तारूप भावमयी क्रियाशक्तिः।]



અહા! એ દશ્યો કેવા હશે કે જ્યારે કુંદકુંદ સ્વામી ને અમૃતચંદ્રસ્વામી જેવા ધર્મધુરંધર દિગંબર સંતો હાથમાં કમંડળ ને મોરપીંછી લઈને આ ભરતભૂમિમાં વિચરતા હશે, ને આવો 'આત્મવૈભવ' બતાવતા હશે! કેવા હતા હશે! એ વીતરાગમાર્ગી સંતો સદેહે સિદ્ધપદને ભેટું ઊઠીને ફરતા હતા. એમની પરિણતિ અંતર્મુખ થઈને સાક્ષાત્ સિદ્ધપદને ભેટતી હતી. આવા મુનિઓએ તીર્થંકરદેવનું શાસન ટકાવ્યું છે.



જ્ઞાનસ્વરૂપ આત્મામાં એક એવી ક્રિયાશ[illegible] પોતાના [illegible] કારકોને અનુસરીને થતા નિ[illegible] [illegible] ભેદરૂપ વિકારી છ કારકોની ક્રિયાનો નિ[illegible] [illegible] કારકોઅનુસાર ક્રિયાની વાત છે. પોતે જ છએ કારકરૂપે પરિણમતો આત્મા સમ્યગ્દર્શનાદિ ભાવરૂપે પરિણમવાની પોતાની ક્રિયાને કરે છે; બહારના કોઈ કારકની અપેક્ષા તે રાખતો નથી. તેમજ ભેદને અવલંબતો નથી; [illegible]- વિકારને તે પોતાનાં કારક (સાધન) બનાવતો નથી. આત્માની ક્રિયા આત્માના જ કારકોને અનુસરે છે. બીજા કોઈને અનુસરતી નથી. તેમજ આત્મા પોતાના નિર્મળભાવની ક્રિયાવડે વિકારનો કારક થતો નથી. આવી ક્રિયાશક્તિવાળો આત્મા જ્ઞાનમય છે.

આત્મા સમ્યગ્દર્શન કે કેવળજ્ઞાન વગેરે નિર્મળપર્યાયરૂપ કાર્યને પોતાના સાધનથી કરે એવી આત્માની તાકાત છે. પોતાના જ કારકોને અનુસરીને નિર્મળભાવરૂપે પરિણમવાની ક્રિયા આત્મા કરે છે.

પોતાની ધર્મપર્યાયનો આત્મા જ કર્તા;
ધર્મપર્યાયરૂપે પરિણમેલો આત્મા જ કર્મ;
ધર્મપર્યાય થવાનું ઉત્કૃષ્ટસાધન આત્મા;
ધર્મપર્યાય લેવાના પાત્રરૂપ સંપ્રદાન પણ આત્મા;
ધર્મપર્યાયમાં ધ્રુવ-અપાદાનરૂપ પણ આત્મા,
અને ધર્મપર્યાયનો આધાર પણ આત્મા;
એનું સ્વ-સ્વામીપણું પણ આત્મા સાથે.

—આ રીતે આત્મા પોતે પોતાના આવા છ કારકોને અભેદપણે અનુસરતો થકો પરિણમનક્રિયાને કરે છે. આ ક્રિયામાં કાંઈ વિકલ્પ નથી. નિર્મળ પર્યાયના કર્તા થવા માટે વિકલ્પ કરવો પડે એવું નથી. જેમ સિદ્ધભગવંતો વિકલ્પ વગર જ કર્તા થઈને પોતાની સિદ્ધત્વપર્યાયને કર્યા જ કરે છે, તેમ દરેક આત્મા વિકલ્પ વગર જ પોતાના નિર્મળ ભાવરૂપ ક્રિયાનો કર્તા થવાની. તેનું સાધન થવાની, છએ કારકરૂપ થવાની શક્તિવાળો છે. વિકલ્પોમાં એવી શક્તિ નથી કે આત્માની નિર્મળ પર્યાયને માટે તે કારકરૂપ થાય.

હું ચેતનારો, હું મને ચેતું છું, હું મારી ચેતનાવડે ચેતું છું—એમ સ્વસંવેદનમાં અભેદપણે છએ કારકો સમાઈ જાય છે; હું પણ, ચેતનારો, હું

મને ચેતું છું, હું મારી ચેતનાવડે ચેતું છું-એમ કારકભેદના વિકલ્પ સ્વ-સંવેદનમાં હોતા નથી. નિર્વિકાર ક્રિયામાં છએ કારકોરૂપે આત્મા પરિણમે છે, પણ કારકના વિકલ્પરૂપે તે આત્મા પરિણમતો નથી. આવા આત્માના સ્વસંવેદનમાં 'ભાવ' અને 'ક્રિયા' બન્ને સમાય છે. વિકલ્પની ક્રિયાની અપેક્ષા વગર જ તેના ભાવનું ભવન થાય છે એવો ભાવ-સ્વભાવ છે, ને પોતાના અભેદરૂપ છએ કારકોઅનુસાર થતી નિર્મળ ક્રિયારૂપે પણ તે પરિણમે છે એવો તેનો ક્રિયા-સ્વભાવ છે. નિર્મળ પરિણતિની ક્રિયાને કરવાનો આત્માનો સ્વભાવ છે, તેના કારકોને તે અનુસરે છે; પણ વિકારના કારકોની ક્રિયાને કરવાનો આત્માનો સ્વભાવ નથી, તેના કારકોને તે અનુસરતો નથી. પરરૂપ ન પરિણમે, વિકારરૂપ ન પરિણમે, ભેદને અવલંબીને ન પરિણમે. નિર્વિકારી પર્યાયની ક્રિયારૂપે અભેદને અવલંબતો પરિણમે એવી દિવ્યશક્તિ-વાળો અદ્ભુત દેવ આત્મા છે. ભેદરૂપ-વ્યવહારરૂપ-વિકલ્પરૂપ ક્રિયાને તે અનુ-સરતો જ નથી પછી તે તેનું સાધન કેમ થાય? સ્વભાવના કારકોદ્વારા નિશ્ચય-ધર્મરૂપે પરિણમવાનો આત્માનો સ્વભાવ છે. અને વ્યવહારના વિકલ્પોરૂપે ન પરિણમવાનો સ્વભાવ છે. અનેકાન્ત વડે જિનદેવે આવો આત્મા પ્રસિદ્ધ કર્યો છે.

અહો, સ્વાનુભૂતિમાં આવા આત્માની પ્રસિદ્ધિ થાય છે, તે મહા આનંદદાયક છે. સન્તોએ પોતાના અનુભવમાં લઈને આવો આત્મા પ્રસિદ્ધ કર્યો છે, અને વાણીદ્વારા જગતના જીવોને માટે પણ તે પ્રસિદ્ધ કર્યો છે. સમયસારની આ ટીકાનુ નામ आत्मख्याति છે, આત્મખ્યાતિ એટલે આત્માની પ્રસિદ્ધિ, આત્માનો અનુભવ.-તેની રીત સન્તોએ બતાવી છે. આ સમય-સારમાં તેનું ઉત્કૃષ્ટ વર્ણન છે. જેમ ચક્રવર્તીના નવનિધાન અખૂટ છે, ને કદી ખૂટતા નથી, તેમ આત્મામાં અપાર અક્ષય ચૈતન્યનિધાન છે, અનુભવદ્વારા તેને ખોલ્યા જ કરો પણ તે કદી ખૂટતા નથી. જગતને આવો આત્મવૈભવ સર્વજ્ઞદેવે ખુલ્લો કરીને બતાવ્યો છે. અહો, આ તો વીતરાગી સન્તોના અંતરના અનુભવની વાત છે. આના ભાવો સમજવા માટે અંતરમાં બહુ ઊંડુ મંથન માગે છે. અંદરમાં મંથન વગર આવો આત્મા અનુભવમાં આવે નહીં. આત્માની સમજણ માટે ને અનુભવ માટે અંદરમાં કેવું ઊંડું મંથન હોય છે; જગતથી કેટલી ઉદાસીનતા ને ચૈતન્યની કેટલી પ્રીતિ હોય ત્યારે આત્મા **અનુભવમાં** આવે.

કેટલા દિ'માં અનુભવ થાય?

જેવી પોતાની રુચિની ઉગ્રતા. કોઈને અંતર્મુહૂર્તમાં જ અનુભવ થાય છે. પણ એને માટે મુદત ન હોય કે આટલા દિવસમાં અનુભવ થઈ જાય તો જ કરવો છે. રુચિવાળી વસ્તુના પ્રયત્નમાં હદ ન હોય, કાળની મર્યાદા ન હોય. જો કે ખરા મુમુક્ષુને રુચિની ઉગ્રતા તો એવી હોય કે આજે જ અત્યારે જ આત્મામાં ઊતરીને તેને અનુભવમાં લઉં. પછી પ્રયત્ન ઉપાડતાં ઉપડતાં જરાક વાર લાગે તો તે થાકીને પ્રયત્ન છોડી દેતો નથી, પણ વધુ ને વધુ ઉગ્ર પ્રયત્ન વડે ઉદ્યમ કરીને અંતે સાક્ષાત્ આત્માનો અનુભવ કરે છે. સાચી રુચિના પ્રયત્ન વડે એવો અનુભવ જરૂર થાય છે. ખરો આત્માર્થી એવા દૃઢ નિશ્ચયવાળો હોય છે કે અંતરદૃષ્ટિથી આત્માને દેખ્યે છૂટકો, ત્યાં સુધી બહાર નીકળવું નથી, રુચીને બીજે ક્યાંય જવા દેવી નથી. એકધારો આવો પ્રયત્ન કરનારને આત્માના આનંદની પ્રાપ્તિ જરૂર થાય છે. આવા અંતરના ઉગ્ર પ્રયત્ન વગર આત્મા અનુભવમાં આવે નહીં. ભાઈ, વિકલ્પાતીત ભગવાન આત્મા, આનંદનો નાથ, તેને તે પૂર્વે કદી અનુભવમાં લીધો નથી, તેને અનુભવમાં લેવાનો આ અવસર છે. માટે હે વાલીડા! અત્યારે તુ આળસ કરીશ નહીં, પ્રમાદી થઈશ મા.

મારે મારા આત્માનો ધંધો કરવો છે, બહારનો ધંધો કરવો નથી. બહારનો ધંધો આત્મામાં નથી. જેના વેપારથી એટલે કે જેમાં ઉપયોગને જોડવાથી આત્માને આનંદનો લાભ થાય એવો વેપાર મારે કરવો છે. બહારમાં ઉપયોગ ભમાવતાં તો અનંતકાળ વીત્યો પણ આનંદ ન મળ્યો, માટે હે જીવ! હવે તારા ઉપયોગને અંતરમાં જોડ. ભાઈ, તારી ચૈતન્યવસ્તુનો અપાર મહિમા છે. અંતરમાં નજર કરીને તારી ચૈતન્યચીજને દેખ તો ખરો! અરે, પોતે પોતાને ન દેખે –એ કેવી વાત! ચૈતન્યવસ્તુને જે નથી દેખતો તેણે આત્માને ખરેખર માન્યો નથી.

❀ શરીર વગેરે અજીવની સાથે આત્માને કર્તાકર્મપણું જે માને તેણે અજીવ સાથે આત્માની એકતા માની એટલે કે આત્માને અજીવ માન્યો.

❀ રાગાદિ વિકાર સાથે આત્માને કર્તાકર્મપણું જે માને તેણે આત્મા અને આસ્રવને એક માન્યા, એટલે આત્માને અશુદ્ધ જ માન્યો.

⊠ આત્મામાં ક્રિયાશક્તિ છે એ ખરૂં, પણ તે શક્તિ એવી નથી કે જડની ક્રિયાને કે રાગની ક્રિયાને કરે. એ ક્રિયાશક્તિ વડે તો આત્મા પોતાના સ્વભાવભૂત કારકોને અનુસરતો થકો નિર્મળ ભાવરૂપે પરિણમે છે. તે નિર્મળભાવ સાથે આત્માને એકતા છે એટલે તેમાં જ કર્તાકર્મપણું છે.

એવી જ રીતે કર્તા-કર્મની જેમ સાધનમાં પણ સમજવું. જડની ક્રિયાને જેણે પોતાની પર્યાયનું સાધન માન્યું તેણે આત્માને જડથી ભિન્ન ન જાણ્યો; શુભરાગની ક્રિયાને જેણે પોતાની જ્ઞાનપર્યાયનું સાધન માન્યું તેણે આત્માને રાગથી ભિન્ન ન જાણ્યો.

જડને અને વિકારી રાગને પોતાના ધર્મનું સાધન માનતાં કેટલી ગંભીર મોટી ભૂલ થાય છે તેની અજ્ઞાનીને ખબર નથી. ભાઈ, જડને અને વિભાવને આત્માનું સાધન માનતાં તારી મિથ્યામાન્યતામાં આખો આત્મા જ જડરૂપ ને વિભાવરૂપ મનાઈ જાય છે, ને અનંત ગુણના નિર્મળસ્વભાવનો નકાર થઈ જાય છે, –એ કેવી મોટી ભૂલ છે! જો ચેતનસ્વભાવને જડથી ને વિભાવથી ભિન્ન જાણે તો તે જડને કે વિભાવને પોતાનું સાધન માને નહિ, કેમકે ભિન્ન સાધન હોતું નથી. પોતાનું સાધન પોતાથી અભિન્ન હોય છે.

અહો. આ તો પોતાના આત્મા માટે અંદરમાં શાંતિથી સમજવાની વસ્તુ છે, ને એ સમજણનું ફળ સાદિ-અનંત આનંદ છે. એ મહા આનંદની શી વાત! એ આનંદ આત્મામાંથી પ્રગટ્યો ને પ્રગટ્યો. હવે સદાકાળ આત્મા તે આનંદમાં મગ્ન રહેશે. દુઃખનો અભાવ થયો ને એવો અભાવ થયો કે ફરી કદી દુઃખ નહિ થાય. જેની સમજણનું આવું મહાન ફળ ને આત્મ-સ્વભાવના મહિમાની શી વાત! આવા આત્માને અનુભવમાં લેતાં સમ્યક્ત્વાદિ અમૃત પ્રગટે છે ને અનાદિનું મિથ્યાત્વાદિનું ઝેર ઊતરી જાય છે.

સુખી થવું હોય તેને માટે આ એક જ રસ્તો છે, બાકી તો બધા દુઃખી થવાના રસ્તા છે. ભગવાન જે રસ્તે મોક્ષ પામ્યા તે આ રસ્તો છે. સન્તોએ પોતાના અંતરમાં જોયેલો આ માર્ગ જગતને ઉપદેશ્યો છે કે હે જીવો! નિઃશંકપણે આ માર્ગે ચાલ્યા આવો. ભગવાનના ઘરની આ વાત છે, ભગવાનના ઘરનો આ વૈભવ છે, ને આત્માને ભગવાન બનાવવાની આ રીત છે.

ચાક રે ... [illegible]
પણ અલૌકિક ... [illegible]

પોતાના ... [illegible]
આત્માનો સ્વભાવ છે ... [illegible]
(-વ્યવહાર સાધનોને) અનુસરનારી ... [illegible]
હોય તો તેને અનુસરીને મારું ... [illegible]
નથી. પોતાના અભેદકારકોને અનુસરનારા ... [illegible]
કરે છે.

ક્રિયાશક્તિનું વર્ણન પૂરું થયું. (૪૭)

અનંત ચૈતન્યસ્વભાવવાળા આત્માને જેણે જાણ્યો તેણે ચૌદ બ્રહ્માંડના સારને જાણી લીધો. અહા, આત્માને જાણવામા અંતર્મુખ ઉપયોગનો અનંત પુરુષાર્થ છે, તેમા તો મોક્ષમાર્ગ આવી જાય છે. સ્વમા જે સન્મુખ થયો તેણે પરથી સાચી ભિન્નતા જાણી, એટલે ખરું ભેદજ્ઞાન થયું. આવી દશા હોય તે જીવ ધર્મી છે,—ભલે તે ગૃહસ્થપણામા હોય.

[૪૧]

કર્મ શક્તિ

[प्राप्यमाणसिद्धरूपभावमयी कर्मशक्तिः ।]



અહીં આચાર્યદેવે આત્માની [illegible] કે
ચૈતન્યચરણાર ગુરુના સુક [illegible]
સ્વરૂપ સમજતા આનંદની [illegible]
આ તત્ત્વ ઘણું ગંભીર છે, [illegible]
કરીને સમજે ત્યારે તેની [illegible]
તેવી છે. જ્ઞાનીઓના વેદ ([illegible]
બહુ ઊંડા છે, [illegible]
તેવા નથી.

જ્ઞાનસ્વરૂપ આત્માની [illegible] ી
શક્તિઓમાં છ કારકરૂપ થવાનો [illegible] , [illegible] તેમા
ભાવનુ જ સ્વામીપણું બતાવીને આચાર્યદેવ આ [illegible]
પહેલાં કર્મશક્તિની વાત છે. આત્મામાં એવી શક્તિ છે , [illegible]
થયું તે-મય પોતે વર્તે છે. કર્મ એટલે કે [illegible] કાર્ય [illegible]
આત્માથી જુદું નથી. આત્મા તે જ્ઞાનમય છે. તે ભાવ 'સિદ્ધરૂપ' છે એટલે
કે તે સમયે કર્મપણે પ્રાપ્ત થયેલો [illegible] ભાવ છે. તે કર્મપણે [illegible] એવી
શક્તિ આત્મામાં પોતામાં છે બીજો કોઈ કર્તા થઈને આ આત્માને 'કર્મ'
બનાવે એમ નથી. પર્યાયમાં કર્મપણે (કાર્યપણે) જે ભાવ પ્રાપ્ત થયો છે
તે-રૂપે આત્મા પોતે પરિણમ્યો છે. અનંતગુણોમાં સ્વાભાવિક કાર્ય પ્રગટે
તે કાર્યરૂપે આત્મા પરિણમે એવી આત્માની કર્મશક્તિ છે. જે નિર્મળ ભાવ
થયો છે તેને 'સિદ્ધરૂપ ભાવ' કહેવાય, તે ભાવ તે સમયે કર્મપણે પ્રાપ્ત
થયેલો છે એટલે કે આત્મા પોતે કર્મપણે પરિણમતો થકો તે-રૂપ થયો છે.

કર્મ એટલે કાર્ય; નિર્મળપર્યાય તે આત્માનું કર્મ છે, ભગવાન
આત્મામાં છ કારક પોતાના છે, એટલે આત્માની પર્યાય પોતાથી જ સિદ્ધ
છે; તે સ્વપર્યાયરૂપ કાર્યનો કર્તા આત્મા છે. જુઓ, આ સાચો કાર્યકર્તા!
લોકોમાં તો 'કાર્યકર્તા'ના નામે માત્ર બહારનાં કાર્યોનું અભિમાન કરે છે,
પણ કાંઈ તે કાર્યને આત્મા. કરી શકતો નથી. અંતર્મુખ થઈને સમ્યગ્દર્શનાદિ
સ્વકાર્યને જે કરે તે જ સાચો કાર્યકર્તા છે. અને તે જ સાચો 'સુધારક'
છે, કેમકે અનાદિથી નહિ પ્રગટેલી એવી શુદ્ધ પર્યાય પ્રગટ કરીને પોતાના
આત્મામાં તેણે અપૂર્વ સુધારો કર્યો. પોતાની પર્યાયને સુધારે તે જ સાચો
સુધારક.

અહીં 'સિદ્ધરૂપ થયેલા ભાવમય કર્મશક્તિ' એમ કહીને સિદ્ધ થયેલી
નિર્મળપર્યાયને દ્રવ્ય સાથે અભેદ કરી દીધી. જ્યાં આત્મા શુદ્ધસ્વભાવે લક્ષગત
થયો ત્યાં નિર્મળ-નિર્મળ પર્યાયો થવા લાગી; તેમાં નિર્દોષ શ્રદ્ધા, નિર્દોષ
આનંદ વગેરે ભાવો પ્રગટ્યા. આવા શુદ્ધ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે મળીને
આત્મા છે. ક્રમેક્રમે થતી નિર્મળ પર્યાયો, અને અક્રમે એક સાથે વર્તતા અનંત
ગુણો, આવા અનંત નિર્મળ ગુણ-પર્યાયનો પિંડ આત્મા છે. આવા આત્મા-
માંથી એક પણ નિર્મળ ગુણને કે પર્યાયને કમ માને (ઓછું માને) તો

તેણે પૂરા આત્માને માન્યો નથી એટલે કે આત્મા સાચા સ્વરૂપે તેને પ્રસિદ્ધ થયો નથી. પર્યાયઅંશ પણ આખા આત્માને પ્રસિદ્ધ કરે છે. આત્મામાંથી તેની એક પણ નિર્મળ પર્યાયને કાઢી નાંખો તો આખું દ્રવ્ય ખંડખંડ થઈ જશે, અભેદ આત્મા પ્રતીતમાં નહીં આવે. એક પર્યાયમાં પૂરા દ્રવ્યને સિદ્ધ કરવાની તાકાત છે.

અહીં જે કર્તા-કર્મ-સાધન વગેરે વર્ણવે છે તેમાં શુદ્ધ ભાવો જ લેવા. શુદ્ધભાવપણે પ્રણમેલો આત્મા તે જ કર્તા. શુદ્ધભાવરૂપે પ્રણમેલો આત્મા તે જ કર્મ; શુદ્ધભાવરૂપ પ્રણમેલો આત્મા તે જ ઉત્કૃષ્ટ સાધન.–આ રીતે આત્મામાં અભેદપણે તે બધું સમાય છે. જ્ઞાનની એક અંતર્મુખ પર્યાય પૂરા દ્રવ્ય-ગુણ-પર્યાયને પ્રસિદ્ધ કરે છે. જ્ઞાનસ્વભાવની પ્રતીતમાં અનંત કેવળજ્ઞાનીની ને અનંતા સિદ્ધભગવંતોની પ્રતીત આવી જાય છે. કેમકે તે બધાય પણ જ્ઞાનભાવરૂપ જ છે. અરે, જેની એક પર્યાયની આટલી તાકાત, એવા નિજસ્વભાવની મહત્તા ન આવે ને પરની મહત્તા આવે–એ તો મોહ છે, અજ્ઞાન છે. ભાઈ, તારી ચૈતન્યવસ્તુ અપાર મહિમાવાળી છે, તેની મહત્તા જાણીને તેમાં રત થા.

શક્તિવાન એવો આત્મા, તેની અનંત શક્તિઓની આ વાત ચાલે છે. જેને જાણવાથી ને અનુભવમાં લેવાથી સમ્યગ્દર્શનાદિ થાય-એવા આત્મસ્વરૂપની આ વાત છે. આત્મા શરીરથી જુદો, વાણીથી જુદો, મનથી જુદો, જડકર્મથી જુદો, ને રાગથીયે ભિન્ન જ્ઞાનલક્ષણથી લક્ષિત, ને અંતર્મુખ ઉપયોગ વડે લક્ષમાં આવે છે. એ રીતે આત્માને લક્ષમાં લઈને અનુભવ કરતાં જે નિર્મળપર્યાયરૂપ ભાવ સિદ્ધ થયો, પ્રાપ્ત થયો. તે ભાવરૂપે આત્મા પોતે પરિણમ્યો હોવાથી આત્મા જ કર્મ છે. સમ્યગ્દષ્ટિ જીવનું આવું કર્મ છે. સમ્યગ્દષ્ટિ કેવું કાર્ય કરતા હશે?–તો કહે છે કે નિર્મળભાવરૂપે પરિણમનનું કાર્ય સમ્યગ્દષ્ટિ કરે છે. આવા કાર્યરૂપે થવાની શક્તિ આત્મામાં છે; તેને અહીં 'કર્મશક્તિ' કહી છે.

પરના કર્મપણે આત્મા થતો નથી; રાગના કર્મપણે પણ આત્મા થતો નથી. પર કર્તા ને મારી પર્યાય કર્મ, રાગ કર્તા ને મારી નિર્મળ દશા કર્મ–એમ માનનાર મિથ્યાદૃષ્ટિ છે. ભાઈ, કર્મરૂપે (કાર્યરૂપે, નિર્મળ ભાવરૂપે) થવાની શક્તિ આત્મામાં છે, એટલે નિર્મળ [illegible], તે કર્મરૂપે પોતે જ પરિણમ્યો છે, કોઈ બીજાએ કર્યું નથી.

નિર્મળ અવસ્થા થઈ ને એક કર્મ છે; [illegible] આત્મા તન્મય હોવાથી આત્મા જ કર્મ છે. પોતે જ [illegible] તે પોતે જ [illegible] કેમ. પોતે પોતાને કરે?–કે હા, આત્મામાં એવી [illegible] નિર્મળકાર્યરૂપે પોતે પોતાને કરે છે. ને તેનું સાધન પણ પોતે જ થાય છે. આત્માના અચિંત્યસ્વભાવોના સામર્થ્યની જગતને ખબર નથી. અહીં આત્મામાં જ કર્તાપણું કર્મપણું વગેરે બતાવીને આચાર્યદેવે તેનું સામર્થ્ય પ્રસિદ્ધ કર્યું છે. ને સામર્થ્યમાં વિકાર ન આવે. વિકાર થાય તેને આત્મા પ્રાપ્ત કરતો નથી, ને વિકારભાવરૂપ કર્મપણે આત્મા થતો નથી. આત્મા પોતાના નિર્મળભાવરૂપ કર્મપણે જ થાય છે.

અરે ભગવાન! તારી નિર્મળપર્યાયરૂપ સ્વકાર્યને બદલે તારી દૃષ્ટિ પરના કાર્યમાં ક્યાં ગઈ? આત્મા અજ્ઞાનભાવે પણ પરનો કર્તા નથી, તે વિકારનો કર્તા છે. અને શુદ્ધદૃષ્ટિથી અનુભવતાં તો વિકારી કર્મરૂપ થવાનો પણ આત્માનો સ્વભાવ નથી. જડ કર્મથી ભિન્નતા બતાવવા રાગાદિને આત્માનું કાર્ય કહ્યું, પણ શુદ્ધ સ્વભાવથી જોતાં તે રાગાદિ કર્મરૂપે આત્મા થતો નથી, શુભાશુભરૂપે પોતે પરિણમતો નથી; શુદ્ધપર્યાયરૂપ કર્મરૂપે થાય એવો જ એનો સ્વભાવ છે. જ્યારે આવા શુદ્ધકાર્યરૂપે પોતે પરિણમ્યો ત્યારે જ ભગવાન આત્મા અનુભવમાં પ્રસિદ્ધ થયો, ને તે જ સાચો આત્મા છે.—આનું નામ આત્મપ્રસિદ્ધિ, ને એને આત્માનો વૈભવ પ્રાપ્ત થયો. પહેલાં હતો તો ખરો, પણ હવે અનુભવમાં આવ્યો.

ચૈતન્યપરમાત્મા પરમાનંદથી પૂરો, અનંતી આત્મસંપદાનો ધારક, તેનો જેને આદર નથી, લક્ષ નથી, ધ્યાન નથી તે વિકારીકાર્યને પોતાના કર્મરૂપે માને છે; પણ તેના તે વિકારી અંશમાં પણ પરનું કરવાની તાકાત નથી. રાગપરિણમન જેટલો જ પોતાને માનનારને સ્વભાવ–શક્તિની ખબર નથી, સ્વવૈભવની તેને ખબર નથી. તેણે પર્યાયના વિકારીઅંશને જ આત્મા માની લીધો. અહીં સમજાવે છે કે ભાઈ, એટલો તું નથી. વિકાર વગરના નિર્મળ પરિણામરૂપે થવાની તારી તાકાત છે. તારી કર્મશક્તિમાં જડનું કર્મ નથી, વિકારી કર્મ નથી, નિર્મળભાવરૂપી કર્મ તે-રૂપે આત્મા પોતે થાય છે, તેથી તેને 'સ્વયંભૂ' કહ્યો છે. આવા નિર્મળ-કર્મરૂપે થવાની શક્તિ પારિણામિકભાવે ત્રિકાળ છે, તેને ધરનાર આત્મા, તે આત્મસ્વભાવના લક્ષે પ્રાપ્ત થયેલા સમ્યગ્દર્શનાદિ પર્યાયો તે સિદ્ધરૂપ ભાવ છે, કર્મશક્તિને લીધે આત્મા તે સિદ્ધરૂપ-

વિદ્યમાનરૂપ ભાવમય છે. લોકો કહે છે કે કર્મની શક્તિ છે, અહીં કહે છે કે ભાઈ, તારા આત્મામાં જ્ઞાનમય એવી કર્મશક્તિ છે કે જેથી તે નિર્મળકાર્યરૂપ થાય છે, તારી કર્મશક્તિમાં જડકર્મની શક્તિનો તો સર્વથા અભાવ છે. પોતાની કર્મશક્તિના બળે આત્મા સમ્યગ્દર્શનાદિ ભાવોને સિદ્ધ કરે છે, એટલે કે તેરૂપ થઈને પોતે પરિણમે છે. સિદ્ધરૂપ ભાવ એટલે કે વિદ્યમાન નિર્મળભાવ, તેરૂપ થયેલો આત્મા પોતે પોતાનું કર્મ છે. શુદ્ધકાર્યને જ અહીં આત્માનું કર્મ કહ્યું છે, અશુદ્ધતા તે આત્માનું કર્મ નથી.

ભાઈ, તું જ તારા સ્વકર્મરૂપે થઈને તારા કાર્યને સુધારનાર છો. તારી સ્વશક્તિ એવી છે કે તેના આશ્રયે કાર્ય સુધરે જ; કાર્ય એટલે પર્યાય, તે સ્વાશ્રયે નિર્મળ થાય જ. કાર્ય બગડવાની વાત સ્વાશ્રયમાં છે જ નહિ, કેમકે વિકારીકાર્ય આત્માના સ્વભાવમાં છે જ નહિ. પરના કાર્યને તો બગાડવા-સુધારવાની વાત જ આત્મામાં નથી. સ્વભાવનો આશ્રય કર્યો ત્યાં આત્મા પોતે પોતાની શક્તિથી નિર્મળકાર્યરૂપે પરિણમ્યા જ કરે છે. આત્માના અનુભવની શાંતિરૂપ નિર્મળકાર્ય જેને નથી તે બહારના વિકલ્પને જ કાર્ય માનીને, તેમાં જ શાંતિ માનીને પડ્યો છે. પણ ભાઈ, વિકલ્પમાં તારી શાંતિ નથી, તારી શાંતિ તારા સ્વભાવના વેદનમાં જ છે. બીજે ક્યાંય નથી.

ધર્મીને પોતાના સ્વાનુભવથી સમ્યગ્દર્શનાદિ કાર્ય સિદ્ધ થયું છે; ને જાણે છે કે અમારું આ કાર્ય અમારી કર્મત્વશક્તિના બળનું જ થયું છે. શુદ્ધ ગુણમાં શુદ્ધપર્યાયરૂપ થવાની તાકાત છે. આત્મપર્યાય સુધરવાનું કામ પોતાની કર્મશક્તિથી થાય છે. આત્મા પોતે અનંત નિર્મળભાવોથી ભરેલો પૂર્ણ કલશ છે; જેમ સોનાનો કળશ અમૃત ભર્યો ભરેલો હોય, તેમ આ ચૈતન્યકળશ (–કલશાકાર આત્મા) અનંતગુણના આનંદરસથી પૂર્ણ ભરેલો છે. આવી પૂર્ણતાના લક્ષે પરિણમન કરતો આત્મા પરમાત્મા થાય છે.

* *

આત્મામાં કાર્યરૂપ થવાનો સ્વભાવ એટલે કે [illegible] કરે? કે પોતાના સમ્યગ્દર્શનાદિ નિર્મળકાર્યરૂપે [illegible] કાર્યદ્વારા પોતે આનંદરૂપ થાય, જ્ઞાનશક્તિના [illegible] થાય. આમ સર્વગુણો નિર્મળકાર્ય સહિત [illegible] — [illegible] આત્માનું કાર્ય થવા માટે કોઈ બીજાની જરૂર નથી. [illegible]

કાર્યરૂપે પોતે પરિણમે એવો આત્માનો સ્વભાવ જ છે, તે [illegible] બીજાને લીધે નથી. નિર્મળકાર્યરૂપે થવા માટે આત્માને બીજા [illegible] નથી, બીજા કોઈ બહારના કારક નથી; પોતે સ્વયં પોતાથી જ [illegible] કારકરૂપ થઈને નિર્મળભાવરૂપ થાય છે. જ્ઞાનગુણવડે આત્મા પોતે [illegible] પ્રકાશકપણે પરિણમે છે; શ્રદ્ધાગુણવડે આત્મા પોતે સ્વયં [illegible] શ્રદ્ધારૂપે પરિણમે છે; ચારિત્રગુણવડે આત્મા પોતે પોતામાં સ્થિર [illegible] પરિણમે છે; આનંદગુણવડે આત્મા પોતે પોતાના નિરાકુળ અતીન્દ્રિય આનંદરૂપે પરિણમે છે. આમ અનંતગુણોના સ્વકાર્યરૂપ કર્મપણે આત્મા પોતાની શક્તિથી જ પરિણમે છે.

પણ, મિથ્યાશ્રદ્ધા, અજ્ઞાન, રાગદ્વેષ વગેરે વિકારી કાર્યપણે અજ્ઞાની પરિણમે છે તેનું શું?—તો કહે છે કે એવા વિકારી કર્મરૂપ થાય એવી કોઈ શક્તિ આત્મસ્વભાવમાં નથી, એ તો અદ્ધરથી એટલે કે સ્વભાવની બહાર તે કાળની પરાશ્રિતપર્યાયથી વિકાર થયો છે. પણ જો શક્તિસન્મુખ થાય તો વિકાર વગરનું કાર્ય પ્રગટે. જ્ઞાનીને ભેદજ્ઞાન પછી જે અલ્પ રાગાદિ દેખાય છે તે ખરેખર તેનાથી ભિન્નપણે વર્તે છે, એકપણે નહિ; એટલે ખરેખર તો તે રાગાદિભાવો જ્ઞાનીનુ કર્મ નથી, જ્ઞાનીનુ કર્મ તો શુદ્ધપર્યાયરૂપ જ છે, તે કાર્યમય તે વર્તે છે; એ જ જ્ઞાનીનો પ્રાપ્ત કરાયેલો સિદ્ધરૂપ ભાવ છે.

અહા, જુઓ તો ખરા! આ તો ચૈતન્યસમુદ્ર ઉલ્લસી રહ્યો છે; અનંત શક્તિરૂપી રત્નોથી ભરેલા આનંદના દરિયાને અમૃતચંદ્રાચાર્યદેવે ઉલ્લસાવ્યો છે. જેમ ચંદ્ર ઊગે ત્યાં દરિયો ભરતીથી ઊછળે, તેમ ચૈતન્યચંદ્ર એવા અમૃતચંદ્રદેવે આ આત્મખ્યાતિટીકાવડે ચૈતન્યના દરિયાને અનંત નિર્મળ શક્તિથી ઉછાળ્યો છે—વૃદ્ધિગત કર્યો છે—પ્રગટ પરિણમાવ્યો છે. અહા, આવો આનંદનો સમુદ્ર...તેમાં હે જીવો! તમે મગ્ન થાઓ. જેમ સહેજે સમુદ્ર-રત્નાકર ઉલ્લસે ને ભરતી વડે અંદરના રત્નો ઊછળીને કિનારે આવી જાય—તે કોણ ન લ્યે! તેમ વીતરાગી સન્તોએ આ પંચમકાળમાં ચૈતન્યરત્નાકરને સ્વાનુભવદ્વારા ઉલ્લસાવીને ૪૭ શક્તિરૂપી રત્નો બહાર કાઢીને બતાવ્યા છે...તે કોણ ન લ્યે? આવી શક્તિદ્વારા આત્માનું સ્વરૂપ સમજાવ્યું તો તે કોણ ન અનુભવે! અહો! સંતોએ મહા ઉપકાર કર્યો છે. જગતના ચૈતન્યનિધાન જગતને દેખાડ્યા છે.

ભગવાનની પરિણતિમાં અને સાધક સન્તોની પરિણતિમાં ચૈતન્યનો અદ્દ્ભુતવૈભવ પ્રગટચો છે; અનંતશક્તિની નિર્મળતારૂપ અનંત ગુણરત્નો તેમને ખીલ્યા છે. અને તેઓની વાણીમાં પણ ચૈતન્યના વૈભવનું અદ્દ્ભુત વર્ણન આવ્યું છે. અહો, અદ્દ્ભુત નિધિવાળો ચૈતન્ય-રત્નાકર ઉલ્લસી રહ્યો છે, તેમાં ડુબકી મારીને એટલે કે સ્વાનુભૂતિ કરીને સમ્યગ્દષ્ટિ તે ઉત્કૃષ્ટ રત્નોને પ્રાપ્ત કરે છે. આ રીતે નિર્મળપર્યાયમાં ઉલ્લસી રહેલા ચૈતન્યરત્નાકરની પ્રતીત વડે પરમાત્મા થવાય છે. છેલ્લે કળશ ૨૭૩ માં 'અહો, આ આત્માનો સહજ અદ્દ્ભુત વૈભવ!' –એમ કહીને આચાર્યદેવે આત્માનો પરમમહિમા કર્યો છે; અદ્દ્ભુતથી પણ અદ્દ્ભુત એવો આત્માનો સ્વભાવમહિમા વિજયવંત વર્તે છે, એને અનુભવનારા ધર્માત્માઓ વિજયવંત વર્તે છે.

અનંતગુણ સહિત આત્મવસ્તુ છે, તેની સ્વતંત્ર સત્તા અનાદિઅનંત સ્વયંસિદ્ધ છે; અને તેમાં નિર્મળપર્યાયરૂપ કર્મ પણ આત્મા પોતાની શક્તિથી જ કરે છે. પોતાની પર્યાયરૂપ જે કર્મ છે તે-મય આત્મા પોતે જ થાય છે, એવી તેની કર્મત્વશક્તિ છે.

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના ભાવરૂપ નિર્મળકર્મ ક્યાંથી પ્રાપ્ત થશે?

—દેહમાંથી તે પ્રાપ્ત નહિ થાય; રાગમાંથી તે પ્રાપ્ત નહિ થાય; આત્માના સ્વભાવમાં જ જ્ઞાન સાથે એવી કર્મત્વશક્તિ છે કે તે શક્તિના બળે આત્મા પોતે તે કર્મરૂપે (સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપે) [illegible] આત્માનું કર્મ કોઈ બીજું નથી, બીજાને લીધે નથી. આત્મા [illegible] થકો પોતે જ પોતાનું કર્મ છે.

આત્માના સ્વભાવના છ કારકની આ અલૌકિક વાત છે. [illegible] કારકોને ઓળખતાં પરાશ્રિતબુદ્ધિ છૂટીને [illegible] વળે છે; તેમાં આત્મા પોતે નિર્મળ કર્મરૂપે [illegible] રત્નત્રયના જે વિકલ્પ છે તેમાં આત્મા [illegible] નથી. [illegible] જ્ઞાન-ચારિત્રરૂપ નિર્મળકાર્ય આપવાની તાકાત નથી [illegible] રત્નત્રયધર્મ આપવાની તાકાત કેમ હોય? [illegible] તાકાત છે કે પોતે જ સમ્યગ્દર્શનાદિ [illegible] છે. કર્તા પોતે, કર્મ પોતે, ને સાધન પણ પોતે જ.

અત્યારે આત્માની કર્તૃત્વશક્તિનું વર્ણન ચાલે છે. રાગ-સંયોગો આત્માની પર્યાયરૂપ થતા નથી; રાગાદિ વિકારો પણ આત્માની નિર્મળપર્યાયરૂપ થતા નથી; નિજશક્તિના બળે આત્મા પોતે નિર્મળપર્યાયરૂપ થાય છે. આત્મા પોતે પોતામાંથી તે નિર્મળકાર્યને પ્રાપ્ત કરે છે. ભાઈ, તારે તારા સમ્યક્ત્વાદિ નિર્મળ કાર્ય માટે ક્યાંય બીજે જોવાનું રહેતું નથી, તારી શક્તિમાં જ જો.

ક્ષાયિકસમ્યક્ત્વ થતી વખતે કેવળી કે શ્રુતકેવળી ભગવંતોની સમીપતા જ હોય, એ નિયમ છે; પણ તેથી કાંઈ આ ક્ષાયિકસમ્યક્ત્વ તે સામા કેવળી શ્રુતકેવળીનું કર્મ નથી, આત્મા જ પોતે પોતાના સ્વભાવથી તેરૂપે પરિણમ્યો છે એટલે આત્માનું જ તે કર્મ છે. કર્મ એટલે નિર્મળપર્યાયરૂપ કામ. પોતાના શ્રદ્ધાનસ્વભાવના બળે આત્મા પોતે ક્ષાયિકસમ્યક્ત્વરૂપ થાય છે; સ્વદ્રવ્યના આશ્રયે તેની પ્રાપ્તિ થાય છે; અંતરમાં કેવળ-સ્વદ્રવ્યની સમીપતા છે, ને બહારમાં કેવળીની સમીપતા છે. સમ્યગ્દૃષ્ટિએ પોતાની દૃષ્ટિમાં કોઈ પરદ્રવ્યને સમીપ નથી રાખ્યા, વિકલ્પને સમીપમાં નથી રાખ્યા, તે બધાને તો દૂર રાખ્યા છે એટલે કે પોતાથી જુદા રાખ્યા છે; ને અનંતશક્તિમય નિજસ્વભાવને જ સમીપ રાખ્યો છે, તેમાં જ એકતા કરી છે; તેનાથી જરાય જુદાપણું નથી રાખ્યું, એટલે તેનાથી દૂર નથી, તે સદા સમીપમાં જ વર્તે છે.

જુઓ, આ ધર્માત્માની અંતરદશા! ચોથા ગુણસ્થાનથી માંડીને ધર્મીને આવી દશા હોય છે. વસ્તુમાં નિર્મળપર્યાયરૂપ કર્મ પોતાની જ શક્તિથી થાય છે, તેને બદલે પરને લીધે થવાનું માનતાં અર્થનો અનર્થ થઈ જાય છે. 'અર્થ' એટલે વસ્તુનો દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વભાવ; તેને સ્વાધીન ન માનતાં પરને લીધે જેણે માન્યુ તેણે અર્થનું (વસ્તુનું) અસ્તિત્વ પરને લીધે માન્યું, એટલે તેની માન્યતામાં અર્થનો અનર્થ થઈ ગયો. શુભરાગમાંથી શુદ્ધઉપયોગની પ્રાપ્તિ થવાનું માને તો તેમાં પણ અનર્થ થાય છે. જ્ઞાનમય આત્મા, તેના અનંત ગુણ ને નિર્મળપર્યાયો તે બધા 'અર્થ'માં સમાય છે; પણ તેનું અર્થપણું જો પરને લીધે કે રાગને લીધે માને તો અર્થની સ્વતંત્રતા ઉપર બળજોરી થાય છે, શુદ્ધઅર્થનું અર્થપણું રહેતુ નથી, 'અનર્થ' થઈ જાય છે, એટલે કે તેમ માનનાર જીવની પર્યાયમાં અશુદ્ધતા થાય છે, અહિત થાય છે, તે જ અનર્થ છે.

રાગને લઈને પોતાની શુદ્ધતા થવાનું જે માને છે તે પોતાની સ્વતંત્ર

ચૈતન્યબાદશાહી આપીને તેને બદલે ગુલામી વેચાતી લ્યે છે. અરે, પોતાના સ્વતંત્ર સ્વભાવની આવી વાત પ્રેમથી સાંભળે નહિ, જાણે નહિ, તે વસ્તુને કયારે સાધે? પોતાની સ્વાધીનતા ન ગોઠે ને પરાધીનતાની વાત ગોઠે–એ જીવ સ્વાશ્રયી પરિણતિ કયાંથી કરશે? મારી દશાના બધા કારકો મારામાં જ છે, બહારમાં કાંઈ મારે શોધવાનું નથી–એમ જો પોતાની સંપૂર્ણતા જાણે તો સ્વસન્મુખ થઈને સ્વાશ્રયી નિર્મળદશા પ્રગટ થાય. પરના આશ્રય વડે કે શુભરાગવડે શુદ્ધની પ્રાપ્તિ માને તો તે અનર્થ છે, મિથ્યાત્વ છે. મિથ્યાત્વ તે જ મોટો અનર્થ છે કેમકે સમ્યક્ત્વ સમાન ત્રણલોકમાં જીવનું હિતકર નથી ને મિથ્યાત્વસમાન અહિતકર બીજું કોઈ નથી.

અહીં તો આચાર્યદેવે આત્માનો વૈભવ બતાવીને ચૈતન્યના દરબાર ખુલ્લા મુકયા છે. ચૈતન્યદરબાર આનંદથી ભરપૂર છે—જેમાં અનંતશક્તિ-સહિત ચૈતન્યભગવાન શોભી રહ્યા છે. કાલે ભક્તિના [illegible] ‘દરબાર તમારા મનહર હૈ......’ ભગવાનના સમવસરણની શોભા તો અદ્ભુત હોય છે, ને અહીં આ ચૈતન્યભગવાનનો મનોહર દરબાર છે. એ દરબારમાં દાખલ થતાં અતીન્દ્રિયઆનંદ થયા વિના રહે નહીં.

જ્યાં બારમા ગુણસ્થાનની વીતરાગતા [illegible] હોગા હી હોગા...એ સાચું, પણ તે કયાંથી [illegible]? [illegible] હોગા પણ પૂર્ણ શક્તિવાળો ભગવાન આત્મા છે તે [illegible] કર્મ-શક્તિના બળે કેવળજ્ઞાનરૂપ પરિણમશે. [illegible] આત્માની શક્તિ છે, તેથી કેવળજ્ઞાન પર્યાય [illegible] જ્ઞાન તે કર્મ (કાર્ય) છે, અભેદઅપેક્ષાએ [illegible] પોતે પોતાનું કર્મ છે; અને અનુભૂતિ [illegible] ભેદો પણ રહેતા નથી. અનંતશક્તિનું [illegible] છે. એટલે પોતાના સ્વભાવસન્મુખ [illegible] અનુભૂતિ કરવી એ જ અર્હંતોનું [illegible] પરમાંથી નિર્મળતા આવતી નથી માટે [illegible] વીતરાગપર્યાયને કારણ પણ આ [illegible].

સિદ્ધરૂપ [illegible] આત્માનું કર્મ છે. [illegible]

પોતે પોતાની શક્તિથી તે કર્મરૂપ થયો છે. [illegible] પર્યાયની [illegible] માટે તું તારા સ્વભાવ સામે જો. પરની સામે ન જો. વિકારની સામે ન જો. પૂર્વ પર્યાયની સામે ન જો. પર્યાયના ભેદને કે ગુણભેદને જોવામાં ભાગ ન રોકા; અખંડસ્વભાવી તારી ચૈતન્યવસ્તુને જો. અંતરવસ્તુનું અવલંબન કર. પરની સામે કે વિકારની સામે જોઈને જે લાભ માને છે તેને પોતાના દ્રવ્યસ્વભાવ-રૂપ ભગવાનનું મહાત્મ્ય ન આવ્યું. સ્વદ્રવ્યના આશ્રયે નિર્મળ પર્યાયને દ્રવે છે એવું આત્મદ્રવ્ય છે. દ્રવ્યના અનંતગુણો પોતપોતાની નિર્મળપર્યાયને દ્રવવાની તાકાતવાળા છે. એટલે તે પર્યાયરૂપ કર્મપણે આત્મા પોતે જ પરિણમે છે. આવી કર્મત્વશક્તિ (કર્મરૂપે થવાની શક્તિ) આત્મામાં છે. 'જ્ઞાન'ના અનુભવમાં તે ભેગી આવી જાય છે.

કર્મરૂપે એટલે કે કાંઈ જડકર્મરૂપે આત્મા થતો નથી, પણ પોતાના નિર્મળભાવરૂપ કર્મની વાત છે, તે કર્મરૂપે આત્મા સ્વયં પરિણમે છે. શુદ્ધ છ કારકો પોતાના પોતામાં છે. શાસ્ત્રના શબ્દોથી પાર, વિકલ્પોથી પાર, પૂર્વની પર્યાયથી પાર, પોતાની વર્તમાન સ્વાનુભૂતિમાં જ છએ કારકો સમાઈ જાય છે. આ ભગવાન તીર્થંકરદેવની વાત છે; તીર્થંકરભગવાને સાધેલું ને કહેલું વસ્તુસ્વરૂપ આવું છે.–આવું વસ્તુસ્વરૂપ જાણતાં આનંદની ઉત્પત્તિ થાય છે. આ તત્ત્વ ઘણું ગંભીર છે; અંદર બહુમાન કરીને સમજે ત્યારે તેની ગંભીરતા સમજાય તેવી છે. જ્ઞાનીઓનાં પેટ (એટલે કે અનુભવ) બહુ ઊંડાં છે, ઉપરટપકે તે હાથ આવી જાય તેવા નથી.

હે જીવ! અનંત શક્તિસમ્પન્ન તારો આત્મા જ તારું શરણ છે. પૂર્વની પર્યાય પણ જ્યાં શરણરૂપ નથી ત્યાં વિકારનું કે જડનું શરણ કેવું? અરિહંત-દેવ વગેરેનું શરણ વ્યવહારથી છે, પરમાર્થે અરિહંતદેવે બતાવેલો, રાગ વગરનો અરિહંત જેવો આત્માનો સર્વજ્ઞસ્વભાવ તે જ પોતાનું શરણ છે. રાગાદિ ભાવો તારું શરણ નથી ને તારું કારણ પણ નથી.

પ્રશ્નઃ—શુભરાગ તે શુદ્ધતાનું કારણ તો છે, કેમકે વચ્ચે શુભ આવ્યા વગર અશુભમાંથી સીધી શુદ્ધતા કોઈને થતી નથી.

ઉત્તરઃ—અશુભમાંથી સીધો શુદ્ધોપયોગ નથી થતો, વચ્ચે શુભ આવે છે–એ વાત સાચી, પણ તેથી કરીને કાંઈ શુદ્ધતાનું કારણ તે શુભરાગ સાબિત

થતો નથી; જો શુભરાગ શુદ્ધતાનું કારણ હોય તો તો બધાય જીવોને શુભરાગ પછી શુદ્ધતા થવી જોઈએ.–પણ શું તેમ થાય છે?–ના. અને જેને શુદ્ધતા થાય છે તેને તે નિજશક્તિના સાધન વડે જ થાય છે, રાગસાધન વડે નહીં. માટે નિયમ છે કે શુભરાગ તે વીતરાગીશુદ્ધતાનું સાધન નથી. અરે ભાઈ! એટલો તો વિચાર કર કે કાર્યથી વિરુદ્ધ એનું સાધન કેમ હોય? વીતરાગતા કાર્ય, અને તેનું સાધન રાગ–એમ તો કઈ રીતે બને? અરે, શુભરાગવડે તો શુદ્ધતા ન થાય. પણ પહેલા સમયની શુદ્ધતાવડે પણ બીજા સમયની શુદ્ધતા થઈ નથી. બારમા ગુણસ્થાનને કારણે તેરમું ગુણસ્થાન (કેવળજ્ઞાન) થયું નથી, પણ કેવળજ્ઞાનની ઉત્પત્તિના કાળે આત્મા પોતે સ્વયંભૂ તેના છ કારકરૂપ થઈને કેવળજ્ઞાનરૂપે ઊપજ્યો છે; પોતે જ તે સમયે તેવા કર્મરૂપે પરિણમ્યો છે.

ભાઈ, લક્ષ બાંધ તારા સ્વભાવમાં, તો તેના [illegible] પર્યાય પ્રગટી જશે. બાકી બધું તો વિકલ્પનું ને આકુળતાનું કારણ છે. [illegible] જોડ, તો પછી તારે કેવળજ્ઞાન માટે કે [illegible] માટે બીજા કોઈ કારણ શોધવા જવું નહીં પડે. 'હું શુદ્ધોપયોગ [illegible]' [illegible] ન થાય; જ્ઞાયકસ્વભાવની સન્મુખ [illegible] શુદ્ધોપયોગ વર્તે છે. ચૈતન્યવસ્તુમાંથી [illegible] થયા કરે છે,–પણ ક્યારે? કે તેના [illegible] તો વિકારી પર્યાય થાય છે. ([illegible] તો શુદ્ધપર્યાય જ આપે છે પણ [illegible] એમ નથી; પરંતુ પરાશ્રયે [illegible] એવું અશુદ્ધ પણ છે–અશુદ્ધતા તે તો [illegible] તો દ્રવ્ય–ગુણમાંથી આવી. [illegible] ને પોતાની યોગ્યતા એટલે જ [illegible]

[illegible]

–તેના ક્ષેત્રની અનંતતાનો પાર નથી, તેમ–જાણનારી [illegible]
છે, તેના ભાવસામર્થ્યની શી વાત! આકાશનું [illegible]
આકાર છતાં તેટલામાં અનંત આકાશને જાણી લેવાની [illegible]
જ્ઞાનમાં છે. અહો, જ્ઞાનનો મહિમા અપાર છે. [illegible]
સર્વજ્ઞતાના મહિમાથી કહે છે કે [illegible], જ્ઞાનનો
મહિમા!! (જુઓ પ્રવચનસાર ગા. ૫૧)

આત્માના જ્ઞાનનિધાન કોઈ અચિંત્ય છે.–[illegible] જેને [illegible] નથી, જેમાં આનંદ વગેરે અનંત સ્વભાવો ભરેલા છે. (ગુરુદેવ ઘણા ગંભીર મહિમાથી કહે છે કે–) અહા, સ્વભાવ સ્વભાવ! ભગવાન, અદ્ભુત તારો સ્વભાવ છે. જેમાં નજર કરતાં એવા નિધાન પ્રગટે કે ન્યાલ થઈ જવાય–આવો વૈભવ તારા સ્વભાવમાં છે. પણ તારી આળસે તેં તેને દેખ્યો નહિ...ને અનંતકાળ દુઃખમાં ગુમાવ્યો. પણ ભાઈ! હવે આ તાર. ચૈતન્યનિધાનને દેખવાનો અવસર છે; આ અવસરને તું ચુકીશ મા......આળસ કરીશ મા.

આ શક્તિઓના શબ્દો ટૂંકા છે પણ તેનું વાચ્ય મહાન છે. જેમ 'આત્મા' શબ્દ તો અઢી અક્ષરનો છે, પણ તેનું વાચ્ય તો અનંતશક્તિથી ભરેલું મહાન તત્ત્વ છે; અંતર્મુખ જ્ઞાનની તાકાતથી તે વાચ્ય જણાય છે. વાણીના જડ શબ્દોમાં કાંઈ જ્ઞાન નથી, જ્ઞાન તો આત્મામાં છે; જ્ઞાનપર્યાય કાંઈ જડમાં ન જાય, કે જડમાંથી ન આવે. તીર્થંકરપ્રભુના કેવળજ્ઞાનની પર્યાય કાંઈ દિવ્યધ્વનિના રજકણોમાં આવી જતી નથી; ને ગણધરાદિની જ્ઞાનપર્યાય કાંઈ તે દિવ્યધ્વનિના રજકણમાંથી આવતી નથી; જ્ઞાન અને વાણી બંનેનું તદ્દન ભિન્ન સ્વતંત્ર પરિણમન છે. જ્ઞાનપર્યાયરૂપ જે કાર્ય છે તે આત્માનું પ્રાપ્ય છે, આત્મા તે પર્યાયને કર્મપણે પ્રાપ્ત કરીને પોતે તે-રૂપે પરિણમ્યો છે. 'જ્ઞાન' તે કોનું કાર્ય? –કે આત્માનું કાર્ય; તે કોઈ બીજાનું (નિમિત્તનું કે રાગનું) કાર્ય નથી.

જુઓ, આ આત્માનું કર્મ બતાવાય છે. કર્મ શબ્દના અનેક અર્થ છે, પણ અહીં આત્માના જ્ઞાનભાવની સાથે વર્તતી કર્મશક્તિની વાત છે. શરીરાદિ નોકર્મ, કે જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ –એ તો બંને કર્મ જડ છે, એનામાં જ્ઞાનલક્ષણ રહેતું નથી એટલે તે તો આત્માથી ભિન્ન છે. અને રાગાદિ અશુદ્ધભાવરૂપ જે કર્મ છે તેમાં પણ જ્ઞાનલક્ષણ રહેતું નથી, જ્ઞાનથી તે ભિન્ન છે

એટલે તે પણ આત્માથી ભિન્ન છે. હવે સમ્યગ્દર્શન-જ્ઞાન-આનંદ વગેરે શુદ્ધભાવરૂપ જે આત્માનું કાર્ય છે તેને પણ કર્મ કહેવાય છે. અને જ્ઞાનસ્વભાવી આત્માનું તે ખરૂં કર્મ છે, તેનામાં જ્ઞાનલક્ષણ રહેલું છે. આવા શુદ્ધભાવરૂપ કર્મદ્વારા આત્માને ઓળખે તો તેની સાચી ઓળખાણ થાય. આત્મામાં અનંતગુણની તાકાત છે, તેમાં પોતાના શુદ્ધકર્મરૂપે પોતે સ્વયં થાય એવી પણ એક તાકાત છે. સમ્યગ્દર્શનથી માંડીને સિદ્ધપદ સુધી જેટલી શુદ્ધપર્યાય થઈ તે બધી આત્માની કર્મશક્તિવડે થઈ છે...તે-તે નિર્મળપર્યાયરૂપી કર્મરૂપે આત્મા પોતે પરિણમ્યો છે.—એવા પરિણમન વખતે સાચા દેવ-ગુરુ વગેરે યોગ્ય નિમિત્તોનો મેળ સહજપણે હોય છે.

આ પોતાના સ્વભાવની વાત છે. તે સમજવામાં સેવા જેવી છે. લોકો કહે છે કે સમજીને સહી કરવી...પોતાના સ્વભાવની વાત સમજીને 'સહી' કરી દેવી...સહી એટલે સાચું, સત્ય; સ્વભાવને [illegible] કે જ્ઞાનમાં નિર્ણય કરીને જ્ઞાનને સત્ય બનાવવું. [illegible] સમ્યગ્જ્ઞાન વગર સ્વભાવનો સ્વીકાર થાય નહિ. [illegible] માટે હે ભાઈ! તું ધીરો થઈને સમજ...આ [illegible] વાત છે. તારા ઘરની વાત છે. શરૂઆતમાં નવીન લાગશે પણ [illegible] આનંદ થશે. જેવો આત્મા સર્વજ્ઞોએ [illegible] દેખાડ્યો છે ભગવાને આત્મા જેવો છે, [illegible] ને સ્વાનુભવમાં પણ જ્ઞાનીઓએ [illegible] વિપરીત માને તોપણ જે સત્ય વસ્તુસ્વરૂપ છે તે [illegible] જેમ કોઈ અજ્ઞાની [illegible] મટીને જડ થઈ ન જાય. રાગવડે [illegible] તેથી રાગ કાંઈ ધર્મ થઈ ન જાય. [illegible] છે. અજ્ઞાની તેને અન્યથા માને તેથી કાંઈ [illegible].

અહો, [illegible]

વિકલ્પ હો—પણ તે જ્ઞાનદશામાંથી જુદા છે. વિકલ્પમાં એવી તાકાત નથી કે આત્માની નિર્મળપર્યાયોને કરી દે. આત્મા પોતે જ કર્તા થઈને કરે છે કે તે સમ્યગ્દર્શનાદિ પર્યાયરૂપ થાય છે. જ્ઞાન-ધ્યાન: તીર્થ યાત્રા એ બધા કાર્યોને કરવાની તાકાત વિકલ્પમાં નથી, આત્મા જ પોતાની કર્મશક્તિ વડે તે-તે નિર્મળભાવોને પ્રાપ્ત કરે છે.-ક્યાંથી? કે પોતામાંથી જ.-એ વાત અપાદાનશક્તિમાં બતાવશે.

આત્માની કર્મશક્તિનું વર્ણન પૂરું (૪૧)



અરે! આવું મહિમાવંતુ આત્મતત્ત્વ, તેને સાધવાની જીવોને નવરાશ કેમ નથી મળતી? બીજી પ્રયોજન વગરની ઉપાધિમા લાગ્યો રહે છે, પણ ભાઈ! તારા આત્માની અદ્ભુતતા તો દેખ! અહો, ચેતન્યનો કોઈ અદ્ભુત આનંદકારી સ્વભાવ છે; જગતની જેમાં ઉપાધિ નથી ને પોતાના નિજાનંદમાં કેલી કરતું જે પરિણમી રહ્યું છે એવા તારા ચૈતન્યતત્ત્વને અંતરમાં જો.



[૪૨]

કર્તૃ શક્તિ

[भवत्तारूपसिद्धरूपभावभावकत्वमयी कर्तृशक्तिः ।]

卐

આત્મા જ્ઞાનસ્વરૂપ છે; તેમાં થવાપણારૂપ એવો જે સિદ્ધરૂપ ભાવ તેના ભાવકપણામયી કર્તૃશક્તિ છે. આત્મા કર્તા થઈને શું કરે? કે પોતાના વર્તતા નિર્મળભાવને કરે. જ્ઞાનલક્ષણદ્વારા આત્માને લક્ષમાં લેતાં તે-તે કાળે જે નિર્મળ પર્યાય થાય છે તે સિદ્ધરૂપ ભાવ છે. તેનો ભાવક આત્મા છે. ભાવક એટલે તે ભાવનો કરનાર કર્તા. પોતાનો જે નિર્મળભાવ થયો તે કાર્ય છે. તેનો કર્તા થઈને આત્મા તે ભાવને ભાવે છે. પોતાની કર્તૃત્વશક્તિથી આત્મા પોતે સ્વાધીનપણે પોતાના ભાવને કરે છે.

અનંતશક્તિમાન આત્મા છે, તેની પ્રાપ્તિ માટે એટલે કે તેના અનુભવ માટે તેનું સાચું સ્વરૂપ સમજવું જોઈએ; તેમાં ઉત્સાહ હોવો જોઈએ. તે ચૈતન્યસ્વભાવ તરફના ઉત્સાહના જોરથી પરિણામ તેમાં એકાગ્ર થતાં વિકલ્પ તૂટી જાય છે ને નિર્વિકલ્પ અનુભવ થાય છે. જેમ હીરો લેવો હોય તે તેની કિંમત સમજે છે ને હીરાની પરીક્ષા કરે છે. હીરાને બદલે લીંબોડી કે કાચનો કટકો લઈ લેતો નથી; તેમ જેને ચૈતન્યચિંતામણિ પ્રાપ્ત કરવો હોય તેણે જ્ઞાનીના ઉપદેશઅનુસાર તેની કિંમત સમજવી જોઈએ, તેની અનંત શક્તિની તાકાતનો મહિમા જાણવો જોઈએ ને અંતરના વેદનથી પરીક્ષા કરીને તેનું સ્વરૂપ સમજવું જોઈએ. જડને કે રાગને ચૈતન્યસ્વરૂપ માની લ્યે તો સાચું આત્મસ્વરૂપ સમજાય નહીં. કોઈ લીંબોડીને નીલમણિ માની લ્યે તો? તેમ રાગને જ કોઈ આત્મા માની લ્યે તો?–તો તે ઊંધી માન્યતાનું સાચું ફળ આવે નહિ. ઝેરને કોઈ સાકર માનીને ખાય તો પણ તે કડવું જ લાગે. તેમ વિકારને કોઈ આત્મસ્વરૂપ માનીને વેદે તો તેથી કાંઈ આત્માની શાંતિ વેદનમાં ન આવે. માટે યથાર્થ આત્મસ્વરૂપ જેમ છે તેમ બરાબર જાણવું જોઈએ. સાચા જ્ઞાનનું જ સાચું ફળ આવે છે. સર્વજ્ઞભગવાને જેવો આત્મા કહ્યો તેવો આત્મા જાણ્યા વગર સમ્યગ્દર્શન થાય નહિ. ને સમ્યક્ ચારિત્ર પણ હોય નહિ.–કેમકે પોતાનું સ્વરૂપ જાણ્યા વગર ઠરશે શેમાં? ને સ્વરૂપમાં ઠર્યા વગર મુક્તિ થાય નહિ.

પૂર્ણ સુખ મોક્ષ વગર નહિ,
મોક્ષ ચારિત્ર વગર નહિ.
ચારિત્ર સમ્યક્ત્વ વગર નહિ.
સમ્યક્ત્વ શુદ્ધાત્માની ઓળખાણ વગર નહિ.

માટે મોક્ષાર્થીએ અત્યંત ઉદ્યમપૂર્વક શુદ્ધઆત્માનું વાસ્તવિક સ્વરૂપ પહેલાં જાણવું જોઈએ.

ભગવાન આત્માની આ ભાગવત-કથા છે. ચૈતન્યસ્વરૂપ આત્માના નિધાન બતાવનારી, ભગવાને કહેલી આ ભાગવતકથા છે. આ સમયસાર જૈન-ધર્મનું મહા ભાગવત છે; તે જ ખરું ભાગવત છે, કેમકે ભગવાને તે કહેલું છે, ને ભગવાનનું સ્વરૂપ તે બતાવે છે. સાધારણ લોકો તો આત્માનું સ્વરૂપ સમજ્યા વગર કહે છે કે 'જીવો અને જીવવા દો.' –પણ અરે ભાઈ! શું એનામાં એનું જીવન નથી, –કે તું જીવાડીશ તો જ એ જીવશે? બીજો એને જીવવા દે, –એમ માન્યું એનો અર્થ એ કે આત્મામાં અનાદિઅનંત સ્વાધીન-પણે જીવવાની જે જીવનશક્તિ છે તેને ને ઓળખતો નથી. અહીં આચાર્યદેવ કહે છે કે હે ભાઈ! દરેક આત્મામાં એવી જીવનશક્તિ છે કે બીજા વગર તે પોતે પોતાના જ્ઞાન-આનંદાદિ શુદ્ધ ભાવપ્રાણથી જીવે છે. આત્માની જીવન-શક્તિનું એ કાર્ય છે કે જ્ઞાન-દર્શન-આનંદમય જીવન પ્રગટ કરીને જીવે. આવું જ્ઞાનજીવન જીવો–એમ ભગવાનનો ઉપદેશ છે. [illegible] જીવે છે. બાકી આયુકર્મવડે શરીરના [illegible] ને શરીરનો વિયોગ થતા કોઈ આત્મા નથી [illegible] વિકારીઅંશને જ આત્માનું [illegible] છે ને પોતાના જ્ઞાનજીવનને ભૂલી [illegible] ટાળીને નિર્મળ ચૈતન્ય ઉપયોગ. [illegible] તાકાત છે; આત્મા પોતાની તાકાતથી [illegible] ભાવે છે. આવા સ્વરૂપે આત્માને [illegible] આનંદમય જીવન છે.

અનંત ગુણસાગર ચૈતન્યરત્નાકર [illegible] કે જેનાથી તે પોતાની સાતત્યરૂપની [illegible] કરે છે. [illegible] પરિણમે છે. [illegible] [illegible] પરિણમે છે. [illegible]

ભાવક આત્મા છે. બીજું કોઈ નથી. જે ભાવક છે તે જ કર્તા છે. આવો નિર્ણય કરે તેને પરાશ્રયભાવ ટળીને સ્વાશ્રયતારૂપ વીતરાગતા પ્રગટે છે.

અહો, વીતરાગમાર્ગમાં વીતરાગદેવે વીતરાગસ્વરૂપ ચૈતન્યતત્ત્વ બતાવ્યું છે, તેના અવલંબને વીતરાગપર્યાય પ્રગટે છે. તે સિવાય બીજો માર્ગ નથી. તેની રુચિ અને સમજણ પણ જે ન કરે તેને વીતરાગમાર્ગ ક્યાંથી હાથ આવે? અનંતકાળથી પોતાની ખોજ પોતે પોતામાં ન કરતાં પરમાં ખોજ કરીકરીને કાળ ગુમાવ્યો. જાણે બીજો મારું કાર્ય કરી દેશે–એમ પરની સામે જોયા કર્યું. ભાઈ! તારું સ્વકાર્ય કરવાની શક્તિ તારામાં જ છે. બીજા કોઈના કારણ વગર તું પોતે સમ્યગ્દર્શનથી માંડીને સિદ્ધપદ સુધીની તારી દશાનો કર્તા થઈને પરિણમ–એવી સ્વાધીન પ્રભુતા તારા આત્મામાં છે. તારી પ્રભુતા વડે તું જ તારા કાર્યનો કર્તા છો. આવી પ્રભુતા જાણે તે પોતાની પર્યાયમાં બીજાનું કર્તૃત્વ માને નહિ, ને પોતે બીજાનો કર્તા થવાનું માને નહિ; નિર્મળ-પર્યાયના કર્તૃત્વપણે જ તેનું પરિણમન થાય.

અહો, ચૈતન્યનો પંથ સ્વતંત્ર નીરાળો છે. નિમિત્તો હો, વ્યવહારના વિકલ્પો હો, પણ તેઓ કાંઈ જ્ઞાનપર્યાયના કર્તા નથી. જ્ઞાન–દર્શન–ચારિત્ર–આનંદ વગેરે નિર્મળભાવોનું કર્તૃત્વ ધર્મીના આત્મામાં છે; વસ્તુસ્વરૂપથી આત્મા પોતે તેનો કર્તા છે. અહો, વીતરાગીમોક્ષમાર્ગમાં રાગરહિત ચારિત્ર-પર્યાય કોઈ અલૌકિક છે; ક્યાં એ ચારિત્રપર્યાય, ને ક્યાં વિકલ્પ! દેહની નગ્નદશા કે વિકલ્પો તે કાંઈ વીતરાગચારિત્રદશાના કર્તા નથી. છતાં તેવી ચારિત્રદશા વખતે બહારમાં જો નિમિત્તો હોય તો તેવા જ હોય, પણ તે નિમિત્તોનું કર્તૃત્વ ધર્મીના આત્મામાં નથી, ધર્મીના આત્મામાં તો નિર્મળ ભાવનું જ કર્તૃત્વ છે. જ્ઞાનના પરિણમનમાં જેટલા ભાવ સમાય તેમનું જ કર્તૃત્વ ધર્મીને છે, જ્ઞાનથી બહારના કોઈ ભાવોનું કર્તૃત્વ ધર્મીને નથી. હે ભાઈ! જો તું પરભાવોના કર્તૃત્વમાં અટકીશ તો તેનાથી રહિત એવા નિર્મળ-ભાવને ક્યારે કરીશ? અરે, તું ચૈતન્ય, તારા ચૈતન્યકાર્યને ચૂકીને પરનો ને વિકારનો કર્તા થવા ક્યાં જાય છે? અંતર્મુખ થઈને તારા નિર્મળ જ્ઞાનભાવનો કર્તા થા ને! નિર્મળભાવના સ્વાધીન કર્તૃત્વપણે તારો આત્મા શોભે છે. તારા નિર્મળભાવનું કર્તૃત્વ બીજા કોઈમાં નથી.

'ભગવાન્!' (કોઈ બીજા ભગવાન નહિ પણ આ દેહમાં રહેલા આત્માને જ 'ભગવાન' કહીને સંબોધવામાં આવે છે. કેમકે આત્મા પોતે મહિમાવંત વસ્તુ છે. ને તે જ સર્વજ્ઞવીતરાગ થઈને ભગવાન થાય છે પણ પોતે પોતાનું ભગવાનપણું ભૂલ્યો છે. તેથી તેને આચાર્યદેવ કહે છે કે ભગવાન્!) એકવાર સત્યનો સ્વીકાર કર. તારા આત્માનો સત્યસ્વભાવ જેવો છે તેવો તું જાણ. **આત્મસ્વભાવની પરમ મહત્તા છે; સન્તો–મહંતો તેની જ મહત્તા કરે છે.** પરમ સત્ય એવા આત્મસ્વભાવને પરમ મહત્તા આચાર્યદેવે આપી છે. એટલે કે તેનું જેવું સ્વરૂપ છે તેવું મહાન પ્રસિદ્ધ કર્યું છે. માટે દિવ્યશક્તિવાળા તારા આત્માને તું લક્ષમાં લે. તેના લક્ષે જ્ઞાન-આનંદાદિ નિર્મળ [illegible] પ્રગટે છે, તેનો કર્તા આત્મા પોતે છે. બીજા કોઈને [illegible] કર્તા [illegible] તે માત્ર ઉપચાર છે, ને સત્ય નથી.

આ આત્મા પર જીવોનાં જીવનનો કર્તા [illegible] તે શુભરાગ છે; તે શુભરાગ, નથી તો [illegible] પર્યાયને રચતો. શુદ્ધપર્યાયનો રચનાર [illegible] પોતે જ પોતાની શુદ્ધપર્યાયનો રચનાર [illegible] છે. [illegible] શક્તિ છે. વિભાવોની રચના ન [illegible] ભાવને રચે એવી કર્તૃશક્તિ, [illegible] ઓળખાવ્યું. જ્ઞાનના નિર્મળ [illegible]

આત્માને શાંતિ કોઈ [illegible] કર્તા થઈને પોતાની શાંતિ [illegible] નહિ આપે. તેની શાંતિ [illegible] પોતાના સ્વભાવને [illegible] પર્યાય રચાતી જાય છે. [illegible] છે તેમ તેનું કર્તૃત્વ [illegible] નહિ ને બીજો તેને કરે નહિ. [illegible]

[illegible]

શક્તિઓનું પ્રકાશન [illegible]
વાળે તેને અનેકાન્તનો [illegible]

મુનિદશામાં વર્તતા [illegible] તે કાળે મુનિનો આત્મા [illegible] ને રાગનો કર્તા નથી. [illegible] ચારિત્ર વિકલ્પોને કરતું નથી. [illegible] સંબંધ જરાય નથી; બંનેનું [illegible] બંનેની [illegible] જુદી છે, બંનેની જાત જુદી છે. એ જ રીતે [illegible] પર્યાયોમાં અને તેની સાથેના [illegible] પણ સમજવું. [illegible] સાથે હોવા છતાં તેમને કર્તાકર્મપણાનો જરાય સંબંધ નથી, બંનેની ધારા જુદી છે: એક અંતર્મુખ ધારા છે, બીજી બહિર્મુખ ધારા છે, ત્યાં ધર્મીને સમ્યગ્દર્શનાદિ નિર્મળભાવોમાં કર્તૃત્વ છે, વિકલ્પોમાં તેનું કર્તૃત્વ નથી. –આમ અનંત ગુણોના પરિણામોમાં સમજી લેવું.

પોતાના ભાવને કરવાપણારૂપ સામર્થ્ય આત્મામાં છે. જે નિર્મળભાવ થાય છે તે આત્માના કર્તૃત્વપૂર્વક થાય છે, આત્માના કર્તૃત્વ વગર કોઈ ભાવ થતો નથી. અને પોતાના ભાવને સ્વાધીનપણે કરવાનું આત્મામાં સામર્થ્ય હોવાથી તેમાં કોઈ બીજાનો ટેકો નથી. –આવો સ્વાધીનભાવ પ્રગટે તે અહિંસા છે, તે મોક્ષમાર્ગ છે, તે ધર્મ છે.

શુદ્ધીની પ્રાપ્તિ બાહ્યસાધનવડે કે રાગવડે થતી નથી, આત્મા પોતે કર્તાશક્તિવડે તેને રચે છે. શુભરાગના કર્તૃત્વમાં જે અટકે તેને શુદ્ધીની પ્રાપ્તિ ન થાય. શુદ્ધભાવના કર્તા થવાની શક્તિ શુભરાગમાં નથી. અરે ભાઈ, જે શુભરાગનું કર્તૃત્વ તારા જ્ઞાનમાં નથી તે શુભરાગવડે શું તું તારા જ્ઞાનની શુદ્ધી કરવા માંગે છે? —કદી નહિ થાય. સમ્યગ્દર્શન, મુનિદશા, કેવળજ્ઞાન એ બધી દશાઓ શુદ્ધઆત્માને ધ્યેય બનાવીને જ થાય છે, કાંઈ શુભરાગને ધ્યેય બનાવીને એ કોઈ દશા થતી નથી. ધર્મીને સાધકભૂમિકામાં વિકલ્પ હો ભલે, રાગ હો ભલે, વ્યવહાર હો ભલે–પણ તે કોઈ એનું ધ્યેય નથી; એનું ધ્યેય તો પોતાનો શુદ્ધાત્મદેવ જ છે; અનંતશક્તિથી પરિપૂર્ણ નિજાત્માને ધ્યેય બનાવીને, તેના ધ્યેયે પરિણમતો તે એક પછી એક નિર્મળ પર્યાયમાં આગળ વધતો જાય છે, પોતે સ્વયં પરિણમીને તે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર

પર્યાયનો કર્તા થાય છે. કર્તૃશક્તિ સાથે અભેદ એવો આત્મા કર્તા છે, ને પોતાથી અભિન્ન એવી નિર્મળપર્યાય તેનું કાર્ય છે. અનંત ગુણના રત્નાકર એવા આ ચૈતન્યપ્રભુ, તેના ધ્યાનવડે પરમાત્માનો સાક્ષાત્કાર થાય છે.–આત્મા પોતે પરમાત્મસ્વરૂપે દેખાય છે.–હવે તારે પ્રભુને બહારમાં ક્યાં શોધવા છે? –શોધ તારા આત્મામાં!

પૂર્વપર્યાયને સાધક ને ઉત્તર પર્યાયને સાધ્ય કહેવાય છે તે વ્યવહારથી છે. ખરેખર આત્મા સીધો તે-તે વર્તમાનકાળે પોતાના સ્વભાવને સાધન બનાવીને, પોતે જ પોતાની પર્યાયના અભેદકર્તાપણે પરિણમે છે. [illegible]યનો કર્તા પરને માને તે જીવ પોતાના દ્રવ્ય-ગુણને જાણતો નથી. પરસન્મુખતાથી ખસીને સ્વસન્મુખ થતો નથી એટલે નિર્મળપર્યાય તેને થતી નથી; ને નિર્મળપર્યાયના સાચા સાધ્ય-સાધનને પણ તે જાણતો નથી.

સાધકને જે નિર્મળકાર્ય [illegible] છે તેનો [illegible] ને સિદ્ધરૂપ ભાવનો કર્તા કોણ? કે [illegible] અનન્યય રહે એટલે કે જુદો રહે તેને [illegible] છે. પર્યાય-કર્તાનું [illegible] એવું જ [illegible] છે, ને પર્યાય તેનો કર્તા છે. કર્તા [illegible] –આ વાત વીતરાગપરમેશ્વર [illegible] જોયેલી સાધેલી ને કહેલી આ વાત છે.

કર્તૃત્વશક્તિ આત્માના [illegible] કર્તાપણે પરિણમીને પોતાની [illegible] આત્માને ચૈતન્યરૂપ [illegible] વગેરેનું કાર્ય નથી, પણ [illegible] નિર્મળ જ્ઞાન [illegible] છે. [illegible] પોતાની [illegible] [illegible] છે.

દુઃખમાં ને પ્રતિકૂળતાના ઘેરામાં ઘેરાઈ ગયો હોય ત્યારે કોઈ બીજો તેને આશ્વાસન આપે તો શાંતિ મળે ને? તો કહે છે કે ભાઈ, જ્ઞાની આશ્વાસન કે શાંતિ મેળવવા માંગે એવી સાચી શાંતિ નથી. જ્ઞાની તો પોતાના ભાવથી સમાધાન કરે છે. હું પ્રતિકૂળ સંયોગ કે મુંઝવણ જેટલો નથી. હું તો મારી અનંત સ્વાધીન શક્તિને આગે રાખીને પરિણમનારો છું –સ્વાધીનપણે જીવનારો છું —એમ સ્વાશ્રય કરે ત્યાં મુંઝવણ રહેતી નથી ને અપૂર્વ શાંતિ પોતામાંથી જ પ્રગટે છે. –પોતે જ તેનો કર્તા છે.

જેને ઈન્દ્રો પણ બાળકની જેમ સેવે છે એવા ત્રિલોકપિતા સર્વજ્ઞ-ભગવાન કહે છે કે હે ભાઈ, અમારા જેવી જ શક્તિ તારામાં છે. તારી આત્મશક્તિઓ શરીરના રોગથી ઘેરાઈ જતી નથી, તેમજ શરીરમાં નીરોગતા હોય તો તેને ઠીક પડે એમ પણ નથી. દેહથી પાર અનંત ચૈતન્યશક્તિ તારામાં છે; બીજા પાસેથી શક્તિ મેળવવાનું તું માન તો તેં તારી નિજશક્તિને પ્રતીતમાં લીધી નથી. પૈસા–મકાન હોય, છોકરા સારા હોય, શરીર સારૂં હોય–તો ધર્મમાં ઠીક પડે, નહિતર ઠીક ન પડે –એમ જેણે માન્યું તેણે પોતાની શક્તિને પરાધીન માની છે, પોતાના જીવનને પરાધીન માન્યું છે. પણ ભાઈ! તારા ધર્મનો કર્તા થવાની સ્વાધીનશક્તિ તારામાં જ છે. અનંતી સ્વાધીન-શક્તિથી તું ભરેલો છો, તારું જીવન સ્વતંત્ર છે, તારે કોઈની ઓશીયાળ નથી, સમ્યગ્દર્શન–કેવળજ્ઞાન–આનંદ વગેરે મહા રત્નોને પ્રગટ કરવાની આત્મામાં શક્તિ છે, તે માટે કોઈ બીજાની મદદ લેવા જવું પડે તેમ નથી. પોતાના શુભરાગનીયે કાંઈ મદદ નથી ત્યાં બહારના સંયોગની શી વાત! શુભરાગને કારણે અંદર કંઈ શુદ્ધતા પ્રગટ કરવાનો અવકાશ મળ્યો એમ જે માને તેને વસ્તુની સ્થિતિને જાણી નથી. એક સમયમાં પૂર્ણ પરમેશ્વરી તાકાતનો પિંડ આત્મા તે પોતે જ પોતાની શુદ્ધપર્યાયોને પ્રગટ કરવા સમર્થ છે; તેમાં વિકલ્પમાત્રનો સહારો જરાય નથી, –પછી તે અશુભ હો કે શુભ. બહારની પ્રભાવનાનો શુભભાવ ધર્મીનેય હોય છે, પણ બહારની પ્રભાવનાનો તે શુભભાવ કાંઈ અંદરની શુદ્ધિનું સાધન નથી–એમ ધર્મી જાણે છે. પ્ર-ભાવના એટલે આત્મસ્વભાવની ઉત્કૃષ્ટ ભાવના. તે-રૂપે પરિણમન થવું તે ખરી પ્રભાવના છે. તે ભૂમિકામાં સાધકને વિકલ્પ અને વાણીનો યોગ હો ને બીજા જીવો ધર્મ પામે તો પામો, પણ તેથી આ આત્મામાં તેને કારણે કાંઈ નિર્મળતા થઈ–એમ નથી, તેમજ આના વિકલ્પને કારણે સામો જીવ ધર્મ પામ્યો એમ

પણ નથી. પોતે રાગથી વિભક્ત થઈને અને નિજસ્વરૂપમાં એકત્વ થઈને અંતરમાં પરિણમ્યો ત્યાં પોતામાં જેટલી જ્ઞાનઆનંદમય વીતરાગી શુદ્ધિ થઈ તેટલી ધર્મ-પ્રભાવના થઈ.—આવી અંતરપ્રભાવનાના લક્ષ વગર એકલી બાહ્ય-પ્રભાવના કરવા જાય, તે તો શુભરાગમાં અટકી જાય છે.

શરીર સારૂં હોય તો ધર્મ થાય-એમ નહિ. પરંતુ સારો (ઉત્તમ) એવો આત્મા લક્ષમાં આવે તો ધર્મ થાય. એટલે કે નિર્મળ [illegible] પ્રગટે. તે પર્યાયનો કર્તા આત્મા જ થાય છે. પોતાના અનંત ગુણની નિર્મળ પર્યાયોને કર્તા થઈને આત્મા પોતે કરે છે. જેણે આવા આત્માને જાણ્યો તેણે બધું જાણ્યું; બધા શાસ્ત્રોનો સાર તેણે જાણ્યો. [illegible] જેના અંતરમાં ચૈતન્યસ્વભાવ આવ્યો, જેણે લક્ષને ચૈતન્ય [illegible] એકાગ્ર કર્યું તેના અંતરમાં બધાય આગમનું રહસ્ય [illegible] અનુભૂતિ તે સર્વ આગમનું રહસ્ય છે. કુંદકુંદ [illegible] સીમંધર પરમાત્મા પાસે ગયા, તેમની દિવ્યવાણી [illegible] રચના કરી, તેમાં આ રહસ્ય [illegible] રહસ્યનું દોહન કર્યું છે.

નિર્મળભાવરૂપ કર્મ થવાની [illegible] છે, સાધન વગેરે થવાની તાકાત [illegible] છએ કારકોની સ્વાધીનતા [illegible] રહસ્ય જાણી લીધું; કર્તા [illegible] કર્તૃત્વશક્તિનું એ ખરૂં ફળ છે.

કર્તૃશક્તિ [illegible]



'દર્શાવું એક વિભક્ત એ આત્મા તણા નિજવિભવથી'
–એમ કહીને સમયસારમાં જેમણે શુદ્ધઆત્મા દેખાડયો, અદ્‌ભુત આત્મવૈભવ દેખાડયો, એવા મંગલરૂપ મહાત્મા કુંદકુંદાચાર્યદેવનો ભરતક્ષેત્રના જીવો ઉપર મહાન ઉપકાર છે.. તેમને ભક્તિપૂર્વક નમસ્કાર હો




[૪૩]

ઉરણ શક્તિ

[[illegible]]





આત્માને જે જ્ઞાનમય નિર્મળ પર્યાય [illegible]
–તો કહે છે કે કરણશક્તિવાળો આત્મા જ [illegible]
વડે આત્મા પોતે ઉત્કૃષ્ટ સાધક થઈને, પોતે જ [illegible]
વર્તમાન નિર્મળ ભાવને સાધે છે. એને માટે બહારમાં બીજું [illegible]
નથી. સાધનારનું ખરૂ સાધન પોતાનો આત્મા જ છે, જુદું [illegible] નથી.

સમયસાર ગા. ૨૯૪માં અભેદસાધનની વાત સરસ સમજાવી છે. અહીં સાધન થવાની શક્તિ બતાવી છે; ને ત્યાં પ્રજ્ઞાછીણીરૂપી સાધન બતાવ્યું છે, એટલે કે સાધનશક્તિનું કાર્ય બતાવ્યું છે. ચૈતન્યસ્વભાવને અવલંબનારો ઉપયોગ તે પ્રજ્ઞા છે; ચૈતન્યને ચેતનારી અનુભવનારી તે જાગતી પ્રજ્ઞા વડે, આત્મા અને બંધ એ બંનેના ચોક્કસ લક્ષણો જાણીને તેમને જુદા કર્યા,–ભેદજ્ઞાન કર્યું. તે અંતર્મુખ ઉપયોગરૂપ પ્રજ્ઞાને જ સાધન બનાવીને તેના વડે શુદ્ધાત્માનું ગ્રહણ થાય છે. આ રીતે આત્માથી અભિન્ન એવી પ્રજ્ઞા જ શુદ્ધાત્માના અનુભવનું સાધન છે; બીજું કોઈ ભિન્ન સાધન નથી.

ગુણ-ગુણીભેદરૂપ જે અંદરનો ઊંચો વ્યવહાર તેના દ્વારા પણ પરમાર્થ સધાતો નથી, તો બીજા બાહ્ય રાગની શી વાત? ગાથા ૩૫૬ થી ૩૬૫ ની ટીકામાં પ્રશ્ન મુકયો છે કે અંશ–અંશીભેદરૂપ વ્યવહારથી શું સાધ્ય છે? તેના ઉત્તરમાં આચાર્યદેવ કહે છે કે તેનાથી કાંઈ જ સાધ્ય નથી. ભેદદ્વારા અભેદ સાધ્ય છે એમ ન કહ્યું, વ્યવહાર વડે નિશ્ચય સાધ્ય છે એમ આચાર્યદેવે ન કહ્યું; પણ તેનાથી કાંઈ જ સાધ્ય નથી એમ કહીને તે વ્યવહારને સાધનમાંથી કાઢી નાંખ્યો, તો બીજા બાહ્ય સાધનની શી વાત? રાગને સાધન બનાવીને આત્માને અનુભવી શકાતો નથી. સીધેસીધો સ્વભાવમાં ઉપયોગ મુકીને આત્મા અનુભવાય છે; એટલે આત્મા પોતે જ પોતાના સ્વાનુભવનું સાધન થાય છે.

શુદ્ધાત્માની પ્રાપ્તિ અન્ય સાધનોથી નિરપેક્ષ છે, કેવળજ્ઞાનરૂપે પરિણમવાના પોતાના સ્વભાવવડે આત્મા પોતે જ પોતાનું સાધન થાય છે, માટે બાહ્ય સામગ્રી શોધવાની વ્યગ્રતા ન કરો, એટલે કે અંતરના સ્વભાવને જ અવલંબો.–એવો ઉપદેશ પ્રવચનસારની ૧૬ મી ગાથામાં આપ્યો છે.

ભાઈ! આત્માની પ્રાપ્તિ તો આત્માને આધીન હોય કે કોઈકને આધીન હોય? એ તો અન્ય સાધનોથી નિરપેક્ષ. સ્વયં [illegible] છે કે મારી પર્યાયનું સાધન હું જ છું, તેમાં બીજા કોઈ સાધનની મારે જરૂર નથી. એમ નક્કી કરીને ધર્માત્મા બાહ્ય સાધનોનો આશ્રય લેતા નથી પણ પોતાના આત્માનો જ આશ્રય કરીને પરિણમે છે; એટલે સ્વાશ્રયે આત્મા પોતે જ સાધન થઈને નિર્મળભાવરૂપ પરિણમે છે.

મારું સાધન હું જ છું, પર મારું સાધન નથી-એમ નક્કી કરતાં પરથી એકત્વબુદ્ધિ છૂટી એટલે પર્યાય અંતર્મુખ થઈ [illegible] આત્મામાં. એટલે તો પ્રવચનસારમાં આચાર્યદેવ કહે છે કે 'જે પુરુષ એ રીતે કર્તા, કરણ, કર્મ અને કર્મફળ આત્મા જ છે-એમ નિશ્ચય કરીને [illegible] પરદ્રવ્યરૂપે [illegible] નથી તે જ પુરુષ, પરદ્રવ્ય સાથે સંપર્ક જેને [illegible] અંદર પર્યાયો જેને પ્રલીન થયા છે એવા [illegible]'

જુઓ, શુદ્ધોપયોગ તે [illegible] જ્ઞાન છે; આત્મા જ તેનું સાધન છે. [illegible] આ બધું સમાઈ જાય છે. [illegible] હોવાથી અભેદપણે આત્મા જ [illegible] તને તારી સાધનતામાંથી [illegible] વાર્યો છે તે તને ઓળખા[illegible] તારામાં સાધન હોવા છતાં [illegible] છે? અનતકાળ બાહ્ય[illegible] બાહ્યશરણનો આરો ન આવ્યો [illegible] છે તેને શોધ.

[illegible]

તેનું સાધન અને વચ્ચે ભેદ નથી: [illegible] નથી. રાગ સાધન ને નિર્મળપર્યાય સાધ્ય એવું [illegible] નથી. [illegible] પર્યાય સાધન ને પૂરી પર્યાય તેનું સાધ્ય એમ પણ ખરેખર નથી. [illegible] પર્યાયમાં અભેદ પરિણમતો આત્મા પોતે જ તેનું સાધન છે, પોતે જ સાધ્ય છે. કરણશક્તિવડે આત્મા પોતે સ્વતંત્રપણે પોતાનું સાધન થાય છે.

જુઓ, આ બાહુબલી ભગવાન! એક વર્ષ સુધી ઊભા ઊભા ધ્યાન કર્યું. તેમને ઉપયોગની જે નિર્મળતા થઈ તેનું સાધન કોણ? શું શરીરનું મજબૂત સંહનન હતું તે અંદરના ધ્યાનનું સાધન હતું?—ના; શરીર ઉપર તો લક્ષ્ય ન હતું. શરીરને ધ્યાનનું સાધન કહેવું તે તો સ્થૂળ ઉપચાર છે. અંદર પોતાની કરણશક્તિને લીધે આત્મા પોતે જ સાધન થઈને ઉપયોગની સ્થિરપર્યાયરૂપે પરિણમ્યો છે. શરીરેય તેનું સાધન નથી ને વિકલ્પોય તેનું સાધન નથી.

શરીરની જે જે ક્રિયાઓ થાય તેનું સાધન થવાની શક્તિ તેના રજકણોમાં જ છે, આત્મા તેનું સાધન થતો નથી. જડના છ કારકો જડમાં, ને આત્માના છ કારકો આત્મામાં; આ તો આત્માના વૈભવની વાત છે; તેમાં આત્માની હીનતાની વાત હોય નહીં. જેમ 'ભરતેશ-વૈભવ' બતાવવો હોય તેમાં ભરતની હીનતાની વાત કેમ આવે? તેમ અનંત-ગુણસંપન્ન ચૈતન્યવૈભવધારી આત્મા, તેને પોતાના કાર્ય માટે શરીરાદિ જડ સાધનની જરૂર પડે એમ કહેવું તે તો તેની હીનતા કરવા જેવું છે. ચૈતન્ય-વૈભવમાં સાધનની એવી ખેંચ નથી કે બીજા સાધનની મદદ લેવી પડે. એ તો સ્વાધીનપણે પોતાના જ સાધન વડે પોતાનું કાર્ય કરનારો છે. પોતે જ સાધનસ્વભાવથી પરિપૂર્ણ છે.


આત્મવૈભવમાં ૪૩ મી કરણશક્તિનું વિવેચન પૂર્ણ થયું.



[૪૪]

સંપ્રદાન શક્તિ





[સં ૨૦૨૧ પોષ વદ [illegible]]

★

જ્ઞાનમાત્ર આત્મા. એટલે કે જ્ઞાનલક્ષણથી લક્ષિત વસ્તુ, તેમાં અનંત સ્વભાવો છે. આવા જ્ઞાનમાત્ર ભાવને અનુભવમાં લેતાં જે નિર્મળપર્યાયરૂપ ભાવ પ્રગટ્યો તે આત્માએ પોતે દીધો છે ને આત્મા પોતે પાત્ર થઈને તે લ્યે છે. તે ભાવ કોઈ બીજાએ આપ્યો નથી, ને આત્માથી બહાર બીજે ક્યાંય ગયો નથી. દેનાર પોતે ને લેનાર પણ પોતે, આવી અભેદ સંપ્રદાનશક્તિ આત્મામાં ત્રિકાળ છે.

પર્યાયમાં શુદ્ધતા નથી તો ક્યાંથી [illegible] ? તો ધર્મી કહે છે કે મારો આત્મા પોતે જ શુદ્ધતા દેનારો છે, ને હું જ તે શુદ્ધતા લેવાને પાત્ર છું. આત્મા કોઈને માટે શુદ્ધતા પ્રગટ કરતો નથી પણ પોતાને માટે જ શુદ્ધતા પ્રગટ કરે છે, ને તે શુદ્ધતા પ્રગટ કરીને પોતાની પાસે જ રાખે છે.

અહા, કેવળજ્ઞાન ને સિદ્ધપદ આપ્યા કરે એવો મોટો દાતાર આ આત્મા પોતે જ છે; તે શાશ્વત ચૈતન્યદેવને સેવતાં સહેજે કેવળજ્ઞાનાદિ થાય છે. આવો મોટો દાતાર ચૈતન્યદેવ પોતે જ હોય ત્યાં પછી જ્ઞાનીને બીજાની વાંછા કેમ હોય? તેથી કહે છે કે—

> अचिन्त्यशक्तिः स्वयमेव देवः चिन्मात्रचिन्तामणिरेष यस्मात्।
> सर्वार्थसिद्धात्मतया विधत्ते ज्ञानी किमन्यस्य परिग्रहेण ॥ १४४ ॥

ધર્મી એમ અનુભવે છે કે-અહો! મારો આત્મા જ સ્વયમેવ અચિંત્ય-શક્તિવાળો દેવ છે; મારો આત્મા જ ચૈતન્યચિંતામણિ છે-કે જેને ધ્યાવતાં કેવળજ્ઞાનાદિ આપે છે; જેના સર્વે અર્થ સિદ્ધ છે એવો પોતે જ હોવાથી જ્ઞાનીને બીજા અન્ય પરિગ્રહનું શું પ્રયોજન છે? પોતાને જ પૂર્ણસ્વરૂપે જાણનાર જ્ઞાની અન્ય પરિગ્રહમાં ક્યાંય મુર્છાતા નથી. મારામાં પોતામાં જ કેવળજ્ઞાન દેવાની તાકાત છે, તોપછી મારે બીજા કોની સામે જોવું છે? મારો આત્મા જ મારા અનંત ગુણોની નિર્મળપરિણતિના છએ કારકરૂપ એકસાથે થાય છે, એવી અચિન્ત્યશક્તિ મારામાં છે.

એક સાથે જેમાં જ્ઞાનાદિ અનંત શક્તિઓ વ્યાપેલી છે એવા આત્મ-સ્વભાવનો અનંત મહિમા છે. એક પણ શક્તિને કાઢી નાંખો કે પરને લીધે

માનો તો સ્વાધીન આખી વસ્તુ જ સિદ્ધ નહિ થાય. સંપ્રદાનશક્તિ એ ચૈતન્ય-રત્નાકરનું એક દૈવી રત્ન છે. તે શું કાર્ય કરે? કે પોતાથી જ નિર્મળભાવ દેવામાં આવે છે તેને પોતે લે છે, શક્તિના પરિણમનને પર્યાયમાં ઝીલે છે. એટલે દેવું ને લેવું બંને પોતામાં જ સમાય છે. તેને પર સાથે સંબંધ નથી. –આવું સંપ્રદાનશક્તિનું કાર્ય છે. ધન વગેરેનો દાતા આત્મા નથી ને તેને લેનાર પણ આત્મા નથી, કેમકે તે તો આત્માથી જુદી વસ્તુ છે. આત્મા દાતા થઈ ને નિર્મળભાવ આપે; કોને આપે? કે પોતાને જ આપે.

અહા, આવડો મોટો દાતા તું પોતે. [illegible] પડે? આશ્ચર્ય! આત્મામાં વૈભવ અપાર છે. [illegible] આનંદના નિધાન પોતાને આપે એવી [illegible] આપવાની શક્તિ પોતામાં છે તેમ તે [illegible]

આત્મદેવની ઉપાસના ([illegible] કે નિર્મળ જ્ઞાનઆનંદમય પર્યાય આપે. [illegible] ને આપે. આત્મદેવ [illegible] એના ભંડારમાં ખામી નથી. એના [illegible] ભર્યા છે એટલે તે પ્રસન્ન [illegible] છે, અને એને જ આત્મા [illegible]

પોતાના જ્ઞાન[illegible] [illegible]

સંપ્રદાનશક્તિવડે આત્મા દાન દે છે. કોને દાન દે છે? [illegible] દાન દે છે? આનંદનું. આત્મા પોતામાંથી વિકાર નથી દેતો. [illegible] પુણ્ય નથી દેતો. પરવસ્તુ દેવા-લેવાની ક્રિયા પણ એનામાં નથી. [illegible] નિર્મળ આનંદ-જ્ઞાનાદિ પર્યાયનું દાન દે છે. પોતે જ દેનાર ને પોતે જ લ્યે છે; દેનાર ને લેનાર કાંઈ જુદા નથી. આવા અદ્ભુત સ્વભાવવાળો આત્મા છે. આવા ભગવાન આત્માનું સ્વસંવેદન કરતાં ને જ્ઞાનનો-દર્શનનો આનંદનો એમ અનંત ગુણનો વૈભવ આપે છે; એમ અનંત ગુણની નિર્મળ પર્યાય અનંતકાળ સુધી આપ્યા કરે ને પોતે લીધા કરે—એવો અદ્ભુત આત્મા છે. વાહ, કેટલી સ્વાધીનતા!

જ્ઞાનાદિ અનંતધર્મસંપન્ન 'ધર્મી' એવો આત્મા, તે શું આપે? તે ધર્મીને સેવતાં તે ધર્મ આપે છે. 'ધર્મીને સેવતાં' એટલે કે તેમાં અંતર્મુખ થઈને તેના શ્રદ્ધા-જ્ઞાન-એકાગ્રતા કરતાં તે સમ્યગ્દર્શનાદિ આનંદમય ધર્મો આપે છે, પોતે જ તે-રૂપે પરિણમે છે, એનામાં જે વૈભવ ભર્યો છે તે આપે છે. આત્મામાં રાગાદિ વિકલ્પો નથી ભર્યા કે તે વિકલ્પો આપે.—વિકલ્પોવડે તેનું સેવન પણ થઈ શકતું નથી. ધર્મ તે વીતરાગીપર્યાય છે. ધર્મી-આત્મા વીતરાગીવૈભવથી ભર્યો છે, તે જ વીતરાગીવૈભવરૂપ ધર્મપર્યાય આપે છે; બીજો કોઈ ધર્મનો દાતાર નથી. ભાઈ, તારો ધર્મ બીજા પાસે નથી કે તે તને આપે. ધર્મપર્યાય આપવાની તાકાત તારા આત્મામાં જ છે. કોઈ બીજામાં, સંયોગમાં, નિમિત્તમાં, રાગના વિકલ્પોમાં કે પુણ્યમાં એવી તાકાત નથી કે તેઓ તને તારી ધર્મપર્યાય આપે. નિજસ્વરૂપને ધ્યેય કરતાં આત્મા પોતે જ અંદરની શક્તિમાંથી પોતાને ધર્મપર્યાયનું દાન દે છે, તેથી પરમાર્થે આત્મા જ 'ધર્મદાતાર' છે; ને ધર્મરૂપે પરિણમેલા વીતરાગી દેવ-ગુરુએ આવો આત્મા બતાવ્યો તેથી વ્યવહારે તેઓ ધર્મદાતાર છે.—આમ બંને પ્રકારો જેમ છે તેમ જાણવા યોગ્ય છે.

સંપ્રદાનશક્તિવાળો આત્મા કહે છે કે હું મારા ભંડારમાંથી કેવળજ્ઞાન ને પૂર્ણઆનંદ પ્રગટ કરીને મારી પર્યાયને समर्पयामि! આત્મા પોતે જ પોતાને અતીન્દ્રિય આનંદનું સમર્પણ કરે છે. પોતે દાતાર ને પોતે લેનાર. અભેદમાં દેનાર ને લેનાર એવા બે ભેદ નથી. સંપ્રદાનશક્તિ અખંડ આત્માની છે એટલે પોતામાંથી પૂર્ણ પર્યાય ખીલી તેને પોતે ઝીલીને પોતામાં રાખે છે.

બીજાને દાન દેવાનો શુભભાવ તે તો રાગ થયો. તેમાંથી કાંઈ અતીન્દ્રિય શાન્તિ ન આવે. તેનાથી માત્ર પુણ્ય બંધાય-પણ તે કોઈ આત્માના વૈભવ નથી. તારા સ્વભાવના વૈભવનો મહિમા કેટલો છે-તે લક્ષમાં તો લે. અરે. પ્રેમથી તેનું શ્રવણ તો કર. ભગવાનના જ્ઞાનમાં તારા સ્વરૂપ જેવું જોયું છે તેવું તને સંતો સંભળાવે છે. પહેલામાં પહેલા દરજ્જાનો ધર્મી, ચોથા ગુણ સ્થાનવાળો સમ્યગ્દષ્ટિ) પોતાના આત્માને [illegible] અનુભવે છે. [illegible] અનુભવમાં 'અભયપણું' છે-તેમાં કોઈ પ્રકારે [illegible] અનુભવ કર્યો તેણે પોતે પોતાને અભયદાન [illegible] પોતાને આપ્યો, ત્યાં ભય ટળ્યો ને [illegible] સાચું અભયપણું પ્રગટે નહિ ને ભવ ટળે નહીં

ચૈતન્યચમત્કારમાં આ અદ્‌ભુતતા છે [illegible] કરીને સમ્યગ્દર્શનાદિ પોતાને આપે છે. [illegible] સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શનના તો [illegible] ભય આત્મા પ્રતીતમાં આવી જાય છે. [illegible] થયું, ત્યાં ભાન થયું કે આત્મા [illegible] આનંદથી ભરેલો આત્મા [illegible] સાક્ષાત્કાર થયો. પોતાને [illegible] આત્માની [illegible] પોતે જ લીધી. [illegible]

ધર્મી જાણે છે કે [illegible] [illegible] આત્મ પ્રતીત. [illegible]

[illegible]

જોઈએ તેટલું પૂરું આપે એવી આત્માની તાકાત છે. પોતે [illegible] દાતા છ કારકરૂપ થઈને સ્વભાવરૂપ પરિણમે તેનું નામ ધર્મ, તે જ [illegible] ને તે જ મોક્ષમાર્ગ.

ભાઈ, તારે ધર્મ કરવો છે ને! તો ધર્મ કરનાર કોણ? ને તે કેટલો મોટો? તેને ઓળખ્યા વગર ક્યાંથી તું ધર્મ કરીશ! ધર્મ કરનાર એવો આત્મા પોતાની અનંત શક્તિઓથી પૂર્ણ છે. તેનો વૈભવ મહાન છે. એની અનંતગુણસમ્પત્તિમાં જે નિર્મળભાવ ઉલ્લસે છે તેને ઉપભોગ કરવાની, અંગીકાર કરવાની તાકાત આત્મામાં જ છે. આ તો કેવી અદ્ભુત વાત છે કે એક સમયમાં એક જ વસ્તુ દાતાર ને તે જ લેનાર' અદ્ભુત હોવા છતાં આનંદકારી છે. અનુભવગમ્ય છે. જ્ઞાનમાં એવી અદ્ભુત તાકાત છે કે વિકલ્પ વગર એક સમયમાં ત્રણકાળ ત્રણલોકને જાણે.

જ્ઞાનસ્વરૂપ આત્મા અનંત ધર્મો સહિત વર્તે છે, ભિન્નભિન્ન લક્ષણવાળા અનંતધર્મોને કાર્યની ભિન્નતા છે છતાં વિરુદ્ધતા નથી, એક જ વસ્તુમાં અવિરુદ્ધપણે એકસાથે બધા ધર્મો રહેલા છે. ચૈતન્યખજાનામાં ગુણની-ધર્મની ખોટ નથી. અનંતગુણસમ્પન્ન ભગવાન આત્મા પોતે હોવા છતાં, પોતાનું ભગવાનપણું ભૂલીને પર્યાયમાં અજ્ઞાનીને જે દોષ છે તે દુઃખ અને સંસાર છે. અજ્ઞાનથી આખા નિજવૈભવને તે ભૂલી જાય છે ને બહારમાં ભીખ માંગતો ભટકે છે. પરાશ્રયથી જે લાભ માને છે તે બહારમાં ભલે મોટો ગણાતો હોય પણ અંતરપરિણતિમાં તો તે ભીખારી છે. જ્ઞાની નિજવૈભવને જાણતો થકો મોટો સ્વાધીન રાજા છે, તે બહારમાંથી કાંઈ પણ લેવા માંગતો નથી, એટલે તે બહાર ભટકતો નથી, અંદર પોતામાં જ એકાગ્ર થાય છે.

અહીં પોતાના સ્વાનુભવના નિજવૈભવથી આચાર્યદેવ જગતના જીવોને તેમનો આત્મવૈભવ બતાવે છે. ભાઈ! તારા ચૈતન્યદ્રવ્યના નિધાનને લક્ષમાં લેતાં તેમાંથી અનંત નિધાન પ્રાપ્ત થશે; પોતે જ તેનો લેનાર ને પોતે જ દેનાર. દેવા-લેવામાં સમયભેદ નથી, ક્ષેત્રભેદ નથી, દ્રવ્ય ભિન્ન નથી. આવો સંપ્રદાનસ્વભાવ આત્મામાં ત્રિકાળ છે. એનું ભાન કરતાં પરવસ્તુને દેવા-લેવાની બુદ્ધિ છૂટી જાય છે, ને પોતે પોતામાં એકાગ્ર થઈને પોતાની નિર્મળપર્યાયને સદાકાળ લીધા કરે છે. રાગમાંય દેવા-લેવાની કર્તૃત્વબુદ્ધિ તેને રહેતી નથી, રાગમાંથી એકત્વબુદ્ધિ છૂટીને જ્ઞાન જ્ઞાનમાં જ એકત્વપણે પરિણમે છે; એટલે

સ્વસન્મુખ પરિણમતો ને પોતામાં જ્ઞાનભાવ જ લે છે ને પોતે પોતાને જ્ઞાનભાવ જ આપે છે.—આવો આત્માનો સંપ્રદાનસ્વભાવ છે.

પરવસ્તુને હું આપું કે લઉં—એ વાત તો છે જ નહિ.

રાગાદિ હું આપું કે લઉં—એ વાત અજ્ઞાનમાં [illegible] છે.

જ્ઞાનભાવ રાગને દેતો કે લેતો નથી; રાગનું સંપ્રદાન [illegible] જ્ઞાનનો સ્વભાવ નથી. રાગના કર્તૃત્વમાં જે રોકાયો છે તે [illegible] આત્માને જાણતો નથી. બાહ્યસામગ્રી. [illegible] જ્ઞાનભાવમય આત્મા છે. અરે, જીવને પોતાને [illegible] કે હું કોણ છું? ને મારું સ્વરૂપ શું છે?—

'હું કોણ છું? ક્યાંથી થયો [illegible]
કોના સંબંધે વળગણા [illegible]
એના વિચાર વિવેકપૂર્વક [illegible]
તો સર્વ આત્મિકજ્ઞાનનાં [illegible]

જુઓ, ૧૬ વર્ષની નાની [illegible]
બાળકોને કહેલા છે. [illegible]

[illegible]

સંપ્રદાનશક્તિથી આત્મા પોતે પોતાને કેવળજ્ઞાન આપે છે, [illegible] તેમાં વચ્ચે બીજું કોઈ તેને રોકનાર નથી. આત્મામાં [illegible] તાકાત જાગે-તૈયારી થાય ત્યાં કોઈ ક્ષેત્ર કે કાળ તેને અટકાવે નહિ. [illegible] રીતે સિદ્ધપદને સાધવાની આત્મામાં તાકાત છે. પાત્ર-લેનાર [illegible] ત્યાં દેનેવાલા દાતા પણ તે વખતે જ તૈયાર છે. તેમાં રાહ જોઈને બેસી રહેવું પડે તેમ નથી. કે બીજા સામે જોવું પડે તેમ નથી.

અરે જીવ! તારો આત્મા જે નિર્મળઆનંદપણે વર્તે છે તે આનંદને બીજો કોઈ આપે નહિ ને બીજો કોઈ લૂંટી શકે નહિ. શા માટે તું તારી શક્તિને ભૂલીને બીજા પાસે ભીખ માંગે છે? તારો સ્વાધીન સ્વભાવ છે તેને દેખ. આત્માનો ગુણ પર પાસે માંગવો એ તો પામરતા ને ભીખારીપણું છે. પોતાના ગુણોની પર્યાય પોતામાંથી જ લેવાની આત્માની તાકાત છે. તીર્થંકરોએ પોતાની આવી તાકાત પ્રગટ કરીને કેવળજ્ઞાનને સાધ્યું...ને જગતને તેનો ઉપદેશ આપ્યો.

શ્રાવકના ધર્મોના વર્ણનમાં મુનિને આહારદાન દેવાનું વગેરે વર્ણન આવે, તેમાં દાન, દાતા, દેયવસ્તુ અને લેનાર પાત્ર-એની વિશેષતાનું વર્ણન આવે છે અને તેની વિશેષતાઅનુસાર ફળની પણ વિશેષતા હોય છે-એમ બતાવ્યું છે, એ તો તે પ્રકારના વિવેકનું તથા ધર્મીના બહુમાનનું જ્ઞાન કરાવ્યું છે; કાંઈ બહારની દેવા-લેવાની ક્રિયા આત્મા કરે છે એમ ત્યાં સ્થાપવું નથી. તેમાં અને આ વાતમાં કાંઈ વિરોધ નથી. કેમકે અહીં તો શુદ્ધાત્માનું સ્વરૂપ બતાવવું છે એટલે તેમાં રાગની કે બહારની ક્રિયાની વાત ન આવે. ને ત્યાં તો શ્રાવકની ભૂમિકાના શુભપરિણામ કેવા હોય છે તે બતાવવું છે એટલે નિમિત્તરૂપ બહારની ક્રિયા કેવી હોય તે પણ બતાવ્યું છે. તે વખતે તે ધર્માત્મા શ્રાવકને પણ આવા શુદ્ધાત્માની દૃષ્ટિ તો ભેગી જ છે, એટલે બહારમાં મુનિરાજને આહારદાન વગેરે દેતી વખતે અંદરમાં તો પોતે પોતાના આત્માને નિર્મળ પર્યાયમાં અતીન્દ્રિય આનંદનું દાન આપી રહ્યા છે, ને પોતે જ પાત્ર થઈને તે લ્યે છે.–આત્માની આવી સંપ્રદાનશક્તિને જે સમજે તેને આત્મામાંથી અપૂર્વ શાંતિ આવ્યા વિના રહે નહિ. તે શાંતિનો દેનાર અને લેનાર આત્મા પોતે જ છે.

સંપ્રદાનશક્તિનું વર્ણન પૂરું થયું. (૪૪)

★

[૪૫]

અપાદાન શક્તિ

[उत्पादव्ययालिङ्गितभावापायनि[illegible]]

ॐ

જ્ઞાનસ્વરૂપ આત્મા ઉત્પાદ-વ્યય-ધ્રુવતાસ્વરૂપ છે; તેમાં ઉત્પાદ-વ્યયરૂપ ક્ષણિકભાવ બીજા સમયે નાશ પામવા છતાં ધ્રુવસ્વભાવને લીધે આત્મા નષ્ટ થઈ જતો નથી; અપાદાનશક્તિને લીધે અવિનાશીપણે ધ્રુવ ટકવાનો તેનો સ્વભાવ છે. આત્મામાં જે નિર્મળ ભાવોના ઉત્પાદ-વ્યય થાય છે તેનો ધ્રુવ આધાર આત્મા છે. અપાદાનશક્તિ તે ધ્રુવભાવને ટકાવનારી છે. ઉત્પાદ-વ્યયરૂપ ક્ષણિક ભાવોનો નાશ થવા છતાં આત્મા નાશ પામી જતો નથી —એવું ધ્રુવતામય અપાદાનપણું આત્મામાં છે. જોકે બીજા સમયે બીજી પર્યાયરૂપ પરિણમે છે ને ત્રીજા સમયે ત્રીજી પર્યાયરૂપે આત્મા પરિણમે છે, કાંઈ પર્યાય વગરનો આત્મા થઈ જતો નથી; પણ એ પર્યાયો તો એક પલટીને બીજી થયા કરે છે, જ્યારે ધ્રુવસ્વભાવથી જોતાં આત્મા એવો ને એવો બિરાજમાન છે, તેનો નાશ થતો નથી. આવો આત્મા પોતાની ચૈતન્યસીમામાં રહેલો છે; ચૈતન્યસીમાથી તે બહાર જતો નથી; તેમજ એની ચૈતન્યસીમામાં પરવસ્તુને કે પરભાવોને પ્રવેશવા દેતો નથી.

પોતાની પર્યાયોના ઉત્પાદ-વ્યયમાં સળંગ ધ્રુવપણે આત્મા ટકી રહે છે એવી તેની અપાદાનશક્તિ છે. જે સળંગ ટકી રહે તેને અપાદાન કહેવાય. દિવ્યધ્વનિ વ્યય થઈને બીજી પર્યાય થઈ—તેમાં તેના પરમાણુ ધ્રુવ-અપાદાનપણે ટકયા છે, એટલે તે દિવ્યધ્વનિનું અપાદાન કાંઈ કેવળજ્ઞાનીનો આત્મા નથી, પણ તે વાણીના પરમાણુ જ તેનું અપાદાન છે. —આ રીતે ધ્રુવ રહેવારૂપ અપાદાનશક્તિ જડમાં પણ છે. આત્મામાં પણ પોતાની શક્તિની ધ્રુવતા રહીને નિર્મળપર્યાયના ઉત્પાદ-વ્યય થયા કરે છે. શક્તિ તે કારણ ને નિર્મળ-પર્યાય તેનું કાર્ય, આ રીતે કારણ-કાર્ય એક જાતના છે, અભિન્ન છે. શુભભાવ થાય તેની મર્યાદા કેટલી? —કે પુણ્ય જેટલી. ચૈતન્યસ્વરૂપમાં તેનો પ્રવેશ નથી; તેમજ તે કાંઈ ધ્રુવ ટકતા નથી. એટલે નિર્મળપર્યાયનું અપાદાન તે નથી. આત્મામાં જે સમ્યગ્દર્શનાદિ પર્યાયોનો ઉત્પાદ થયો તેનો બીજા સમયે વ્યય થઈ જાય છે, છતાં આત્માનું સ્વરૂપ જરાપણ હાનિ પામતું નથી, ઘટી જતું નથી કે ખાલી થઈ જતું નથી, ધ્રુવપણે ટકીને સ્વાધીન ઉપાદાનથી બીજા સમયે બીજી નિર્મળપર્યાયપણે પોતે થાય છે. આ રીતે ઉત્પાદ-વ્યયરૂપ ભાવોની હાનિ થવા છતાં ધ્રુવભાવે આત્મા ટકી રહે છે, તેનું સ્વરૂપ જરાય હાનિ પામતું નથી. આવા આત્માને અનુભવમાં લેવો તે ધર્મ છે.

ધર્મનો ધ્રુવઆધાર આત્મા છે. તેની પર્યાય બદલવા છતાં કોઈ વખતે આત્મા સર્વથા પર્યાય વિનાનો થઈ જતો નથી. બીજા સમયે ધ્રુવ ટકતો આત્મા નવી પર્યાયરૂપ ઊપજે છે. અનંતશક્તિનો પિંડ આત્મા તે જ ધર્મનો આધાર છે. ધર્મ તો ધ્રુવ આધારમાં થાય કે બહારમાં? ધ્રુવઆધાર તો આત્મા છે. તેના આશ્રયે ધર્મ થાય છે. તે ધર્મ માટે અહીં કિંમત ચૂકવવી પડે [illegible] કિંમત? પર્યાયને અંતરસ્વભાવની સન્મુખ કરીને તેમાં [illegible] પોતાના અનંતગુણસંપન્ન આત્માનો જ મહિમા [illegible] રાગ-પુણ્ય કે સંયોગનો મહિમા ન આવતાં [illegible] ભાવીને સ્વસન્મુખ થતાં સમ્યગ્દર્શન [illegible]


(કરોડો માણસો) જમે તોપણ ભોજન ખૂટે નહિ. [illegible] પુણ્યકૃત ઋદ્ધિ છે. એ કાંઈ અંદરના ગુણની ઋદ્ધિનું કાર્ય નથી. ગુણની ઋદ્ધિ તો પોતાના અનુભવમાં સમાય. તે કાંઈ બહારમાં [illegible] બહારની લબ્ધિનો વિશ્વાસ આવે છે; પણ અંદર અનંત સામર્થ્યવાળી [illegible] ચૈતન્યલબ્ધિમાં અનંતગુણના અખૂટ આનંદ નિધાન છે તે તો જ્ઞાનીને જ સ્વાનુભવવડે પ્રતીતમાં આવે છે. પોતામાંથી સદાકાળ જ્ઞાન-આનંદાદિની શુદ્ધપર્યાય કાઢી કાઢીને ભોગવ્યા જ કરે છતાં કદી ખૂટે નહિ એવી ઋદ્ધિ ચૈતન્યમાં ભરી છે. ધ્રુવને ધ્યેય બનાવીને અભેદપણે પર્યાય તેમાં લીન થઈ ત્યાં સદાકાળ કેવળજ્ઞાન...કેવળજ્ઞાન...કેવળજ્ઞાન......થયા જ કરે, અતીન્દ્રિય આનંદ......આનંદ......આનંદ........થયા જ કરે, એવા નિધાનની ખાણ આત્મા છે.

કોઈ બાવાએ નાના પાત્રમાંથી એક હજાર માણસને જમાડી દીધા—એમ સાંભળે ત્યાં ચમત્કાર લાગી જાય છે ને તે જોવાનું કુતૂહલ કરે છે, પણ હે ભાઈ! એમાં તો કાંઈ સાર નથી. ખરો ચમત્કારી તો આ આત્મ-સ્વભાવ છે કે જે પોતામાંથી સાદિ-અનંતકાળ શુદ્ધતા કાઢી કાઢીને પોતે તેને ભોગવ્યા કરે, છતાં ખૂટે નહિ, હવે નિર્મળપર્યાય નહિ આવે એમ કદી થાય નહિ; આવા તારા સ્વભાવનું આશ્ચર્ય લાવી, મહિમા લાવી તેને જોવાનું તું કુતૂહલ કર. બહારની એવી લબ્ધિ (માણસોને જમાડી દેવા વગેરે) તો થોડોક કાંઈ શુભરાગ કર્યો હોય તેના ફળમાં પણ પ્રાપ્ત થઈ જાય, તે કાંઈ મોટી વાત નથી. પણ આત્માના ભંડારમાંથી સદાકાળ નિર્મળપર્યાયના નિધાન નીકળ્યા જ કરે,—જેને કોઈ વિકલ્પની કે પરની અપેક્ષા નહિ—એવા અપાદાનસ્વભાવી આત્માને અનુભવમાં લેવો તે મોટી ને અપૂર્વ વાત છે, તેના ફળમાં સિદ્ધદશા પ્રાપ્ત થશે. સિદ્ધનેય સમયે સમયે પર્યાય વ્યય થવા છતાં નવી નવી પર્યાયો સ્વભાવમાંથી આવ્યા જ કરે છે; તે પૂર્ણ પર્યાય પ્રગટવા છતાં શક્તિમાંથી જરાય ઘટતું નથી. આવું તો એક શક્તિનું માહાત્મ્ય! ને આવી અનંત-શક્તિમય ભગવાન આત્મા! આવો મહિમાવંત આત્મા જેને શ્રદ્ધામાં આવ્યો, સ્વસંવેદનમાં આવ્યો તે જીવ ધર્મી છે. તેણે ધ્રુવતારાની જેમ પોતાના સ્વભાવમાં મીટ માંડી...તે પોતે ધ્રુવ ટકીને સદાકાળ નિર્મળપર્યાયના ઉત્પાદ-વ્યયરૂપ પરિણમ્યા કરશે. આવો ભગવાનનો માર્ગ છે, ભગવાન થવાની આ

રીત છે. આવા આત્માને જે જાણે તે ભગવાન થાય છે ને સર્વથી તેનો ઉદ્ધાર થાય છે. આવા આત્માને જાણ્યા વિના બીજી કોઈ રીતે સર્વથી ઉદ્ધાર થતો નથી ને ભગવાન થવાતું નથી.

આત્માની અપાદાનશક્તિનું વર્ણન પૂરું થયું. (૯૨)

तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण



આચાર્યદેવ કહે છે કે—

જિનવાણીની ઉપાસનાથી, અબાધયુક્તિના અવલંબનથી, પરંપર ગુરુઓવડે પ્રસાદીરૂપે અપાયેલ શુદ્ધાત્મતત્ત્વના ઉપદેશથી અને આનંદમય સ્વસંવેદનથી પ્રગટેલો મારા આત્માનો જે નિજ-વૈભવ છે તે સમસ્ત આત્મવૈભવવડે હું આ સમયસારમાં એકત્વ-વિભક્ત શુદ્ધઆત્મા દેખાડું છું.


હે શ્રોતાઓ! તમે સ્વાનુભવ-પ્રત્યક્ષવડે પરીક્ષા કરીને તે પ્રમાણ કરજો.

[૪૬]

અધિકરણ શક્તિ

[[illegible]





[૪૭ શક્તિ ઉપરનું પ્રવચન [illegible]

★

જ્ઞાનભાવમય આત્મા છે; તે પોતે જ પોતાના જ્ઞાનાદિ ભાવોનો આધાર છે. તે-તે કાળે પરિણમતા નિર્મળ ભાવો આત્માના જ આધારે પરિણમે છે, કોઈ બીજો તેનો આધાર નથી. આત્મા જ પોતાની અધિકરણ શક્તિથી પોતાના ભાવોનો આધાર થાય છે. આત્માના જ્ઞાનમાં, પ્રભુતામાં, આનંદમાં-એમ સર્વે ગુણોમાં પોતપોતાનું કાર્ય છે, તેમ આત્માની અધિકરણશક્તિનું કાર્ય એવું છે કે જે-જે પર્યાયો થાય તેના આધારરૂપ પોતે વર્તે છે. સીતાજી વગેરે ધર્માત્મા પોતાના આવા આત્માને જાણતા હતા કે, વન-જંગલમાં પણ અમે નિરાધાર નથી, અમારો આત્મા જ અમારા સમ્યક્ત્વાદિ ભાવોનો આધાર છે. તેના જ આધારે અમારા સમ્યક્ત્વાદિ ભાવો ટક્યા છે. રાજમાં હતા ત્યારેય અમારો આધાર બીજું કોઈ ન હતું ને અત્યારે જંગલમાં પણ બીજું કોઈ અમારો આધાર નથી. અમારો આધાર અમારામાં જ છે. જેમ કાર્યનો કર્તા કે સાધન જુદા નથી હોતા તેમ તેનો આધાર પણ જુદો હોતો નથી. અસંખ્યપ્રદેશી આત્મા અનંતગુણોના નિર્મળભાવોનો આધાર છે. અનંત આકાશને જેમ બીજો આધાર નથી, પોતામાં જ આધાર-આધેય-પણું છે, તેમ આત્માની અનંતશક્તિને કે તેના નિર્મળભાવોને કોઈ બીજો આધાર નથી. આત્મા પોતે જ આધાર છે. આધાર ને આધેય જુદા નથી.-આવા નિર્ણયથી અંતર્મુખતા થાય છે, ને પોતાના આધારે નિર્મળભાવ પ્રગટે છે.

આત્મા જ્ઞાનસ્વરૂપ છે; તેને અંતર્મુખ જ્ઞાનપર્યાય દ્વારા લક્ષગત કરતાં જે અનંતગુણ તથા તેની નિર્મળપર્યાયો -એવા ગુણપર્યાયોનો સમુદાય લક્ષિત થાય છે તેવડો આત્મા છે. આવો આત્મા દૃષ્ટિમાં આવે ત્યાં તે પોતાના આધારે જ સમ્યગ્દર્શનાદિ નિર્મળભાવરૂપે પરિણમે છે; તેનો આધાર શરીર નથી, શુભરાગ તેનો આધાર નથી. શરીર અને રાગથી પાર આવા આત્માને પ્રતીતમાં લેતાં, વિકલ્પ કે વાણીના આધાર વગર જ સ્વાશ્રયે નિર્મળ પરિણમન પ્રગટે છે. આવા સામર્થ્યવાળી અધિકરણશક્તિ છે. અનંત શક્તિથી ભરેલો ચૈતન્ય-રત્નાકર, તેની દરેક શક્તિમાં દિવ્યતા છે. આવી દિવ્યતાવાળો આત્મદેવ, તેનો અનુભવ ને સાક્ષાત્કાર કેમ થાય તેની આ રીત છે. સર્વજ્ઞના માર્ગ સિવાય બીજે ક્યાંય આ વાત યથાર્થ હોય નહિ.

અનંત ગુણો પોતાની અધિકરણશક્તિથી જ પોતપોતાનાં નિર્મળ-પર્યાયના આધાર થાય છે; અભેદપણે આખો આત્મા જ આધાર છે. સમ્યગ્દર્શનપર્યાયનો આધાર કોણ? શ્રદ્ધાગુણ [illegible] આત્મામાં જ એવી અધિકરણ-શક્તિ છે કે સમ્યગ્દર્શનપર્યાયનો આધાર થાય. [illegible] ને સમ્યગ્દર્શનનો આધાર નથી, [illegible] સમ્યગ્દર્શનનો આધાર નથી, દેવ-ગુરુના આધારે [illegible] ને પર્યાયનો આધાર આત્મા પોતે જ છે. [illegible] વગેરેને સમ્યગ્દર્શનના અધિકરણ [illegible] છે, ખરેખર આત્માનો સમ્યગ્દર્શન [illegible]

એ જ રીતે જ્ઞાનનો [illegible] આધારે જ્ઞાનભાવ નથી. [illegible]

ચારિત્ર [illegible] પર્યાયનું [illegible] થાય" [illegible] પર્યાય બની નથી. [illegible] ભાવનો આધાર છે. [illegible] આત્મામાં જ છે; [illegible]

[illegible]

સન્તોએ અંતરમાં આત્માની શક્તિઓનું કેવું દોહન કર્યું છે! અંદર સ્વાનુભવરસમાં ઘૂંટી ઘૂંટીને તેનું સત્ત્વ કાઢ્યું છે. અહા, આત્મશક્તિનો મહિમા કોઈ અમાપ છે–જેનુ માપ વિકલ્પથી કે વચનથી થઈ શકતું નથી. આત્મા પોતે ધ્રુવપણે રહીને પોતાની નિર્મળ પર્યાયનો અધિકરણ થાય છે. ધર્મનો આધાર આત્મા પોતે છે, બીજો કોઈ નથી. આત્માનો ધર્મ આત્માના જ આધારે થાય છે. જડના ધર્મો જડના આધારે છે, ને આત્માના ધર્મો આત્માના આધારે છે.

એક વસ્તુનો ધર્મ બીજી વસ્તુના આધારે હોતો નથી; તેમજ તેની પોતાની એક પર્યાયના આધારે બીજી પર્યાય થતી નથી. અધિકરણસ્વભાવવાળો આત્મા છે, તે જ પોતાની સર્વ પર્યાયનો આધાર થાય છે. તેથી ધર્મી જીવ પર્યાયેપર્યાયે અખંડ આત્માને ટેકે છે, તેને જ અવલંબે છે. આ રીતે પોતાના સર્વ ભાવના અધિકરણરૂપે પોતાના આત્માને જ જે જાણે તે સંયોગનો આધાર લેવા કેમ જાય? એટલે સંયોગ ઠીક હોય તો ધર્મ થાય એવી મિથ્યાબુદ્ધિ તેને રહેતી નથી. અનુકૂળ સંયોગ હો કે પ્રતિકૂળ, બંને વખતે મારો ધર્મ તો મારા આધારે જ છે, એટલે પોતામાં જોવાનું રહ્યું, સંયોગો ઉપર રાગદ્વેષ કરીને અટકવાનું ન રહ્યું. આમ નક્કી કરનાર સ્વસન્મુખ થઈને આત્માનો આધાર લ્યે છે, ને આત્માના આધારે અભેદ પરિણમતાં અલ્પકાળમાં તેને કેવળજ્ઞાન થાય છે...એટલે ચૈતન્યના ભંડાર તેને ખૂલી જાય છે. વાહ! ચૈતન્યભંડારને ખોલવાની કૂંચી સન્તોએ આ સમયસાર દ્વારા જગતને આપી છે.

વિકાર વગરની વીતરાગીદશા પ્રગટ થવી તે ધર્મ છે; તેનો આધાર આત્મા છે. વીતરાગદશાનો આધાર રાગ કેમ હોય? વર્તમાન વર્તતા ભાવનો આધાર આત્મસ્વભાવ છે.–કેવા ભાવ? વિકારી નહિ પણ નિર્મળભાવ લેવા. કેમકે અંતર્મુખ થઈને જ્યાં આત્માનો આધાર લીધો ત્યાં નિર્મળ જ ભાવ હોય છે, આત્માના આધારે વિકારભાવો ઉત્પન્ન થતા નથી.

આત્માના બધા ધર્મો સ્વ-આધારે છે. જ્ઞાનને ઇન્દ્રિયોનો આધાર નથી, જ્ઞાનને રાગનો આધાર નથી, જ્ઞાનને જ્ઞાનસ્વભાવી આત્માનો જ આધાર છે. જ્ઞાનનો આધાર જે બીજાને માને છે તેણે જ્ઞાનની સાથે જ રહેલા અધિકરણસ્વભાવને જાણ્યો નથી એટલે અનેકાન્તસ્વરૂપ આત્માને જાણ્યો નથી.

પુણ્ય-પાપ વગરની વીતરાગી શાન્તિનું વેદન કરવું તે સાચો સન્તોષ છે; ને સન્તોષ આત્માના આધારે છે. બીજાના આધારે શાંતિ લેવા માગે તેને સાચી શાન્તિ કદી મળે નહીં. [illegible] તારા નિજગુણોમાં જ [illegible] આધાર થવાની તાકાત છે. બીજા આધાર [illegible] તેમ નથી. [illegible] જ્ઞાનસ્વભાવને લક્ષમાં લઈને તેનો આધાર લે. [illegible] બીજા જીવ અને અજીવને અધિકરણ નહીં [illegible] તારો આત્મા પોતે જ તારા સુખ [illegible] આત્માના અવલંબને થાય છે. [illegible]

આત્મા પરમ તત્ત્વ છે. તેને [illegible] કેવી?—કે આત્મા જ તેનું અધિકરણ [illegible] અધિકરણ નથી. [illegible] પદાર્થમાં એવી તાકાત નથી કે [illegible] અસ્તિત્વના [illegible] આધાર બે નથી [illegible] આધાર નથી [illegible] આનંદ [illegible] નથી. [illegible]

[illegible]

[illegible]

[illegible]

જ્ઞાયકભાવસ્વરૂપ આત્મા, તેનામાં જ્ઞાન સાથે રહેલી અનંતશક્તિનું આ વર્ણન છે. અનંતશક્તિઓ તો વાણીમાં કેમ આવે? અહીં કેટલીક શક્તિઓ બતાવી છે. તેમાં જીવત્વથી શરૂ કરીને હવે આ ૪૭ મી શક્તિમાં પોતાના સ્વભાવ સાથે જ સ્વ-સ્વામિત્વસંબંધ બતાવીને આચાર્યદેવ આ પ્રકરણ સંકેલે છે. ૪૭ શક્તિના વર્ણન દ્વારા તો ઘણું ઘણું સ્પષ્ટીકરણ કરીને આત્મસ્વભાવનો અચિંત્ય અપાર મહિમા પ્રસિદ્ધ કર્યો છે. ને આ ૪૨ પ્રવચનો દ્વારા પણ તે શક્તિના ભાવોનું ઘણા પ્રકારે સ્પષ્ટીકરણ થયું છે. કથનના ક્રમની અપેક્ષાએ આ છેલ્લી શક્તિ છે, પણ અંદર અનંતશક્તિમાં કંઈ પહેલી ને છેલ્લી એવો ક્રમ નથી. બધી શક્તિઓ એકસાથે જ જ્ઞાનભાવમાં પરિણમી રહી છે. શક્તિના વર્ણન દ્વારા આવા જ્ઞાનભાવ આત્મસ્વભાવનો અનુભવ કરાવવો –તે તાત્પર્ય છે.

આ ૪૭મી શક્તિમાં કહે છે કે જ્ઞાનસ્વરૂપ આત્માને પોતાના સ્વભાવ સાથે જ સ્વ-સ્વામિપણાનો સંબંધ છે, બીજા કોઈ સાથે તેને સંબંધ નથી. આત્માનું 'સ્વ' શું? કે જ્ઞાનાદિ અનંતા ગુણો ને તેમની નિર્મળપર્યાયોરૂપ જે સ્વભાવ તે આત્માનું 'સ્વ' છે એટલે કે તે જ આત્મા છે, ને તેનો જ આત્મા સ્વામી છે. જોકે આત્મામાં આ સ્વ ને આ સ્વામી એવા સ્વ–સ્વામી અંશોના ભેદ પાડવા તે પણ વ્યવહાર છે, પર સાથે સંબંધ નથી એમ બતાવવા પોતામાં સ્વ–સ્વામી એવા અંશોના ભેદ પાડીને સમજાવ્યું છે; પણ આત્માના સ્વાનુભવમાં કાંઈ આ સ્વ ને આ સ્વામી એવા ભેદનું લક્ષ રહેતું નથી.

કર્તા, કર્મ, સાધન એ બધું આત્મામાં સમાડયું; હવે આત્માને સંબંધ કોની સાથે છે? તો કહે છે કે આત્માને સંબંધ કોઈ બીજાની સાથે નથી, પોતાના સ્વભાવ સાથે જ સંબંધ છે. પોતાના અનંત ધર્મચક્રને આત્મા ધારણ કરે છે, પણ બીજા પદાર્થો સાથે તેને જરાય સંબંધ નથી. સંબંધશક્તિ પર સાથેનો સંબંધ તોડાવીને (પરથી વિભક્તપણું બતાવીને) સ્વભાવ સાથે એકતારૂપ અભેદ સંબંધ કરાવે છે. ભગવાન આત્મામાં એવી શક્તિ છે કે પોતાના નિર્મળ ગુણ–પર્યાયનો સ્વામી થાય, તેમાં એકત્વપણે પરિણમે; પણ શુભાશુભભાવોનો સ્વામી થઈને તેમાં એકત્વપણે પરિણમે એવો તેનો સ્વભાવ નથી. દેહાદિ પરપદાર્થોનો સ્વામી આત્મા નથી. જે ભાવનો જે સ્વામી હોય તે જ જાતનો તે હોય. જડ ભાવનો સ્વામી જડ હોય; ચેતન તો ચેતનભાવનો

કરવાથી થાય. કેવળ [illegible] કરવાથી ન [illegible]
[illegible], વદની ક્રિયા [illegible]
[illegible] ભિન્ન રહેતા નથી. [illegible]
[illegible] ભિન્નભાવ [illegible]
[illegible]
[illegible]
[illegible]
આવવા નીકળ્યા એવા વખત છે

[illegible]

[illegible]

આમ કેમ? પુરોહિત કહે છે કે તમારા ભાઈઓ હજી અણનમ છે, તેમણે તમારી સત્તા સ્વીકારી નથી તેથી તમારો દિગ્વિજય હજી અધૂરો છે, એટલે ચક્ર અયોધ્યાનગરીમાં પ્રવેશ કરતું નથી. પછી તો ભરતચક્રી પોતાના ૯૯ ભાઈઓ ઉપર પત્ર લખે છે: તે વાંચીને ૯૮ ભાઈઓ તો ઋષભદેવપ્રભુના ચરણસમીપ જઈને મુનિ થઈ જાય છે ને તે જ ભવે કેવળજ્ઞાન પામીને મોક્ષ જાય છે. એક બાહુબલિ બાકી રહ્યા, તેમણે ન તો દીક્ષા લીધી કે ન ભરતને નમન કર્યા. અંતે ભરત-બાહુબલી વચ્ચે યુદ્ધ થયું. બંને ધર્માત્મા, બંને ચરમશરીરી, બંનેને અંદરમાં સ્વપ્નેય રાજનું કે રાગનું સ્વામિપણું નથી; લડાઈના કાળેય બંનેનો આત્મા પોતપોતાના જ્ઞાનભાવના સ્વામિત્વપણે જ પરિણમી રહ્યો છે. જરાક રાગદ્વેષના ભાવો થાય છે તેનું જ્ઞાન વર્તે છે પણ તેનું સ્વામિત્વ વર્તતું નથી. અમે તો અમારા ચૈતન્યરૂપ અસંખ્યપ્રદેશી સ્વ-દેશના રાજા છીએ, અનંતા નિર્મળ ગુણ-પર્યાયો તે અમારી પ્રજા છે; અમારા આનંદમાં અમે તન્મય છીએ, સંયોગ લક્ષણવાળા રાગાદિ સમસ્ત ભાવો અમારાથી જુદા છે.—

મારો સુશાશ્વત એક દર્શન-જ્ઞાનલક્ષણ જીવ છે,
બાકી બધા સંયોગલક્ષણ ભાવ મુજથી બાહ્ય છે.

જુઓ, આ ધર્માત્માની અનુભૂતિ! ધર્મી જીવ પોતાની અનુભૂતિમાં આવા નિજસ્વરૂપને સંચેતે છે-જાણે છે-અનુભવે છે. અહો, આવું ઉત્તમ મારું સ્વતત્ત્વ! આવા આનંદથી ઉલ્લસતું મારું સ્વતત્ત્વ! તેના અનુભવ પાસે ધર્મીને જગતના કોઈ પદાર્થનું કે કોઈ પરભાવનું સ્વામિત્વ સ્વપ્નેય રહ્યું નથી. આ પરમ મહિમાવંત ચૈતન્યનું સ્વામિત્વ છોડીને દુઃખદાયી પરભાવનું સ્વામિત્વ કોણ કરે? આમ માત્ર નિજસ્વરૂપના સ્વામિત્વની નિર્મળધારા ધર્મીને રાગ વખતેય વર્તી રહી છે; બંને ધારા જુદી જુદી વર્તે છે, તેમાંથી સ્વભાવધારાનું સ્વામિત્વ છે ને રાગધારાનું સ્વામિત્વ ધર્મીના જ્ઞાનમાં નથી.

અહો, ધર્મીના અંતરપરિણમનની આ અલૌકિક વાત!–તે જગતને માટે અટપટી છે, પણ જો સમજે તો પોતામાં ભેદજ્ઞાન થઈ જાય–એવી અપૂર્વ છે. ધર્મીની દૃષ્ટિ અલૌકિક છે, એના સ્વામિપણાં સ્વ-ભાવમાં જ સમાય છે; સ્વભાવમાંથી બહાર નીકળીને પરભાવનું અંશમાત્ર સ્વામિપણું કરવા જતા નથી. જેટલો પોતાનો નિજ ભાવ તેટલું જ પોતાનું સ્વ, ને તેનો આત્મા

સ્વામી; જે પોતાનું નથી તેની [illegible]

જુઓ, અહીં ધર્મીની [illegible] સમજાવે છે કે હે જીવ! [illegible] નિજસ્વભાવનો જ સ્વામી [illegible] શક્તિ પોતાના ભાવ સાથે [illegible] અહીં પોતાના ભાવ એટલે [illegible] વિકારી ભાવ નહીં; કેમકે [illegible] છે. વિકારીભાવો તો [illegible]

શ્રીમદ્ રાજચંદ્રજીએ [illegible] એનો હે જીવ! તું [illegible]

[illegible]

કર્તા-કર્મપણું, સ્વ-સ્વામીપણું તે એક જ વસ્તુમાં હોય છે, ભિન્ન વસ્તુમાં નથી હોતું. જડનો કર્તા જડ, જડનું કાર્ય જડ, જડનો સ્વામી જડ, જડ સાથે જેને એકતા તે જડ; ચેતનનો કર્તા ચેતન, ચેતનનું કાર્ય ચેતન, ચેતનનો સ્વામી ચેતન, ચેતન સાથે જેને એકતા તે ચેતન; -આમ બંનેને અત્યંત ભિન્નતા છે. આત્માથી જુદું હોય તેનો સ્વામી આત્મા નથી; આત્માનું જે સ્વ હોય તે આત્માથી જુદું ન હોય. મારા નિર્મળ ગુણ-પર્યાયો મારાથી જુદા નથી, તેમાં તન્મયતા છે તેથી તે મારું 'સ્વ' છે,—એમ ધર્મી જાણે છે. આ વાત ગા. ૨૦૭-૨૦૮ માં સરસ રીતે સમજાવી છે. તેમાં કહે છે કે 'જે જેનો સ્વ ભાવ છે તે તેનું સ્વ છે, અને તે તેનો સ્વામી છે' આમ જાણવું તે સૂક્ષ્મ તીક્ષ્ણ તત્ત્વદૃષ્ટિ છે; આવી તત્ત્વદૃષ્ટિવડે જ્ઞાની પોતાના આત્માને જ આત્માનો પરિગ્રહ નિયમથી જાણે છે, તેથી પરદ્રવ્યને 'આ મારું સ્વ નથી, હું આનો સ્વામી નથી' એમ જાણતો થકો પરિગ્રહતો નથી.

જો અજીવ પરદ્રવ્યને હું પરિગ્રહું તો અવશ્યમેવ તે અજીવ મારું સ્વ થાય, ને હું પણ અવશ્યમેવ તે અજીવનો સ્વામી થાઉં. અજીવનો સ્વામી તો અજીવ જ હોય. હું કાંઈ અજીવ નથી. મારો જ્ઞાયકભાવ તે જ મારું સ્વ છે ને તેનો જ હું સ્વામી છું,-આમ જાણતો થકો ધર્મી પોતાના જ્ઞાતાપણામાં જ રહે છે. તે જ્ઞાતાપણામાં રાગનુંય સ્વામિત્વ નથી. અહો, આવી અંતરદશા જ્ઞાનીની છે. અત્યારે તો અહીં જ્ઞાનીઓની ઓછપ, ને ઊંધું માનનારા જીવોના ઢગલા!-તેમાં સત્ય સમજવું જીવોને મોંઘું થઈ પડ્યું છે... ભગવાનનો મારગ મોંઘો થઈ ગયો છે...પણ હે જીવ! આ તત્ત્વ સમજ્યા વગર તું ભગવાનનો ભક્ત કે જ્ઞાનીનો સાચો સેવક થઈ શકીશ નહીં. તારું સાચું સ્વતત્ત્વ શું છે તે સમજ, એ જ ભગવાનની ને જ્ઞાનીઓની ખરી સેવા છે, એ જ એમની આજ્ઞા છે.

આત્મા આત્મભાવોનો સ્વામી છે. આત્મભાવ કોને કહેવાય? આત્મસ્વભાવના આશ્રયે પ્રગટેલા એવા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાદિ શુદ્ધ ભાવો તે જ આત્માના ભાવો છે, અને તેમની સાથે જ આત્માને સ્વ-સ્વામીસંબંધરૂપ એકતા છે. જેનાથી કર્મ બંધાય એવા કોઈ પણ રાગાદિ ભાવો તે ખરેખર આત્માના સ્વ ભાવો નથી, નિજ ભાવો નથી; અને જે આત્માનું સ્વ નથી તે આત્માનું સાધન પણ નથી, તેમાં આત્માનું કર્તૃત્વ પણ નથી. એટલે શુભરાગ

[illegible] સાધન છે. [illegible] છે. [illegible] નથી.

[illegible] નથી. [illegible] આવે છે. [illegible] છે. [illegible] આવે છે. [illegible]

[illegible]

[સં. ૨૦૨૧ પોષ વદ ૧૪ : ૪૭ શક્તિ ઉપર પ્રવચન ૩૧ મું]

★

જ્ઞાનમાત્ર આત્મા, એટલે કે જ્ઞાનલક્ષણથી લક્ષિત વસ્તુ, તેમાં અનંત સ્વભાવો છે. આવા જ્ઞાનમાત્ર ભાવને અનુભવમાં લેતાં જે નિર્મળપર્યાયરૂપ ભાવ પ્રગટ્યો તે આત્માએ પોતે દીધો છે ને આત્મા પોતે પાત્ર થઈને તે લ્યે છે. તે ભાવ કોઈ બીજાએ આપ્યો નથી, ને આત્માથી બહાર બીજે ક્યાંય ગયો નથી. દેનાર પોતે ને લેનાર પણ પોતે, આવી અભેદ સંપ્રદાનશક્તિ આત્મામાં ત્રિકાળ છે.

પર્યાયમાં શુદ્ધતા નથી તો ક્યાંથી   ? તો ધર્મી કહે છે કે મારો આત્મા પોતે જ શુદ્ધતા દેનારો છે, ને હું જ તે શુદ્ધતા લેવાને પાત્ર છું. આત્મા કોઈને માટે શુદ્ધતા પ્રગટ કરતો નથી પણ પોતાને માટે જ શુદ્ધતા પ્રગટ કરે છે, ને તે શુદ્ધતા પ્રગટ કરીને પોતાની પાસે જ રાખે છે.

અહા, કેવળજ્ઞાન ને સિદ્ધપદ આપ્યા કરે એવો મોટો દાતાર આ આત્મા પોતે જ છે; તે શાશ્વત ચૈતન્યદેવને સેવતાં સહેજે કેવળજ્ઞાનાદિ થાય છે. આવો મોટો દાતાર ચૈતન્યદેવ પોતે જ હોય ત્યાં પછી જ્ઞાનીને બીજાની વાંછા કેમ હોય? તેથી કહે છે કે—

अचिंत्यशक्तिः स्वयमेव देवः चिन्मात्रचिन्तामणिरेष यस्मात्।
सर्वार्थसिद्धात्मतया विधत्ते ज्ञानी किमन्यस्य परिग्रहेण ॥ १४४ ॥

ધર્મી એમ અનુભવે છે કે-અહો! મારો આત્મા જ સ્વયમેવ અચિંત્ય-શક્તિવાળો દેવ છે; મારો આત્મા જ ચૈતન્યચિંતામણિ છે-કે જેને ધ્યાવતાં કેવળજ્ઞાનાદિ આપે છે; જેના સર્વે અર્થ સિદ્ધ છે એવો પોતે જ હોવાથી જ્ઞાનીને બીજા અન્ય પરિગ્રહનું શું પ્રયોજન છે? પોતાને જ પૂર્ણસ્વરૂપે જાણનાર જ્ઞાની અન્ય પરિગ્રહમાં ક્યાંય મુર્છાતા નથી. મારામાં પોતામાં જ કેવળજ્ઞાન દેવાની તાકાત છે, તોપછી મારે બીજા કોની સામે જોવું છે? મારો આત્મા જ મારા અનંત ગુણોની નિર્મળપરિણતિના છએ કારકરૂપ એકસાથે થાય છે, એવી અચિન્ત્યશક્તિ મારામાં છે.

એક સાથે જેમાં જ્ઞાનાદિ અનંત શક્તિઓ વ્યાપેલી છે એવા આત્મ-સ્વભાવનો અનંત મહિમા છે. એક પણ શક્તિને કાઢી નાંખો કે પરને લીધે

આનો તો સ્વાધીન આખી વસ્તુ જ સિદ્ધ [illegible]
રત્નાકરનું એક દૈવી રત્ન છે. તે શું [illegible]
દેવામાં આવે છે તેને પોતે લ્યે છે. [illegible]
એટલે દેવું ને લેવું બંને પોતામાં જ [illegible]
—આવું સંપ્રદાનશક્તિનું કાર્ય છે [illegible]
લેનાર પણ આત્મા નથી, કેમકે તે તો [illegible]
થઈ ને નિર્મળભાવ આપે: કોને આપે? [illegible]

આહા, આવડો મોટો દાતા તું [illegible]
પડે? આશ્ચર્ય! આત્મામાં સ્વભાવ [illegible]
આનંદના નિધાન પોતાને [illegible]
આપવાની શક્તિ પોતામાં છે તેના [illegible]

આનંદદેવની ઉપાસના ([illegible]
કે નિર્મળ જ્ઞાનઆનંદમય [illegible]
તે આપે. આનંદદેવ [illegible]
પોતા [illegible]
પામે છે [illegible]
છે. માટે પોતે જ આત્મા [illegible]

[illegible]

સંપ્રદાનશક્તિવડે આત્મા દાન દે છે. –કોને દાન દે છે? પોતાને. શેનું દાન દે છે? આનંદનું. આત્મા પોતામાંથી વિકાર નથી દેતો, [illegible] કે પુણ્ય નથી દેતો, પરવસ્તુ દેવા-લેવાની ક્રિયા પણ એનામાં નથી, એ તો શુદ્ધ નિર્મળ આનંદ-જ્ઞાનાદિ પર્યાયનું દાન દે છે. પોતે જ દેનાર છે ને પોતે જ લ્યે છે; દેનાર ને લેનાર કાંઈ જુદા નથી. આવા અદ્ભુત સ્વભાવવાળો આત્મા છે. આવા ભગવાન આત્માનું સ્વલક્ષ કરતાં તે જ્ઞાનનો-દર્શનનો-આનંદનો એમ અનંત ગુણનો વૈભવ આપે છે: એમ અનંત ગુણની નિર્મળ પર્યાય અનંતકાળ સુધી આપ્યા કરે ને પોતે લીધા કરે–એવો અદ્ભુત આત્મા છે. વાહ, કેટલી સ્વાધીનતા!

જ્ઞાનાદિ અનંતધર્મસંપન્ન 'ધર્મી' એવો આત્મા, તે શું આપે? તે ધર્મીને સેવતાં તે ધર્મ આપે છે. 'ધર્મીને સેવતાં' એટલે કે તેમાં અંતર્મુખ થઈને તેના શ્રદ્ધા–જ્ઞાન–એકાગ્રતા કરતાં તે સમ્યગ્દર્શનાદિ આનંદમય ધર્મો આપે છે, પોતે જ તે-રૂપે પરિણમે છે, એનામાં જે વૈભવ ભર્યો છે તે આપે છે. આત્મામાં રાગાદિ વિકલ્પો નથી ભર્યા કે તે વિકલ્પો આપે.–વિકલ્પોવડે તેનું સેવન પણ થઈ શકતું નથી. ધર્મ તે વીતરાગીપર્યાય છે. ધર્મી–આત્મા વીતરાગીવૈભવથી ભર્યો છે, તે જ વીતરાગીવૈભવરૂપ ધર્મપર્યાય આપે છે; બીજો કોઈ ધર્મનો દાતાર નથી. ભાઈ, તારો ધર્મ બીજા પાસે નથી કે તે તને આપે. ધર્મપર્યાય આપવાની તાકાત તારા આત્મામાં જ છે. કોઈ બીજામાં, સંયોગમાં, નિમિત્તમાં, રાગના વિકલ્પોમાં કે પુણ્યમાં એવી તાકાત નથી કે તેઓ તને તારી ધર્મપર્યાય આપે. નિજસ્વરૂપને ધ્યેય કરતાં આત્મા પોતે જ અંદરની શક્તિમાંથી પોતાને ધર્મપર્યાયનું દાન દે છે, તેથી પરમાર્થે આત્મા જ 'ધર્મદાતાર' છે; ને ધર્મરૂપે પરિણમેલા વીતરાગી દેવ-ગુરુએ આવો આત્મા બતાવ્યો તેથી વ્યવહારે તેઓ ધર્મદાતાર છે.–આમ બંને પ્રકારો જેમ છે તેમ જાણવા યોગ્ય છે.

સંપ્રદાનશક્તિવાળો આત્મા કહે છે કે હું મારા ભંડારમાંથી કેવળજ્ઞાન ને પૂર્ણઆનંદ પ્રગટ કરીને મારી પર્યાયને समर्पयामि! આત્મા પોતે જ પોતાને અતીન્દ્રિય આનંદનું સમર્પણ કરે છે. પોતે દાતાર ને પોતે લેનાર. અભેદમાં દેનાર ને લેનાર એવા બે ભેદ નથી. સંપ્રદાનશક્તિ અખંડ આત્માની છે એટલે પોતામાંથી પૂર્ણ પર્યાય ખીલી તેને પોતે ઝીલીને પોતામાં રાખે છે.

બીજાને દાન દેવાનો શુભભાવ [illegible]
શાંતિ ન આપે. તેનાથી સાચ[illegible]
નથી. તારા સ્વભાવના વૈભવનો મહિમા [illegible]
પ્રેમથી તેનું શ્રવણ તો કર [illegible]
તેનું [illegible] સંભળાવે છે. [illegible]
સ્થાનવાળો સમ્યગ્દૃષ્ટિ, પોતાના [illegible]
અનુભવમાં 'અભાવરૂપ' છે-[illegible]
અનુભવ કર્યો તેમાં પોતે [illegible]
પોતાને જાણ્યો, ત્યાં ભાવ [illegible]
સાથે અભાવપણું પ્રગટ નહિ [illegible]

ચૈતન્યચમત્કારમાં આ [illegible]
કરીને સમ્યગ્દર્શનાદિ પોતાના [illegible]
સમ્યગ્જ્ઞાન કે સમ્યગ્દર્શનાદિ [illegible]
[illegible]

[illegible]

[illegible]

જોઈએ તેટલું પૂરું પાડે એવી આત્માની તાકાત છે. એને [illegible] [illegible] છ કારકરૂપ થઈને સ્વભાવરૂપ પરિણમે તેનું નામ 'ધર્મ'. તે જ [illegible], તે જ મોક્ષમાર્ગ.

ભાઈ, તારે ધર્મ કરવો છે ને! તો ધર્મ કરનાર કોણ! ને તે કેટલો મોટો? તેને ઓળખ્યા વગર ક્યાંથી તું ધર્મ કરીશ! ધર્મ કરનાર એવો આત્મા પોતાની અનંત શક્તિઓથી પૂર્ણ છે. તેનો વૈભવ મહાન છે. તેની અનંતગુણસમ્પત્તિમાં જે નિર્મળભાવ ઉલ્લસે છે તેને ઉપભોગ કરવાની, અંગીકાર કરવાની તાકાત આત્મામાં જ છે. આ તો કેવી અદ્દભુત વાત છે કે એક સમયમાં એક જ વસ્તુ દાતાર ને તે જ લેનાર! અદ્દભુત હોવા છતાં આનંદકારી છે. અનુભવગમ્ય છે. જ્ઞાનમાં એવી અદ્દભુત તાકાત છે કે વિકલ્પ વગર એક સમયમાં ત્રણકાળ ત્રણલોકને જાણે.

જ્ઞાનસ્વરૂપ આત્મા અનંત ધર્મો સહિત વર્તે છે, ભિન્નભિન્ન લક્ષણવાળા અનંતધર્મોને કાર્યની ભિન્નતા છે છતાં વિરુદ્ધતા નથી, એક જ વસ્તુમાં અવિરુદ્ધપણે એકસાથે બધા ધર્મો રહેલા છે. ચૈતન્યખજાનામાં ગુણની–ધર્મની ખોટ નથી. અનંતગુણસમ્પન્ન ભગવાન આત્મા પોતે હોવા છતાં, પોતાનું ભગવાનપણું ભૂલીને પર્યાયમાં અજ્ઞાનીને જે દોષ છે તે દુઃખ અને સંસાર છે. અજ્ઞાનથી આખા નિજવૈભવને તે ભૂલી જાય છે ને બહારમાં ભીખ માંગતો ભટકે છે. પરાશ્રયથી જે લાભ માને છે તે બહારમાં ભલે મોટો ગણાતો હોય પણ અંતરપરિણતિમાં તો તે ભીખારી છે. જ્ઞાની નિજવૈભવને જાણતો થકો મોટો સ્વાધીન રાજા છે, તે બહારમાંથી કાંઈ પણ લેવા માંગતો નથી, એટલે તે બહાર ભટકતો નથી, અંદર પોતામાં જ એકાગ્ર થાય છે.

અહીં પોતાના સ્વાનુભવના નિજવૈભવથી આચાર્યદેવ જગતના જીવોને તેમનો આત્મવૈભવ બતાવે છે. ભાઈ! તારા ચૈતન્યદ્રવ્યના નિધાનને લક્ષમાં લેતાં તેમાંથી અનંત નિધાન પ્રાપ્ત થશે; પોતે જ તેનો લેનાર ને પોતે જ દેનાર. દેવા–લેવામાં સમયભેદ નથી, ક્ષેત્રભેદ નથી, દ્રવ્ય ભિન્ન નથી. આવો સંપ્રદાનસ્વભાવ આત્મામાં ત્રિકાળ છે. એનુ ભાન કરતાં પરવસ્તુને દેવા–લેવાની બુદ્ધિ છૂટી જાય છે, ને પોતે પોતામાં એકાગ્ર થઈને પોતાની નિર્મળપર્યાયને સદાકાળ લીધા કરે છે. રાગમાંય દેવા–લેવાની કર્તૃત્વબુદ્ધિ તેને રહેતી નથી, રાગમાંથી એકત્વબુદ્ધિ છૂટીને જ્ઞાન જ્ઞાનમાં જ એકત્વપણે પરિણમે છે; એટલે

સ્વસન્મુખ પરિણમનો ને જોતામાં [illegible]
જ્ઞાનભાવ જ આવે છે. —આવો [illegible]

પરવસ્તુને હું આપું કે લઉં —[illegible]

રાગાદિ હું આપું કે લઉં —[illegible]

જ્ઞાનભાવ રાગને દેતો કે દેતો [illegible]
સ્વભાવ નથી. રાગના કર્તાપણા [illegible]
આત્માને જાણતો નથી. [illegible]
જ્ઞાનભાવમય આત્મા છે. [illegible]
કોણ છું? ને ભાઈ [illegible]

'હું કોણ છું' [illegible]

[illegible]

જોઈએ તેટલું પૂરું આપે એવી આત્માની તાકાત છે. પોતે આપ પોતાના છ કારકરૂપ થઈને સ્વભાવરૂપ પરિણમે - તેનું નામ ધર્મ, તે જ સુખ, ને તે જ મોક્ષમાર્ગ.

ભાઈ, તારે ધર્મ કરવો છેને! તો ધર્મ કરનાર કોણ? ને તે કેટલો મોટો? તેને ઓળખ્યા વગર ક્યાંથી તું ધર્મ કરીશ? ધર્મ કરનાર એવો આત્મા પોતાની અનંત શક્તિઓથી પૂર્ણ છે. તેનો વૈભવ મહાન છે. તેની અનંતગુણસમ્પત્તિમાં જે નિર્મળભાવ ઉલ્લસે છે તેને ઉપેય કરવાની, અંગીકાર કરવાની તાકાત આત્મામાં જ છે. આ તો કેવી અદ્ભુત વાત છે કે એક સમયમાં એક જ વસ્તુ દાતાર ને તે જ લેનાર! અદ્ભુત હોવા છતાં આનંદકારી છે. અનુભવગમ્ય છે. જ્ઞાનમાં એવી અદ્ભુત તાકાત છે કે વિકલ્પ વગર એક સમયમાં ત્રણકાળ ત્રણલોકને જાણે.

જ્ઞાનસ્વરૂપ આત્મા અનંત ધર્મો સહિત વર્તે છે, ભિન્નભિન્ન લક્ષણવાળા અનંતધર્મોને કાર્યની ભિન્નતા છે છતાં વિરુદ્ધતા નથી, એક જ વસ્તુમાં અવિરુદ્ધપણે એકસાથે બધા ધર્મો રહેલા છે. ચૈતન્યખજાનામાં ગુણની-ધર્મની ખોટ નથી. અનંતગુણસમ્પન્ન ભગવાન આત્મા પોતે હોવા છતાં, પોતાનું ભગવાનપણું ભૂલીને પર્યાયમાં અજ્ઞાનીને જે દોષ છે તે દુઃખ અને સંસાર છે. અજ્ઞાનથી આખા નિજવૈભવને તે ભૂલી જાય છે ને બહારમાં ભીખ માંગતો ભટકે છે. પરાશ્રયથી જે લાભ માને છે તે બહારમાં ભલે મોટો ગણાતો હોય પણ અંતરપરિણતિમાં તો તે ભીખારી છે. જ્ઞાની નિજવૈભવને જાણતો થકો મોટો સ્વાધીન રાજા છે, તે બહારમાંથી કાંઈ પણ લેવા માંગતો નથી, એટલે તે બહાર ભટકતો નથી, અંદર પોતામાં જ એકાગ્ર થાય છે.

અહીં પોતાના સ્વાનુભવના નિજવૈભવથી આચાર્યદેવ જગતના જીવોને તેમનો આત્મવૈભવ બતાવે છે. ભાઈ! તારા ચૈતન્યદ્રવ્યના નિધાનને લક્ષમાં લેતાં તેમાંથી અનંત નિધાન પ્રાપ્ત થશે; પોતે જ તેનો લેનાર ને પોતે જ દેનાર. દેવા-લેવામાં સમયભેદ નથી, ક્ષેત્રભેદ નથી, દ્રવ્ય ભિન્ન નથી. આવો સંપ્રદાનસ્વભાવ આત્મામાં ત્રિકાળ છે. એનુ ભાન કરતાં પરવસ્તુને દેવા-લેવાની બુદ્ધિ છૂટી જાય છે, ને પોતે પોતામાં એકાગ્ર થઈને પોતાની નિર્મળપર્યાયને સદાકાળ લીધા કરે છે. રાગમાંય દેવા-લેવાની કર્તૃત્વબુદ્ધિ તેને રહેતી નથી, રાગમાંથી એકત્વબુદ્ધિ છૂટીને જ્ઞાન જ્ઞાનમાં જ એકત્વપણે પરિણમે છે; એટલે

[illegible] પરિણામનો [illegible]
જ્ઞાનભાવ જ આવે છે. [illegible]

પરવસ્તુને હું જાણું છું [illegible]

રાગાદિ હું જાણું છું [illegible]

જ્ઞાનભાવ રાગને [illegible]
સ્વભાવ નથી. [illegible]
આત્માને જાણતો નથી. [illegible]
જ્ઞાનભાવમય આત્મા છે. [illegible]
કોણ છું ? [illegible]

[illegible]

સંપ્રદાનશક્તિથી આત્મા પોતે પોતાને કેવળજ્ઞાન આપે ને પોતે લે. તેમાં વચ્ચે બીજું કોઈ તેને રોકનાર નથી. આત્મામાં કેવળજ્ઞાન પામવાની તાકાત જાગે-તૈયારી થાય ત્યાં કોઈ ક્ષેત્ર કે કાળ તેને અટકાવે નહિ. એ જ રીતે સિદ્ધપદને સાધવાની આત્મામાં તાકાત છે. પાત્ર-લેનાર તૈયાર થયો ત્યાં દેનેવાળા દાતા પણ તે વખતે જ તૈયાર છે, તેમાં રાહ જોઈને બેસી રહેવું પડે તેમ નથી, કે બીજા સામે જોવું પડે તેમ નથી.

અરે જીવ! તારો આત્મા જે નિર્મળભાવપણે વર્તે છે તે ભાવને બીજો કોઈ આપે નહિ ને બીજો કોઈ લૂંટી શકે નહિ. શા માટે તું તારી શક્તિને ભૂલીને બીજા પાસે ભીખ માંગે છે? તારો સ્વાધીન સ્વભાવ છે તેને દેખ. આત્માનો ગુણ પર પાસે માંગવો એ તો પામરતા ને ભીખારીપણું છે. પોતાના ગુણોની પર્યાય પોતામાંથી જ લેવાની આત્માની તાકાત છે. તીર્થંકરોએ પોતાની આવી તાકાત પ્રગટ કરીને કેવળજ્ઞાનને સાધ્યું...ને જગતને તેનો ઉપદેશ આપ્યો.

શ્રાવકના ધર્મોના વર્ણનમાં મુનિને આહારદાન દેવાનું વગેરે વર્ણન આવે, તેમાં દાન, દાતા, દેયવસ્તુ અને લેનાર પાત્ર-એની વિશેષતાનું વર્ણન આવે છે અને તેની વિશેષતાઅનુસાર ફળની પણ વિશેષતા હોય છે-એમ બતાવ્યું છે, એ તો તે પ્રકારના વિવેકનું તથા ધર્મીના બહુમાનનું જ્ઞાન કરાવ્યું છે; કાંઈ બહારની દેવા-લેવાની ક્રિયા આત્મા કરે છે એમ ત્યાં સ્થાપવું નથી. તેમાં અને આ વાતમાં કાંઈ વિરોધ નથી. કેમકે અહીં તો શુદ્ધાત્માનું સ્વરૂપ બતાવવું છે એટલે તેમાં રાગની કે બહારની ક્રિયાની વાત ન આવે. ને ત્યાં તો શ્રાવકની ભૂમિકાના શુભપરિણામ કેવા હોય છે તે બતાવવું છે એટલે નિમિત્તરૂપ બહારની ક્રિયા કેવી હોય તે પણ બતાવ્યું છે. તે વખતે તે ધર્માત્મા શ્રાવકને પણ આવા શુદ્ધાત્માની દૃષ્ટિ તો ભેગી જ છે, એટલે બહારમાં મુનિરાજને આહારદાન વગેરે દેતી વખતે અંદરમાં તો પોતે પોતાના આત્માને નિર્મળ પર્યાયમાં અતીન્દ્રિય આનંદનું દાન આપી રહ્યા છે, ને પોતે જ પાત્ર થઈને તે લ્યે છે.-આત્માની આવી સંપ્રદાનશક્તિને જે સમજે તેને આત્મામાંથી અપૂર્વ શાંતિ આવ્યા વિના રહે નહિ. તે શાંતિનો દેનાર અને લેનાર આત્મા પોતે જ છે.

સંપ્રદાનશક્તિનું વર્ણન પૂરું થયું. (૪૪)



અપાદાન શક્તિ

[उत्पादव्ययालिङ्गित

જ્ઞાનસ્વરૂપ આત્મા ઉત્પાદ-વ્યય-ધ્રુવતાસ્વરૂપ છે; તેમાં ઉત્પાદ-વ્યયરૂપ ક્ષણિકભાવ બીજા સમયે નાશ પામવા છતાં ધ્રુવસ્વભાવને લીધે આત્મા નષ્ટ થઈ જતો નથી; અપાદાનશક્તિને લીધે અવિનાશીપણે ધ્રુવ ટકવાનો તેનો સ્વભાવ છે. આત્મામાં જે નિર્મળ ભાવોના ઉત્પાદ-વ્યય થાય છે તેનો ધ્રુવ આધાર આત્મા છે. અપાદાનશક્તિ તે ધ્રુવભાવને અવલંબનારી છે. ઉત્પાદ-વ્યયરૂપ ક્ષણિક ભાવોનો નાશ થવા છતાં આત્મા નાશ પામી જતો નથી –એવું ધ્રુવતામય અપાદાનપણું આત્મામાં છે. જોકે બીજા સમયે બીજી પર્યાયરૂપ પરિણમે છે ને ત્રીજા સમયે ત્રીજી પર્યાયરૂપે આત્મા પરિણમે છે, કાંઈ પર્યાય વગરનો આત્મા થઈ જતો નથી; પણ એ પર્યાયો તો એક પલટીને બીજી થયા કરે છે, જ્યારે ધ્રુવસ્વભાવથી જોતાં આત્મા એવો ને એવો બિરાજમાન છે, તેનો નાશ થતો નથી. આવો આત્મા પોતાની ચૈતન્યસીમામાં રહેલો છે; ચૈતન્યસીમાથી તે બહાર જતો નથી; તેમજ એની ચૈતન્યસીમામાં પરવસ્તુને કે પરભાવોને પ્રવેશવા દેતો નથી.

પોતાની પર્યાયોના ઉત્પાદ–વ્યયમાં સળંગ ધ્રુવપણે આત્મા ટકી રહે છે એવી તેની અપાદાનશક્તિ છે. જે સળંગ ટકી રહે તેને અપાદાન કહેવાય. દિવ્યધ્વનિ વ્યય થઈને બીજી પર્યાય થઈ–તેમાં તેના પરમાણુ ધ્રુવ-અપાદાનપણે ટક્યા છે, એટલે તે દિવ્યધ્વનિનું અપાદાન કાંઈ કેવળજ્ઞાનીનો આત્મા નથી, પણ તે વાણીના પરમાણુ જ તેનું અપાદાન છે. –આ રીતે ધ્રુવ રહેવારૂપ અપાદાનશક્તિ જડમાં પણ છે. આત્મામાં પણ પોતાની શક્તિની ધ્રુવતા રહીને નિર્મળપર્યાયના ઉત્પાદ-વ્યય થયા કરે છે. શક્તિ તે કારણ ને નિર્મળ-પર્યાય તેનું કાર્ય, આ રીતે કારણ–કાર્ય એક જાતના છે, અભિન્ન છે. શુભભાવ થાય તેની મર્યાદા કેટલી? –કે પુણ્ય જેટલી. ચૈતન્યસ્વરૂપમાં તેનો પ્રવેશ નથી; તેમજ તે કાંઈ ધ્રુવ ટકતા નથી. એટલે નિર્મળપર્યાયનું અપાદાન તે નથી. આત્મામાં જે સમ્યગ્દર્શનાદિ પર્યાયોનો ઉત્પાદ થયો તેનો બીજા સમયે વ્યય થઈ જાય છે, છતાં આત્માનું સ્વરૂપ જરાપણ હાનિ પામતું નથી, ઘટી જતું નથી કે ખાલી થઈ જતું નથી, ધ્રુવપણે ટકીને સ્વાધીન ઉપાદાનથી બીજા સમયે બીજી નિર્મળપર્યાયપણે પોતે થાય છે. આ રીતે ઉત્પાદ-વ્યયરૂપ ભાવોની હાનિ થવા છતાં ધ્રુવભાવે આત્મા ટકી રહે છે, તેનું સ્વરૂપ જરાય હાનિ પામતું નથી. આવા આત્માને અનુભવમાં લેવો તે ધર્મ છે.

[illegible]]

ધર્મનો મૂળઆધાર આત્મા છે. તેનો [illegible]
સર્વથા પર્યાય વિનાનો થઈ જતો નથી. [illegible]
પર્યાયરૂપ કાર્ય છે. અનંતશક્તિનો [illegible]
ધર્મનો મૂળ આધારમાં થાય કે [illegible]
આશ્રયે ધર્મ થાય છે. તે ધર્મ [illegible]
કેમ? પર્યાયને અનંતદ્રવ્યઆત્માની [illegible]
પોતાના અનંતગુણસંપન્ન [illegible]
પાપ-પુણ્ય કે [illegible]
[illegible] સ્વસન્મુખ થતાં [illegible]

આત્માનો મહિમા [illegible]
સમ્યગ્દર્શનાદિ પર્યાય પ્રગટે.
જ્ઞાનમાં લીધા વગર તે [illegible]
[illegible]

(કરોડો માણસો) જમે તોપણ ભોજન ખૂટે નહિ; છતાં એ ઋદ્ધિ [illegible] તો પુણ્યકૃત ઋદ્ધિ છે, એ કાંઈ અંદરના ગુણની ઋદ્ધિનું કારણ નથી; ગુણની ઋદ્ધિ તો પોતાના અનુભવમાં સમાય. તે કાંઈ બહારમાં કામ ન કરે. લોકોને બહારની લબ્ધિનો વિશ્વાસ આવે છે; પણ અંદર ગુપ્ત ચમત્કારી એવી ચૈતન્યલબ્ધિમાં અનંતગુણના અખૂટ અક્ષય નિધાન છે તે તો જ્ઞાનીને જ સ્વાનુભવવડે પ્રતીતમાં આવે છે. પોતામાંથી સદાકાળ જ્ઞાન-આનંદાદિની શુદ્ધપર્યાય કાઢી કાઢીને ભોગવ્યા જ કરે છતાં કદી ખૂટે નહિ એવી ઋદ્ધિ ચૈતન્યમાં ભરી છે. ધ્રુવને ધ્યેય બનાવીને અભેદપણે પર્યાય તેમાં લીન થઈ ત્યાં સદાકાળ કેવળજ્ઞાન...કેવળજ્ઞાન...કેવળજ્ઞાન......થયા જ કરે, અતીન્દ્રિય આનંદ......આનંદ......આનંદ........થયા જ કરે, એવા નિધાનની ધ્રુવ-ખાણ આત્મા છે.


કોઈ બાવાએ નાના પાત્રમાંથી એક હજાર માણસને જમાડી દીધા -એમ સાંભળે ત્યાં ચમત્કાર લાગી જાય છે ને તે જોવાનું કુતૂહલ કરે છે, પણ હે ભાઈ! એમાં તો કાંઈ સાર નથી. ખરો ચમત્કારી તો આ આત્મ-સ્વભાવ છે કે જે પોતામાંથી સાદિ-અનંતકાળ શુદ્ધતા કાઢી કાઢીને પોતે તેને ભોગવ્યા કરે, છતાં ખૂટે નહિ, હવે નિર્મળપર્યાય નહિ આવે એમ કદી થાય નહિ; આવા તારા સ્વભાવનું આશ્ચર્ય લાવી, મહિમા લાવી તેને જોવાનું તું કુતૂહલ કર. બહારની એવી લબ્ધિ (માણસોને જમાડી દેવા વગેરે) તો થોડોક કાંઈ શુભરાગ કર્યો હોય તેના ફળમાં પણ પ્રાપ્ત થઈ જાય, તે કાંઈ મોટી વાત નથી. પણ આત્માના ભંડારમાંથી સદાકાળ નિર્મળપર્યાયના નિધાન નીકળ્યા જ કરે,—જેને કોઈ વિકલ્પની કે પરની અપેક્ષા નહિ-એવા અપાદાનસ્વભાવી આત્માને અનુભવમાં લેવો તે મોટી ને અપૂર્વ વાત છે, તેના ફળમાં સિદ્ધદશા પ્રાપ્ત થશે. સિદ્ધનેય સમયે સમયે પર્યાય વ્યય થવા છતાં નવી નવી પર્યાયો સ્વભાવમાંથી આવ્યા જ કરે છે; તે પૂર્ણ પર્યાય પ્રગટવા છતાં શક્તિમાંથી જરાય ઘટતું નથી. આવું તો એક શક્તિનું માહાત્મ્ય! ને આવી અનંત-શક્તિમય ભગવાન આત્મા! આવો મહિમાવંત આત્મા જેને શ્રદ્ધામાં આવ્યો, સ્વસંવેદનમાં આવ્યો તે જીવ ધર્મી છે. તેણે ધ્રુવતારાની જેમ પોતાના સ્વભાવમાં મીટ માંડી...તે પોતે ધ્રુવ ટકીને સદાકાળ નિર્મળપર્યાયના ઉત્પાદ-વ્યયરૂપ પરિણમ્યા કરશે. આવો ભગવાનનો માર્ગ છે, ભગવાન થવાની આ

હીન છે. આવા આત્માને [illegible]
થાય છે. આવા આત્માને [illegible]
નથી ને ભગવાન થવાતું નથી.

આત્માની અપાદાનશક્તિ [illegible]




तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण




આચાર્યદેવ કહે છે કે—

જિનવાણીની ઉપાસનાથી, અબાધયુક્તિના અવલંબનથી, પરંપર ગુરુઓવડે પ્રસાદીરૂપે અપાયેલ શુદ્ધાત્મતત્ત્વના ઉપદેશથી અને આનંદમય સ્વસંવેદનથી પ્રગટેલો મારા આત્માનો જે નિજ-વૈભવ છે તે સમસ્ત આત્મવૈભવવડે હું આ સમયસારમા એકત્વ-વિભક્ત શુદ્ધઆત્મા દેખાડું છું.

હે શ્રોતાઓ! તમે સ્વાનુભવ-પ્રત્યક્ષવડે પરીક્ષા કરીને તે પ્રમાણ કરજો.





[૪૭ શક્તિ ઉપરનું પ્રવચન ૭૦મું-૭૨મું, વીર સં. ૨૪૯૧ ...

★

જ્ઞાનભાવમય આત્મા છે: તે પોતે જ પોતાના જ્ઞાનાદિ ભાવોનો આધાર છે. તે-તે કાળે પરિણમતા નિર્મળ ભાવો આત્માના જ આધારે પરિણમે છે, કોઈ બીજો તેનો આધાર નથી. આત્મા જ પોતાની અધિકરણ શક્તિથી પોતાના ભાવોનો આધાર થાય છે. આત્માના જ્ઞાનમાં, શ્રદ્ધામાં, આનંદમાં-એમ સર્વે ગુણોમાં પોતપોતાનું કાર્ય છે. તેમ આત્માની અધિકરણશક્તિનું કાર્ય એવું છે કે જે-જે પર્યાયો થાય તેના આધારરૂપ પોતે વર્તે છે. સીતાજી વગેરે ધર્માત્મા પોતાના આવા આત્માને જાણતા હતા કે, વન-જંગલમાં પણ અમે નિરાધાર નથી, અમારો આત્મા જ અમારા સમ્યક્ત્વાદિ ભાવોનો આધાર છે. તેના જ આધારે અમારા સમ્યકત્વાદિ ભાવો ટકયા છે. રાજમાં હતા ત્યારેય અમારો આધાર બીજું કોઈ ન હતું ને અત્યારે જંગલમાં પણ બીજું કોઈ અમારો આધાર નથી. અમારો આધાર અમારામાં જ છે. જેમ કાર્યનો કર્તા કે સાધન જુદા નથી હોતા તેમ તેનો આધાર પણ જુદો હોતો નથી. અસંખ્યપ્રદેશી આત્મા અનંતગુણોના નિર્મળભાવોનો આધાર છે. અનંત આકાશને જેમ બીજો આધાર નથી, પોતામાં જ આધાર-આધેયપણું છે, તેમ આત્માની અનંતશક્તિને કે તેના નિર્મળભાવોને કોઈ બીજો આધાર નથી. આત્મા પોતે જ આધાર છે. આધાર ને આધેય જુદા નથી.-આવા નિર્ણયથી અંતર્મુખતા થાય છે, ને પોતાના આધારે નિર્મળભાવ પ્રગટે છે.

આત્મા જ્ઞાનસ્વરૂપ છે; તેને અંતર્મુખ જ્ઞાનપર્યાય દ્વારા લક્ષગત કરતાં જે અનંતગુણ તથા તેની નિર્મળપર્યાયો -એવા ગુણપર્યાયોનો સમુદાય લક્ષિત થાય છે તેવડો આત્મા છે. આવો આત્મા દૃષ્ટિમાં આવે ત્યાં તે પોતાના આધારે જ સમ્યગ્દર્શનાદિ નિર્મળભાવરૂપે પરિણમે છે; તેનો આધાર શરીર નથી, શુભરાગ તેનો આધાર નથી. શરીર અને રાગથી પાર આવા આત્માને પ્રતીતમાં લેતાં, વિકલ્પ કે વાણીના આધાર વગર જ સ્વાશ્રયે નિર્મળ પરિણમન પ્રગટે છે. આવા સામર્થ્યવાળી અધિકરણશક્તિ છે. અનંત શક્તિથી ભરેલો ચૈતન્ય-રત્નાકર, તેની દરેક શક્તિમાં દિવ્યતા છે. આવી દિવ્યતાવાળો આત્મદેવ, તેનો અનુભવ ને સાક્ષાત્કાર કેમ થાય તેની આ રીત છે. સર્વજ્ઞના માર્ગ સિવાય બીજે કયાંય આ વાત યથાર્થ હોય નહિ.

આનંદ ગુણ પોતાની [illegible]
પર્યાયના આધાર થાય છે; [illegible]
દર્શનપર્યાયનો આધાર છે. શું? [illegible]
શક્તિ છે કે સમ્યગ્દર્શનપર્યાયનો [illegible]
ને સમ્યગ્દર્શનનો આધાર નહીં. [illegible]
દર્શનનો આધાર નહીં. [illegible]
ને પર્યાયનો આધાર આત્મા [illegible]
પર્યાયને સમ્યગ્દર્શનનો [illegible]
છે, માટે માટે આત્માનો [illegible]

આ જ રીતે જ્ઞાનના [illegible]
આધારે જ્ઞાનભાવ નહીં. [illegible]

[illegible]

સન્તોએ અંતરમાં આત્માની શક્તિઓનું કેવું [illegible] કર્યું છે! [illegible] સ્વાનુ-
ભવરસમાં ઘૂંટી ઘૂંટીને તેનું [illegible] કાઢ્યું છે [illegible]. આત્મશક્તિના [illegible]
કોઈ અમાપ છે-જેનું માપ વિકલ્પથી કે વચનથી થઈ શકતું નથી. આત્મા
પોતે ધ્રુવપણે રહીને પોતાની નિર્મળ પર્યાયનો અધિકરણ થાય છે. ધર્મનો
આધાર આત્મા પોતે છે, બીજો કોઈ નથી. આત્માનો ધર્મ આત્માના જ
આધારે થાય છે. જડના ધર્મો જડના આધારે છે, ને આત્માના ધર્મો
આત્માના આધારે છે.

એક વસ્તુનો ધર્મ બીજી વસ્તુના આધારે હોતો નથી; તેમજ તેની પોતાની એક પર્યાયના આધારે બીજી પર્યાય થતી નથી. અધિકરણસ્વભાવવાળો આત્મા છે, તે જ પોતાની સર્વ પર્યાયનો આધાર થાય છે. તેથી ધર્મી જીવ પર્યાયેપર્યાયે અખંડ આત્માને દેખે છે, તેને જ અવલંબે છે. આ રીતે પોતાના સર્વ ભાવના અધિકરણરૂપે પોતાના આત્માને જ જે જાણે તે સંયોગનો આધાર લેવા કેમ જાય? એટલે સંયોગ ઠીક હોય તો ધર્મ થાય એવી મિથ્યાબુદ્ધિ તેને રહેતી નથી. અનુકૂળ સંયોગ હો કે પ્રતિકૂળ, બન્ને વખતે મારો ધર્મ તો મારા આધારે જ છે, એટલે પોતામાં જોવાનું રહ્યું, સંયોગો ઉપર રાગદ્વેષ કરીને અટકવાનું ન રહ્યું. આમ નક્કી કરનાર સ્વસન્મુખ થઈને આત્માનો આધાર લ્યે છે, ને આત્માના આધારે અભેદ પરિણમતાં અલ્પકાળમાં તેને કેવળજ્ઞાન થાય છે...એટલે ચૈતન્યના ભંડાર તેને ખૂલી જાય છે. વાહ! ચૈતન્યભંડારને ખોલવાની કૂંચી સન્તોએ આ સમયસાર દ્વારા જગતને આપી છે.

વિકાર વગરની વીતરાગીદશા પ્રગટ થવી તે ધર્મ છે; તેનો આધાર આત્મા છે. વીતરાગદશાનો આધાર રાગ કેમ હોય? વર્તમાન વર્તતા ભાવનો આધાર આત્મસ્વભાવ છે.—કેવા ભાવ? વિકારી નહિ પણ નિર્મળભાવ લેવા. કેમકે અંતર્મુખ થઈને જ્યાં આત્માનો આધાર લીધો ત્યાં નિર્મળ જ ભાવ હોય છે, આત્માના આધારે વિકારભાવો ઉત્પન્ન થતા નથી.

આત્માના બધા ધર્મો સ્વ-આધારે છે. જ્ઞાનને ઇન્દ્રિયોનો આધાર નથ[illegible] જ્ઞાનને રાગનો આધાર નથી, જ્ઞાનને જ્ઞાનસ્વભાવી આત્માનો જ આધાર [illegible] જ્ઞાનનો આધાર જે બીજાને માને છે તેણે જ્ઞાનની સાથે જ રહેલા અધિકર[illegible] સ્વભાવને જાણ્યો નથી એટલે અનેકાન્તસ્વરૂપ આત્માને જાણ્યો નથી.

પુણ્ય-પાપ વગેરેની ચીકાશથી [illegible]
છે; તે સ્વસ્વરૂપ આત્માના સ્વભાવે છે [illegible]
તેને સાચી શાન્તિ કહી [illegible]
આધાર થવાની તાકાત છે. [illegible]
જ્ઞાનસ્વભાવને [illegible]
ભીના જીવ અને અજીવને [illegible]
તાન આત્મા પોતે જ [illegible]
આત્માના અનુભવ [illegible]

જ્ઞાયકભાવસ્વરૂપ આત્મા, તેનામાં જ્ઞાન સાથે રહેલી અનંતશક્તિનું આ વર્ણન છે. અનંતશક્તિઓ તો વાણીમાં કેમ આવે? અહીં કેટલીક શક્તિઓ બતાવી છે. તેમાં જીવત્વથી શરૂ કરીને હવે આ ૪૭મી શક્તિમાં પોતાના સ્વભાવ સાથે જ સ્વ-સ્વામિત્વસંબંધ બતાવીને આચાર્યદેવ આ પ્રકરણ સંકેલે છે. ૪૭ શક્તિના વર્ણન દ્વારા તો ઘણુંઘણું સ્પષ્ટીકરણ કરીને આત્મસ્વભાવનો અચિંત્ય અપાર મહિમા પ્રસિદ્ધ કર્યો છે. ને આ ૪૨ પ્રવચનો દ્વારા પણ તે શક્તિના ભાવોનું ઘણા પ્રકારે સ્પષ્ટીકરણ થયું છે. કથનના ક્રમની અપેક્ષાએ આ છેલ્લી શક્તિ છે, પણ અંદર અનંતશક્તિમાં કોઈ પહેલી ને છેલ્લી એવો ક્રમ નથી, બધી શક્તિઓ એકસાથે જ જ્ઞાનભાવમાં પરિણમી રહી છે. શક્તિના વર્ણન દ્વારા આવા જ્ઞાનમાત્ર આત્મસ્વભાવનો અનુભવ કરાવવો –તે તાત્પર્ય છે.

આ ૪૭મી શક્તિમાં કહે છે કે જ્ઞાનસ્વરૂપ આત્માને પોતાના સ્વભાવ સાથે જ સ્વ-સ્વામિપણાનો સંબંધ છે, બીજા કોઈ સાથે તેને સંબંધ નથી. આત્માનું 'સ્વ' શું? કે જ્ઞાનાદિ અનંતા ગુણો ને તેમની નિર્મળપર્યાયોરૂપ જે સ્વભાવ તે આત્માનું 'સ્વ' છે એટલે કે તે જ આત્મા છે, ને તેનો જ આત્મા સ્વામી છે. જોકે આત્મામાં આ સ્વ ને આ સ્વામી એવા સ્વ-સ્વામી અંશોના ભેદ પાડવા તે પણ વ્યવહાર છે, પર સાથે સંબંધ નથી એમ બતાવવા પોતામાં સ્વ-સ્વામી એવા અંશોના ભેદ પાડીને સમજાવ્યું છે; પણ આત્માના સ્વાનુભવમાં કાંઈ આ સ્વ ને આ સ્વામી એવા ભેદનું લક્ષ રહેતું નથી.

કર્તા, કર્મ, સાધન એ બધું આત્મામાં સમાડયું; હવે આત્માને સંબંધ કોની સાથે છે? તો કહે છે કે આત્માને સંબંધ કોઈ બીજાની સાથે નથી, પોતાના સ્વભાવ સાથે જ સંબંધ છે. પોતાના અનંત ધર્મચક્રને આત્મા ધારણ કરે છે, પણ બીજા પદાર્થો સાથે તેને જરાય સંબંધ નથી. સંબંધશક્તિ પર સાથેનો સંબંધ તોડાવીને (પરથી વિભક્તપણું બતાવીને) સ્વભાવ સાથે એકતારૂપ અભેદ સંબંધ કરાવે છે. ભગવાન આત્મામાં એવી શક્તિ છે કે પોતાના નિર્મળ ગુણ-પર્યાયનો સ્વામી થાય, તેમાં એકત્વપણે પરિણમે; પણ શુભાશુભભાવોનો સ્વામી થઈને તેમાં એકત્વપણે પરિણમે એવો તેનો સ્વભાવ નથી. દેહાદિ પરપદાર્થોનો સ્વામી આત્મા નથી. જે ભાવનો જે સ્વામી હોય તે જ જાતનો તે હોય. જડ ભાવનો સ્વામી જડ હોય; ચેતન તો ચેતનભાવનો

આમ કેમ? પુરોહિત કહે છે કે તમારા ભાઈઓ હજી અણનમ છે, તેઓએ તમારી સત્તા સ્વીકારી નથી તેથી તમારો દિગ્વિજય હજી અધૂરો છે. એટલે ચક્ર અયોધ્યાનગરીમાં પ્રવેશ કરતુ નથી. પછી તો ભરતચક્રી પોતાના ૯૯ ભાઈઓ ઉપર પત્ર લખે છે: તે વાંચીને ૯૮ ભાઈઓ તો ઋષભદેવપ્રભુના ચરણસમીપ જઈને મુનિ થઈ જાય છે ને તે જ ભવે કેવળજ્ઞાન પામીને મોક્ષ જાય છે. એક બાહુબલિ બાકી રહ્યા. તેમણે ન તો દીક્ષા લીધી કે ન ભરતને નમન કર્યા. અંતે ભરત-બાહુબલી વચ્ચે યુદ્ધ થયું. બંને ધર્માત્મા, બંને ચરમશરીરી, બંનેને અંદરમાં સ્વપ્નેય રાજનું કે રાગનું સ્વામિપણું નથી; લડાઈના કાળેય બંનેનો આત્મા પોતપોતાના જ્ઞાનભાવના સ્વામિત્વપણે જ પરિણમી રહ્યો છે. જરાક રાગદ્વેષના ભાવો થાય છે તેનું જ્ઞાન વર્તે છે પણ તેનું સ્વામિત્વ વર્તતું નથી. અમે તો અમારા ચૈતન્યરૂપ અસંખ્યપ્રદેશી સ્વ-દેશના રાજા છીએ, અનંતા નિર્મળ ગુણ-પર્યાયો તે અમારી પ્રજા છે; અમારા આનંદમાં અમે તન્મય છીએ, સંયોગ લક્ષણવાળા રાગાદિ સમસ્ત ભાવો અમારાથી જુદા છે.—

મારો સુશાશ્વત એક દર્શન-જ્ઞાનલક્ષણ જીવ છે,
બાકી બધા સંયોગલક્ષણ ભાવ મુજથી બાહ્ય છે.

જુઓ, આ ધર્માત્માની અનુભૂતિ! ધર્મી જીવ પોતાની અનુભૂતિમાં આવા નિજસ્વરૂપને સંચેતે છે-જાણે છે-અનુભવે છે. અહો, આવું ઉત્તમ મારું સ્વતત્ત્વ! આવા આનંદથી ઉલ્લસતું મારું સ્વતત્ત્વ! તેના અનુભવ પાસે ધર્મીને જગતના કોઈ પદાર્થનું કે કોઈ પરભાવનું સ્વામિત્વ સ્વપ્નેય રહ્યું નથી. આ પરમ મહિમાવંત ચૈતન્યનું સ્વામિત્વ છોડીને દુઃખદાયી પરભાવનું સ્વામિત્વ કોણ કરે? આમ માત્ર નિજસ્વરૂપના સ્વામિત્વની નિર્મળધારા ધર્મીને રાગ વખતેય વર્તી રહી છે; બંને ધારા જુદી જુદી વર્તે છે, તેમાંથી સ્વભાવધારાનું સ્વામિત્વ છે ને રાગધારાનું સ્વામિત્વ ધર્મીના જ્ઞાનમાં નથી.

અહો, ધર્મીના અંતરપરિણમનની આ અલૌકિક વાત!-તે જગતને માટે અટપટી છે, પણ જો સમજે તો પોતામાં ભેદજ્ઞાન થઈ જાય-એવી અપૂર્વ છે. ધર્મીની દૃષ્ટિ અલૌકિક છે, એના સ્વામિપણાં સ્વ-ભાવમાં જ સમાય છે; સ્વભાવમાંથી બહાર નીકળીને પરભાવનું અંશમાત્ર સ્વામિપણું કરવા જતા નથી. જેટલો પોતાનો નિજ ભાવ તેટલું જ પોતાનું સ્વ, ને તેનો આત્મા

કર્તા-કર્મપણું, સ્વ-સ્વામીપણું તે એક જ વસ્તુમાં હોય છે, ભિન્ન વસ્તુમાં નથી હોતું. જડનો કર્તા જડ, જડનું કાર્ય જડ, જડનો સ્વામી જડ, જડ સાથે જેને એકતા તે જડ; ચેતનનો કર્તા ચેતન, ચેતનનું કાર્ય ચેતન, ચેતનનો સ્વામી ચેતન, ચેતન સાથે જેને એકતા તે ચેતન;—આમ બંનેને અત્યંત ભિન્નતા છે. આત્માથી જુદું હોય તેનો સ્વામી આત્મા નથી; આત્માનું જે સ્વ હોય તે આત્માથી જુદું ન હોય. મારા નિર્મળ ગુણ-પર્યાયો મારાથી જુદા નથી, તેમાં તન્મયતા છે તેથી તે મારું 'સ્વ' છે,—એમ ધર્મી જાણે છે. આ વાત ગા. ૨૦૭–૨૦૮ માં સરસ રીતે સમજાવી છે. તેમાં કહે છે કે 'જે જેનો સ્વ ભાવ છે તે તેનું સ્વ છે, અને તે તેનો સ્વામી છે' આમ જાણવું તે સૂક્ષ્મ તીક્ષ્ણ તત્ત્વદૃષ્ટિ છે; આવી તત્ત્વદૃષ્ટિવડે જ્ઞાની પોતાના આત્માને જ આત્માનો પરિગ્રહ નિયમથી જાણે છે, તેથી પરદ્રવ્યને 'આ મારું સ્વ નથી, હું આનો સ્વામી નથી' એમ જાણતો થકો પરિગ્રહતો નથી.

જો અજીવ પરદ્રવ્યને હું પરિગ્રહું તો અવશ્યમેવ તે અજીવ મારું સ્વ થાય, ને હું પણ અવશ્યમેવ તે અજીવનો સ્વામી થાઉં. અજીવનો સ્વામી તો અજીવ જ હોય. હું કાંઈ અજીવ નથી. મારો જ્ઞાયકભાવ તે જ મારું સ્વ છે ને તેનો જ હું સ્વામી છું,–આમ જાણતો થકો ધર્મી પોતાના જ્ઞાતાપણામાં જ રહે છે. તે જ્ઞાતાપણામાં રાગનુંય સ્વામિત્વ નથી. અહો, આવી અંતરદશા જ્ઞાનીની છે. અત્યારે તો અહીં જ્ઞાનીઓની ઓછપ, ને ઊંધું માનનારા જીવોના ઢગલા!–તેમાં સત્ય સમજવું જીવોને મોંઘું થઈ પડયું છે... ભગવાનનો મારગ મોંઘો થઈ ગયો છે...પણ હે જીવ! આ તત્ત્વ સમજ્યા વગર તું ભગવાનનો ભક્ત કે જ્ઞાનીનો સાચો સેવક થઈ શકીશ નહીં. તારું સાચું સ્વતત્ત્વ શું છે તે સમજ, એ જ ભગવાનની ને જ્ઞાનીઓની ખરી સેવા છે, એ જ એમની આજ્ઞા છે.

આત્મા આત્મભાવોનો સ્વામી છે. આત્મભાવ કોને કહેવાય? આત્મ-સ્વભાવના આશ્રયે પ્રગટેલા એવા સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રાદિ શુદ્ધ ભાવો તે જ આત્માના ભાવો છે, અને તેમની સાથે જ આત્માને સ્વ-સ્વામીસંબંધરૂપ એકતા છે. જેનાથી કર્મ બંધાય એવા કોઈ પણ રાગાદિ ભાવો તે ખરેખર આત્માના સ્વ ભાવો નથી, નિજ ભાવો નથી; અને જે આત્માનું સ્વ નથી તે આત્માનું સાધન પણ નથી, તેમાં આત્માનું કર્તૃત્વ પણ નથી. એટલે શુભરાગ

આનંદ તને થશે. સમ્યગ્દર્શનસહિત નરકના જીવો [illegible] પણ આવા આત્માને આનંદસહિત અનુભવે છે, ત્યાં નરક [illegible] દુઃખને અને પ્રતિકૂળ સંયોગને પોતામાં અભાવપણે રાખીને, આનંદ [illegible] તન્મયપણે પરિણમી રહ્યા છે. એનો તો દાખલો આપ્યો, બાકી આ [illegible] એવા આત્માનો આનંદસહિત અનુભવ કરનારા અનેક જીવો છે. તો [illegible] અનુભવ થઈ શકે છે.

રાગનું કાર્ય દુઃખ છે, તેનો શુદ્ધઆત્મામાં અભાવ છે. આત્મા આનંદસ્વભાવી છે તે સ્વભાવ દુઃખનું કારણ થતો નથી, કેમકે તેમાં દુઃખ છે જ નહીં. સમ્યગ્દષ્ટિ આવા આત્માને અનુભવતા હોવાથી તેને આનંદનું વેદન છે ને દુઃખનો અભાવ છે. આત્માના જ્ઞાન-દર્શન-આનંદ-પ્રભુતા વગેરે સર્વે ગુણોમાં વિભાવનું અભાવપણું છે; એટલે શુભરાગ કારણ અને જ્ઞાનાદિની નિર્મળદશા તેનું કાર્ય —એવું કારણ-કાર્યપણું પણ નથી. જ્યાં સુધી રાગ સાથે કારણ-કાર્યપણાની બુદ્ધિ છે ત્યાં સુધી રાગ વગરનો શુદ્ધઆત્મા અનુભવમાં આવતો નથી. સ્વભાવની શક્તિમાં જ સાધ્ય-સાધનપણું છે, બહારમાં નથી. રાગરૂપ વ્યવહારના અભાવપણે શુદ્ધપરિણતિ પરિણમે છે. જે જીવ વિકારને (શુભરાગને) પોતાની શુદ્ધતાનું સાધન માને તે તેનાથી પોતાની ભિન્નતા કેમ જાણે? તેણે તો રાગને અને આત્માના સ્વભાવને એક જ માન્યા છે, તેમનું ભેદજ્ઞાન તેને નથી; એટલે રાગ વગરની શુદ્ધતાની પ્રાપ્તિ તેને થતી નથી. રાગને કારણ બનાવ્યા વગર, પોતાના સ્વભાવને જ પોતાનું કારણ બનાવીને, અને રાગને અભાવપણે રાખીને સમ્યગ્દર્શનાદિરૂપે પરિણમે એવું આત્માનું કાર્ય છે. આત્માના અનંત ગુણની અદ્ભુત લીલા છે, —જેમાં પરની સાથે જરાય કારણ-કાર્યપણું નથી. આત્માની લીલામાં આત્માની મજા છે, તેમાં જો. બાકી પરભાવમાં તો આકુળતાની ભઠ્ઠી છે.

રાગને અને જ્ઞાનને કારણ-કાર્યપણું નથી, જ્ઞાનમાં રાગનો અભાવ છે. રાગના અભાવપણે જ જ્ઞાન પરિણમે છે ને સદાકાળ તેના અભાવપણે જ પરિણમશે. બસ, આવું ભેદજ્ઞાન જેણે કર્યું તેને પોતાની મુક્તિનો નિર્ણય થઈ ગયો, પોતાનો શુદ્ધ મુક્તસ્વભાવ જ્યાં પોતાના અનુભવમાં આવી ગયો ત્યાં બીજાને પૂછવા જવું ન પડે; પોતાના અનુભવના જોરે જ પોતાની મુક્તિનો નિઃસંદેહ નિર્ણય થઈ જાય છે. જ્યાં આત્મા પોતે રાગના અભાવપણે

પોતાની અનંતશક્તિના નિર્મળભાવોને ન્યાળે કે ચૈતન્યના ભંડારમાં શું શું ભરી છે. દુઃખ કે વિકાર નથી ત્યાં જરાય. આનંદ ગુણરત્નોથી ભરેલો આત્મપટારા ખોલીને સન્તો બતાવે છે કે અહો! તારી પાસે જેવા રત્ન છે તેવા જગતમાં બીજે ક્યાંય નથી; જગતની સમસ્ત સામગ્રી વડે પણ જેનું મુલ્યાંકન થઈ ન શકે એવી આત્મસામગ્રી તારામાં જ.

જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા જગતમાં જ્યાં જ્યાં હો ત્યાં રાગાદિના અભાવસ્વભાવે જ રહ્યો છે. આત્માના આવા સ્વભાવની સન્મુખતાથી રાગના અભાવરૂપ જ્ઞાનનું જે પરિણમન થયું તે સદાકાળ તેવું જ રહેશે. રાગાદિનો ગુણશક્તિમાં તો અભાવ હતો જ, ને તેનું ભાન થતાં પર્યાયમાં પણ સાદિ-અનંત અભાવ થયો. સ્વભાવથી પૂર્ણ ભરેલું, ને વિભાવોથી સાવ ખાલી (-અભાવરૂપ) આવું ચૈતન્યરત્ન તેનો અપાર મહિમા છે. અનંત ગુણરત્નોથી ભરેલો ચૈતન્યરત્નાકર આત્મા છે તેમાં ઉદયભાવરૂપ મલિનતા નથી. ઉદયભાવના અભાવરૂપ પ્રશાંત ચૈતન્યરસથી ઉલ્લસતો આત્મા છે. તત્ત્વાર્થસૂત્રમાં ઉદયભાવને જીવનું સ્વતત્ત્વ કહ્યું છે તે તો જીવની પર્યાયોનું જ્ઞાન કરાવવા કહ્યું છે; અહીં જીવના શુદ્ધસ્વરૂપનું જ્ઞાન કરાવવું છે. શુદ્ધસ્વરૂપમાં ઉદયભાવ ન આવે, તેથી અહીં શુદ્ધજીવમાં ઉદયભાવનો અભાવ કહ્યો. ને આવા શુદ્ધ જીવસ્વરૂપનો અનુભવ કરતાં પર્યાયમાં પણ ઉદયભાવની ઉત્પત્તિ થતી નથી, તેનો અભાવ થઈ જાય છે. આ રીતે સ્વસન્મુખ વળેલી પરિણતિમાં ઉદયભાવનો અભાવ છે; સ્વસન્મુખ પરિણતિએ જેટલો આત્મા અનુભવ્યો તેટલો જ શુદ્ધઆત્મા છે, તેને જ અહીં આત્મા કહ્યો છે.

નિશ્ચયદૃષ્ટિવડે આવા આત્માને અનુભવમાં લેતાં સમ્યગ્દર્શન થયું; સમ્યગ્દર્શન થતાં ધર્મીને ભવનો નાશ થયો, ને એકલો સ્વભાવભાવે પરિણમતો આત્મા રહ્યો. તે સ્વભાવરૂપે પરિણમતો-પરિણમતો કેવળજ્ઞાનરૂપ થઈ જશે. તે પરિણમનમાં રાગનો અભાવ થયો ને અભાવ જ રહેશે.

અભાવ-અભાવશક્તિનું વર્ણન પૂરું થયું. (૩૮)



આત્માના સ્વરૂપમાં એકાગ્ર થતાં કારકભેદની ક્રિયા વગર જ અસંખ્ય-પ્રદેશે સર્વજ્ઞતા પરિણમી ગઈ. ને તીર્થંકરના શરીરયોગે વાણી સહજ નીકળી; તે વાણીનો કર્તા આત્મા નથી; તે વાણીમાં સ્વ-પરને જાણવાની તાકાત નથી પણ સ્વ-પરની વાર્તા કહેવાની તાકાત છે. જાણનારમાં કહેવાની તાકાત નથી (અર્થાત જ્ઞાનમાં વાણી નથી), ને કહેનારમાં જાણવાની તાકાત નથી (અર્થાત્ વાણીમાં જ્ઞાન નથી). તે વાણીમાં એમ આવ્યું કે હે આત્મા! તું અનંત ગુણનો ભંડાર છો; તારા આત્મામાં એવી ભાવશક્તિ છે કે ભેદરૂપ વિકારી કારકો વગર જ તે નિર્મળપણે પરિણમે. નિર્મળપરિણમનમાં ભેદરૂપ કારકોનું અવલંબન નથી. ભેદરૂપ કારકોઅનુસાર થતી ક્રિયાનો નિર્મળ જ્ઞાનપરિણમનમાં અભાવ છે.

આત્મા પોતે જ છ કારકરૂપ થઈને જ્ઞાન અને સુખરૂપે પરિણમે છે; ત્યાં બાહ્ય કારણોની તો તેને અપેક્ષા નથી. ને અંદરમાં હું કર્તા, હું જ કર્મ, હું જ સાધન. એવા કારકભેદના વિકલ્પો પણ કાંઈ જ્ઞાન કે સુખરૂપ પરિણમવાનું કારણ નથી. તે વિકલ્પો છે માટે અહીં નિર્મળભાવનું ભવન થાય છે એમ નથી. તે વિકલ્પોથી નિરપેક્ષપણે આત્મા સ્વયં જ્ઞાનરૂપ ને સુખરૂપ થાય છે; તે જ સાચું જીવન છે. જેણે સાચું આનંદમય જીવન જીવવું હોય તેણે અંતર્મુખ થઈને આત્મામાં પરિણમવાનું છે. ભાઈ, બહાવરો થઈને બહારમાં તારા કારણને શોધ મા. રાગવડેય ચૈતન્યરાજા પ્રસન્ન થાય તેવા નથી, ચૈતન્યરાજા તો તેનામાં એકાગ્રતા વડે જ પ્રસન્ન થાય તેવા છે. માટે અંતર્મુખ થા...અંતર્મુખ એટલે કે સ્વસન્મુખ થવું તે જ ભગવાનનો માર્ગ છે. બીજા કોઈ સાધનોની અપેક્ષા વગર પોતે સ્વયં કેવળજ્ઞાનાદિરૂપ પરિણમે છે તેથી તેને સ્વયંભૂ કહ્યો છે.

અજ્ઞાની કહે છે કે શુભરાગ મારું સાધન ને કારક થાય.

આચાર્યદેવ કહે છે કે રાગના કારક વગર જ પરિણમવાનો આત્માનો સ્વભાવ છે. જ્ઞાનપરિણમનમાં રાગની ક્રિયા કેવી? જો કે અહીં તો શુદ્ધભાવની જ વાત છે; પરંતુ અશુદ્ધતામાં પણ અન્ય કારકોની અપેક્ષા નથી. 'स्वयमेव षट्कारकीरूपेण व्यवतिष्ठमानं न कारकांतरमपेक्षते.' પંચાસ્તિકાયની ગા. ૬૨ માં તથા ૬૬માં કહેલો આ સિદ્ધાન્ત શુદ્ધતામાં કે અશુદ્ધતામાં, તેમજ ચેતનમાં કે જડમાં, સમસ્ત પદાર્થોમાં લાગુ પડે છે. પદાર્થો સ્વયમેવ પોતે પોતાના

છ કારકરૂપ થઈને પરિણમે છે. તેથી [illegible]
નથી. અહીં તો તે ઉપરાંત પોતાની [illegible]
છ કારકોના ભેદનો પણ વિકલ્પ નથી. [illegible]
નિષેધ કર્યો; ને પછી પોતાનાં [illegible]
(૮૦મી શક્તિમાં.)

છે. પોતે જ શુદ્ધ ઉપયોગના પ્રભાવથી કર્તા–કર્મ–કરણ સાધનરૂપ કરણ-સંપ્રદાન–અપાદાન ને અધિકરણ એવા છ કારકરૂપ થઈને નિજાનંદરૂપે પરિણમતો હોવાથી ભગવાન આત્મા 'સ્વયંભૂ' છે. નિશ્ચયથી આત્માને પરની સાથે કારણપણાનો સંબંધ નથી; છતાં પોતાના શુદ્ધાત્માની પ્રાપ્તિને માટે બાહ્યસામગ્રી શોધવાની વ્યગ્રતાથી જીવો નકામા પરતંત્ર ને ખેદખિન્ન કેમ થાય છે? અજ્ઞાની પરથી નિરપેક્ષપણે જ્ઞાન ને આનંદરૂપે પરિણમવાના પોતાના સ્વભાવને જાણતો નથી. ને બહારના સાધનવડે મને કંઈક શુદ્ધતા મળશે–એવી પરાશ્રયબુદ્ધિથી આકુળ–વ્યાકુળ થયા કરે છે. ક્યાંય તેના પરિણામ ઠરતા નથી, ઠરવાનું ધામ તો આતમરામ છે, એને તો તે જાણતો નથી. અહીં તો કહે છે કે જ્ઞાનની અભેદઅનુભૂતિમાં કર્તા–કર્મ વગેરે કારકોનો ભેદ રહેતો નથી, ભેદરૂપ કારકોની ક્રિયા ત્યાં અસ્ત થઈ ગઈ છે.

પ્રવચનસાર ગા. ૧૨૬ માં કહે છે કે– બંધમાર્ગમાં તેમજ મોક્ષમાર્ગમાં આત્મા એકલો જ છે. જ્યારે હું સંસારી હતો ત્યારે (અજ્ઞાનદશામાં) પણ મારું કોઈ પણ સંબંધી ન હતું, ત્યારે પણ હું એકલો જ કર્તા હતો. હમણાં પણ (મુમુક્ષુદશામાં અર્થાત્ જ્ઞાનદશામાં) પણ હું એકલો જ કર્તા છું. આ રીતે બંધમાર્ગમાં તેમજ મોક્ષમાર્ગમાં આત્મા એકલો જ છે.—આવું ભેદજ્ઞાન કરનાર જીવને શુદ્ધતારૂપ પરિણમન હોય છે. પરથી ભિન્નતા જાણીને સ્વમાં એકતા કરી ત્યાં શુદ્ધતા પ્રગટી.

અહીં આત્માનો જ્ઞાનસ્વભાવ બતાવવા તેનામાં વિકારનું અકર્તાપણું કહ્યું. પરથી ભિન્નતા જાણવાનુ ફળ પણ એ છે કે સ્વસન્મુખ થઈને વિકારનો અકર્તા થયો. આ રીતે હજારો શાસ્ત્રોનું તાત્પર્ય તો અંતે એક જ આવીને ઊભું રહે છે કે સ્વભાવમાં ઉપયોગને એકાગ્ર કરવો. એમાં પરથી ભિન્નતા પણ આવી ગઈ, ને વિકારનું અકર્તાપણું પણ આવી ગયું.

વિકારનું સાધન આત્માના સ્વભાવમાં નથી, તેમજ વિકારનું સાધન પરવસ્તુ નથી; તે–તે સમયની અવસ્થાના અશુદ્ધકારકો વડે વિકાર થાય છે. શુદ્ધતાના કારક થાય એવી છ કારક શક્તિઓ આત્મામાં છે, તેનું વર્ણન હવે આવશે.

જેમ ઊંચી કિંમતના હીરા સરાણે ચડે ત્યાં તેની જે રજ પડે તે પણ ઊંચી જાતની હોય છે; તેમ અહીં ચૈતન્યહીરો સ્વાનુભવની સરાણે ચડયો છે,

તેના ફળો તેના નિયમપૂર્વક [illegible]
છે. ચૈતન્યના અનુભાવના [illegible]
છે, ને તેની અનન્ય ઇન્દ્રિયો [illegible]
[illegible] કરનાં [illegible]
નથી, ચૈતન્યવાદીઓની જ [illegible] છે.


જાણે ખરી પણ આંખ પોતે કાંઈ ખાડો ખોદે નહિ. તેનાથી તે જુદી જ રહે છે; તેમ જ્ઞાનચક્ષુ વિકારને જાણે ભલે પણ તે વિકારમાં તન્મય થઈને તેને કરવા જાય નહિ, તેનાથી જુદું જ રહે. એવો તેનો સ્વભાવ છે.

સર્વજ્ઞદેવે કહેલા આત્માનું આ વર્ણન છે. આત્માનું લક્ષણ ચૈતન્ય છે. ચૈતન્યની અસ્તિમાં વિકલ્પની નાસ્તિ છે. ચોથા ગુણસ્થાને આત્માનું આવું પરિણમન ધર્મીને પ્રગટ્યું છે. રાગસહિત રહેવું તે સમ્યગ્દર્શન નથી. રાગરહિત પરિણમન તે સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શનની સાથે તે કાળે રાગ હો ભલે, પણ તે સમ્યગ્દર્શનથી ભિન્નપણે છે, એકપણે નથી. રાગમાં એકતા રાખીને સમ્યગ્દર્શન થાય નહીં.

વિદેહક્ષેત્રમાં વિદ્યમાન તીર્થંકરપણે બિરાજમાન શ્રી સીમંધરભગવાન, જેમની પાસે સો ઈન્દ્રો ભક્તિપૂર્વક આવીને શ્રવણ કરે, તે ભગવાન પાસે જઈને કુંદકુંદસ્વામી આ અદ્ભુત આત્મવૈભવ લાવ્યા છે; પોતે જાતે અનુભવીને ભરતક્ષેત્રના જીવોને આ 'આત્મવૈભવ' આપ્યો છે. જગતના જીવોને પોતાના આત્માના વૈભવની ખબર નથી. અરે, આવું મહિમાવંતુ આત્મતત્ત્વ, તેને સાધવાની જીવને નવરાશ કેમ નથી મળતી! બીજી પ્રયોજન વગરની ઉપાધિમાં લાગ્યો રહે છે, પણ ભાઈ! તારા આત્માની અદ્ભુતતા તો દેખ. અહો! ચૈતન્યનો કોઈ અદ્ભુત આનંદકારી સ્વભાવ છે, તેને તો તારામાં દેખ. –તેમાં વિકારની ક્રિયા નથી, જગતની પરભાવની કોઈ ઉપાધિ નથી. વિકારની ક્રિયાથી રહિત નિજાનંદમાં કેલિ કરતુ તારું ચૈતન્યતત્ત્વ પરિણમી રહ્યું છે, તેને અંતરમાં જો.

અંતર્મુખ જ્ઞાનમાં આત્માની પ્રસિદ્ધિ છે, રાગમાં આત્માની પ્રસિદ્ધિ નથી. પર કારકોની અપેક્ષા રાખ્યા વગર, અને ભેદને અવલંબ્યા વગર આત્મા પોતાના અનંત ગુણની નિર્મળ પર્યાયે પરિણમનારો છે. આવા એક નિજાત્માને જેણે જાણ્યો તેણે દુનિયામાં જાણવા યોગ્ય સર્વને જાણી લીધું; તેણે સિદ્ધને જાણ્યા, તેણે અરિહંતોને ઓળખ્યા, તેણે નવતત્ત્વનો સાર જાણ્યો, તેણે મુનિને ઓળખ્યા. અને જેણે આવા આત્માને જાણ્યો નહિ તેનું બીજું સર્વ જાણપણું પણ જૂઠું છે, તે જાણપણામાં આત્મકલ્યાણ નથી. અનંત ગુણ–પર્યાયના વૈભવવાળા આત્માને જેણે જાણ્યો તેણે ચૌદ બ્રહ્માંડના સારને જાણી લીધો અહા, આત્માને જાણવામાં અંતર્મુખ ઉપયોગનો અનંત પુરુષાર્થ

છે; તેમાં તો મોક્ષમાર્ગ આવી જાય છે. [illegible]
આવી ભિન્નતા જાણી. એટલે બાહ્ય [illegible]
ધર્મોને હોય છે. તે ધર્મો નિજ [illegible]
[illegible] છે. એ પ્રમાણે આત્મસિદ્ધિ [illegible]
ક્રિયા બતાવશે.



"અમે અમારા આત્મવૈભવને સાધવામા મશગૂલ છીએ."

[૧૦]

ક્રિયા શક્તિ

[[illegible]]

જ્ઞાનસ્વરૂપ આત્મામાં એક એવી ક્રિયાશક્તિ છે કે પોતાના નિજ-કારકોને અનુસરીને થતા નિર્મળભાવની ક્રિયારૂપે તે પરિણમે છે. આ ભેદરૂપ વિકારી છ કારકોની ક્રિયાનો નિષેધ કરે છે, ને આ તો નિર્મળ નિજ કારકોઅનુસાર ક્રિયાની વાત છે. પોતે જ છએ કારકરૂપે પરિણમતો આત્મા સમ્યગ્દર્શનાદિ ભાવરૂપે પરિણમવાની પોતાની ક્રિયાને કરે છે; બહારના કોઈ કારકની અપેક્ષા તે રાખતો નથી. તેમજ ભેદને આધાર બનાવતો નથી, ભેદ કે નિ-વિકારને તે પોતાનાં કારક (સાધન) બનાવતો નથી. આત્માની ક્રિયા આત્માના જ કારકોને અનુસરે છે. બીજા કોઈને અનુસરતી નથી. તેમજ આત્મા પોતાના નિર્મળભાવની ક્રિયાવડે વિકારનો કારક થતો નથી. આવી ક્રિયાશક્તિવાળો આત્મા જ્ઞાનમય છે.

આત્મા સમ્યગ્દર્શન કે કેવળજ્ઞાન વગેરે નિર્મળપર્યાયરૂપ કાર્યને પોતાના સાધનથી કરે એવી આત્માની તાકાત છે. પોતાના જ કારકોને અનુસરીને નિર્મળભાવરૂપે પરિણમવાની ક્રિયા આત્મા કરે છે.

પોતાની ધર્મપર્યાયનો આત્મા જ કર્તા,
ધર્મપર્યાયરૂપે પરિણમેલો આત્મા જ કર્મ,
ધર્મપર્યાય થવાનુ ઉત્કૃષ્ટસાધન આત્મા;
ધર્મપર્યાય લેવાના પાત્રરૂપ સંપ્રદાન પણ આત્મા,
ધર્મપર્યાયમા ધ્રુવ-અપાદાનરૂપ પણ આત્મા,
અને ધર્મપર્યાયનો આધાર પણ આત્મા,
એનું સ્વ-સ્વામીપણું પણ આત્મા સાથે.

—આ રીતે આત્મા પોતે પોતાના આવા છ કારકોને અભેદપણે અનુ-સરતો થકો પરિણમનક્રિયાને કરે છે. આ ક્રિયામાં કાંઈ વિકલ્પ નથી. નિર્મળ પર્યાયના કર્તા થવા માટે વિકલ્પ કરવો પડે એવું નથી. જેમ સિદ્ધભગવંતો વિકલ્પ વગર જ કર્તા થઈને પોતાની સિદ્ધત્વપર્યાયને કર્યા જ કરે છે, તેમ દરેક આત્મા વિકલ્પ વગર જ પોતાના નિર્મળ ભાવરૂપ ક્રિયાનો કર્તા થવાની, તેનું સાધન થવાની, છએ કારકરૂપ થવાની શક્તિવાળો છે. વિકલ્પોમાં એવી શક્તિ નથી કે આત્માની નિર્મળ પર્યાયને માટે તે કારકરૂપ થાય.

હું ચેતનારો, હું મને ચેતું છું, હું મારી ચેતનાવડે ચેતું છું-એમ સ્વસંવેદનમાં અભેદપણે છએ કારકો સમાઈ જાય છે; હું પણ, ચેતનારો, હું

[illegible] છે. [illegible]
[illegible] નથી. [illegible]
છે. [illegible]
[illegible] 'ભાવ' [illegible]
[illegible]
[illegible]
છે [illegible]
[illegible] સ્વભાવ છે, [illegible]

કેટલા દિ'માં અનુભવ થાય ?

જેવી પોતાની રુચિની ઉગ્રતા. કોઈને અંતર્મુહૂર્તમાં જ અનુભવ થાય છે. પણ એને માટે મુદત ન હોય કે આટલા દિવસમાં અનુભવ થઈ જાય તો જ કરવો છે. રુચિવાળી વસ્તુના પ્રયત્નમાં હદ ન હોય, કાળની મર્યાદા ન હોય. જો કે ખરા મુમુક્ષુને રુચિની ઉગ્રતા તો એવી હોય કે આજે જ અત્યારે જ આત્મામાં ઊતરીને તેને અનુભવમાં લઉં. પછી પ્રયત્ન ઉપડતાં ઉપડતાં જરાક વાર લાગે તો તે થાકીને પ્રયત્ન છોડી દેતો નથી. પણ વધુ ને વધુ ઉગ્ર પ્રયત્ન વડે ઉદ્યમ કરીને અંતે સાક્ષાત્ આત્માનો અનુભવ કરે છે. સાચી રુચિના પ્રયત્ન વડે એવો અનુભવ જરૂર થાય છે. ખરો આત્માર્થી એવા દૃઢ નિશ્ચયવાળો હોય છે કે અંતર્દૃષ્ટિથી આત્માને દેખ્યે છૂટકો, ત્યાં સુધી બહાર નીકળવું નથી, રુચીને બીજે ક્યાંય જવા દેવી નથી. એકધારો આવો પ્રયત્ન કરનારને આત્માના આનંદની પ્રાપ્તિ જરૂર થાય છે. આવા અંતરના ઉગ્ર પ્રયત્ન વગર આત્મા અનુભવમાં આવે નહીં. ભાઈ, નિર્વિકલ્પાતીત ભગવાન આત્મા, આનંદનો નાથ, તેને તે પૂર્વે કદી અનુભવમાં લીધો નથી, તેને અનુભવમાં લેવાનો આ અવસર છે. માટે હે વાલીડા! અત્યારે તું આળસ કરીશ નહીં, પ્રમાદી થઈશ મા.

મારે મારા આત્માનો ધંધો કરવો છે, બહારનો ધંધો કરવો નથી. બહારનો ધંધો આત્મામાં નથી. જેના વેપારથી એટલે કે જેમાં ઉપયોગને જોડવાથી આત્માને આનંદનો લાભ થાય એવો વેપાર મારે કરવો છે. બહારમાં ઉપયોગ ભમાવતાં તો અનંતકાળ વીત્યો પણ આનંદ ન મળ્યો, માટે હે જીવ! હવે તારા ઉપયોગને અંતરમાં જોડ. ભાઈ, તારી ચૈતન્યવસ્તુનો અપાર મહિમા છે. અંતરમાં નજર કરીને તારી ચૈતન્યચીજને દેખ તો ખરો! અરે, પોતે પોતાને ન દેખે –એ કેવી વાત! ચૈતન્યવસ્તુને જે નથી દેખતો તેણે આત્માને ખરેખર માન્યો નથી.

- શરીર વગેરે અજીવની સાથે આત્માને કર્તાકર્મપણું જે માને તેણે અજીવ સાથે આત્માની એકતા માની એટલે કે આત્માને અજીવ માન્યો.

- રાગાદિ વિકાર સાથે આત્માને કર્તાકર્મપણું જે માને તેણે આત્મા અને આસ્રવને એક માન્યા, એટલે આત્માને અશુદ્ધ જ માન્યો.

આત્મામાં ક્રિયાશક્તિ છે એ ખરું. પણ તે [illegible] જડની ક્રિયાને કે રાગની ક્રિયાને કરે [illegible] આત્મા પોતાના સ્વભાવભૂત કારકોને અનુસરીને [illegible] ભાવરૂપે પરિણમે છે. તે નિર્મળ [illegible] એટલે તેમાં જ કર્તાકર્મ પણું છે.

વાહ રે વાહ! વીતરાગી સન્તોએ અંદરમાં પોતાનાં કામ તો કર્યાં ને વાણીમાં પણ અલૌકિક કથન આવી ગયું. –જગતના એટલા મહા ભાગ્ય છે.

પોતાના જ છ કારકોથી અનંત ગુણના વીતરાગભાવરૂપે પરિણમવાનો આત્માનો સ્વભાવ છે. એ સ્વભાવનું ભાન થતાં જ બીજા બધા કારકોને (–વ્યવહાર સાધનોને) અનુસરવાની બુદ્ધિ છૂટી જાય છે. એ કોઈ બાહ્યસાધન હોય તો તેને અનુસરીને મારી નિર્મળદશા થાય એવી બુદ્ધિ ધર્મીને રહેતી નથી. પોતાના અભેદકારકોને અનુસરતા નિર્મળભાવરૂપ ક્રિયા તેને થયા કરે છે.

ક્રિયાશક્તિનું વર્ણન પૂરું થયું. (૪૦)



અનંત ચૈતન્યવૈભવવાળા આત્માને જેણે જાણ્યો તેણે ચૌદ બ્રહ્માંડના સારને જાણી લીધો. અહા, આત્માને જાણવામાં અંતર્મુખ ઉપયોગનો અનંત પુરુષાર્થ છે, તેમા તો મોક્ષમાર્ગ આવી જાય છે. સ્વમા જે સન્મુખ થયો તેણે પરથી સાચી ભિન્નતા જાણી, એટલે ખરૂં ભેદજ્ઞાન થયું. આવી દશા હોય તે જીવ ધર્મી છે,—ભલે તે ગૃહસ્થપણામાં હોય.



જ્ઞાનસ્વરૂપ આત્માની હવે બાકી શક્તિનું વર્ણન કરતા હવે છેલ્લી શક્તિઓમાં છ કારકરૂપ થવાનો સ્વભાવ બતાવે છે, અને પછી પોતાના એક ભાવનું જ સ્વામીપણું બતાવીને આચાર્યદેવ આ વર્ણન પૂર્ણ કરશે. તેમાં પહેલાં કર્મશક્તિની વાત છે. આત્મામાં એવી શક્તિ છે કે પોતાનું જે કાર્ય થયું તે-મય પોતે વર્તે છે. કર્મ એટલે કે જ્ઞાનમાત્રમાં જે કાર્ય થયું તે કર્મ આત્માથી જુદું નથી, આત્મા તે ભાવમય છે. તે ભાવ 'સિદ્ધરૂપ' છે-એટલે કે તે સમયે કર્મપણે પ્રાપ્ત થયેલો ચોક્કસ ભાવ છે. તે કર્મપણે થાય એવી શક્તિ આત્મામાં પોતામાં છે બીજો કોઈ કર્તા થઈને આ આત્માને 'કર્મ' બનાવે એમ નથી. પર્યાયમાં કર્મપણે (કાર્યપણે) જે ભાવ પ્રાપ્ત થયો છે તે-રૂપે આત્મા પોતે પરિણમ્યો છે. અનંતગુણોમાં સ્વાભાવિક કાર્ય પ્રગટે તે કાર્યરૂપે આત્મા પરિણમે એવી આત્માની કર્મશક્તિ છે. જે નિર્મળ ભાવ થયો છે તેને 'સિદ્ધરૂપ ભાવ' કહેવાય, તે ભાવ તે સમયે કર્મપણે પ્રાપ્ત થયેલો છે એટલે કે આત્મા પોતે કર્મપણે પરિણમતો થકો તે-રૂપ થયો છે.

કર્મ એટલે કાર્ય; નિર્મળપર્યાય તે આત્માનું કર્મ છે, ભગવાન આત્મામાં છ કારક પોતાના છે, એટલે આત્માની પર્યાય પોતાથી જ સિદ્ધ છે; તે સ્વપર્યાયરૂપ કાર્યનો કર્તા આત્મા છે. જુઓ, આ સાચો કાર્યકર્તા! લોકોમાં તો 'કાર્યકર્તા'ના નામે માત્ર બહારનાં કાર્યોનું અભિમાન કરે છે, પણ કાંઈ તે કાર્યને આત્મા. કરી શકતો નથી. અંતર્મુખ થઈને સમ્યગ્દર્શનાદિ સ્વકાર્યને જે કરે તે જ સાચો કાર્યકર્તા છે. અને તે જ સાચો 'સુધારક' છે, કેમકે અનાદિથી નહિ પ્રગટેલી એવી શુદ્ધ પર્યાય પ્રગટ કરીને પોતાના આત્મામાં તેણે અપૂર્વ સુધારો કર્યો. પોતાની પર્યાયને સુધારે તે જ સાચો સુધારક.

અહીં 'સિદ્ધરૂપ થયેલા ભાવમય કર્મશક્તિ' એમ કહીને સિદ્ધ થયેલી નિર્મળપર્યાયને દ્રવ્ય સાથે અભેદ કરી દીધી. જ્યાં આત્મા શુદ્ધસ્વભાવે લક્ષગત થયો ત્યાં નિર્મળ-નિર્મળ પર્યાયો થવા લાગી; તેમાં નિર્દોષ શ્રદ્ધા, નિર્દોષ આનંદ વગેરે ભાવો પ્રગટ્યા. આવા શુદ્ધ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે મળીને આત્મા છે. ક્રમેક્રમે થતી નિર્મળ પર્યાયો, અને અક્રમે એક સાથે વર્તતા અનંત ગુણો, આવા અનંત નિર્મળ ગુણ-પર્યાયનો પિંડ આત્મા છે. આવા આત્મામાંથી એક પણ નિર્મળ ગુણને કે પર્યાયને કમ માને (ઓછું માને) તો

[illegible]]

[illegible] આત્માને [illegible] નથી [illegible]

[illegible] નથી. [illegible]

[illegible] એક પણ નિર્બળ [illegible]

[illegible] આત્મા [illegible]

[illegible] કરવાની તાકાત છે.

નિર્મળ અવસ્થા થઈ તે એક કર્મ છે; ને આત્મા તેમાં આત્મા તન્મય હોવાથી આત્મા જ કર્મ છે. પોતે જ કર્તા, ને પોતે જ પોતાનું કર્મ. પોતે પોતાને કરે?—કે હા, આત્મામાં એવી શક્તિ છે કે પોતે કર્તા થઈને નિર્મળકાર્યરૂપે પોતે પોતાને કરે છે. ને તેનું સાધન પણ પોતે જ થાય છે. આત્માના અચિંત્યસ્વભાવોના સામર્થ્યની જગતને ખબર નથી. અહીં આત્મામાં જ કર્તાપણું કર્મપણું વગેરે બતાવીને આચાર્યદેવે તેનું સામર્થ્ય પ્રસિદ્ધ કર્યું છે. ને સામર્થ્યમાં વિકાર ન આવે. વિકાર થાય તેને આત્મા પ્રાપ્ત કરતો નથી, ને વિકારભાવરૂપ કર્મપણે આત્મા થતો નથી. આત્મા પોતાના નિર્મળભાવરૂપ કર્મપણે જ થાય છે.

અરે ભગવાન! તારી નિર્મળપર્યાયરૂપ સ્વકાર્યને બદલે તારી દૃષ્ટિ પરના કાર્યમાં ક્યાં ગઈ? આત્મા અજ્ઞાનભાવે પણ પરનો કર્તા નથી, તે વિકારનો કર્તા છે. અને શુદ્ધદૃષ્ટિથી અનુભવતાં તો વિકારી કર્મરૂપ થવાનો પણ આત્માનો સ્વભાવ નથી. જડ કર્મથી ભિન્નતા બતાવવા રાગાદિને આત્માનું કાર્ય કહ્યું, પણ શુદ્ધ સ્વભાવથી જોતાં તે રાગાદિ કર્મરૂપે આત્મા થતો નથી, શુભાશુભરૂપે પોતે પરિણમતો નથી; શુદ્ધપર્યાયરૂપ કર્મરૂપે થાય એવો જ એનો સ્વભાવ છે. જ્યારે આવા શુદ્ધકાર્યરૂપે પોતે પરિણમ્યો ત્યારે જ ભગવાન આત્મા અનુભવમાં પ્રસિદ્ધ થયો, ને તે જ સાચો આત્મા છે.—આનું નામ આત્મ-પ્રસિદ્ધિ, ને એને આત્માનો વૈભવ પ્રાપ્ત થયો. પહેલાં હતો તો ખરો, પણ હવે અનુભવમાં આવ્યો.

ચૈતન્યપરમાત્મા પરમાનંદથી પૂરો, અનંતી આત્મસંપદાનો ધારક, તેનો જેને આદર નથી, લક્ષ નથી, ધ્યાન નથી તે વિકારીકાર્યને પોતાના કર્મ-રૂપે માને છે; પણ તેના તે વિકારી અંશમાં પણ પરનું કરવાની તાકાત નથી. રાગપરિણમન જેટલો જ પોતાને માનનારને સ્વભાવ-શક્તિની ખબર નથી, સ્વવૈભવની તેને ખબર નથી. તેણે પર્યાયના વિકારીઅંશને જ આત્મા માની લીધો. અહીં સમજાવે છે કે ભાઈ, એટલો તું નથી. વિકાર વગરના નિર્મળ પરિણામરૂપે થવાની તારી તાકાત છે. તારી કર્મશક્તિમાં જડનું કર્મ નથી, વિકારી કર્મ નથી, નિર્મળભાવરૂપી કર્મ તે-રૂપે આત્મા પોતે થાય છે, તેથી તેને 'સ્વયંભૂ' કહ્યો છે. આવા નિર્મળ-કર્મરૂપે થવાની શક્તિ પારિણામિકભાવે ત્રિકાળ છે, તેને ધરનાર આત્મા, તે આત્મસ્વભાવના લક્ષે પ્રાપ્ત થયેલા સમ્ય-ગ્દર્શનાદિ પર્યાયો તે સિદ્ધરૂપ ભાવ છે, કર્મશક્તિને લીધે આત્મા તે સિદ્ધરૂપ-

કાર્યરૂપે પોતે પરિણમે એવો આત્માનો સ્વભાવ જ છે, તે સ્વભાવ કોઈ બીજાને લીધે નથી. નિર્મળકાર્યરૂપે થવા માટે આત્માને બીજા કોઈનું અવલંબન નથી. બીજા કોઈ બહારના કારક નથી; પોતે સ્વયં પોતાથી જ છ કારકરૂપ થઈને નિર્મળભાવરૂપ થાય છે. જ્ઞાનગુણવડે આત્મા પોતે સ્વયંભાગે સ્વ-પર પ્રકાશકપણે પરિણમે છે; શ્રદ્ધાગુણવડે આત્મા પોતે સ્વયંભપણે નિજસ્વરૂપની શ્રદ્ધારૂપે પરિણમે છે; ચારિત્રગુણવડે આત્મા પોતે પોતામાં સ્થિર થવારૂપે પરિણમે છે; આનંદગુણવડે આત્મા પોતે પોતાના નિરાકુળ અતીન્દ્રિય આનંદરૂપે પરિણમે છે. આમ અનંતગુણોના સ્વકાર્યરૂપ કર્મપણે આત્મા પોતાની શક્તિથી જ પરિણમે છે.

પણ, મિથ્યાશ્રદ્ધા, અજ્ઞાન, રાગદ્વેષ વગેરે વિકારી કાર્યપણે અજ્ઞાની પરિણમે છે તેનું શું?–તો કહે છે કે એવા વિકારી કર્મરૂપ થાય એવી કોઈ શક્તિ આત્મસ્વભાવમાં નથી, એ તો અદ્ધરથી એટલે કે સ્વભાવની બહાર તે કાળની પરાશ્રિતપર્યાયથી વિકાર થયો છે. પણ જો શક્તિસન્મુખ થાય તો વિકાર વગરનું કાર્ય પ્રગટે. જ્ઞાનીને ભેદજ્ઞાન પછી જે અલ્પ રાગાદિ દેખાય છે તે ખરેખર તેનાથી ભિન્નપણે વર્તે છે, એકપણે નહિ; એટલે ખરેખર તો તે રાગાદિભાવો જ્ઞાનીનું કર્મ નથી, જ્ઞાનીનું કર્મ તો શુદ્ધપર્યાયરૂપ જ છે, તે કાર્યમય તે વર્તે છે; એ જ જ્ઞાનીનો પ્રાપ્ત કરાયેલો સિદ્ધરૂપ ભાવ છે.

અહા, જુઓ તો ખરા! આ તો ચૈતન્યસમુદ્ર ઉલ્લસી રહ્યો છે; અનંત શક્તિરૂપી રત્નોથી ભરેલા આનંદના દરિયાને અમૃતચંદ્રાચાર્યદેવે ઉલ્લસાવ્યો છે. જેમ ચંદ્ર ઊગે ત્યાં દરિયો ભરતીથી ઊછળે, તેમ ચૈતન્યચંદ્ર એવા અમૃતચંદ્રદેવે આ આત્મખ્યાતિટીકાવડે ચૈતન્યના દરિયાને અનંત નિર્મળ શક્તિથી ઉછાળ્યો છે–વૃદ્ધિગત કર્યો છે–પ્રગટ પરિણમાવ્યો છે. અહા, આવો આનંદનો સમુદ્ર...તેમાં હે જીવો! તમે મગ્ન થાઓ. જેમ સહેજે સમુદ્ર–રત્નાકર ઉલ્લસે ને ભરતી વડે અંદરના રત્નો ઊછળીને કિનારે આવી જાય–તે કોણ ન લ્યે! તેમ વીતરાગી સન્તોએ આ પંચમકાળમાં ચૈતન્યરત્નાકરને સ્વાનુભવદ્વારા ઉલ્લસાવીને ૪૭ શક્તિરૂપી રત્નો બહાર કાઢીને બતાવ્યા છે...તે કોણ ન લ્યે? આવી શક્તિદ્વારા આત્માનું સ્વરૂપ સમજાવ્યું તો તે કોણ ન અનુભવે! અહો! સંતોએ મહા ઉપકાર કર્યો છે. જગતના ચૈતન્યનિધાન જગતને દેખાડ્યા છે.

[illegible]]

[illegible] [illegible]

[illegible] આવેલા છે. [illegible]

[illegible] બીડેલા છે. અને [illegible]

[illegible] આવ્યું છે. [illegible]

છે, [illegible] [illegible]

[illegible] છે. [illegible]

[illegible] છે. [illegible]

[illegible] ન હોવત!' [illegible]

[illegible] છે: [illegible]

[illegible] છે. એને [illegible]

[illegible]

અત્યારે આત્માની કર્મત્વશક્તિનું વર્ણન ચાલે છે. કોઈ સંયોગો આત્માની પર્યાયરૂપ થતા નથી; રાગાદિ વિકલ્પો પણ આત્માની નિર્મળપર્યાયરૂપ થતા નથી; નિજશક્તિના બળે આત્મા પોતે નિર્મળપર્યાયરૂપ થાય છે, આત્મા પોતે પોતામાંથી તે નિર્મળકાર્યને પ્રાપ્ત કરે છે. ભાઈ, તારે તારા સમ્યક્ત્વાદિ નિર્મળ કાર્ય માટે ક્યાંય બીજે જોવાનું રહેતુ નથી. તારી શક્તિમાં જ જો.

ક્ષાયિકસમ્યક્ત્વ થતી વખતે કેવળી કે શ્રુતકેવળી ભગવંતોની સમીપતા જ હોય, એ નિયમ છે; પણ તેથી કાંઈ આ ક્ષાયિકસમ્યક્ત્વ તે આત્મા કેવળી-શ્રુતકેવળીનુ કર્મ નથી, આત્મા જ પોતે પોતાના સ્વભાવથી તેરૂપે પરિણમ્યો છે એટલે આત્માનું જ તે કર્મ છે. કર્મ એટલે નિર્મળપર્યાયરૂપ કામ. પોતાના શ્રદ્ધાનુસ્વભાવના બળે આત્મા પોતે ક્ષાયિકસમ્યક્ત્વરૂપ થાય છે; સ્વદ્રવ્યના આશ્રયે તેની પ્રાપ્તિ થાય છે; અંતરમાં કેવળ-સ્વદ્રવ્યની સમીપતા છે, ને બહારમાં કેવળીની સમીપતા છે. સમ્યગ્દૃષ્ટિએ પોતાની દૃષ્ટિમાં કોઈ પરદ્રવ્યને સમીપ નથી રાખ્યા, વિકલ્પને સમીપમાં નથી રાખ્યા, તે બધાને તો દૂર રાખ્યા છે એટલે કે પોતાથી જુદા રાખ્યા છે; ને અનંતશક્તિમય નિજસ્વભાવને જ સમીપ રાખ્યો છે, તેમાં જ એકતા કરી છે; તેનાથી જરાય જુદાપણું નથી રાખ્યું, એટલે તેનાથી દૂર નથી, તે સદા સમીપમાં જ વર્તે છે.

જુઓ, આ ધર્માત્માની અંતરદશા! ચોથા ગુણસ્થાનથી માંડીને ધર્મીને આવી દશા હોય છે. વસ્તુમાં નિર્મળપર્યાયરૂપ કર્મ પોતાની જ શક્તિથી થાય છે, તેને બદલે પરને લીધે થવાનું માનતાં અર્થનો અનર્થ થઈ જાય છે. 'અર્થ' એટલે વસ્તુનો દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વભાવ; તેને સ્વાધીન ન માનતાં પરને લીધે જેણે માન્યું તેણે અર્થનું (વસ્તુનું) અસ્તિત્વ પરને લીધે માન્યું, એટલે તેની માન્યતામાં અર્થનો અનર્થ થઈ ગયો. શુભરાગમાંથી શુદ્ધઉપયોગની પ્રાપ્તિ થવાનું માને તો તેમાં પણ અનર્થ થાય છે. જ્ઞાનમય આત્મા, તેના અનંત ગુણ ને નિર્મળપર્યાયો તે બધા 'અર્થ'માં સમાય છે; પણ તેનું અર્થપણું જો પરને લીધે કે રાગને લીધે માને તો અર્થની સ્વતંત્રતા ઉપર બળજોરી થાય છે, શુદ્ધઅર્થનું અર્થપણું રહેતુ નથી, 'અનર્થ' થઈ જાય છે, એટલે કે તેમ માનનાર જીવની પર્યાયમાં અશુદ્ધતા થાય છે, અહિત થાય છે, તે જ અનર્થ છે.

રાગને લઈને પોતાની શુદ્ધતા થવાનું જે માને છે તે પોતાની સ્વતંત્ર

પોતે પોતાની શક્તિથી તે કર્મરૂપ થયો છે. માટે તારી પર્યાયની [illegible] તું તારા સ્વભાવ સામે જો. પરની સામે ન જો. વિકારની સામે ન જો. પૂર્ણ પર્યાયની સામે ન જો. પર્યાયના ભેદને કે ગુણભેદને જોવામાં પણ ન રોકા; અખંડસ્વભાવી તારી ચૈતન્યવસ્તુને જો. ચૈતન્યવસ્તુનું બહુમાન કર. પરની સામે કે વિકારની સામે જોઈને જે લાભ માને છે તેને પોતાના દ્રવ્યસ્વભાવ-રૂપ ભગવાનનું મહાત્મ્ય ન આવ્યું. સ્વદ્રવ્યના આશ્રયે નિર્મળ પર્યાયને દ્રવે છે એવું આત્મદ્રવ્ય છે. દ્રવ્યના અનંતગુણો પોતપોતાની નિર્મળપર્યાયોને દ્રવવાની તાકાતવાળા છે. એટલે તે પર્યાયરૂપ કર્મપણે આત્મા પોતે જ પરિણમે છે. આવી કર્મત્વશક્તિ (કર્મરૂપે થવાની શક્તિ) આત્મામાં છે. 'જ્ઞાન'ના અનુભવમાં તે ભેગી આવી જાય છે.

કર્મરૂપે એટલે કે કાંઈ જડકર્મરૂપે આત્મા થતો નથી, પણ પોતાના નિર્મળભાવરૂપ કર્મની વાત છે, તે કર્મરૂપે આત્મા સ્વયં પરિણમે છે. શુદ્ધ છ કારકો પોતાના પોતામાં છે. શાસ્ત્રના શબ્દોથી પાર, વિકલ્પોથી પાર, પૂર્વની પર્યાયથી પાર, પોતાની વર્તમાન સ્વાનુભૂતિમાં જ છએ કારકો સમાઈ જાય છે. આ ભગવાન તીર્થંકરદેવની વાત છે; તીર્થંકરભગવાને સાધેલું ને કહેલું વસ્તુસ્વરૂપ આવું છે.–આવું વસ્તુસ્વરૂપ જાણતાં આનંદની ઉત્પત્તિ થાય છે. આ તત્ત્વ ઘણું ગંભીર છે; અંદર બહુમાન કરીને સમજે ત્યારે તેની ગંભીરતા સમજાય તેવી છે. જ્ઞાનીઓનાં પેટ (એટલે કે અનુભવ) બહુ ઊંડાં છે, ઉપરટપકે તે હાથ આવી જાય તેવા નથી.

હે જીવ! અનંત શક્તિસમ્પન્ન તારો આત્મા જ તારું શરણ છે. પૂર્વની પર્યાય પણ જ્યાં શરણરૂપ નથી ત્યાં વિકારનું કે જડનું શરણ કેવું? અરિહંત-દેવ વગેરેનું શરણ વ્યવહારથી છે, પરમાર્થે અરિહંતદેવે બતાવેલો, રાગ-વગરનો અરિહંત જેવો આત્માનો સર્વજ્ઞસ્વભાવ તે જ પોતાનું શરણ છે. રાગાદિ ભાવો તારું શરણ નથી ને તારું કારણ પણ નથી.

પ્રશ્નઃ—શુભરાગ તે શુદ્ધતાનું કારણ તો છે, કેમકે વચ્ચે શુભ આવ્યા વગર અશુભમાંથી સીધી શુદ્ધતા કોઈને થતી નથી.

ઉત્તરઃ—અશુભમાંથી સીધો શુદ્ધોપયોગ નથી થતો, વચ્ચે શુભ આવે છે–એ વાત સાચી, પણ તેથી કરીને કાંઈ શુદ્ધતાનું કારણ તે શુભરાગ સાબિત

[illegible]

પોતે પોતાની શક્તિથી તે કર્મરૂપ થયો છે. માટે તારી પર્યાયની સિદ્ધિ માટે તું તારા સ્વભાવ સામે જો. પરની સામે ન જો, વિકારની સામે ન જો, પૂર્વ પર્યાયની સામે ન જો. પર્યાયના ભેદને કે ગુણભેદને જોવામાં પણ ન રોકા. અખંડસ્વભાવી તારી ચૈતન્યવસ્તુને જો. અંતરવસ્તુનું અવલંબન કર. પરની સામે કે વિકારની સામે જોઈને જે લાભ માને છે તેને પોતાના દ્રવ્યસ્વભાવ-રૂપ ભગવાનનું મહાત્મ્ય ન આવ્યું. સ્વદ્રવ્યના આશ્રયે નિર્મળ પર્યાયને દ્રવે છે એવું આત્મદ્રવ્ય છે. દ્રવ્યના અનંતગુણો પોતપોતાની નિર્મળપર્યાયને દ્રવવાની તાકાતવાળા છે. એટલે તે પર્યાયરૂપ કર્મપણે આત્મા પોતે જ પરિણમે છે. આવી કર્મત્વશક્તિ (કર્મરૂપે થવાની શક્તિ) આત્મામાં છે. 'જ્ઞાન'ના અનુભવમાં તે ભેગી આવી જાય છે.

કર્મરૂપે એટલે કે કાંઈ જડકર્મરૂપે આત્મા થતો નથી, પણ પોતાના નિમળભાવરૂપ કર્મની વાત છે, તે કર્મરૂપે આત્મા સ્વયં પરિણમે છે. શુદ્ધ છ કારકો પોતાના પોતામાં છે. શાસ્ત્રના શબ્દોથી પાર, વિકલ્પોથી પાર, પૂર્વની પર્યાયથી પાર, પોતાની વર્તમાન સ્વાનુભૂતિમાં જ છએ કારકો સમાઈ જાય છે. આ ભગવાન તીર્થંકરદેવની વાત છે; તીર્થંકરભગવાને સાધેલું ને કહેલું વસ્તુસ્વરૂપ આવું છે.—આવું વસ્તુસ્વરૂપ જાણતાં આનંદની ઉત્પત્તિ થાય છે. આ તત્ત્વ ઘણું ગંભીર છે; અંદર બહુમાન કરીને સમજે ત્યારે તેની ગંભીરતા સમજાય તેવી છે. જ્ઞાનીઓનાં પેટ (એટલે કે અનુભવ) બહુ ઊંડાં છે, ઉપરટપકે તે હાથ આવી જાય તેવા નથી.

હે જીવ! અનંત શક્તિસમ્પન્ન તારો આત્મા જ તારું શરણ છે. પૂર્વની પર્યાય પણ જ્યાં શરણરૂપ નથી ત્યાં વિકારનું કે જડનું શરણ કેવું? અરિહંત-દેવ વગેરેનું શરણ વ્યવહારથી છે, પરમાર્થે અરિહંતદેવે બતાવેલો, રાગ વગરનો અરિહંત જેવો આત્માનો સર્વજ્ઞસ્વભાવ તે જ પોતાનું શરણ છે. રાગાદિ ભાવો તારું શરણ નથી ને તારું કારણ પણ નથી.

પ્રશ્નઃ—શુભરાગ તે શુદ્ધતાનું કારણ તો છે, કેમકે વચ્ચે શુભ આવ્યા વગર અશુભમાંથી સીધી શુદ્ધતા કોઈને થતી નથી.

ઉત્તરઃ—અશુભમાંથી સીધો શુદ્ધોપયોગ નથી થતો, વચ્ચે શુભ આવે છે—એ વાત સાચી, પણ તેથી કરીને કાંઈ શુદ્ધતાનું કારણ તે શુભરાગ સાબિત

[illegible]

-તેના ક્ષેત્રની અનંતતાનું માપ નથી. તેમ આત્માની ચૈતન્યશક્તિ અમાપ છે, તેના ભાવસામર્થ્યની શી વાત! સાધારણ લાગે જેટલો નાનો આકૃતિ આકાર છતાં તેટલામાં અનંત આકાશને જાણી લેવાની કોઈ અચિંત્ય તાકાત જ્ઞાનમાં છે. અહો, જ્ઞાનનો મહિમા અમાપ છે. કુંદકુંદસ્વામી જેવા સંત સર્વજ્ઞતાના મહિમાથી કહે છે કે अहो हि णाणस्स माहप्पं અહો, જ્ઞાનનો મહિમા!! (જુઓ પ્રવચનસાર ગા. ૫૧)

આત્માના જ્ઞાનનિધાન કોઈ અચિંત્ય છે.–બધુંય જાણે છતાં જેને વિકલ્પ નથી, જેમાં આનંદ વગેરે અનંત સ્વભાવો ભરેલા છે. (ગુરુદેવ ઘણા ગંભીર મહિમાથી કહે છે કે–) અહા, સ્વભાવ ..સ્વભાવ! ભગવાન, અદ્ભુત તારો સ્વભાવ છે. જેમાં નજર કરતાં એવા નિધાન પ્રગટે કે ન્યાલ થઈ જવાય–આવો વૈભવ તારા સ્વભાવમાં છે. પણ તારી આળસે તેં તેને દેખ્યો નહિ...ને અનંત-કાળ દુઃખમાં ગુમાવ્યો. પણ ભાઈ! હવે આ તાર. ચૈતન્યનિધાનને દેખવાનો અવસર છે; આ અવસરને તું ચુકીશ મા......આળસ કરીશ મા.

આ શક્તિઓના શબ્દો ટૂંકા છે પણ તેનું વાચ્ય મહાન છે. જેમ 'આત્મા' શબ્દ તો અઢી અક્ષરનો છે, પણ તેનું વાચ્ય તો અનંતશક્તિથી ભરેલું મહાન તત્ત્વ છે; અંતર્મુખ જ્ઞાનની તાકાતથી તે વાચ્ય જણાય છે. વાણીના જડ શબ્દોમાં કાંઈ જ્ઞાન નથી, જ્ઞાન તો આત્મામાં છે; જ્ઞાનપર્યાય કાંઈ જડમાં ન જાય, કે જડમાંથી ન આવે. તીર્થંકરપ્રભુના કેવળજ્ઞાનની પર્યાય કાંઈ દિવ્યધ્વનિના રજકણોમાં આવી જતી નથી; ને ગણધરાદિની જ્ઞાન-પર્યાય કાંઈ તે દિવ્યધ્વનિના રજકણમાંથી આવતી નથી; જ્ઞાન અને વાણી બંનેનું તદ્દન ભિન્ન સ્વતંત્ર પરિણમન છે. જ્ઞાનપર્યાયરૂપ જે કાર્ય છે તે આત્માનું પ્રાપ્ય છે, આત્મા તે પર્યાયને કર્મપણે પ્રાપ્ત કરીને પોતે તે-રૂપે પરિણમ્યો છે. 'જ્ઞાન' તે કોનું કાર્ય? –કે આત્માનું કાર્ય; તે કોઈ બીજાનું (નિમિત્તનું કે રાગનું) કાર્ય નથી.

જુઓ, આ આત્માનું કર્મ બતાવાય છે. કર્મ શબ્દના અનેક અર્થ છે, પણ અહીં આત્માના જ્ઞાનભાવની સાથે વર્તતી કર્મશક્તિની વાત છે. શરીરાદિ નોકર્મ, કે જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ –એ તો બંને કર્મ જડ છે, એનામાં જ્ઞાનલક્ષણ રહેતું નથી એટલે તે તો આત્માથી ભિન્ન છે. અને રાગાદિ અશુદ્ધ-ભાવરૂપ જે કર્મ છે તેમાં પણ જ્ઞાનલક્ષણ રહેતું નથી, જ્ઞાનથી તે ભિન્ન છે

વિકલ્પ હો—પણ તે જ્ઞાનસ્વભાવથી બાહ્ય છે, તેનામાં એવી શક્તિ નથી કે આત્માની નિર્મળપર્યાયને કરી દે. આત્મામાં જ એવી કર્મશક્તિ છે કે તે સમ્યગ્દર્શનાદિ પર્યાયરૂપ થાય છે. જ્ઞાન-આનંદ-વીર્ય વગેરેના એ બધા કાર્યોને કરવાની તાકાત વિકલ્પમાં નથી, આત્મા જ પોતાની કર્મશક્તિ વડે તે-તે નિર્મળભાવોને પ્રાપ્ત કરે છે.-ક્યાંથી કે પોતામાંથી જ.-એ વાત અપાદાનશક્તિમાં બતાવશે.

આત્માની કર્મશક્તિનું વર્ણન પૂરું (૪૧)



અરે! આવું મહિમાવંતુ આત્મતત્ત્વ, તેને સાધવાની જીવોને નવરાશ કેમ નથી મળતી? બીજી પ્રયોજન વગરની ઉપાધિમા લાગ્યો રહે છે, પણ ભાઈ! તારા આત્માની અદ્‌ભુતતા તો દેખ! અહો, ચૈતન્યનો કોઈ અદ્‌ભુત આનંદકારી સ્વભાવ છે; જગતની જેમાં ઉપાધિ નથી ને પોતાના નિજાનંદમાં કેલી કરતું જે પરિણમી રહ્યું છે એવા તારા ચૈતન્યતત્ત્વને અંતરમાં જો.



આત્મા જ્ઞાનસ્વરૂપ છે; તેમાં [illegible] જે સિદ્ધરૂપ ભાવ તેના ભાવકપણારૂપ કર્તૃશક્તિ છે. આત્મા કર્તા થઈને શું કરે? કે પોતાના વર્તતા નિર્મળભાવને કરે. જ્ઞાનલક્ષણદ્વારા આત્માને લક્ષમા લેતાં તે-તે કાળે જે નિર્મળ પર્યાય થાય છે તે સિદ્ધરૂપ ભાવ છે, તેનો ભાવક આત્મા છે. ભાવક એટલે તે ભાવનો કરનાર કર્તા. પોતાનો જે નિર્મળભાવ થયો તે કાર્ય છે. તેનો કર્તા થઈને આત્મા તે ભાવને ભાવે છે. પોતાની કર્તૃત્વશક્તિથી આત્મા પોતે સ્વાધીનપણે પોતાના ભાવને કરે છે.

અનંતશક્તિમાન આત્મા છે, તેની પ્રાપ્તિ માટે એટલે કે તેના અનુભવ માટે તેનું સાચું સ્વરૂપ સમજવું જોઈએ; તેમાં ઉત્સાહ હોવો જોઈએ. તે ચૈતન્યસ્વભાવ તરફના ઉત્સાહના જોરથી પરિણામ તેમાં એકાગ્ર થતાં વિકલ્પ તૂટી જાય છે ને નિર્વિકલ્પ અનુભવ થાય છે. જેમ હીરો લેવો હોય તે તેની કિંમત સમજે છે ને હીરાની પરીક્ષા કરે છે. હીરાને બદલે લીંબોડી કે કાચનો કટકો લઈ લેતો નથી; તેમ જેને ચૈતન્યચિંતામણિ પ્રાપ્ત કરવો હોય તેણે જ્ઞાનીના ઉપદેશઅનુસાર તેની કિંમત સમજવી જોઈએ, તેની અનંત શક્તિની તાકાતનો મહિમા જાણવો જોઈએ ને અંતરના વેદનથી પરીક્ષા કરીને તેનું સ્વરૂપ સમજવું જોઈએ. જડને કે રાગને ચૈતન્યસ્વરૂપ માની લ્યે તો સાચું આત્મસ્વરૂપ સમજાય નહીં. કોઈ લીંબોડીને નીલમણિ માની લ્યે તો? તેમ રાગને જ કોઈ આત્મા માની લ્યે તો?–તો તે ઊંધી માન્યતાનું સાચું ફળ આવે નહિ. ઝેરને કોઈ સાકર માનીને ખાય તો પણ તે કડવું જ લાગે. તેમ વિકારને કોઈ આત્મસ્વરૂપ માનીને વેદે તો તેથી કાંઈ આત્માની શાંતિ વેદનમાં ન આવે. માટે યથાર્થ આત્મસ્વરૂપ જેમ છે તેમ બરાબર જાણવું જોઈએ. સાચા જ્ઞાનનું જ સાચું ફળ આવે છે. સર્વજ્ઞભગવાને જેવો આત્મા કહ્યો તેવો આત્મા જાણ્યા વગર સમ્યગ્દર્શન થાય નહિ, ને સમ્યક્ ચારિત્ર પણ હોય નહિ.–કેમકે પોતાનું સ્વરૂપ જાણ્યા વગર ઠરશે શેમાં? ને સ્વરૂપમાં ઠર્યા વગર મુક્તિ થાય નહિ.

પૂર્ણ સુખ મોક્ષ વગર નહિ,
મોક્ષ ચારિત્ર વગર નહિ.
ચારિત્ર સમ્યક્ત્વ વગર નહિ.
સમ્યક્ત્વ શુદ્ધાત્માની ઓળખાણ વગર નહિ.

ભાવક આત્મા છે, બીજું કોઈ નહિ. જે ભાવક છે તે જ કર્તા છે. આવો નિર્ણય કરે તેને પરાશ્રયભાવ ટળીને સ્વાશ્રયભાવરૂપ વીતરાગતા પ્રગટે છે.

અહો, વીતરાગમાર્ગમાં વીતરાગદેવે વીતરાગસ્વરૂપ ચૈતન્યતત્ત્વ બતાવ્યું છે, તેના અવલંબને વીતરાગપર્યાય પ્રગટે છે. તે સિવાય બીજો માર્ગ નથી. તેની રુચિ અને સમજણ પણ જે ન કરે તેને વીતરાગમાર્ગ ક્યાંથી હાથ આવે? અનંતકાળથી પોતાની ખોજ પોતે પોતામાં ન કરતાં પરમાં ખોજ કરીકરીને કાળ ગુમાવ્યો. જાણે બીજો મારું કાર્ય કરી દેશે–એમ પરની સામે જોયા કર્યું. ભાઈ! તારું સ્વકાર્ય કરવાની શક્તિ તારામાં જ છે. બીજા કોઈના કારણ વગર તું પોતે સમ્યગ્દર્શનથી માંડીને સિદ્ધપદ સુધીની તારી દશાનો કર્તા થઈને પરિણમ–એવી સ્વાધીન પ્રભુતા તારા આત્મામાં છે. તારી પ્રભુતા વડે તું જ તારા કાર્યનો કર્તા છો. આવી પ્રભુતા જાણે તે પોતાની પર્યાયમાં બીજાનું કર્તૃત્વ માને નહિ, ને પોતે બીજાનો કર્તા થવાનું માને નહિ; નિર્મળ-પર્યાયના કર્તૃત્વપણે જ તેનું પરિણમન થાય.

અહો, ચૈતન્યનો પંથ સ્વતંત્ર નીરાળો છે. નિમિત્તો હો, વ્યવહારના વિકલ્પો હો, પણ તેઓ કાંઈ જ્ઞાનપર્યાયના કર્તા નથી. જ્ઞાન–દર્શન–ચારિત્ર–આનંદ વગેરે નિર્મળભાવોનું કર્તૃત્વ ધર્મીના આત્મામાં છે; વસ્તુસ્વરૂપથી આત્મા પોતે તેનો કર્તા છે. અહો, વીતરાગીમોક્ષમાર્ગમાં રાગરહિત ચારિત્ર-પર્યાય કોઈ અલૌકિક છે; ક્યાં એ ચારિત્રપર્યાય, ને ક્યાં વિકલ્પ! દેહની નગ્નદશા કે વિકલ્પો તે કાંઈ વીતરાગચારિત્રદશાના કર્તા નથી. છતાં તેવી ચારિત્રદશા વખતે બહારમાં જો નિમિત્તો હોય તો તેવા જ હોય, પણ તે નિમિત્તોનું કર્તૃત્વ ધર્મીના આત્મામાં નથી, ધર્મીના આત્મામાં તો નિર્મળ ભાવનું જ કર્તૃત્વ છે. જ્ઞાનના પરિણમનમાં જેટલા ભાવ સમાય તેમનું જ કર્તૃત્વ ધર્મીને છે, જ્ઞાનથી બહારના કોઈ ભાવોનું કર્તૃત્વ ધર્મીને નથી. હે ભાઈ! જો તું પરભાવોના કર્તૃત્વમાં અટકીશ તો તેનાથી રહિત એવા નિર્મળ-ભાવને ક્યારે કરીશ? અરે, તું ચૈતન્ય, તારા ચૈતન્યકાર્યને ચૂકીને પરનો ને વિકારનો કર્તા થવા ક્યાં જાય છે? અંતર્મુખ થઈને તારા નિર્મળ જ્ઞાનભાવનો કર્તા થાને! નિર્મળભાવના સ્વાધીન કર્તૃત્વપણે તારો આત્મા શોભે છે. તારા નિર્મળભાવનું કર્તૃત્વ બીજા કોઈમાં નથી.

શક્તિઓનું પ્રકાશવું તે અનેકાન્ત છે. વસ્તુના સ્વરૂપને ભિન્ન ન કરે ને ગોટા વાળે તેને અનેકાન્તની ખબર નથી.

મુનિદશામાં વ્રતના વિકલ્પ ને વીતરાગચારિત્ર બંને એક સાથે, ત્યાં તે કાળે મુનિનો આત્મા કર્તા થઈને પોતાની વીતરાગચારિત્રદશાનો કર્તા છે, ને રાગનો કર્તા નથી. તે વિકલ્પો વીતરાગચારિત્રને કરતા નથી, ને વીતરાગચારિત્ર વિકલ્પોને કરતું નથી; એકસાથે હોવા છતાં બંનેને કર્તા-કર્મપણાનો સંબંધ જરાય નથી; બંનેનું કર્તૃત્વ જુદું છે, બંનેની ધારા જુદી છે, બંનેની જાત જુદી છે. એ જ રીતે વીતરાગચારિત્રની માફક સમ્યગ્દર્શનાદિ નિર્મળ-પર્યાયોમાં અને તેની સાથેના નવતત્ત્વના વિકલ્પમાં પણ સમજવું. એ બંને સાથે હોવા છતાં તેમને કર્તાકર્મપણાનો જરાય સંબંધ નથી, બંનેની ધારા જુદી છે; એક અંતર્મુખ ધારા છે, બીજી બહિર્મુખ ધારા છે; ત્યાં ધર્મીને સમ્યગ્દર્શનાદિ નિર્મળભાવમાં કર્તૃત્વ છે, વિકલ્પોમાં તેનું કર્તૃત્વ નથી. –આમ અનંત ગુણોના પરિણામોમાં સમજી લેવું.

પોતાના ભાવને કરવાપણારૂપ સામર્થ્ય આત્મામાં છે. જે નિર્મળભાવ થાય છે તે આત્માના કર્તૃત્વપૂર્વક થાય છે, આત્માના કર્તૃત્વ વગર કોઈ ભાવ થતો નથી. અને પોતાના ભાવને સ્વાધીનપણે કરવાનું આત્મામાં સામર્થ્ય હોવાથી તેમાં કોઈ બીજાનો ટેકો નથી. –આવો સ્વાધીનભાવ પ્રગટે તે અહિંસા છે, તે મોક્ષમાર્ગ છે, તે ધર્મ છે.

શુદ્ધીની પ્રાપ્તિ બાહ્યસાધનવડે કે રાગવડે થતી નથી, આત્મા પોતે કર્તાશક્તિવડે તેને રચે છે. શુભરાગના કર્તૃત્વમાં જે અટકે તેને શુદ્ધીની પ્રાપ્તિ ન થાય. શુદ્ધભાવના કર્તા થવાની શક્તિ શુભરાગમાં નથી. અરે ભાઈ, જે શુભરાગનું કર્તૃત્વ તારા જ્ઞાનમાં નથી તે શુભરાગવડે શું તું તારા જ્ઞાનની શુદ્ધી કરવા માંગે છે? —કદી નહિ થાય. સમ્યગ્દર્શન, મુનિદશા, કેવળજ્ઞાન એ બધી દશાઓ શુદ્ધઆત્માને ધ્યેય બનાવીને જ થાય છે, કાંઈ શુભરાગને ધ્યેય બનાવીને એ કોઈ દશા થતી નથી. ધર્મીને સાધકભૂમિકામાં વિકલ્પ હો ભલે, રાગ હો ભલે, વ્યવહાર હો ભલે–પણ તે કોઈ એનું ધ્યેય નથી; એનું ધ્યેય તો પોતાનો શુદ્ધાત્મદેવ જ છે; અનંતશક્તિથી પરિપૂર્ણ નિજાત્માને ધ્યેય બનાવીને, તેના ધ્યેયે પરિણમતો તે એક પછી એક નિર્મળ પર્યાયમાં આગળ વધતો જાય છે, પોતે સ્વયં પરિણમીને તે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર

દુઃખમાં ને પ્રતિકૂળતાના ઘેરામાં ઘેરાઈ ગયો હોય ત્યારે કોઈ [illegible] તેને આશ્વાસન આપે તો શાંતિ મળે ને? [illegible] આશ્વાસન કે શાંતિ મેળવવા માંગે એને સાચી શાંતિ [illegible] પોતે પોતાના ભાવથી સમાધાન કરે છે. હું પ્રતિકૂળ સંયોગ કે [illegible] નથી, હું તો મારી અનંત સ્વાધીન શક્તિને સાથે રાખીને પરિણમનારો છું —સ્વાધીનપણે જીવનારો છું —એમ સ્વાશ્રય કરે ત્યાં મુંઝવણ રહેતી નથી ને અપૂર્વ શાંતિ પોતામાંથી જ પ્રગટે છે. —પોતે જ તેનો કર્તા છે.

જેને ઇન્દ્રો પણ બાળકની જેમ સેવે છે એવા ત્રિલોકપિતા સર્વજ્ઞ-ભગવાન કહે છે કે હે ભાઈ, અમારા જેવી જ શક્તિ તારામાં છે. તારી આત્મશક્તિઓ શરીરના રોગથી ઘેરાઈ જતી નથી, તેમજ શરીરમાં નીરોગતા હોય તો તેને ઠીક પડે એમ પણ નથી. દેહથી પાર અનંત ચૈતન્યશક્તિ તારામાં છે; બીજા પાસેથી શક્તિ મેળવવાનું તું માન તો તેં તારી નિજશક્તિને પ્રતીતમાં લીધી નથી. પૈસા–મકાન હોય, છોકરા સારા હોય, શરીર સારૂં હોય–તો ધર્મમાં ઠીક પડે, નહિતર ઠીક ન પડે –એમ જેણે માન્યું તેણે પોતાની શક્તિને પરાધીન માની છે, પોતાના જીવનને પરાધીન માન્યું છે. પણ ભાઈ! તારા ધર્મનો કર્તા થવાની સ્વાધીનશક્તિ તારામાં જ છે. અનંતી સ્વાધીન-શક્તિથી તું ભરેલો છો, તારું જીવન સ્વતંત્ર છે, તારે કોઈની ઓશીયાળ નથી, સમ્યગ્દર્શન–કેવળજ્ઞાન–આનંદ વગેરે મહા રત્નોને પ્રગટ કરવાની આત્મામાં શક્તિ છે, તે માટે કોઈ બીજાની મદદ લેવા જવું પડે તેમ નથી. પોતાના શુભરાગનીયે કાંઈ મદદ નથી ત્યાં બહારના સંયોગની શી વાત! શુભરાગને કારણે અંદર કંઈ શુદ્ધતા પ્રગટ કરવાનો અવકાશ મળ્યો એમ જે માને તેને વસ્તુની સ્થિતિને જાણી નથી. એક સમયમાં પૂર્ણ પરમેશ્વરી તાકાતનો પિંડ આત્મા તે પોતે જ પોતાની શુદ્ધપર્યાયોને પ્રગટ કરવા સમર્થ છે; તેમાં વિકલ્પમાત્રનો સહારો જરાય નથી, –પછી તે અશુભ હો કે શુભ. બહારની પ્રભાવનાનો શુભભાવ ધર્મીનેય હોય છે, પણ બહારની પ્રભાવનાનો તે શુભભાવ કાંઈ અંદરની શુદ્ધિનું સાધન નથી–એમ ધર્મી જાણે છે. પ્ર-ભાવના એટલે આત્મસ્વભાવની ઉત્કૃષ્ટ ભાવના. તે-રૂપે પરિણમન થવું તે ખરી પ્રભાવના છે. તે ભૂમિકામાં સાધકને વિકલ્પ અને વાણીનો યોગ હો ને બીજા જીવો ધર્મ પામે તો પામો, પણ તેથી આ આત્મામાં તેને કારણે કાંઈ નિર્મળતા થઈ–એમ નથી, તેમજ આના વિકલ્પને કારણે સામો જીવ ધર્મ પામ્યો એમ



'દર્શાવું એક વિભક્ત એ આત્મા તણા નિજવિભવથી'
—એમ કહીને સમયસારમાં જેમણે શુદ્ધઆત્મા દેખાડયો, અદ્ભુત આત્મવૈભવ દેખાડયો, એવા મંગલરૂપ મહાત્મા કુંદકુંદાચાર્યદેવનો ભરતક્ષેત્રના જીવો ઉપર મહાન ઉપકાર છે.. તેમને ભક્તિપૂર્વક નમસ્કાર હો



આત્માને જે જ્ઞાનરાગ નિર્મળ [illegible]
—તો કહે છે કે કરણશક્તિવાળો આત્મા [illegible]
વડે આત્મા પોતે ઉત્કૃષ્ટ સાધક થઈને, પોતે જ [illegible]
વર્તમાન નિર્મળ ભાવને સાધે છે. એને માટે બાહ્યકારનાં બીજું [illegible]
નથી. સાધનારનું ખરૂં સાધન પોતાથી અભિન્ન હોય છે, જુદું હોતું નથી.

સમયસાર ગા. ૨૯૪માં અભેદસાધનની વાત સરસ સમજાવી છે. અહીં સાધન થવાની શક્તિ બતાવી છે; ને ત્યાં પ્રજ્ઞાછીણીરૂપી સાધન બતાવ્યું છે, એટલે કે સાધનશક્તિનું કાર્ય બતાવ્યું છે. ચૈતન્યસ્વભાવને [illegible] ઉપયોગ તે પ્રજ્ઞા છે; ચૈતન્યને ચેતનારી અનુભવનારી તે ભગવતી પ્રજ્ઞા છે, આત્મા અને બંધ એ બંનેના ચોક્કસ લક્ષણો જાણીને તેમને જુદા કર્યાં,—ભેદજ્ઞાન કર્યું. તે અંતર્મુખ ઉપયોગરૂપ પ્રજ્ઞાને જ સાધન બનાવીને તેના વડે શુદ્ધાત્માનું ગ્રહણ થાય છે. આ રીતે આત્માથી અભિન્ન એવી પ્રજ્ઞા જ શુદ્ધાત્માના અનુભવનું સાધન છે; બીજું કોઈ ભિન્ન સાધન નથી.

ગુણ-ગુણીભેદરૂપ જે અંદરનો ઊંચો વ્યવહાર તેના દ્વારા પણ પરમાર્થ સધાતો નથી, તો બીજા બાહ્ય રાગની શી વાત? ગાથા ૩૫ની ટીકામાં પ્રશ્ન મુક્યો છે કે અંશ-અંશીભેદરૂપ વ્યવહારથી શું સાધ્ય છે? તેના ઉત્તરમાં આચાર્યદેવ કહે છે કે તેનાથી કાંઈ જ સાધ્ય નથી. ભેદદ્વારા અભેદ સાધ્ય છે એમ ન કહ્યું, વ્યવહાર વડે નિશ્ચય સાધ્ય છે એમ આચાર્યદેવે ન કહ્યું; પણ તેનાથી કાંઈ જ સાધ્ય નથી એમ કહીને તે વ્યવહારને સાધનમાંથી કાઢી નાંખ્યો, તો બીજા બાહ્ય સાધનની શી વાત? રાગને સાધન બનાવીને આત્માને અનુભવી શકાતો નથી. સીધેસીધો સ્વભાવમાં ઉપયોગ મુકીને આત્મા અનુભવાય છે; એટલે આત્મા પોતે જ પોતાના સ્વાનુભવનું સાધન થાય છે.

શુદ્ધાત્માની પ્રાપ્તિ અન્ય સાધનોથી નિરપેક્ષ છે, કેવળજ્ઞાનરૂપે પરિણમવાના પોતાના સ્વભાવવડે આત્મા પોતે જ પોતાનું સાધન થાય છે, માટે બાહ્ય સામગ્રી શોધવાની વ્યગ્રતા ન કરો, એટલે કે અંતરના સ્વભાવને જ અવલંબો.—એવો ઉપદેશ પ્રવચનસારની ૧૬ મી ગાથામાં આપ્યો છે.

જાણ. એના વડે સિદ્ધગતિ સાધે. [illegible]
કોઈ સાધન વડે સાધ્યની સિદ્ધિ થતી નથી. [illegible]
તે સાધ્ય—એમ કહેવામાં આવે છે [illegible]
પર્યાયનો ઉત્કૃષ્ટ સાધક થઈને આત્મા જ પોતે [illegible]
પોતામાં ને સાધ્ય પણ પોતામાં. [illegible] આત્મામાં એ બધુંય ભર્યું છે.

છઠ્ઠા ગુણસ્થાને વર્તતી શુદ્ધી તે સાતમા ગુણસ્થાનની શુદ્ધિનું સાધન છે—એ પણ ખરેખર તો વ્યવહાર છે. પણ ત્યાંનો શુભરાગ તે શુદ્ધીનું સાધન નથી—એમ બતાવવા, એટલે કે રાગને અને શુદ્ધતાને ભિન્ન ભિન્ન ઓળખાવવા એમ કહેવાય છે કે છઠ્ઠાની શુદ્ધતા તે સાતમાનું ખરેખર સાધન છે.—એટલે કે તેની સાથેનો રાગ તે ખરૂં સાધન નથી.

છઠ્ઠાની શુદ્ધી સાતમાની શુદ્ધીનું સાધન—એવા પર્યાયભેદની વાત અહીં નથી લેવી. અહીં તો તે-તે સમયના શુદ્ધભાવરૂપે અભેદપણે પરિણમતો આત્મા જ સાધન છે, પોતે જ સાધનપણે પરિણમ્યો છે, એમ અભેદ સાધન બતાવ્યું છે. કરણશક્તિને લીધે આત્મા જ પોતાની સર્વ પર્યાયોનો સાધકતમ છે, પોતે જ સાધન છે. 'સાધકતમ' કહેતાં તે એક જ સાધન છે ને બીજું સાધન નથી. બીજું સાધન કહેવું તે વ્યવહાર છે.

સર્વજ્ઞદેવે પૂર્ણ સાધનશક્તિસમ્પન્ન આત્મા કહ્યો છે. ભાઈ, નિર્મળ પર્યાયના કોઈ સાધનની તારામાં કમી નથી કે તારે બીજા પાસે લેવા જવું પડે. પોતાની પાસે ન હોય તે બીજા પાસે માંગે. પણ અહીં તો બધુંય સાધન પોતાની પાસે છે જ. તેનું અવલંબન લે એટલી જ વાર છે. ઇન્દ્રિયો તારું સાધન નહિ, નિમિત્તો સાધન નહિ, વિકલ્પો સાધન નહિ, ભેદરૂપ વ્યવહાર સાધન નહિ; છતાં એ બધાને સાધન તરીકે વર્ણવ્યા હોય તો તે ઉપચારથી જ છે એમ જાણવું, ને પોતાનો શુદ્ધઆત્મા પરમાર્થ સાધન છે —તે સત્યાર્થ છે એમ જાણવું.

તીર્થંકરપ્રભુના પંચકલ્યાણક વગેરે વિભૂતિનું દર્શન તે સમ્યક્ત્વનું કારણ છે—એવું શાસ્ત્રમાં ઘણું વર્ણન આવે છે, પણ અંદરમાં સાધનશક્તિવાળા આત્માને લક્ષમાં રાખીને એ બધું સમજવું જોઈએ. અંદરમાં નિજાત્માનું લક્ષ જેને નથી તેને બહારના સાધનો ઉપચારથી પણ સમ્યક્ત્વનું સાધન

તેનું સાધન અને વચ્ચે ભેદ નથી. [illegible] નથી. રાગ સાધન ને [illegible] નથી, [illegible] પર્યાય સાધન ને પૂરી પર્યાય તેનું સાધ્ય એમ પણ [illegible] નથી. [illegible] પર્યાયમાં અભેદ પરિણમતો આત્મા પોતે જ તેનું સાધન છે, પોતે જ સાધ્ય છે. કરણશક્તિવડે આત્મા પોતે [illegible] પોતાનું સાધન [illegible]

જુઓ, આ બાહુબલી ભગવાન! [illegible] સુધી ઊભા ઊભા ધ્યાન કર્યું. તેમને ઉપયોગની જે નિશ્ચળતા થઈ તેનું સાધન કોણ? શું શરીરનું મજબૂત સંહનન હતું તે અંદરના ધ્યાનનું સાધન હતું? —ના; શરીર ઉપર તો લક્ષ પણ ન હતું. શરીરને ધ્યાનનું સાધન કહેવું તે તો સ્થૂળ ઉપચાર છે. અંદર પોતાની કરણશક્તિને લીધે આત્મા પોતે જ સાધન થઈને ઉપયોગની સ્થિરપર્યાયરૂપે પરિણમ્યો છે. શરીર તેનું સાધન નથી ને વિકલ્પોય તેનું સાધન નથી.

શરીરની જે જે ક્રિયાઓ થાય તેનું સાધન થવાની શક્તિ તેના રજકણોમાં જ છે, આત્મા તેનું સાધન થતો નથી. જડના છ કારકો જડમાં, ને આત્માના છ કારકો આત્મામાં; આ તો આત્માના વૈભવની વાત છે; તેમાં આત્માની હીનતાની વાત હોય નહીં. જેમ 'ભરતેશ-વૈભવ' બતાવવો હોય તેમાં ભરતની હીનતાની વાત કેમ આવે? તેમ અનંત-ગુણસંપન્ન ચૈતન્યવૈભવધારી આત્મા, તેને પોતાના કાર્ય માટે શરીરાદિ જડ સાધનની જરૂર પડે એમ કહેવું તે તો તેની હીનતા કરવા જેવું છે. ચૈતન્ય-વૈભવમાં સાધનની એવી ખેંચ નથી કે બીજા સાધનની મદદ લેવી પડે. એ તો સ્વાધીનપણે પોતાના જ સાધન વડે પોતાનું કાર્ય કરનારો છે. પોતે જ સાધનસ્વભાવથી પરિપૂર્ણ છે.

આત્મવૈભવમાં ૪૩ મી કરણશક્તિનું વિવેચન પૂર્ણ થયું.



[સં. ૨૦૨૧ પોષ વદ ૧૨ . ૪૭ શક્તિ ઉપર પ્રવચન ...]

★

જ્ઞાનમાત્ર આત્મા, એટલે કે જ્ઞાનલક્ષણથી લક્ષિત વસ્તુ, તેમાં અનંત સ્વભાવો છે. આવા જ્ઞાનમાત્ર ભાવને અનુભવમાં લેતાં જે નિર્મળ આનંદરૂપ ભાવ પ્રગટ્યો તે આત્માએ પોતે દીધો છે ને આત્મા પોતે પાત્ર થઈને તે લ્યે છે. તે ભાવ કોઈ બીજાએ આપ્યો નથી, ને આત્માથી બહાર બીજે ક્યાંય ગયો નથી. દેનાર પોતે ને લેનાર પણ પોતે, આવી અભેદ સંપ્રદાનશક્તિ આત્મામાં ત્રિકાળ છે.

પર્યાયમાં શુદ્ધતા નથી તો ક્યાંથી ? તો ધર્મી કહે છે કે મારો આત્મા પોતે જ શુદ્ધતા દેનારો છે, ને હું જ તે શુદ્ધતા લેવાને પાત્ર છું. આત્મા કોઈને માટે શુદ્ધતા પ્રગટ કરતો નથી પણ પોતાને માટે જ શુદ્ધતા પ્રગટ કરે છે, ને તે શુદ્ધતા પ્રગટ કરીને પોતાની પાસે જ રાખે છે.

અહા, કેવળજ્ઞાન ને સિદ્ધપદ આપ્યા કરે એવો મોટો દાતાર આ આત્મા પોતે જ છે; તે શાશ્વત ચૈતન્યદેવને સેવતાં સહેજે કેવળજ્ઞાનાદિ થાય છે. આવો મોટો દાતાર ચૈતન્યદેવ પોતે જ હોય ત્યાં પછી જ્ઞાનીને બીજાની વાંછા કેમ હોય? તેથી કહે છે કે—

> अचिंत्यशक्तिः स्वयमेव देवः चिन्मात्रचिन्तामणिरेष यस्मात्।
> सर्वार्थसिद्धात्मतया विधत्ते ज्ञानी किमन्यस्य परिग्रहेण ॥ १४४ ॥

ધર્મી એમ અનુભવે છે કે–અહો! મારો આત્મા જ સ્વયમેવ અચિંત્ય-શક્તિવાળો દેવ છે; મારો આત્મા જ ચૈતન્યચિંતામણિ છે–કે જેને ધ્યાવતાં કેવળજ્ઞાનાદિ આપે છે; જેના સર્વ અર્થ સિદ્ધ છે એવો પોતે જ હોવાથી જ્ઞાનીને બીજા અન્ય પરિગ્રહનું શું પ્રયોજન છે? પોતાને જ પૂર્ણસ્વરૂપે જાણનાર જ્ઞાની અન્ય પરિગ્રહમાં ક્યાંય મુર્છાતા નથી. મારામાં પોતામાં જ કેવળજ્ઞાન દેવાની તાકાત છે, તોપછી મારે બીજા કોની સામે જોવું છે? મારો આત્મા જ મારા અનંત ગુણોની નિર્મળપરિણતિના છએ કારકરૂપ એકસાથે થાય છે, એવી અચિન્ત્યશક્તિ મારામાં છે.

એક સાથે જેમાં જ્ઞાનાદિ અનંત શક્તિઓ વ્યાપેલી છે એવા આત્મ-સ્વભાવનો અનંત મહિમા છે. એક પણ શક્તિને કાઢી નાંખો કે પરને લીધે

સંપ્રદાનશક્તિવડે આત્મા દાન દે છે.—કોને દાન દે છે? પોતાને. શેનું દાન દે છે? આનંદનું. આત્મા પોતામાંથી વિકાર નથી દેતો, [illegible] પુણ્ય નથી દેતો. પરવસ્તુ દેવા-લેવાની ક્રિયા પણ એનામાં નથી. [illegible] નિર્મળ આનંદ-જ્ઞાનાદિ પર્યાયનું દાન દે છે. પોતે જ દેનાર છે ને પોતે જ લ્યે છે; દેનાર ને લેનાર કાંઈ જુદા નથી. આવા અદ્ભુત સ્વભાવવાળો આત્મા છે. આવા ભગવાન આત્માનું સ્વલક્ષ કરતાં તે જ્ઞાનનો-દર્શનનો આનંદનો એમ અનંત ગુણનો વૈભવ આપે છે: એમ અનંત ગુણની નિર્મળ પર્યાય અનંતકાળ સુધી આપ્યા કરે ને પોતે લીધા કરે—એવો અદ્ભુત આત્મા છે. વાહ, કેટલી સ્વાધીનતા!

જ્ઞાનાદિ અનંતધર્મસંપન્ન 'ધર્મી' એવો આત્મા. તે શું આપે? તે ધર્મીને સેવતાં તે ધર્મ આપે છે. 'ધર્મીને સેવતાં' એટલે કે તેમાં અંતર્મુખ થઈને તેના શ્રદ્ધા-જ્ઞાન-એકાગ્રતા કરતાં તે સમ્યગ્દર્શનાદિ આનંદમય ધર્મો આપે છે, પોતે જ તે-રૂપે પરિણમે છે, એનામાં જે વૈભવ ભર્યો છે તે આપે છે. આત્મામાં રાગાદિ વિકલ્પો નથી ભર્યા કે તે વિકલ્પો આપે.—વિકલ્પોવડે તેનું સેવન પણ થઈ શકતું નથી. ધર્મ તે વીતરાગીપર્યાય છે. ધર્મી-આત્મા વીતરાગીવૈભવથી ભર્યો છે, તે જ વીતરાગીવૈભવરૂપ ધર્મપર્યાય આપે છે; બીજો કોઈ ધર્મનો દાતાર નથી. ભાઈ, તારો ધર્મ બીજા પાસે નથી કે તે તને આપે. ધર્મપર્યાય આપવાની તાકાત તારા આત્મામાં જ છે. કોઈ બીજામાં, સંયોગમાં, નિમિત્તમાં, રાગના વિકલ્પોમાં કે પુણ્યમાં એવી તાકાત નથી કે તેઓ તને તારી ધર્મપર્યાય આપે. નિજસ્વરૂપને ધ્યેય કરતાં આત્મા પોતે જ અંદરની શક્તિમાંથી પોતાને ધર્મપર્યાયનું દાન દે છે, તેથી પરમાર્થે આત્મા જ 'ધર્મદાતાર' છે; ને ધર્મરૂપે પરિણમેલા વીતરાગી દેવ-ગુરુએ આવો આત્મા બતાવ્યો તેથી વ્યવહારે તેઓ ધર્મદાતાર છે.—આમ બંને પ્રકારો જેમ છે તેમ જાણવા યોગ્ય છે.

સંપ્રદાનશક્તિવાળો આત્મા કહે છે કે હું મારા ભંડારમાંથી કેવળજ્ઞાન-ને પૂર્ણઆનંદ પ્રગટ કરીને મારી પર્યાયને समर्पयामि! આત્મા પોતે જ પોતાને અતીન્દ્રિય આનંદનું સમર્પણ કરે છે. પોતે દાતાર ને પોતે લેનાર. અભેદમાં દેનાર ને લેનાર એવા બે ભેદ નથી. સંપ્રદાનશક્તિ અખંડ આત્માની છે એટલે પોતામાંથી પૂર્ણ પર્યાય ખીલી તેને પોતે ઝીલીને પોતામાં રાખે છે.

જોઈએ તેટલું પૂરું આપે એવી આત્માની તાકાત છે. પોતે [illegible] છ કારકરૂપ થઈને સ્વભાવરૂપ પરિણમે તેનું નામ ધર્મ, તે જ [illegible] તે જ મોક્ષમાર્ગ.

ભાઈ, તારે ધર્મ કરવો છે ને! તો ધર્મ કરનાર કોણ? તે કેવડો મોટો? તેને ઓળખ્યા વગર ક્યાંથી તું ધર્મ કરીશ? ધર્મ કરનાર આ આત્મા પોતાની અનંત શક્તિઓથી પૂર્ણ છે, તેનો વૈભવ મહાન છે. તેની અનંતગુણસંપત્તિમાં જે નિર્મળભાવ ઉલ્લસે છે તેને ઉપભોગ કરવાની, અંગીકાર કરવાની તાકાત આત્મામાં જ છે. આ તો કેવી અદ્ભુત વાત છે કે એક સમયમાં એક જ વસ્તુ દાતાર ને તે જ લેનાર' અદ્ભુત હોવા છતાં આનંદકારી છે. અનુભવગમ્ય છે. જ્ઞાનમાં એવી અદ્ભુત તાકાત છે કે વિકલ્પ વગર એક સમયમાં ત્રણકાળ ત્રણલોકને જાણે.

જ્ઞાનસ્વરૂપ આત્મા અનંત ધર્મો સહિત વર્તે છે, ભિન્નભિન્ન લક્ષણવાળા અનંતધર્મોને કાર્યની ભિન્નતા છે છતાં વિરુદ્ધતા નથી, એક જ વસ્તુમાં અવિરુદ્ધપણે એકસાથે બધા ધર્મો રહેલા છે. ચૈતન્યખજાનામાં ગુણની–ધર્મની ખોટ નથી. અનંતગુણસમ્પન્ન ભગવાન આત્મા પોતે હોવા છતાં, પોતાનું ભગવાનપણું ભૂલીને પર્યાયમાં અજ્ઞાનીને જે દોષ છે તે દુઃખ અને સંસાર છે. અજ્ઞાનથી આખા નિજવૈભવને તે ભૂલી જાય છે ને બહારમાં ભીખ માંગતો ભટકે છે. પરાશ્રયથી જે લાભ માને છે તે બહારમાં ભલે મોટો ગણાતો હોય પણ અંતરપરિણતિમાં તો તે ભીખારી છે. જ્ઞાની નિજવૈભવને જાણતો થકો મોટો સ્વાધીન રાજા છે, તે બહારમાંથી કાંઈ પણ લેવા માંગતો નથી, એટલે તે બહાર ભટકતો નથી, અંદર પોતામાં જ એકાગ્ર થાય છે.

અહીં પોતાના સ્વાનુભવના નિજવૈભવથી આચાર્યદેવ જગતના જીવોને તેમનો આત્મવૈભવ બતાવે છે. ભાઈ! તારા ચૈતન્યદ્રવ્યના નિધાનને લક્ષમાં લેતાં તેમાંથી અનંત નિધાન પ્રાપ્ત થશે; પોતે જ તેનો લેનાર ને પોતે જ દેનાર. દેવા–લેવામાં સમયભેદ નથી, ક્ષેત્રભેદ નથી, દ્રવ્ય ભિન્ન નથી. આવો સંપ્રદાનસ્વભાવ આત્મામાં ત્રિકાળ છે. એનું ભાન કરતાં પરવસ્તુને દેવા–લેવાની બુદ્ધિ છૂટી જાય છે, ને પોતે પોતામાં એકાગ્ર થઈને પોતાની નિર્મળપર્યાયને સદાકાળ લીધા કરે છે. રાગમાંય દેવા–લેવાની કર્તૃત્વબુદ્ધિ તેને રહેતી નથી, રાગમાંથી એકત્વબુદ્ધિ છૂટીને જ્ઞાન જ્ઞાનમાં જ એકત્વપણે પરિણમે છે; એટલે

સંપ્રદાનશક્તિથી આત્મા પોતે પોતાને કેવળજ્ઞાન [illegible] છે,
તેમાં વચ્ચે બીજું કોઈ દેનાર કે લેનાર નથી. [illegible]
તાકાત જાગે–તૈયારી [illegible]
રીતે સિદ્ધપદને સાધવાની આત્મામાં તાકાત છે. પાત્ર લેનાર તૈયાર [illegible]
ત્યાં દેનેવાળા દાતા પણ તે વખતે જ તૈયાર છે. તેમાં રાહ જોઈને બેસી રહેવું
પડે તેમ નથી, કે બીજા સામે જોવું પડે તેમ નથી.

અરે જીવ! તારો આત્મા જે નિર્મળભાવપણે વર્તે છે તે ભાવને બીજો કોઈ આપે નહિ ને બીજો કોઈ લૂંટી શકે નહિ. આ માટે તું તારી શક્તિને ભૂલીને બીજા પાસે ભીખ માંગે છે? તારો સ્વાધીન સ્વભાવ છે તેને દેખ. આત્માનો ગુણ પર પાસે માંગવો એ તો પામરતા ને ભીખારીપણું છે. પોતાના ગુણોની પર્યાય પોતામાંથી જ લેવાની આત્માની તાકાત છે. તીર્થંકરોએ પોતાની આવી તાકાત પ્રગટ કરીને કેવળજ્ઞાનને સાધ્યું...ને જગતને તેનો ઉપદેશ આપ્યો.

શ્રાવકના ધર્મોના વર્ણનમાં મુનિને આહારદાન દેવાનું વગેરે વર્ણન આવે, તેમાં દાન, દાતા, દેયવસ્તુ અને લેનાર પાત્ર–એની વિશેષતાનું વર્ણન આવે છે અને તેની વિશેષતાઅનુસાર ફળની પણ વિશેષતા હોય છે–એમ બતાવ્યું છે, એ તો તે પ્રકારના વિવેકનું તથા ધર્મીના બહુમાનનું જ્ઞાન કરાવ્યું છે; કાંઈ બહારની દેવા-લેવાની ક્રિયા આત્મા કરે છે એમ ત્યાં સ્થાપવું નથી. તેમાં અને આ વાતમાં કાંઈ વિરોધ નથી. કેમકે અહીં તો શુદ્ધાત્માનું સ્વરૂપ બતાવવું છે એટલે તેમાં રાગની કે બહારની ક્રિયાની વાત ન આવે. ને ત્યાં તો શ્રાવકની ભૂમિકાના શુભપરિણામ કેવા હોય છે તે બતાવવું છે એટલે નિમિત્તરૂપ બહારની ક્રિયા કેવી હોય તે પણ બતાવ્યું છે. તે વખતે તે ધર્માત્મા શ્રાવકને પણ આવા શુદ્ધાત્માની દૃષ્ટિ તો ભેગી જ છે, એટલે બહારમાં મુનિરાજને આહારદાન વગેરે દેતી વખતે અંદરમાં તો પોતે પોતાના આત્માને નિર્મળ પર્યાયમાં અતીન્દ્રિય આનંદનું દાન આપી રહ્યા છે, ને પોતે જ પાત્ર થઈને તે લ્યે છે.–આત્માની આવી સંપ્રદાનશક્તિને જે સમજે તેને આત્મામાંથી અપૂર્વ શાંતિ આવ્યા વિના રહે નહિ. તે શાંતિનો દેનાર અને લેનાર આત્મા પોતે જ છે.

સંપ્રદાનશક્તિનું વર્ણન પૂરું થયું. (૪૪)

★


જ્ઞાનસ્વરૂપ આત્મા ઉત્પાદ-વ્યય-ધ્રુવતાસ્વરૂપ છે; તેમાં ઉત્પાદ-વ્યયરૂપ ક્ષણિકભાવ બીજા સમયે નાશ પામવા છતાં ધ્રુવસ્વભાવને લીધે આત્મા નષ્ટ થઈ જતો નથી; અપાદાનશક્તિને લીધે અવિનાશીપણે ધ્રુવ ટકવાનો તેનો સ્વભાવ છે. આત્મામાં જે નિર્મળ ભાવોના ઉત્પાદ-વ્યય થાય છે તેનો ધ્રુવ આધાર આત્મા છે. અપાદાનશક્તિ તે ધ્રુવભાવને અવલંબનારી છે. ઉત્પાદ-વ્યયરૂપ ક્ષણિક ભાવોનો નાશ થવા છતાં આત્મા નાશ પામી જતો નથી –એવું ધ્રુવતામય અપાદાનપણું આત્મામાં છે. જોકે બીજા સમયે બીજી પર્યાયરૂપ પરિણમે છે ને ત્રીજા સમયે ત્રીજી પર્યાયરૂપે આત્મા પરિણમે છે, કાંઈ પર્યાય વગરનો આત્મા થઈ જતો નથી; પણ એ પર્યાયો તો એક પલટીને બીજી થયા કરે છે, જ્યારે ધ્રુવસ્વભાવથી જોતાં આત્મા એવો ને એવો બિરાજમાન છે, તેનો નાશ થતો નથી. આવો આત્મા પોતાની ચૈતન્યસીમામાં રહેલો છે; ચૈતન્યસીમાથી તે બહાર જતો નથી; તેમજ એની ચૈતન્યસીમામાં પરવસ્તુને કે પરભાવોને પ્રવેશવા દેતો નથી.

પોતાની પર્યાયોના ઉત્પાદ-વ્યયમાં સળંગ ધ્રુવપણે આત્મા ટકી રહે છે એવી તેની અપાદાનશક્તિ છે. જે સળંગ ટકી રહે તેને અપાદાન કહેવાય. દિવ્યધ્વનિ વ્યય થઈને બીજી પર્યાય થઈ–તેમાં તેના પરમાણુ ધ્રુવ-અપાદાનપણે ટક્યા છે, એટલે તે દિવ્યધ્વનિનું અપાદાન કાંઈ કેવળજ્ઞાનીનો આત્મા નથી, પણ તે વાણીના પરમાણુ જ તેનું અપાદાન છે. –આ રીતે ધ્રુવ રહેવારૂપ અપાદાનશક્તિ જડમાં પણ છે. આત્મામાં પણ પોતાની શક્તિની ધ્રુવતા રહીને નિર્મળપર્યાયના ઉત્પાદ-વ્યય થયા કરે છે. શક્તિ તે કારણ ને નિર્મળપર્યાય તેનું કાર્ય, આ રીતે કારણ-કાર્ય એક જાતના છે, અભિન્ન છે. શુભભાવ થાય તેની મર્યાદા કેટલી? –કે પુણ્ય જેટલી. ચૈતન્યસ્વરૂપમાં તેનો પ્રવેશ નથી; તેમજ તે કાંઈ ધ્રુવ ટકતા નથી. એટલે નિર્મળપર્યાયનું અપાદાન તે નથી. આત્મામાં જે સમ્યગ્દર્શનાદિ પર્યાયોનો ઉત્પાદ થયો તેનો બીજા સમયે વ્યય થઈ જાય છે, છતાં આત્માનું સ્વરૂપ જરાપણ હાનિ પામતું નથી, ઘટી જતું નથી કે ખાલી થઈ જતું નથી, ધ્રુવપણે ટકીને સ્વાધીન ઉપાદાનથી બીજા સમયે બીજી નિર્મળપર્યાયપણે પોતે થાય છે. આ રીતે ઉત્પાદ-વ્યયરૂપ ભાવોની હાનિ થવા છતાં ધ્રુવભાવે આત્મા ટકી રહે છે, તેનું સ્વરૂપ જરાય હાનિ પામતું નથી. આવા આત્માને અનુભવમાં લેવો તે ધર્મ છે.

(કરોડો માણસો) જમે તોપણ ભોજન ખૂટે નહિ; છતાં એ ઋદ્ધિ તે તો પુણ્યકૃત ઋદ્ધિ છે, એ કાંઈ અંદરના ગુણની ઋદ્ધિનું કાર્ય નથી; ગુણની ઋદ્ધિ તો પોતાના અનુભવમાં સમાય, તે કાંઈ બજારમાં કામ ન કરે. લોકોને બહારની લબ્ધિનો વિશ્વાસ આવે છે; પણ અંદર ગુપ્ત ચમત્કારી તાકાતની ચૈતન્યલબ્ધિમાં અનંતગુણના અખૂટ અક્ષય નિધાન છે તે તો જ્ઞાનીને જ સ્વાનુભવવડે પ્રતીતમાં આવે છે. પોતામાંથી સદાકાળ જ્ઞાન-આનંદાદિની શુદ્ધપર્યાય કાઢી કાઢીને ભોગવ્યા જ કરે છતાં કદી ખૂટે નહિ એવી ઋદ્ધિ ચૈતન્યમાં ભરી છે. ધ્રુવને ધ્યેય બનાવીને અભેદપણે પર્યાય તેમાં લીન થઈ ત્યાં સદાકાળ કેવળજ્ઞાન...કેવળજ્ઞાન...કેવળજ્ઞાન......થયા જ કરે. અતીન્દ્રિય આનંદ......આનંદ......આનંદ........થયા જ કરે, એવા નિધાનની ધ્રુવ-ખાણ આત્મા છે.

કોઈ બાવાએ નાના પાત્રમાંથી એક હજાર માણસને જમાડી દીધા -એમ સાંભળે ત્યાં ચમત્કાર લાગી જાય છે ને તે જોવાનું કુતૂહલ કરે છે, પણ હે ભાઈ! એમાં તો કાંઈ સાર નથી. ખરો ચમત્કારી તો આ આત્મ-સ્વભાવ છે કે જે પોતામાંથી સાદિ-અનંતકાળ શુદ્ધતા કાઢી કાઢીને પોતે તેને ભોગવ્યા કરે, છતાં ખૂટે નહિ, હવે નિર્મળપર્યાય નહિ આવે એમ કદી થાય નહિ; આવા તારા સ્વભાવનું આશ્ચર્ય લાવી, મહિમા લાવી તેને જોવાનું તું કુતૂહલ કર. બહારની એવી લબ્ધિ (માણસોને જમાડી દેવા વગેરે) તો થોડોક કાંઈ શુભરાગ કર્યો હોય તેના ફળમાં પણ પ્રાપ્ત થઈ જાય, તે કાંઈ મોટી વાત નથી. પણ આત્માના ભંડારમાંથી સદાકાળ નિર્મળપર્યાયના નિધાન નીકળ્યા જ કરે,—જેને કોઈ વિકલ્પની કે પરની અપેક્ષા નહિ-એવા અપાદાનસ્વભાવી આત્માને અનુભવમાં લેવો તે મોટી ને અપૂર્વ વાત છે, તેના ફળમાં સિદ્ધદશા પ્રાપ્ત થશે. સિદ્ધનેય સમયે સમયે પર્યાય વ્યય થવા છતાં નવી નવી પર્યાયો સ્વભાવમાંથી આવ્યા જ કરે છે; તે પૂર્ણ પર્યાય પ્રગટવા છતાં શક્તિમાંથી જરાય ઘટતું નથી. આવું તો એક શક્તિનું માહાત્મ્ય! ને આવી અનંત-શક્તિમય ભગવાન આત્મા! આવો મહિમાવંત આત્મા જેને શ્રદ્ધામાં આવ્યો, સ્વસંવેદનમાં આવ્યો તે જીવ ધર્મી છે. તેણે ધ્રુવતારાની જેમ પોતાના સ્વભાવમાં મીટ માંડી...તે પોતે ધ્રુવ ટકીને સદાકાળ નિર્મળપર્યાયના ઉત્પાદ-વ્યયરૂપ પરિણમ્યા કરશે. આવો ભગવાનનો માર્ગ છે, ભગવાન થવાની આ

तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण



આચાર્યદેવ કહે છે કે—

જિનવાણીની ઉપાસનાથી, અબાધયુક્તિના અવલંબનથી, પરંપર ગુરુઓવડે પ્રસાદીરૂપે અપાયેલ શુદ્ધાત્મતત્ત્વના ઉપદેશથી અને આનંદમય સ્વસંવેદનથી પ્રગટેલો મારા આત્માનો જે નિજ-વૈભવ છે તે સમસ્ત આત્મવૈભવવડે હું આ સમયસારમા એકત્વ-વિભકત શુદ્ધઆત્મા દેખાડું છું.

હે શ્રોતાઓ! તમે સ્વાનુભવ-પ્રત્યક્ષવડે પરીક્ષા કરીને તે પ્રમાણ કરજો.

[૪૭ શક્તિ ઉપરનું પ્રવચન [illegible]

★

જ્ઞાનભાવમય આત્મા છે; તે પોતે જ પોતાના જ્ઞાનાદિ ભાવોનો આધાર છે. તે-તે કાળે પરિણમતા નિર્મળ ભાવો આત્માના જ આધારે પરિણમે છે, કોઈ બીજો તેનો આધાર નથી. આત્મા જ પોતાની અધિકરણ શક્તિથી પોતાના ભાવોનો આધાર થાય છે. આત્માના જ્ઞાનમાં, શ્રદ્ધામાં, આનંદમાં–એમ સર્વે ગુણોમાં પોતપોતાનું કાર્ય છે. તેમ આત્માની અધિકરણશક્તિનું કાર્ય એવું છે કે જે-જે પર્યાયો થાય તેના આધારરૂપ પોતે વર્તે છે. સીતાજી વગેરે ધર્માત્મા પોતાના આવા આત્માને જાણતા હતા કે, વન-જંગલમાં પણ અમે નિરાધાર નથી, અમારો આત્મા જ અમારા સમ્યક્ત્વાદિ ભાવોનો આધાર છે. તેના જ આધારે અમારા સમ્યકત્વાદિ ભાવો ટક્યા છે. રાજમાં હતા ત્યારેય અમારો આધાર બીજું કોઈ ન હતું ને અત્યારે જંગલમાં પણ બીજું કોઈ અમારો આધાર નથી. અમારો આધાર અમારામાં જ છે. જેમ કાર્યનો કર્તા કે સાધન જુદા નથી હોતા તેમ તેનો આધાર પણ જુદો હોતો નથી. અસંખ્યપ્રદેશી આત્મા અનંતગુણોના નિર્મળભાવોનો આધાર છે. અનંત આકાશને જેમ બીજો આધાર નથી, પોતામાં જ આધાર-આધેયપણું છે, તેમ આત્માની અનંતશક્તિને કે તેના નિર્મળભાવોને કોઈ બીજો આધાર નથી. આત્મા પોતે જ આધાર છે. આધાર ને આધેય જુદા નથી.–આવા નિર્ણયથી અંતર્મુખતા થાય છે, ને પોતાના આધારે નિર્મળભાવ પ્રગટે છે.

આત્મા જ્ઞાનસ્વરૂપ છે; તેને અંતર્મુખ જ્ઞાનપર્યાય દ્વારા લક્ષગત કરતાં જે અનંતગુણ તથા તેની નિર્મળપર્યાયો –એવા ગુણપર્યાયોનો સમુદાય લક્ષિત થાય છે તેવડો આત્મા છે. આવો આત્મા દૃષ્ટિમાં આવે ત્યાં તે પોતાના આધારે જ સમ્યગ્દર્શનાદિ નિર્મળભાવરૂપે પરિણમે છે; તેનો આધાર શરીર નથી, શુભરાગ તેનો આધાર નથી. શરીર અને રાગથી પાર આવા આત્માને પ્રતીતમાં લેતાં, વિકલ્પ કે વાણીના આધાર વગર જ સ્વાશ્રયે નિર્મળ પરિણમન પ્રગટે છે. આવા સામર્થ્યવાળી અધિકરણશક્તિ છે. અનંત શક્તિથી ભરેલો ચૈતન્ય-રત્નાકર, તેની દરેક શક્તિમાં દિવ્યતા છે. આવી દિવ્યતાવાળો આત્મદેવ, તેનો અનુભવ ને સાક્ષાત્કાર કેમ થાય તેની આ રીત છે. સર્વજ્ઞના માર્ગ સિવાય બીજે ક્યાંય આ વાત યથાર્થ હોય નહિ.

સન્તોએ અંતરમાં આત્માની શક્તિઓનું કેવું ઘોલન કર્યું છે! અંદર સ્વાનુભવરસમાં ઘૂંટી ઘૂંટીને તેનું સત્ત્વ કાઢયું છે. આહા. આત્મશક્તિનો મહિમા કોઈ અમાપ છે–જેનું માપ વિકલ્પથી કે વચનથી થઈ શકતું નથી. આત્મા પોતે ધ્રુવપણે રહીને પોતાની નિર્મળ પર્યાયનો અધિકરણ થાય છે. ધર્મનો આધાર આત્મા પોતે છે, બીજો કોઈ નથી. આત્માનો ધર્મ આત્માના જ આધારે થાય છે. જડના ધર્મો જડના આધારે છે, ને આત્માના ધર્મો આત્માના આધારે છે.

એક વસ્તુનો ધર્મ બીજી વસ્તુના આધારે હોતો નથી; તેમજ તેની પોતાની એક પર્યાયના આધારે બીજી પર્યાય થતી નથી. અધિકરણસ્વભાવવાળો આત્મા છે. તે જ પોતાની સર્વ પર્યાયનો આધાર થાય છે. તેથી ધર્મી જીવ પર્યાયેપર્યાયે અખંડ આત્માને દેખે છે, તેને જ અવલંબે છે. આ રીતે પોતાના સર્વ ભાવના અધિકરણરૂપે પોતાના આત્માને જ જે જાણે તે સંયોગનો આધાર લેવા કેમ જાય? એટલે સંયોગ ઠીક હોય તો ધર્મ થાય એવી મિથ્યાબુદ્ધિ તેને રહેતી નથી. અનુકૂળ સંયોગ હો કે પ્રતિકૂળ, બને વખતે મારો ધર્મ તો મારા આધારે જ છે, એટલે પોતામાં જોવાનું રહ્યું, સંયોગો ઉપર રાગદ્વેષ કરીને અટકવાનું ન રહ્યું. આમ નક્કી કરનાર સ્વસન્મુખ થઈને આત્માનો આધાર લ્યે છે, ને આત્માના આધારે અભેદ પરિણમતાં અલ્પકાળમાં તેને કેવળજ્ઞાન થાય છે...એટલે ચૈતન્યના ભંડાર તેને ખૂલી જાય છે. વાહ! ચૈતન્યભંડારને ખોલવાની કૂંચી સન્તોએ આ સમયસાર દ્વારા જગતને આપી છે.

વિકાર વગરની વીતરાગીદશા પ્રગટ થવી તે ધર્મ છે; તેનો આધાર આત્મા છે. વીતરાગદશાનો આધાર રાગ કેમ હોય? વર્તમાન વર્તતા ભાવનો આધાર આત્મસ્વભાવ છે.–કેવા ભાવ? વિકારી નહિ પણ નિર્મળભાવ લેવા. કેમકે અંતર્મુખ થઈને જ્યાં આત્માનો આધાર લીધો ત્યાં નિર્મળ જ ભાવ હોય છે, આત્માના આધારે વિકારભાવો ઉત્પન્ન થતા નથી.

આત્માના બધા ધર્મો સ્વ-આધારે છે. જ્ઞાનને ઈન્દ્રિયોનો આધાર નથી, જ્ઞાનને રાગનો આધાર નથી, જ્ઞાનને જ્ઞાનસ્વભાવી આત્માનો જ આધાર છે. જ્ઞાનનો આધાર જે બીજાને માને છે તેણે જ્ઞાનની સાથે જ રહેલા અધિકરણસ્વભાવને જાણ્યો નથી એટલે અનેકાન્તસ્વરૂપ આત્માને જાણ્યો નથી.

જ્ઞાયકભાવસ્વરૂપ આત્મા, તેનામાં જ્ઞાન સાથે રહેલી અનંતશક્તિઓનું આ વર્ણન છે. અનંતશક્તિઓ તો વાણીમાં કેમ આવે? અહીં કેટલીક શક્તિઓ બતાવી છે. તેમાં જીવત્વથી શરૂ કરીને હવે આ ૪૭મી શક્તિમાં પોતાના સ્વભાવ સાથે જ સ્વ-સ્વામિત્વસંબંધ બતાવીને આચાર્યદેવ આ પ્રકરણ સંકેલે છે. ૪૭ શક્તિના વર્ણન દ્વારા તો ઘણું સ્પષ્ટીકરણ કરીને આત્મસ્વભાવનો અચિંત્ય અપાર મહિમા પ્રસિદ્ધ કર્યો છે. ને આ ૪૨ પ્રવચનો દ્વારા પણ તે શક્તિના ભાવોનું ઘણા પ્રકારે સ્પષ્ટીકરણ થયું છે. કથનના ક્રમની અપેક્ષાએ આ છેલ્લી શક્તિ છે, પણ અંદર અનંતશક્તિમાં કંઈ પહેલી ને છેલ્લી એવો ક્રમ નથી, બધી શક્તિઓ એકસાથે જ જ્ઞાનભાવમાં પરિણમી રહી છે. શક્તિના વર્ણન દ્વારા આવા જ્ઞાનમાત્ર આત્મસ્વભાવનો અનુભવ કરાવવો –તે તાત્પર્ય છે.

આ ૪૭મી શક્તિમાં કહે છે કે જ્ઞાનસ્વરૂપ આત્માને પોતાના સ્વભાવ સાથે જ સ્વ-સ્વામિપણાનો સંબંધ છે, બીજા કોઈ સાથે તેને સંબંધ નથી. આત્માનું 'સ્વ' શું? કે જ્ઞાનાદિ અનંતા ગુણો ને તેમની નિર્મળપર્યાયોરૂપ જે સ્વભાવ તે આત્માનું 'સ્વ' છે એટલે કે તે જ આત્મા છે, ને તેનો જ આત્મા સ્વામી છે. જોકે આત્મામાં આ સ્વ ને આ સ્વામી એવા સ્વ–સ્વામી અંશોના ભેદ પાડવા તે પણ વ્યવહાર છે, પર સાથે સંબંધ નથી એમ બતાવવા પોતામાં સ્વ–સ્વામી એવા અંશોના ભેદ પાડીને સમજાવ્યું છે; પણ આત્માના સ્વાનુભવમાં કાંઈ આ સ્વ ને આ સ્વામી એવા ભેદનું લક્ષ રહેતું નથી.

કર્તા, કર્મ, સાધન એ બધું આત્મામાં સમાડયું; હવે આત્માને સંબંધ કોની સાથે છે? તો કહે છે કે આત્માને સંબંધ કોઈ બીજાની સાથે નથી, પોતાના સ્વભાવ સાથે જ સંબંધ છે. પોતાના અનંત ધર્મચક્રને આત્મા ધારણ કરે છે, પણ બીજા પદાર્થો સાથે તેને જરાય સંબંધ નથી. સંબંધશક્તિ પર સાથેનો સંબંધ તોડાવીને (પરથી વિભક્તપણું બતાવીને) સ્વભાવ સાથે એકતારૂપ અભેદ સંબંધ કરાવે છે. ભગવાન આત્મામાં એવી શક્તિ છે કે પોતાના નિર્મળ ગુણ–પર્યાયનો સ્વામી થાય, તેમાં એકત્વપણે પરિણમે; પણ શુભાશુભભાવોનો સ્વામી થઈને તેમાં એકત્વપણે પરિણમે એવો તેનો સ્વભાવ નથી. દેહાદિ પરપદાર્થોનો સ્વામી આત્મા નથી. જે ભાવનો જે સ્વામી હોય તે જ જાતનો તે હોય. જડ ભાવનો સ્વામી જડ હોય; ચેતન તો ચેતનભાવનો

જ્ઞાયકભાવસ્વરૂપ આત્મા, તેનામાં જ્ઞાન સાથે રહેલી અનંતશક્તિનું આ વર્ણન છે. અનંતશક્તિઓ તો વાણીમાં કેમ આવે? અહીં કેટલીક શક્તિઓ બતાવી છે. તેમાં જીવત્વથી શરૂ કરીને હવે આ ૪૭મી શક્તિમાં પોતાના સ્વભાવ સાથે જ સ્વ-સ્વામિત્વસંબંધ બતાવીને આચાર્યદેવ આ પ્રકરણ સંકેલે છે. ૪૭ શક્તિના વર્ણન દ્વારા તો ઘણું ઘણું સ્પષ્ટીકરણ કરીને આત્મસ્વભાવનો અચિંત્ય અપાર મહિમા પ્રસિદ્ધ કર્યો છે. ને આ ૪૨ પ્રવચનો દ્વારા પણ તે શક્તિના ભાવોનું ઘણા પ્રકારે સ્પષ્ટીકરણ થયું છે. કથનના ક્રમની અપેક્ષાએ આ છેલ્લી શક્તિ છે, પણ અંદર અનંતશક્તિમાં કંઈ પહેલી ને છેલ્લી એવો ક્રમ નથી, બધી શક્તિઓ એકસાથે જ જ્ઞાનભાવમાં પરિણમી રહી છે. શક્તિના વર્ણન દ્વારા આવા જ્ઞાનમાત્ર આત્મસ્વભાવનો અનુભવ કરાવવો –તે તાત્પર્ય છે.

આ ૪૭મી શક્તિમાં કહે છે કે જ્ઞાનસ્વરૂપ આત્માને પોતાના સ્વભાવ સાથે જ સ્વ-સ્વામિપણાનો સંબંધ છે, બીજા કોઈ સાથે તેને સંબંધ નથી. આત્માનું 'સ્વ' શું? કે જ્ઞાનાદિ અનંતા ગુણો ને તેમની નિર્મળપર્યાયોરૂપ જે સ્વભાવ તે આત્માનું 'સ્વ' છે એટલે કે તે જ આત્મા છે, ને તેનો જ આત્મા સ્વામી છે. જોકે આત્મામાં આ સ્વ ને આ સ્વામી એવા સ્વ–સ્વામી અંશોના ભેદ પાડવા તે પણ વ્યવહાર છે, પર સાથે સંબંધ નથી એમ બતાવવા પોતામાં સ્વ–સ્વામી એવા અંશોના ભેદ પાડીને સમજાવ્યું છે; પણ આત્માના સ્વાનુભવમાં કાંઈ આ સ્વ ને આ સ્વામી એવા ભેદનું લક્ષ રહેતું નથી.

કર્તા, કર્મ, સાધન એ બધું આત્મામાં સમાડ્યું; હવે આત્માને સંબંધ કોની સાથે છે? તો કહે છે કે આત્માને સંબંધ કોઈ બીજાની સાથે નથી, પોતાના સ્વભાવ સાથે જ સંબંધ છે. પોતાના અનંત ધર્મચક્રને આત્મા ધારણ કરે છે, પણ બીજા પદાર્થો સાથે તેને જરાય સંબંધ નથી. સંબંધશક્તિ પર સાથેનો સંબંધ તોડાવીને (પરથી વિભક્તપણું બતાવીને) સ્વભાવ સાથે એકતારૂપ અભેદ સંબંધ કરાવે છે. ભગવાન આત્મામાં એવી શક્તિ છે કે પોતાના નિર્મળ ગુણ–પર્યાયનો સ્વામી થાય, તેમાં એકત્વપણે પરિણમે; પણ શુભાશુભભાવોનો સ્વામી થઈને તેમાં એકત્વપણે પરિણમે એવો તેનો સ્વભાવ નથી. દેહાદિ પરપદાર્થોનો સ્વામી આત્મા નથી. જે ભાવનો જે સ્વામી હોય તે જ જાતનો તે હોય. જડ ભાવનો સ્વામી જડ હોય; ચેતન તો ચેતનભાવનો

આમ કેમ? પુરોહિત કહે છે કે તમારા ભાઈઓ હજી અણનમ છે, તેમણે તમારી સત્તા સ્વીકારી નથી તેથી તમારો દિગ્વિજય હજી અધૂરો છે, એટલે ચક્ર અયોધ્યાનગરીમાં પ્રવેશ કરતું નથી. પછી તો ભરતચક્રી પોતાના ૯૯ ભાઈઓ ઉપર પત્ર લખે છે: તે વાંચીને ૯૮ ભાઈઓ તો ઋષભદેવપ્રભુના ચરણસમીપ જઈને મુનિ થઈ જાય છે ને તે જ ભવે કેવળજ્ઞાન પામીને મોક્ષ જાય છે. એક બાહુબલિ બાકી રહ્યા. તેમણે ન તો દીક્ષા લીધી કે ન ભરતને નમન કર્યા. અંતે ભરત–બાહુબલી વચ્ચે યુદ્ધ થયું. બંને ધર્માત્મા, બંને ચરમશરીરી, બંનેને અંદરમાં સ્વપ્નેય રાજનું કે રાગનું સ્વામિપણું નથી; લડાઈના કાળેય બંનેનો આત્મા પોતપોતાના જ્ઞાનભાવના સ્વામિત્વપણે જ પરિણમી રહ્યો છે. જરાક રાગદ્વેષના ભાવો થાય છે તેનું જ્ઞાન વર્તે છે પણ તેનું સ્વામિત્વ વર્તતું નથી. અમે તો અમારા ચૈતન્યરૂપ અસંખ્યપ્રદેશી સ્વ-દેશના રાજા છીએ, અનંતા નિર્મળ ગુણ–પર્યાયો તે અમારી પ્રજા છે; અમારા આનંદમાં અમે તન્મય છીએ, સંયોગ લક્ષણવાળા રાગાદિ સમસ્ત ભાવો અમારાથી જુદા છે.—

મારો સુશાશ્વત એક દર્શન-જ્ઞાનલક્ષણ જીવ છે,
બાકી બધા સંયોગલક્ષણ ભાવ મુજથી બાહ્ય છે.

જુઓ, આ ધર્માત્માની અનુભૂતિ! ધર્મી જીવ પોતાની અનુભૂતિમાં આવા નિજસ્વરૂપને સંચેતે છે–જાણે છે–અનુભવે છે. અહો, આવું ઉત્તમ મારું સ્વતત્ત્વ! આવા આનંદથી ઉલ્લસતું મારું સ્વતત્ત્વ! તેના અનુભવ પાસે ધર્મીને જગતના કોઈ પદાર્થનું કે કોઈ પરભાવનું સ્વામિત્વ સ્વપ્નેય રહ્યું નથી. આ પરમ મહિમાવંત ચૈતન્યનું સ્વામિત્વ છોડીને દુઃખદાયી પરભાવનું સ્વામિત્વ કોણ કરે? આમ માત્ર નિજસ્વરૂપના સ્વામિત્વની નિર્મળધારા ધર્મીને રાગ વખતેય વર્તી રહી છે; બંને ધારા જુદી જુદી વર્તે છે, તેમાંથી સ્વભાવધારાનું સ્વામિત્વ છે ને રાગધારાનું સ્વામિત્વ ધર્મીના જ્ઞાનમાં નથી.

અહો, ધર્મીના અંતરપરિણમનની આ અલૌકિક વાત!–તે જગતને માટે અટપટી છે, પણ જો સમજે તો પોતામાં ભેદજ્ઞાન થઈ જાય–એવી અપૂર્વ છે. ધર્મીની દૃષ્ટિ અલૌકિક છે, એના સ્વામિપણાં સ્વ-ભાવમાં જ સમાય છે; સ્વભાવમાંથી બહાર નીકળીને પરભાવનું અંશમાત્ર સ્વામિપણું કરવા જતા નથી. જેટલો પોતાનો નિજ ભાવ તેટલું જ પોતાનું સ્વ, ને તેનો આત્મા

કર્તા-કર્મપણું, સ્વ-સ્વામીપણું તે એક જ વસ્તુમાં હોય છે, ભિન્ન વસ્તુમાં નથી હોતુ. જડનો કર્તા જડ, જડનુ કાર્ય જડ, જડનો સ્વામી જડ, જડ સાથે જેને એકતા તે જડ; ચેતનનો કર્તા ચેતન, ચેતનનુ કાર્ય ચેતન, ચેતનનો સ્વામી ચેતન, ચેતન સાથે જેને એકતા તે ચેતન; –આમ બન્નેને અત્યંત ભિન્નતા છે. આત્માથી જુદું હોય તેનો સ્વામી આત્મા નથી; આત્માનું જે સ્વ હોય તે આત્માથી જુદુ ન હોય. મારા નિર્મળ ગુણ–પર્યાયો મારાથી જુદા નથી, તેમાં તન્મયતા છે તેથી તે મારુ 'સ્વ' છે,—એમ ધર્મી જાણે છે. આ વાત ગા. ૨૦૭–૨૦૮ માં સરસ રીતે સમજાવી છે. તેમાં કહે છે કે 'જે જેનો સ્વ ભાવ છે તે તેનું સ્વ છે, અને તે તેનો સ્વામી છે' આમ જાણવું તે સૂક્ષ્મ તીક્ષ્ણ તત્ત્વદૃષ્ટિ છે; આવી તત્ત્વદૃષ્ટિવડે જ્ઞાની પોતાના આત્માને જ આત્માનો પરિગ્રહ નિયમથી જાણે છે, તેથી પરદ્રવ્યને 'આ મારું સ્વ નથી, હું આનો સ્વામી નથી' એમ જાણતો થકો પરિગ્રહતો નથી.

જો અજીવ પરદ્રવ્યને હું પરિગ્રહું તો અવશ્યમેવ તે અજીવ મારુ સ્વ થાય, ને હું પણ અવશ્યમેવ તે અજીવનો સ્વામી થાઉં. અજીવનો સ્વામી તો અજીવ જ હોય. હું કાંઈ અજીવ નથી. મારો જ્ઞાયકભાવ તે જ મારું સ્વ છે ને તેનો જ હું સ્વામી છું,–આમ જાણતો થકો ધર્મી પોતાના જ્ઞાતા-પણામાં જ રહે છે. તે જ્ઞાતાપણામાં રાગનુંય સ્વામિત્વ નથી. અહો, આવી અંતરદશા જ્ઞાનીની છે. અત્યારે તો અહીં જ્ઞાનીઓની ઓછપ, ને ઊંધું માનનારા જીવોના ઢગલા!–તેમાં સત્ય સમજવું જીવોને મોંઘું થઈ પડયું છે... ભગવાનનો મારગ મોંઘો થઈ ગયો છે...પણ હે જીવ! આ તત્ત્વ સમજ્યા વગર તું ભગવાનનો ભક્ત કે જ્ઞાનીનો સાચો સેવક થઈ શકીશ નહીં. તારું સાચું સ્વતત્ત્વ શું છે તે સમજ, એ જ ભગવાનની ને જ્ઞાનીઓની ખરી સેવા છે, એ જ એમની આજ્ઞા છે.

આત્મા આત્મભાવોનો સ્વામી છે. આત્મભાવ કોને કહેવાય? આત્મ-સ્વભાવના આશ્રયે પ્રગટેલા એવા સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રાદિ શુદ્ધ ભાવો તે જ આત્માના ભાવો છે, અને તેમની સાથે જ આત્માને સ્વ-સ્વામીસંબંધરૂપ એકતા છે. જેનાથી કર્મ બંધાય એવા કોઈ પણ રાગાદિ ભાવો તે ખરેખર આત્માના સ્વ ભાવો નથી, નિજ ભાવો નથી; અને જે આત્માનું સ્વ નથી તે આત્માનું સાધન પણ નથી, તેમાં આત્માનું કર્તૃત્વ પણ નથી. એટલે શુભરાગ

[illegible]

આત્મવૈભવના દાતા એવા [illegible]
ગુરુદેવની ચરણછાયામાં આજ [illegible]
પચીસ વર્ષ સુધી ગુરુદેવના ચરણમાં [illegible]
વાણીદ્વારા અનેકવિધ આત્મભાવના [illegible]
ભાવોનું સતતપણે ઘોલન [illegible]
જે મહાન ઉપકાર છે તેની [illegible]
છેલ્લા વર્ષમાં ગુરુદેવની પ્રસન્નકારી પ્રેરણા ઝીલીને આ [illegible]
રચના કરતી વખતે તેના ઊંડા આત્મમંથનથી [illegible] આત્મામાં
ભાવનાઓ જગાડી છે તે ભાવનાના જોરે આ આત્મા [illegible]
ગુરુદેવની પ્રસન્નતાના પ્રતાપે અલ્પકાળમાં જ આરાધના પ્રાપ્ત કરીને [illegible]
આત્મા પોતાનો આત્મવૈભવ પ્રાપ્ત કરશે. ગુરુદેવના મંગલ આશીર્વાદનું
આ મહાન ફળ છે. તેથી ભાવિ તીર્થંકર એવા આ શ્રી કહાનગુરુદેવને પર[illegible]
ભક્તિથી ને આત્મિક આહ્લાદથી નમસ્કાર કરું છું.

આ આત્મવૈભવનું આલેખન પરમ પ્રિય ગીરનાર તીર્થના [illegible] પ્રભુશ્રી નેમિનાથ જિનેન્દ્રદેવના ચરણસમીપે વીર સં. ૨૪૯૨ ના વૈશાખ બીજે શરૂ કર્યું હતું; તે આજ (સં. ૨૪૯૪ ના કારતક વદ ત્રીજે) તીર્થધામ સોનગઢના જિનાલયમાં બિરાજમાન પ્રભુશ્રી નેમિનાથ જિનેન્દ્રદેવના ચરણસ્પર્શપૂર્વક આત્મિક ઉલ્લાસભાવે સમાપ્ત થાય છે......તે મંગલરૂપ હો.. સ્વ-પરને આનંદમય "આત્મવૈભવ"ની પ્રાપ્તિ કરાવો. —બ્ર. હરિલાલ જૈ

નમું સિદ્ધપરમાત્મને, નમું તીર્થંકરદેવ,
નમું સંતમુનિરાજને, સદા કરું તુજ સેવ.
કુંદકુંદભગવંત ને અમૃતચંદ્ર મુનિરાજ,
આત્મવૈભવદાતાર છે, ફરી ફરી પ્રણમું આજ.
જિનવાણી મુજ માત છે રત્નત્રયદાતાર,
રત્નત્રય-સંતસહ નમું, કરજો ભવથી પાર.
ગીરનારતીરથ નમું, જગમાં મંગલકાર,
નમું દેવ ચૈતન્યને, વરતે જયજયકાર.



જેમ આત્મામાં વીર્યશક્તિ છે તેમ પરમાણુ વગેરેમાં પણ ગતિવીર્ય એટલે કે ગમનશક્તિ વગેરે છે. એક રજકણ લોકના નીચેના છેડેથી ઠેઠ ઉપર ચૌદ રાજલોક એક સમયમાં ચાલ્યો જાય એવી તેની ગમનશક્તિ છે; જીવ એક સમયમાં ત્રણકાળ ત્રણલોકને (તેમ અલોકને) જાણી લ્યે એવી તેની તાકાત છે. નીચે સાતમી નરકના સ્થાનની નીચે રહેલો નિગોદનો જીવ ત્યાંથી ગતિ કરીને એક સમયમાં ઠેઠ ઉપર સિદ્ધલોકના સ્થાને પહોંચી જાય, તેજસ-કાર્મણ શરીરના અનંતા રજકણો પણ ભેગા જાય,–છતાં બંનેની ગતિ સ્વતંત્ર છે. અહીં તો કહે છે કે આવી વિભાવગતિ તે પણ આત્માનું ખરૂં કાર્ય નહિ જ્ઞાની પોતાના આત્મબળને દેહથી ને વિકારથી ભિન્ન જાણે છે.

નેમનાથ ભગવાન રાજકુમાર હતા તે વખતનો એક પ્રસંગ છે. મહારાજા શ્રીકૃષ્ણની રાજસભામાં એકવાર બળની વાત નીકળી કે આ સભામાં સૌથી બળવાન કોણ? કોઈ કહે ભીમ બળવાન, કોઈ કહે શ્રીકૃષ્ણ, કોઈ કહે બળભદ્ર–એમ ચર્ચા ચાલી; ચર્ચા ચાલતી હતી ત્યાં નેમકુમાર રાજસભામાં પધાર્યા, ને સૌએ સન્માન કર્યું. ત્યારે બળભદ્ર કહે છે કે બીજા બધા બળવાન ભલે હોય, પણ આ નેમકુમાર તીર્થંકર છે, એના બળની તોલે કોઈ ન આવે. સૌથી બળવાન હોય તો નેમકુમાર છે. નેમકુમારની આ પ્રશંસા શ્રીકૃષ્ણથી સહન ન થઈ; એને એમ કે હું જ સૌથી બળવાન છું. એટલે એ તો નેમકુમાર સાથે મલ્લકુસ્તી કરીને બળની પરીક્ષા કરવા તૈયાર થયા. પણ નેમકુમાર હસીને કહે છે કે બંધુ, તમે તો વડીલ–મોટાભાઈ છો. તમારી સાથે કુસ્તી ન હોય; છતાં પણ તમારે બળની પરીક્ષા કરવી હોયને, તો આ મારો પગ જરા ખસેડી દ્યો. શ્રીકૃષ્ણ તેને જરાય હલાવી પણ ન શક્યા. ત્યારે નેમકુમાર કહે છે–બંધુવર, રહેવા દો, આ મારી ટચલી આંગળી સીધી છે તેને જરા વાંકી કરી દ્યો. શ્રીકૃષ્ણ તે આંગળી ઉપર ટીંગાઈ જાય છે તોપણ તે ટચલી આંગળીને જરાય વાંકી વાળી શકતા નથી.

હવે આ પ્રસંગ ઉપરથી આપણે તો અહીં એ કહેવું છે કે શ્રી નેમ-કુમારને શરીરબળનો આ પ્રકારનો સહેજ વિકલ્પ આવ્યો, પણ અંતરમાં તે ધર્માત્મા તે વખતે જ જાણે છે કે આ શરીરબળ તે હું નહિ, ને આ વિકલ્પ ઊઠયો તે પણ હું નહિ; હું તો ચૈતન્યની વીર્યશક્તિથી બળવાન છું. મારા આત્માનું બળ તો મારી નિર્મળ પર્યાયની રચના કરે, પણ કાંઈ બહારનાં

ામાં જ્ઞાનની રચનાનું બળ, આનંદમાં આનંદની રચનાનું
.કત્વની રચનાનું બળ,-એમ બધા ગુણોમાં સ્વરૂપની
ો બળની દાતાર કોણ? કે આત્માની વીર્યશક્તિ તેની
ત આખા આત્માના સ્વરૂપની નિર્મળપણે રચના કરે છે,
માં તે શક્તિ વ્યાપેલી છે. પોતામાં આવા સ્વભાવસામર્થ્યનો
હોવા છતાં તે નિજવૈભવને ભૂલીને અજ્ઞાની જીવ દીન-હીન-
પર પાસે ભીખ માંગી રહ્યો છે-કે તે કાંઈ મદદ કરે!
ાભાવમાં ક્યાં ઓછું સામર્થ્ય છે કે તારે બીજાની મદદ
સ્વભાવને દૃષ્ટિમાં લે તો તને પરની મહત્તા ટળે ને સ્વભાવની
એવો બળવાન છો કે તારી ટચલી આંગળીને પણ
.ક નાની પર્યાયને પણ) બીજો કોઈ હલાવી શકે એમ
સ્વભાવસામર્થ્યને તું સંભાળ.

તારું સામર્થ્ય કેટલું! એક ક્ષણમાં કેવળજ્ઞાનની રચના
ાવીર્ય! તેને તું લક્ષમાં તો લે. બહારના સંયોગથી તારી
નથી. તારી શોભા ને મહત્તા તો તારા ગુણોથી ને તે
.યોથી છે, – કે જેનાં ગુણગાન ભગવાનની દિવ્યધ્વનિ પણ
ણ-પર્યાયનું અચિંત્ય સામર્થ્ય છે; તેનો મહિમા કરીને
તારું તે સામર્થ્ય ખીલી ઊઠે. જે પોતાની મહત્તા બીજા
છે તે તો માંગણ છે.

છે કે મારો આત્મા પોતે જ પોતાની નિર્મળતાની રચના
બો છે, તેને કોઈ પરની કે રાગની મદદ નથી. મારી
નિર્મળકાર્યમાં રાગનો ને પરનો તો અભાવ છે. મારી
નથી કે રાગને રચે. જેનાથી તીર્થંકરપ્રકૃતિ બંધાય
મારી શક્તિવડે રચાયેલો નથી. મારી શક્તિ બંધભાવને
શક્તિ મને જ બાંધવાનું કાર્ય કેમ કરે? બંધભાવની
શક્તિનું કાર્ય નથી. આત્માની શક્તિ તો નિર્મળતાને

.રૂપની રચના કરે તેને જ આત્મવીર્ય કહેવાય. રાગ તે કાંઈ
પ નથી. જ્યાં રાગની રચના પણ આત્માની વીર્યશક્તિનું

ૐ

સમ્યક્ દ્રષ્ટિ પોતાં સહજાત્મ ચૈતન્યનો
સ્વામી થાય છે તેનું ફળ મુક્તિ છે.
તેથી વિપરીત મિથ્યા દ્રષ્ટિ પર પદાર્થો
અને વિકારનો સ્વામી થાય છે
તે બંધનું કારણ છે.

(ગુરુદેવના હસ્તાક્ષર)



[૧૧]

સ્વ ચ્છ ત્વ શ ક્તિ

[नीरूपात्मप्रदेशप्रकाशमानलोकालोकाकारमेचकोपयोगलक्षणा स्वच्छत्वशक्तिः।]



આત્માની પ્રકાશશક્તિ વર્ણવીને સ્વસંવેદનરૂપ પ્રકાશ પ્રગટાવવાની એવી સુંદર રીત સંતોએ બતાવી છે કે તેના વિચારમા ને મનનમા જ્ઞાનને રોકે તો સ્વાનુભવનો માર્ગ મળે ને જન્મ-મરણના ફેરા ટળે માટે હે જીવ! તારા વીર્યબળને સ્વતરફ ઉલ્લસાવીને તારા સ્વભાવની હા પાડ. .ને પુરુષાર્થની તીખી ધારાએ તે સ્વભાવનો અપૂર્વ પક્ષ કર. –આમ કરવાથી તને તારું સ્વસંવેદન થશે ને આનંદ અનુભવાશે.



જ્ઞાનસ્વરૂપ આત્મામાં એવી સ્વચ્છતા છે કે તેના ઉપયોગમાં લોકાલોક જણાય છે. પોતે અરૂપી હોવા છતાં રૂપી-અરૂપી સમસ્ત પદાર્થો તેના જ્ઞાનમાં જણાય છે. પોતે અરૂપી રહીને પણ રૂપીને જાણી લ્યે છે. લોકાલોકને જાણતા છતાં તેના ઉપયોગમાં જરાય વિકાર ન થાય એવી તેની સ્વચ્છતા છે. જેમ અરીસાની સ્વચ્છતામાં અનેક ચિત્ર-વિચિત્ર પદાર્થો જણાય છે, ત્યાં અરીસામાં જાણે કેટલાય પદાર્થો હોય એવું મેચકપણું (અનેકપણું) લાગે છે. પણ ખરેખર કાંઈ અરીસામાં બીજી વસ્તુ નથી. એ તો અરીસાની સ્વચ્છતાનો જ એવો સ્વભાવ છે. તેમ અરૂપી આત્મપ્રદેશોમાં લોકાલોકના સમસ્ત પદાર્થોના દ્રવ્ય-ગુણ-પર્યાયો પ્રકાશમાન થાય છે. ત્યાં જ્ઞાનમાં જાણે કેટલાય પદાર્થો જણાતા હોય એવું મેચકપણું (અનેકપણું) લાગે છે. પણ ખરેખર કાંઈ જ્ઞાનમાં બીજી વસ્તુ નથી. જ્ઞાનની જ એવી સ્વચ્છતા છે. અને અરીસાની માફક ખરેખર કાંઈ જ્ઞાનમાં અન્ય વસ્તુનું પ્રતિબિંબ નથી પડતું,-કેમકે જ્ઞાન તો અરૂપી છે તેમાં પ્રતિબિંબ ન પડે; પણ પદાર્થો જ્ઞાનમાં પ્રતિબિંબિત થયા-એનો અર્થ એમ છે કે પદાર્થોનું જેવું સ્વરૂપ હતું તેવું જ્ઞાને જાણી લીધું. જ્ઞાનની સ્વચ્છતામાં એવી તાકાત છે કે સૂક્ષ્મમાં સૂક્ષ્મ વસ્તુને પણ જાણી લ્યે. જ્ઞાનમાં સ્વચ્છતા થતાં પોતે પોતાને તો જાણે ને લોકાલોકને પણ જાણી લ્યે એવી તેની તાકાત છે. એક મતિજ્ઞાન,-કે જે કેવળજ્ઞાનના અનંતમા ભાગનું છે તેની સ્વચ્છતામાં પણ એવી તાકાત છે કે પૂર્વના કેટલાય ભવને જાણી લ્યે. તો કેવળજ્ઞાનની તાકાતની શી વાત ?

જ્ઞાનલક્ષણવડે આત્માને અનુભવમાં લેતાં જે જ્ઞાન પરિણમ્યુ તે પરિણમનમાં ભેગી આવી સ્વચ્છતા પણ પરિણમે છે. લોકાલોકના જે અનેક પદાર્થો તે બધા પદાર્થો આત્માના જ્ઞાનમાં જ્ઞેયપણે જણાતા હોવાથી જ્ઞાન અનેકાકારરૂપ (-મેચક) છે, છતાં તેમાં કાંઈ મલિનતા થતી નથી, લોકાલોક એનામાં જણાવા છતાં જ્ઞાન તો સ્વચ્છ જ રહે છે. હવે એ જ રીતે સાધકનું જ્ઞાન,-તે પણ એવી સ્વચ્છતારૂપે પરિણમે છે કે રાગને જાણવા છતાં પોતે રાગરૂપ મલિન થઈ જતુ નથી. રાગ મલિન છે, પણ રાગને જાણનારું જ્ઞાન મલિન નથી.-વાહ! કેવું ભેદજ્ઞાન! સ્વચ્છત્વશક્તિને લીધે આત્માના ઉપયોગની એવી તાકાત છે કે ગમે તેટલા ને ગમે તેવા પદાર્થોને જાણે છતાં પણ પોતે મલિન થનો નથી, તેમજ તેના ઉપર બોજો થઈ જતો નથી. જેમ કરોડો-અબજો મણ વજનને જાણે તેથી કાંઈ આંખ તેવી વજનદાર થઈ જતી

નથી. તેમ જ્ઞાન ઘણા પદાર્થોને જાણે તેથી કાંઈ જ્ઞાનમાં બોજો થઈ જતો નથી. તેમજ મલિન પદાર્થોને જાણે તેથી કાંઈ જ્ઞાન પોતે મલિન થઈ જતુ નથી: એ તો અરૂપી, સ્વચ્છ ને નિરુપાધિક જ રહે છે. જુઓ. એક બીજી વાત! પોતાના જ્ઞાનાદિ સ્વભાવને જાણતાં જ્ઞાન તેમાં તો તન્મય થાય છે. પણ રાગાદિ પરભાવને જાણતાં જ્ઞાન તેમાં તન્મય થતુ નથી; એટલે એ જ વાત આવીને ઊભી રહી કે નિજસ્વભાવરૂપ જે નિશ્ચય તેમાં તો જ્ઞાનની એકતા છે. ને પરભાવરૂપ જે વ્યવહાર તેમાં જ્ઞાનની એકતા નથી પણ ભિન્નતા છે. એટલે નિશ્ચયનો આશ્રય ને વ્યવહારનો નિષેધ એવું સાધકના જ્ઞાનનું પરિણમન છે.

અહા, એકેક શક્તિમાં તો કેવા રહસ્યો ભર્યાં છે! જ્ઞાન તો દર્પણ સમાન અવિકાર છે. ઉષ્ણ જ્વાળા અગ્નિની છે. દર્પણની નહિ, દર્પણની તો સ્વચ્છતા જ છે, તેમ જ્ઞાનદર્પણમાં તો જ્ઞાનની સ્વચ્છતા જ છે, રૂપીપણું કે રાગ એ તો પરજ્ઞેયનાં છે, તે કાંઈ જ્ઞાનનાં નથી; જ્ઞાન તેવુ થઈ ગયુ નથી, જ્ઞાન તો સ્વચ્છ જ રહ્યું છે. આવા સ્વચ્છ જ્ઞાનની અનુભૂતિ જ્યારે આત્મા કરશે ત્યારે જ તે પ્રતિબુદ્ધ થશે, ત્યારે જ તે ભેદજ્ઞાની અને ધર્મી થશે. અહીં જ્ઞાનને 'મેચક' કહ્યું, આ 'મેચક'નો અર્થ મલિનતા નથી પણ મેચકપણું એટલે અનેકવિધપણું; જ્ઞાનમાં અનેકતા છે પણ મલિનતા નથી; લોકાલોકને જાણવારૂપ મેચકતા એ તો ઉલટું જ્ઞાનની સ્વચ્છતાને જાહેર કરે છે. જો લોકાલોક જ્ઞાનમાં ન જણાય તો તે જ્ઞાનની પૂરી સ્વચ્છતા નહિ, એ જ્ઞાનની દિવ્યતા નહિ.

ભાઈ, લોકાલોક જેની સ્વચ્છતામાં જણાય એવા તારા પવિત્ર આત્માને તારે જાણવો હોય તો તારું જ્ઞાન સ્વચ્છ કર. મલિનદર્પણમાં મોઢું ન દેખાય, તેમ મલિનભાવમાં આત્માનું સાચું સ્વરૂપ ન દેખાય. માટે જ્ઞાનને ચોકખું કર, વિકાર વગરનું કર. શરૂઆતના મંગળ વખતે જ સિદ્ધભગવાનને જ્ઞાનમાં પધરાવીને જ્ઞાનને ચોકખું કર્યું છે, જેણે પોતાના જ્ઞાનમાં સિદ્ધપ્રભુને પધરાવ્યા તેનું જ્ઞાન રાગથી જુદું પડીને ચોકખુ થયુ, ને એવા ચોકખા જ્ઞાનવડે જ અનંતશક્તિવાળા આત્માની ઓળખાણ ને અનુભવ થઈ શકે.

પરમાણુ વગેરેને જાણે છતાં આત્મા તે જડ પરમાણુરૂપ થાય નહિ, ને આત્મામાં પરમાણુ પ્રવેશે નહિ. પરમાણુ પરમાણુમાં રહે, જ્ઞાન જ્ઞાનમાં

રહે, બંને પોતપોતામાં રહે, છતાં જ્ઞાન તેને જાણે ખરું.—જાણવાનો સ્વભાવ જ કોઈ અચિંત્ય છે. જાણવા માટે જ્ઞાનને બહાર નીકળીને પરમાં જવું પડતું નથી ને પરને પોતામાં લાવવું પડતું નથી. અહા, કેવું નિરાલંબીપણું! ને કેવી સ્વતંત્રતા! પોતે સ્વચ્છ રહીને મલિનતાને પણ જાણી લ્યે. પોતે સુખમાં લીન રહીને દુઃખને પણ જાણી લ્યે એવી જ્ઞાનની સ્વચ્છતાની તાકાત છે. તે પોતે નિશ્ચયનો આશ્રય રાખીને વ્યવહારને પણ જાણી લ્યે છે.-તેને જાણે છે પણ તેનો આશ્રય લેતું નથી.—આવું સાધકનું સ્વચ્છ જ્ઞાન છે. નિર્મળ ઉપયોગરૂપ અસંખ્યપ્રદેશી જ્ઞાનદર્પણમાં જગતના બધા પદાર્થો જણાય છે-એવી આત્માની પરમેશ્વરતા છે. જેમ રાજાની આજ્ઞા કોઈ લોપે નહિ તેમ આ જ્ઞાન-રાજાની આજ્ઞાને જગતમાં કોઈ લોપી શકતું નથી. એકેય જ્ઞેય જ્ઞાનની આજ્ઞાથી બહાર રહેતું નથી. જ્ઞાનની પૂરી સ્વચ્છતા ખીલે ને એકેય જ્ઞેય તેમાં જણાયા વગરનું રહી જાય—એમ બનતું નથી. આવી પારમેશ્વરી શક્તિવાળો પોતે,-પણ પોતાને પોતાનું માહાત્મ્ય ન ભાસ્યું એટલે જગતમાં બીજો ઈશ્વર જગતના કર્તા-તરીકે કલ્પી લીધો. ભાઈ, કોઈ પ્રભુમાં—કોઈ ઈશ્વરમાં એવી તાકાત નથી કે અન્યને કાંઈ કરે. આ જ્ઞાન-પરમેશ્વર એ જગતને જાણનારો છે પણ કરનારો નથી.

ભાઈ, તારામાં નિરંતર તારી પ્રભુતા ભરેલી છે: તું પ્રતીતમાં લે તોપણ ભરી જ છે ને ન લે તોપણ ભરી જ છે. એ પ્રભુતા વ્યક્ત કેમ થાય તેની આ વાત છે. સંતો પોતે પોતામાં પ્રભુતા પ્રગટ કરીને તેની રીત જગતને દેખાડે છે. એકેક શક્તિના વર્ણનમાં અદ્ભુત આત્મવૈભવની ખીલવટ કરી છે. તેની પ્રતીત કરતાં પર્યાયમાં તે વૈભવ પ્રગટે છે.

એકેક આત્મામાં એકસાથે અનંત શક્તિઓ છે; આત્માના જ્ઞાનમાત્ર-ભાવમાં તે બધીયનું પરિણમન વર્તે છે. અમૂર્ત આત્માને અસંખ્ય પ્રદેશો છે,-કેટલા? કે ચૌદ બ્રહ્માંડમાં પથરાય એટલા; તેના ક્ષેત્રની અવગાહનામાં સંકોચ-વિસ્તાર થવા છતાં આત્મપ્રદેશોની સંખ્યામાં ઘટ-વધ થતી નથી. કે પ્રદેશ નાનો-મોટો થતો નથી. અમૂર્તિક એવા અસંખ્ય આત્મપ્રદેશોમાં મૂર્ત-અમૂર્ત અનંતા પદાર્થો જ્ઞેયપણે ઝળકે છે; એ બધું જણાય છતાં ઉપયો-ગમાં મલિનતા ન આવે એવો સ્વચ્છ આત્મસ્વભાવ છે. ઉપયોગ પોતે રાગ વગરનો હોવા છતાં તેમાં રાગ જ્ઞેયપણે જણાય છે—એ તો તેની સ્વચ્છતા છે.

રાગને અને ઉપયોગને જ્ઞેય-જ્ઞાયકપણું છે તે કાંઈ આત્માને રાગપણે જાહેર નથી કરતુ પણ આત્માને ઉપયોગપણે જ જાહેર કરે છે. અરિસામાં અગ્નિ જણાય તે અરિસાના પ્રકાશસ્વભાવને પ્રસિદ્ધ કરે છે, ઉષ્ણસ્વભાવને નહિ. તેમ આત્માના શુદ્ધ-અરૂપી ઉપયોગદર્પણમાં જગતના રૂપી પદાર્થો કે વિકાર જણાય તે કાંઈ ઉપયોગને રૂપીપણે કે વિકારપણે પ્રસિદ્ધ નથી કરતા, પણ તેના સ્વચ્છ સ્વ-પરપ્રકાશી સ્વભાવને પ્રસિદ્ધ કરે છે. આવા ભેદજ્ઞાનવડે સાધકને ઉપયોગની સ્વચ્છતાનું પરિણમન શરૂ થઈ ગયું છે.

આ આત્મા પોતે અનંત શક્તિસમ્પન્ન પરમાત્મા છે, સ્વસન્મુખ થઈને પોતે પોતાની પ્રતીત કરતાં અનુભવ થાય ને શુદ્ધતા-સ્વચ્છતા પ્રગટે. સ્વચ્છતારૂપે પરિણમતો આત્મા, જગતને જાણવા છતાં જગતથી અલિપ્ત રહે છે. મૂર્તને અડયા વગર મૂર્તને જાણે છે, પોતે રાગી થયા વગર રાગાદિને જાણે છે. પોતાની અનંત શક્તિના નિર્મળ પરિણમનમાં તન્મય રહીને બધાને જાણે છે. આ રીતે સ્વચ્છ-સ્વભાવે પરિણમતો આ જ્ઞાનસ્વરૂપ આત્મા અનેકાન્તપણે પ્રકાશી રહ્યો છે.

વસ્તુમાં જે 'ઉત્પાદ' છે તે જ તેનું કાર્ય છે, અને તે તો વસ્તુનું સ્વરૂપ જ છે, તો બીજાએ તેમાં શું કર્યું? અહીં તો કહે છે કે વસ્તુમાં કારણરૂપ શક્તિ જેવી શુદ્ધ છે તેવું જ શુદ્ધ તેનું પરિણમન પ્રગટે તે તેનું સાચું કાર્ય છે; કેમકે કારણ અને કાર્ય એક જાતના હોય. શુદ્ધ કારણનો જ્યાં સ્વીકાર હોય ત્યાં કાર્ય પણ શુદ્ધ હોય જ. સ્વચ્છત્વ શક્તિથી પરિણમતા આત્મામાં સર્વત્ર સ્વચ્છતા વ્યાપેલી છે, એટલે બધા ગુણોની પર્યાયમાં સ્વચ્છતા પરિણમી રહી છે.-પણ એમ ક્યારે થાય? કે અનંત શક્તિસપન્ન સ્વદ્રવ્યનું અવલંબન લઈને પરિણમે ત્યારે. પરસન્મુખ રહીને પરિણમે તો તેમાં શક્તિનું કાર્ય ન આવે; શક્તિવાન એવા આત્માની સન્મુખ થઈને પરિણમે તેમાં જ શક્તિનું કાર્ય આવે. સ્વદ્રવ્યને અવલંબીને જે પરિણમન થયું તેમાં અનંત ગુણની નિર્મળ પર્યાય એકસાથે ઉલ્લસે છે. આ રીતે 'જ્ઞાનમાત્ર' સ્વસન્મુખ ભાવમાં આખો આત્મા પ્રસિદ્ધ થાય છે. આવી આત્મપ્રસિદ્ધિ વડે અનંતા જીવો મોક્ષ પામ્યા છે.

આકાશમાં ઊડતું પંખી નિર્મળ પાણીમાં દેખાય, મેલા પાણીમાં ન દેખાય,-જોકે તેમાં તો બંને મૂર્ત છે, અહીં અમૂર્ત જ્ઞાનદર્પણમાં મૂર્તને

અમૂર્ત બધુંય દેખાય છે; રાગ વગરના નિર્મળ જ્ઞાનદર્પણમાં લોકાલોક સ્પષ્ટ દેખાય છે. મલિન જ્ઞાનમાં લોકાલોક દેખાતા નથી. આત્માની સ્વચ્છતાના સામર્થ્યને લીધે લોકાલોક જણાય તેથી જ્ઞાનમાં કાંઈ મલિનતા નથી. જ્ઞાન તો સ્વચ્છ છે ને સાથે અનંતા ગુણની સ્વચ્છતાને ભેગી રાખીને પરિણમે છે. આવો જ્ઞાયક આત્માનો સ્વભાવ છે.

જેણે આત્મા જાણવો હોય, ને તેના શ્રદ્ધા-જ્ઞાન-અનુભવ વડે મોક્ષ સાધવો હોય તેણે પોતાની શક્તિઓને ઓળખવી જોઈએ. શક્તિની સાચી ઓળખાણ વડે શક્તિમાન એવો આત્મા ઓળખાય છે, ને તેને દૃષ્ટિમાં લઈને પરિણમતાં નિર્મળ પર્યાયનો વિકાસ થાય છે. ત્યાં ઉપયોગની સ્વચ્છતામાં સ્વ-પર સમસ્ત પદાર્થો જણાય એવી એની સ્વચ્છતા છે. લોકાલોક જણાતા હોવા છતાં આત્મા નીરૂપ છે-અમૂર્ત છે; જ્ઞેયપદાર્થો કાંઈ તેનામાં પ્રવેશી ગયા નથી. પણ જ્ઞેયનું જેવું સ્વરૂપ છે તેવું અહીં જ્ઞાન થયું-એવું જ્ઞાનની સ્વચ્છતાનું સામર્થ્ય છે. જે ઉપયોગપર્યાયમાં સ્વ-પર જ્ઞેયો યથાર્થ ન ભાસે તે પર્યાય સ્વચ્છ નથી. અહીં તો સ્વચ્છ ઉપયોગરૂપે પરિણમતો આત્મા તે જ ખરો આત્મા છે. સમ્યક્શ્રદ્ધાના વિષયભૂત આત્મામાં મલિનતા નથી; નિર્મળ-પર્યાયરૂપ પરિણમતા અનંત ગુણનો પિંડ આત્મા છે તે સમ્યક્શ્રદ્ધાનો વિષય છે.

આત્માના અસંખ્ય પ્રદેશોમાં અનંતી શક્તિઓ-અનંતા ગુણો અથવા અનંતા ધર્મો પથરાયેલા છે. એકેક ધર્મની સાથે બીજા અનંતા ધર્મો પણ ભેગાં જ વર્તે છે એટલે આત્માના અનુભવમાં અનંત શક્તિઓ એકરસપણે અનુભવમાં આવે છે. શાશ્વત ચૈતન્ય નિધાનથી ભરેલો આત્મા અનાદિથી એવો ને એવો બિરાજમાન છે. નરક-સ્વર્ગાદિના અનંતા ભવ કર્યાં છતાં સ્વભાવની સ્વચ્છ શક્તિમાં તે પ્રવેશી ગયા નથી, સ્વચ્છત્વ શક્તિની સ્વચ્છતા મટી ગઈ નથી; આત્માનો સ્વચ્છ સ્વભાવ શાશ્વત એવો ને એવો, નિત્ય આનંદનો ધામ ને અનંત ગુણનો ગ્રામ (સમૂહ) બિરાજી રહ્યો છે; તે સ્વભાવને કોઈ વિઘ્ન નથી, મલિનતા નથી. અને તે સ્વભાવને ઓળખતાં તેમાંથી જે સ્વચ્છપર્યાય આવી તેમાં ભગવાન આત્મા પ્રસિદ્ધ થયો, તેમાં પણ કોઈ વિઘ્ન કે મલિનતા નથી.

આ આત્માની સ્વચ્છતાની વાત ચાલે છે. જુઓને, લોકોને ઘરનું

આંગણું વગેરેમાં પણ ચોકખાઈ ગમે છેને! કવિતામાં પણ આવતું કે મારા ચોકખા ચિત્તમાં પ્રભુ વસે. તો અહીં કહે છે કે ભાઈ, ખરેખર તારે તારા ચિત્તમાં પ્રભુને વસાવવા હોય, તો તારા ચિત્તને એટલે કે ઉપયોગને ચોકખો-રાગવગરનો કર રાગવાળા ચિત્તમાં પ્રભુ નહિ વસે. પ્રભુ તો ઉપયોગસ્વરૂપ છે ને પોતાના ઉપયોગમાં જ તેનો વાસ છે. ભાઈ, ઉપયોગમાં વસનારો આવો પ્રભુ તું પોતે જ છો. તારામાં પ્રભુતાનો મોટો વૈભવ ભર્યો છે. જે સ્વચ્છતાથી શોભી રહ્યો છે. અરે, આ ચૈતન્યપ્રભુને રાગની મલિનતા તે કાંઈ શોભતી હશે?–એને તો આત્મા જ કોણ કહે છે?

અહો, તારો આત્મવૈભવ તો મહા સ્વચ્છ છે; પણ પરાધીનદૃષ્ટિથી તેં તારી નિજ-શક્તિની સ્વચ્છતાને ગોપવી દીધી છે. સ્વ-શક્તિના વૈભવમાં દૃષ્ટિને જોડતાં અનંત શક્તિનું ધામ પ્રસિદ્ધ થાય છે, પોતાનો વૈભવ પોતાના અનુભવમાં આવી જાય છે. પરમાં જોઈ-જોઈને થાકયો પણ તને કયાંય સુખ ન મળ્યું. સ્વર્ગના વૈભવમાંથી પણ તને સુખ ન મળ્યું. ભાઈ, સન્તો તને તારો જે નિજવૈભવ દેખાડે છે તે નિજવૈભવને અંતર્દૃષ્ટિથી નીહાળતાં તે ક્ષણે જ તને, પૂર્વે કદી ન થયેલો એવો અપૂર્વ આનંદ થશે. સ્વમાં દૃષ્ટિ કરતાં નિર્મળપર્યાયપણે આત્મા પરિણમે તેને મોક્ષનો સાધકભાવ કહેવાય છે. આનંદધામ એવા ચૈતન્ય ભગવાનની સ્વચ્છતામાં રાગાદિ છે નહિ તો તે રાગાદિ તેને મોક્ષનું સાધન કેમ થાય? મલિનતા તે સ્વચ્છતાનું કારણ કેમ થાય? દેહની જડ ક્રિયા તો આત્મામાં છે જ કયાં? અને શુભરાગ પણ પરલક્ષી વિકૃતભાવ છે તે પણ આત્માના સ્વચ્છ સ્વભાવમાં નથી, તેથી તે પણ મોક્ષનું કારણ નથી. જે પોતાના સ્વભાવની જાત હોય તે મોક્ષનું કારણ થાય, પણ સ્વભાવથી જે વિરુદ્ધ હોય કે ભિન્ન હોય તે મોક્ષનું સાધન થાય નહીં.

ભાઈ, તારો આત્મા અમૂર્તિક, તેની સ્વચ્છતાનું એવું સામર્થ્ય છે કે તેના ઉપયોગમાં સમસ્ત પદાર્થો પ્રકાશમાન છે. આત્મા જડ અથવા આંધળો નથી કે પદાર્થોને ન જાણે. અજ્ઞાનરૂપી મલિનતામાં સ્વ-પર પદાર્થો જણાતા નથી, પરંતુ સ્વ-શક્તિને સંભાળતાં જ્યાં કેવળજ્ઞાનપ્રકાશ ખીલ્યો ને સ્વચ્છતા પ્રગટી ત્યાં બધુંય તેમાં જ્ઞેયપણે ઝળકે છે. કેવળજ્ઞાનનો આકાર કેવડો? કે પોતાના દ્રવ્ય-ગુણ જેવડો.–અને તેમાં જણાય કેટલું? કે લોકાલોકના

અનંત પદાર્થોના સમસ્ત આકાર તેમાં જણાય,–એવી તેની અસાધારણ તાકાત છે.

અસ્પર્શ-સ્વભાવી આત્મા જડને તો નથી સ્પર્શ્યો ને તેના શુદ્ધ દ્રવ્ય-ગુણ-પર્યાય વિકારને પણ સ્પર્શ્યા નથી, તેની સાથે એકમેક થયા નથી. જેમ વજ્રમાં ખીલી ન પેસે, તેમ ચૈતન્યવજ્રમાં વિકારની ખીલી પેસતી નથી. અસ્પર્શી હોવા છતાં આત્મા નિર્ગુણ કે નિરાકાર નથી, તેનામાં ચૈતન્યસહિત અનંત ગુણો છે. તથા દરેક ગુણનો આકાર અસંખ્યપ્રદેશી આત્મા પ્રમાણે છે. દરેક ગુણ ને પર્યાયનો આકાર દ્રવ્ય પ્રમાણે જ હોય છે. જોકે દ્રવ્યનો ગુણનો ને પર્યાયનો એમ ત્રણેના આકાર કાંઈ અલગ અલગ ત્રણ નથી, ત્રણેનો થઈને એક જ આકાર છે, એ ત્રણેને ક્ષેત્રભેદ નથી.

ધ્રુવધામ આત્મા પોતાની અનંત શક્તિ સહિત ને ગુણ-પર્યાયોના આકાર સહિત બિરાજે છે. તેનું ક્ષેત્ર મર્યાદિત પણ સામર્થ્ય અમર્યાદિત છે. મર્યાદિત આકારવાળી એની સ્વચ્છતામાં કોઈ અચિંત્ય તાકાત છે કે અમર્યાદિત આકાશ વગેરે પણ તેમાં જણાય છે. નિજઘરનાં નિધાન કેટલા મોટા છે તેની જીવને ખબર નથી. જેમ શ્રવણબેલગોલામાં ચંદ્રગિરિ પર તેમજ થૂબોનજીમાં કેટલાક મંદિરો એવાં છે કે બહારથી જુઓ તો દરવાજા સાવ નાના–માથું ભટકાય તેવા, પણ અંદર ડોકિયું કરીને જુઓ તો આહા! મોટામોટા ભગવાન ઊભા હોય. તેમ નાનકડા આકારવાળા આ આત્મમંદિરમાં અંદર સ્વભાવમાં ડોકિયું કરીને જોતાં અનંત સામર્થ્યવાળો મોટો ચૈતન્ય-ભગવાન બિરાજી રહ્યો છે.–જેને જોતાં જ મહાન આશ્ચર્ય અને આનંદ થાય છે. આવો ચૈતન્યભગવાન તારામાં જ છે. જીવો બહારની ધમાધમમાં બધો વખત કાઢે છે પણ અંદરના નિજવૈભવને નીહાળવાને માટે એક ક્ષણનો પણ વખત લેતા નથી. અરે, જો એક જ ક્ષણ પણ નિજઆત્માના નિધાનને નીહાળે તો તેનો અચિંત્ય મહિમા લક્ષમાં આવે ને જગતનો મહિમા છૂટી જાય. નિજ નિધાનને નીહાળતાં જ સંસારનો વ્યય ને મોક્ષનો ઉત્પાદ થવા માંડે.

ઉપયોગની સ્વચ્છતામાં લોકાલોક ઝળકે છે તેથી તેને સાકાર કહ્યો છે. પણ સાકારનો અર્થ એવો નથી કે લીમડો–પર્વત–પ્રતિમા વગેરે પરદ્રવ્યનો આકાર જ્ઞાનમાં પ્રવેશી જાય, અથવા જ્ઞેય વસ્તુ જેટલી લાંબી–પહોળી–ઊંચી હોય તેટલું લાંબું-પહોળું-ઊંચું જ્ઞાન થઈ જાય. જો એમ હોય તો તો આ

પાંચ-છ ફુટ જેટલા આકારમાં ૫૭ ફુટ ઊંચા બાહુબલીભગવાનની મૂર્તિનું જ્ઞાન જ ન થઈ શકે; ને અલોકને જાણવા માટે અલોક જેટલું પહોળું થવું પડે! પણ એમ નથી; જ્ઞાનની જ કોઈ એવી અચિંત્ય તાકાત છે કે પોતાના આત્મ-આકારે રહીને પોતાથી મોટા આકારવાળા સમસ્ત પદાર્થોને પણ જાણી લ્યે છે. જેમ જ્ઞાનમાં જ્ઞેયનો કડવો-મીઠો રસ આવી જતો નથી તેમ જ્ઞાનમાં પરનો આકાર પણ આવતો નથી; જેમ જ્ઞાન પોતે અરસ રહીને રસને જાણે છે, અરાગી રહીને રાગને જાણે છે, તેમ જ્ઞાન પોતે સ્વ-આકાર રહીને પરના આકારને જાણે છે.-અહો, જ્ઞેયોને જાણવા છતાં જ્ઞાનની કેવી નિરપેક્ષતા! પરજ્ઞેયોને જાણતાં પોતે તે જ્ઞેયોમાં ભળી જતું નથી, જુદું ને જુદું નિજસ્વરૂપમાં રહે છે. જ્ઞાન 'સાકાર' છે એનો અર્થ એટલો કે તે સ્વ-પરનું પ્રકાશક છે. જ્ઞાન સિવાય બીજા કોઈમાં સ્વ-પરના ભિન્નભિન્ન આકારોને પ્રકાશવાની તાકાત નથી.

આત્માના દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેના પ્રદેશો એક છે. અસંખ્યપ્રદેશી ક્ષેત્રરૂપ આત્માનું જે સ્વઘર તેની મર્યાદા કેટલી ને તેમાં કેવો વૈભવ ભર્યો છે તેનું આ વર્ણન છે. સ્વઘરમાં આવ્યા વગર સુખ ક્યાંથી થાય? તે માટે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવરૂપ સ્વચતુષ્ટયથી આત્માને ઓળખવો જોઈએ. એ રીતે જ્ઞાનમાત્ર આત્માને લક્ષગત કરીને અનુભવમાં લેતાં તેની સ્વચ્છતા એવી પ્રગટે છે કે લોક-અલોકના સમસ્ત પદાર્થો તેમાં જણાય, અને છતાં તેમાં મલિનતા થાય નહિ.

જુદી જુદી શક્તિઓનું વર્ણન કરવામાં ગુણભેદ તો પડે, પણ તે ભેદનું કાંઈ પ્રયોજન નથી, અનંતગુણના વૈભવવાળો અભેદ આત્મા સમજાવવાનું પ્રયોજન છે. આ વાત આઠમી ગાથામાં કહી ગયા છે; દર્શન-જ્ઞાન-ચારિત્રના ભેદથી આત્માનું કથન કર્યું ત્યાં તે ભેદનો વિકલ્પ અનુસરવા લાયક નથી, પણ અભેદ આત્માનો અનુભવ કરવાનો છે. તે અભેદ બતાવવા માટે જ ભેદ પાડીને ઓળખાવ્યું છે. ભેદ પાડનારને તે વખતે જ લક્ષમાં છે કે મારે આ ભેદનું અવલંબન કરાવવું નથી પણ અભેદ આત્મા બતાવવો છે; ને તે ઉપદેશકના આશયઅનુસાર શિષ્ય પણ તેવા અભેદ આત્માને લક્ષમાં લઈને અનુભવે છે;-તે જ ખરો શિષ્ય ને તે જ ખરો શ્રોતા છે. તેમ અહીં પણ એકેક શક્તિ અનંતશક્તિવાળા આખા આત્માને પ્રસિદ્ધ કરે છે. જ્ઞાન-દર્શન-

સુખ વગેરે ગુણભેદથી વર્ણન કરવા છતાં કાંઈ ગુણભેદનું અવલંબન નથી. અનંતધર્મવાળો આત્મા જ અવલંબવા જેવો છે. તેના જ અવલંબને સમ્યક્‌-દર્શનાદિરૂપ સ્વચ્છતા પ્રગટે છે. એકસાથે અનંતા ગુણમાં સ્વચ્છતાનું પરિણમન થવા માંડે છે, તેનું નામ ધર્મ છે. અનંત ગુણથી ભરેલા આખા આત્મસ્વભાવનું અવલંબન તે મૂળવસ્તુ છે, ને જ સમ્યગ્દર્શનની ઉત્પત્તિનો ઉપાય છે, ને તે જ ઉપાયવડે ચૈતન્યદર્પણની પૂર્ણ સ્વચ્છતા ખીલીને લોકાલોક સહજપણે તેમાં ઝળકે છે. તેથી એવા કેવળજ્ઞાનને જગતનું મંગલદર્પણ કહ્યું છે.

સ્વચ્છત્વ શક્તિનું વર્ણન સમાપ્ત. (૧૧)





ગુરુદેવના હાથમા પહેલીવાર સં. ૧૯૭૮ મા જ્યારે સમયસાર આવ્યુ ને જરાક વાચ્યું ત્યાં એવો ભણકાર આવ્યો કે અહો, આ સમયસારમાં અશરીરી થવાની વાત છે. અશરીરી એવા સિદ્ધપદનો માર્ગ આમા બતાવ્યો છે. અંતરમાંથી સિદ્ધપદના ભણકાર કરતી સંતોની આ વાણી આવી છે આ સમયસારમા જ્ઞાયકસ્વરૂપ બતાવીને સિદ્ધપદનો અલૌકિક માર્ગ બતાવ્યો છે.





[૧૨]

પ્ર. કા. શ. શ. ક્તિ

[स्वयंप्रकाशमानविशदस्वसंवित्तिमयी प्रकाशशक्तिः ।]

卐

આત્માનું પ્રત્યક્ષ સ્વસંવેદન તે મોક્ષમાર્ગ છે. અરે જીવ! એકવાર તારા વીર્યબળને સ્વ તરફ ઉલ્લસાવીને તારા સ્વભાવની હા પાડ... પુરુષાર્થની તીખી ધારાએ અંતરસ્વભાવનો અપૂર્વ પક્ષ કર....તેનો ઉલ્લાસ લાવ. સ્વભાવનો યથાર્થ નિર્ણય કરે તેને સ્વસંવેદન થયા વગર રહે નહીં. આવું સ્વસંવેદન તે ધર્મ છે, તે પરમ આનંદરૂપ છે.



આ જ્ઞાનસ્વરૂપ આત્મામાં એક પ્રકાશશક્તિ છે; આ શક્તિના બળથી આત્મા પરની સહાય વગર—રાગ વગર પોતે પોતાને સ્પષ્ટ પ્રકાશે છે ને સ્વાનુભવ કરે છે. આ શક્તિનો અચિંત્ય મહિમા છે.

જ્યારે જે શક્તિ આવે ત્યારે તેનાં ગાણાં ગવાય. બાકી તો દરેક શક્તિ આખા આત્માને પ્રસિદ્ધ કરનારી છે; દરેક શક્તિ પોતાના પૂર્ણ સામર્થ્યથી ભરેલી છે ને વિકારના અભાવરૂપ છે. એક શક્તિને જુદી પાડીને તેનો આશ્રય કરી શકાય નહિ. શક્તિ અને શક્તિમાન જુદા નથી, ગુણ અને ગુણી જુદા નથી, એટલે દ્રવ્યની શક્તિનું કે ગુણનું સ્વરૂપ ઓળખતાં અનંતધર્મસંપન્ન આખું દ્રવ્ય ઓળખાઈ જાય છે, ને તેની પ્રતીત વડે સમ્યગ્દર્શન થાય છે. એમાં ક્યાંય વચ્ચે રાગનું કે નિમિત્તનુ અવલંબન નથી. તેના અવલંબન વગર આત્મા પોતે જ પોતાને સ્પષ્ટ એટલે કે પ્રત્યક્ષ પ્રકાશે છે એવો તેનો પ્રકાશસ્વભાવ છે.

આમાં બે વાત આવી—એક તો સ્વાનુભવમાં આત્મા પોતે પોતાને સ્પષ્ટ પ્રકાશે છે અને તે સ્વભાવ સ્વયં પ્રકાશમાન છે, તેમાં આત્મા સિવાય બીજા કોઈનો હાથ નથી. આવા સ્વસંવેદનની તાકાતવાળો આત્મા છે.

કોઈ કહે કે આત્મા ન જણાય?

તો અહીં કહે છે કે ભાઈ, આત્મા પોતે પોતાને સ્વાનુભવમાં પ્રત્યક્ષ જણાય એવો તો એનો સ્વભાવ જ છે, અને તેમાં કોઈ બીજાની જરૂર ન પડે એવો સ્વયં પ્રકાશમાન સ્વભાવ છે. દીવો પોતે જ પ્રકાશી રહ્યો છે કે હું દીવો છું, દીવાને દેખવા માટે બીજા દીવાની જરૂર નથી પડતી, તેમ આ આત્મા ચૈતન્યપ્રકાશી દીવો પોતે જ પોતાને સ્વસંવેદનમાં પ્રકાશી રહ્યો છે, જ્ઞાન પોતે જ પોતાને પ્રકાશી રહ્યું છે કે હું જ્ઞાન છું,–આ રીતે આત્મા સ્વયં પ્રકાશમાન છે. એને પ્રકાશવા માટે કોઈ બીજા જ્ઞાનની જરૂર નથી પડતી. રાગની કે ઇન્દ્રિયોની તો વાત જ ક્યાં રહી? તે તો અંધકારરૂપ છે, ચેતનપ્રકાશમાં તેનો અભાવ છે.

કોઈ કહે કે આત્મા પોતે પોતાને ન જાણે.–અરે ભાઈ! તો તો આત્મા સ્વયં પ્રકાશમાન ન રહ્યો! અહીં તો ભગવાન કહે છે કે આત્મા સ્વયં પ્રકાશમાન છે: અને પોતાને પણ જ્ઞાનને અંતર્મુખ કરીને સ્પષ્ટ સ્વસંવેદન થાય છે કે મારો આત્મા મારા વેદનમાં આવ્યો. આત્મા ઉપયોગસ્વરૂપ છે, તેના

ઉપયોગમાં ઉપયોગ જ છે ને ઉપયોગમાં રાગાદિ નથી–એમ ધર્મી જીવ ભેદજ્ઞાનવડે પોતે પોતાને સ્પષ્ટ અનુભવે છે. હા. એટલું ખરું કે રાગવડે અથવા ઇન્દ્રિયો તરફના જ્ઞાનવડે આત્મા કદી અનુભવમાં આવી શકે નહિ: પણ રાગથી ને ઇન્દ્રિયોથી પાર એવા અન્તર્મુખ ઉપયોગવડે તો આત્મા પોતે પોતાને સાક્ષાત્ અનુભવે છે. ને એ અનુભવમાં પરમ આનદ થાય છે. આવો સાક્ષાત્ અનુભવ કરવો તે પ્રકાશશક્તિનું કાર્ય છે.

રાગાદિ આસ્રવોમાં એવી તાકાત નથી કે પોતે પોતાને પ્રકાશે; જ્ઞાનમાં જ એવી તાકાત છે કે પોતે પોતાને પ્રકાશે. રાગને ખબર નથી કે હું રાગ છુ, એને પ્રકાશનારું તો જ્ઞાન છે. જ્ઞાનને ખબર છે કે હું જ્ઞાન છું ને આ રાગ છે; એમ સ્વ-પર બંનેને પ્રકાશનારું જ્ઞાન જ છે.

શ્રીગુરુના ઉપદેશથી આત્માનું સ્વરૂપ સમજીને જે રત્નત્રયરૂપ પરિણમ્યો ને 'આત્મારામ' થયો તેને પોતાના સ્વરૂપનું સંચેતન કેવું હોય તે બતાવતાં ૩૮ મી ગાથામાં કહે છે કે હું ચિન્માત્રજ્યોતિ આત્મા ખરેખર આત્મ-પ્રત્યક્ષ છું, મારા આત્માના સ્વસંવેદનપ્રત્યક્ષથી હું મને અનુભવુ છુ. ચોથા ગુણસ્થાને સમ્યગ્દૃષ્ટિને પણ એવું સ્વસંવેદન થયું છે. અહા, આ સ્વસંવેદનનો અપાર મહિમા છે, બધા ગુણોનો રસ સ્વસંવેદનમાં સમાય છે; સ્વસંવેદન વડે મોક્ષનાં દ્વાર ખુલી જાય છે. શરૂઆતના મંગલાચરણમાં જ 'स्वानुभूत्या चकासते' એમ કહીને, શુદ્ધ આત્મા સ્વાનુભૂતિવડે પ્રકાશે છે એટલે કે અનુભવમાં આવે છે–એમ બતાવ્યું હતું. અહીં પ્રકાશશક્તિમાં પણ એ જ કહે છે કે આત્મા સ્વયં પ્રકાશમાન છે. આત્માનું સ્વસવેદન–સ્વાનુભવ તેમાં બીજા કોઈનું અવલંબન નથી, તે સ્વય પોતાની મેળે જ પોતાને પ્રકાશે છે.

અહા, આત્માનો પ્રકાશસ્વભાવ તો એકદમ સ્પષ્ટ સ્વસ વેદનરૂપ કાર્ય બતાવે છે; એમાં જરાય પરોક્ષપણું રહે એવો આત્માનો સ્વભાવ નથી. જ્ઞાન-સ્વરૂપ આત્મા પોતે પોતાને કે પરને જાણે તેમાં તેને રાગનું નિમિત્તનું કે બીજા કોઈનું અવલંબન લેવું પડે એવો તેનો સ્વભાવ નથી; કોઈના અવલંબન વગર સ્પષ્ટ–પ્રત્યક્ષપણે પ્રકાશે એવો એનો પ્રકાશસ્વભાવ છે. પોતે પોતાથી સ્વયં પ્રકાશનારો છે. પોતાની સ્વાનુભૂતિથી જ પોતે પોતાને પ્રકાશી રહ્યો છે, તેમાં બીજા કોઈનું અવલંબન નથી.

આવું સ્વયંપ્રકાશીપણું એ આત્માનો વૈભવ છે. આત્માની એ સારી સંપદા છે. શરૂઆતમાં આચાર્યભગવાને (પાંચમી ગાથામાં) કહ્યું હતું કે સુંદર આનંદની છાપવાળું જે પ્રચુર સ્વસંવેદન, તેના વડે મારો આત્મવૈભવ પ્રગટ થયો છે, અને મારા સમસ્ત આત્મવૈભવવડે હું આ સમયસારમાં એકત્વ-વિભક્ત શુદ્ધઆત્મા દેખાડું છું. તમે તમારા સ્વાનુભવ-પ્રત્યક્ષવડે તે પ્રમાણ કરજો. જુઓ, સાધકના શ્રુતજ્ઞાનમાં પણ આત્માને સ્વાનુભવ-પ્રત્યક્ષ કરવાની તાકાત છે. સ્વયંપ્રકાશમાન અને સ્પષ્ટ એવું આત્માનું સ્વસંવેદન શ્રુતજ્ઞાન વડે થઈ શકે છે, ને એવું સ્વસંવેદન કરે ત્યારે જ સાચું આત્મજ્ઞાન થાય છે ને ત્યારે જ ધર્મ થાય છે. એ સ્વસંવેદનમાં અતીન્દ્રિય આનંદ ઝરે છે, અનંતગુણની નિર્મળતા તેમાં પરિણમે છે.

આત્માને કેમ જાણવો તેની આ વાત છે. અહા, તું પોતે કેવો, ને કેવડો? તે જાણ્યા વિના તને તારો મહિમા ક્યાંથી આવશે? મહિમા આવ્યા વગર સ્વસન્મુખતા ક્યાંથી થશે? ને સ્વસન્મુખતા વગર સમ્યગ્દર્શન ક્યાંથી થશે? સમ્યગ્દર્શન વગર સુખનો રાહ ક્યાંથી હાથ આવશે? માટે હે ભાઈ! તારું જેવું સ્વરૂપ છે તેવું લક્ષમાં લઈને તેનો મહિમા કર. સ્વનો મહિમા જાગતાં પરનો મહિમા ઊડી જશે, એટલે સ્વ-પરનું ભેદજ્ઞાન થઈને સ્વરાન્મુખતા થશે; સ્વસન્મુખ સ્વસંવેદનમાં તારો આત્મા સ્વયં પ્રકાશમાન થશે એટલે કે આનંદ સહિત અનુભવમાં આવશે. સમ્યગ્દર્શનાદિ પ્રગટ કરવાની ને સુખી થવાની આ રીત છે. સુખના રાહ અંદરમાં સમાય છે, બહારમાં કાંઈ નથી.

જેમ બિલ્લી લોટનજડી નામની વનસ્પતિની આસપાસ ઘૂમ્યા કરે છે, તેમ મોહથી આત્મા નિજવૈભવને ભૂલીને પરદ્રવ્યમાં ઉપયોગને ભમાવ્યા કરે છે,—જાણે કે આમાંથી મને સુખ મળશે! પણ અંદર પોતે પોતાના આત્મ-વૈભવને જોતો નથી—કે જેમાં પરમ સુખ ભર્યું છે. ભાઈ! અંદર નજર તો કર, તું તો શાશ્વત આનંદનો નિધાન છો; કેવળીપ્રભુની વાણી પણ જેનો મહિમા ગાય, સુધાનો જે અમૃતસાગર, એવો તું; અરે! તારા સુખના દરિયાને ભૂલીને પુણ્ય-પાપના કીચડમાં તુ અટકી ગયો? રાગને જ પોતાનું સ્વરૂપ માનીને એનાથી તેં લાભ માન્યો, પણ અનંત-ગુણસ્વરૂપ તારા નિજવૈભવને તેં ન જાણ્યો. તારું નિજસ્વરૂપ અનંત ગુણનો રસકંદ, જે મનના શુભ વિકલ્પથીયે પાર, તેના ઉપર લક્ષ કર તો તેનો કોઈ અપૂર્વ આનંદ તને તારાથી અનુભવાશે.

પોતે પોતાને જાણવામાં આત્મા સ્વતંત્ર છે, તેમાં કોઈ બીજાનું જરાય અવલંબન નથી. સ્વયં પ્રકાશે ને સ્પષ્ટ પ્રકાશે, એટલે બીજાનું અવલંબન હોય નહિ ને અસ્પષ્ટતા રહે નહિ–એવા સ્વસંવેદનસ્વરૂપ આત્મા છે.

સ્પષ્ટજ્ઞાનવડે આત્મા જણાય છે. એટલે કોઈ એકલા પરોક્ષજ્ઞાનવડે આત્માને જાણવા માંગે તો તે જાણવામાં આવે નહિ, બીજી રીતે કહીએ તો વ્યવહારના અવલંબને આત્મા જણાય નહિ. સ્વપ્રકાશથી આત્મા પ્રકાશમાન થાય છે એટલે કે અનુભવમાં આવે છે.

આત્મા પોતે પોતાને પ્રત્યક્ષ ન થઈ શકે–એમ કોઈ માને તો તે વાત સાચી નથી. જ્ઞાનમાં એવી તાકાત છે કે સ્વસંવેદનથી આત્માને પ્રત્યક્ષ કરે.

પ્રશ્ન:—શું મતિ-શ્રુતજ્ઞાનમાં આત્માને પ્રત્યક્ષ કરવાની તાકાત છે?

ઉત્તર:—હા, સ્વસંવેદનવડે આત્માને પ્રત્યક્ષ કરવાની મતિ–શ્રુતજ્ઞાનમાં પણ તાકાત છે.

આત્માને પ્રત્યક્ષ કરે એવી તાકાત રાગમાં નથી પણ જ્ઞાનમાં એવી તાકાત છે. પોતાના જ્ઞાનમાં પોતાની વસ્તુ ગુપ્ત કેમ રહી શકે? આત્માનો અનુભવ કરવા માટે પહેલાં તે તરફ ઢળીને તેનો નિર્ણય કરવો જોઈએ કે સ્વસંવેદન-પ્રત્યક્ષ થવાનો મારો સ્વભાવ છે; રાગવડે અનુભવમાં આવી શકે–એવો મારો સ્વભાવ નથી. આમ દૃઢ નિર્ણય કરતાં રાગ તરફનો ઝુકાવ છૂટી જાય ને જ્ઞાનસ્વભાવ તરફ ઝુકાવ થાય; આ રીતે વચ્ચેથી રાગના પડદાને તોડીને આત્મા સ્વાનુભવ કરે છે. સ્વાનુભવમાં જે આત્મા આવ્યો તેની શક્તિઓનું એટલે કે તેના વૈભવનું આ વર્ણન છે.

નિજસ્વરૂપના વૈભવને અનાદિકાળથી જીવે નીહાળ્યો ન હતો; અશુભ ને શુભ વચ્ચે જ ગુલાંટ ખાધા કરી પણ તેનાથી પાર ત્રીજી વસ્તુને કદી વેદી નહિ. તે વસ્તુ અહીં સન્તો બતાવે છે. આત્માનો આનંદ પુણ્ય–પાપ વગરનો છે, તેમાં રાગ-દ્વેષ નથી; આવા આનંદસ્વરૂપ આત્માને સ્વસંવેદનથી જ અનુભવી શકાય છે.

આત્મામાં પોતામાં જે મહા કિંમતી ગુણ છે તેની અજ્ઞાનીને ખબર નથી ને પરની કિંમત કરે છે. બાપુ! તારા અનંત ગુણના મહિમાની શી વાત! જેને પોતાના આનંદના અનુભવ માટે ખોરાકની જરૂર નહિ, શરીરની

જરૂર નહિ. હવાની કે પાણીની જરૂર નહિ, [illegible] જરૂર નહિ, તેને પોતાથી જ પોતાને પ્રત્યક્ષ અનુભવે [illegible] આત્મા છે. અન્ન કે પાણી મન કે [illegible] જરૂર નથી એવો સ્વાધીનસુખ આત્મામાં છે.

આત્માની પ્રકાશશક્તિ સ્વસંવેદનમયી છે. તેના બે [illegible] એક તો સ્વયં પ્રકાશમાન, અને બીજું વિશદ એટલે કે સ્પષ્ટ. આવા સ્વસંવેદનવાળી પ્રકાશશક્તિ છે. જ્યાં સમ્યગ્દર્શન થયું ત્યાં આની પ્રકાશશક્તિ નિર્મળપણે ખીલવા માંડી. એટલે કે પ્રત્યક્ષ અને રાગ વગરનું એવું સ્વસંવેદન થયું. આવા સ્વસંવેદન વગર સમ્યગ્દર્શન થયું કહેવાય નહીં.

અરે. સંસારમાં લક્ષ્મી માટે જીવો કેટલા દગા-પ્રપંચ ને રાગ-દ્વેષ કરે છે! તેમાં જીવન ગુમાવે છે ને પાપ બાંધે છે. ભાઈ! તારા સ્વઘરની ચેતન્ય-લક્ષ્મી મહાન છે, તેની સંભાળ કરને! તેમાં ક્યાંય દગા-પ્રપંચ નથી, રાગ-દ્વેષ નથી, કોઈની જરૂર નથી, છતાં તે મહા આનંદરૂપ છે. બહારની લક્ષ્મી મળે તોપણ તેમાંથી સુખ મળતું નથી; આ ચેતન્યલક્ષ્મી પોતે મહા આનંદરૂપ છે, ને સ્વયં પ્રકાશમાન છે. આવો અપાર વૈભવ તારામાં ભર્યો છે તેને તો લક્ષમાં લે. તેમાં ક્યાંય એક વિકલ્પનોય બોજો નથી.

દુનિયાના વૈભવ કરતાં આ વૈભવ જુદી જાતનો છે. આત્મા સ્વશક્તિના વૈભવથી પૂરો છે, એને કોઈ બહારના સાધનની જરૂર નથી. રંક હો કે રાજા, સ્વર્ગમાં કે નરકમાં, ક્યાંય આત્માને પોતાની શાંતિ માટે બહારના આધારની કે બહારના સાધનની જરૂર નથી; અન્ય પદાર્થની અપેક્ષા વગર જ પોતે પોતાનું પ્રત્યક્ષ સંવેદન કરીને પોતાની શાંતિને અનુભવે છે. તે અનુભવને માટે જેમ બહારનું સાધન નથી તેમ બહારની પ્રતિકૂળતા તેમાં નડતી પણ નથી. આવા અનુભવમાં પોતે પોતાને પ્રત્યક્ષ કરે છે—એવો આત્માનો સ્વભાવ છે. સ્વાનુભવમાં પરોક્ષપણું રહે એવો સ્વભાવ નથી. સમ્યગ્દર્શન થાય ત્યાં (ચોથા અવિરત ગુણસ્થાને પણ) આત્મા સ્વસંવેદનમાં પ્રત્યક્ષ થઈ જાય છે. વાહ! પ્રત્યક્ષપણાનો સ્વભાવ છે, પરોક્ષપણું રહે એવો આત્માનો સ્વભાવ નથી. પરોક્ષપણાને પણ જે પોતાનો સ્વભાવ ન માને તે રાગને પોતાનો સ્વભાવ કેમ માને? ને જડને પોતાનું કેમ માને?—ન જ માને; એટલે આ શક્તિના નિર્ણયમાં નિશ્ચયનો આદર ને વ્યવહારનો નિષેધ આવી જ ગયો.

ભાઈ, આવા આત્માના અનુભવનો કાળ તે તારો સુકાળ છે–સ્વકાળ છે, સ્વસમય છે, ને તે જ તારો સ્વભાવ છે. અરે, આવા અનુભવ માટેના પ્રયત્નમાં ને તેની ચર્ચામાં જે સમય વીતે તે પણ સફળ છે. આવો ઉત્તમ અવસર પામીને આ જ કરવા જેવું છે. ભવ તો એમ ને એમ ચાલ્યો જ જાય છે, તેમાં આ કરી લેવા જેવું છે. પરોક્ષપણામાં સમાઈ જાય એવો આત્મા નથી. પ્રત્યક્ષપણામાં જ તે આવે તેવો છે. પ્રત્યક્ષપણું કહ્યું એટલે તેમાં કોઈ આવરણ ન રહ્યું; આવરણવાળો ભાવ તે આત્માનો સ્વભાવ નથી. પ્રકાશશક્તિને લીધે આત્મા એવા સ્પષ્ટ સ્વસંવેદનવાળો છે કે તે સ્વસંવેદનમાં ગુપ્ત ન રહી શકે. ધર્મીના સ્વસંવેદનમાં તે સ્પષ્ટપણે પ્રકાશમાન થાય છે. એકલા પરોક્ષપણાથી કોઈ તેને જાણી લ્યે એવો આત્મા નથી.

અનંત શક્તિસમ્પન્ન ભગવાન આત્મા કર્મના આવરણથી અવરાયો નથી; તેના સ્વભાવને કોઈ આવરણ નથી તેમજ તેનુ જે સ્વસંવેદન પ્રગટ્યું તેમાં પણ કોઈ આવરણ નથી. આવા આત્માને સ્વસંવેદનથી પ્રતીતમાં લેવો–તે સુખનો માર્ગ છે. ગગન જેવા નીરાલંબી આત્મામાં સ્વસંવેદનવડે આનંદનાં ઝરણાં ઝરે છે. ચૈતન્યના આ આનંદપ્રવાહમાં વચ્ચે રાગાદિ મલિનતા નથી. ચૈતન્ય–અમૃતમાં વિકારરૂપી ઝેરનો સ્વાદ કેમ હોય? આવું શુદ્ધસ્વરૂપ ઉપદેશનારા વીતરાગી દેવ–ગુરુ–શાસ્ત્ર તે પૂજ્ય છે, વિનય યોગ્ય છે; પણ તેથી કરીને તેમના તરફના શુભરાગવડે ભગવાન આત્મા પ્રસિદ્ધ થઈ જાય કે સ્વસંવેદનમાં આવી જાય–એવું વસ્તુસ્વરૂપ નથી. રાગની મર્યાદા રાગ જેટલી છે, તેના વડે શુદ્ધ આત્માનુ સ્વસંવેદન થઈ જાય–એવી એની મર્યાદા નથી. શુદ્ધ આત્માનું સ્વસંવેદન તો રાગના ને મનના આધાર વગરનું છે. પ્રકાશશક્તિના આધારે તે કાર્ય થાય છે, બીજું કોઈ સાધન તેમાં નથી.

ચૈતન્યમૂર્તિ આત્મા નીરાલંબી છે, તે સ્વશક્તિને જ અવલંબનારો છે ને પરને અવલંબનારો નથી. પ્રકાશશક્તિરૂપ નિજગુણનું કાર્ય તો એ છે કે રાગ વગર સીધું જ્ઞાન પોતે આત્માને વેદે; તે વેદનમાં અનંત ગુણોના સ્વાદનું પ્રત્યક્ષવેદન સમાય છે ને અનંત આનંદ પ્રગટે છે. હજી તો આવા ભગવાન આત્માને શ્રદ્ધામાં પણ ન લ્યે, અરે! પ્રેમથી તેનું શ્રવણ પણ ન કરે તેને તેનું પ્રત્યક્ષ સંવેદન તો ક્યાંથી પ્રગટે? સ્વભાવ જેવો છે તેવો પ્રતીતમાં લ્યે તો તેનું સંવેદન પ્રગટે.

અહા, ભરતચક્રવર્તી જેવા મહાપુરુષો ભગવાન પાસે જઈને નમ્રતાપૂર્વક આત્માના સ્વસંવેદનની રીત પૂછતા, ને તે ઝીલીને પોતાના અંતરમાં તેવું સ્વસંવેદન કરતા હતા. તેની આ વાત છે. આ કાળે પણ આત્માનું સ્વસંવેદન થઈ શકે છે. આવું સંવેદન કેમ થાય એટલે કે સમ્યગ્દર્શન કેમ થાય તેની આ વાત છે. જ્ઞાનને અંતર્મુખ કરીને આત્માનું પ્રત્યક્ષ વેદન કરતાં સમ્યગ્દર્શન પ્રગટે છે. એના સિવાય બીજા ઉપાયથી સમ્યગ્દર્શન થતું નથી. આવા સત્ આત્માનો મહિમા આવે, તેની પ્રતીત થાય ને તેનું વેદન થાય તે અપૂર્વ છે, તે મંગળ છે, તે ધર્મ છે ને તે મોક્ષનો માર્ગ છે. ચોથા ગુણસ્થાનથી જ અંશે પ્રત્યક્ષ સ્વાનુભવ થઈ જાય છે, ને નિઃશંક પ્રતીત થાય છે કે મારો આત્મા સંપૂર્ણ પ્રત્યક્ષ સ્વસંવેદન સ્વભાવવાળો જ છે, જરાપણ પરોક્ષપણું રહે તે મારો સ્વભાવ નહીં. આવી પ્રતીત વડે ધર્મીજીવે અનંત ધર્મવાળા પોતાના શુદ્ધ આત્મામાં અવિચલ દૃષ્ટિ સ્થાપી છે.

આ આત્મા ચૈતન્યહીરો વજ્ર જેવો છે, પરભાવનો એક કણ પણ તેમાં પ્રવેશી શકે નહિ. અહા, આવો ચૈતન્યહીરો મહા દુર્લભ છે, ક્યારેક કોઈક વિરલાને તે પ્રાપ્ત થાય છે. આવા ચૈતન્યહીરાની કિંમત સમજે તો જગતના પદાર્થોનો મહિમા છૂટી જાય, ને તે નિજતત્ત્વના મહિમાપૂર્વક અંતર્મુખ થઈને સ્વાનુભવ કરે, એટલે સમ્યગ્દર્શનાદિ થાય. સમ્યગ્દર્શનની સાથે બધા ગુણોમાં અંશે શુદ્ધતા થાય છે, તેથી 'સર્વગુણાંશ તે સમ્યક્ત્વ' એમ શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે.

આત્માના બધા ગુણો એકસાથે પરિણમી રહ્યા છે, એટલે એક ગુણમાં શુદ્ધતા થતાં બધા ગુણોમાં શુદ્ધતાનો અંશ શરૂ થઈ જાય છે. આત્માના અનંત ગુણોનું પરિણમન એકસાથે છે પણ કથનમાં તે એકસાથે આવી શકતા નથી; કથન ક્રમેક્રમે થાય છે, અને તે કથનમાં પણ અમુક જ ગુણો આવી શકે છે, બધા ગુણો આવી શકતા નથી. કેમકે શબ્દો મર્યાદિત છે, ને ગુણો અમર્યાદિત અનંત છે. ૩૩ સાગરોપમના અસંખ્યાતા વર્ષો સુધી સર્વાર્થસિદ્ધિના બધા દેવો આત્મગુણોનું કથન કરે તોપણ અનંતમા ભાગના ગુણોનું જ કથન થઈ શકે છે; અનંત ગુણોનું વર્ણન શબ્દોથી પૂરું થઈ શકે નહીં, અનુભવમાં પૂરું આવે. અનંતશક્તિસંપન્ન આત્મા વચનનો કે વિકલ્પનો વિષય નથી, એ તો અંતર્મુખ જ્ઞાનનો વિષય છે.

શક્તિ એટલે વસ્તુનો સ્વભાવ, અથવા ગુણ, અથવા ધર્મ; એકેક આત્મામાં જ્ઞાનાદિ અનંત ગુણો છે; ગુણોનો પૂંજ એટલે કે સર્વગુણોનો એકરસ પીંડલો તે આત્મા છે; સંખ્યાથી ને સામર્થ્યથી બંને રીતે અમાપ શક્તિનો સમુદ્ર આત્મા છે. વિકલ્પમાં ભિન્નભિન્ન અનંત શક્તિઓ ન આવી શકે, અભેદ અનુભવમાં બધી શક્તિઓ એકસાથે આવી જાય. આ જ્ઞાન, આ સુખ, આ પ્રભુતા, આ પ્રકાશશક્તિ—એમ ભેદ પાડીને અનંત શક્તિને જાણવા માંગે તો છદ્મસ્થ જાણી ન શકે; કેમકે એક શક્તિને વિચારમાં લેતાં અસંખ્ય સમય લાગે ને અનંત શક્તિને વિચારમાં લઈને જાણતાં અનંતકાળ લાગે! પણ સાધકદશાનો કાળ અનંત હોતો નથી, સાધકદશા અસંખ્ય-સમયની જ હોય છે. માટે ભેદસન્મુખ રહીને અનંતશક્તિનું જ્ઞાન થઈ શકતું નથી પણ અભેદસ્વભાવની સન્મુખ થઈને જ અનંતશક્તિવાળા આત્માનું જ્ઞાન થઈ શકે છે. કેવળીભગવાન અનંત આત્મશક્તિને એકસાથે ભિન્નભિન્ન સ્વરૂપે પણ જાણી રહ્યા છે. છદ્મસ્થનું જ્ઞાન ભિન્ન પાડીને અનંત શક્તિઓને ન જાણી શકે પણ અભેદ-અનુભવમાં જે અખંડ આત્મા આવ્યો તેમાં તેની બધી શક્તિઓ ભેગી જ છે; સ્વાનુભવમાં બધો આત્મવૈભવ સમાય છે. આ રીતે અનંતશક્તિસંપન્ન આત્મા સ્વાનુભવનો વિષય છે, વિકલ્પનો વિષય નથી.

આવો સ્વાનુભવગમ્ય ભગવાન આત્મા સ્વસંવેદનમાં જ્ઞાનીને અત્યંત સ્પષ્ટપણે સ્વયં પ્રકાશે છે, એવી તેની પ્રકાશશક્તિ છે. પ્રકાશશક્તિનું સાચું કાર્ય ક્યારે પ્રગટે? કે અંતર્મુખ થઈને સ્વસંવેદન કરે ત્યારે તે સ્વાનુભવમાં આત્મા સ્વયં પ્રકાશમાન થાય તે પ્રકાશશક્તિનું સાચું કાર્ય છે.

ભાઈ, તારો સ્વભાવ અચિંત્ય છે, તારો આત્મવૈભવ અનંત સામર્થ્યવાળો છે. ક્ષેત્ર મોટું હોય માટે ઝાઝા ગુણ ને ક્ષેત્ર નાનું માટે ઓછા ગુણ—એમ નથી. મોટો આકાર હો કે નાનો આકાર હો, દરેક આત્મામાં પ્રદેશો ને ગુણો સરખા છે, ઓછા-વધારે નથી. તે ગુણોનું આ વર્ણન છે. આત્માને 'જ્ઞાનમાત્ર' કહેતાં તેનામાં એકલું જ્ઞાન નથી પણ જ્ઞાન સાથે અનંત ગુણો છે, તે બતાવીને અનંત શક્તિવાળા આત્માની દૃષ્ટિ કરાવવી છે.

શ્રુતપર્યાયે અંતરમાં વળીને જ્યાં ચૈતન્યસ્વભાવને ધ્યેય બનાવ્યો ત્યાં તેનું પ્રત્યક્ષ સ્વસંવેદન થયું, સ્વાનુભવમાં આત્મા સ્વયં પ્રકાશમાનપણે પ્રગટ

થયો. શ્રુતપર્યાયમાં આખો આત્મા અનંતગુણસહિત પ્રત્યક્ષ થઈને સ્વસંવેદનમાં આવ્યો. સ્વાનુભવ વખતે આત્મા પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં તન્મય થઈને પોતે પોતાને સ્પષ્ટપણે વેદે છે. તે વેદનમાં રાગનો અભાવ છે. આવું વેદન કરે ત્યારે સમ્યગ્દર્શન થાય છે. આવા સમ્યગ્દર્શન પછી જ્ઞાનની વિશેષ સ્પષ્ટતા ને ચારિત્રની વિશેષ સ્થિરતા પ્રગટે.

પ્રકાશશક્તિને લીધે આત્મામાં એવો સ્વભાવ છે કે પોતે પોતાના સ્વસંવેદનથી જ પ્રત્યક્ષ થાય. અરૂપી અતીન્દ્રિય આત્મા રાગાદિના અભાવરૂપે સ્વસંવેદનમાં સ્પષ્ટ પ્રકાશે છે. સ્વસંવેદનમાં ચોથા ગુણસ્થાને પણ આવું પ્રત્યક્ષપણું છે; એના વગર પ્રતીત સાચી થાય નહિ. દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરતાં આવું સ્વસંવેદન પ્રગટે છે ને સમ્યગ્દર્શન થાય છે. સ્વસંવેદનમાં પ્રત્યક્ષ થવાનો આત્માનો સ્વભાવ ત્રિકાળ છે, પણ તે પ્રગટે ક્યારે? કે એવા સ્વભાવ-સન્મુખ દૃષ્ટિ કરે ત્યારે.

અરે, આવા આત્મસ્વરૂપના વિચારમાં–મનનમાં જ્ઞાનને રોકે તો તેના અનુભવનો માર્ગ મળે, ને જન્મ-મરણનો ફેરો મટે. માંડ આવો દુર્લભ અવસર મળ્યો તેમાં જો આ ન સમજે તો ક્યાંય આરો આવે તેમ નથી. તારી આત્મવસ્તુ એવી છે કે એના ઉપર નજર કરતાં જ ન્યાલ કરી દે. ભાઈ! દૃષ્ટિ કરવાલાયક આત્મા કેવો છે–કે જેના ઉપર દૃષ્ટિ મુકતાં સમ્યગ્દર્શનરૂપી બીજ ઊગે ને કેવળજ્ઞાન થાય!–તો કહે છે કે સ્વસંવેદનમાં પ્રત્યક્ષ થવાનો જેનો સ્વભાવ છે એવા આત્માને દૃષ્ટિમાં લે. એને દૃષ્ટિમાં લેતાં જ આનંદ-સહિત સ્વસંવેદન થશે. સમ્યગ્દર્શન થાય ને આનંદસહિત આત્મા પ્રત્યક્ષ ન થાય–એમ બને નહીં. જેને આનંદનો અનુભવ નથી તેને સમ્યગ્દર્શન થયું જ નથી. સાચી શ્રદ્ધા છે ને આનંદ નથી, અથવા જ્ઞાન છે ને આનંદ નથી,–એમ કોઈ કહે તો તેણે અનંતગુણના પિંડને પ્રતીતમાં લીધો જ નથી; આત્મામાં જ્ઞાન-શ્રદ્ધા-આનંદ વગેરે સર્વ ગુણોનું પરિણમન એક સાથે છે. 'સર્વગુણાંશ તે સમ્યક્ત્વ'–જોકે સમ્યક્ત્વ તો શ્રદ્ધાગુણની પર્યાય છે, પણ તે શ્રદ્ધાની સાથે આનંદ છે, જ્ઞાન છે, પ્રત્યક્ષપણું છે, પ્રભુતા છે,–એમ સર્વે ગુણો ભેગા પરિણમે છે; જ્ઞાન અને આનંદને સર્વથા જુદા માને, અથવા શ્રદ્ધા અને આનંદને સર્વથા જુદા માને તેને અખંડ આત્માનો અનુભવ જ નથી, અનેકાન્તની તેને ખબર નથી.

રાગને લીધે આત્મા પ્રત્યક્ષ થાય-એવો નથી. જેણે રાગને આત્માના સ્વસંવેદનનું સાધન માન્યું તેણે સ્વસંવેદનમય પ્રકાશશક્તિવાળા આત્માને જાણ્યો નથી, એણે તો રાગને જ આત્મા માન્યો છે. રાગવડે આત્માનો અનુભવ થવાનું માન્યુ તેણે રાગને જ આત્મા માન્યો. અંદર સૂક્ષ્મ ગુણ-ગુણી ભેદના વિકલ્પમાંયે એવી તાકાત નથી કે તે આત્માનું પ્રત્યક્ષ વેદન કરી શકે. પ્રકાશગુણમાં એવી તાકાત છે કે તે પરિણમીને સ્વસંવેદનમાં આત્માને પ્રત્યક્ષ કરે. આવા વૈભવવાળા ભગવાન આત્માને વિકલ્પગમ્ય માન્યો તે તો તેનો અપવાદ કરવા જેવું થયું. જેમ મોટા રાજાને ભીખારી કહીને કોઈ બોલાવે તો તેમાં રાજાનું અપમાન થાય છે, તેમ જગતમાં સૌથી મોટો આ ચૈતન્યરાજા, તેને એક તૂચ્છ રાગમાં પ્રાપ્ત થાય એવો માની લેવો તે તેનું અપમાન છે, મોટો ગુન્હો છે, ને તે ગુન્હાની શિક્ષા સંસારરૂપી જેલ છે. ભાઈ, આ સંસારની જેલમાં અનંતકાળથી તું પૂરાયેલો છો; હવે આ જેલમાંથી તારે છૂટવું હોય તો ચૈતન્યરાજા જેવો છે તેવો તું ઓળખ. અરે, અનંતગુણના વૈભવથી ભરેલા ચૈતન્યભગવાનને રાગગમ્ય માનવો તે તો તેને રાગી માનવા જેવું છે. સમ્યગ્દર્શને આખા આત્મદ્રવ્યને સ્વીકાર્યું છે, તેમાં પ્રકાશશક્તિનો ભેગો સ્વીકાર છે, એટલે રાગ વગર સ્વસંવેદન થાય એવો આત્મા સમ્યગ્દર્શને સ્વીકાર્યો છે, રાગવાળો આત્મા સમ્યગ્દર્શને સ્વીકાર્યો નથી. સમ્યગ્દર્શનના આત્મામાં અનંત ગુણનું નિર્મળકાર્ય છે પણ રાગ તેમાં નથી.

અરે જીવ! એકવાર તારા વીર્યબળને સ્વતરફ ઉલ્લસાવીને તારા આવા સ્વભાવની હા તો પાડ! પુરુષાર્થની તીખી ધારાએ આવા દ્રવ્યસ્વભાવનો અપૂર્વ પક્ષ કર...તેનો ઉલ્લાસ લાવ. આવા સ્વભાવનો યથાર્થ નિર્ણય કરે તેને સ્વસંવેદન થયા વગર રહે નહીં. આત્માનું આવું સ્વસંવેદન તે જ ધર્મ છે, તે જ મોક્ષમાર્ગ છે. રાગનો અનુભવ જીવને અનાદિનો છે, તે કાંઈ ધર્મ નથી. રાગાદિ ભાવનો અનુભવ તે તો કર્મચેતના છે, ભગવાન આત્માને અનુભવમાં લેવાની તાકાત તેનામાં નથી; અંતરમાં વળેલી જ્ઞાનચેતનામાં જ ભગવાન આત્માને અનુભવમાં લેવાની તાકાત છે.

ભાઈ, તારા અંદરના શુભ વિકલ્પમાંય સ્વસંવેદન કરાવવાની તાકાત નથી, તો પછી આત્માથી ભિન્ન બહારની વસ્તુમાં સ્વસંવેદન કરાવવાની

તાકાત ક્યાંથી હોય? માટે રાગની–વ્યવહારની ને પરાશ્રયની રુચિ છોડ ત્યારે જ તને પરમાર્થ આત્મા અનુભવમાં આવશે. નિમિત્તના ને વ્યવહારના આશ્રય છોડીને દ્રવ્યસ્વભાવનો આશ્રય કરે ત્યારે પર્યાયમાં સ્વસંવેદન-પ્રત્યક્ષ પ્રગટે ને ત્યારે સમ્યગ્દર્શન થાય; અને ત્યારે જ ખરેખર આત્માને માન્યો કહેવાય. આવા અનુભવ પછી વિકલ્પ વખતે ધર્મીને બહુમાનનો એવો ભાવ આવે કે અહો! તીર્થંકરપ્રભુની વાણી સાંભળવા મળી હતી, તેમાં આવો જ સ્વભાવ ભગવાન બતાવતા હતા. સન્તો તે વાણી ઝીલીને આવો સ્વભાવ અનુભવતા હતા. આવા વીતરાગી દેવ–ગુરુ મારા સ્વસંવેદનમાં નિમિત્ત છે;–એમ ધર્મીને તેમના વિનય અને બહુમાનનો ભાવ આવે છે. એ રીતે તેને પરમાર્થ સહિત વ્યવહારનું ને નિમિત્તનું પણ સાચું જ્ઞાન છે. અજ્ઞાનીને એકેય જ્ઞાન સાચું નથી.

આત્મા દિવ્ય વસ્તુ છે. અનંતશક્તિનો દિવ્ય વૈભવ એનામાં ભર્યો છે; એની એકેક શક્તિમાં દિવ્યતા છે. જ્ઞાનમાં એવી દિવ્યતા છે કે કેવળજ્ઞાન આપે; શ્રદ્ધામાં એવી દિવ્યતા છે કે ક્ષાયિક સમ્યકત્વ આપે; આનંદમાં એવી દિવ્યતા છે કે અતીન્દ્રિય આનંદ આપે; પ્રકાશશક્તિમાં એવી દિવ્ય તાકાત છે કે બીજાની અપેક્ષા વગર પોતાના જ સ્વસંવેદનવડે આત્માને પ્રત્યક્ષ કરે. આવી દિવ્યશક્તિવાળા આત્માને દેખે તો દિવ્યદૃષ્ટિ ઊઘડી જાય. તારા આત્માનો વૈભવ તારે દેખવો હોય તો તારી દિવ્ય આંખો ખોલ. આ બહારની આંખ વડે એ નહીં દેખાય, અંદર રાગની આંખ વડે પણ તે નહીં દેખાય; પણ ચૈતન્યના જ્ઞાનચક્ષુ ખોલ તો તને તારો દિવ્યવૈભવ દેખાશે. ચૈતન્યદરબારની શોભા કોઈ અદ્ભુત ને આશ્ચર્યકારી છે.

પ્રભો! આ જે કાંઈ કહેવાય છે તે બધું તારામાં જ છે. તારા આત્મ-વૈભવની આ વાત સન્તો તને સંભળાવે છે. વાહ રે ચૈતન્યપ્રભુ, તારી પ્રભુતા!! એકલા જ્ઞાનપ્રકાશનો પૂંજ, એકલા આનંદનું ધામ! આવી અનંતશક્તિના ધામરૂપ આત્મા છે. તે શક્તિઓ કારણરૂપ છે, ને તે કારણમાંથી કાર્ય આવે છે. સાચા કારણના સ્વીકાર વડે કાર્ય આવે છે. કારણનો જ્યાં સ્વીકાર નથી ત્યાં કાર્ય ક્યાંથી આવશે? જ્યાં કારણપણે રાગનો જ સ્વીકાર છે ત્યાં કાર્યમાં પણ રાગ આવશે. રાગકારણમાંથી વીતરાગીકાર્ય આવશે નહીં. ભગવાન આત્માની અનંતી શુદ્ધ શક્તિઓ છે તેનો સ્વીકાર કરતાં (એટલે કે તેની

સન્મુખ થતાં) તે કેવળજ્ઞાનાદિ શુદ્ધ કાર્ય આપે છે એવી તેનામાં તાકાત છે. આત્માનું શુદ્ધ કાર્ય આપવાની તાકાત બીજા કોઈમાં નથી. અનંત કારણ-શક્તિથી ભરેલા પોતાના ચિદાનંદ સ્વભાવમાં દૃષ્ટિ કરતાં મિથ્યાત્વનો નાશ થાય છે ને તેમાં લીન થતાં અસ્થિરતાનો નાશ થાય છે.–આમ નિર્મળકારણના સ્વીકારથી નિર્મળ કાર્ય પ્રગટી જાય છે; બીજુ કોઈ બહારમાં કારણ છે જ નહીં.

સ્વસન્મુખ થઈને આત્માનું સ્વસંવેદન જેને પ્રગટ્યું તેનામાં ચૈતન્યનો વીરરસ પ્રગટ્યો, સ્વાનુભવનું વીર્ય પ્રગટ્યું, તે કાયરતાને (પર ભાવને) પોતામાં આવવા ન દે: તેને પોતાની રક્ષા માટે રાગાદિની મદદ ન હોય. રત્નત્રયના સાધક કોઈ એક મુનિ સંથારો કરે ત્યારે વૈયાવચ્ચ કરનારા બીજા મુનિઓ તેને ચૈતન્યના ઉપદેશ વડે વીરતા ઉપજાવે છે. કોઈવાર મુનિને જરાક પાણીનો વિકલ્પ આવી જાય તો બીજા મુનિ વૈરાગ્યથી કહે છે કે અરે મુનિ ! અંદર ચૈતન્યના આનંદરસ ભર્યા છે તે આનંદના જળ પીઓને ! અત્યારે તો સ્વાનુભવના નિર્વિકલ્પ અમૃત પીવાનાં ટાણાં છે. આ પાણી તો અનંતવાર પીધા, તેનાથી તૃષા નહીં છીપે, માટે નિર્વિકલ્પ થઈને અંદરમાં સ્વાનુભવના આનંદરસનું પાન કરો. ત્યારે તે મુનિ પણ બીજી જ ક્ષણે વિકલ્પ તોડીને નિર્વિકલ્પ-આનંદના દરિયામાં ડુબકી મારે છે. તે આનંદને માટે પોતાના આત્મા સિવાય બીજા કોઈનું અવલંબન નથી.

સમ્યગ્દર્શન થતી વખતે જે સ્વસંવેદન થયું તે પ્રત્યક્ષ છે, તેમાં વ્યવહારના અવલંબનનો અભાવ છે,–આવો અનેકાન્ત છે. વાત્સલ્ય, સ્થિતિકરણ, પ્રભાવના વગેરે પ્રશસ્ત વ્યવહારના ઉપદેશ શાસ્ત્રમાં આવે છે, પણ તે બધા શુભવિકલ્પોથી પાર અંદરમાં સ્વસંવેદન-પ્રત્યક્ષની જે પરિણતિ ધર્મીને વર્તે છે તે જ મોક્ષમાર્ગ છે. ધર્માત્માને અંદરમાં ચિદાનંદ સ્વભાવના સ્વસંવેદનનું જે જોર છે તે સ્વયં પ્રકાશમાન છે, તેમાં બીજા કોઈની મદદ નથી, કે અસ્પષ્ટતા નથી. અહા, આવા આત્મસ્વભાવનું જેને સંવેદન થયું તે હવે પરમાત્માથી જુદો ન રહી શકે, સ્વસંવેદનના બળે અલ્પકાળમાં કેવળજ્ઞાન પ્રગટ કરીને તે પોતે પરમાત્મા થઈ જશે, ને અનંત સિદ્ધ ભગવંતોની સાથે જઈને રહેશે.

અરે જીવ ! આવા જૈનદર્શનમાં, એટલે કે સર્વજ્ઞ પરમાત્માના પંથમાં તું અવતર્યો, ને સર્વજ્ઞદેવે કહેલા તારા સ્વભાવને તું લક્ષમાં પણ ન લે,–તો

પોતાનો માને છે. 'હું મનુષ્ય છું, હું રાગી છું' એવી મોહબુદ્ધિથી મિથ્યાદૃષ્ટિ વર્તે છે. 'હું ચૈતન્ય છું' એમ ધર્મી જીવ તો શુદ્ધચૈતન્યનાપરિણામના વિકાસને જ પોતાનો વ્યવહાર જાણે છે. રાગાદિ ભાવો તે મારો આત્મવ્યવહાર નથી. એ વાત પ્રવચનસારની ૯૩મી ગાથામાં આચાર્યદેવે સમજાવી છે.

સમ્યગ્દર્શનમાં જેનો સ્વીકાર છે તે શુદ્ધાત્મા કેવો છે? કે રાગ વગરનો છે, સંકોચ વગરનો છે. પૂર્ણ ચૈતન્યવિલાસથી ભરપૂર છે. શક્તિમાં છે તો પર્યાયમાં આવે છે. કારણ વગર કાર્ય હોય નહીં. પર્યાયમાં જે ચૈતન્ય-વિલાસરૂપ કાર્ય પ્રગટે છે તેના કારણરૂપ સ્વભાવ આત્માની શક્તિમાં ભર્યો છે; તે સ્વભાવનો સ્વીકાર કરતાં સંકોચરહિત વિકાસ પ્રગટે છે, તેને કોઈ ક્ષેત્રની કે કાળની મર્યાદા નડતી નથી. જેમ સોનાના મુગટમાં મણિ શોભે તેમ સમયસારરૂપી સુવર્ણ-મુગટમાં આ ૪૭ શક્તિરૂપી મણિ શોભે છે.

અહા, વિકસતો ચૈતન્યવિલાસ! એને કોણ રોકી શકે? ચૈતન્યના માહાત્મ્યમાં ચડ્યો તેના વિકાસને કોઈ રોકી શકે નહીં. સ્વર્ગમાં કે સાતમી નરકમાં પણ નવું સમ્યગ્દર્શન પ્રગટ કરનારા જીવો છે. પરના ક્ષેત્રને કે કાળને સ્પર્શ્યા વગર, સ્વશક્તિના સ્પર્શનથી આત્મા સ્વયં વિકાસ પામે છે. આવા સ્વભાવને લક્ષમાં લઈને તેનું વેદન કરતાં આત્મા અંદરમાં આનંદથી ઊછળી જાય. રે જીવ! તું ભિખારી નથી, તું પામર નથી, તું દીન નથી, તુ અધૂરો નથી, તું તો પ્રભુતાનો સ્વામી છો, તારામાં પરમેશ્વરતા ભરી છે, સર્વ-શક્તિથી તું પૂરો છો; આવા આત્માની શ્રદ્ધા કર. શ્રદ્ધાનું બળ અપાર છે. તારા દ્રવ્યસ્વભાવની અચિન્ત્ય તાકાત છે તેની પ્રતીતવડે સમ્યગ્દર્શન થશે ને પરમાત્મપદનો વિકાસ ખીલશે.

કેવો આત્મા જ્ઞેય તરીકે જ્ઞાનમાં આવે ત્યારે આત્માને જાણ્યો કહેવાય? તેનું આ વર્ણન છે. જેવડો મહાન પદાર્થ છે તેવડો જ્ઞાનમાં આવ્યા વગર તેનુ સાચું જ્ઞાન થાય નહી. નિર્મળપર્યાય પ્રગટે છે તે કાર્ય છે, તે કાર્યનુ કારણ કોણ? એટલે કે જેમાંથી નિર્મળ પર્યાયો પ્રગટે છે તે દ્રવ્ય–ગુણ કેવા છે?–એમ કાર્ય સહિત કારણને જે પ્રતીતમાં લ્યે તેને સમ્યગ્દર્શન થાય, ને તેને કારણઅનુસાર કાર્ય પ્રગટે, એટલે કે દ્રવ્ય–ગુણ જેવા શુદ્ધ છે તેવી શુદ્ધતા પર્યાયમાં પ્રગટે.–આવા દ્રવ્ય-ગુણ-પર્યાયવાળા આત્માને અહી શુદ્ધઆત્મા કહેવામાં આવે છે. તેનું આ વર્ણન છે.

જે ક્ષેત્રમાં સિદ્ધભગવંતો પૂર્ણ ચૈતન્યવિલાસ સહિત બિરાજે છે, તે ક્ષેત્રમાં નિગોદ જીવો પણ વસે છે, તે નિગોદની પર્યાય અત્યંત સંકોચરૂપ છે. ક્ષેત્ર તેમાં કાંઈ કરતું નથી. જે ક્ષેત્રે સિદ્ધભગવંતો પરમ આનંદરૂપ નિજશક્તિના વિલાસને અનુભવે છે, તે જ ક્ષેત્રે નિગોદના જીવો મહા દુઃખનું વેદન કરી રહ્યા છે. એટલે બહારનું ક્ષેત્ર આત્માના વિકાસને રોકતું નથી કે વિકાસમાં મદદ પણ કરતું નથી. નિગોદ વગેરે જીવોની પર્યાય ભલે સંકોચરૂપ છે, છતાં તેનામાં પણ અસંકોચપણે વિકાસ પામે એવી શક્તિ તો છે. આત્માની ચેતનાશક્તિમાં એવા વિલાસની તાકાત છે કે ક્ષેત્ર કે કાળનું જ્ઞાન કરવામાં તેને કોઈ મર્યાદા નથી. ત્રણલોક ને ત્રણકાળને જાણવાનું અમર્યાદ સામર્થ્ય એનામાં છે. આવી શક્તિવાળા આત્માને એક સંકુચિત પર્યાય જેટલો જ માની લેવો તે તો પર્યાયબુદ્ધિ છે, સંકુચિતબુદ્ધિ છે; સંકુચિત જ માન્યો તો તે વિકાસ ક્યાંથી લાવશે? સંકોચ તે કાંઈ દ્રવ્ય-ગુણનું કાર્ય નથી, દ્રવ્ય-ગુણમાં તો અસંકુચિત-વિકાસનો સ્વભાવ છે. આવા સ્વભાવની પ્રતીતવાળાને પર્યાયમાં સંકોચ ટળીને વિકાસ થયા વગર રહે નહિ. જેને પોતામાં એકલી અશુદ્ધતા ને સંકોચ જ ભાસે છે તેણે આત્માના દ્રવ્ય-ગુણને જાણ્યા જ નથી એટલે કે શુદ્ધ કારણને કે શુદ્ધ ઉપાદાનને તે ઓળખતો નથી, તે અશુદ્ધતાને જ દેખે છે. ભાઈ, તારી આત્મવસ્તુ કેવડી છે? શું સંકોચાયેલી-હીણી પર્યાય જેટલી જ આત્મવસ્તુ છે?-ના; આત્મા તો અનંતગુણથી પૂરો છે ને પૂરી પર્યાય વિકસે એવો છે.

આત્માની અસંકુચિત-વિકાસશક્તિ સર્વગુણોમાં વ્યાપક છે, એટલે જ્ઞાનમાં કેવળજ્ઞાનપણે વિકસવાની તાકાત છે, આનંદગુણમાં પૂર્ણ આનંદરૂપે વિકસવાનો સ્વભાવ છે. આવી શક્તિસહિત આત્માને ઓળખે ત્યારે જ આત્માને જાણ્યો કહેવાય, ને તેને પર્યાયમાં તેવો સ્વભાવ ખીલી જાય. આવા આત્માની સમજણમાં અપૂર્વ અંતર્મુખ પ્રયત્ન છે. આ વસ્તુ સમજવાની ખરી જિજ્ઞાસા જાગે તે પણ અપૂર્વ છે. સ્વરૂપના સામર્થ્ય તરફ રુચિનું વલણ થતાં આત્માની અનંત શક્તિનો વૈભવ હાથમાં આવે છે.

ઉપસર્ગ કે પરિષહના ગમે તેવા સંયોગ વચ્ચે પણ આત્માની શક્તિ ઘેરાઈ જતી નથી કે હણાઈ જતી નથી; ને જ્યાં આવી શક્તિવાળા આત્માને દૃષ્ટિમાં લીધો ત્યાં પર્યાય પણ હીણી થતી નથી, વિકાસશક્તિના આશ્રયે

પર્યાય પણ વિકાસરૂપ થાય છે. સાધકપર્યાયમાં કંઈક હીનતા રહી તેનો સ્વીકાર શુદ્ધદૃષ્ટિમાં નથી. જ્યાં વિકલ્પ નથી ત્યાં આત્મા છે; વિકલ્પ કે ઇચ્છા તે કાંઈ આત્મા નથી. આત્માના સંવેદનમાં, આત્માના સ્વભાવમાં ઇચ્છાનો તો અભાવ છે તો ઇચ્છાવડે તે કેમ પ્રગટે? ઇચ્છાની અપેક્ષા વગરનો નિરપેક્ષ આત્મવૈભવ તે પરના કારણ વગર પોતાથી જ પ્રગટે છે. આત્મસ્વભાવનો અપાર મહિમા છે. કોઈ અન્ય ચીજવડે તેનો મહિમા નથી. ચેતનદ્રવ્ય, તેના અનંતગુણો અને તે તરફની નિર્મળપર્યાયો—એ બધું મહિમાવંત છે. આવું તારું આત્માપણું છે; તારું આત્માપણું પરમાં કે રાગમાં નથી, પણ શુદ્ધ દ્રવ્ય-ગુણ-પર્યાયમાં તારું આત્માપણું છે. શુદ્ધ દ્રવ્ય-ગુણ-પર્યાય જેટલો આત્મા છે. આવા શુદ્ધ આત્માને લક્ષમાં લેતાં સંકોચ વગરનો વિકાસ થાય છે. ચૈતન્યનો તે વિલાસ ક્ષેત્ર કે કાળની મર્યાદા વગરનો છે. મુનિરાજને ઉપાડીને કોઈ દેવ તેમને જ્યાં છઠ્ઠો આરો વર્તતો હોય એવા ક્ષેત્રમાં મુકી દે—તો તેથી કાંઈ તે મુનિનો વિકાસ સંકોચાઈ જતો નથી, તે ક્ષેત્રમાં ને તે કાળમાં પણ તે કેવળજ્ઞાન પ્રગટ કરીને, સંકોચ વગરનો વિકાસ પ્રગટાવી શકે છે. નરકમાં અસંખ્ય સમ્યગ્દૃષ્ટિ જીવો આત્માના આનંદનું વેદન કરે છે. સમુદ્ઘાત વખતે કેવળીભગવાનના આત્મપ્રદેશો નરકના ક્ષેત્રમાં પણ છે, પણ તે આત્મપ્રદેશોમાં ચૈતન્યવિલાસ પૂરો વિકસી ગયો છે, તેમાં જરાય સંકોચ નથી; આ રીતે નરકનું ક્ષેત્ર પણ ચૈતન્યના અસંકુચિત-વિકાસને અટકાવતું નથી. આત્માનો એવો સ્વભાવ છે કે ગુણોનો વિકાસ થાય પછી તેમાં સંકોચ રહે નહીં. જ્ઞાનમાત્ર આત્માના અનુભવમાં આવી એક શક્તિ પણ ભેગી જ પરિણમે છે.

આ રીતે અસંકુચિત-વિકાસત્વ શક્તિનું વર્ણન પૂર્ણ થયું. (૧૩)



[૧૪]

અકાર્યકારણત્વ શક્તિ

[अन्याक्रियमाणान्याकारकैकद्रव्यात्मिका अकार्यकारणत्वशक्तिः ।]



આત્માના અંતરમા જે વૈભવ ભર્યો છે તેનું આ વર્ણન છે અરે, ચૈતન્યદરબારમાં કેવો અનંત રત્નોનો સાગર ભર્યો છે! કેવો અચિંત્ય ચૈતન્યવૈભવ અંદર ભર્યો છે! તે સન્તોએ બતાવ્યો છે. અહો, આવા નિજવૈભવને કોણ ન દેખે? કોણ ન લ્યે? કોણ ન અનુભવે? હે જીવો! તમે તમારા આવા આત્મવૈભવને દેખો, અનુભવો, તમને પરમ આનંદ થશે.

